

વચન સુધા

"વળી એક દિવસે કહ્યું કે, કોઇ એક પુરુષ રસ્તે ચાલ્યો જતો હતો ચાલતાં ચાલતાં સાંજ પડી ગઇ ત્યારે એક ગામની પરવાડે આવ્યો, અને ત્યાં ઉભો રહ્યો. એટલામાં એક સ્ત્રી રુપવંતી સુંદર ત્યાં દીઠી ત્યારે તે પુરુષને તેની સાથે ભોગ કરવાની ઇચ્છા થઇ પછી તે તેની સાથે સંભાષણ કરવા લાગ્યો, એટલામાં તે ગામમાંથી કોઇ એક માણસ ત્યાં આવ્યું. તેણે વટે માર્ગુને કહ્યું કે અલ્યા ! તું આ સ્ત્રીની પાસે કેમ ઉભો છે ? આતો ડાકણ છે. એવું સાંભળી તે પુરુષને ઘણો ભય લાગ્યો. અને મનમાં કહેવા લાગ્યો કે મને આ ડાકણના ભયથી બચાવી ગામમાં લઇ જાયતો બહુ સારી વાત છે, અને તે ઘણો કંપવા લાગ્યો તેમ આ જીવને સંસાર ભોગવવામાં કંઇ પણ સાર નથી કેમ કે સ્ત્રી તો ડાકણ સ્વરૂપ છે તે જેમ એ વટેમાર્ગુને ડાકણનો ભય લાગ્યો તેમ ભગવદ્દીયે પણ પરસ્ત્રીનો ભય ડાકણના જેવો રાખવો તો પોતાનો ધર્મ રહે."

ગો. શ્રી ગોપીકાલંકારજી ઉપનામ [illegible] મદુજી મહારાજના વચનામૃત (વ. ૨)

✿ આંતરરાષ્ટ્રિય [illegible]ની [illegible] ૯૮ વર્ષો ✿

૮૪ ભગવદીય રત્નાવલિ પ્રકાશન

શુભાશીર્વાદ

।। વિજય તે શ્રીમદન મોહન પ્રભુઃ શ્રીમાન્ ।।
।। લલિતત્રીભંગી લાડલેશો જયતઃ ।।

શૃણ્વન્તિ ગાયન્તિ ગૃણુન્ત્ય ભીક્ષ્ણશઃ સ્મરન્તિ નન્દન્તિ તવે હિતં જનાઃ ।।
ત એવ પશ્યન્ત્ય ચિરેણુ તાવાં ભવ પ્રવાણે પરમં પદામ્બુજમ્ ।।

શ્રીમદ્ભાગવત ૮--૩૫

આં. રા. પુ. વૈ. પરિષદ સંચાલિત શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ, રાજકોટની નામ સેવાના શુભ સંકલ્પમાં પ્રસ્તુત ગ્રન્થ ખરેખર અદ્વિતીય છે.

શ્રીમદ્ ભગવદ્ વદનાનલાવતાર અખંડ ભુમંડલાચાર્ય વર્ય શ્રીમહાપ્રભુ શ્રીમદ્ વલ્લભાચાર્યની અસાધારણ કરૂણા જે નિજસૃષ્ટિ ઉપર અવિચ્છિન્ન પણે વરસી એ કરૂણા રસના દિવ્ય મહાસાગરના આનંદના હિલોરે અનુંપમ રીતે જે નિજ ભગવદ્ રસિકોને આપ્લાવિત કર્યા હતા તે ૮૪ વૈષ્ણવોના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન ચતુર્થકુમાર શ્રી ગોકુલનાથજીએ કરાવેલ તેમજ તેમની મહત્તાનું પ્રતિપાદન કરતા આપે જણાવેલ કે મહાપ્રભુ શ્રી વલ્લભના અંતરંગ કૃપા પાત્ર ૮૪ વૈષ્ણવોના નામના ઉચ્ચારણ માત્રથી લૌકિક પ્રપંચો અને અનેક વિધ દોષોથી ગ્રસિત જીવ કે જે મહાપ્રસાદ લેવાની લાયકાત ગુમાવી દે છે તે દોષોની નિવૃત્તિ માટે આપશ્રીએ સંસ્કૃતમાં નામાવલી રચી, જેથી પાછળ ભગવદીયોના માર્ગની મહિમા અને આપશ્રીની દીનતાની પરાકાષ્ઠા પરિલક્ષીત થાય છે તે નામાવલી સહિત પ્રકાશિત થઇ રહેલ "૮૪ **ભગવદીય રત્નાવલી**" ની વિશિષ્ટ ઉપાદેયતા સિદ્ધ થાય છે સાથે સાથે અન્ય માર્ગીય શ્રી નાભાદાસજી કે જેમણે છપ્પય છંદમાં ભગવદીયોના જીવન કવન વિષે પરિચય આપેલ છે તે પણ જો સાથે સમ્મીલીત કર્યા હોત તો સોનામાં સુગન્ધ ભળત છતાં તદ્ વિષયક યથોપલબ્ધ સ્તોત્ર પદ ચોખરા ઇતિયાદી સાહિત્યના સંકલનની આવશ્યકતા પ્રતીત થઈ રહી હતી. જે પ્રકાશિત કરી શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ રાજકોટે મહતિ સેવા કરેલ છે.

આ સુન્દર સ્વમાર્ગીય પ્રકાશન કરવા આ[illegible] ખૂબ ખૂબ ધન્યવાદ. ભગવત્કૃપાથી ભવિષ્યમાં પણ આવા અદ્વિતીય અપ્રકાશીત સ્વમાર્ગીય [illegible] અવિરત કરતા રહે તેવી શુભ કામના સહિત હાર્દિક શુભાશીર્વાદ.

શ્રી વલ્લભ સુધા દર માસની ૧૭ તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન એપ્રીલ થી માર્ચ.

- * શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશત થયેલ અંકો મોકલાય છે.
- * ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવે મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
- * શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- * લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
- * શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
- * શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- * ચેક, ડ્રાફ્ટ વગેરે શ્રી વલ્લભ વિજ્ઞાન એ નામે લખવા જરૂરી છે.

પત્ર વ્યવહાર સંપર્ક !

શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, રાજકોટ

॥ શ્રી હરિઃ ॥
આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૭
વર્ષ : ૧૪ અંક : ૧૩ * એપ્રિલ, ૧૯૯૬

મનને ઉપદેશ

નિ. લી. ગો. શ્રી મટુજી મહારાજ કૃતપદ

મનારે તેં બહુ ચતુરાઇ ઠાની
શ્રી વલ્લભ પદ ચિત્ત નહીં લાયો, ભઇ મૂલ મેં હાની ॥૧॥
કયોં હુ કયોં હું કરી માયાજોરી, વિષય વાત લપટાની
દીસત શાહુ ચોરકો રાન્ન, વૃથાજન્મ વિતાની ॥૨॥
કેતી વાર તોકોં સમઝાયો, મૂરખ એક માની
'રસિકદાસ' જન દાવ ચુકેમતિ, એસે પાયે દાની ॥૩॥

: ભાવાર્થ :

અરે મન ! તેં બહુ ચતુરાઇ કરી પણ શ્રી મહાપ્રભુજીના ચરણ કમળ ચિત્તમાં સ્થાપ્યા નહીં તેથી તો તારી બધી ચતુરાઇ ઉંધી પડી. કેત કે મુળમાં જ હાની થઇ છે. તે શુ. ? કે, તેં આત્માનું કંઇ કલ્યાણ જોયું જ નહીં.

ગમે તે રસ્તે તેં માયા ભેગી કરી અને ઇન્દ્રીયોનઃ વિષયોની જ વાત વિચારી ઉપરથી તો તું બહુ ડાહયો શાહુકાર દેખાય છે પણ છે તું ચોરનો ય રાજા કેમ કે તે જન્મારો વૃથા ગુમાવ્યો છે,

'રસિકદાસ' (નિ.લી.ગો. શ્રી ગોપીકાલંકારજી શ્રી મટુજી-મહારાજ) આજ્ઞા કરે છે કે અરે ભાઈ ! આ અવસર ચુકવા જેવો નથી શ્રી મહાપ્રભુજી સરિખા મહાદાની મલ્યા છે. જેમની કૃપાથી પ્રભુ સહજમાં પ્રસન્ન થાય,

પવિત્ર પુષ્ટિમાર્ગના પ્રકાશક

લેખક : **સાહિત્ય સુધારક ગો. શ્રી વ્રજનાથલાલ વિ. મહારાજ, મુંબઇ**

જ્યારે જ્યારે મહાન ઉપદ્રવ થાય છે ત્યારે ત્યારે અવતારી પુરુષો પ્રાદુર્ભૂત થાય છે, આ પુનિત ભાવના છે, શ્રીકૃષ્ણચંદ્રની દિવ્યવાણી છે.

અખિલ ભૂમંડલાચાર્ય શ્રી મહાપ્રભુનો એ પ્રાદુર્ભાવ તેવા ભીષણ ઉપદ્રવના સમયમાં થયો હતો. ભારતના ખૂણે ખૂણે મ્લેચ્છોના ક્રુર બીભત્સ અત્યાચારો થઇ રહ્યા હતા. ભારતીઓની ધર્મ-નૌકા ડોલાં ખાઇ રહી હતી પણ શ્રી મહાપ્રભુએ ચંપારણ્યની સૌરભ ભરી અવનિમાં (સં. ૧૫૩૫ ચૈત્ર વદ ૧૧ના રોજ) પ્રકટ થઈ દૈવી-જીવોનો સર્વથા ઉદ્ધાર કર્યો હતો. તેઓની ગુંચવાયલી સમસ્યાઓનો ઉકેલ કરી પ્રભુની પ્રેમલક્ષણા ભકિતનો પ્રશસ્ત-પથ તેઓને દેખાડયો હતો. અનેક આકર અને સરલ સાંપ્રદાયિક ગ્રંથો દ્વારા પુષ્ટિમાર્ગના પ્રવાસીઓને અણમૂલા આદેશો કર્યા હતા.

શ્રીમદ્ હરિરાયચરણ સત્ય ભાખે છે કે :-

> તરેયુઃ સંસારં કથમગતપારં સુરજનાઃ
> કથં ભાવાત્માનં હરિમનુસરેયુશ્ચ સરસાઃ ?
>
> કથં વા માહાત્મ્યં નિજ હૃદિ નયેયુર્વ્રજ ભુવાં;
> ભવેદાવિર્ભાવો યદિ ન ભુવિ વાગીશ ભવતઃ

યદિ શ્રી વાગીશ ભૂમંડળને પ્રકટી અલંકૃત ન કરત તો સરસ દૈવી જીવો અગતપાર સંસાર-સાગરને કેમ તરી શકત ? કેવી રીતે ભાવાત્મક પ્રભુને અનુસરી શકત ? એટલું જ નહિ પણ વ્રજ મંડલનું માહાત્મ્ય એ કેમ હૃદયમાં ધરી શકત ? ખરેખર ! શ્રીમહાપ્રભુએ પ્રકટ થઇ ભારતની સંસ્કૃતિ અને ધર્મનું અદ્વિતીય સંરક્ષણ કર્યું હતું. તેઓશ્રીના પ્રાકટ્યોત્સવના રમણીય દિવસે કોને આનંદ ન થાય ? જેઓશ્રીએ દૈવીજીવોના ઉદ્ધાર માટે ત્રણ ત્રણ વાર. ભારતની ભૂમિમાં પરિભ્રમણ કરી બ્રહ્મવાદની વિજય વૈજયન્તી નીલામ્બરમાં ફરકાવી હતી. તેઓ પ્રતિ તેમનો અનુયાયી વર્ગ કેવળ ભકિતભાવ પુરઃસર વંદના જ કરી શકે અને તેઓશ્રીની આજ્ઞાઓનું યથાવિધિ પાલન જ કરી શકે. અન્ય કંઇ નહિ.

નિઃસાધન માર્ગમાં નિઃસાધનોનો ઉદ્ધાર સાધનથી નથી સંભવતો પણ 'યમેવૈષ વૃણુતે તેન લભ્યઃ' શ્રુતિઓ કહે છે પ્રભુ જ્યારે જેને સ્વીકાર કરવાની ઇચ્છા કરે છે, ત્યારે તેને જ તે પ્રાપ્ત થાય છે. પ્રભુની ઇચ્છા સંપાદન કરવા જીવોએ કેવળ તેઓશ્રીના દર્શાવેલ માર્ગે પ્રયાણ કરવું જોઇએ. આપણા આ પુષ્ટિસ્થ પ્રભુને કંઇ પણ પદાર્થની, અનુષ્ઠાનની, કિંવા સાધનોની અપેક્ષા નથી. એ તો નિરંતર નિજ ભકતોના હૃદય તપાસતા રહે છે. જેનું પ્રેમભકિતભીનું નિષ્કામ હૃદય જુએ છે તેમાં સહસા તે પ્રવિષ્ટ થઇ જાય છે.

પ્રભુ ગીતામાં અર્જુનને એ જ વિષયનો ઉપદેશ આપે છે કે :–

અર્થાત્ વેદ, તપ, દાન યજ્ઞાદિ વિધિઓથી જેમ તું મને જોઇ શકે છે તેમ જોવાને હે અર્જુન! કોઇ સમર્થ નથી. કિંતુ હે પરંતપ! જે મારી અનન્ય ભક્તિ કરે છે તેવા અનન્ય ભક્તજનો જ મને જોવાને તત્ત્વથી જાણવાને અને મારામાં પ્રવિષ્ટ થવાને સમર્થ છે.

અતએવ પ્રભુ ઉદ્ધવને એ કહે છે કે :–

મને સાંખ્યયોગાદિ કોઇ પણ સાધી નથી શકતા, કેવલ હું ભક્તિથી જ પ્રાપ્ત થઇ શકું છું. મને ભક્તિપૂત હૃદય બહુ પ્રિય લાગે છે. 'અતઃ ભક્ત્યા તુષ્યતિ કેવલં ન તુ ગુણૈર્ભક્તિપ્રિયો માધવઃ' એ ભક્તિપ્રિય માધવ કેવળ નિર્ગુણ નિષ્કામ પ્રેમ ભક્તિથી જ સંતુષ્ટ થાય છે.

પ્રહ્લાદજી કહે છે કે 'પ્રયિતેઽમલયા ભક્ત્યા હરિરન્યદ્વિડમ્બનમ્' મુકુંદને પ્રસન્ન કરવા યજ્ઞાદિ કર્મો અને પવિત્રતા કંઇ કામની નથી. કેવળ નિષ્કામ નિર્મલ ભક્તિથી જ પ્રભુ–પ્રસાદ મેળવી શકાય છે. અન્ય સૌ વિડંબનાઓ છે.

સમગ્ર શાસ્ત્ર અને વેદો પ્રભુનું આવું જ ભક્તિ પ્રિયત્વ વર્ણવે છે. જેમ સત્પતિ સત્સ્ત્રીને વશ હોય છે અને સત્સ્ત્રી સત્પતિને વશ હોય છે તેમ પ્રભુ કહે છે કે :–

હું ભક્તને વશ છું અને ભક્તો મારે વશ છે. તેવા ઉચ્ચ કોટિના ભક્તરાજો કેવળ પ્રભુના પાદપંકજના રજઃકણની અપેક્ષા રાખે છે. તેમને સિદ્ધિઓ કે મોક્ષ જોઇતાં જ નથી.

શ્રી મહાપ્રભુજીએ આવી પરમફલ સિદ્ધિ, ઘોર કલિયુગમાંયે જીવોને પ્રભુ, સુલભ કરવા કૃપયા પવિત્ર પુષ્ટિમાર્ગ પ્રગટ કર્યો અને શું ઉજજવળ સિધ્ધાંતો કહ્યા ? અહા ! યદિ જીવો પ્રભુ–પાદની પ્રાપ્તિ માટે ગૃહપુત્રાદિનો સર્વથા ત્યાગ ન કરી શકે તો પોતાનું સર્વસ્વ પ્રભુના ચરણારવિંદમાં આત્મા સાથે નિવેદિત કરી સર્વેન્દ્રિયોમાંથી તેમની સેવા કરતા રહે. કારણ કે પ્રભુ સર્વ અનર્થોના મોચક છે. અખિલ બ્રહ્માંડના નાયક છે. શ્રી મહાપ્રભુજી નિબંધના શાસ્ત્રાર્થ પ્રકરણની કારિકાઓમાં આજ્ઞા કરે છે કે :–

તસ્માત્સર્વં પરિત્યજ્ય,
દઢ વિશ્વાસતો હરિમ્;
ભજેત શ્રવણાદિભ્યો,
યદ્વિદ્યાતો વિમુચ્યતે.

અતઃ સર્વનો ત્યાગ કરી દઢ વિશ્વાસપૂર્વક શ્રવણાદિઓથી હરિ જે બધા દુઃખના નાશક છે તેનું ભજન કરવું જોઇએ, તેથી તે જીવ અવિદ્યાથી મુક્ત થાય છે. જ્યારે પ્રભુની ઇચ્છા

થશે ત્યારે જીવોને અવશ્ય અનુગૃહીત કરશે. તે માટે વ્યર્થનો અસંતોષ કિંવા ચિંતા ન કરવી જોઇએ.

પ્રભુને એવી પ્રાર્થના પણ ન કરવી જોઇએ. એ પુષ્ટિમાર્ગનો મુખ્ય સિદ્ધાંત છે. પ્રભુ કોઇ ક્ષણ પણ જીવને ભૂલતા નથી. સદા સર્વદા તેનું કલ્યાણ જ કરતા હોય છે. જીવ તો સંસારમાં જન્મી પ્રભુને ભૂલી જાય છે. અહંતા મમતાના પાશમાં એવો તો બંધાઈ જાય છે કે તેને પ્રભુનું સ્મરણ પણ નથી થતું. તેવા દુષ્ટ જીવો ઉપર પણ પ્રભુ એવી શીતલ અમીવૃષ્ટિ કરે છે કે જેથી તે કૃતાર્થ થઇ જાય છે.

જેમ અજામિલ, તેણે મરતીવેળા પોતાના પુત્ર નારાયણને ઉદ્દેશીને કહેલું પણ પ્રભુ કરુણાના સાગર, દયાની ખાણ, તેથી શીઘ્ર પોતાના દૂતોને મોકલી યમની ભીષણ યંત્રણાથી તેને મુક્ત કર્યો. જીવો પ્રભુને ગમે તેવા અશુદ્ધ નામોથી સાંભળે, એ તો તેનો સવળો અર્થ કરીને તેનો ઉદ્ધાર જ કરવાના. અન્ય દેવોની પેઠે વિપરીત ફળ કદિયે ન આપવાના. આના દષ્ટાન્તો ઇતિહાસ પુરાણ અને વેદોમાં ઘણાં છે. એ સૌનો ઉલ્લેખ અહીં વિસ્તાર ભયથી હું નથી કરતો.

શ્રી મહાપ્રભુજીએ જીવોના કલ્યાણ માટે કેટકેટલો શ્રમ લીધો ? તેનો વિચાર કરતાં આપણને સહેજે એમ થાય કે આવા મહાન પરોપકારી વિભુ વદનાવતારના ઉપકારોનો પ્રત્યુપકાર કેમ સંભવી શકે ? કેમ કે તેઓશ્રીના આદેશાનુસાર કૃતિ રાખીએ અને તેઓશ્રીની આજ્ઞાનુસાર પુષ્ટિમાર્ગ પર સુદઢ થઇ પ્રભુ સેવા કરતા ચાલ્યા જઇએ. ઇત્યલમ્ !

[શુદ્ધાદ્વૈત-ભક્તિ માર્તંડ વર્ષ ૮ સંવત ૧૯૮૯ ચૈત્ર અંક-૧ માંથી સાભાર]

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

મહાકારુણિક જગતગુરુ શ્રીમદ્‌વલ્લભાચાર્યજી પંચ શતાબ્દી મહોત્સવ સમિતિ-રાજકોટના સોજન્યથી.

શ્રી મહાપ્રભુજીના પ્રાકટય ઉત્સવનાઉપલક્ષમાં આ સુંદર રચના ખાસ 'શ્રી વલ્લભ સુધા' માટે

શ્રી 'દેવી'

રચયિતા : **ગો. શ્રી ગોકુલેશ બાવાશ્રી (જુનાગઢ)**

સાધનસુંદર રાધનસુંદર મનધનસુંકર
વાદનસુંદર નાદનસુંદર સર્વ સરસશ્રય સુંદર સુંદર !

મર્જનસુંદર સર્જનસુંદર અર્જનસુંદર ગર્જનસુંદર
ચયનસુંદર અયનસુંદર સર્વ સરસ શ્રય સુંદર સુંદર !

સહ અતિસુંદર મહ અતિસુંદર ગ્રહ અતિસુંદર પ્રહ અતિ સુંદર
ગૃહ અતિસુંદર બુહ અતિસુંદર સર્વ સરસશ્રય સુંદર સુંદર !

મોદ અતિસુંદર મેદ અતિસુંદર મદ અતિસુંદર મુદ અતિસુંદર
મેહ અતિસુંદર સ્નેહ અતિસુંદર સર્વ સરસશ્રય સુંદર સુંદર !

ગાયન સુંદર જ્ઞાનયન સુંદર નાયન સુંદર લાયન સુંદર
સંચ અતિસુંદર કંચ અતિસુંદર સર્વ સરસશ્રય સુંદર સુંદર !

મતિ અતિસુંદર પ્રતિ અતિસુંદર રતિ અતિસુંદર જ્ઞતિ અતિ સુંદર
મથિત સુંદર અથઇત સુંદર સર્વ સરસશ્રય સુંદર સુંદર !

રામધામ સામયામ કામકવ ગતિ ગામ અહો વૈલક્ષણ્ય વૃતિ વૃતનામ
સુંદર સુંદર સુંદર સુંદર !!!

* * *

શ્રી 'દેવી' પરમ સુખાનંદ રસપ્રદ રસપૂર્ણ રસપ્રચુર રમણીત રાધિકા
અદ્ભુત ભવ ભદ્રભવન પરમાનંદ આરાધિકા

* * *

કર્મ કવન, મધુર; મધુર જ્ઞાન ગવન, મધુર મધુર; ભકિત ભવન મધુર મધુર; રાજતહે સૃષ્ટિ ગાર્ગ !
ક્રીડીત રસ રાસ રસિક રાષ્ટ્રરૂ ચિરામણિક આનંદ આહ્લાદ મધ્ય આલાપીત સ્વર 'પુષ્ટિ માર્ગ' ! !
(રામ કૃષ્ણ રાધા માધો)

—ગો. શ્રી ગોકુલેશ—જુનાગઢ

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

ભક્તિ વર્ધિની

શ્રી ગોપેશ્વર વિરચિત વિવૃતિસમેતા ।

અર્થ શ્રી ગોપેશ્વરજીએ રચેલ વિવરણ સહિત ।

ભાષાંતર **પ્રો. પ્રતાપરાય કાં. શાહ, એમ. એ. કોવિદ, મુંબઇ**

શ્રી વલ્લભાચાર્યજીના બન્ને ચરણકમલને નમસ્કાર ।
શ્રી વિઠ્ઠલનાથજીના બન્ને પાદારવિન્દને નમસ્કાર ।

શ્લોક યત્પદામ્ભોજનાદ્ ભવન્તિ સમસિદ્ધયઃ ।
કલયામિ કૃપાવાર્ધિં તં પ્રભુ ભક્તિ વૃદ્ધયે ॥

અર્થ જેમના ચરણ કમલના ભજનને લીધે સારી સિદ્ધિઓ મળે છે તે કરુણાના સાગર એવા પ્રભુને ભક્તિની વૃદ્ધિ માટે ભજું છું.

શ્લોક નિધાય શ્રીમદાચાર્યચરણાબ્જયુગં હૃદિ ।
તત્કૃપાતો યથાશક્તિ વ્યાકુર્વે ભક્તિ વર્ધિનીમ્ ॥

અર્થ શ્રીમદાચાર્યચરણના બન્ને ચરણકમલને હૃદયમાં ધારણ કરીને તેમની કૃપાથી ભક્તિ વર્ધિનીનું વિવરણ હું યથા શક્તિ કરૂં છું.

શ્લોક ભગવદ્રસપીયુષપાયિનો યત્કૃપાયુજઃ ।
ભવન્તિ.......ભકત્યા તં શ્રી વિઠ્ઠલમાશ્રયે ॥

અર્થ જેમના કૃપા કટાક્ષો ભગવાનના રસરૂપી અમૃતનું પાન કરાવનાર બને છે એવા શ્રી વિઠ્ઠલનાથજીનું શરણ (આશ્રય) હું શ્રદ્ધા પુર્વક લઉં છું.

શ્લોક શ્રીમત્કલ્યાણરાયાખ્યાનનુકમ્પાપયો નિધીન્ ।
નમામિ તાતચરણાનહં સ્વામીષ્ટ સિદ્ધયે ॥

અર્થ દયા તથા સહાનુભુતિના ઉદધિ (સાગર) એવા શ્રી કલ્યાણરાયજી નામે વિખ્યાત મારા પુજ્ય પિતાશ્રીને, મારી ઇચ્છત સિદ્ધિ પ્રાપ્ત કરવા, હું નમું છું.

હવે, માયાવાદના વિસ્તારને લીધે, જનતામાં ઉત્પન્ન થયેલા વ્યામોહ (ગુંચવણ)ને મૂળમાંથી દુર કરવા સમર્થ થયેલા આચાર્ય શ્રી મહાપ્રભુજી, જેમણે આગમ તથા નિગમ–વેદ તથા પુરાણ તથા બ્રહ્મસુત્રો ઉપર સેંકડો પ્રમાણો આપીને, લોકો જેની પ્રતીક્ષા કરતાં હતા તે લોકોનું કલ્યાણ (ક્ષેમ) કરવા માટે, પ્રભુની આજ્ઞાથી પ્રકટ કરેલ ભક્તિમાર્ગ–પુષ્ટિમાર્ગ દ્વારા,

અતિ કેરાલ (ક્રુર) એવા આ કલિયુગમાં વિલુપ્ત (અદૃશ્ય) થઇ ગયેલા કર્માદિ અધિકારોની સ્થાપના માટે, તથા ભગવાનની કૃપા દૃષ્ટિથી પ્રગટ થયેલી ભક્તિની વૃદ્ધિ કરવાના ઉપયોગના ખાસ પરિચયના અભાવને કારણે લોકો ઘણા કલેશ (દુઃખ) પામતા હતા અને ચિંતા અનુભવતા હતા એવા લોકોને માર્ગદર્શન આપવાના હેતુથી, પરમકૃપાલું એવા શ્રી વલ્લભાચાર્યજી ભક્તિ તથા તેના પ્રવર્ધન માટેના ઉપાયોનું નિરૂપણ કરતાં આજ્ઞા કરે છે કે....યથા ભક્તિઃ પ્રવૃદ્ધા સ્યાત્....વગેરે....વગેરે.

શ્લોક યથા ભક્તિઃ પ્રવૃદ્ધા સ્યાત્તથો પાયો નિરૂપ્યતે ।
બીજ ભાવે દઢે તુ સ્યાત્ત્યાગાચ્છ્રવણકીર્તનાત્ ॥૧॥

અર્થ જેમ કરવાથી ભકિત ઘણા વિકાસવાળી થાય તેમ કરવાના ઉપાયનું ખાસ નિરૂપણ અહીં કરવામાં આવે છે. બ્રહ્મસંબંધ તથા આત્મનિવેદન થતાં જે ભકિતનું બીજ રોપાય એ બીજભાવ એ બીજ ભાવ ત્યાગથી, શ્રવણથી અને કીર્તનથી એમ ત્રણ પ્રકારે દઢ થાય છે. ૧

ટીકા યથા એટલે જે પ્રકારે ભકિતમાં ઘણો (સારો એવો) વધારો થાય એ પ્રકારના ઉપાયનું નિરૂપણ (એટલે ખાસ વિચારણા સહિત અહીં વિવેચન) કરવામાં આવે છે. જો એવી દલીલ કરવામાં આવે કે શ્રી ભાગવતમાં તથા ગીતા વગેરે ગ્રંથોમાં ભકિત વિષે અને તેની વૃદ્ધિ માટેના નિદાન પુર્વક જણાવેલા દાન, વ્રત વગેરેનું ગૌણપણે વર્ણન કરવામાં આવ્યું હોવાથી એનું વર્ણન–નિરૂપણ કરવાનું વ્યર્થ છે (નિરર્થક છે તેની જરૂર જ ન હોવી જોઇએ) તો એવી દલીલનો ઉત્તર આપતાં કહે છે કે ભકિત તો બે પ્રકારની હોય છે.

એક સાધન રૂપા અને બીજી ફલરૂપા ત્યાં પહેલા પ્રકારની જે સાધનો કરવાથી ભકિત સિદ્ધ થાય એ સાધન રૂપા ભક્તિમાં દાન, વ્રત વગેરે ઉપાયો જણાવ્યા છે અને તેની ઉત્પત્તિ વૃધ્ધિના પ્રકારો જણાવવાણાં આવ્યા છે. એ સુપ્રસિધ્ધ (ઘણી જાણીતી વાત) છે. પરંતુ બીજી જે ફલરૂપા છે. તેના વિષે એવું નથી. તેથી. એવી ભક્તિ જયારે સ્વયં પ્રગટી હોય ત્યારે તેની વૃદ્ધિના પ્રકારો (ઉપાયો)નું નિરૂપણ કાર્ય વધુ ઉંચિત (સુયોગ્ય) છે.

વસ્તુતઃ (એટલે ખરું જોતાં) તો બન્ને પ્રકારની ભક્તિની વૃધ્ધિ માટેના ઉપાયોનું નિરૂપણ અહીં છે એવો મત હોય એમ ભાસે છે, કારણ કે ઉભય (બન્ને) પ્રકારની ભક્તિ માટેના જે સાધનો ગણાવ્યાં છે તેમાં શ્રવણ તથા કીર્તનનો અગ્રભાગે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, અને એ સાધનોનો બન્ને પ્રકારની ભક્તિમાં સમાવેશ ઉપપન્ન (યોગ્ય) નથી એમ કહેવું એ સાચું નથી, કારણ કે સ્વતંત્ર રીતે ફલ આપવાનું તથા અન્ય ફલ આપવાનું કાર્ય એ સાધી શકે છે. અને એ બન્ને પ્રકારોનો એક સાથે સંભવ છે, તેથી જો એવી દલીલ કરવામાં આવે કે જો એમ હોય તો એ સાધનોનું નિરૂપણ અન્યત્ર (બીજા સ્થાને) થઈ ગયેલું હોવાથી અહીં પણ તેનું નિરૂપણ કરવામાં આવે ત્યારે પુનરુક્તિ દોષ દુર કરવાનું કાર્ય અઘરું છે.

(ક્રમશઃ)

॥શ્રીવલ્લભ॥

ભકિત પોષણ

વિવેચક : **પ. ભ. શ્રી મથુરાદાસ જીવરાજભાઇ મહેતા**

સેવાનું રહસ્ય

અન્ય સાધને શ્રેય આપણું, પણ શ્રી હરિને શું ? સુખ ?
સેવામાં આનંદ ઉભયને, માટે ભજનાનંદજ મુખ્ય.
મુખ્ય સેવનતે સુખી પ્રભુ કરવા,
લોકવેદનાં તાપ નવ ધરવા;
પૂજા તે ચાલે શ્રુતિ પ્રમાણ,
સેવા તે જેમાં સ્નેહ બંધાણ.
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ (૨૩)

વિવેચન :– આ પદમાં કવિશ્રીએ માર્મિક સિદ્ધાંતનું રહસ્ય બતાવ્યું છે. અન્ય સાધન બળથી જીવ પોતાનું કલ્યાણ કરે (સંસાર પાર થાય) પરંતુ તેમાં પ્રભુને શું સુખ ? એક તો વ્યાપાર અને બીજો સ્નેહ વ્યવહાર જેને સાધન બળથી ફળ પ્રાપ્તીની ઇચ્છા છે. તેની વૃત્તિ વ્યાપારી જ ગણાય મેં આટલું કર્યું તેથી આ મળશે. વળી ફળ મળ્યું ત્યારે સાધન છોડી દીધું સકામ ભક્તિમાં સાધન અને ફળ બન્ને જુદા છે. પરંતુ નિષ્કામમાં તો સાધન અને ફળ બન્ને સમાન છે. આ મર્મ સમજવો જરૂરી છે. શ્રીમદ ભા. વાકય. મન્નિષ્ટં નિર્ગુણ સ્મૃતં મત્સેવાયાતુ નિર્ગુણમ.

જ્યાં સાધન અને સાધ્ય (ફળ) એક જ હોય ત્યાં સકામપણું સંભવતું જ નથી. સેવામાં તો પ્રભુનો આનંદ છે.

સ્વામિ સેવક સુખ ચહે પ્રભુકો સુખ ચહે દાસ
પ્રભુ પ્રભુતાસે દુરહે સેવક પ્રભુકી પાસ

આ દોહાનો ભાવ – માર્મિક છે

સ્વામિ કહેતાં પ્રભુ પોતાનાં દાસને સુખી કરવા ઇચ્છા રાખે છે ત્યારે સેવક કેવળ પ્રભુનાં જ સુખનો વિચાર કરે છે આવા સમયે પ્રભુ પોતાની પ્રભુતાને પાસમાં રાખતા નથી. અન્યોન્ય પરસ્પર એકબીજાનું સુખ જ ગાહે છે. સેવક સદા પ્રભુની પાસમાં રહી સ્વામિની સેવા કરે છે. સેવા કરતા તન્મયતા પ્રાપ્ત કરે છે ત્યારે સમાન ભાવ રહે છે તે સેવાનું ફળ પણ સેવા જ મળે છે. સદા સાનિધ્ય રહી આલોક પછી પણ તે પ્રભુની સાનિધ્ય રહી સેવા જ કરે છે. કારણ કે સેવકનાં ચિત્તમાં સેવા જ રહેલી હોય છે.

માટે જ – સેવા છે મુખ્ય ધર્મ એને ભુલાય નહી;
સેવા કરવામાં ચિત્ત અન્યે અથડાય નહી.

ઉપર મુજબ વાકય ભાવ પોષક છે કે સેવાનું આવું મહત્વ જાણીને પછી સેવા કરો સેવા કરતાં ચિત્તને સેવામાં જ રાખો. બીજે ભટકવા ન દયો સેવા, સેવામાં ફરક પડી જાય છે એક તો સેવાનું રહસ્ય સમજીને કરે ને બીજું દેખાદેખી કે ઉપરનાં મનથી જેમ તેમ કરી મૂકી દે. આમાં જમીન આસમાનનો ફરક છે પ્રેમ ભાવનો હાર્દ સમજી સેવા કરે તે સેવા છે.

પૂજા આ સાધન શ્રુતિ પ્રમાણુ છે એટલે કે શાસ્ત્રોમાં પુજન વિધિ જેમ બતાવી છે તે પ્રમાણે પુજા કરવી. પુજા જો વિધિવત થાય તો તે પુજાનું ફળ મળે છે. આવાહન, મંત્ર, વિસર્જન, આમાં કયાંક ફરક પડયો તો વિપરીત પરીણામ પણ આવે તેથી શાસ્ત્રોક્ત વિધિથી જ તે થાય છે. પુષ્ટિ ધર્મ સેવા તેમાં શાસ્ત્રોકત વિધિનું મહત્વ નથી સેવા ધર્મમાં તો મુખ્યતા સ્નેહની છે ભકતનાં સ્નેહ મુજબ પ્રભુ સેવા અંગીકાર કરે છે.

"પ્રેમ ત્યાં નેમ નહી, નેમ ત્યાં નહી પ્રેમ."

વિદુર ઘેર કૃષ્ણ પધાર્યા ત્યારે તેમની પત્નિ શ્રીકૃષ્ણનાં દર્શન કરતાં જ હર્ષ ઘેલી બની ગઇ ભગવાન કહે મને ભુખ લાગી છે ખાવાનું હોય તો આપો. તુરત જ વિદુર પત્નિએ કેળાની લુંમ હાથ લઇને એક એક કરીને કૃષ્ણને દેવા માંડી છોતરા કૃષ્ણનાં હાથમાં આપે ને કેળુ નીચે નાખી દયે ભગવાન પણ સ્વાદે કરી છીલકા આરોગવા લાગ્યા તેવામાં વિદુરજી આવ્યા. જોતાં જ પત્નિને સાવધાન કરે છે કે આ તું શું કરે છે જો તો ખરી ત્યારે તેને ભાન આવી પસ્તાવો થયો. પછી છીલકા નીચે નાખી અંદરનું કેળું ભગવાનના હાથમાં આપ્યું ત્યારે ભગવાન કહે આ કેળામાં સ્વાદ નથી જે સ્વાદ હતો તે તો ગયો. તાત્પર્ય પહેલાં કેળાનો સ્વાદ વધારે એમ કહ્યો કે કૃષ્ણને નિરખતાં જ વિદુર પત્નિ ભાવવિભોર બની ગયા હતા. પોતાના નયનોથી મુખસુધારસનું પાન કરી રહ્યા હતા. પ્રભુનું સુખ ચાહતા હતા. પરંતુ પ્રેમાવેશમાં ભાન ભૂલ્યા હતા તેથી તેમાં સ્વાદ હતો.

પુજા તે ચાલે પ્રમાણુ – કોઇ વાર એક વૈષ્ણવ અને વૈરાગી બન્ને સાથે સાથે ચાલ્યા જતાં જ્યાં રાત પડે ત્યાં મુકામ કરે. સવારમાં ઉઠી બંને પોતપોતાની રીત મુજબ સેવા પુજા કરે. શિયાળાનો દિવસ કડકડતી ઠંડી પડે. વૈરાગી ઉઠીને સ્નાન કરી શાલીગ્રામજીને ચંદન ખુબ ઘસીને લગાડે. ત્યારે વૈષ્ણવ ઉઠીને આસપાસથી કરગીઠીયા વીણીને તાપ કરે નાઇધોઇને પોતાનાં હાથ શેકે પછી શ્રી બાલકૃષ્ણ લાલજીને જગાવે ગરમ દુધ કરીને આરોગાવે પછી લુણુ બાટી જે બને તે ભોગ ધરી પ્રસાદ લીયે.

એક દિવસ વૈરાગી મોડો ઉઠયો એટલે શાલીગ્રામજીને હાથમાં લઇ ગંગાજીમાં સ્નાન કરાવવા ગયો ત્યાં શાલીગ્રામજી હાથમાંથી પડી ગયા તે ગોતવા લાગ્યો મળે નહી ત્યારે બોલ્યો સાલા આપ ડુબ ગયા, વહ હમકું કયા ! તારેગા. આ જોઈ વૈષ્ણવે જળમાં ગોત કરી શાલીગ્રામ ગોતી દીધા, અને કહ્યું કે ભાઇ તું જેની પુજા કરે છે, તેને આમ બોલાય ? મુખરતા દોષ લાગે છે ત્યારે વૈરાગી કહે હમકું ઐસા કુછ સમજતા નહી હૈ. વૈષ્ણવે તો રોજની રીત મુજબ શ્રી ઠાકુરજી જગાવી રસોઇ કરી ભોગ ધર્યા સામે વૈરાગીએ રસોઇ કરી ત્યાં કુતરો આવીને રોટલો ઉપાડી ગયો ત્યારે વૈરાગીને રીસ ચઢી આસપાસ પાણો ગોત્યો મળ્યો નહી

તેથી શાલીગ્રામને હાથમાં લઇ જોરથી કુતરા ઉપર ઘા કર્યો, બરોબર વાગ્યો તેથી કુતરો રોટલો મુકી ભાગ્યો ત્યારે વૈરાગીએ કહ્યું સાલા આજ કામ તો આયા, તાત્પર્ય- કૃતિ રૂપ પુજા ત્યાં સ્નેહનું કામ નહી, ત્યાં પ્રભુને શું સુખ ? સેવા માર્ગમાં તો કેવળ પ્રભુનું જ સુખ વિચારવાની રીત છે પોતે કષ્ટ સહન કરે પરંતુ પ્રભુની સેવામાં ખામી ન રાખે. તે સેવા તેમાં જ પ્રભુનું સુખ **“લોક વેદનાં તાપ ન ધરવા”** સેવા કરવાવાળા લૌકિક વૈદિક મર્યાદા ભંગ થાય તેની ચિંતા કરતા નથી.

પ્રેમ વિના પ્રભુના મિલે કોટીક કરો ઉપાય;
અંતર્યામિ આપ હે ઉપર તે ન ઠગાય.

પ્રભુ અંતર્યામિ છે તે સર્વના મનની વાત ઇચ્છા બધું જાણે છે ઉપરનાં દેખાવથી તે રીઝાતા નથી તે તો ભકતોનાં ભાવ મુજબ સેવા અંગીકાર કરે છે. જ્યાં ભકતનાં ભાવને જ મુખ્યતા મળી, ત્યાં પ્રભુનું પ્રભુત્વ દુર રહ્યું. કેમ કે ભકિત પ્રેમથી થાય, તેમ સેવા પણ પ્રેમથી થાય, તેમાં કેવળ સ્વામિનું જ સુખ વિચારવાનું હોય છે.

પ્રભુ સર્વેશ્વર છે તેને કઇ સામગ્રી કયો શૃંગાર કયો વૈભવ વશમાં કરી શકે છે! પરંતુ ભકત સાદી ચંદ્રીકા ગુંજાની માળા મિશ્રીનીડલી લઇને પ્રભુને રીઝવે છે. ત્યાં પ્રભુ પોતાના ઐશ્વર્યને યાદ કરતા નથી. પુષ્ટિમાર્ગ પ્રણાલિકામાં ઋતુ અનુસાર વાઘા, વસ્ત્ર, સામગ્રીનો ક્રમ છે શિતકાળ આવે ત્યારે સગડી, રજાઇ, ફરગુલ, જાડા વસ્ત્રો ધરાય સામગ્રી પણ જેમ કે સુહાગ સુંઠ આવી ગરમ વસ્તુ અને સામગ્રી ધરાય છે ઉષ્ણકાળમાં બારીક વસ્ત્રો શિતલ સામગ્રી ફૂવારા ખસની ટાટી ચંદન ધરાય (મર્યાદામાં બારો માસ ચંદન ચોપડે પુષ્ટિમાં ઋતુ અનુસાર પ્રભુનું સુખ વિચારીને) માટીનાં ઝારી કુંજા ગુલાબ જળનો છીડકાવ તેવાજ રાગ રાગિણી સમય અનુસાર સમય સમય પર ઉત્સવ કે દિવસ તેવા જ કીર્તનોથી પ્રભુને પ્રસન્ન કરાય છે. હિંડોલા આવે, ફુલડોલ આવે, ઉત્સવો મનોરથો આ બધામાં પ્રભુનું જ સુખ વિચારીને ભોગ, રાગ, અને શૃંગારની રીત છે. મંદીરમાં પધારતાં જ શિતલ ભોગ આવે. જન્માષ્ટમી પછી બાળલીલાનાં ભાવથી સુક્ષ્મ શૃંગાર બાળભાવનાં કીર્તનો આવે છે.

વૈષ્ણવો સૌ પોતપોતાને ઘેર શ્રી ઠાકુરજી પધરાવી સેવા કરે છે કોઇને ઘેર મુઠીચણા, તો કોઇને ઘેર ઘી ઘણાઃ આમ સૌ પોતપોતાની પરિસ્થિતિ મુજબ સેવા કરી આનંદ માને છે. પ્રભુને મન તે બધું સરખું જ છે કેમ કે પ્રભુ તો ભકતનાં ભાવને જ અંગીકાર કરે છે ભકતે ભાવપુર્વક જે કાંઇ કર્યુ તેને ઉત્તમ માની, તેમાં જ પોતાની પ્રસન્નતા માને છે.

પ્રભુની ભાવથી સેવા કરવાવાળા છે. તે અંગીકૃત જીવો જ છે. તેથી તેની અન્ય ગતિ થાય જ નહીં સેવાનું ફળ તે સેવા થાશે તેમાં શંકાની જરૂર નથી કેમ કે સેવામાં સેવક તરફથી પ્રભુનું જ સુખ વિચાર્યુ છે તેમ પ્રભુ પણ પોતાનાં ભકતનું સુખ વિચારે છે ત્યાં બંધારણ કામ આવતું નથી **“સેવા તે જેમાં સ્નેહ બંધાણુ”.**

માટે જ કવિ શ્રી કહે છે કે સેવો શ્રીકૃષ્ણ કૃપાળ

શ્રી હરિરાય મહાપ્રભુ પ્રકટિત સહસ્ત્ર શ્લોકી સેવા ભાવના
હિન્દીમાં પદ્ય રચના

રચયિતા :- **પ. ભ. રૂપચન્દ ખંડેલવાલ 'ભૂપ' જબલપુર**

–ગતાંકથી ચાલુ

પ્રાત ખાય, પુનિપાગ બંધાઇ । નંદ ગોદ મે બૈઠે આઈ ।।
કટિ બંધન કે ઔર પાગ કે । છોરન ગુચ્છા સોહત નીકે ૨૬૨
સબકે બીચ બૈઠ પ્રભુરાઈ । ભક્તન અર્પંત પાનહુ ખાઇ ।।
ઉચોંત બુલાઇ જે ગોપીજન । કરહિં આરતી લાગે શોભન ।। ૨૬૩
નંદ સંગ પરિવાર જન કહૅં । ગોપી ગોપ નમસ્કાર હિં તહૅં ।।
નિજ પરિકર અરુ સબ પરિવાર । સબન સંગ નિજ ઘર પગુધારા ।। ૨૬૪
પુરુષોત્તમ નિજ પ્રસાદિ માલા । નિજ ભક્ત ન કહં દેહિં કૃપાલા ।।
ઇમિ બ્રજભક્ત ન કે ઘર હરિ કે । નિત સત્કાર હોહિં જી ભરિ કે ।। ૨૬૫

હવે ત્રીજા પ્રકારનો રાજભોગ ચોરીથી વ્રજ ભકતને ઘેર ગુપ્ત રીતે પધારીને આરોગે છે, અને સર્વ સુખ આપે છે, તે લીલાનું વર્ણન સાડી ઓગણ ત્રીસ શ્લોકથી કરે છે.

(૨૬૬ થી ૨૯૪½ સુધી)

રાજભોગ ભાવના, ભાંતિ યહા । સમઝાઇ મૈંયા પ્રકાર કહં ।।
અબ પરોક્ષ મેં જો બ્રંજ રાજા । ભોગ અરોગત સારત કાજા ।।
સો સબ કહહુ સુજન સમઝાઇ । રાજભોગ દ્વૈ ભાંતિ બતાઇ ।। ૨૬૬
ગૃહ સ્વામી સે, ગોંપિન કે ઘર । આપ પધારૈ નિરભૈ હોકર ।। ૨૬૭

દો. બહુ વિધિ સામગ્રી કરી પધરાયો નિજ નેહ ।
પ્રેમાગ્રહ ગોપી કરત હરિ આરોગહિં તેહ ।।

સો. ચોરી કે સંજોગ પુરહિં ગોપિન મનોરથ ।
ષટરસ વ્યંજન ભોગ, કરહિં લેહિં ભોજન મુદિત ।। ૨૬૮

દો. નિજ ઉતરીય બિછાઇ ઉતમ સુખદ આસન નિર્મિંયો ।।
તા પૈ અગરુ ઇત્રાદિ દ્રવ્યન બહુ સુગંધન છિકિંયો ।। ૨૬૯
ધનિ ભાગ ભે ઇન ગોપિયન કે, પ્રભુ ન કહે વધરાઇયો ।।
ધનિ ભાગ ભુપહુભયો લિખિ, માનસી દર્શન ધાઇયો ।। ૨૭૦

સો. રાધાબાંઇ ઔર, પુષ્પહાર હરિ શોભતી ।
નિરખ નયન કી કોર, સુન્દરતા લાજહિં સ્વયં ।।
અબ ગોપી નિજ ઘર કે આંગન । બલ દાઉ અરુ ગોપબાલકન ।।
રખિરક્ષાર્થં હૃદય હરખાઇ । ગોકુલનાથ હિં ભીતર લાઇ ।। ૨૬૨

ધર્મ સકલ જે પુર્વ બખાને । તે ગુન અદ્દભુત રસ મેં સાને ॥
બાલવયહિં કિશોર વયવારી । વય કિશોર બાલક વયવારી ॥
સમરથ ઐસી સબ લીલા મેં । જેહિ વિરુદ્ધ ધર્માશ્રયિ ગાવૈં ॥
બ્રજ જીવન સુન્દર હિતકારી । પરુસત પ્રભુહિં સમગ્રી સારી ॥ ૨૬૩

કરહિં નિરીક્ષણ તિન્હ સુખ અયના । રતિ રમણ ન જે ચંચલ નૈના ॥ ૨૬૪

વિવિધ પ્રકાર અમોલ સ્વાદન । સામગ્રી સિદ્ધાઇ ગ્વાલિન ॥
ગોપિ ભાવના કરિવે તત્પર । ઐસે પ્રભુ સર્વાંગન સુન્દર ॥
ગોપી જે જે વસ્તુ પરોસહિં । તિન રતિ લીલા–ભાવના કરહિં ॥ ૨૬૫

દો. નેત્ર કટાચ્છન ગોપિજન, પુજ રહીં ભગવાન ।
કંકણ ધુનિયુત. મુલ ભુજ, મેં હરિ નૈન સમાન ॥ ૨૬૫

બાલક લીલા–બહાને, નિજ કૃતિ ગુપ્ત રખેઈ ।
તિય–મુખ શશિ શીતલ કિરણ, કો આશ્રય પ્રભુ લેઇં ॥ ૨૬૬

ઉત્કટ ઉત્સાહી જુ હૃદય કે । અહૈં હાસ્ય રસ કે સમુદ્ર જે ॥
યુકિત પુર્વ રસવાર્તા સમરથ । જાને વકત્રોતિન કો હુપથ ॥૧॥ ૨૬૮

પ્રિયા–મુખ કમલ કે સૌંદર્યન । કરહિં દ્રષ્ટિ વર્ષા જુ વિલક્ષણ ॥

હૃદય બિચારત ભાવ અનેક ન । તાસો રોમાંચિત સખ અંગન ॥ ૨૬૯

લિયે કર કમલ માખન મિસરી । ખાવહિં ભાત દાર લૌ પિયરી ॥ ૨૮૦

ધૌરી ધુમર કો પય લાઇ । તાકો માખન સરસ બનાઇ ॥
મિસરી ડાર ગ્રાસ નિર્માવહિં । તે હિ ખાવે મેં રુચિ દરસાં વહિ ॥
રહિ ઈકાન્ત બિન વહિં ગોપીજન । ભોગ અવશ્ય કરહિં તિન વસ્તુ ન ॥ ૨૮૧

મોતિન કે ગુચ્છન સો શોભિત । ભારીરજત પાત્ર મેં સંચિત ॥
લાલ રંગ કે સીંકા માહી । સો નવનીત મોદ સોં ખાહીં ॥ ૨૮૨

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાય

પ. ભ. શ્રી જમનાદાસ મોરારજી કારિયા હ. ગિરિશચંદ્ર જમનાદાસ કારિયા કાંદીવલી (વેસ્ટ)ના જયશ્રીકૃષ્ણ.

શ્રી યમુનાજીના પદ

ભાવાર્થ લેખક :- **માધુરી, રાજકોટ.**

પદ

શ્રી યમુને હાહા તેરી દુહાઇ;
ઇન્દ્ર પુત્ર યોં ફિર્યો લોક તિહું કોઉ ન ભયો સહાઇ. ૧
શ્રી બલ્લભાચાર્ય નિજ ગ્રંથનિ મહિમા તેરી ગાઇ;
સો સુનિ '**બલ્લભ**' દ્વાર તિહારે હે ત્રણ રદ શરનાઇ. ૨

ભાવાર્થ :- આ પદમાં કવિ શ્રી યમુનાજીનાં બિરદનું વર્ણન કરે છે જયારે મન વિચારે ચડે કે અહો હો ! કયાં જીવ દોષોથી ભરેલો અને કયાં પ્રભુ. છતાં પણ જીવને પ્રભુની સન્મુખતા પ્રાપ્ત કરાવો છો. હું આપની કૃપાનું કઇ રીતે વર્ણન કરૂં ? જીવનાં દોષો સામું જોયું જ નથી, કેવળ કૃપા જ વિચારી છે. જેણે આપનું શરણ ગ્રહણ કર્યું તેનો ઉદ્ધાર નિશ્ચિત કર્યો, નહિંતર કર્મને આધીન બની ભોગવ્યા જ કરે છે.

જેમ કે ઇન્દ્ર પુત્ર '**જયંત**' જેણે કાગડાનું રૂપ લઇ સીતાજીને ચાંચ મારી હતી તે જ વખતે શ્રી રામચંદ્રજીએ દર્ભનું બાણ તેનાં ઉપર ફેક્યું. તેનાથી બચવા તેણે ત્રણે લોકમાં ભ્રમણ કર્યું, પરંતુ કોઇએ તેને સહાય કરી નહિ પાછો શ્રીરામચંદ્રજી પાસે આવ્યો.

શ્રીરામચંદ્રજીએ કહ્યું કે મારું બાણ ખાલી ન જાય. ત્યારે આંખમાં દર્ભનું તીર વાગ્યું ત્યારથી કાગડો બે આંખો હોવા છતાં રતન એક જ છે તે બંને આંખે ફર્યા કરે છે પરંતુ તે જો દોડીને આપની (શ્રીયમુનાજી) પાસે આવ્યો હોત તો તેનું કામ થઇ જાત.

આપના મહિમાનું તો શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ પોતાનાં ગ્રંથોમાં સવિસ્તર વર્ણન કર્યું છે. તેમજ "શરણ પ્રતિપાલ ગોપાલ રતિ વર્ધિની" આવી રીતે શ્રીકૃષ્ણદાસજીએ પણ ગાયું છે.

હું પણ તે '**જયંત**'ની સમાન મહાન અપરાધી જીવ છું તેથી મોઢામાં તરણું લઇને દાસ વલ્લભ શરણે આવ્યો છું, કેમ કે મને આપનાં સિવાય કોઇ આશ્રય આપે તેવું દેખાતું નથી. આવી હીન કરણીવાળો માથું નમાવીને ઊભો છું, કે હે શ્રી યમુને! આપનું બિરદ વિચારો. જુઓ મારી તો કરણી હીન છે.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ મુંબઇના જય શ્રી કૃષ્ણ.

॥ શ્રી વલ્લભઃ ॥

ઘરનો નિત્ય સેવા પ્રકાર અને કીર્તનની સૂક્ષ્મ ભાવના

સંધ્યાર્તિની ભાવના

લેખક :- ગો. વા. પ. ભ. શ્રી રવજીભાઇ વેલજીભાઈ મિસ્ત્રી "શ્રી વ્રજ" ધોરાજી

પ્રેષક :- પ. ભ. શ્રી ગોવિંદભાઇ રવજીભાઈ મકવાણા

સંધ્યાર્તિ – (છીત સ્વામિજી)

પ્રભુ વનમાંથી શ્રી ગોકુલમાં પધારે ત્યારે આવનીના કીર્તનો ગોરી રાગમાં ગવાય છે. પ્રભુના વનમાં પધારવાથી વિરહમાં તપી થયેલાં ગોપીજનોનાં સર્વાંગોમાંથી ગોરીની રસ લહેરીના તરંગો નીકળી રહ્યા છે ગોરી રાગનું સ્વરૂપ–

ગોરી છબી અતિ સાંવરી અધઃકૂપ ધરે ધ્યાન

તૃષાવંત નિત કામકી ગાવત મીઠીતાન અને એમ ગોરીની મધુર તાનોમાં તનમય થઇ ગયા છે પ્રભુ પણ ગોપીજનોના વિરહમાં તપ્ત થઇ અને વેણુમાં પણ ગોરી રાગ ગાઇ રહ્યા છે પરસ્પર સ્નેહ બતાવે છે. બનતે આવત ગાવત ગોરી. પછી પ્રભુ સર્વે ગોપીઓના માન સન્માન ઝીલતા સંકેતો કરતા – અંતગૃહગતાને આનંદ આપતા ગોપો સહિત નંદાલય તરફ પધારે છે. ગોકુલની ગલીઓમાં ગાયોની ભીડ થઇ રહી છે.

હાંકે હટક હટક ગાય ઠઠક ઠઠક રહી – તે કીર્તન અનુસાર પ્રભુ સર્વને આનંદ અને સંતોષ આપતા નંદાલયમાં પધારે છે. શ્રી યશોદાજી આતુર નયનથી પ્રભુની રાહ જોઇ અને ઊભાં છે તે પ્રભુ ઉપર રાઇ લુણ–વારી અને સ્નેહાર્દ્ર હૃદયે અર્પિત કરે છે અને ઘરમાં પધરાવી પ્રભુના શ્રી અંગની ગો રજ કોમળ વસ્ત્રથી જાડે છે (પોંછે છે) અને પ્રભુને સ્નેહ દ્રવિત હૃદયે ભીતર પધરાવી જાય છે આ સંધ્યાર્તિનું સ્વરૂપ છે.

સંધ્યાર્તિ શ્રી છીત સ્વામીજીની ભાવનાથી છે. તેઓ શ્રી પ્રભુની કટીમાંથી પ્રગટ થયા છે. જેથી શ્રી પ્રભુની કટીરૂપ છે. સારસ્વત કલ્પમાં શ્રી કૃષ્ણાવતાર સમયે તેઓ શ્રી કૃષ્ણના સુબલ નામે સખા છે. અને નિત્યલીલાલામાં શ્રી પદમાવતીજી સખી સ્વરૂપે છે. શ્રી વિઠ્ઠલનાથજીના સ્વરૂપમાં આસકિત છે. શ્રી વિઠ્ઠલનાથજીના સ્વરૂપની લીલા જન્મલીલા અને રાસલીલા પણ છે. તેમાં શ્રી છીત સ્વામીજીને પરમ પ્રીતી છે. શ્રી પ્રભુના શ્રી મસ્તકના શૃંગાર દુમાલાના છે. શ્રી અંગના રત્નજડીત શૃંગારો પોખરાજના છે. શ્રી અંગના ફુલ શૃંગારો વાસંતી ફુલના છે.

પુંછરી ઉપરના અપ્સરા કુંડ ઉપર તેઓનો સદા નિવાસ છે. ત્યાં તેઓનું નિત્યલીલાનું દ્વાર છે. શ્રી પદ્માવતીજી સખી પોતાની કીર્તનકુંજ અને દાનનિકુંજના જીવોને લઇ અને રાત્રિએ નિત્યલીલામાં પધારે છે અને તેઓને મહારાસ મંડલના સુખ લેવરાવી લઇ અને પ્રાતઃકાળે પાછા ઉપર પધારી પોતાના મુળ ભૌતિક સ્વરૂપમાં સ્થિત થઇ જાય છે. અંત સમયે શ્રી ગુસાંઇજી લીલામાં પધાર્યા એટલું સાંભળતા જ છીત સ્વામીજી તે દ્વાર દ્વારા પોતે પણ લીલામાં પધાર્યા છે.

કીર્તન

શ્રી ગોવર્ધન ધરકી કટી તે પ્રગટે – છીત સ્વામી સદા પ્રિય હરિકે ॥
કટીકે કાર્ય ગહન રસમય હે – રમણ સહાય – રસોદ્દિપ કરીકેં ॥૧॥
બન્યો રહત રસભોગ એકરસ – રતિ આસન ભૂગત રસ ધરીકે ॥
શ્રી **'બ્રજપતિ'** રસ રાસ પરાયણ, વિલસત સુબલ સખાજીય ભરીકે ॥૨॥

પૂ. પા. ગો. દામોદરજી મહારાજ શ્રી (કોટા-કડી)નું નવું સરનામું

ગો. શ્રી વિજયકુમારજી મહારાજશ્રી
(શ્રી દામોદર લાલજી)
૧૦૫, પદમકુંવર, હાઇલેન્ડ કોર્નરની બાજુમાં,
ચાર કોપ વિલેજ, કાંદીવલી (વેસ્ટ) મુંબઇ-૪૦૦૦૬૭
ફોન : ૮૦૬૨૫૪૯

આ માસના ઉત્સવ

ચૈત્ર વદ ૬ તા. ૯-૪-૯૬ મંગળવાર, ગો. શ્રી લાલમણીજી મહારાજ (કોટા-જતીપુરા મુંબઇ) નો તથા ગો. શ્રી શિશિરકુમારજી મહારાજ (કાંકરોલી-વડોદરા) નો જન્મદિન.

ચૈત્ર વદ ૭ તા. ૧૦-૪-૯૬, શ્રી વિઠ્ઠલનાથજી (નાથદ્વાર) નો પાટોત્સવ.

ચૈત્ર વદ ૧૦ તા. ૧૩-૪-૯૬ શનિવાર, શ્રી ગોવર્ધનલાલજી કૃત પાંચ સ્વરૂપનો ઉત્સવ.

ચૈત્ર વદ ૧૧ તા. ૧૪-૪-૯૬ રવિવાર, શ્રી વરુથિની એકાદશી વ્રત, શ્રીમદ્ વલ્લભાચાર્યજીનો પ્રાકટય ઉત્સવ તથા શ્રી નાથજીના મુખારવિંદનું પ્રાકટય. (સં. ૧૫૩૫) અને અષ્ટસખા પૈકી શ્રી કુંભનદાસજીનો જન્મદિન (સં. ૧૫૨૫) તથા ગો. શ્રી વ્રજપ્રિયજી મહારાજશ્રી (બોરીવલી) જન્મદિન.)

સૈત્ર વદ ૧૨ તા. ૧૫-૪-૯૬ સોમવાર, ગો. શ્રી વલ્લભલાલજી (કડી-અમદાવાદ)નો જન્મદિન.

ચૈત્ર વદ ૩૦ અમાસ તા. ૧૭-૪-૯૬ બુધવાર, દર્શ અમાવાસ્યા. ખંડગ્રાસ સૂર્યગ્રહણ (ભારતમાં દેખાશે નહિ તેથી પાળવાનું નથી.

વૈશાખ સુદ ૨ તા. ૧૯-૪-૯૬ શુક્રવાર, ચંદ્રદર્શન. શ્રી કલ્યાણરાયજી (વડોદરા) નો પાટોત્સવ.

વૈશાખ સુદ ૩ તા. ૨૦-૪-૯૬ શનિવાર, અક્ષયતૃતીયા, ચંદનયાત્રા, જલકુંભદાન, ત્રેતાયુગાદિ મન્વાદિતિથિ, શ્રી પરશુરામ જયંતિ, અષ્ટસખા પૈકી ભકત કવિ કૃષ્ણદાસજીનો જન્મદિન. (સં. ૧૫૫૩) ગો. ચિ. શ્રી અક્ષયકુમારજી બાવાશ્રી (મથુરા-પોરબંદર)નો જન્મદિન. ગ્રીષ્મઋતુની શરૂઆત થઇ તે અષાડ સુદ ૫ સુધી. શ્રી પ્રભુને આજથી શીતોપચાર કરવા.

વૈશાખ સુદ ૪ તા. ૨૧-૪-૯૬ રવિવાર, ગો. શ્રી પિતાંબરજી મહારાજ (કાંકરોલી-વડોદરા) તથા ગો. અજયકુમાર મહારાજશ્રી (પુના) નો જન્મદિન.

વૈશાખ સુદ ૫ તા. ૨૩-૪-૯૬ મંગળવાર, શ્રી નટવરલાલજી (અમદાવાદ)નો પાટોત્સવ (સં. ૧૮૫૧) અષ્ટસખા પૈકી ભકત શ્રી સૂરદાસજીનો જન્મદિન (સં. ૧૫૩૫).

વૈશાખ સુદ ૬ તા. ૨૪-૪-૯૬ બુધવાર, ગો. શ્રી કિશોરચંદ્રજી મહારાજશ્રી (માંડવી જુનાગઢ) નો જન્મદિન.

વૈશાખ સુદ ૭ તા. ૨૫-૪-૯૬ ગુરુવાર, ગંગોત્પતિ, ગંગા સપ્તમી, ગો. શ્રી હરિરાયજી બાવાશ્રી (પોરબંદર) નો જન્મદિન. રામરાજ્ય. શ્રી જાનકીજીનો પ્રાકટ્ય દિન.

વૈશાખ સુદ ૧૦ તા. ૨૮-૪-૯૬ રવિવાર, ગો. શ્રી મુરલીમનોહરજી મહારાજશ્રી (માંડવી) નો તથા ગો. શ્રીકૃષ્ણજીવનજી બાવાશ્રી (મુંબઇ-મદ્રાસ) નો જન્મદિન.

વૈશાખ સુદ ૧૧ તા. ૨૯-૪-૯૬ સોમવાર, મોહિની એકાદશી વ્રત. શ્રી હરિવંશજીનો જન્મદિન (સં. ૧૫૫૯).

વૈશાખ સુદ ૧૩ તા. ૧-૫-૯૬ બુધવાર, ગો. શ્રી રાજીવલોચનજી બાવાશ્રી (બોરીવલી-જામખંભાળીયા-રાજકોટ) નો જન્મદિન.

વૈશાખ સુદ ૧૪ તા. ૨-૫=૯૬ ગુરુવાર, શ્રી નૃસિંહ જયંતી વ્રત. ગો. શ્રી રસિકરાયજી બાવાશ્રી તથા ગો. શ્રી રણછોડલાલજી (માંડવી) નો જન્મદિન.

વૈશાખ સુદ ૧૫ તા. ૩-૫-૯૬ શુક્રવાર, વૈશાખ સ્નાન સમાપ્તિ. પુર્ણિંમા, કુર્મંજયંતી, બુદ્ધ જયંતી, શ્રી રાધારમણનું પ્રાકટ્ય. ભકત શ્રી નરસિંહ મહેતાનો જન્મદિન.

વૈશાખ વદ ૨ તા. ૪-૫-૯૬ શનિવાર, શ્રી દાઉજી મહારાજ કૃત ચાર સ્વરૂપનો ઉત્સવ, શ્રી કલ્યાણજીરાયજી (વડોદરા) નો પાટોત્સવ (સં. ૧૯૬૭).

વૈશાખ વદ ૪ તા. ૭-૫-૯૬ મંગળવાર, ગો. શ્રી દિવ્યેશ બાવાશ્રી (શ્રીનાથદ્વાર-દ્વિતીયગૃહ) નો જન્મદિન.

પૃષ્ઠ પ્રકાશક સહાય

રૂા. ૫૨ પ. ભ. શ્રી નટવરલાલ ખાખી તથા ભાવીન એન ખાખી રાજકોટના સપ્રેમ જયશ્રીકૃષ્ણ.

॥ શ્રી હરિઃ ॥

ગાદી-તિલક-મંગલ--પ્રસંગના મંગલાભિલાષ શ્લોકો

[નિ. લી. પુ. પા. ગો. ૧૦૮ શ્રી વ્રજરાયજી મહારાજશ્રીના સુપુત્ર પુ. પા. ગો. ૧૦૮ શ્રી વ્રજનાથલાલજી મહારાજશ્રીના ગાદી તિલક મંગલ પ્રસંગના મંગલાભિલાષ શ્લોકો સંપ્રદાયના વિદ્વાન પ. ભ. શ્રી નવનીત પ્રિય શાસ્ત્રીજી રચિત-પ્રસ્તુત કરતાં આનંદ -સંપાદક]

શ્રીમદ્ ભગવદ વદનાનલાવતાર સાકાર બ્રહ્મવાદ સ્થાપક સાક્ષાદ્ ભગવત્પ્રોકત પુષ્ટિ ભકિત માર્ગાબ્જ માર્તંડ-શ્રીમદ્ વલ્લભાર્ચ્ય ચરણાન્વવાયોદધિકૌસ્તુભાનાં કૃપાકલા પારાવાર વિહાર વિચક્ષણનાં વિમલવૈદુષ્ય વિભવાનાં પુ. પા. નિ. ગો. ૧૦૮ શ્રી વ્રજરાયચરણ મહારાજાનાં સુપુત્રાણાં સ્વનામ ધન્યાનાં પુ. પા. ગો. વ્રજનાથ ચરણ મહોદય મહારાજાનાં સ્વગૃહ સિંહાસનાં ધિરોહણ પ્રસ્તાવ મંગલે મંગલાભિલાષઃ ।

બર્હાપીડમનોહરો નટવરો બિભ્રન્ રસોન્મત્તતાં
શ્રીમચ્છ્યામવપુર્મુદા મધુરતાં વર્ષન્ શ્રિયા રાજતે ।
સોડયં બ્રહ્મ-પરાત્મ-તત્ત્વ-ભગવાન્ હૈયંગવીનાર્થિતાં
નૃત્યન્ સંતનુતે વ્રજેડત્ર સુખદઃ કુર્યાત્કૃપા કાંક્ષિતમ્ ॥૧॥

શ્રીમદ્ ભાગવતં ફલં રસચયં રૂપં હરેર્વાઙ્મયં
લીલાનન્દમયસ્ય યત્ર દશધા પ્રસ્થાનતુર્યં સ્વતઃ ।
કૃષ્ણસ્યાત્મરહઃ પ્રકાશમમલં સામાધિકં કૃણ્વત :
કૃષ્ણાસ્યૈઃ સુવિવેચિતં કૃપયિતું સ્વાચાર્યતાં સંસ્ક્રિયાત્ ॥૨॥

સૌન્દર્યં ત્રિતયાત્મકં વિલસતિ શ્રી વલ્લભેષુ શ્રિતં
દૈવોદ્ધારપરાયણં સ્વજનતા સંપાદકં લીલયા ।
ગુઢાર્થાસ્તુ સમાધિ ભાગ્ય વિભવાના વિષ્કરોતિ શ્રિયા
સેવામાર્ગ-કથા વિહાર-શરણૈઃ કૃષ્ણઃ કરોતુ કૃપામ્ ॥૩॥

વેદે કૃષ્ણવચઃસુ સુત્રચયે વ્યાસસ્ય સામાધિકે
અદ્વૈતં કિલ સર્વદર્શનવરં યાથાર્થ્યં તો વર્તતે ।
યન્ન્યુનાધિક ભિન્નશબ્દરહિતં શુદ્ધં હિતદ્વભાઃ દર્ત
સ્વીચક્રુઃ પરમં સ્વદર્શન તયા ભુયાત્તતો મંગલમ્ ॥૪॥

માધુર્યં મધુંરાધિપસ્થ ગરિમા ગોવર્ધનાદ્રે ર્ગવાં
કાલિન્દ્યાઃ કરુણા વ્રજસ્ય વરતા શ્રી વાકપતેર્વાગ્મિતા ।
વાત્સલ્યં વ્રજરાયતાતમહતાં વિદ્યાવિદાં વાઙ્મયં
ભુયાત્શ્રી વ્રજનાથ પાદતિલકે માંગલ્ય સંપાદકમ્ ॥૫॥

વાત્સલ્યં વહતે શ્રમં ચ સહતે માધુર્યમામન્દ તે
વૈદુષ્યં હયભિવન્દતે સરલતામા સેવતે સાધુતામ્ ।
કારુણ્યં કુરુતે કલાશ્ચ કલતે સાધ્નોતિ સેવા કથાઃ
તત્શ્રી શ્રી વ્રજરાય પાદ મહિમા કુર્યાત્ પ્રિયં મંગલે ॥૬॥

સદ્યઃ શ્રી વ્રજનાથ પાદતિલકં ભુયાદ્યશઃ પ્રાપકં
શુદ્ધાદ્વૈતમમતં તુ પુર્ણમહસા પોપુષ્યતાં પ્રેમતઃ ।
સેવા શીલ સમાજ મંગલ ચર્યેર્મોમુદ્યતાં માનવઃ
પ્રીયન્તામપિ પંડિતા ગુણિ ગણાઃ સામાજિકા વૈષ્ણવાઃ ॥૭॥

વિ. સં. ૨૦૫૨ માઘ શુકલ ૧૩ શુક્ર
તા. ૨-૨-૯૬
"વ્રજ વિહાર"
મોટી પોળ-મોદીસાંથ
નડિયાદ ૩૮૭૦૦૧

નિવેદક :
નિજાચાર્ય પાદ પદ્મપરાગ પ્રેપ્સુઃ
નવનીત પ્રિયઃ શાસ્ત્રી

શ્રી વલ્લભ સુધાનું વિશિષ્ટ ભેટ પુસ્તક

૮૪ ભગવદિય રત્નાવલિ, ભેટ મેળવવાની અમૂલ્ય તક

ચાલુ વર્ષનું ભેટ પુસ્તક શ્રી વ. સુ. ના સર્વે સભ્યોને મોકલાઈ ગયું છે અને તેને અભુતપુર્વ આવકાર મળ્યો છે. તા. 30 એપ્રિલ સુધીમાં શ્રી વલ્લભ સુધાના આજીવન લવાજમ રૂા. ૪01 મોકલનારને હજુ પણ આ ભેટ પુસ્તકનો લાભ મલશે. આજેજ આજીવન સભ્ય બનો,

પુસ્તક પરિચય

શ્રી ભાગવત કથાઓ ભાગ-૧ તથા ભાગ-૨

લેખક – શ્રી રમેશભાઈ વિ. પરીખ

પ્રકાશક – વિનય કમલેશ ગુરુકુળ ચેરીટી ટ્રસ્ટ
જયંતીભાઈ વીરુભાઈ પટેલ 'વિનય' ૪. દિલખુશ સોસાયટી,
સ્ટેડિયમ પાસે, ઝેવિયર્સ હાઈસ્કુલ રોડ, નવરંગપુરા, અમદાવાદ–૩૪૦૦૦૯

આઠ પેઈઝી ડેમી સાઈઝ પૃષ્ઠ ૩૨ દરેક ભાગના ટાઈટલ આર્ટ પેપર વિવિધ રંગી, પીન બાઈન્ડીંગ ન્યોછાવર દર્શાવેલ નથી.

પુષ્ટિ સાહિત્યના સિદ્ધ હસ્ત લેખક દ્વારા અન્ય સાહિત્ય રત્નો આપણને મળયા છે. તેવું જ સુંદર સાહિત્ય રત્ન તેમણે પુષ્ટિ સંપ્રદાયના આબાલવૃદ્ધ દરેકને રસ પડે તેવું પ્રસ્તુત કર્યું છે.

"શ્રી ભાગવત કથાઓ" જેના હાલ ભાગ ૧ અને ૨ ઉપલબ્ધ થયા છે.

ખુબજ સરળ, રસપ્રદ શૈલીમાં લખાયેલ આ ભાગવત કથા દરેકને વાંચવી અને માણવી ગમશેજ. દરેક કથામાં મુળ વાતને વ્યવસ્થિત અને રસમય રીતે સંક્ષેપમાં રજુ કરી છે. દરેક વૈષ્ણવ પરિવારે વાંચવા, વસાવવા લાયક પુસ્તિકાઓ શુભ પ્રસંગે સુંદર ભેટ તરીકે આપવા લાયક.

પુષ્ટિ સાહિત્યના અન્ય લેખકોએ આવી લોકભોગ્ય. બાલભોગ્ય, સહજ રીતે સમજ આપતી શૈલી અપનાવવા જેવી છે.

પુષ્ટિમાર્ગીય પાઠશાળાનાં અભ્યાસક્રમમાં સ્થાન આપવા લાયક અનુપમ પુસ્તિકાઓ.

પ્રાપ્તિ સ્થાન

(૧) ગ્રેવીટી કલોક કુ. (પ્રા.) લિ.
ચકુડિયા મહાદેવની પાસે,
ગ્રેવીટી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ
રખિયાલ, અમદાવાદ

(૨) ગ્રવીટી કલોક શો રૂમ
૮૮, ચીનુભાઈ ટાવર્સ, નહેરૂ બ્રીજ પાસે
આશ્રમ રાડ. અમદાવાદ–૩૮૦૦૦૯

(૨) મન પ્રબોધ

રચયિતા – વ્યારાવાળા શ્રી ગોપાલદાસભાઈ

ટીકા – પંડિત કેશવદાસજી

સંકલન – શ્રીવલ્લભપાદપદ્મમિલિંદ

પ્રકાંશક – પુષ્ટિપરાગ વૈષ્ણવ વિહાર. કંસારા બજાર, સિહોર–૩૬૪૨૪૦

આઠ પેઈઝી ડેમી સાઈઝ પુષ્ઠ ૨૧૨+૪=૨૧૬ પીન બાઈન્ડીંગ કાર્ડ બોર્ડ લેમીનેશનવાળુ પુઠું.

ન્યોછાવર રૂા. ૨૫–૦૦ પોસ્ટેજ સાથે આવૃત્તિ–બીજી

શ્રી ગોકુલનાથજી નિત્યલીલામાં પધારતા, તેમના અનેક અનન્ય ભકતોને શ્રી ગોકુલનાથજીનો વિરહ થયો. આ ગ્રંથના રચયિતા શ્રી ગોપાલદાસભાઈએ તેમની આવી વિરહાવસ્થામાં જ આ ગ્રંથ "મન પ્રમોધ"નો રચના કરી છે.

'મનપ્રબોધ' ગ્રંથ વ્રજભાષામાં છે. તેમાં ૧૩ દુહા અને ૩૬ કવિવ છે. આ ગ્રંથમાં વિરહી રસિક જનના વિરહભાવોનું નિરૂપણ છે.

આ ગ્રંથ દ્વારા શી મહાપ્રભુજીના સિદ્ધાંત તરફ મનની સુદૃઢ ગતિ માટે મનનું પ્રબોધન કરવામાં આવ્યું હોવાથી તેને **'મન પ્રબોધ'** તરીકે ઓળખાવવાંમાં આવ્યોં છે.

આ પુસ્તકમાં મુળ ગ્રંથનું ગુજરાતીમાં રૂપાંતર સરળ ભાષામાં ટીકા સહિત કરવામાં આવ્યું છે.
પુષ્ટિ સાહિત્યના ચાહકો તથા વૈષ્ણવોને ઉપયોગી પુસ્તક વાંચવા તથા પુસ્તકાલયમાં વસાવવા યોગ્ય.
આ પુસ્તકની બીથી આવૃત્તિની થોડી નકલો રહી છે માટે વહેલાસર મગાવી લેવા પ્રકાશકનો અનુરોધ.
આ ઉપરાંત સંસ્થા દ્વારા નીચેની કેસેટો ઉપલબ્ધ છે, રસ ધરાવનારે મગાવવા વિનતિ.

૧ જિન શ્રી વલ્લભરૂપ ન જાન્યો. ન્યો. રૂા. ૪૫/–
કીર્તનકાર શ્રી વિઠ્ઠલભાઈ બાપોદરા

૨ શ્રી વલ્લભ ચિંતામણી મે રે ન્યો. રૂા. ૪૫/–
કીર્તનકાર શ્રી વિઠ્ઠલભાઈ બાપોદરા

૩ નવવિલાસ અને નવગરબા ન્યો. રૂા. ૪૫/–
ગાયક કલાકાર શ્રી વિઠ્ઠલભાઈ બાપોદરા અને વર્ષાબેન કળથીયા

વ્રજ પરિક્રમાની વધાઇ

નિ. લી. ગો. આચાર્ય શ્રી ૧૦૮ શ્રી પુરૂષોતમલાલજી મહારાજ અમરેલીવાળાના બેટીજી અં, સૌ. શ્રી લક્ષ્મીબેટીજી (સાયન અમરેલીવાળા)ની વૃજ ચોરાસી કોસની યાત્રા (લીલી પરિક્રમ્મા) ૧૯૯૬ સાલમાં ઉપડશે. ભાદરવા સુદ એકાદશીએ નિયમ લેવાશે. આથી સર્વે વૈષ્ણવોને જાણ કરવામાં આવેલ છે. તો સર્વે વૈષ્ણવોને આ પરિક્રમનો લાભ લેવાનુ ચુકશો નહિ. આ પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવશે. પાલ, પલંગ, પાટલા, ખુરશી, પાણી, લાઈટ, ડો., પોસ્ટ ઓફિસ, બેંક ભોજન, વાહન, વિગેરે.

વિગતવાર કાર્યક્રમ હવે પ્રસારિત થશે.

સેવા મોકલવાનુ સ્થાન
અ.સૌ. શ્રી લક્ષ્મીબેટીજી
શ્રી પુરૂષોતમલાલજી મહારાજ (અમરેલીવાળા)
૧૭ ત્રીલોક બિલ્ડીંગ, ૫મે માળે, રોડ નં. ૨૪
સાયન (વેસ્ટ) મુંબઈ – ૨૨ ફોન ૪૦૭૫૮૭૨

પદમાબેન ભુતા
ફોન : ૪૦૨૦૨૫૯
૪૦૭૯૦૬૧
એજ આજ્ઞાથી
વ્યવસ્થાપક : વ્રજયાત્રા કમિટી

સમાચાર

શ્રી વાકપતિ ફાઉન્ડેશન સંચાલિત શ્રી વલ્લભ વિદ્યાપીઠની સ્થાપના.

પુષ્ટિ માર્ગીય જ્ઞાન માટે પત્રાચાર અભ્યાસક્રમ

પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયનાં વૈષ્ણવજનો ઘેર બેઠા વૈષ્ણવ સંપ્રદાયનો સારી રીતે અભ્યાસક્રમ થઈ શકે તે હેતુથી આ વિદ્યાપીઠ જ્ઞાન પ્રવૃતિ શરૂ કરવામાં આવી રહી છે. જેનું સૌરાષ્ટ્ર માટે કાર્યાલય આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ C/o શંજય ગેસ સર્વિસ રજની બીલ્ડીંગ શેરી ભુપેન્દ્ર રોડ, રાજકોટ ખાતે ખોલવાથાં આવ્યું છે.

આ અભ્યાસક્રમનો જે વૈષ્ણવો ઓછામાં ઓછી ધોરણ ૧૦ર્ની પરીક્ષા પાસ કરી હોય તેઓ લાભ લઇ શકશે. આમાં ત્રણ કક્ષાનો અભ્યાસક્રમ રહેશે. મે ૧૯૯૬થી પ્રથમ કક્ષાનો અભ્યાસક્રમ શરૂ થશે. જેમાં દર મહિને એક એક ૩૨ થી ૪૦ પાનાની પુસ્તિકા અભ્યાસ માટે મોકલવામાં આવશે. તેમાં એક પ્રશ્નપત્ર હશે. પુસ્તિકાનો અભ્યાસ કરીને પ્રશ્નપત્રમાં જ જવાબ લખી મોકલવાનાં રહેશે, આ પ્રમાણે બાર માસ અભ્યાસ ચાલશે. અને પાસ થનારને પદવી સાથે પ્રમાણપત્ર મળશે.

સૌરાષ્ટ્રના વૈષ્ણવોને ઉપરોક્ત સરનામે પત્રવ્યવહાર કરવો.

પ. પૂ. વ્રજભૂષણલાલજી મહારાજશ્રીનો ઉજવાયેલો પ્રાગટય મહોત્સવ

જામનગર વૈષ્ણવ સમાજ તથા શ્રી અનિરૂદ્ધ પુષ્ટીમાર્ગીય પાઠશાળાના ઉપક્રમે ભાગવત સ્વરૂપ નિ. લી. પ. પુ. ગા. શ્રી વ્રજભુષણલાલજી મહારાજશ્રી દાદાજીનો પ્રાગટય મહોત્સવનું આયોજન પ. પુ. ગો. શ્રી હરિરાયજી મહારાજશ્રીના અધ્યક્ષસ્થાને કરવામાં આવ્યું હતું.

પ્રાગટય મહોત્સવના પ્રથમ દિને પાઠશાળાના ૧૮ વર્ષથી નાની વયના બાળકો માટે પુષ્ટિમાર્ગીય પ્રશ્નોની એક કવીઝ કાર્યક્રમ રાખવામાં આવેલ જેતાં ૫૦ ઉપરાંત બાળકોએ ભાગ લીધેલો.

શ્રી વ્રજ વલ્લભ સોશયલ ગૃપના અધ્યક્ષશ્રી વલ્લભબાવાએ કવીઝના કાર્યક્રમની પુષ્ટિ માર્ગીય પ્રશ્નોની સમજણ આપેલ હતી. પ. પુ. શ્રી હરિરાષજી મહારાજશ્રીએ બાળકોને આશીર્વાદ પાઠવેલા.

પ્રાગટય દિને પ. પુ, શ્રી વ્રજભુષણલાલજી મહારાજશ્રીના દિવ્ય પ્રસંગોના સંસ્મરણો શ્રી જયેન્દ્રભાઇ અડાલજા, ધીરૂભાઇ બુદ્ધભટી. શ્રી બટુકભાઇ શાસ્ત્રી, ભારતીબેન રાણા, શ્રી મુકેશ છાપીયા વગેરેએ કર્યા હતા. આશ્રમનું પ. પુ. શ્રી શશીરાજા બેટીજીએ ગવરાવ્યું હતું.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન કેસરીયા રાજકોટના જયશ્રીકૃષ્ણ હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલના જયશ્રીકૃષ્ણ.

શ્રી મહાપ્રભુજીના ૪૩મા બેઠકજી લોહગઢ (ગોવા) જવા માટેનું માર્ગદર્શન

આ બેઠકજી પુ. પા. ગો. ૧૦૮ શ્રી લાલમણીજી પ્રથમેશજીના માથે બિરાજે છે.

મુંબઈથી ગોવા બસ રસ્તે કોઈપણ વૈષ્ણવ આવે તો **'સાંખવી'** ગામમાં ઉતરી જવાનું ત્યાંથી રીક્ષા/ટેકસી/ટેમ્પો મળે છે અને ૨ કી.મી. ઉપર **હરવળે** ગામ છે ત્યાં પહોંચી જવાનું, જ્યાં કુદરતી પાણીનો ધોધ છે, ત્યાં રૂદ્રશ્વરનું મંદિર છે અને મંદિરની સામે જ શ્રી બેઠકજી આવેલા છે.

પ્લેન રસ્તે **'ડામ્બીવલી'** એરપોર્ટ ઉતરીને ટેકસીથી પંજીમ થઈ **હરવળે** (૮૦ કી.મી. થાય છે) પહોંચી શકાય પંજીમથી ટેકસી કે બસથી ૫૫ કી.મી. અને મડગાંવથી ટેકસી કે બસથી ૫૨ કી.મી, થાય છે વાહન મંદીર સુધી પહોંચે છે. પાકા રસ્તા, લાઈટ, પાણી, ટેલીફોનની સગવડ ધરાવે છે.

સાંખવી ગામમાં રહેવાની પણ વ્યવસ્થા છે જેમાં ૨૦૦ વ્યકિત ઉતરી શકે તેવી જુદી વ્યવસ્થા છે. દત્ત મંદિર પ્રસિદ્ધ છે.

ખાસ કોઈ વૈષ્ણવને વિશેષ માહિતી જોઈતી હોય તો નીચેના સ્થળે પત્રવ્યવહારથી સંપર્ક સાધવા વિનંતિ.

AMRUTLAL C. DOSHI
238 CLOTH MARKET
POST BOX No. 24
MARGAD (GOA)-493601
Tel. Office 732719
Resi. 722189
STD-0834

સરનામું અંગ્રેજીમાં લખવું

નિવેદક
અમૃતલાલ છગનલાલ દોશી
મડગાંવ (ગોવા)
૪૦૩૬૦૧

વ્રજયાત્રા કરતી વખતે સાથે રાખી વાંચન-મનન કરવા
“શ્રી મથુરા વ્રજ મંડળ યાને વ્રજદર્શન”
પુસ્તક અવશ્ય મગાવો

સોળ પેઈજી ક્રાઉન સાઈઝ પાના ૭૦૦ ઉપરાંત પાકા બાઈન્ડીંગનું પ્લાસ્ટીક કવરવાળું પુસ્તક જેમાં વ્રજના લીલા સ્થળોનું વર્ણન મહાત્મ્ય, દષ્ટાંત, ધોળ-પદ સાથેનું અનુપમ સંકલન છે.

થોડી નકલો રહી છે માટે વહેલાસર મગાવી લેવા અનુરોધ છે.

ન્યોછાવર રૂા. ૫૦/- અને રજી. પોસ્ટેજના રૂા. ૧૦/- મળી કુલ રૂા, ૬૦/- મ. ઓ. થી મોકલાવવા વિનંતિ.

રવજી પ. પટેલ
'અમૃત' જલારામ-૧, માર્ગ-૩
યુનિવર્સિટી રોડ, રાજકોટ-૩૬૦૦૦૫

॥ શ્રી નટવરપ્રભુ વિજયતે ॥
॥ શ્રી મદનમોહનપ્રભુ વિજયતે ॥

ગાદી તિલક મહોત્સવ

રાજનગરને આંગણે અતિ ભવ્ય ઉત્સવનું આયોજન થયું. નિ. લી. ગો. શ્રી વ્રંજરાયજી મહારાજના આત્મજ ગો. **શ્રી વ્રજનાથજી મહારાજ** નો ગાદીતિલક ઉત્સવ શ્રી નટવરલાલ શ્યામલાલ મંદિર, ડોશીવાડાની પોળ, કાલુપુરમાં મહાસુદ-૧૩ શુક્રવાર તા. ૨-૨-૯૬ના શુભ દિનેસે ભવ્યાતિભવ્ય રીતે ઉજવાયો હતો. ઠાકોરજીના મનોરથો સમાવિષ્ટ થયા. દિપકોની રાશીમાં બ્રહ્મમુહુર્તે પીળા પલનમાં દર્શનનો લાભ વર્ષો પછી પ્રાપ્ત થયો.

આ પ્રસંગે આસરવા બેઠકેથી શ્રી દાદાજીને હવેલીએ પધરાવવામાં આવ્યા હતા. ગાદી તિલકના મહોત્સવ પ્રસંગે ગુજરાત રાજયના મહેસુલ મંત્રી શ્રી અશોક ભટ્ટ અમદાવાદ શહેરના મેયર સુશ્રી ભાવનાબેન દવે, ધારાસભ્ય શ્રી ભૂપેન્દ્રભાઈ ખત્રી અન્ય રાજકીય નેતાઓ તેમજ પુ. શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીજી, શ્રી કે. કા. શાસ્ત્રી, શ્રી નવનીતપ્રિયશાસ્ત્રી શ્રી પ્રદ્યુમનશાસ્ત્રી ડો. ભગવતીપ્રસાદ પંડયા, શ્રી યોગેશભાઈ શાસ્ત્રી શ્રી ધનશંકર વૈદ્ય, શ્રી મધુભાઈ ઉપાધ્યાય વગેરે તથા અમદાવાદના અગ્રણી ઉદ્યોગપતિઓ ઉપસ્થિત રહ્યા હતા.

પુ ગો. શ્રી વૃજેશકુમાર મહારાજશ્રી (કડી)એ જયારે ગો. શ્રી વ્રજનાથજી મહારાજશ્રીને સાંજે ૫-૨૦ કલાકે ગાદી તિલક કર્યું ત્યારે જયઘોષના નાદથી સમગ્ર વાતાવરણ ગાજી ઉઠયું. વિદ્વાન શાસ્ત્રીઓએ વેદિક મંત્રોચ્ચાર કર્યા. ઉપસ્થિત સર્વે મહાનુભાવોએ આપનું અભિવાદન કર્યું. આ અવસરે શ્રી ભાગવત સંસ્કૃત વિદ્યાપીઠ, સોલાના સ્થાપક પુ. શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીજીએ શ્રી વ્રજનાથજી મહારાજશ્રીની વિદ્યાપીઠના કુલપતિ તરીકે નિયુકિતની ઘોષણા કરીને પરંપરાને જાળવી રાખી. ત્યારબાદ પુ. મહારાજશ્રીના કેસર સ્નાન થયા. આપશ્રીએ આ નટવરશ્યામ પ્રભુની તન, મન ધનથી સેવા કરી કૃતાર્થ થવાના વૈષ્ણવોને આશીર્વાદ આપ્યા.

શ્રી વૈષ્ણવ મિત્ર મંડલ ઇન્દૌર : વલ્લભીય પ્રકાશન યોજના

શ્રી વૈ. મિ. મં. પુ. પા. ગો. **શ્રી વિઠ્ઠલેશરાયજી** મહારાજશ્રી (ઇન્દૌર) ના અધ્યક્ષદ ચાલે છે. હિન્દી ભાષામાં અનેક સુંદર ગ્રંથોનું પ્રકાશન કરેલ છે. જેમ કે ૨૫૨ વૈ. ની વાર્તા (૩ ખંડમાં) ચોરાસી વૈ. વાર્તા બડે શિક્ષાપત્ર શોડષગ્રંથ વગેરે.

હિન્દી ભાષા ભાષિ વૈષ્ણવોને વર્તમાન યુગની માંગ અનુસાર સુંદર સાહિત્ય મલી રહે તે માટે આ જીવન સદસ્ય યોજના મંડળે તૈયાર કરી છે જેમાં એકવાર રૂપીઆ એક હજાર એક આપી સભ્ય થનારને દર વર્ષે શ્રીમહાપ્રભુના ઉત્સવે એક ગ્રંથ ભેટ અપાશે. પુ. પા. ગો. ૧૦૮ શ્રી વિઠ્ઠલેશરાયજી મહારાજની આજ્ઞાનુસાર ગ્રંથો છપાવવામાં આવશે.

સંપર્ક શ્રી વૈષ્ણવ મિત્ર મંડલ તથા આ. પુ. વૈ. પરિષદ ઇનૈર શાખા
કાર્યાલય : શ્રી ગોવર્ધનનાથજી મંદિર
૧. સાઉથ યશવંત ગંજ ઇન્દૌર (મ.પ્ર.)
પીન/-૪૫૨૦૦૨

'આં. પુ.વૈ.પ. કેન્દ્રીય પ્રમુખ તરીકે પ.ભ. શ્રી ઇન્દ્રકાન્ત ત્રિકમલાલ શેઠની વરણી'

આં. પું. વૈષ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશના પ્રમુખ તરીકે લગભગ ૧૩ વર્ષથી કાર્યરત રહેનાર, ભાગવત વિદ્યાપીઠ શ્રી વલ્લભ વિશ્વ સંસ્થા અને કોટા અમદાવાદના મંદિરોમાં ટ્રસ્ટી તરીકે સુંદર કામગીરી કરનાર, સામાજીક. ધાર્મિક, શૈક્ષણિક ક્ષેત્રે સેવા આપનાર અમદાવાદના જાણીતા ઉદ્યોગપતી શ્રી ઇન્દ્રકાન્ત ત્રિકમલાલ પરીખ (શેઠ)ની આં. પુ. વૈ. પ. ની કેન્દ્રીય જનરલ કાઉન્સીલની મુંબઇ ખાતે તા. ૪-૨-૯૬ ના રોજ મળેલી મીટીંગે સર્વાનુમતે કેન્દ્રીય પ્રમુખ તરીકે વરણી કરી છે એ પ્રકારે વૈષ્ણવ પરિષદની એક યાદીમાં જણાવે છે. **શ્રી વલ્લસુધા કાર્યાલયના અભિનંદન**

શ્રી ગોકુલ વૈષ્ણવ સેવા ટ્રસ્ટ ગોકુલ

શ્રીમદ ગોકુલ પ્રત્યેક વૈષ્ણવોનુ નિજધામ છે. ગોકુલની યાત્રા અને ગોકુલવાસ વૈષ્ણવોની અભિલાષા છે. પરંતુ આજે શ્રીમદ ગોકુલ જતા ત્યાં સારી રીતે રહેવા લાયક તથા વ્યવસ્થિત મહાપ્રસાદની ખાસ સુવિધા નથી. વૈષ્ણવો પોતાની ઇચ્છા મુજબ શ્રી ગોકુલવાસ કરી શકે. સેવા-દર્શન-કિર્તન-સ્મરણનું અલૌકીક સુખ લઇ શકે તે હેતુથી શ્રી ગોકુલ વૈષ્ણવ સેવા ટ્રસ્ટ દ્વારા સુંદર કાર્ય કરેલ છે. આ પવિત્ર ભુમિ પર સેવાકુંજમાં શ્રીનાથજીનું સુંદર મંદીર તથા આધુનીક ફ્લેટસ સગવડતા સાથે તૈયાર કરેલ છે તેમાં પોતાના ઠાકોરજીને પધરાવી સાથે લાવનારને વધારાની સગવડતા મળશે. શ્રીજી પાછળ મહાપ્રસાદની કોઈ ન્યોછાવર નથી. (બંન્ને વખત)"

શ્રીમદ ભાગવત તથા સત્સંગ હોલ છે. વૈષ્ણવોના સહકારથી અને શ્રીજી બાવાની અસીમ કૃપાથી ફકત એક વર્ષમાં ત્રણ માળનું સુંદર ભવન તૈયાર કરી કાર્ય કરતુ થઇ ગયુ છે. આ શુભ કાર્યને વેગ આપવા તથા તેને નિભાવવા માટે કાયમી મનોરથીની ખાસ જરૂરત છે. કાયમ મીતી (કોરપસફંડ)ની રકમનાં વ્યાજમાંથી દર વર્ષે આપના તરફથી મનોરથ થશે.

– સંસ્થાની પ્રવૃત્તિઓ –

શ્રીમદ ગોકુલમાં ૭૦૦ બાળકો માટે બાલ મંદીરની ખાસ જરૂર છે. તેને માટે જગ્યા પણ છે. તેને બનાવવા માટે દ્રવ્યની ખાસ જરુરત છે.

ટ્રસ્ટ દ્વારા ગોકુલવાસીઓની વિનંતીને માન આપી સ્મશાન ભુમીનુ કાર્ય ચાલુ છે. આપના તરફથી મળતા સહયોગથી વ્યવસ્થિત કરી શકાશે.

ગૌશાળા માટે મોટી જગ્યા પ્રાપ્ત થયેલ છે. તે માટે તથા આયુર્વેદ તથા એલોપેથીક દવાખાનાની ખાસ જરૂરત છે. આપ સરવેના સહકારથી કાર્યને વેગ મળશે. ગૃહ ઉદ્યોગ માટે પ્રયાસ ચાલુ છે.

ગ્રામવાસીની વિનંતી પર પણ ખાસ ધ્યાન આપવામાં આવશે.

સંપર્ક : 'સેવા કુંજ' નંદ **ચૌક શ્રીમદ ગોકુલ** જી મથુરા ઉત્તરપ્રદેશ પીન ૨૮૧૩૦૦

ફોન – ૦૫૬૫ – ૮૩૫૨૦૩

SHREE VALLABH SUDHA Monthly Magazine. Published on third date of Every Month,
Regd.No.G/RJ.212-L.P.W.P43

શ્રી મહાપ્રભુજીનું ધોળ

વૈશાખ વદી એકાદશી, પ્રગટયા શ્રી વલ્લભરાય (૨)
સુરનર મુનિરાજ હરખીયા, હરખ્યો વ્રજ સહુ સાથ (૨)–વૈશાખ ૦ ૧

દેવનાં દુંદિભિ વાગીયાં, ગાજીયાં ભર મૃદંગ (૨)
અપ્સરા નૃત્ય કરે ઘણું, ગાન તે ગંધર્વ સંગ (૨)–વૈશાખ ૦ ૨

નિજ સ્વરુપે પધારીયા, ચંપારણ્ય મોઝાર (૨)
સિંહાસને પધરાવીયા, દીધો અગ્નિ મંડળાકાર (૨)–વૈશાખ ૦ ૩

તાત નિરખી વિસ્મય થયા, મંડળ સ્વરૂપ (૨)
મુખ પર રવિ શશિ વારણે, શોભા અતિશે અનુપ (૨)–વૈશાખ ૦ ૪

લક્ષ્મણ ભટ્ટજી વિમાસીને, ઓળખ્યા પૂનમચંદ (૨)
પુત્ર ભાવે હુલરાવીયા, ઉછળે ગોવિંદ (૨)–વૈશાખ ૦ ૫

વ્રજની માંહે ગુપ્ત પ્રકટયા, બીજી તે વાર (૨)
લોક પ્રસિદ્ધ જણાવાયું, આવ્યા ગર્ભવાસ (૨)–વૈશાખ ૦ ૬

મુખ મંડળ દર્શન માત્રથી, ઉદ્ધાર્યા જીવ અનેક (૨)
શ્રી વલ્લભ નામ ધરાવીને, રાખ્યો સર્વનો ટેક (૨)–વૈશાખ ૦ ૭

પાર ન પામું લીલા તણો, રસનાએ કેમ કહેવાય ? (૨)
'શોભા' નિરખીને, પ્રેમ મુદિત ગુણ ગાય (૨)–વૈશાખ ૦ ૮

શ્રી શોભામાજી, પોરબંદર

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક પ્રકાશક : રવજીભાઈ પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ,–૧ માર્ગ–૩, યુનિવર્સીટી રોડ, રાજકોટ–૫

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૬૨૧૩૯



વચન સુધા

"વળી પ્રભુ કેવા છે કે, રાજાને ભીક્ષુક કરી દે છે. અને ભીક્ષુકને રાજા કરી દે છે. માટે જે જે ભોગનો સમય આવશે તે તે ભોગવાવશે. પણ જે જીવ ચિંતા કરે છે તે ખોટી છે. તેથી એક પ્રભુની સેવા તથા પ્રભુનું જ સ્મરણ કરવું. અને સર્વે જગતમાં એક પ્રભુ ઉપર બુદ્ધિ રાખવી એ પ્રકારે જે જીવ ચાલે તેના ઉપર પ્રભુ પ્રસન્ન થાય. પછી કોઈની સાથે દ્વેષ રાખવો નહીં. તથા કોઈની નિંદા કરવી નહીં. એ રીતે પ્રભુ વીના જગતમાં કાંઈ બીજું નહીં. સર્વ ઠેકાણે પ્રભુમાં જ બુદ્ધિ રાખવી. કેમ કે પ્રાણી માત્ર, પ્રભુવીના કાંઈ છે જ નહીં. એમ નિશ્ચય જાણવું.

ગો. શ્રી ગોપીકાલંકારજી ઉપનામ શ્રી મદુજી મહારાજના વચનામૃત (વ. ૨)

✿ આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના [illegible]

વર્ષ ૧૫ : અંક-૨ ✿ સં. ૨૦૫૪

શ્રી વલ્લભાબ્દ ૫૧૯

વાર્ષિક લવાજમ રૂ. ૩૫/- ✿ [illegible]

"શ્રી વલ્લભસુધા"

કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ-૩૬૦૦૦૧

વી. આર ચાળકીયા એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
જયંત ચેમ્બર્સ,
રજપુતપરા મેઈન રોડ,
રાજકોટ.

શ્રી વલ્લભ વિજ્ઞાન રાજકોટ

૩૧-૩-૧૯૯૪ નાં રોજ પુરા થતાં વર્ષનો આવક ખર્ચનો હિસાબ

આવક	રૂ.	પૈસા	ખર્ચ	રૂ.	પૈસા
વાર્ષિક લવાજમ	૨૩૮૫૦	૦૦	વલ્લભ સુધા પ્રકાશન	૨૩૭૫૯	૫૦
વ્યાજ	૧૪૩૦૮	૮૫	પોસ્ટેજ	૩૫૨૮	૭૫
સામયીક વેચાણ	૫	૦૦	કન્ટીજન્સી ખર્ચ	૨૩૩	૦૦
પ્રકાશન દાન	૧૦૬૩	૦૦	વધારો	૧૧૭૦૫	૬૦
	૩૯૨૨૬	૮૫		૩૯૨૨૬	૮૫

૩૧-૩-૧૯૯૪ ના રોજનું સરવૈયું

ફંડ તથા જવાબદારી	રૂ.	પૈસા	મિલકત તથા લેણાં	રૂ.	પૈ.
આજીવન લવાજમ			પુસ્તક પ્રકાશન		
ગ. વ. ૯૨૭૬૩-૦૦			ગ. વ. ૪૩૯૨-૦૩		
વધારો ૧૩૫૨૮-૦૦			ઘટાડો ૪૮૨૫-૫૦		
	૧૦૬૨૯૧	૦૦			
આજીવન પૃષ્ઠ પ્રકાશન	૧૦૦૦૦	૦૦	સામે દર્શાવ્યા મુજબ ૪૩૩-૪૭		
પુસ્તક પ્રકાશન	૪૩૩	૪૭	જાદવ જીવરાજ	૬૦	૦૦
મીસીસ આર. જે. પટેલ	૩૦૯૦	૦૦	મનસુખલાલ માધવજી	૨૫	૦૦
એડવાન્સ લવાજમ ૯૪-૯૫	૧૧૨૮૫	૦૦	**રોકડ અને બેંક બેલેન્સ**		
આવક ખર્ચ ખાતે	૧૦૮૭૩	૨૦	સીક્યોરીટી ડિપોઝીટ	૫૦૦	૦૦
			રા. ના બેન્ક એફ. ડી.	૧૨૫૦૦૦	૦૦
			રા. ના. બેન્ક સેવીંગ	૮૫૦૮	૨૩
			સીટીઝન બેન્ક સેવીંગ	૬૩૯૯	૨૫
			રોકડ પુરાંત	૧૪૮૦	૧૫
			આવક અને ખર્ચ ખાતે		
			ગ. વ. પ્રમાણે ૮૩૨-૪૦		
			બાદ વધારો ૧૧૭૦૫-૬૦		
			સામે દર્શાવ્યા મુજબ ૧૦૮૭૩-૨૦		
	૧૪૧૯૭૨	૬૭		૧૪૧૯૭૨	૬૭

રાજકોટ. તા. ૧૦-૫-૯૬

તપાસ્યું અને બરાબર માલુમ પડેલ છે.

શ્રી વલ્લભ સુધા દર માસની ૨૭ તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન એપ્રીલ થી માર્ચ.

- * શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
- * ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
- * શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- * લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
- * શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
- * શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- * ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે.

પત્ર વ્યવહાર સંપર્ક :

શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, રાજકોટ

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૭
વર્ષ : ૧૫ અંક : ૨ ✻ મે, ૧૯૯૬

મનને ઉપદેશ

નિ. લી. ગો. શ્રી મટુજી મહારાજ કૃત પદ

મનારે તેં કૈઉ વિધિ લેઇ બુરાઇ
ગ્રહસ્થ ન સધ્યો વૈરાગ્ય ન ઉપજ્યો, ઝુઠે ખાખ લગાઇ ।૧।
કોડી કોડી કરી માયા જોરી, સો તેરે કામ ન આઇ ॥
ક્ષણ હું સંગ ન કર્યો હરિજનકો, ફિર ફિરી ચિત્ત ભટકાઈ ।૨।
નિઃસાધન મારગ મેં આયો, અબ હું રાખિ ભલાઇ ॥
રસિકદાસ જનકે શ્રીવલ્લભ, રાખેંગે અપનાઇ ।૩।

: ભાવાર્થ :

અરે મન ! તેં કેવી બુરાઇ કરી છે. ન ગ્રહસ્થ ધર્મ સાધ્યો ન વૈરાગ્ય. અરે ! ખોટાડા ધુડ લગાડી. તેં પાઇ પાઇ કરીને માયા સંઘરી તે તારા કામમાં નહીં આવે. તેં એકક્ષણ પણ ભગવદ્ ભકતનો સંગ કર્યો? જ્યાં ત્યાં ચિત્તને ભટકાવ્યું. અરે ! આ. નિઃ સાધન માર્ગ (પુષ્ટિ માર્ગ) માં તું આવ્યો હવે ભલો થઇને સીધો ચાલ, રસિકદાસ (શ્રી મટુજી મહારાજ)ના જનને (શરણાગત જીવને) તેમની કાનીથી શ્રી વલ્લભ અપનાવી લેશે હો,

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

ભકિત વર્ધિની

શ્રી ગોપેશ્વરજીએ રચેલ વિવરણ સહિત

–ગતાંકથી ચાલુ

જો આમ કહેવામાં આવે તો ઉત્તર એ છે કે ના, એમ નથી. પુનરુક્તિ દોષ કોઇ મહાન દોષ નથી. કારણ કે એવું સુભાષિત છે કે "એકસો વખત કહેવું પડે તો પણ શું થયું ? એમ કરીને પણ પથ્ય (હિતકારી બાબત) ને તો અવશ્ય કહેવી જ પડે."

ભક્તિમાં વૃદ્ધિ (વધારો) કયારે થાય એવી જિજ્ઞાસા જાગે તો ઉત્તરમાં કહે છે કે જ્યારે બીજ ભાવ દઢ થાય ત્યારે એટલે કે ભગવાનમાં સ્વલ્પ સ્નેહ જ્યારે દઢ થઇને વ્યસનરૂપ બની જાય ત્યારે ભક્તિની વૃદ્ધિ સર્વાંશે થાય એમ ભાવાર્થ છે, અથવા તો એમ કરીએ તો ચાલે કે પોતાના ગુરુદેવ–આચાર્ય – કૃપા કરીને જ્યારે નામ – નિવેદન કરાવે ત્યારબાદ ભવિષ્યમાં જ્યારે ભગવાને કરેલો આપણો અંગીકાર દઢ (એટલે કે અતિ સ્થિર) થઇ જાય કે કોઇનાથી પણ ચલિત ન થઇ શકે ત્યારે ભકિત વૃદ્ધિ થાય એમ અર્થ છે.

એમ નથી કે ભકિતનો હેતુ મુકિત આપવાનો છે. (કારણ કે જ્ઞાન દ્વારા જ મુકિત મેળવી શકાતી હોય છે) તેથી મુકિતની પ્રાપ્તિના હેતુથી ભકિતવૃદ્ધિની ઇચ્છા રાખવાની નથી એમ ભાવાર્થ છે. કારણ કે ભકિતનું સ્વતંત્ર ફલ મળતું હોવાથી સર્વે લોકો તેની (ભકિતની) ઇચ્છા કરતા હોય છે.

જો એમ ન હોય તો જેમના શિરે મુકિતનો અભિષેક થયેલો છે એવા શ્રી શુકદેવજી ભગવત્પ્રેમીઓમાં શા માટે અનુરકત (પ્રેમ ધરાવનાર) થયા હોત ? અથવા તો શા માટે અવિરત નિવૃત્તિમાં મગ્ન એવા સનકાદિકો પણ ભગવત્પ્રેમીઓમાં આસકત થયા હોત ? અને આ કારણને લીધે જ "પરિનિષ્ઠોપિ નૈર્ગુણ્યે" (એટલે કે નૈર્ગુણ્યમાં–મુકિતમાં–પરિનિષ્ઠ–પૂરી નિષ્ઠા ધરાવનાર લોકો પણ) તથા "આત્મારામાશ્ચ" (એટલે કે આત્મારામો આત્મનિષ્ઠજનો પણ) તથા નૈકાત્મતાં મે સ્પૃહયન્તી" એટલે કે મારી સાથે–બ્રહ્મની સાથે–એકતા સાધવાની સ્પૃહા–મહેચ્છા–પણ સેવતા નથી) જેવાં શાસ્ત્રવચનો પણ કહે છે કે મુકિત કરતાં ભકિત શ્રેષ્ઠ છે, અને એ વાત સાચી છે કે ભકિત વગરનું જ્ઞાન મુક્તિ અપાવનારું હોય છે. એ વાત પેલા શાસ્ત્ર વચનથી સિદ્ધ થાય છે કે "શ્રેયઃ સ્ત્રુતિં ભકિતમુદસ્યે" (એટલે કે શ્રેયસ્કર ભકિતને જ હું આધીન છું.) જો એવી દલીલ કરવામાં આવે કે ગમે તેમ કરીને પણ મુકિતનો હેતુ કહેવામાં આવે તો પણ ભકિતનું સ્વતંત્ર છે એ વાતનું સારી રીતે પ્રતિપાદન કરવામાં આવેલું નથી. શું એમ કહો છો ? તો તમે ભ્રમમાં છો ! સ્વતઃ પુરુષાર્થ દ્વારા કરવામાં આવેલા પ્રયત્નોની નિષ્ફળતાને રોકવાનું–અટકાવવાનું–કાર્ય અતિ મુશ્કેલ હોવાથી – આજ કારણને લીધે શ્રી પ્રભુ ચરણે આજ્ઞા કરી છે કે ભકિત હંસે "સ્નેહની ઉત્પત્તિ પછી પોતાના વ્યસન દ્વારા સ્વતંત્ર પુરુષાર્થ પૂર્વક (ભગવાનની

કથાના) શ્રવણાદિ ઉત્તમ પુષ્ટિરૂપ–પ્રભુ કૃપા રૂપે – પ્રાપ્ત કરવાની છે. આમ હોવાથી નીચે આપેલાં કેટલાંક શાસ્ત્ર વાકયો પણ પરસ્પર સંગતિ – સહમત દર્શાવે છે :– 'મત્સેવયા પ્રતીતં ચ' (મારી સેવાથી નિશ્ચિત થાય છે કે) 'અનિમિત્તા ભાગવતી ભકિતઃ સિદ્ધર્ગરીયસી" (નિષ્કામ ભાગવતી–ભગવાનની–ભકિત, સિદ્ધિ કરતાં ચડિયાતી છે); 'ભગવાન્ભજતાં મુકુન્દો મુકિતં દદાતિ કહિંચિત્સ્મ ન ભકિતયોગમ્' (ભગવાનની સેવા – ભજન – કરનારને મુકુન્દ ભગવાન મુકિતનું દાન કયારેક જ કરે છે પણ કદાપિ ભકિતયોગ આપતા નથી). "એવં ધર્મૈર્મનુષ્યાણામ્" (આ પ્રમાણે ધર્મોના પાલનથી મનુષ્યોને); 'ભકિતં લબ્ધવતઃ' (ભકિતને પામેલાઓનું); 'ભકત્યા સંજાતયા ભકત્યા' (ભકિતનો સંગમ પામેલી વડે); 'તસ્માન્દ્ભકિતયુકતસ્ય' (તેથી મારી ભકિતથી યુકત એવા જનોની) વગેરે શાસ્ત્ર વચનો પણ એની સાથે (ઉપર કહેલા આચાર્યશ્રીના વચનો સાથે) સહમત થાય છે. એવી ભકિતની વૃદ્ધિને માટે જ્ઞાન સિવાય પણ બીજા સાધનો છે એમ જણાવતાં આચાર્યશ્રી કહે છે કે "ત્યાગાચ્છવણકીર્તનાત્" વગેરે (એટલે કે ત્યાગથી તથા શ્રવણ–કીર્તનથી પણ ભકિતવૃદ્ધિ થાય છે) ભકિતમાર્ગના વિરોધી અન્યાશ્રય એટલે કે અન્ય દેવોનો આશ્રય લેવો વગેરે સાધનોનો ત્યાગ કરીને તથા ભગવાનના નામો તથા ચરિત્રો (તથા ગુણો) ના શ્રવણ દ્વારા તથા કીર્તન દ્વારા ભકિતમાં વૃદ્ધિ કરી શકાય છે. કર્મના વિરોધની જેમ શ્રવણ કીર્તનનો વિરોધ નથી કરવામાં આવ્યો એ વાત સમજાવવા માટે એક વધુ ભાવ કહ્યો છે. શ્રવણ તથા કીર્તન જેવાં ભકિતનાં ઉપલક્ષણો હોવાથી (પ્રભુ નામ) નું સ્મરણ, પોતાના આચાર્ય (એટલે ગુરુ) નાં વચનોમાં શ્રદ્ધા અને વિશ્વાસ એ બધા સાધનો પણ અહીં સંગ્રહ એટલે સમુદાય સૂચવ્યો છે અને સૂચવે છે કે અન્યાશ્રયનો ત્યાગ તથા શ્રવણ–કીર્તન વગેરે સાધનો અપ્રમાણ સિદ્ધ નથી શ્રુતિ (વેદ) તથા પુરાણોમાંથી ઉધૃત (લીધેલાં) નીચે આપેલાં કેટલાંક વાકયો પણ આ જ વાતની સાક્ષી પૂરે છે જેવાં કે જે કોઇ માણસ પોતાના દેવને છોડીને બીજાનો યજ્ઞ કરે છે તે પરા ભકિતને પામતો નથી, પણ પાપનો ભોકતા બને છે. "જયાં સુધી અન્યાશ્રય છે ત્યાં સુધી" બીજા કશામાં ચિત્ત રાખ્યા વગર સતત ભકિતપૂર્વક જે માણસ મારી ઉપાસના કરે છે તેને હું ભકિતયોગનું દાન કરું છું. (શ્રીમદ્ ભગવદ્ ગીતા) "અનન્ય ચિત્તથી જેઓ મારું ચિંતન કરે છે (ભગવદ ગીતા) "તસ્માત્સર્વાત્મના રાજન્" (હે રાજા, એટલા માટે કહું છું કે સર્વાત્મ ભાવથી વગેરે); તેથી હે ભરતવંશમાં શ્રેષ્ઠ એવા અર્જુન; તેથી એક જ; "તેની જ (એકની) સ્તુતિ કરનારા"; "સાંભળીને, ગુણ ગાઇને, સંસ્મરણ કરીને"; "ગુણોની કથાનું ગાન તથા શ્રવણ કરે છે વગેરે....વગેરે – ૧.

–ક્રમશઃ

॥શ્રીવલ્લભ॥

ભક્તિ પોષણ

વિવેચક : પ. ભ. શ્રી મથુરાદાસ જીવરાજભાઇ મહેતા

સ્મરણ

એક વાર જો આખા જન્મમાં, જો શ્રીકૃષ્ણ ચરણ સ્મરાય;
તો દર્શન યમદુતનું કદી સ્વપ્ને પણ નવ થાય.
થાય જો ભાવ સહિત નિત્ય ધ્યાન, તો પછી શું કહું ભાગ્યનું માન ?
હરિ ઉર નહીં તો તપે શું થાય ? જો છે તો કરે કષ્ટ બલાય.
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.... (૨૪)

વિવેચન : જેણે આખા જનમમાં એકવાર પણ શ્રીકૃષ્ણનાં ચરણાવિંદનું સ્મરણ કર્યું છે, તેને યમનું તેડું હોતું નથી. તેમજ સ્વપ્નામાં પણ યમદુત દેખાય નહીં, તેમજ શ્રીકૃષ્ણને અર્થ વ્રત, તપ કર્યું હોય તેને પણ યમનું તેડું હોતું નથી. જો ભાવનાપૂર્વક પ્રભુનું નામ સ્મરણ, જાપ, આદિ જે કરે તેના ભાગ્યની બડાઇ શી કરવી ?

જપ-તપાદિ કરે પણ હરિ ઉર નહી, તો તપવાથી શું મળવાનું છે ? પરંતુ હરિ જો ઉરમાં બિરાજે છે તો આવું કષ્ટ કરવાની કોઈ જરૂર નથી.

ઉપર મુજબ વાકય સંકેત બતાવે છે, પ્રભુ ઉરમાં છે તેને શેનીય જરૂર જ નથી. પુષ્ટિ રીતે શ્રીકૃષ્ણનો આશ્રય કરી પ્રભુની સેવા અને સ્મરણ કર્યું હોય, તેને યમનો ડર હોય જ નહીં. તે તો નિર્ભય થઇ જાય છે. જેની ચિત્તવૃત્તિ ભગવાનમાં જ રહેતી હોય તેનાં ભાગ્યની બરોબરી કોણ કરી શકે ?

ભક્ત તો દિવસ કે રાત પ્રભુની સેવાને સ્મરણમાં વૃત્તિ રાખી રહે, તેને રાત્રે નિંદરમાં પણ પ્રભુસેવા કરતો દેખાય, તેને પછી જપ-તપ કરવાનું કોઈ પ્રયોજન રહેતું નથી. સર્વના અધિપતિ તેના હૃદયમાં બિરાજે છે. આ બાબત નારદ વચન જોઇએ-

જેણે હજારો જન્મપર્યંત તપ કર્યું હોય, ધ્યાન ધર્યું હોય, સમાધિ કરીને પાપોનો નાશ કર્યો હોય, તેને જ શ્રીકૃષ્ણની ભક્તિ પ્રાપ્ત થાય છે.

કોઇ પંચાગ્નિ તપે, કોઇ પર્વત ઉપરથી દેહ પાડીને પ્રાણ ત્યાગ કરે છે, કોઇ યજ્ઞ-યજ્ઞાદિક કરે, કોઇ તીર્થનો આશ્રય કરે છે, કોઇ તો વેદોનું અધ્યયન કરે છે, તો પણ મૃત્યુને પાર કરવું તેના માટે સહેલું નથી. તે તરવાનો ઉપાય તો કેવળ શ્રી હરિનું શરણ, સ્મરણ, ભજન, કિર્તન છે. ગીતા વાકય—

યેતાં ત્વંત ગતં પાપં, જનાનાં પુણ્ય કર્મણામ્ ।
તં દ્વંદ્વ મોહનિંર્મુક્તા, ભજતે માં દ્રઢવતાઃ ॥

પુર્વજન્મના પુણ્યકર્મે કરીને, જેનાં અંતર્ગત પાપો નાશ પામ્યા છે, એવા જે પુણ્યશાળી પ્રાણી છે, તે તો મોહ, વૈર વિગેરેને છોડીને મારા (શ્રીકૃષ્ણના) સેવનમાં જ દ્રઢ થાય છે.

વળી બ્રહ્મવૈવર્ત પુરાણમાં કહ્યું છે કે—

(૧) વૈષ્ણવોએ શ્રીકૃષ્ણનાં ચરણકમલનું અર્ચન કરવું એ જ એનું તપ છે. વનમાં જઇને તપ કરવાનું કોઇ પ્રયોજન નથી.

(૨) જેના હૃદયમાં શ્રીકૃષ્ણની ભકિત છે તેને માટે ઘર અને વન બન્ને સમાન છે, તેથી વનમાં જવાની જરૂર નથી.

(૩) વ્રત–એક વર્યો ગોપીજન વલ્લભ નહિ સ્વામી બીજો.... શ્રીકૃષ્ણને સર્વસ્વ માન્યા, કૃષ્ણવ્રત જ કર્યું તેને વ્રતની જરૂર નથી.

(૪) યોગ–ચિત્તની વૃત્તિ પ્રભુપરાયણ બની રહે અને સ્થિરતા પ્રાપ્ત કરે તે જ યોગ છે. આની સામે બધા યોગો ફીકકા લાગે છે.

(૫) જપ– સદા શ્રીકૃષ્ણ નામ જપે તે શ્રીકૃષ્ણ શરણં મમઃ નો મંત્ર હૃદયારુઢ તે જ જપ. લાંબો સમય રટણ કરતાં કરતાં પછી તેને રટણ કરવાપણું રહેતું નથી. હૃદયમાં ધબકારા ચાલે તેમ તેમાં કૃષ્ણ નામની સ્ફુરણા થયા કરે, પછી જપની જરૂર જ નથી રહેતી.

કાળ–કર્મનું બંધન—

જેના ઉરમાં પ્રભુ બિરાજમાન છે. જે સેવા–સ્મરણમાં રૂચિવાળો છે, જેને સંસારરૂપી અગ્નિદહન કરી શકતી નથી. ભગવાનની ઇચ્છા જ સર્વત્ર માને છે, જે જે કાળે જે કાંઇ બને છે, જે કાંઇ પ્રાપ્ત થાય છે તેમાં જ જેને સંતોષ છે. તેવા ભકતોને કાળ, કર્મ, કોઇ ચીજ બાધા કરી શકતી નથી. અત્રે કવિશ્રી કહે છે કે જો ભક્ત આટલેથી જ કાળ કર્મના બંધનથી મુક્ત થતો હોય તો મારી બલા ય કરે. જપ, તપ, યોગ. આ વાકય સર્વને સમાન લાગુ પડે છે. શ્રી વલ્લભાખ્યાનમાં ગોપાલદાસજી—

સકલ શાસ્ત્ર પ્રમાણ બોલે સાર માંહે સાર
તત્વ માંહે તત્વ ત્રિભુવન ભકતનો આધાર

બધા શાસ્ત્રોનાં પ્રમાણે બતાવે છે કે પ્રભુ ભકત પ્રતિપાલક છે તો પછી બીજા સાધન બળનું આપણે શું કામ છે ?

શ્રી મહાપ્રભુજીએ કલીનાં જીવો માટે સુંદર રસ્તો બતાવ્યો છે. અત્યારે ધર્મો, કર્મો, સાધનો બધા કલીકાળમાં બુંઠા થઇ ગયા છે, કર્મથી શુદ્ધિ નથી–

સર્વ માર્ગેષુ નષ્ટેષુ કલૌ ચ ખલ ધર્મિણિ ।
પાખંડે પ્રચુરે લોકે કૃષ્ણ એવ ગતિર્મમ ॥

ઉપર બતાવેલા સાધનો બધાં કલીનાં પાખંડરૂપી ધર્મથી નષ્ટ થયા છે, ત્યારે ફળીભુત થવાની તો આશા જ કયાંથી રહે ? જેવો કલી તેવા તેના ધર્મો. આવા કપરા કાળમાં તો એક જ વસ્તુ, શ્રીકૃષ્ણ મારી ગતિ છે. ૮૪, ૨૫૨ વૈષ્ણવોની વાર્તા વાંચતા સાંભળતા જાણવા મળે છે કે જીવ ગમે તે યોનીમાં જન્મ્યો હોય, ગમે તે જાતિનો હોય, ગમે તેવા કર્મો કર્યા હોય, પરંતુ શ્રીકૃષ્ણ મંત્ર ગ્રહણ કરવાથી તે સર્વશ્રેષ્ઠ બન્યા છે. ચાંડાલ, મોચી, ઢીમર, મુસલમાન, હિંસા કરીને પેટ ભરવાવાળા બધા તો બંધનમુક્ત બન્યા છે. પ્રેતયોની પણ છુટી છે. માનવતો શું પશુ-પક્ષીઓ જેમકે, હંસ-હંસની, કબુતર-કબુતરીની, આ શરણમાંથી જ પાર થયા છે. આ બધો શ્રીકૃષ્ણનાં શરણ મંત્રનો પ્રભાવ છે.

માટે જ કવિશ્રી કહે છે કે, સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.... (૨૪)

શ્રી હરિરાય મહાપ્રભુ પ્રકટિત સહસ્ત્ર શ્લોકી સેવા ભાવના

હિન્દીમાં પદ્ય રચના

રચયિતા :- **પ. ભ. રૂપચન્દ ખંડેલવાલ 'ભૂપ' જબલપુર**

–ગતાંકથી ચાલુ

દો. ઔંટયો પય મીઠો સરસ ઇલાયચી પધરાય ।
સ્વર્ણ પાત્ર મિસરી ડારી, પીવત આપ અઘાય ॥ ૨૮૩

ઉષ્ણ પાત્રમેં દુધ નવાયે । સ્વર્ણ કટોરી મેં પધરાયો ।
સી સી કરિ શિતલ કરિ તાહી । પિયત આપ મન મહં સુખપાઇ ।
માવા કે લડુઆ કરમેં લે । તાહિ ઉછારત ખેલત પહેલે ।
ખેલત-ખેલત પુનિ તે દિખાઇ । કૃપા રાશી ઇમી કૃપા કરાઈ ।
ગોપી જનન કે મુખ દર્શન । કો લેં લાભ કૃષ્ણ નિજલોચન ।
ચકિત ત્રિલોકી જિન કહં દેખત । સ્વયં ચકિત સો ગોપીન દેખત । ૨૮૪

શ્યામરંગ શિંકાન સુહાઇ । સરસ મૃત્તિકા પાત્ર ભરાઇ ।
શુદ્ધ ભેંસ કે દુધ બનાઇ । ખાવત હૈ હરિ સરસ મલાઇ । ૨૮૫-૬

સો. લડુઆ ધરે બનાઇ । ખીરા બીજન કે મધુર ।
આરોગહિં હર્ષાઇ । સિદ્ધે મુખ અનુરૂપ જે । ૨૮૭

દો. મિસરી લોંગ ઇલાયચી । અરુ બરાસ જા માંહિં ।
નયે મૃત્તિકા પાત્રમેં । રખ્યો ભયો દધિ ખાહિં । ૨૮૮

ધર્યો સ્વર્ણ સીંકન મન ભાયો । ધની ભૂત દધિ બંધ્યો બંધાયો ।
ઔર છાછ તાકે સંગ લીને । આરોગત જુ પ્રેમરંગ ભીને । ૨૮૯

ચિત્ર વિચિત્રત સીંકન માંહી । ધરે અમિત પકવાન્ન સુહા હીં ।
ગેહું આટન મોદક મઠડી । લડુઆ કરે બનાય ગીદડી ।
બેસનકી બુંદી અરુ બરફી । નિરખત અરુ અરોગત હરખી । ૨૯૦

પદ્મ કે સીંકન સોહૈં । પાત્ર મૃત્તિકા કે મન મોહૈં ।
તિન મેં જો સિખરન ધરી રાખ્યો । સો હરિ આપ પ્રેમસોં ચાખ્યો । ૨૯૧

ધર્યો બિજૌરા નીંબુ નાના । આમા અદરક કેર અથાના ।
રખ્યો અલગ અલગ સીંકન ધરી । સોઉ પ્રેમસોં આરોગે હરિ । ૨૯૨

સીંકન ધરિ વસ્તુ લૈ પાવૈં । સાધન ઉલૂખલ લાહિ બનાવૈ ।
સો. સાધન વિવિધ બનાઇ । તિન ચઢી સીંકન વસ્તુ ગહિ ।
આરોગન હરખાઇ । સ્વયં ફલાત્મક રૂપ હરિ । ૨૯૩

દો. ષટ રસ સહ સખડી સરસ । હરિ આરોગન જોગ ।
ભાવ સહિત સજકે ધરન । કરહિં આપ મુખ ભોગ । ૨૯૪½

ચોરીની રાજભોગની લીલા છુપાવવાનું ચરિત્ર અને વ્રજભક્તો આ લીલા છુપાવવાને ઠપકો દેવા આવે છે, તેનો પ્રકાર સાડા દસ શ્લોકથી કહે છે. (શ્લોક ૨૯૪½ થી ૩૦૫ સુધી)

છંદ મુદ આપુ ભોજુ લગા હિં । અપને કૃત્ય સકલ છીપાઇએ ।
પુનિ પ્રિયા–યુક્તિન બાછરન । કહં છોડી ધુમ મચાઇએ ।
દો. સોતન જગાયે અરૂ રુવાયે । ચીમટી ભરી બાલકન ।
કરની છીપાવે આપની । નાસહીં પય–દધિ ભાણ્ડકન । ૨૯૬

લીલા જે એકાન્તકી । તિન હિં છીપાવન હેત ।
દરસાવ હિં ભોરોપનોં । ભાગ હિં સખન સમેત ।
અપને વયકે બાલકન । અરુ બલદાઉ સાથ ।
કરત હિં નૃત્ય મન ભાવનો । પટકત પગ અરુ હાથ । ૨૯૭

સ્વામીની જો તાંબુલ ખવાયો । તા કો રસ મુખમેં દરસાયો ।
મુખતેં આયો અધરન માંહીં । બ્રજ પ્રિય લરીકન સંગ કુદ કાહીં । ૨૯૮

સોહ મુખારવિંદ નવનીતા । શ્યામચંદ્ર જનુ કલંક શ્વેતા ।
મિત્રન સંગ બજાવહિં તાલી । નિજ ચોરી છીપાહી બનમાલી । ૨૯૯

નિત નવનીત અહૈ પ્રિય જેહી । ચોરી કરહિં ખાઇબે તેહીં ।
દાઉ અથવા સકલ બાલકન । સોંહું ઉત્સાહી જો ચોરીયન । ૩૦૦

નિજ જનકે ચિત્ત હરિ બે કારન । ચતુરે કરીબે મુરલી નાદન ।
શ્રીદામા કે કાંધે કર ધરી । બાત કછુક કાન મેં કરત હરિ । ૩૯૧

બહુ વિધ ક્રિડનમેં ચિત્ત લાઇ । ધીરે ધીરે નિજ ઘર આઇ ।
લીલહિં વેણુનાદ કરિ મોહન । કરહિં પ્રિયા મનકો આકર્ષાઈ । ૩૦૨

સો. આઇ ઉરાહનો દૈન । તિન ગોપિન મુખ દેખિ બે ।
હો હિં આપ બે ચૈન । કરહિં યુક્તિ હરિ ભાંતિ બહુ ।
જાન ન પાંયન દાઉ ભૈયા । આદિક ઔર યશોદા મૈયા ।
નિતિન સોં નિજ સાધુતા બતાહિં, સાદર છીપી-છીપી ભય દરસાહી ।
મુખ નીચો કરી તિરછી ચિત્તવની । દેખત સબહી અવલોકની । ૩૦૩-૪

ગોપી અરૂ હરિ અપન ચરિત્રન, કોકરિ અપને મનમેં સુમિરન ।
હૌં ઉરાહિનૌ દેવન આઇ । અબ અઇહૈ મો ઘર ન કન્હાઇ ।
અસ બિચારી નૈનન સોં બોલહીં । હરિ સન્મુખ હિય
ભાવનહુ ખોલ હિ ।
હૌં આઇ તુમ ડરીયો નાહિં । નિર્ભય અઇયો મમ ઘરમાંહીં । ૩૦૫

(–ક્રમશઃ)

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧ ગો. વા. મણીબેન કેસરીયા રાજકોટના જયશ્રીકૃષ્ણ હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલના જયશ્રીકૃષ્ણ.

૨ ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ મુંબઇના જય શ્રી કૃષ્ણ.

૩ મહાકારુણિક જગતગુરુ શ્રીમદ્‌વલ્લભાચાર્યજી પંચ શતાબ્દી મહોત્સવ સમિતિ–રાજકોટના સૌજન્યથી.

શ્રી મહાપ્રભુજી

આજે જગન્માન્ય ભગવદ્ વદનાવતાર શ્રીમદાચાર્ય ચરણના પ્રાદુર્ભાવ નિમિત્તે હું પણ મારી વ્યર્થ પ્રલાપ કરતી જીંહ્વાને પવિત્ર કરવા માટે ઉપસ્થિત થયો છું. મારા જેવા નિરુપાધિ મનુષ્યના શબ્દો સાંભળીને તમને આનંદ તો પ્રાપ્ત નહિ જ થાય. પરંતુ ભગવદ્ ગુણગાન કરવામાં હરેકનો અધિકાર છે માટે કંઇક નિવેદન કરૂં છું. સંસારનો અવિચ્છિન્ન પ્રવાહ વહે છે અને તેમાં અમો પણ કોણ જાણે કેટલા વખતથી તણાઇ આવ્યા છીએ અને કયાં સુધી આ પ્રવાહમાં પડયા રહીશું તે કોઈ પણ કહી શકશે નહિ. અમે દિનરાત સુખ મેળવવા માટે મથી રહ્યા છીએ પણ હજી સુધી વાસ્તવિક સુખ શું છે જાણી શકયા નથી. જેને અમે સુખ માનીએ છીએ તે સુખ નથી પણ સુખાભાસ છે અને તેના માટે જ અમે ઉપાય કરી રહ્યા છીએ પણ વાસ્તવિક સુખ માટે તો કોઇ વિરલ મનુષ્ય ઉપાય કરતા હશે.

વાસ્તવિક સુખ પ્રાપ્ત કરવું અને કરાવવું એ જીવ સાધ્ય નથી, પણ ભગવત્સાધ્ય છે, અને એટલા માટે જ ભૂતલ પર આચાર્યોના પ્રાદુર્ભાવ થાય છે. આચાર્યોના પ્રાદુર્ભાવનાં કારણો તપાસતાં ધર્મ સંસ્થાપન, શિક્ષણ, દુષ્ટદમન આદિ અનેક મળી આવે છે પણ હું તો કહું છું કે ઉપર બતાવેલા કારણો માટે મોટા મોટા શાસ્ત્રજ્ઞ, મહામહિમ ઋષિમુનિઓએ સંસારને સુખી બનાવવા માટે ધર્મ, અર્થ, કામ, મોક્ષનું ખુબ અનુષ્ઠાન ચલાવ્યું પણ જ્યારે આ ઉપાયથી પણ વાસ્તવિક સુખશાંતિ ન મેળવી શકયા ત્યારે ભગવાને આચાર્ય સ્વરૂપે ભૂતલ પર અવતાર ધરીને બતાવી આપ્યું છે “ સર્વ પ્રકારે સંસાર વિરહ કલેશ તે જ મનુષ્યને નથી હોતો કે જેનું ચિત્ત મુરારિ શ્રીકૃષ્ણના ગુણોમાં સારી પેઠે પરોવેલું હોય છે. અને તે શ્રી હરિની પેઠે વાસ્તવિક સુખ ભોગવે છે.”

ધર્મ, અર્થ, કામ એ મનુષ્યને ક્ષણિક સુખ આપી શકે છે. પણ જો તે સત્સ્થાને હોય તોજ, અસ્થાને હોય તો અધઃપાત જ સમજવો. અર્થાત્ વાસ્તવિક સુખની પ્રાપ્તિ તો કોઇક જુદો જ માર્ગ હોવો જોઇએ. જેમ કોઇ અત્યંત દુઃખી માણસને એવી દવા આપવામાં આવે કે જેથી તેનું શરીર પત્થર જેવું થઇ જાય. તેથી દુઃખની નિવૃત્તિ થઇ પણ સુખ શું છે તે નથી જાણી શકતો. માટે દુઃખની નિવૃત્તિ અને સુખની પ્રાપ્તિ માટે શ્યામ સુંદર શ્રીકૃષ્ણનો જ આશ્રય મુખ્ય છે. તે બંને કાર્ય સહજમાં સાધી શકે છે. માટે મોક્ષનો તિરકસ્કાર કરીને પણ અનેક જન્મ ધારણ કરવા માટે ભકત પ્રાર્થના કરે છે કે “અષ્ટાંગયોગ, વેદ, નિર્જનવનવાસ, ધ્યાન, તીર્થાટન કરનાર દ્વિજ આત્મારામતાને પ્રાપ્ત કરીને નિર્ભય થાય તો ભલે થાય ! પણ અમે તો ઇચ્છીએ છીએ કે કદંબની નિકુંજ કુહરમાં ખિલેલાં નીલકમલની સદૃશ સુંદર શ્યામ વપુ ધારણ કરનાર શ્રીકૃષ્ણનાં નામની સાથે પ્રીતિ કરતાં લાખો જન્મ આ ભૂતલ પર જ થાઓ.” આવો બીજો કયો માર્ગ છે ? આ માર્ગમાં ગરીબ અને અમીર બધાએ પોતાને આનંદમગ્ન કરીને સંસારની સાથે બેપરવાઈ બનાવી શકે છે. મોક્ષની મહત્તા ત્યાં સુધી જ હતી કે જ્યાં સુધી તેનું સ્વરૂપ અજાણ્યું હતું આજે તો એક વ્રજવાસી પણ છાતી ઠોકીને કહે છે અમારે મોક્ષની જરૂર નથી પણ એક વખત શ્રીકૃષ્ણની મીઠી નજર અમને મળે તો બસ છે !

[વૈષ્ણવ ધર્મ પતાકાના સં. ૧૯૮૧ વૈશાખ–જ્યેષ્ઠ અંક ૬૭ માંથી સાભાર]

શ્રી યમુનાજીના પદ

ભાવાર્થ–લેખક **'માધુરી'** રાજકોટ

પદ–૨૬

આજ્ઞા અતિ અમોઘ વર તેરી;
સુની શ્રવણ દે ભાનુનંદની ટેરતિ આતુર ચેરી. ૧

તુમ કરિ કૃપા ચલાય હર્વિ હિય દિયો દાસકોં દાન;
તુમ વચનામૃત ટારિ કાલ ખલ કિયો મહા અપમાન. ૨

ભક્ત માલ નરહરિ નહિ માને શરણ શબ્દ સુનિ કોપ્યો;
ભક્તિ પ્રતાપ ન માન્યો નેકહૂ ગર્વ ભર્યો પ્રણ રોપ્યો. ૩

જાનતિ હો તુમ ચતુર મુકટ મણિ નંદસુવન ઠકુરાની;
'વલ્લભ' પ્રણત પાલિ કરુણા સરિ સફલ મનોરથ દાની. ૪

ભાવાર્થ :– શ્રી યમુનાજી આપ અમોઘ વરદાન દેવાવાળા છો. તે ગુણ કાને સાંભળીને આપનું નામસ્મરણ આતુરતાપૂર્વક જોરશોરથી લઉં છું. આપ તો અનેક જીવો ઉપર કૃપા કરી જ છે. દીન જાણીને દયા કરી દાન આપ્યું છે. આ વસ્તુ જાણી કલિકાલ કોપાયમાન થઇ જાય છે, કેમ કે સ્વયં પ્રભુએ મને આ યુગનું રાજ્ય સોંપ્યું છે. પરંતુ આપની ભક્તિના પ્રતાપ–બળથી ભક્તો મને ગણકારતા જ નથી. આપની કૃપાથી તેઓ સદા નિર્ભય બની રહે છે.

શ્યામ સુંદર કમલદલ લોચન જેમ ચતુર શિરોમણી છે તેમ આપ પણ ચતુર શિરોમણી તેમનાં ઠકુરાણી છો. આપ શરણાગત વત્સલ છો. આવું જાણીને દાસ વલ્લભ આપની શરણે આવ્યો છે, તેનાં પર કૃપા કરો.

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાય

પ. ભ. શ્રી જમનાદાસ મોરારજી કારિયા હ. ગિરિશચંદ્ર જમનાદાસ કારિયા કાંદીવલી (વેસ્ટ)ના જયશ્રીકૃષ્ણ.

॥ શ્રી વલ્લભઃ ॥

ઘરનો નિત્ય સેવા પ્રકાર અને કિર્તનની સુક્ષ્મ ભાવના

શયનની ભાવના

લેખક : ગૌ. વા. પ. ભ. શ્રી રવજીભાઈ વેલજીભાઇ મીસ્ત્રી, 'વ્રજ' ધોરાજી

પ્રેષક : પ. ભ. ગોવિંદભાઇ રવજીભાઈ મકવાણા, ધોરાજી

શયન (શ્રી કૃષ્ણદાસજી)

પ્રભુને લાગેલી ગો રજને શ્રી યશોદાજી કોમળ વસ્ત્રથી પોંછી ઓવારણાં લઇ પ્રભુને નંદાલયમાં ભીતર પધરાવે છે. પછી શૃંગાર "વડા" કરી તેલ ફૂલેલ ઉવટનો કરી ગરમ સુગંધી જલથી સ્નાન કરાવી નવા વસ્ત્રો અને હલકા શૃંગાર કરી વેણી ગુંથી ફૂલમાલા ધરાવે છે. વ્રજ ગોપીઓ પણ શ્રી યશોદાજી સાથે રહી અને ટહેલ કરે છે અને કહે છે કે કહા ઓછા ન્હે જહેં જાત, હે, યશોદાજી ! પ્રભુને સ્નાન કરાવો ત્યારે અમને પણ બોલાવી લેજો. સંકોચ કરશો નહીં ગોપીજનો દિવસના વિરહથી તપી હોવાથી કોઇ કાંઇ મિષ કરી અને વારંવાર પ્રભુના દર્શન માટે આવે છે.

ધરનંદ મહરકે મિષ હીં મિષ આવત 'ગોકુળના' પછી પ્રભુ ગો દોહન માટે ખીરકમાં પધારે છે. ધૈયાનું પાન કરે છે. ગોપી કહે છે કે – કાન્હ હમારી દુહી દી જે ગૈયાં પછી નંદાલયમાં પધારે છે ત્યાં રોહિણીજી, યશોદાજી પ્રભુ માટે અનેક પ્રકારની સુંદર સામગ્રીઓ તૈયાર કરી અને ભોગઘરમાં સાજે છે. સુંદર પટ્ટા ઉપર પ્રભુ બિરાજે છે. ખટરસના, પકવાન, મિઠાઈ – મેવા – દુધભાત – દારભાત – ખોવા – બાસોંધી વિગેરે મધુર વ્યંજનો પ્રભુ સ્નેહપૂર્વક આરોગે છે. લાડીલે બોલત તોહી મૈયા–

ઇન અંખીયન આગે તે બોલન એકો પલ છીન હોઉન ન્યારે તેરે પૈયાં લાગુ ગિરધર ભોજન કીજે.

જોઇ જોઇ ભાવે સોઇ સોઇ લીજે – આમ વ્યારૂ કરી પ્રભુ દુધ પાન કરે છે. દુધ પીઓ મનમોહન પ્યારે – પછી અચવન કરી બિરી આરોગે છે.

લે રાધે ગિરધર દે પઠઇ અપને મુખકી સુંદર બીરી – પછી બીરી આરોગી બહાર પધારી સર્વને દર્શન આપે છે. સર્વ ગોપીજનો દર્શન કરી અને પોતાને ઘેરે પધારવા માટે સેન સંકેતો કરે છે. દેખજી ઉમાંઇ નયન રંગીલો – કદંબ, બન બીથન કરત વિહાર –

સુંદર યમુના તીર રી મન મોહન ઠાડે – યમુના તટ શ્યામ સુંદર ઉસિર રાવટી વગેરે કીર્તનો બોલાય – સેન આરતી થાય અને ટેરો આવે – તે પછી કિર્તનીયાઓ એક માનનું પદ બોલે –

અરી તું કાહે અન મની બોલત નાંહી બુલાયે, પછી માન મિલાપનું પદ બોલે.

લાલન તેરે હી આયે આજ સુહાવની રાતી, પછી પોઢવાનું પદ – પોઢે માઇ મદન મોહન શ્યામ – શિતકાળમાં પોઢવાનું – સખીયન રૂચિ રૂચિ સેજ બનાઇ – મલ્હારના દિવસો હોય તો પોઢે ઊંચી અટાહો દોઉ મિલ – હોરીના દિવસો હોય તો ચલે હરી ભામતે રસ લેન પછી દીનતા આશ્રયનાં પદો બોલાય – કૃષ્ણ શ્રી કૃષ્ણ શરણં મમ ઉચ્ચરે ભૂલજીન જાય મન અનંત મેરો – કિર્તનીયા બોલતા હોય ત્યારે પ્રભુને શ્રી યશોદાજી સુકોમળ શૈયા ઉપર પોઢાવી અને વાર્તા કહે છે. વધાઇના દિવસોમાં ધન્યરાની જસુમતિ ગ્રહ – એ કિર્તન બોલાય છે. આમ ઉત્સવોના અને ઋતુઓના માન અને પોઢવાના પદો જુદા હોય છે આમ અનોસર એટલે ત્યાર પછી નિકુંજના ગોપીજનોનો અવસર હોય છે. આમ, નિકુંજ – નંદાલય – ગોપીગ્રહે સકલ વ્રજમાં પોઢીયા કરે વિવિધ રસ સુખદાન – અનેક સ્વરૂપે બ્રજના સર્વ જીવોને સુખદાન કરે છે અને પછી કિર્તનીયાઓ દંડવત કરી અને જાય છે.

શયનના દર્શન શ્રી કૃષ્ણદાસજી અધીકારીજીની ભાવનાથી થાય છે. તેઓ શ્રી ગોવર્ધનધરના ચરણથી પ્રકટ થયા છે. જેથી તેઓ શ્રી પ્રભુના ચરન સ્વરૂપ છે. સારસ્વત કલ્પમાં કૃષ્ણાવતાર સમયે તેઓ શ્રીકૃષ્ણના ઋષભ નામે સખા છે. નિત્યલીલા નિકુંજમાં શ્રી લલિતાજી સખી છે. શ્રી મદનમોહનજીના સ્વરૂપમાં આશકિત છે. શ્રી મદનમોહનજીની લીલા–રાસ પહેલાં વેણુનાદની લીલા છે. પ્રભુના શ્રી મસ્તકના શૃંગાર મુકુટના છે. શ્રી અંગની જડાઉ શ્રુંગાર પન્નાના છે. શ્રી અંગના ફૂલ શ્રુંગાર ચમેલી કળી અને ફૂલના છે. શ્રી ગિરીરાજજીની તરેહટીમાં બિલછુવન – બિલછુકુંડ ઉપર નિવાસ છે અને ત્યાં બીલછુંડમાં તેઓનું નિકુંજનું દ્વાર છે. રાત્રીના સમયે લલિતાજી પોતાની – સખ્યભાવકુંજ અને માનપ્રેમકુંજના સર્વજીવોને લઇ અને બીલછું દ્વારથી મહારાસમાં પધારી સર્વજીવોને મહારાસના સુખો આપી પ્રાતઃકાળે બહાર પધારે અને મુળ સ્વરૂપમાં સ્થિત થઇ જાય છે. પછી અંત સમયે શ્રી કૃષ્ણદાસજી તે દ્વાર દ્વારા લીલામાં પધારે છે.

કિર્તન

શ્રીજી ચરન કમલતેં પ્રગટે – કૃષ્ણદાસ લીલા રસ કારન ॥
ચરન ગતિ ભક્ત ન હીતકારણુ – ભીજે અહર્નિશ નેહકે ભારન ॥૧॥

બાહ્યાંતર લીલા પરિપુરન – સાને રહત રસાસવ ધારન ॥
અમિત અનંત વાત્સલ્યકે ધાતા – બ્રજપતિ દિવ્ય કામ નિધિ તારન ॥૨॥

આ માસના ઉત્સવ

વૈશાખ વદ ૭ તા. ૯–૫–૯૬ ગુરૂવાર ગો. શ્રી શરદકુમાર બાવાશ્રી (પોરબંદર)નો જન્મદિન.

વૈશાખ વદ ૧૦ તા. ૧૨–૫–૯૬ રવિવાર ગો. શ્રી ચંદ્રગોપાલજી બાવાશ્રી (પોરબંદર)નો જન્મદિન.

વૈશાખ વદ ૧૧ તા. ૧૩–૫–૯૬ સોમવાર અપરા એકાદશી વ્રત.

વૈશાખ વદ ૧૨ તા. ૧૪–૫–૯૬ મંગળવાર ગો. શ્રી વ્રજરમણલાલજી મહારાજશ્રી (મથુરા)નો જન્મદિન.

વૈશાખ વદ ૧૩ તા. ૧૫–૫–૯૬ બુધવાર ગો. ચિ. વ્રજાભરણજી બાવાશ્રી (કાંકરોલી-વડોદરા)નો જન્મદિન.

વૈશાખ વદ ૧૪ તા. ૧૬–૫–૯૬ ગુરૂવાર ગો. શ્રી ગોવિંદરાયજી બાવાશ્રી (મુંબઇ-મદ્રાસ)નો જન્મદિન.

જેઠ સુદ ૧ તા. ૧૮–૬–૯૬ શનિવાર ગંગા દશહરા પ્રારંભ, પનઘટ–જલક્રીડા, શ્રી યમુનાજીના પદ પૂનમ સુધી બોલાય, ચંદ્રદર્શન, ગો. શ્રી મથુરેશ્વરજી (વીરમગામ–અમદાવાદ)નો જન્મદિન.

જેઠ સુદ ૨ તા. ૧૯–૫–૯૬ રવિવાર ગો. શ્રી દ્વારકેશલાલજી બાવાશ્રી (કાંદીવલી-અમરેલી)નો જન્મદિન.

જેઠ સુદ ૪ તા. ૨૧–૫–૯૬ મંગળવાર આજથી ૧૫ દિવસ શ્રીની સિતોપચાર સેવા કરવી, ગો. ચિ. કુંજરાયજી (યોગેન્દ્રકુમારજી) બાવાશ્રી (બોરીવલી–જામખંભાળીયા–રાજકોટ)નો જન્મદિન.

જેઠ સુદ ૫ તા. ૨૨–૫–૯૬ બુધવાર રશ્મિકાર યોગી શ્રી ગોપેશ્વરજીનો પ્રાકટય દિન, (સં. ૧૮૩૬), ગો. ચિ. શ્રી વાગીશકુમારજી (કાંકરોલી–વડોદરા)નો તથા ગો. શ્રી હરિરાયજી મહારાજ શ્રી (ચાંપાસેની–જામનગર)નો જન્મદિન.

જેઠ સુદ ૮ તા. ૨૬–૫–૯૬ રવિવાર ગો. શ્રી મુકુન્દરાયજી બાવાશ્રી (માંડવી)નો જન્મદિન.

જેઠ સુદ ૧૦ તા. ૨૮–૫–૯૬ મંગળવાર ગંગા દશમી–દશહરા, શ્રી યમુનાજીનો ઉત્સવ.

જેઠ સુદ ૧૧ તા. ૨૯–૫–૯૬ બુધવાર નિર્જલા એકાદશી વ્રત, (ભીમઅગીયારસ), ગો. શ્રી પ્રબોધકુમારજી (મથુરા–ધોરાજી)નો જન્મદિન.

જેઠ સુદ ૧૩ તા. ૩૧–૫–૯૬ શુક્રવાર ચૌદશનો ક્ષય છે, શિક્ષાપત્રના ટીકાકાર ગો. શ્રી ગોપેશ્વરજીનો પ્રાકટય દિન (સં. ૧૬૪૯) તથા ગો. ચિ. વ્રજલંકારજી બાવાશ્રી (કાંકરોલી-વડોદરા)નો જન્મદિન.

જેઠ સુદ ૧૫ તા. ૧–૬–૯૬ શનિવાર જયેષ્ઠાભિષેક માટે આજે જલાધિવાસન કરવું, મન્વાદિ તિથી, ગો. શ્રી ગોપિકાલંકાર બાવાશ્રી (મુંબઈ–બોરીવલી)નો જન્મદિન, વટસાવિત્રી વ્રત.

જેઠ વદ ૧ તા. ૨–૬–૯૬ રવિવાર જયેષ્ઠાભિષેક, સ્નાન યાત્રા.

જેઠ વદ ૪ તા. ૫–૬–૯૬ બુધવાર ગો. શ્રી ગિરિધરલાલજી મહારાજશ્રી (કામવન)નો જન્મદિન.

જેઠ વદ ૬ તા. ૭–૬–૯૬ શુક્રવાર ગો. શ્રી શ્યામમનોહરજી મહારાજશ્રી (મુંબઇ-પાર્લા–કિશનગઢ)નો જન્મદિન.

॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

વ્રજલીલાનાં પદો

રચયિતા : **શ્રી પ્રવીણચંદ્ર એમ. દેસાઈ (ચરણદાસ)** બી. ઇ. (સીવીલ) **બીપુરર**

–ગતાંકથી ચલુ

૧૧. મોર કૂટી – માનગઢ લીલા (રાગ : બિહાગ)

માનગઢ – લીલા રસસે ભરી,
મોર કુટીર ખેલત લાડીલી, માન કરી કે ચલી. ૧

હીરા માનિક, કનકહાર, સિંગાર ગ્રીવામેં ધરી;
લટક મટક નંદ કે નંદજી, આવત હૈ મોર કુટી. ૨

નારી અનુપમ, ખેલત નિકટ, પ્રિતમ અંગે વરી;
દેખી રીસાઇ, ઉતારી આભૂષણ, રાસ બિહારી તજી. ૩

શ્યામ મનાવન, ચઢે માનગઢ, માનમેં કછું ન બોલી;
તુમ હો પ્યારી સબસે ન્યારી, જગ મેં નહીં જોરી. ૪

પ્રેમ સોં હૃદય કે ભીતર નિરખો, છાયા તેરી ઔર તુંહી;
સન્મુખ આઇ, સુવચન સુનિ, નયનન હી શરમાઇ. ૫

માન તબ છોડું, પિય સંગ બોલું, નર્તન મોર સમાની;
‘ચરનદાસ’ ચરણે પ્યારા જૂ, નાચત મોર બિહારી.

ભાવાર્થ : એક સમય શ્રી સ્વામીનીજી, શ્રી ઠાકોરજી સાથે મોર કુટી પાસે ખેલતા હતા. વિહાર કરતા હતા. શ્રી ઠાકોટજીએ આજે સુંદર આભૂષણો પહેરી, ગળામાં હીરા, માણેક રત્નોની સુંદર માળાઓ ધારણ કરી છે. શ્રી સ્વામીનીજીએ પણ અનુપમ સુંદર શણગાર કર્યો છે. લલિતા સખી અને અન્ય સખીઓએ શ્રી લાડિલાજીને વિશેષ શણગાર્યા છે. શ્રી ઠાકોરજી સાથે રાસ ખેલતાં ખેલતાં શ્રી સ્વામીનીજીની નજર એકાએક શ્રી ઠાકોરજીની ગ્રીવા, ગરદન તરફ પડી અને શ્રી સ્વામીનીજી અચાનક ચોંકી ઉઠયાં. તેમને અધિક સુંદર સખીનું સ્વરૂપ શ્રી ઠાકોરજીની સાથે ગ્રીવાના ભાગ તરફ જોયુ. તેમને મનમાં શંકા ઉદ્ભવી.

તેમને લાગ્યું કે આજે પ્રભુ મારી સાથે ખેલવાને બદલે અન્ય સખીને સાથે લઇને આવ્યા છે. એટલે મારી સાથે પુર્ણતયા રાસરમણ કરશે નહીં. આવો મનમાં વિચાર આવતાં, રીસાઇ ગયા અને શ્રી ઠાકોરજીથી મુખ ફેરવી, માનગઢ ઉપર ચઢી ગયા.

શ્રી પ્યારીજીને માનગઢ તરફ એકાએક ચાલી જતાં જોઇ, શ્રી ઠાકોરજીએ શ્રી લલિતાજીને આજ્ઞા કરી કે હે સખી ! તમે શ્રી લાડીલીજીને મનાવી પાછા લાવો હું તો રાસ રમવા માટે આજે અહીં વિશિષ્ટ શણગાર ધરી, ખાસ તેમના માટે જ આવ્યો છું, અને તેઓ વિના કારણ રીસાય ચાલ્યા ગયા છે, માટે તમે ખાસ સમજાવી બોલાવી લાવો.

શ્રી લલીતાજી ઉતાવળે શ્રી સ્વામીનીજી પાસે આવ્યા. શ્રી ઠાકોરજીની આજ્ઞા અને સંદેશો જણાવ્યો. શ્રી સ્વામીનીજીના મનમાં જે દૃશ્ય વસી ગયું હતું તેના લીધે આપે રોષ પ્રગટ કર્યો અને શ્રી ઠાકોરજી સાથે રાસ રમવાની કે બોલવાની ના પાડી. રોષે ભરાવાનું કારણ પણ જણાવ્યું નહીં. લલીતાજી મનાવતા થાકી ગયા અને હારીને શ્રી ઠાકોરજી સન્મુખ હાજર થયા. પછી ધીરેથી જણાવ્યું કે કૃપાનાથ ! આજે લાડીલીજી અમારૂં માનતા નથી. ભારે રીસાયેલા છે. આપ સ્વયં ત્યાં પધારો અને મનાવી લાવો તો જરૂર પધારશે. બહુવાર આજીજી કરી મનાવ્યા, પરંતુ અમારી સાથે પણ એક શબ્દ બોલ્યાં નહીં.

શ્રી ઠાકોરજીને આપનો વિરહ સહન ન થતાં તેઓ માનગઢ ઉપર સ્વયં મનાવવા ચઢવા લાગ્યા. શ્રી ઠાકોરજીને આવતાં જોઈ શ્રી સ્વાતીનીજી ગાઢ માનમાં બેસી ગયાં. લાંબો ઘુમટો તાણી ઊંધા ફરી ગયા. ત્રણ–ચાર વખત મનાવવા છતાં માન્યા નહીં, પરંતુ તેમની ચકોર દૃષ્ટિ શ્રી ઠાકોરજીની આસપાસ ફરવા લાગી. જ્યારે કોઈ અન્ય સખી નજરમાં ન આવી ત્યારે હળવેથી ઘુમટો ઉઠાવી ઊભા થયાં. શ્રી ઠાકોરજી સન્મુખ અંગ રાખી, વદનને ડાબી બાજુ વાળી કહ્યું કે આપ આજે જે સખીને સાથે લાવ્યા છો તેની સાથે મન ભરીને રાસ રમો, હું નહીં આવું.

ત્યારે શ્રી ઠાકોરજીએ વિસ્મય પામી વચન ઉચ્ચાર્યા કે આજે તો હું ખાસ આપની સાથે ખેલવા માટે જ પધાર્યો છું. સાથે કોઇ સખા કે સખીને પણ લાવ્યો નથી. આ સાંભળી

શ્રી સ્વામીનીજીએ શંકાથી ફરી જણાવ્યું કે આપ આજે કંઇક છુપાવો છો, મેં તમારી સાથે બીજી સખીના સ્વરૂપને જોયું હતું. જે મારા જેવી જ સુંદર દેખાતી હતી. મેં તમારે ગળે લપટાયેલી જોઇ હતી. આમ કહી જે સ્વામીનીજીએ શ્રી ઠાકોરજી સન્મુખ મુખ ફેરવી વચન કહ્યા. એટલે ફરીથી તેમતે તેમના ગ્રીવામાં અન્ય સ્વરૂપ દેખાયું એટલે ઉંચા સ્વરે બોલ્યાં, જુઓ હજુ આ સામે તમારા ગળામાં સખી બિરાજે છે.

શ્રી ઠાકોરજી સમજી ગયા, અને કહ્યું કે હે પ્રિયે ! તમે તમારૂં જ પ્રતિબિંબ નિહાળો છો. મારા રત્નજડિત હારમાં તમે જ બિરાજો છો, તમે જ મારી અધિક પ્યારી છો. તમારાથી અધિક સુંદર અને પ્યારૂં આ જગતમાં મારા માટે કોઈ છે જ નહીં. માટે તમે મારા હૃદયમાં પ્રેમથી બિરાજી ચકાસણી કરો, તમને છાયા સિવાય બીજું કંઇ જડશે નહીં.

પ્રભુના આવાં મધુરાં વચનો સાંભળી, શ્રી સ્વામીનીજીએ માન છોડતાં પહેલાં પ્રભુ પાસે વચન માગ્યું અને કહ્યું કે આજે આપે અતિ સુંદર શણગાર કર્યા છે. તો આપ અત્રે મોરના જેવું નૃત્ય કરો તો માન છોડું. મને મોરલાનાં નૃત્યમાં આનંદ આવે છે.

શ્રી ઠાકોરજીએ મોરનો સુંદર મુગટ ધારણ કર્યો અને મોરના સમાન રાસ માટે તૈયારી બતાવી. આ રીતે માન છોડાવ્યું, અને માનગઢથી ઉતરી નીચે મોરકુટી પધારી, શ્રી સ્વામીનીજી સાથે મોર નૃત્ય કરવા લાગ્યા.

આવી રીતે અલૌકિક મોરકુટીની લીલા અને માનગઢની લીલાનું રાસધારીઓ સ્થળ પર રાસ રચી રસપાન કરાવે છે.

–ક્રમશઃ

: અનુકરણીય :

આ જીવન ગ્રા. નં. ૧૫૧ શ્રી રામજીભાઇ જીવરાજભાઇ સંઘાણી, હડમતીયા દ્વારા લવાજમના દર વધતા રૂા. ૧૨૫/ સંસ્થા ઉપર વિશેષ લવાજમ મોકલી અનુકરણીય પગલું ભરેલ છે.

કંઠાભરણમ્

પુષ્પાંજલિ - ક્ષમાપન - શરણાગતિ - સમર્પણ

અચ્યુતં કેશવં રામનારાયણં કૃષ્ણદામોદરં વાસુદેવં હરિમ્ ।
શ્રીધરં માધવં ગોપિકાવલ્લભં જાનકીનાયકં રામચંદ્રં ભજે ॥

અચ્યુત, કેશવ, રામ, નારાયણ, કૃષ્ણ, દામોદર, વાસુદેવ, હરિ, શ્રીધર, માધવ, ગોપીજનવલ્લભ અને જાનકીના સ્વામી એવા રામચંદ્રજીને હું ભજું છું.

અચ્યુતં કેશવં સત્યભામાધવં માધવં શ્રીધરં રાધિકા રાધિતમ ।
ઇંદિરામંદિરં ચેતસા સુંદરં દેવકીનંદનં નંદજં સંદધે ॥

અચ્યુત, કેશવ, સત્યભામાનાપતિ, માધવ, શ્રીને ધારણ કરનાર, રાધિકાના આરાધ્ય પ્રભુ, લક્ષ્મીજીના મંદિરરૂપ, સુંદર ચિત્તવાળા, દેવકીને આનંદ આપનાર અને નંદના પુત્રનું હું ધ્યાન ધરૂં છું.

વિષ્ણવે જિષ્ણવે શંખિને ચક્રિણે રુકમણી રાગિણે જાનકી જાનયે ।
વલ્લવી વલ્લભાયાર્ચિંતાયાત્મને કંસવિધ્વંસિને વંશિને તે નમઃ ॥

વિષ્ણુરૂપ, વિજય મેળવનાર, શંખચક્રધારી, રુકિમણી માટે પ્રીતિ રાખનાર, જાનકી જેમનાં પત્ની છે એવા, ગોપીઓના પ્રિય અને તેમના વડે પૂજાયેલા આત્મસ્વરૂપ, કંસનો નાશ કરનાર અને વાંસળી વગાડનાર આપને નમન હો.

શ્રીકૃષ્ણ ગોવિંદ હરે મુરારે હે નાથ નારાયણ વાસુદેવ ।
પદે પદે યા પરિપૂજકેભ્યઃ સદ્યશ્ચ મેધાદિફલં દદાતિ ।
તાં સર્વપાપક્ષયહેતુભૂતાં પ્રદક્ષિણાં તે પરિતઃ કરોમિ ॥

હે કૃષ્ણ ! ગોવિંદ ! હરિઃ ! મુરારિ ! નાથ ! નારાયણ ! વાસુદેવ ! જે પગલે પગલે તમારી પૂજા કરનારને મેધા, પ્રજ્ઞા ઇત્યાદિ ફલ તુરત આપે છે તે સર્વ પાપોનો નાશ કરનારી પ્રદક્ષિણા હું તમારી આસપાસ કરું છું.

યાનિ કાનિ ચ પાપાનિ જન્માન્તરકૃતાનિ વૈ ।
તાનિ સર્વાણિ નશ્યન્તુ પ્રદક્ષિણ પદે પદે ॥

જે કોઇ પાપો જન્મ જન્માન્તરમાં મારાથી થયાં હોય તે સર્વે તમારી પ્રદક્ષિણા કરતાં પગલે પગલે નાશ પામો.

અસિતગિરિસમં સ્યાત્કજ્જલં સિન્ધુપાત્રે સુરતરુવરશાખા લેખની પત્રમુર્વી ।
લિખતિ યદી ગૃહીત્વા શારદા સર્વકાલં તદપિ તવ ગુણનામીશ પારં ન યાતિ ॥

હે ઇશ ! સમુદ્રને ખડિયો ધારી, કાળા પર્વતો સમાન શાહી ભરી, આ પૃથ્વીને કાગળ ગણી તેના પર કલ્પવૃક્ષ રૂપી કલમથી સાક્ષાત્ સરસ્વતી નિરંતર લખ્યા કરે તો પણ આપના ગુણોનો પાર આવી શકે એમ નથી.

નાના સુગંધ પુષ્પાણિ યથાકાલોદ્ભવાનિ ચ ।
પુષ્પાંજલિર્મયા દત્તઃ ગૃહાણ પરમેશ્વર ॥

હે પરમેશ્વર ! ઋતુઓ અનુસાર ઉત્પન્ન થયેલાં, વિવિધ પ્રકારનાં સુગંધવાળાં પુષ્પો મેં આપને પુષ્પાંજલિ રૂપે અર્પણ કર્યા છે, તેનો આપ સ્વીકાર કરો.

આવાહનં ન જાનામિ ન જાનામિ વિસર્જનમ્ ।
પૂજાં ચૈવ ન જાનામિ ક્ષમસ્વ પરમેશ્વર ॥

આપને કેવી રીતે બોલાવવા તેનું મને જ્ઞાન નથી, આપને કેવી રીતે વિદાય કરવા તેની પણ મને ખબર નથી, આપની પૂજા કરતાં પણ મને આવડતી નથી, માટે હે પરમેશ્વર ! મને ક્ષમા કરો.

યદક્ષર પદભ્રષ્ટં માત્રાહીનં ચ યદ્ભવેત્ ।
તત્સર્વં ક્ષમ્યતાં દેવ પ્રસીદ પરમેશ્વર ॥

હે દેવ ! આપની સ્તુતિમાં અક્ષર, પદ કે માત્રાની જે કાંઇ મારાથી ભૂલ થઇ હોય એ સર્વ આપ ક્ષમા કરો અને હે પરમેશ્વર ! પ્રસન્ન થાઓ.

['કંઠાભરણમ્' કેસેટ પુસ્તિકામાંથી શ્રી પરીખ પરિવારના સૌજન્યથી]

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય શ્રી ઈચ્છારામ ભટ્ટજીના

આંતર ઉદ્ગારો

૩૮. યોગમાયાનું સ્વરૂપને તેનું કર્તવ્ય

જોગમાયા છે, તે પ્રભુની દાસી છે ભગવદીય છે, તે શું કામ કરે છે ?

જવાબ : શ્રીકૃષ્ણને અને વ્રજભકતોને મેળવે છે, આ કામ એ યોગમાયા કરે છે. જ્યારે પ્રભુએ રાસ કર્યો ત્યારે શ્રી ગોપીજનોને તો પ્રભુનો મારગ દેખાડયો, ને પ્રભુ ભણી મોકલ્યા પણ પેલા ગોવાળીયા પછવાડે શોધવા નીકળ્યા ત્યારે તેમને બીજો મારગ દેખાડયો, પોતે યોગમાયા ઉભા રહ્યાં, તેથી મારગ સૂઝયો નહિ, આ યોગમાયાનું કામ છે. જોગમાયા એવી ભગવદીય છે કે ભગવદીને કોઇ ભગવાન મેળવવામાં અંતરાય કરે, તો તેનું મન ફેરવી નાખે છે, ને પ્રભુ ભણી વળગાળે છે, એવું જોગમાયાનું સામર્થ્ય છે.

માનવ-ધર્મ

(મનુષ્ય કે દશ ધર્મ)

સંપાદક :- **શ્રી હનુમાનપ્રસાદ પોદાર**

ભાષાંતર :- **ડૉ. ચુનીલાલ રવજી, બાલધા, આંખના સર્જન, રાજકોટ.**

(ગતાંકથી ચાલુ)

૧. ધીરજ

મનુ મહારાજના દશ ધર્મોમાંથી સર્વ પ્રથમ ધર્મ ધીરજ છે, જેનો અર્થ ધૈર્ય, ધારણા, સંતોષ કે સહનશીલતા કરવામાં આવે છે. કહ્યું છે :-

નિન્દન્તુ નીતિનિપુણા યદિ વા સ્તુવન્તુ
લક્ષ્મીઃ સમાવિશતુ ગચ્છતુ વા યથેષ્ટમ્ ।
અદ્યૈવ વા મરણમસ્તુ યુગાન્તરે વા
ન્યાયાત્પથઃ પ્રવિચવન્તિ પદં ન ધીરાઃ ॥

બુદ્ધિમાન લોકો નિંદા કરે કે સ્તુતિ કરે, લક્ષ્મીજી આવે કે પ્રસન્નતાથી ચાલી જાય, મૃત્યુ આજે જ થઇ જાય કે યુગો બાદ, પરંતુ ધૈર્યવાન લોકો ન્યાયના રસ્તેથી ક્યારેય વિચલીત થતા નથી.

લગભગ દરેક કાર્યની સફળતામાં ધીરજની જરૂર પડે છે. ધૈર્યવાન પુરુષ મોટામાં મોટા સંકટ સહેલાઇથી પાર કરી સુખી થાય છે. તેને સહેલાઇથી પાપનો સ્પર્શ નથી થતો. ધીરજની કસોટી સંકટ સમયે અને ઇચ્છિત વસ્તુ મેળવવામાં વિલંબ થવાથી થાય છે. એવા સમયે જે લોકો ધીરજ બચાવી શકે છે તેઓ મોટી મોટી પાપ વાસનાઓને હરાવી ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત કરી શકે છે. પરંતુ જે ધીરજ છોડીને બેસે છે તેને અનેક પ્રકારના પાપોથી લપેટાવાની સંભાવના છે, જેનું ફળ અત્યંત ભયજનક હોય છે અને તેના કાર્યની સિદ્ધિમાં શંકા રહે જ છે.

કામ, ક્રોધ, લોભ, ભય, વ્યસન અને શારીરિક કષ્ટના સમયે ધીરજનો નાશ થાય છે. ઉદાહરણ તરીકે :-

(૧) કોઇને સ્ત્રીની ઇચ્છા છે, પરંતુ તેની સ્ત્રી પોતાના પિતાને ત્યાં ગઇ છે કે હજુ સુધી તેનો વિવાહ થયો નથી. આ અવસ્થામાં ધીરજ ધારણ કરવાવાળા જ પોતાના જીવનને પવિત્ર બનાવી રાખે છે. ધીરજ છોડી દેનારે ચોક્કસ પાપનો શિકાર બનવું પડે છે, અને પાપોનું ફળ આ લોક અને પરલોકમાં કેટલું ભયાનક હોય છે તે બતાવવાની આવશ્યકતા નથી.

-ક્રમશ

પુસ્તક પરિચય

(૧) મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજી, અભ્યાસ પુષ્પ ૧લું

લેખક – પ્રા. રમેશભાઈ વિ, પરીખ
પ્રકાશક – શ્રી વાકપતિ ફાઉન્ડેશન પ્રણીત
શ્રી બેઠક મંદિર, કેવડાબાગ, મદન ઝાપા રોડ. વડોદરા–૩૯૦ ૦૦૧
આઠ પેઈઝ ડેમી સાઈઝ પૃષ્ઠ ૩૨, ઓફસેટ પ્રિન્ટીંગ, પીન બાઈન્ડીંગ.

પુષ્ટિ સાહિત્યના સિદ્ધ હસ્ત લેખક દ્વારા લખાયેલ આ પુસ્તિકામાં શ્રી મહાપ્રભુજીનું જીવન ચરિત્ર સંક્ષેપમાં સુંદર રીતે સમાવાયું છે. જીવનના પ્રેરક પ્રસંગો તેમજ તેમના દ્વારા રચિત સાહિત્યનો પણ ઉલ્લેખ છે.

શુદ્ધાદ્વૈત વિનીત અભ્યાસક્રમનું આ પ્રથમ પુસ્તક છે. પત્રાચાર અભ્યાસક્રમ અક સુંદર પ્રયાસ છે. તેમા ઉપયોગી એવું આ પુસ્તક છે,

(૨) શ્રી ગોપીનાથજી અને ગુંસાઇજી અભ્યાસ પુષ્પ ૨જું

લેખક–પ્રકાશક–સાઈઝ પૃષ્ઠ ઉપર ક્રમ ૧ મુજબ

પત્રાચાર અભ્યાસક્રમ–શુદ્ધાદ્વૈત વિનીત અભ્યાસક્રમનુ આ બીજુ પુસ્તક છે.

શ્રી મહાપ્રભુજીના બે પુત્રો શ્રી ગોપીનાથજી તથા શ્રી ગુસાંઈજીના જીયન ચરિત્ર સંક્ષેપ રીતે સમાવવામાં આવ્યું છે. પ્રેરક પ્રસંગો, સાહિત્ય સેવા, પુષ્ટિમાર્ગમાં તેમનું યોગદાન વિ. સરળ ભાષામાં લખાયેલ છે. સર્વેએ વાંચવા અભ્યાંસ કરવા યોગ્ય પુસ્તક,

(૩) તુલસી ક્યારો : ભાગ-૬

રજુઆત (ગો. વા.) વ્રજરત્નદાસ વિ. પરીખ
પ્રા. રમેશભાઈ વિ. પરીખ
પ્રકાશક અને મુખ્ય પ્રાપ્તિ સ્થાન– 'સેવા' ૭/ અંબિકાનગર, બી. કે. સીનેમા પાસે મહેસાણા–૩૮૪૮૦૨

"વૈષ્ણવ પરિવાર" સામયિકનું ૯૫-૯૬ના વર્ષનું ભેટ પુસ્તક છે.

પુષ્ટિ સાહિત્યના સુપ્રસિદ્ધ લેખકો દ્વારા ૮૪–૨૫૨ વૈષ્ણવોની વાર્તાઓને વ્યવસ્થિત રીતે ક્રમબધ્ધ લખી વૈષ્ણવ સમાજ સમક્ષ રજુ કરવા બદલ ધન્યવાદને પાત્ર છે.

તુલસી ક્યારો શ્રોણી દ્વારા આ વાર્તાઓ પ્રસિધ્ધ થઈ છે. ભાગ ૬માં ૨૫૨ વૈષ્ણવો પૈકી ૮૫થી ૧૨૭ સુધીની વાર્તાઓ સમાવાઈ છે. દરેક વાર્તાના અંતે વૈષ્ણવોને સંક્ષિપ્ત પરિચય તેમના લીલા સ્વરૂપ સાથે આપવામાં આવેલ છે.

ભાગ ૧ થી ૫ વૈષ્ણવ સમાજે વધાવેલ છે. તેવી રીતે આ ભાગ ૬ પણ એવો જ પ્રતિભાવ મળશેજ. સર્વેએ વાંચવા, વસાવવા. ભેટ પુસ્તક તરીકે આપવા યોગ્ય પુસ્તક.

સમાચાર

શ્રી વાકપતિ ફાઉન્ડેશન સંચાલિત

શ્રી વલ્લભ વિદ્યાપીઠ

શ્રી વલ્લભ વિદ્યાપીઠ, વડોદરા તરફથી વૈષ્ણવોને પુષ્ટિ માર્ગનું જ્ઞાન પાયામાંથી શરૂ કરીને સારી રીતે મળે તે હેતુથી પત્રાચાર–અભ્યાસક્રમ શરૂ કરવામાં આવ્યો છે, જેની વિગતો અગાઉ 'સત્સંગ' અને "વૈષ્ણવ પરિવાર' માસિકોમા પ્રકાશિત થયેલા છે. તેનું વર્ષ મે, ૯૬થી શરૂ થાય છે. ધોરણ–૧૦ની પરીક્ષા આપનાર વૈષ્ણવ ભાઈ બહેનો કોઈપણ ઉમરના હોય તો પણ તેઓ આનો લાભ લઈ શકે છે. વિશેષ માહિતી મળવવા માટે અભ્યાસક્રમની પરિચય-પુસ્તિકા અને પ્રવેશ પત્ર મેળવવા રૂપિયા પાંચ મ.ઓ.થી. નીચેના સરનામે મોકલી આપતા મ. ઓ. ફોર્મમાં પોતાનું પુરૂં નામ–સરનામું લખવું. એપ્રિલના અંત સુધીમાં પ્રવેશપત્રો ભરીને રૂા. પચાસની પરીક્ષા ફી સાથે નીચેના સરનામે મોકલવાનું રહેશે. બધીજ વિગતો પરિચય પુસ્તિકાઓ વાંચવાથી સમજાય જશે.

પત્ર–વ્યવહારનું સરનામું :
શ્રી પી. ટી. સાહ
'વ્રંજ' મંગલા પાર્ક સોસાયકી
બાઈટ સ્કુલ સામે, વી. પી. રોડ, વડોદરા–૩૯૦ ૦૨૨

જુનાગઢ શ્રી મહાપ્રભુજીના પ્રાકટોત્સવના આગમન તેમજ અત્રેની મોટી હવેલીની ગાદી પર બિરાજમાન પુ. પા, ગો. શ્રી કિશોરચંદ્રજી મહારાજશ્રીના તિલક દિન 'રામનવમી'ના ઉપલક્ષમાં **શ્રી ભગવદીય વાર્તા સપ્તાહ**નુ આયોજન પુ. પા. ગો. શ્રી કિશોરચંદ્રજી શ્રી પુરૂષોતમલાલજી મહારાંજ તથા પુ. લાલબાવા શ્રી પિયુષ બાવાશ્રી અદયક્ષતામાં તા. ૧૭–૩–૯૦ થી ૨૩–૩–૯૬ સુધીનો કાર્યકમ યોજાએલ.

પ્રવકતા તરીકે પુષ્ટિમાર્ગીય સિધ્ધાન્તના જ્ઞાતા યુવાન શાસ્ત્રીજીશ્રી જગદીશભાઈ ખંભાતવાળાએ ભગવદ ભકતોના ચરિત્રોનુ સુંદર વર્ણન કરેલ. પુ. પા, ગો, બાલકોના પણ વચનામૃતોના લાભ વિશાળ વૈષ્ણવ સમાજને મોટી હવેલીમાં મળેલ,

રામનવમીના દિવસે પુ. પા. શ્રી કિશોરચંદ્રજી મહારાજશ્રીને નિ. લી, ગો. શ્રી ચંદ્રપ્રભાવહુજી મહારાજે જુનાગઢ મોટી હવેલીની ગાદીએ ગોદ પધરાવી તિલક કરેલ તે દિન ખૂબ ઉત્સાહથી ઉજવાયો. જેમાં પુ. શ્રી કિશોરચંદ્રજી મહારાજશ્રીએ પ્રેરક વચનામૃતો દ્વારા સેવાના અંગભુત દેહાદિનુ રક્ષણ ગૌ સેવા વગેરે પ્રકાર સુંદર રીતે સમજાવેલ. તિલક ધોતી ઉપરણા–આરતી આદિ સર્વે કાર્યક્રમ ખુબ ઉત્સાહપુર્વક થયેલ.

॥ શ્રી દામોદર મદન મોહનો પ્રભુ વિજયતે ॥

॥ શ્રી વલ્લભાધીશો જયતિ ॥ ॥ જયતિ શ્રી વિઠ્ઠલેશ્વર ॥

શ્રીમહાપ્રભુજીનો પ્રાકટયોત્સવ તથા અષાઢ અધિકમાસ નિમિતે સ્વસ્થ વિચારધારા કેળવીએ વિચારોને જીવનમાં ઉતારવા શ્રી મહાપ્રભુના સિધ્ધાન્તોમાં નિષ્ઠાવાન સમસ્ત વૈષ્ણવોને ગો. શ્રી કિશોરચંદ્રજી શ્રી પુરૂષોતમલાલજી મહારાજશ્રીની માર્ગદર્શક આજ્ઞા

આધિભૌતિક, આધ્યાત્મીક અને આધિદેવિક ત્રિવિધ ઉન્નતિ દ્વારાજ સાચો વિકાસ શકય છે. પરંતુ આજે કેટલાક વિચારો વ્યવહારો આ ઉન્નતિમાં અવરોધક છે. શ્રી મહાપ્રભુજીનો ઉત્સવ અને પુરૂષોતમમાસ, આત્મનિરીક્ષણ દ્વારા આપણી ક્ષતિઓને શોધી તેને દુર કરવા અને સાચી, સારી વાત સ્વીકારવા માટેના અમુલ્ય અવસરો છે.

આધિભૌતિક ઉન્નતિ (માનવમાત્ર માટે)

આટલું ખાસ અપનાવો ગ્રાહ્ય : વૃક્ષારોપણ, ગોબરગેસ ભુગર્ભ જલસ્તર ઉચુ લાવવુ, પર્યાવરણ શુદ્ધિ, શિક્ષણ, સ્વચ્છતા, નબળા વર્ગોને સહાયવા, સમાજ સેવા, ગો સેવા વગેરે,..

આટલું ખાસ છોડો : ત્યાજય – શેરીઓમા ગંદગી કરવી, વૃક્ષો કાપવા. આત્મહત્યા કરવાના ક્ષુદ્ર વિચારો. અતિશય ટી. વી. જોવું, અપશબ્દો બોલવા, વ્યસન (માવો, તમાકુ, દારૂ, બીડી) દહેજ માટે વહુને ત્રાસ આપવો વગેરે..,

આધ્યાત્મિક ઉન્નતિ (વિશેષ કરીને હિન્દુઓ માટે)

આટલું ખાંસ અપનાવો ગ્રાહ્ય : ગૌ સેવા સમાજની સ્થાપના, નૈતિકતાના મુલ્યો જેવાં કે સત્ય, સંયમ, દયા પરોપકાર અહિંસા વગેરે..,

આટલુ ખાસ છોડો : (ત્યાજય–છોડો) વ્યસન, માંસ, મદિરા, ઈંડા આદિનું સેવન, બજારનું જેવું તેવું ખાવું, વ્યભિચાર, અંધશ્રદ્ધા, ધુણવું. ભુત પ્રેત, ભુવા, દાણા જોવરાવવા શાસ્ત્રોકત દ્વારા નિયત કર્તવ્યો સિવાય અન્ય સકામ કર્મો, દેવ–દેવીઓના છાપવાંળા કોથળાઓનો પગલુછણીયા તરીકે ઉપયોગ, દેવ દેવીના છાપવાળા ફટાકડા ફોડવા, લગ્ન મંડપમાં બુટ ચંપલ પહેરીને બેસવું વર વધુ ઉંચી ખુરશી ઉપર બેસે અને અગ્નિ તથા અન્ય આમંત્રિત દેવતાઓની નીચે પ્રતિષ્ઠા કરવી વગેરે..

આધિદેવિક ઉન્નતિ (વૈષ્ણવો માટે)

આટલું ખાસ અપનાવોગ્રાહ્ય (અપનાવો) : પરબ્રહ્મ ભગવાન શ્રી કૃષ્ણથી મોટું કે સમાન કોઇ હોઇ શકતુ તથી. શ્રી કૃષ્ણનો અનન્ય આશ્રય, કંઠી પહેરવી, તીલક કરવું, દિક્ષા મંત્ર (શરણ મંત્ર), બ્રહ્મસંબંધ મંત્ર)નો નિત્ય નિયમ પુર્વક જપ કરવો. શ્રી મહાપ્રભુજીના ગ્રંથોનો અભ્યાસ કરવો. પોતાના ઘરમાં પોતાના તન, ધન થી શ્રીકૃષ્ણ સેવા કરવી રાત્રે નિત્ય નિયમ પુર્વક સત્સંગ કરવો શ્રી મહાપ્રભુજી. શ્રી ગુંસાઈજીના ઉત્સવો ઉજવવા (શોભા યાત્રા. સભા, રાસ ગરબા વગેરે દ્વારા) શ્રી પુરૂષોતમ પાઠશાળા સ્થાપવી તેમજ શ્રી પુરૂષોતમ પુષ્ટીમાર્ગીય પરીક્ષાઓ આપવી વગેરે...

આટલુ ખાસ છોડે: ત્યાજ્ય (છોડો) અન્યાશ્રય, કંઠી પહેરવા પ્રત્યેની ઉપેક્ષા, ઠાકુરજી માટે કોઈને પણ (ગુરૂને પણ) પૈસા કે સામગ્રી આપી ધર્મને ધંધો બનાવનારી પ્રવૃતિઓ, ગુરૂ સાથેનો નિષિધ વ્યવહાર, ગુરૂને પ્રશ્ન પુછવામાં સંકોચ, ગૌધન સંબંધિત કસાઇપણુ વગેરે..

○ વ્રજમાં જાવ ત્યાર શ્રી ગિરીરાજજી તથા શ્રી યમુનાજીનો અભિષેક ગાયના દુધથી જ કરવો.
○ જતિપુરા જવા માટે ગોવર્ધન–દાન–ઘાટી શ્રી ગીરીરાજજી પર બનેલા રસ્તાનો ઉપયોગ કરવો નહીં.
○ જતિપુરા જવા માટે આન્યોર થઈને જવું.

આશિષ સહ
ગો. શ્રી કિશોરચંદ્રજી, શ્રી પુરૂષોતમલાલજી મહારાજશ્રી
ગો. શ્રી પીયુષ બાવા; શ્રી મોટી હવેલી, જુનાગઢ.

આં. પુ. વૈ. પરિષદ ગુજ. પ્રદેશના સમાચાર

આં. પુ. વૈષ્ણવ પરિસદ-ગુજરાત પ્રદેશની નવી કારોબારી સમિતિ

આં.પુ, વૈષ્ણવ પરિષદ–ગુજરાત પ્રદેશની કારોબારી અને કાર્યકરોની ૩૧મી માર્ચના રોજ મળેલી સંયુકત મીટીંગમાં આગામી બે વર્ષ માટેની નવીન ગુજરાત પ્રદેશની કારોબારીની થયેલી રચનાની સંગઠન મંત્રીશ્રીએ અત્રે એક અખબારી યાદીમાં જાહેરાત કરી છે.

(૧) શ્રી ઈન્દ્રકાન્ત ત્રિકમલાલ શેઠ (અમદાવાદ) પ્રમુખ
(૨) શ્રી પ્રધુમ્ન શાસ્રી (વડોદરા) કાર્યકારી અધ્યક્ષ
(૩) શ્રી યોગેશભાઈ શાસ્ત્રી (અમદાવાદ) ઉપ–પ્રમુખ
(૪) શ્રી પ્રહલાદભાઈ ખમાર (પાટણ) ઉપ–પ્રમુખ
(૫) શ્રી મનહરલાલ જીવણલાલ પરીખ (ગોધરા) ,,
(૬) શ્રી મુકુંદભાઈ પટેલ (વડોદરા) ઉપ–પ્રમુખ
(૭) પ્રા. ચીમનલાલ એમ. શેઠ (વડોદરા) સંગઠનમંત્રી
(૮) વી. પી. પરીખ (હાલોલ) મંત્રી
(૯) શ્રી વીષ્ણુભાઈ એમ. શાહ (અમદાવાદ) સહમંત્રી
(૧૦) શ્રી રમેશભાઇ હિરાલાલ શ્રોફ (સુરત) સહ–મંત્રી
(૧૧) શ્રી ડાહ્યાલાલ કસ્તુરચંદ કંસારા (રાજકોટ),,
(૧૨) શ્રી સી. પી. તલાટી (હાલોલ) સહમંત્રી
(૧૩) શ્રી હસમુખભાઈ ખખ્ખર (રાજકોટ) પ્રચારમંત્રી
(૧૪) પ્રાં, ગોપાલભાઈ એસ. શાહ (આણંદ) કોષાધ્યક્ષ
(૧૫) શ્રી જયંતિલાલ એસ. સોની (કપડવંજ) કાર્યાલય–મંત્રી
(૧૬) શ્રી રસીકભાઈ શાહ (વડોદરા) સહ કાર્યાલયમંત્રી
(૧૭) શ્રી જે. સી. વોરા (એડવોકેટ (અમદાવાદ) કારોબારી સભ્ય
(૧૮) શ્રી કલ્યાણભાઈ ભાટીયા (અમદાવાદ) ,,
(૧૯) શ્રી પ્રા. વીણાબહેન શેઠ (અમદાવાદ) ,,
(૨૦) શ્રી રમેશભાઈ કંસારા (અમદાવાદ) ,,
(૨૧) શ્રી પરમાનંદભાઈ તલાટી ,, ,,
(૨૨) શ્રી વીણાબેન દિલીપભાઈ પરીખ વડોદરા ,,
(૨૩) શ્રી દક્ષાબેન પટેલ (આણંદ) ,,
(૨૪) શ્રી ભોગીલાલ ચુનીલાલ શેઠ [મોડાસા) ,,
(૨૮) શ્રી પ્રા. ચંદ્રવદન એસ. પરીખ (રાજપીપળા) ,
(૨૬) શ્રી માર્કંડભાઈ ધોળકીયા (જામનગર) ,,
(૨૭) શ્રી છગનભાઈ માવાણી (ધોરાજી) ,
(૨૮) શ્રી રમણલાલ મગનલાલ શાહ (ડભોઇ) ,,
(૨૯) શ્રી પ્રવીણભાઈ પી. મહેતા (ગોધરા) ,,
(૩૦) શ્રી હરેન્દ્ર આર. શેઠ (દાહોદ) ,,
(૩૧) શ્રી કે. એન. શાહ (હાલોલ) ,,
(૩૨) શ્રી રમેશભાઈ ગાંધી (બોર્ડેલી) ,,
(૩૩) શ્રી સુમનભાઈ શાહ (તેજગઢ) ,,

વૈષ્ણવ પરિષદ – મહિલા ભવન

“શ્રી કૃષ્ણાશ્રયનુ” થયેલુ ઉદ્દઘાટન”

મહિલા ઉત્કર્ષ–વિકાસ અને સત્સંગ તેમજ સેવાકીય પ્રવૃત્તિ માટે આં. પુ. વૈ. પ. તરફથી અમદાવાદ મણીનગર શાખા દ્રારા તૈયાર કરવામાં આવેલા ‘મહિલા ભવન” શ્રી કૃષ્ણાશ્રય–ના ઉદઘાટન સમારંભનો શ્રી શિરિષભાઈ શેઠના સંગીતમય મંગલાચરણથી પ્રારંભ થયો. પુ. પાદ ગો. શ્રી કાલિન્દી બેટીજી મહોદયાએ સ્વાગત પ્રવચનમાં સમારંભમાં પધારેલા પુ. ગો. આચાર્યશ્રી બાળકો અને વૈષ્ણવ સમુદાયનું ઉષ્માભર્યું અભિવાદન કર્યું વૈષ્ણવ પરિષદ મહિલા સેલના સંયોજક પ્રા. શ્રી વીણાબહેન શેઠે મહિલા ભવનની ભુમિકા અને તે દિશામાં થનારી સેવાકીય પ્રવૃત્તિની જાણકારી આપી.

પુ. પાદ ગો. શ્રી વાગીશબાવાશ્રીએ મંગલદીપ પ્રગટાવીને મહિલા ભવનનુ ઉદઘાટન કર્યું મહિલાઓની પ્રવૃત્તિ માટે વૈષ્ણવ પરિષદ દ્વારા થયેલા મહિલા ભવનના મંગલ કામો તેઓએ બીરદાવ્યું હતુ.

મહિલા ભવન દ્વારા બહેનોની સર્વતામુખી પ્રગતિની દિશામાં કાર્યોન્વરિત થાય એવા શુભાશિષ પાઠવી પ્રભુની કૃપાથી મળેલા જીવનને પલ્લવિત અને પુષ્પિત કરીને જીવનને સાર્થક કરવા માટે બહેનોને અને સૌને પુ. ગો. શ્રી દ્વારકેશલાલજી મહોદયે અપીલ કરી હતી. પુ. પાદ ગો. શ્રી યદુનાથજી મહોદયે મહિલા પ્રવૃતિ માટેનું સ્વપ્ન સાકાર થયું છે તેથી આનંદ-પ્રસન્નતા વ્યકત કરી વૈષ્ણવ પરિષદની પ્રવૃતિને બીરદાવી હતી. પુ. પાદ ગો. શ્રી રાજેશકુમારજી મહારાજશ્રીએ ઉદબોધનમાં જણાવ્યું કે શ્રી યમુનાજી દીનતા અને મમતાનું સ્વરૂપ છે અને તેઓની અનન્ય કૃપાથી આ મહિલા ભવન ધન્ય બન્યું છે.

ગુજરાતમાં વૈષ્ણવ પરિષદ દ્વારા સૌ પ્રથમવાર મહિલા ઉધોગભવનનું જે કાર્ય થઈ શકયું છે. તેને માટે સહભાગી બનેલા સૌને અભિનંદન આપી વધુ સેવાકીય કાર્યો તેના દ્વારા થઈ શકે તેવી શ્રી ઈન્દ્રકાન્ત ત્રિકમલાલ શેઠ અને પ્રા, ચીમનભાઈ લેઠે શુભેચ્છા ગાઠવી અને વૈષ્ણવ પરિષદ તરફથી રૂ. પચીસ હજાર આપવાની પ્રમુખશ્રીએ જાહેરાત કરી હતી. પરીખ ટ્રાન્સપોર્ટ દ્વારા શ્રી રમેશભાઈ પરીખે દર વર્ષે રૂ. અગીયાર હજાર આપવાની જાહેરાત કરી હતી. શ્રી મયુરીબહેન શાહ, પ્રફુલ્લાબહેન શાહ, સૌહીની બહેન પરીખ, સુધાબહેન વિગેરેએ પુ. ગો. આચાર્યશ્રીઓને માળા અર્પણ કરી સ્વાગત કર્યું હતું. પ્રા. ચીમનલાલ શેઠે સુંદર સંચાલન કર્યું હતું.

"શ્રી વલ્લભ વિઠ્ઠલ પેઢી અંગેનો વૈષ્ણવ પરિષદનો નિર્ણય આવકારદાયી"

પુષ્ટિમાર્ગ સંપ્રદાયના પ્રચાર–પ્રસાર–સંરક્ષણ–સંવર્ધન માટે સત્સંગ સ્વાધ્યાયની પ્રવૃતિને ગતિમાન કરવા અને શ્રીમદ વલ્લભાચાર્યજીનુ દિવ્ય સંદેશને જન જન સુધી લઈ જવા માટે આં. પુ. વૈષ્ણવ પરિષદ તરફથી થયેલા વિભિન્ન આયોજનોની ચર્ચા કરીને આજે "હરિ ગુરૂ વૈષ્ણવ"ની સેવા માટે "શ્રી વલ્લભ વિઠલ પેઢી માટેનો શ્રી ઈન્દ્રકાન્ત ત્રિકમલાલ શેઠના અધ્યક્ષસ્થાને મળેલી આં. પુ. વૈષણવ પરિષદ–ગુજરાત પ્રદેશની કારોબારી અને કાર્યકરોની સંયુકત મીટીંગે લીધેલો નિર્ણય વર્તમાન પરિસ્થિતિમાં ખૂબ આવકારદાયી છે. એ પ્રકારે પુ. પાદ ગો. શ્રી વાગીશ બાવાશ્રી (વડોદરા કાંકરોલી) પુ. પાદ ગો. શ્રી દ્વારકેશલાલજી મહોદય (વડોદરા) પુ. પા. ગો. શ્રી કાલિન્દી બેટીજી મહોદયાએ આશિર્વચનમાં જણાવ્યું હતું અને તેઓએ આવા સુંદર કાર્યમાં સહભાગી બનવા સમગ્ર વૈષણવ સમાજને અપીલ કરી હતી.

આણંદમાં ખેડા જીલ્લાના કાર્યકરોનુ સંમેલન

આં. પુ. વૈષણવ પરિષદ, ખેડા જીલ્લાના વૈષણવ કાર્યકર્તાઓનુ સ્નેહ સંમેલન શ્રી દ્વારકાધીશ બેઠક મંદિર આણંદમાં પુ. ગો. શ્રી દ્વારકેશલાલજી મહોદયની ઉપસ્થિતિમાં સુંદર રીતે સંપન્ન થઈ ગયું. સામુહિક મંગલાચરણ બાદ ખેડા જીલ્લાની ૧૪ શાખાઓના વૈષણવ અગ્રણીઓએ પોતાની શાખાની પ્રવૃતિઓનો સંક્ષેપમાં ખ્યાલ આપવો.

સહમંત્રીશ્રી સી. પી. તલાટીએ સી વલ્લભ વકતૃત્વ અને નિબંધ સ્પર્ધાની વિશદ છણાવટ કરી નડીયાદ શ્રી ઉમેશભાઈ શાસ્ત્રીએ સત્સંગ પર, શ્રી રમણલાલ શાસ્ત્રીએ ગૌસેવા પર અને શ્રી પ્રફુલ્લભાઈ શાસ્ત્રીએ સેવા પર મનનીય વિચારો રજુ કર્યા,

કેન્દ્રના પ્રમુખ તરીકે વરણી પામેલ શ્રી ઈન્દ્રકાન્તભાઈ શેઠ, કાર્યાલય મંત્રીશ્રી જયંતિભાઈ સોની, ખેડા જીલ્લાના પ્રમુખશ્રી પરસોતમદાસ કાકાનું પ્રણાલિકાગત ઉપરણાથી સન્માનિત કરવામાં આવ્યા.

અધ્યક્ષસ્થાનેથી આશીર્વાદ અને ઉદબોધન કરતાં યુવા આચાર્યશ્રી દ્વારકેસલાલજી મહોદયે સંપ્રદાયની ઉજજવળ પરંપરા, પરિષદની સુગ્રથિત કાર્યશૈલીને આપશ્રીએ બિરદાવી હતી. સમર્પણ અને શરણાગતિ આ બે વિશે પુરાણી પરિવાર દ્વારા તૈયાર કરાયેલ પુષ્ટિ બીજ પુસ્તિકાનુ વિમોચન તથા પાઠશાળા દ્વારા સવાલક્ષ અષ્ટાક્ષર મંત્ર લખનારનું સન્માન આ પ્રસંગે કરવામાં આવ્યું.

૮૪ ભગવદિય રત્નાવલી

ભેટ પુસ્તક પર 'પરિષદના અગ્રણીઓના અભિપ્રાય

॥ શ્રી હરિ ॥

પ, ભ. શ્રી રવજીભાઈ પટેલ જય શ્રીકૃષ્ણ. શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશિત એવં આપ કે દ્વારા સમ્પાદિત '૮૪ ભગવદિય રત્નાવલિ' ગ્રંથપ્રાપ્ત હુંઆ. દોહા, ચોપાઈ, ધોળ આદિ મેં સરલ ભાષામેં રચિત યહ ગ્રન્થ જન સાધારણી દષ્ટિ સેભી બહુત ઉપયોગી એવં પઠનીય હૈ. સંગ્રહણીય તો હૈ હી.

પૂ, પા. ગો. શ્રી ૧૦૮ ચિમનલાલજી મહારાજશ્રી દ્વારા ઇસ પ્રકાર કે ગ્રંથ પ્રકાશિત કરને કી પ્રેરણા પ્રાપ્ત હોના વૈષ્ણવ સમાજ કે ઉપર મહતિ કૃપા હૈ. ઉનકે શ્રી ચરણો મેં સાદર નમન કરતે હુએ આપકા એવં સંબંધિત સબી મહાનુભવોકા હાર્દિક અભિનંદન હૈ.

યહ ભી પરમ હર્ષકી બાત હૈ કી આપ વર્ષો સે સતત પ્રયત્નશિલ રહકર પુષ્ટિમાર્ગીય સાહિત્ય પ્રચાર કે કાર્ય મેં નિષ્ઠા પુર્વક સંલગ્ન બને રહતે હૈ.

આશા હૈ આપ આનંદ હોંગે.

આપકા **કૃમનદાસ ઝાલાની ઈન્દ્રોર**

પૂર્વ પ્રધાન મંત્રી-એવં પૂર્વ ઉપાધ્યક્ષ, આ. રા. પુ. વૈ. પરિષદ

॥ શ્રીહરિ ॥

પરમ ભગવદિય, પ્રિયવર શ્રી રવજીભાઈ, સાદર જય શ્રી કૃષ્ણ 'શ્રી ૮૪ ભગવદીય રત્નાવલિ' પ્રાપ્ત હુઈ, સર્વ શ્રી પ્રેરક મહોદય, સંપાદક મહોદય, સહાયક મહાનુભાવોને વૈષ્ણવ સૃષ્ટિ પર પરમ ઉપાર કિય

રચયિતા. ધોળ, પદ, ચોખરા, શ્લોક. છપ્પાય, માંગલ્ય આદિમેં પ. ભગવદિયોકા (શ્રી ૮૪ જીકા) કૈસા અનુપમ, અલૌકિક રસ સ્વરૂપ દર્શાયા હૈ, પાન કરાયા હૈ, જો સ્વરૂપ અપ્રકટ થા. શ્રી વલ્લભ મહારસ સિન્ધુ મેં સે રત્ન ચુન-ચુન કર હાર સિદ્ધ કરકે શ્રી વલ્લભી યોંકે મનોરથ પુર્ણ કીયે હૈ.

દાસાનુદાસ **કન્હૈયાલાલ ખંડેલવાલ** મનોહર થાના રાજસ્થાથ

પુર્વ કેન્દ્રીય કાર્ય સમિતિ સદસ્ય, અ. ભા. પુ. વૈ. પરિષદ

સેવા ભાવિ વૈષ્ણવોને આમંત્રણ

'શ્રી વલ્લસુધા' ના સંપાદકને **સહાયકથવા**, સેવા ભાવે સારા **અક્ષરે** લેખોની **નકલ શુદ્ધ** જોડણી પુર્વક કરી શકે તેવા રાજકોટ નિવાસી વૈષ્ણવ ભાઇ-બહેનોને શ્રી વલ્લ સુધાની નામ સેવામાં જોડાવા આમંત્રણ છે.

ઉપરાંત હિન્દી-ગુજરાતી, સંસ્કૃત-ગુજરાતી ભાષાંતર કરી શકે તેવા ભણેલ વૈષ્ણવો, નિવૃત્ત વિદ્વાન પ્રોફેસરોને સંપ્રદાયની આ નામ સેવાના **અલૌકિક** કાર્યમાં પોતાનો **સમય** આપવા ઇચ્છતા હોય તેમણે નિચે લખ્યા શરનામે સંપર્ક કરવા નમ્ર વિનંતિ.

(૧) શ્રી રવજીભાઈ પ. પટેલ
"અમૃત" જલારામ પ્લોટ ૧
માર્ગ નં. ૩ યુનિવર્સિટી રોડ રાજકોટ
ફોન નં. ૭૨૨૦૫

(૨) શ્રી ડાયાભાઈ ડેલાવાળા
C/o **ભાવેશ મેટલ્સ**
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ.
લોહાણાપરા રાજકોટ
ફોન ૨૮૮૬૯-૨૫૭૭૦

SHREE VALLABH SUDHA· Monthly Magazine. Published on third date of Every Month, **Regd.No.G/RJ.212-L.P.W.P43**·

શિક્ષા : ગરબી

શ્રી કૃષ્ણ સરવનું સાર છે, માને તો, મન :
શ્રી કૃષ્ણ સરવનું સાર છે. ટેક.

દુખિયા ને સુખિયાં સહુનો બેલી,
નોધારાનો આધાર છે માને૦ ૧

કરુણાસિંધુ અનાથનો બંધુ,
ભકત માટે અવતાર છે માને૦ ૨

આફત-વેળા એક એ ના થાય અળગો,
બાકી સુખ સાથી સંસાર છે માને૦ ૩

સ્વારથ વિના એક શામળો જ સંગી,
ભજતાને ભજે, એ તો વેહેવાર છે માને૦ ૪

વાર્યું નહીં માને તો માર્યું માનશે,
પણ જ્યારે ત્યારે એહથી નિસ્તાર છે માને૦ ૫

'દયા' ના પ્રીતમજી શું પ્રીત કર વેહેલો,
મનુષા દેહ લટકું દિન ચાર છે માને૦ ૬

ભકત કવિ શ્રી દયારામભાઈ ડભોઈ

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક પ્રકાશક. : રવજીભાઈ ૫. પટેલ, 'અમૃત' જયારામ પ્લોટ,-૧ માર્ગ-૩, યુનિવર્સીટી રોડ, રાજકોટ-૫

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૬૨૧૩૮



વચન સુધા

"વળી એક દિવસે કહ્યું કે પ્રાણી માત્ર, સ્થાવર જંગમ તે પ્રભુનું મંદિર છે. શ્રી ભગવાને ભાગવતમાં કહ્યું છે કે આ સર્વ જગત છે તે મારૂં ક્રીડા કરવાનું સ્થાન છે, માટે સર્વ જગતમાં હું વસું છું તેથી કોઇ પણ મારા મંદિરને બાળશે નહીં. હવે બાળવું તે શું ? તે કહે છે કે કોઇપણ પ્રાણી માત્રને કઠણ વચન કહેવું નહીં વળી કોઇના ઉપર દ્વેષ બુદ્ધિ રાખવી નહીં. કદાચિત્ કોઇ વખત મનમાં દ્વેષ આવે તો તે જ્ઞાનવડે કાઢીનાખવો માટે સર્વ પ્રાણી માત્ર કીડીથી માંડીને હાથી પર્યંતને વિષે અમૃત દૃષ્ટિએ કરીને જોવું ત્યારે એ જીવ મારી સેવાને પાત્ર થાય. અને જો પાત્ર થયા વિના મારી સેવા કરશે તો તે ફલરૂપ નથી તેથી હું તેના ઉપર પ્રસન્ન થતો નથી.

ગો. શ્રી ગોપીકાલંકારજી ઉપનામ શ્રી મદુજી મહારાજના વચનામૃત (વ. ૨)

● આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દઢ બનાવો ●

વર્ષ ૧૫ : અંક-૩ ● જુન, [illegible]
શ્રી વલ્લભાબ્દ ૫૧૯

વાર્ષિક લવાજમ રૂા. ૩૫/- ● આજીવન રૂા. ૪૦૧

"શ્રી વલ્લભસુધા"
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ-૩૬૦૦૦૧

૮૪ ભગવદીય રત્નાવલિ પ્રકાશનને ધન્યવાદ

રાજકોટથી પ્રકાશિત આં. પુ. વૈ. પરિષદ સંચાલિત 'વલ્લભ સુધા' માસિકના સને ૧૯૯૫-૯૬ના ગ્રાહક વૈષ્ણવો ઉપરાંત અનોરથીઓને અપાયેલ ભેટ પુસ્તક જેમાં શ્રી વલ્લભાચાર્યજીના અંગીકૃત ૮૪ ભગવદીયો વિષેની પરિચયાત્મક સાહિત્ય-સામગ્રી પીરસવામાં આવી છે.

આમાં નામાવલિ-સ્તોત્ર, ચોખરા, પદ, [illegible], ધોળ વગેરે પદ્યાત્મક સાહિત્યનું સંકલન છે. જે પૈકી કેટલીક રચનાઓ સર્વપ્રથમ આ ગ્રંથમાં જ પ્રકાશિત થાય છે.

આરંભમાં શ્રી ગદાધરદાસ કૃત ભગવદિય મહાત્મ્યનાં પદ છે પછી ક્રમશઃ શ્રી ગોકુલનાથજી કૃત ચોરાશી વૈષ્ણવનામાવલિ શ્રી વિષ્ણુદાસજી કૃત ચોરાશી વૈષ્ણવના ચોખરા, અલીખાન કૃત ૮૪ વૈષ્ણવનું ધોળ, શ્રી ગોપાલદાસ (વ્યારા) કૃત પ્રાકટ્ય સિદ્ધાન્ત, શ્રી કાકા વલ્લભજી કૃત ૮૪ વૈષ્ણવનું ધોળ, શ્રી દયારામભાઈ કૃત ૮૪ વૈ. ધોળ રચનાનો વૃત્તાંત ૮૪ વૈ. નું ધોળ, પ્રબંધ બંધ-૮૪ વૈષ્ણવ [illegible] નામ, કવિત્તબંધ, ભારતેન્દ્ર બાબુ હરિશ્ચંદ્ર કૃત ઉત્તરાર્ધ ભક્તમાળ, શ્રી ગોપીજીલાલજી શર્માકૃત પદ્યાત્મક નામાવલી. શ્રી લાલજીભાઇ પટેલ (કીર્તનિયા) કૃત ધોળ અને પદ (પ્રથમવાર પ્રકાશિત) [illegible] સંકલિત છે.

પુષ્ટિમાર્ગમાં 'હરિ-ગુરૂ-વૈષ્ણવ સરખા લેખો' નીજે ભાવના છે, તે અહીં ભગવદીયો માટે રચાયેલ સાહિત્યમાં મૂર્તિમંત થતી જોઇ શકાય છે. જિજ્ઞાસુ સૌ વૈષ્ણવોને આમાંથી અવશ્ય નવું ભાથું સાંપડશે સંપાદક પ્રકાશકને ભૂરિશઃ ધન્યવાદ.

પ્રા. રાજન કડિયા તંત્રી વૈષ્ણવ પરિવાર

શ્રીવલ્લભવિદ્યાપીઠ સંચાલિત પુષ્ટિમાર્ગીય પત્રાચાર અભ્યાસક્રમ

કુલાધિપતિ ગો. શ્રી ૧૦૮ શ્રી વ્રજેશકુમારજી મહારાજ (કાંકરોલી)
કુલપતિ ગો. શ્રી ૧૦૮ શ્રી વાગીશકુમારજી મહોદય (કાંકરોલી)
કુલ સચિવ પ્રા. રમેશભાઇ વિ. પરીખ (મહેસાણા)

મે, ૧૯૯૬ થી પાયાગતસ્તરનો શુદ્ધાદ્વૈત વિનીતનો અભ્યાસ ક્રમ શરૂ થયો છે. ૫૦૦ થી વધુ વૈષ્ણવ ભાઇ-બહેનો તેમાં જોડાયા છે.

ગુજરાતી વાંચી-સમજી શકતાં ભારતભરનાં બધાં વૈષ્ણવો આ અભ્યાસક્રમમાં જોડાઈ, પુષ્ટિમાર્ગનું સારું જ્ઞાન ઘેર બેઠાં, ફુરસદના સમયે મેળવી શકે છે.

જે વૈષ્ણવ ભાઇ-બહેનો, આ અભ્યાસક્રમમાં જોડાવા ઇચ્છતા હોય, તેઓ એક પોસ્ટ-કાર્ડ લખી, નીચેના સરનામેથી માહિતી પુસ્તિકા તથા પ્રવેશપત્ર મેળવી શકે છે.

પ્રા. શ્રી અનિલભાઇ એ. શાહ
શેઠ શેરીના નાકે,
વડોદરા-૩૯૦ ૦૦૧

પ્રવેશપત્ર વહેલી તકે ભરી, જોડાવા સૌને અપીલ છે.

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૭

વર્ષ : ૧૫ અંક : ૨ * જુન, ૧૯૯૬

મનને શિક્ષા

નિ. લી. ગો. શ્રી મટુજી મહારાજ કૃત પદ

મનારે તું અજહું ચેતી સવેરો ।
બડી ઠોરકો નામ ધરાવત, ત્યોં ત્યોં હોત ઘનેરો ।૧।
પરનિંદા પરવાદ ઈર્ષા શું ચિત જિન ઉરઝેરો ॥
ઇન બાત મેં કછુન બઢેગો, જાય ગાંઠિકો તેરો ।૨।
શ્રીવલ્લભવિઠલ મુંખ કહીએ, છાંડી સબે અરૂઝેરો ॥
'રસિકદાસ' જન ટેરી કહેત હેં, શ્રીવલ્લ ચરનનચેરો ।૩।

: ભાવાર્થ :

અરે ! મન તું હજુ સવેળા ચેતીજા, તું મોટા ઠેકાણાનું નામ ધરાવે છે (વૈષ્ણવ કહાવે છે) માટે પારકી નિંદા છોડ અને ભગવન્નામ જપ કર. કોઇ વાદ વિવાદમાં સપડાઇશનજા એ બધી વાતમાં કાંઇ નથી મળવાનું ઉલટાનું તારૂં ગાંઠનું જશે (જીવન વૃથા જાય છે.)

માટે શ્રીવલ્લભા શ્રી વિઠલ એ નામ મુખેથી સદા કહે બાકી બધી વાત છોડી દે. શ્રીવલ્લભચરણદાસ એવા શ્રી રસિકદાસ' (શ્રીમટુજી મહારાજ) આવાત પોકારીને કહે છે.

શ્રી વલ્લભ સુધા દર માસની ૨૭ તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન એપ્રીલ થી માર્ચ.

- * શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશત થયેલ અંકો મોકલાય છે.
- * ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામુ અવશ્ય લખવું.
- * શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- * લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
- * શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
- * શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- * ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે.

પત્ર વ્યવહાર સંપર્ક :
શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, રાજકોટ

મધુવન મધુકર

રચયિતા : ગો. શ્રી ગોકુલેશબાવાશ્રી (જુનાગઢ)

સર્વાત્મન, વૃત્ત, પ્રભવ, નિયત, શાશ્વત, ધ્રુવત્મહાકર્મણુ, ભૂતભાવન, મહાયશસ,
પવિત્ર, નિયમ, ગ્રહ, ગુણબદ્ધ, પરમતપ, યોજ્ય, મહાબીજ, મહાબલ, સર્વજ્ઞ, બીજવાહન,
સર્વશ્રેષ્ઠ, ગુણ, દિગ્વાસસ, પરમતેજસ, ઉષ્ણીષિણ, કૃષ્ણ, બહુરૂપ, ગંધધારિણ,
કાલ, બહુભુત, સ્વર્ભાનવ, નૃત્યપ્રિયાય, વ્યવસાય, તર્પણાત્મન, યજ્ઞદન, અર્થ,
જ્યોતિ પામયન, લય, બલ ચારિણ, મહો· ચારિણ, તરંગ વિદ્દ, દેહ, અંશવ, આદિત્ય,
બહુરશ્મય, વસવેગ, મહાવેગ, મૃદવ, બ્રહ્મચારિણ, લોક ચારિણ, સર્વ ચારિણ, વિચારવિદ્દ,
નિમિત્ત, નંદ, નંદિવર્ધન, યુગવહ, બલ, સંકલ્પ, વૈદર્ભ, અક્ષર, માન્ય, સુસ્વપ્ન,
દર્પણ, વેદકરય, મંગકરય, વિદુષ, મહામેઘ નિવાસિન, હુતઃ, હુષ્ણવર્ણ, મહામાત્ર,
પ્રસન્ન, પ્રત્યય, સ્નેહન, અનલ, અનિલ, પ્રકાશ, જંત્રમ, સુદર્શન, ભાવ, ક્રિયાવસ્થા,
સુવિજ્ઞેય, અનુકરણ, વંશ, મહાદષ્ટ, શિવ, વિષ્ણુવ, ભિન્ન, રવ, ભોજન,
પ્રાણધારણ, મહાહર્ષ, મહાનૃત્ય, આવર્તમાનવચુષ, મહાપથ, બિંદુ, વિસર્ગ,
ગંધપાલિ ભગવત, ક્રમ, ગતિ, સ્વયંભુવતિગ્મ તેજસ, પ્રયતાત્મન, ચરચરાત્મન,
સત્, તપોમય, શ્રૃંગણ, 'શ્રી'મત્, શ્રી'મત', હરિણ. **મહામેઘ નિવાસીન**

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥
॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

ભકિત વર્ધિની

શ્રી ગોપેશ્વરજીએ રચેલ વિવરણ સહિત

ભાષાંતર : પ્રો. પ્રતાપરાય કાં. શાહ એમ. એ. કોવિદ, મુંબઇ

–ગતાંકથી ચાલુ

ભકિતની વૃદ્ધિ માટેનાં સાધનો વર્ણવ્યાં. એ પછી તેનાથી થતી અસરનું વર્ણન કરતાં કહે છે – "બીજદાઢર્ય પ્રકારસ્તુ" વગેરે –

બીજદાઢર્ય પ્રકારસ્તુ ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ ।
અવ્યાવૃત્તો ભજેત્કૃષ્ણં પૂજયા શ્રવણાદિભિઃ ॥૨॥

અર્થ :– બીજભાવને દઢ (એટલે મજબૂત – પાકો) કરવાનો ઉપાય એક જ છે – ઘરમાં રહીને, પોતાના ધર્મનું પાલન કરતાં કરતાં, અવ્યાવૃત્ત બનીને (એટલે કે વેપાર–વ્યવસાય કે નોકરી વગેરેમાં ચિત્તને રોકયા વગર) શ્રીકૃષ્ણને ભજવા જોઇએ – શ્રીકૃષ્ણની પૂજા–સેવા દ્વારા, શ્રીકૃષ્ણની લીલાઓના શ્રવણ દ્વારા, તથા શ્રીકૃષ્ણના ગુણોના કીર્તન દ્વારા. ૨.

વિવૃત્તિ :– "તુ" શબ્દ બીજા કોઇ પ્રકાર નથી જ એમ દર્શાવવા માટે કર્યો છે. બીજની એટલે કે ભગવદ્ ભાવની દઢતા કરી આપનાર પ્રકાર છે ભગવદ્ ભજન કરવામાં અથવા

તો પૂર્વે કહી ગયા તે ભક્તિરૂપી બીજનો – એમ અર્થ છે. એ પ્રકારને જ વર્ણવતાં કહે છે “ગૃહે સ્થિત્વા વગેરે”થી પોતાના ધર્મ પાલનપૂર્વક અગ્નિહોત્ર વગેરે ઘરમાં રહીને કરતાં કરતાં અને અવ્યાવૃત્ત બનીને એટલે કે ધર્મપાલન સિવાય બીજા કોઇ કર્તવ્યમાં આસક્તિ વગરનો બનીને એટલે કે અચંચલ – સ્થિર બનીને સદાનંદ એવા શ્રીકૃષ્ણને જ શ્રવણાદિ પ્રકારો વડે, પૂજા કરીને, ભજવા એમ અર્થ છે. અહીં સ્નેહની અધિકતાના અભાવના કારણે, કહેવામાં આવતી પુજા સાથેના સામ્યના કારણે “પુજા” શબ્દ વાપર્યો છે. તન્ત્રાદિમાં કહેલી પુજામાં શીતલ શંખ જલથી સ્નાન કરાવવું વગેરે કહેલું છે તે ભક્તિમાર્ગ વિરુદ્ધ હોવાના કારણે અથવા તો જો એમ દલીલ કરવામાં આવે કે કૃષ્ણ ભજનના પ્રકરણમાં તેની વિભૂતિ વિષયક પુરાણોક્ત યજ્ઞ કરવાનું અયોગ્ય હોવાથી અહીં “પુજા” શબ્દનો કરાયેલો ઉપયોગ કેવી રીતે યોગ્ય ગણાય ?

જો આવો પ્રશ્ન પુછતા હો તો ઉત્તરમાં કહેવાનું એ છે કે ભાવપુર્વકના ભજન કરવાના પ્રકારો ઘણા છે. એ પ્રકારોમાં ભાવપુર્વકની પુજાનો સમાવેશ પણ થઇ જાય છે. આ જ કારણને લીધે શુદ્ધ પુષ્ટિમાર્ગના આચાર્યોએ પ્રમેય પ્રકરણના સાતમા અધ્યાયમાં કહ્યું છે કે “પ્રણયના અવલોક પુર્વક પુજા કરી” વગેરે....વગેરે દ્વારા અહીં ભગવાનના ગુણગાનમાં હરિણીભાવ (એટલે હરિણી જેમ સંગીત સાંભળવામાં એકચિત્ત થઇ જાય છે તેવા એકાગ્રભાવ) નું નિરૂપણ કર્યા પછી એ ભાવ જેવી પુજા રૂપતાનું નિરૂપણ કર્યું છે. ત્યાં કદાપિ તાન્ત્રિક પુજાનો ઉલ્લેખ યા તો કલ્પના નથી. કારણ કે તાંત્રિક પુજાનું સ્વરૂપ અન્ય (જુદું) છે. તેથી એવા ભાવને અનુસરનારી એ ભક્તિનું અહીં નિરૂપણ કરવામાં આવ્યું છે તેનું ઉપાદાન વિરોધકારક નથી. શ્રવણ–કીર્તન વગેરે નવધા ભક્તિના સમુચ્ચયમાં આવી પુજા એટલે સેવાનો સમાવેશ કરવામાં આવેલો હોવાથી એવી ભાવ પુજા (એટલે સેવાના ઉપદેશમાં કોઇ ક્ષતિ (એટલે ખામી) નથી. અથવા તો બીજા ધર્મોનો (એ પરધર્મ હોવાના કારણે) ત્યાગ કરવો જોઇએ. એ કારણને લીધે કહે છે. પોતાના ધર્મને એટલે કે ભગવદ્ ધર્મને અનુસરીને, સેવા માટે અનુકૂળ હોય તેવા ઘરમાં રહીને, અવ્યાવૃત્ત બનીને, બીજી કોઇ આસક્તિને ત્યજીને, આસક્તિ રહીત બનીને શ્રીકૃષ્ણ જે સદાનંદ છે તેમની, પુર્વોક્ત ભક્તિપુર્વક શ્રવણ–કીર્તન વગેરે પ્રકારે પુજા (એટલે સેવા) કરવી એમ અર્થ છે, અહીં ‘કૃષ્ણ’ એ શબ્દ વાપરીને સેવાનું ફલ શ્રીકૃષ્ણ જ હોવાનું જણાવ્યું છે. આમ કરવામાં વર્ણાશ્રમ ધર્મના ત્યાગમાં પાખંડીપણું આવી જશે વગેરે દોષ પ્રસંગ નહિ આવે એવો ભાવાર્થ છે.

–ક્રમશઃ

॥શ્રીવલ્લભ॥

ભકિત પોષણ

વિવેચક : પ. ભ. શ્રી મથુરાદાસ જીવરાજભાઇ મહેતા

પાદસેવન

આપ્યું ઉરસ્થાન મૂકીને, રમા ચરણ-સેવા નવ ચૂકે;
હૃદય રહિત કદા હરિ કરે, પણ પદાશ્રિત નહીં મૂકે.
મુકેનાં અંઘ્રિ છે ભકિત-નિવાસ, માટે અવલંબે સહુ દાસ;
એ ભકિત છે અતિસે દુર્લભ, પ્રાપ્તિ થયે સર્વ પદ સુલભ.
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ (૨૨)

શબ્દાર્થ :- ઉરસ્થાન-હૃદયસ્થાન, રમા-લક્ષ્મીજી, અંઘ્રિ-ચરણ અવલંબે-આધારે રહે. પાદસેવન ભકિત – મર્યાદામાં શ્રી લક્ષ્મીજી, બ્રહ્મા, શિવજીએ કરી. પુષ્ટિમાં (પુલિન્દીઓ) ભીલડીયો. શ્રી વલ્લભ સમયે – કૃષ્ણદાસમેઘન;

લક્ષ્મીજીને પ્રભુએ ઉરસ્થાન આપ્યું છે, છતાં ચરણ સેવા છોડતા નથી. તેમાં મર્મ સમજવા જેવો છે. ભગવાનને આશ્રયે રહેલાનો કદી પણ ત્યાગ કરતા નથી. પદાશ્રિત જીવોથી કદાચ દોષ પણ થઇ જાય, તો ક્ષમા આપે છે. પરંતુ અન્ય રીતે આશ્રય કરી રહેલા જીવોને કદાચ છોડી દે તો ! આ મર્મ જાણીને લક્ષ્મીજી પાદસેવન સેવાને મુખ્ય માને છે. શિવજીયે તો ચરણ ધોયેલું જળ પોતાની જટામાંહે સદાને માટે સંઘરી રાખ્યું છે. બ્રહ્માજી પણ ચરણાંરવિંદની ભકિત જ ઉત્તમ માને છે. પુષ્ટિમાં કૃષ્ણદાસ મેઘન ચરણારવિંદની સેવા માનતા. દામોદરદાસ હરસાની જે પુરો સમય શ્રી મહાપ્રભુજી સાથે વિતાવતા માર્ગનું હાર્દ બધું તેમને જ સમજાવ્યું હતું, છતાં રાત્રે ચરણ સેવા કરીને જ આનંદ માનતા હતા કે, ચરણ શરણનો પ્રભુ ત્યાગ નહીં કરે. બાકી અનેક પ્રકારનાં ભકતો જુદી જુદી ભાવનાવાળા દોષ પડે તો દુર ફેંકાય જાય, ચિત્રકેતુ ભક્ત હતા. મહાદેવજીની મશ્કરી કરી તો વૃત્રાસુર રૂપે પૃથ્વી ઉપર રાક્ષસ યોનિ ભોગવવી પડી. પછી જ તેને ભાન પ્રાપ્ત થયું કે દાસાનું દાસ થાઉં. શરૂમાં ચરણારવિંદની ભકિત દૃઢ હોત તો શ્રાપ બાધા ન કરી શકત. ચરણારવિંદની ભકિત દીનતાનું દાન કરે છે. તેથી હું કાંઇક છું આવું અભિમાન રહેતું જ નથી, તેનાથી કોઇનો અપરાધ થાય જ નહીં. કૃષ્ણાવતારમાં – ભીલડીયો ચરણ દાસી બનીને રહેતી, બપોરનાં પ્રભુ જ્યાં પોઢયા હોય, ગીરીરાજજીની કંદરામાં કે કોઇ કદમ વૃક્ષની નીચે કોઇ પણ વનમાં હોય, ત્યાં ફળ ફૂલની છાબ લઇને પાછળ પાછળ ફરતી. ઉત્થાપનમાં ફળ ફૂલ તેમનાં ભાવથી પ્રભુ અંગીકાર કરે છે.

પુષ્ટિ રીત તો કેટલી સુંદર છે, શ્રીને જગાવો ત્યારે ચરણ ચાંપીને જગાડાય, પોઢાડતી વખતે પણ ચરણ સેવા થાય છે. આમ પ્રણાલિકામાં જ આ ભકિતનો સમાવેશ થયો છે. જેથી જુદી વ્યાખ્યાની જરૂર જ નથી રહેતી. ચરણ સેવા શ્રી સ્વામિનિજી પણ પ્રભુની કરે છે, ચરણ સેવાનું મહત્વ સમજીને કે પ્રભુ સ્વતંત્ર છે, પણ ચરણારવિંદનાં ભકતોને છોડવા સમર્થ નથી. એકવાર શ્રી ઠાકુરજીયે શ્રી સ્વામિનિજીને કહ્યું કે હે પ્યારીજી આપ જરા દર્પણ લઇને જુઓ તો આપણાં બંનેમાં કેનું મુખારવિંદ સુંદર છે. શ્રી સ્વામિનિજીયે ચતુરાઇથી જવાબ આપ્યો અને કહ્યું કે હવે આપ જ બતાવો ત્યારે પ્રભુને હાર માનવી પડી.

રાગ તીલક કામોદ

મેરો મુખ નીકો કે તેરો રાધે પ્યારી ટેક
લે દર્પન દેખો મૃગ નયની સાંચી કહો વૃષભાન દુલારી (૧)
તુમહો નંદજી કે છેલ છબીલે હમ હે ગુજરીયા દાસી તિહારી
તુમ્હારે શિર પર મુકુટ બિરાજે હમારે શિર પર તુમ બનવારી (૨)
આપ ગોવર્ધન નખ પર ધાર્યો મેં ઉર ધાર રહી ગીરધારી
'કૃષ્ણદાસ' પ્રભુ ગીરીધર નાગર ચરણકમલ પર રાધા જુ વારી (૩)

શ્રી સ્વામિનિજી આપનાં અર્ધાંગી શ્રી અંગથી જ પ્રગટ થયેલા તેમજ સર્વ લીલાનાં અધિકારી પ્રભુ સ્વયં તેમની ઇચ્છાને અનુસાર લીલા કરવાવાળા, માન મનાવવાવાળા, ચરણ સેવા પણ કરવાવાળા તો પણ આ પદમાં તેમણે ચરણારવિંદનું મહત્વ બતાવ્યું છે.

પ્રભુ આપ તો નંદરાયજીનાં પુત્ર વૃજેશ્વર છો હું તો એક ગુજરીયા છું, આપની દાસી છું, આપનાં શ્રી મસ્તક પર મયૂર મુકુટ શોભાયમાન છે પરંતુ મારા શિર પર તો આપ બિરાજમાન છો. મુકુટ આપની શોભામાં વૃદ્ધી કરે છે તેમ મારા મસ્તક ઉપર તો આપની જ શોભા છે.

સાત દિવસ ગીરીરાજને ધારણ કરવાવાળા આપ ગીરીધારી છો પરંતુ આવા ગીરીધારીને હું મારા ઉર (હૃદય પર) ધારણ કરૂં છું. હું તો આપનાં ચરણારવિંદ પર વારિ જાઉં આપ જ બતાવો કે કેનું મુખ સુંદરર છે. શ્રી ઠાકુરજી હસીને ચૂપ રહ્યા. ઉત્તર આપે તો પોતે હાર્યા જ હતા.

ચરણ સેવન ભકિત શ્રેષ્ઠ છે. ચરણમાં રહેલા જીવોને પ્રભુ કદી છોડતા નથી કેમ કે અભયદાન તે ચરણ સેવા.

પ્રભુ પણ વિચારે છે કે બધા ભકતો મારા ચરણમાં આટલા મોહિત થઇ રહે છે તો હું પણ જોઉં કે તેમાં શું રસ છે. આમ કરી બાળ લીલામાં બન્ને હાથથી લઇ ચરણનો અંગુઠો મુખમાં લે છે તે દ્વારા સમસ્ત ભકતોને અધર પાન કરાવે છે.

“ અંગુષ્ઠ ચોષકં ગૂઢ રસ પોષકં ”

શ્રી ગુસાંઇજી કૃત પાલનોનાં કિર્તનમા આ તુક છે. આ ભાવ બાળલીલામાં સહેજ સિદ્ધ થાય છે.

પુષ્ટિમાં મુખ્ય મુખારવિંદની સેવા કહી છે, પરંતુ ચરણ સેવાનું મહત્વ ઓછું નથી. એ તો મર્યાદામાં ચરણનું દાસત્વ છે, જ્યાં પ્રભુનાં સુખનો વિચાર નથી. પ્રભુ તું મારો ઉદ્ધાર કર. અભયપદ જાણીને જ મર્યાદામાં ચરણારવિંદની ભકિત કરે છે.

પુષ્ટિમાં પ્રભુનું સુખ જાણીને સર્વાંગની સેવા થાય છે. પ્રભુને જે સમયે જે વસ્તુની આવશ્યકતા તે મુજબ માળા, ચંદન, વસ્ત્ર બીડા વિગેરે સખી દ્વારા અંગીકાર કરાવે તે પાદસેવન.

વળી ચરણારવિંદના ભાવનું ગોવિંદદાસનું પદ નીચે મુજબ

ચરણ લગ્યો ચિત્ત મેરો, શ્રી વલ્લભ ચરણ લગ્યો ચિત્ત મેરો
ઇન બિન ઔર કછુ નહી ભાવત, ઇન ચરણનકો ચેરો (૧)

ઇન હી છાંડ ઔર જો ધ્યાવે, સો મૂરખ જુ ઘનેરો
‘**ગોવિંદદાસ**’ યહ નિશ્ચય કર સોહી જ્ઞાન ભલેરો (૨)

ટીકા :- આ કીર્તનમાં ચરણારવિંદનું જ મહત્વ આપ્યું છે કે, હે શ્રી વલ્લભ મારૂં મન કેવળ આપનાં ચરણમાં જ લાગ્યું રહે. તે છોડીને બીજે કયાંય પણ જાય નહી. જો મૂર્ખ હોય તો બીજે જાય. નિર્ભયતા જ્યાં પ્રાપ્ત કરી, વળી બીજે ભટકવું તે મહાન મૂર્ખ જ કહેવાય. બસ આથી વધારે મારે જ્ઞાનની જરૂર નથી, આવો ગોવિંદદાસજીનો દ્દઢ નિરધાર છે.

વળી જુઓ ચરણ શરણ વૃજરાજ કુંવર કે -
“શ્રી વલ્લભ લાડીલે હો તિહારે ચરણ કમલ શરણ હોં .... શ્રી વલ્લભ
હોં ચરણાત પત્રકી છૈયા -
તેમજ સુરદાસજી - દ્રઢ ઇન ચરનન કેરો ભરોસો.

આમ ઘણા ભકતો ઘણા ઘણા કીર્તનોમાં પોતાની ઇચ્છા ગાનનાં રૂપમાં પ્રભુ પાસે પ્રગટ કરે છે. પ્રભુ હું કેવળ આપનાં ચરણારવિંદ ગ્રહીને રહું. આપનાં ચરણકમલમાં મારું મન રૂપી ભ્રમર ભટકતું રહે. ચરણકમલના પરાગનું આસ્વાદન લેતું રહે, તે છોડીને ન જાય અત્રે કમલની ભાવનાં બતાવી છે કે ભ્રમર અનેક પુષ્પોમાં ભ્રમણ કરે પરંતુ કમલમાં સ્થિર થાય. અન્ય ફૂલ ભલે નિરસ કરે પરંતુ કમલમાં પોતે જ બંધીવાન બની જાય છે તેમ હું આપનાં ચરણકમલમાં સદાને માટે બંધીવાન બની જાઉં આ ભાવનાં છે.

રસિક પ્રિતમનું એક પદ –

દેખ શ્રી વલ્લભ રૂપ છટા હો
પ્રેમ સુધારસ વરસત નિશદિન, માનો ઉમડી ઘટાહો
ચાંપત ચરણ દમલા નિજકર પોઢે ઉંચી અટાહો
‘રસિક’ પ્રિતમ શ્રી વલ્લભ જુકે ચરનન મન લપટાહો. દેખ.

વર્ષા ઋતુ આવે ત્યારે વાદળીયો વરસીને ધરતીને તૃપ્ત કરે પરંતુ **શ્રી** વલ્લભ તો પ્રેમ સુધારૂપી વર્ષા બારેમાસ રાતદિવસ કરીને નિજ ભકતોને આનંદ આપી રહ્યા છે. આવા શ્રી વલ્લભનાં ચરણારવિંદ દામોદરદાસ હરસાની દબાવી સેવાનો લાભ લઇ રહ્યા છે. આવા પ્રભુ ચરણોમાં મારું મન લપટાઇ જાય. આ ભાવના રસિક પ્રિતમે કરી છે.

સુખનું ધામ, અચળ ધામ, નિર્ભય ધામ, તે આપનાં ચરણારવિંદ.
માટે જ કવિ શ્રી કહે છે કે સેવો શ્રી કૃષ્ણ કૃપાળ. ૨૫.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧ ગો. વા. મણીબેન કેસરીયા રાજકોટના જયશ્રીકૃષ્ણ હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલના જયશ્રીકૃષ્ણ.

૨ ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ મુંબઇના જય શ્રી કૃષ્ણ.

૩ મહાકારુણિક જગતગુરુ શ્રીમદ્‌વલ્લભાચાર્યજી પંચ શતાબ્દી મહોત્સવ સમિતિ–રાજકોટના સૌજન્યથી.

શ્રી યમુનાજીના પદ

રચયિતા : મહાકવિ શ્રી વલ્લભદાસ શર્મા, દેવરી.

ભાવાર્થ–લેખક **'માધુરી'** રાજકોટ

પદ–૨૭

શ્રી યમુને બ્રજજન ધન વંદનિ;
અતિ ઉદાર કરુણામય કોમલ કૃષ્ણચંદ્ર મુખ ચંદનિ. ૧
સકલ અલૌકિક સિદ્ધિ પ્રણત કોં સદા કરતિ હો દાન;
તેરી પ્રીતિ રીતિ કો કીરતિ કરત સદા હરિગાન. ૨
તટ રજ ચારુ ફુરતિ ચિત્ત–મણિ મહા મહોત્સવ સાની;
ભક્તભાલ અંકિત લખિ શંકિત કાલ કલહ અભિમાની. ૩
બલિ બલિ યુગલ કૂલ લીલા લય રાધા રમણ નિવાસ;
પાહિ પાહિ "વલ્લભ" કિંકર કી પૂરો હા હા આસ. ૪

ભાવાર્થ : શ્રી યમુનાજી આપ વ્રજજનોના પરમ વંદનીય છો. આપ મહાન કરુણામય છો. જેમ ભગવાન શ્રીકૃષ્ણચંદ્ર છે તેમ આપ મુખારવિંદની કોમળ ચાંદની છો. પ્રાણપતિથી સકલ સિદ્ધિ પ્રાપ્ત કરેલી હોય, જે કોઇ આપની શરણ આવે તેને ઇચ્છિત ફલદાન આપો છો. ભકતવત્સલતા આપની જોઇ પ્રભુ પણ આપના આ ગુણોનું ગાન કરે છે. આપના તટપર સુંદર વાલુકા (રેતી) ચિંતામણી સમાન છે, તે ઇચ્છિત ફલ દેવા સમર્થ હોય સદાને માટે કોમલ ચમકાર કરતી જાણે કે સદાને માટે મહોત્સવ મનાવી રહેલી હોય તેવો આનંદ પ્રદર્શિત કરે છે.

આપના ભકતોના કપાળના લેખો ફેરવીને પોતાના પરાક્રમથી આપની છાપ તેના કપાળમાં લખાઇ જાય છે, જેથી કરીને કલિમલ મહાન કઠિન કલિકાલનું અભિમાન ઉતારવાવાળા છો. મતલબ કે ભકતોનાં કપાળે આપની છાપ જોઇને કલિ પોતાનું જોર તેનાં ઉપર ચલાવી શકતો નથી, હાલાંકી કલિ સમજે છે મારૂં રાજ્ય છે, મારા ખપ્પરમાં બધા જીવોને લઇ લઉં પણ તેનું અભિમાન ઉતરી જાય છે. વળી આપના બન્ને કિનારા લીલામય છે, કેમકે શ્રી રાધારમણ પ્રભુ તટપર બિરાજમાન રહે છે.

આવા મહાન અલૌકિક વૈભવવાળા શ્રી યમુનાજી આપનો દાસ વલ્લભ હા હા ખાય આપની આસે આવ્યો છે, તેની આશા પૂર્ણ કરો. ॥૨૭॥

॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

વ્રજલીલાનાં પદો

રચયિતા : **શ્રી પ્રવીણચંદ્ર એમ. દેસાઈ** (ચરણદાસ) બી. ઇ. (સીવીલ) **બીપુરર**

–ગતાંકથી ચલુ

૧૨. 'કરહેલા' –લીલા રાગ : કેદારો

[મહા ઓચ્છવના દિન અતિ રળિયામણા રે....]

બરસાનામાં સખીઓ લાવે, વિધ વિધ રૂપ સિંગાર રે,
શ્રી રાધા સંગે રમવા રાસે, મનથી કરે નિરધાર રે.... ૧

પીરી–પોખરમાં પીઠી ચોળી, મેંદી લગાવે છે હાથે રે;
પગે મેંદીના છાંટણા છાંટી, પોખર પીળી થાય રે.... ૨

કેશ ગુંથાવે સુગંધી નાંખી, જરીના વાગા ધરાવે રે;
વેણી ગુંથીને શ્યામે સજાવી, ભાલમાં બિંદી લગાવે રે.... ૩

લલિતા કુંડે સખી લલિતાજી, ભાવ થકી શણગારે રે;
અંજન ખોરે કાજલ આંજી, શ્યામ અતિ હરખાય રે.... ૪

સોળે શણગારે શ્યામ સજાવે, રાસ રસિક રસ કાજ રે;
'ચરણદાસ' સખી હેલા–પાડે, રમવા આવો સજી સાજ રે.... ૫

૧. હેલા : રાસ રમણની પૂર્વ તૈયારી રૂપે સખીઓ બરસના ધામમાં આવી વિધ વિધ રૂપથી શ્રી રાધાજીને શણગારે છે. પીરી પોખરે પીઠી ચોળી, મેંદી હાથે અને પગે રંગાવી ભાતભાતના શણગાર બનાવ્યા છે. લલિતાકુંડ ઉપર લલિતા સખીએ શ્રી રાધાજીને શણગાર્યાં છે. શ્રી ઠાકોરજીએ શ્રી રાધાજીની વેણી ગુંથી છે. પછી અંજન ખોરે આવી પોતાના હાથે આંખમાં કાજલ આંજી આપી છે. કાજલ આંજી પ્રભુએ શિલા ઉપર હાથ ઘસતા આખી શિલા કાજલ સમાન બની ગઇ છે. અન્ય સખીઓએ આ અલૌકિક કાજળને શિલા પર હાથ ફેરવી આંગળીના ટેરવામાં લઇ પોતાની આંખે અંજન કર્યું છે અને અંજન ખોરમાં હાથ ધોયા છે. ત્યારથી અંજનખોરનું જલ પણ શ્યામ બની ગયું છે. ત્યાર પછી બાકી રહેલા શણગારો શ્રી ઠાકોરજીએ અત્રે કરહેલા પધારી પહેરાવ્યા છે. અને મહારાસ માટેની બધી સામગ્રીની અનુકુળતા કરી દીધી છે.

આમ શોળે શણગારે પૂર્ણરૂપથી શણગારી મહારાસ માટે શ્રી રાધાજીને પરમાનંદનું દાન દેવા મનથી સંકલ્પ કરી બધી સખીઓને પ્રભુએ કહ્યું કે હવે હેલા–પાડો, હેલા કરો કે બધી સખીઓ રાધાજી સંગે રાસે રમવા પધારે. તેથી આ ગામનું નામ 'કર–હેલા' પડ્યું છે.

અહીં શ્રી મહાપ્રભુજીની બેઠક છે અને શ્રી ગુસાંઇજી તથા શ્રી ગોકુલનાથજીની બેઠકો છે. અહીં કૃષ્ણકુંડ છે. આ શ્રી વૃષભાનજીનું ઉપવન છે. અહીં શ્રી ઠાકોરજીએ દધિલીલા પણ કરી છે. અહીં વિશાળ કદમખંડી છે. શ્રી ગુસાંઇજીએ આ બેઠકે રાસ પંચાધ્યાયીના શ્રી સુબોધિનીજી ઉપર શ્રી ટિપ્પણીજી નામે ગ્રંથ પ્રગટ કર્યો છે. —ક્રમશઃ

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય ઇચ્છારામ ભટ્ટના

આંતર ઉદ્‌ગારો

૩૯. પુષ્ટિ ને મર્યાદા ભક્તના ગુણ

જેટલા ભગવદીય પ્રભુની સેવા કરે, ગુણગાન કરે. સ્મરણ કરે ને વળી પ્રભુ પાસે માગે, એ તો મર્યાદામાર્ગીય ભગવદીય કહેવાય, ત્યારે પુષ્ટિમાર્ગીય કયા ?

જવાબ : શ્રી જશોદાજીને ઘેર પ્રકટ સ્વરૂપ થયું, ત્યારે સર્વે કોઇ બ્રાહ્મણ, ભાટ, ચારણ તથા માગણ આવ્યા. બધાને પ્રાકટયનો ઉત્સવ હતો, પણ માગવાનો ઉત્સાહ હતો. આ વખતે શ્રી જશોદાજીને તો પ્રભુને ધવરાવવાનો જ મનોરથ. બીજો કોઇ મનોરથ છે જ નહિ, માટે આ પુષ્ટિમાર્ગીય. (પ્રભુનું સુખ વિચારે તે પુષ્ટિ).

પુષ્ટિમાર્ગીય તે શું ? પ્રભુને પુષ્ટ કરવા. સારી સારી વસ્તુઓ આરોગાવવી. આપણને ન મળે તો જે કંઇ હોય તે પ્રેમથી આગળ ધરવું, અને કહેવું કે હાય ! હાય ! આ પ્રભુ આવા મોટા છે, તેમની સેવા મારાથી કંઇ બની નહિ, એમ કહી હૃદય બળે, તાપ થાય. પ્રભુની આગળ ઉત્તમ સામગ્રીઓ ખૂબ ધરાવી આરોગાવવાનો વખત કયારે આવશે ? વિવિધ પ્રકારના, સુંદર મેવા આરોગાવવાનો વખત કયારે આવશે ? એમ મનમાં મનોરથ કરીએ, ને ન બને તો તેનો તાપ કરીએ, પણ પ્રભુની પાસે કાંઇ માગીએ નહિ, આ પુષ્ટિમાર્ગીય ભગવદીયની સેવા છે.

વળી કહ્યું કે, જ્યારે પ્રપંચની વિસ્મૃતિ થાય, ત્યારે કામ થાય. એની પાંચ આપદા છે એ મરશે ત્યારે પ્રભુનો લાભ થશે. એ પાંચ આપદા કઇ ? દેહની આપદા, ઇન્દ્રિયોની આપદા, તથા મનની આપદા ને બીજી બે એ નાશ પામે ત્યારે પછી પ્રભુનો લાભ થાય.

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

પ. ભ. શ્રી જમનાદાસ મોરારજી કારિયા હ. ગિરિશચંદ્ર જમનાદાસ કારિયા કાંદીવલી (વેસ્ટ)ના જય શ્રી કૃષ્ણ.

આ માસના ઉત્સવ

જેઠ વદ ૧૦ તા. ૧૦-૬-૯૬ સોમવાર ગો. શ્રી દર્શન કુમારજી (કોટા-કડી-ગોંડલ) નો જન્મદિન.

જેઠ વદ ૧૧ તા. ૧૧-૬-૯૬ મંગળવાર યોગિની એકાદશી વ્રત.

જેઠ વદ ૧૪ તા. ૧૪-૧૧-૯૬ શુક્રવાર ગો. શ્રી દ્વારકેશલાલજી (કામવન) નો જન્મદિન.

અધિક અષાઢ સુદ ૧ તા. ૧૭-૬-૯૬ સોમવાર પુરુષોત્તમ માસનો આરંભ-અધિક માસનો પ્રારંભ. ચંદ્રદર્શન, આજથી નવીન મનોરથો-ઉત્સવો થાય અને વિવિધ પ્રકારની અધકીની સામગ્રી આરોગાવાય. ભગવન્નામ જપ-પાઠ અધિક કરવા.

અધિક અષાઢ સુદ ૧૧ તા. ૨૭-૬-૯૬ ગુરુવાર કમલા એકાદશી વ્રત.

અધિક અષાડ સુદ ૧૫ તા. ૧-૭-૯૬ સોમવાર પુર્ણિમા. સ્નાન દાનાદિ માટે શ્રેષ્ઠ.

કાવ્ય-કુંજ

બની કૃષ્ણ ચરણ કમલાનુરાગી

‘જીવતાં જીવન નરસું ઠેસ વાગી
ગુરુકૃપયા સ્મૃતિ પુરાણી જાગી
બની બ્રહ્મસંબંધે સદા સુહાગી
નમું હૃદયના ભાવથી યમુનાજી
તવ કૃપયા કૃષ્ણ પ્રતિ પ્રીતિ જાગી
માયા મિથ્યા હતી તે દૂર ભાગી
કૃષ્ણ ચરણ સેવાની રઢે લાગી
દીધાં અસમર્પિત અન્યાશ્રય ત્યાગી
અસદાલાપથી દૂર હું ભાગી
દુઃસંગથી સદા રહું છું આગી
તવ કૃપયા મૈયા યમુનાજી
બની કૃષ્ણ ચરણ કમલાનુરાગી’

*

એક વૈષ્ણવની આ વાત સુભાગી
કરે રજુ ‘પદરેણુ’ કવિત માં જી

* *

પ્રા. એમ. આર. પાલેજા
(રાજપીપળા)

કંઠાભરણમ્

પુષ્પાંજલિ-ક્ષમાપન-શરણાગતિ-સમર્પણ

(ગતાંકથી ચાલુ)

મંત્રહીનં ક્રિયાહીનં ભક્તિહીનં જનાર્દન ।
યત્પૂજિતં મયા દેવ પરિપૂર્ણં તદસ્તુ મે ॥

હે જનાર્દનદેવ ! મંત્રવિના, ક્રિયાવિના, ભક્તિવિના જેવી રીતે મેં પુજ્યા છે તે પરિપુર્ણ હો.

પાપોઽહં પાપકર્માહં પાપાત્મા પાપસંભવઃ ।
ત્રાહિ માં પુંડરીકાક્ષ સર્વ પાપહરો હરિઃ ॥

હું પાપી છું, પાપ આચરનારો છું, પાપી આત્માવાળો છું અને પાપથી પેદા થયેલો છું. હે કમલસમાન આંખવાળા સર્વ પાપને હરનારા હરિ ! મને બચાવો.

અન્યથા શરણં નાસ્તિ ત્વમેવ શરણં મમ ।
તસ્માત્કારુણ્યભાવેન રક્ષ રક્ષ મહેશ્વર ॥

તમે જ મારું શરણ છો. મારું બીજું કોઇ શરણ નથી. એટલે મારા પર કરુણા કરીને, હે ભગવાન ! મારી રક્ષા કરો, રક્ષા કરો.

ગતં પાપં ગતં દુઃખં ગતં દારિદ્રયમેવ ચ ।
આગતા સુખસંપત્તિઃ પુણ્યોઽહં તવ દર્શનાત્ ॥

પ્રભુ ! તમારા દર્શનમાત્રથી પાપ ગળી ગયાં, દુઃખ મરી ગયાં અને દારિદ્રય પણ જતું રહ્યું, સુખસંપત્તિ મળી અને પવિત્ર થયો.

ભવે ભવે યથા ભક્તિઃ પાદયોસ્તવ જાયતે ।
તથા કુરુષ્વ દેવેશ નાથસ્ત્વં નો યતઃ પ્રભો ॥

હે દેવોના દેવ ! હે પ્રભુ ! જન્મોજન્મ અમારી ભક્તિ આપનાં ચરણોમાં જ રહે એવું કરો, કારણ કે આપ જ અમારા નાથ છો.

કાયેન વાચા મનસેન્દ્રિયૈર્વા બુદ્ધયાત્મનાવા પ્રકૃતેઃ સ્વભાવાત્ ।
કરોમિ યદ્ યત્ સકલં પરસ્મૈ નારાયણાયેતિ સમર્પયામિ ॥

શરીરથી, વાણીથી, મનથી, ઈંદ્રિયોથી, બુદ્ધિથી, અંતઃકરણથી કે પ્રકૃતિના સ્વભાવથી હું જે જે કર્મ કરું છું, તે તે સમય હું આપ-નારાયણને સમર્પણ કરું છું.

ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ ત્વમેવ બન્ધુશ્ચ સખા ત્વમેવ ।
ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ ત્વમેવ સર્વં મમ દેવદેવ ॥

તમે જ માતા છો, તમે જ પિતા છો, તમે જ બંધુ છો, તમે જ મિત્ર છો. તમે જ વિદ્યા છો, તમે જ ધન છો, હે દેવોના દેવ! મારું તો સર્વ કાંઇ તમે જ છો.

શ્રીકૃષ્ણઃ શરણું મમ ! દાસોઽહં કૃષ્ણ તવાસ્મિ ।
બુદ્ધિપ્રેરક શ્રી કૃષ્ણસ્ય પાદપદ્મં પ્રસીદતુ ॥

શ્રી કૃષ્ણ મારું શરણ છે. હે કૃષ્ણ! હું તમારો દાસ છું. બુદ્ધિને પ્રેરવાવાળા પ્રભુ શ્રી કૃષ્ણનું ચરણારવિન્દ અમારા ઉપર પ્રસન્ન રહો.

['કંઠાભરણમ્' કૈસેટ પુસ્તિકામાંથી શ્રી પરીખ પરિવારના સૌજન્યથી]

શ્રી હરિરાય મહાપ્રભુ પ્રકટિત સહસ્ત્ર શ્લોકી સેવા ભાવના

હિન્દીમાં પદ્ય રચના

રચયિતા :- **પ. ભ. રૂપચન્દ ખંડેલવાલ 'ભૂપ' જબલપુર**

–ગતાંકથી ચાલુ

દષ્ટિન સોં હરિ કહં સમુઝાવેં. મનહુ વચન આનંદ બરસાવેં, ગોપીનો ઠપકો સાંભળીને યશોદા માતા પ્રભુને શિખામણ આપે છે તે દશ શ્લોકથી કહે છે. (શ્લોક ૩૦૬ થી ૩૧૫).

દો. સુત ચરિત્ર સુની અતિ મગન, માતુ ઉરહેન રુપ ॥
તિન ગોદી હરિ બૈઠિયે, સોહત પરમ અનૂપ ॥

સો. યશોદા મુદ સમુઝાહિં, લાલહિં ગોદ બિઠાઇ કૈ ॥
અબ તુમ જઇયો નાહિં, ઇન સબકે ઘર ભૂલિ હૂ ॥ ૩૦૬

બેટા ચોરી કરીબે પર ઘર, કબહું ન જાહું સુનહુ યહ ચિત્તધર ॥
હૈ અપ કીર્તી લોક કે માંહી, મમ નિન્દા કરિ જન ન અઘાહિં ॥ ૩૦૭

યદપિ નંદ ઘર હૈ બહુ ગાઇ, ખાવે દેત ન કછુ સુત કહીં ? ॥
ઇહિ વિધિ કહિ ઉલટે ગુનગ્રામ, હમ સબ કહં કરિ હૈ બદનામ ॥ ૩૦૮

નંદરાય જૂ બ્રજકે રાજા, તિન સુત કહં ન સોહ અસકાની ॥
સબ લરિકન નિજ ઘરિ હી બુલાવહુ, ખેલહું મુદ ભાવૈ સો ખાવહુ ॥ ૩૦૯

જો ચાહો સો લેવ હુ લાલન, દ્રવ્યહુ કરિ વસ્તુ ન મૂલ્યાંકન ॥
ભોજન કરહું ઇકાન્તન માંહી, દીઠ કાહુ કી લાગે નાહીં ॥ ૩૧૦

ઐસો સુંદર રુપ તિહારો, જોગ ન બાહર કરહુ ઉઘારો ॥
મમઇચ્છા અસ અપને આંગન, દેખત રહું તુંમહિં ભરી આંખન ॥ ૩૧૧

કહા કરું તુ મમ ઇકલૌતો, અહૈ ઉધમીયા કિ ફિરન્તો ॥
જૈસો હૈ તૈસો મમ પ્યારો, હમ સબકી અંખિયન કો તારો ॥
દો. યાતેં ઘર ઘર જાઇએ, ઔર ખેલિએ કાહિં ॥
બેટા મોહિં કરનો પરે, બાર બાર તોહિં નાહિં ॥ ૩૧૨

કબહું દિવારનપૈ ચઢિયો ના, ઇક ચઢિ દુજી પૈ કુદિયો ના ॥
અનજાને કો સંગ ન કરિયો, નહીં ગાયન કે સીંગ પકરિયો ॥ ૩૧૩

દુધ દહીં કી કેતિક બાતા, તેહિ લગી કયોં કરિઓ ઉત્પાતા ॥
નિત્ય નિત્ય યે સબ ગોપીજન, દેત ઉરહનો અતિ નિર્લજ બન ॥ ૩૧૪

દયા નિધે મો દયા કરાવહુ, ઘર કા કમી નહીં કહું નીવહુ ॥ ૩૧૫

ભગવાન યશોદા માતાને ઉત્તર આપે છે તે સાડા દશ શ્લોકથી કહે છે (શ્લોક ૩૧૬ થી ૩૨૫॥)

માતાકી સિખવન ધરિ ધ્યાના, માથ ઝુકા હિં સુન હિં દે કાના ॥
ગોપી દેખી હિં લાલે જ્યોં હીં, તિન મુખ કમલ પ્રફુલ્લિત હો હીં ॥ ૩૧૬

હે મૈયા મેં કહું ન જાઉં, કિમિ તો કહં બિશ્વાસ દિવાઉં ॥
યે સબ ઝુઠી બોલનહારી, ઇનિહિં ન પતયાયેહું મહતારી ॥ ૩૧૭

મૈયાં મૈં તો બ્રજકે આંગન, ખેલત હો સંગ ગોપ બાલકન ॥
યે સબ ગોપીજન તહં આવૈં, મીઠી બાતન મોહીં કુસલાવૈં ॥
પકરિ–પકરિ મો કહં લે જાવૈ, તો પૈ ઝુઠી આય લગાવૈં ॥ ૩૧૮

દો. હે માં મેં સોઇ કરું, તવ આજ્ઞા ધરિ ચિત્ત ॥
ખેલત બ્રજ આંગન નિકટ, લરિકન કે સંગ નિત્ત ॥ ૩૧૯

પુછુ દાઉસોં કરહું કિ ચોરી ? સબ લરિકન સો પુછ બહોરી ॥
યે સબ સાક્ષી હૈ મમ મૈયા, કબ કિત ચોરી કરે કન્હૈયા ॥ ૩૨૦

હમ સબ ખેલત રહત સદાહીં, યે ગોપીજન ઝુઠી લગા હીં ॥

પ્રાતઃ ઉઠત નિત ઇતનો ખાઉં, ભૂખ હોય તો ચોરન જાઉં ॥ ૩૨૧

તૃપ્ત સર્વથા મેં કહવાઉં, આપ્ત કામ હૈ મેરો નાઉં ॥

ઝુઠો મોહી બતાવનહારી, કપટી માયાવાદી નારી ॥
વિવિધ ભાંતિ ઇમિં કરિ ચતુરાઈ, લાલા અપની માતુ બુઝાઇ ॥ ૩૨૨

બહુ વિધિ લીલા કરહિં અનન્તા, બુદ્ધિન સકલ છિપાહિ તુરન્તા ॥

દો. બડે બડે કારજ કરહિં નિત્ય સખન સંગ જાય ॥
ભોરે ભોરે વચન કહિ પુનિ સબ દેત ભુલાય ॥ ૩૨૩

ઉપરોકતી લીલા સબ કરહીં, ગોકુલ યુવતિન કે પતિ અહહીં ॥
દુઃખ સમુદ્ર કે જે હરનારે, નિજ બલ ધર્મ ન ભુલન હારે ॥ ૩૨૪
નિઃસાધન બ્રજ જન ઉદ્ધારન, મેં સમરથ જે સકલ પ્રકારન ॥
ગિરિ કે ઉપર વ કન્દરામેં, જીવ સકલ તે તહીં રહાવે ॥
ઉન કે આશ્રય આપ કહાવે, રક્ષા સબકી સદા કરાવે ॥
માત્ર અનુગ્રહ કે આધારન, દેં ફલ ફલરૂપે ! વિલંબ વિના ॥ ૩૨૫
ઇ વિધિ ભાવાત્મક ગોપિન કી, તિન ભાવન ભાવાત્મક પ્રભુકી ॥
સદા ભાવના કરનો ચાહિએ, ગુઢ રહસ્ય અવશ્ય સમઝીયો ॥ ૩૨૫॥

ચોથા પ્રકારના રાજભોગની વનની લીલા, તેમાં પ્રથમ પ્રભુ વનમાં ભૂખ્યા થઇ ગયા હશે એવી ભાવનાથી શ્રી યશોદાજી વિરહથી વિકલ થઈને ભોજનની સામગ્રી સિદ્ધ કરીને અંતરંગ ગોપીને શિખામણ દઇ સામગ્રી આપી વનમાં મોકલે છે. તે લીલાનો પ્રકાર સાડા પંદર શ્લોકથી કહે છે. (શ્લોક ૩૨૫½ થી ૩૪૧ સુધી)

અથવા અબ દૂસરે પ્રકારન । રાજભોગ કે સિમરે ભાવન ॥
કૈસે કહે જાય તે ભાઇ । કહત સબન કહં અબ સમુઝાઇ ॥૩૨૬॥
કહત પ્રાતહી ભોર દુલારો । ગાય ચરાવન બનહિં સિધારો ॥
તા કહં ભૂખ લગી અબ હોઇ । કહિ યશુદા વ્યાકુલ વ્હૈ રોઇ ॥૩૨૭॥

દો. કહ મૈયા મધ્યાન્હ ભો, હો ગઇ બહુત અવાર ।
લાલહિં ભાવે તે સકલ, સોંજ કરી તૈયાર ॥૩૨૮॥

અતિ સનેહ વાલી ગોપીજન । માતુ બુલાઇ સબ કહં તત્છન ॥
દાર ભાત બહુ ભાંતિન વ્યંજન । બહુ પ્રકાર સિદધે પકવાન ॥૩૨૯॥
દ્રાક્ષ ખોપરા મિસરી ડારી । અનેક મીઠી વસ્તુ સંવારી ॥
વિવિધ સ્વાદ કે રસ રુચિકારી ધરી દૂધઘર કી તૈયારી ॥૩૩૦॥
ટેંટી આમ બિજૌરા નાના । નીંબૂ અદરક કેર અથાના ॥
અંતરંગ ગોપીજન બુલાઇ । તિનહિં રસોઇ મેં પધરાઇ ॥
અપને સુત કહં જો જો ભાવે । સકલ વસ્તુ સિદ્ધાઇ રખાવે ॥
અન્ન વ્યંજનાદિક પકવાના । ગોરસ વિવિધ નજાઇ બખાના ॥

દો. સકલ વસ્તુ કે નામ લે, ગોપિન કહં સમઝાય ।
ઉત્તમ સામગ્રી સકલ, સાદર સિદ્ધ કરાય ॥૩૩૧-૩૩

સોના અસ ચાંદી કે પાત્રન । પૃથક પૃથક ધરિ સિગરી વસ્તુન ॥૩૩૪॥
સુત કો વિચાર મન મેં આયો । સ્તન સોં જનુ મમત્વ ઝર લાયો ॥
ગદ્ ગદ્ કંઠ ન બોલ્યો જાઇ । નેત્રન મેં જલ ગયો ભરાઇ ॥
નયન ભીંચ રોમાંચિત હોઇ । સબ અવયવ શિથિલોય સોઇ ॥
સારે દિન ભટકેગો બન મેં । સાંઝ ભયે આવેગો બ્રજ મેં ॥
સુત કી અસ ભાવના કરાઇ । કહન લગી યોં યશુદા માઇ ॥૩૩૫-૩૬
મો સુત નિજ ગાયન-રજ લપેટ । કેસ કિયે સબ ભાંતિ અટપેટ ॥
મુકુટ અલૌકિક પ્રકાશ લીને । આલસ યુક્ત નયન રસભીને ॥
ગેરૂ આદિ ધાતુન-ચિત્રાયો । શ્રમ બિન્દુન સમૂહ શોભાયો ॥
સુધા સુરત અધરન પૈ આઇ । વેણુ નાદ માધ્યમ સરસાઇ ॥
નૃત્યત હલત ચકચકિત કુંડલ । વારો મુખ કબ દેખહુ ઝલમલ ॥૩૩૭-૩૮
ગોપી સબ પદાર્થ લૌ ઢાંકી । પરે ન દૃષ્ટિ, કાહુ કે બાંકી ॥૩૩૯

દો. કમલ નયન કૃષ્ણ હિં તથા, શ્રી દામાહિં બુલાય ।
સબ પદાર્થ કેનામ લે દૈ યો પુનિ સમ્હલાય ॥
સો. કહિયો પુનિ સમષાય, ખેલે હુ બાગા ખેલતન
ધુપહિં નાહિં ફિરાય, ઢિગ બૈઠાઇ ખવાઇ યો ॥૩૪૧-૪૦॥

એ ગોપી સામગ્રી લઇને વનમાં જાય છે, તે સમયના એના મનોરથ અને પ્રભુના દર્શન કરીને તેની જે અવસ્થા થઇ તે, તથા તેનો પ્રભુની સાથે સંવાદ થયો, અને પછી રમણ જે લીલાના પ્રકારથી થયું તે ચુમાલીસ શ્લોકથી કહે છે. (શ્લોક ૩૪૨થી ૩૮૫ સુધી)

ચલી બ્રજ બધુ માતુ વચન સુનિ । મન હરલાઇ મુખન અતિ મુસુકનિ ॥
પ્રભુ કે ભોજન કી સામગરી । ચલી ઉઠાઈ સકલ ગુણ અગરી ॥૩૪૨॥
સોચૈ. પ્રભુસો બલિહૌં જાઇ । અંગ અંગ સોં આલિંગાઇ ॥
પુનિ અસ કહિહૌં, પુનિ અસકહિહૌં । તિન સોં બાત કરતન અઐ હો ॥૩૪૩॥
ભાવ-વિલાસ હૃદય મેં આયે । લજ્જા કો તિન ત્યાગ કરાયે ॥
ભરી કૃષ્ણહિત સબ સામગરી । નિજ કાંધે સો ધરી કાંવરી ॥
પુનિ સામગ્રી-પત્ર લિયેકર । ગોકુલેશ સુજ્ઞ ગાત હર્ષભર ॥
પુષ્પન સોં શોભિત બન દેખી । ભઇ કામ પીડિત જુ વિશેષી ॥૩૪૪॥

દો૦ નિત લીલનિ આંતર રમણુ જે લેં પ્રભુ કે સંગ ॥
વેણુનાદ સુનતહિં ભઇ । શિથિલ અંગ ગતિ ભંગ ॥૩૪૬॥
જેસે તૈસે બનમેં આઇ । ગોકુલ નાયક નિકટ સુહાઈ ॥
ઉચ્ચ સ્વરન કરિ પિયકો ગાના । તિનહિં જનાવહિ જતુ નિજ આના ॥
તિન ઢિગ આઇ બુલાયો તિનકહું । નામ લેત આનંદિત હિય મહું ॥
ટેરિ–ટેરિ મધુરે સ્વર માંહિં । મનહુ પિય હિં પ્રેમ વશ કરાહીં ॥
પ્રિયતમ સુખ સર્વાંગન સુન્દર । કો સ્તંભન ભાવન દર્શંકર
થિર ગતિ ભઇ, ઇકાઇક હેરી । ચિત્ર ન ચિત્યો મનહુ ચિતેરી ॥
મુખ દેખત કછું બોલ ન પાઈ । તન મન ગતિ સબ ગઇ રુકાઇ ॥૩૪૯॥
પૂછહિં કૃપાત્મેન કૃપયાઇ । મમહિત તુ ઇત કા લૈ આઇ ॥
દો. પિય કે વચન સનેહયુત, સુનત સખી હરખાઇ ।
અબલા જનુ સબલા ભઇ, બોલન કો બલપાઇ ॥૩૫૦॥
તવ હિત પઠઇ માતુ તવ, સો સામગ્રી લે હું ।
કા ભેજયો ? હરિ પુછહિં, ઢિંગ આ, સહિત સનેહું ॥૩૫૧॥

સોં. તુ કા લાઈ બોલ, માં પઠઇ તે છાડિ કૈ ॥
અપને મનકી ખોલ. મોં કહં લાઈ કા ? અપના ॥ ૩૫૨
મેં સર્વસ્વ લાઇ હું તવહિત । બોલી મંદ હાસ્ય મુખ શોભિત ॥
ગોકુલેશ મમ નાથ કૃપા નિધિ । કહા છીપાવહું તુમ સો કેહિ વિધિ ॥
લોક ઔર પરલોક સમેતા । તુમ કહં અર્પિત કૃપા નિકેતા ॥
હાસ્ય કત ચુદષ્ટિન પ્રભુરાઇ । કહયો દેહુ મોહિ સો હરષાઈ ॥ ૩૫૩–૫૪
કહુ ગોપી કિમિ કરહુ મસકરી । સત્ય કરહું નિજ વચન માધુરી ॥
પ્રભુ બોલે કહુ સત્ય કહાં હૈ ? । તવ શરણાગતિ નાથ જહાં હૈ ॥
જો મમ ચરણુન સત્ય રમાયો । કરુ મોસોં સંબંધ દઢાયો ॥
કઠિન કાર્ય યો કુલાંગનન કહં । બોલી સો ગોપી હરિ સોં તાહું ॥ ૩૫૬
દો. સત્ય કહું મેં પ્રભુ કહીં તુમહી ઉચિત બસ યે ॥
સો કહ લરિકન સામને ઉચિત ન બચન સનેહ ॥ ૩૫૭
પ્રભુ બોલે યે લરિકા આહીં । ઇન સન્મુખ નહિં દોષ ગિનાઇ ॥
અથવા કરહુ તુમ્હાર કહે તેં । દુર ભગાવહું ઇનહિ ઇહાં તે ॥
પૈ હે સુન્દરિ સુનહુ બાત ઇક । યે જાનહિં મન સબ લીલાદિક ॥

પુનિ યે મગન ખેલકે માંહી । યા તેં યે દેખહિ કછુ નાહીં ॥
અતઃ ન કરિ ચિન્તા કાહૂ કી । મમ હિત તું વન આઇ નીકી ॥
ઔર કહત તુમરો યે સર્વસ । સો સબ સોંપુ મોંહિ અબ બરબસ ॥
ન કરુ દીનતા હૈ સબ સાચો । અસકહિ ગોપી-મન બૌરાયો ॥
પુનિ આકુલ વ્યાકુલ ઉત્કઠન । રોક ન પાઇ ગોપીનિજ મન ॥ ૩૫૮-૬૦
છં. નિજમન ન ગોપી રોક પાઇ, રતિન ઉદ્રિકિતત જાઇ ॥
ઇમિ રસાત્મક રમણ ભયો, ક્રમ ગતિ ન કોઇ રહાઇ ॥
પહલે કટાચ્છન પુનિ મુખ ન દેખન-રસનિ ઉદબોધન ॥
હાસ્યન ભયે અંગ સ્વસ્નન,, સહસખીન ગજામન નિકુંજન ॥
દો. પુનિ પુષ્પન શૈયા બીછી, તાપૈ બેઠે જાય ॥
પરમ ઉદાર ચરિત્ર પ્રભુ, એકાન્તેન શોભાય ॥ ૩૬૧-૬૪

માનવ-ધર્મ

(મનુષ્ય કે દશ ધર્મ)

સંપાદક :- **શ્રી હનુમાનપ્રસાદ પોદાર**
ભાષાંતર :- **ડો. ચુનીલાલ રવજી, બાલધા, આંખના સર્જન, રાજકોટ.**

(ગતાંકથી)

(૨) ઇચ્છા વિરુદ્ધ કાર્ય થવાથી મનુષ્યના ચિત્તમાં એક એવી સળગતી વૃત્તિ ઉત્પન્ન થાય છે જે તેના આખા શરીરમાં આગ જેવું લગાડી દે છે. શરીર અને ચહેરો લાલ થઇ જાય છે. આંખોમાં સૌથી વધારે લાલાશ આવી જાય છે. શરીર ધ્રુજવા લાગે છે. ઇન્દ્રિયો પણ ખૂબ જોરથી બેકાબુ થવા ઇચ્છે છે. આવી અવસ્થામાં ધીરજ ન રાખનાર મનુષ્ય પોતાની કે બીજાની મોટામાં મોટી નુકશાની કરી બેસે છે. જેનું પરિણામ લગભગ બધા જાણે છે.

(૩) ધનની ઇચ્છા છે, પરંતુ ધન મળવામાં વિલંબ થઈ રહ્યો છે. કોઈ પણ રીતે ધન તુરત જ મળવું જોઇએ. આ અવસ્થામાં ધીરજ છૂટી જાય છે અને પરિણામ સ્વરૂપે ચોરી, લૂંટ અને ખુન વગેરે થયા કરે છે.

(૪) કોઇ કામમાં રૂપિયા લગાડી દીધા, પાસે નથી. ન આપવાથી આબરૂ જાય છે, મોટો ભય છે, ઘણી વખત સારા સારા માણસો આવી અવસ્થામાં ધીરજ છોડીને આત્મહત્યા પણ કરી બેસે છે અથવા પાપી અધિકારી કહે છે – “તમે સત્ય બોલશો તો મારી નાખવામાં

આવશે.” “ભગવાનનું નામ લેશો તો જીભ કાપી નાખવામાં આવશે.” “ધર્મ નહીં છોડો તો દિવાલમાં ચણી દેવામાં આવશે.” “તમે તમારું સતીત્વ છોડીને વ્યભિચાર નહીં કરે તો માથુ ઉડાવી દેવામાં આવશે.”

આવી ધમકીઓમાં માનવી પ્રાણના ભયથી ધીરજ છોડી દે છે. આ અવસ્થામાં જે ધીરજ સંભાળે છે, ધીરજ તેના ધર્મ, પરલોક અને કિર્તિની રક્ષા કરે છે.

(૫) એક રોગી છે તેને મીઠું (ગળ્યું) ખાવાનું વ્યસન છે. પેટમાં બીમારી છે. વૈદે મીઠું ખાવાની મના કરી છે પરંતુ તે નથી માનતો. મીઠું જોતાં જ તેની ધીરજ છૂટી જાય છે અને પરિણામે મૃત્યુનો શિકાર થવું પડે છે.

(૬) પ્રહલાદનું શરીર હાથીથી કચડવામાં આવે છે. સાપથી કરડાવાય છે. ગુરુ ગોવિંદસિંહના બાળપુત્રોને દિવાલમાં જીવતા જ ચણવામાં આવે છે. આવી અવસ્થામાં ધીરજ રાખવાથી જ આજ સુધી તેમના નામ અમર છે. ધીરજ ન રાખવાવાળા થોડા સમય માટે શારીરિક દુઃખથી ભલે મુક્ત થઇ જાય, પરંતુ તેનું પરિણામ ઘણું જ દુઃખદ હોય છે.

આ રીતે અનેક કારણોથી ધીરજ છૂટવાનો સંભવ હોય છે. પરંતુ પ્રયત્ન કરવાથી ધીરજની રક્ષા થઈ શકે છે. ધીરજ જ સત્ય અને નિયમની રક્ષા કરે છે. જો ધીરજ ન હોય તો આજ હરિશ્ચન્દ્ર, મયૂરધ્વજ, પિતામહ ભીષ્મ, યુધિષ્ઠિર અને અર્જુનનું આવું નામ ન રહેત. રાણા પ્રતાપના નામને અમર બનાવનાર ધર્મ ધીરજ જ છે. એકવાર થોડીક ધીરજ છૂટવાથી આખી પ્રતિજ્ઞા પર પાણી ફરવા લાગ્યું હતું, પરંતુ ભગવાને તેમને બચાવ્યા.

ધીરજ જુદા જુદા ધર્મના પાલનમાં એક મોટો સહાયક છે. તેથી જ કદાચ મનુ મહારાજે સર્વ પ્રથમ તેનું નામ લીધું છે. ભગવત્ પ્રાપ્તિ માટે જ્યારે સાધક પહેલા પહેલા સાધનામાં લાગે છે ત્યારે ધીરજ જ તેની મુખ્ય સહાયક હોય છે. ધીરજ યુક્ત બુદ્ધિ વગર મન વશ કરવું સંભવ નથી અને મન વશ થયા વગર પરમાત્માની પ્રાપ્તિ થવી અત્યંત કઠિન છે. જે સાધક પાંચ-દશ દિવસની સાધનાથી ઉબકાઇને ધીરજ છોડી દે છે તે ત્યાંને ત્યાં રહી જાય છે. પરંતુ જે ધીરજથી સાધનામાં લાગી રહે છે તેના હૃદયમાં સાધનાની પરિપકવતા થવાથી પરમાત્માને પામવા માટે અડગ ધીરજના પરિણામ સ્વરૂપ એક વિલક્ષણ અધીરતા ઉત્પન્ન થાય છે અને તે ઉત્પન્ન થતાં જ પરમાત્માના કલ્યાણમય દર્શનનો શુભ સમય આવી પહોંચે છે.

—ક્રમશઃ

સૂરદાસજીના પદ

મન, તોસોં કિતી કહી સમુજાઇ ।
નંદ નંદનકે ચરનકમલ ભજી, તજી પાખંડ ચતુરાઇ ॥
સુખ-સંપત્તિ, દારા-સુત, હય-ગય, છુટે સબ સમુદાઇ ।
છનભંગુર યહ સબૈ શ્યામ બિનુ, અંત નાહિ સંગ જાઇ ॥
જનમત-મરત બહુત જુગ બીતે, અજહું લાજ ન આઇ ।
સૂરદાસ ભગવંત-ભજન બિનુ, જૈહૈ જનમ ગંવાઈ ॥

અરે મન ! તને કેટલીવાર સમજાવીને કીધું કે- શ્રી નંદનનંદનના ચરણકમળનું ભજન કર અને પાખંડ ચતુરાઇ (દંભ કરવાની ઠગાઇ) છોડી દે. સુખ-સંપત્તિ, સ્ત્રી-પુત્ર, હાથી-ઘોડા અને સંસારનો સંગાથ અહીંયા જ છુટી જશે. આ બધું જ એક ક્ષણમાં બધુ નાશ થઇ જવાનું છે. શ્યામસુંદર (ના ભજન) સિવાય બીજું કોઇ છેલ્લા સમયે સાથે નહીં આવે. જન્મ લેતા અને મરતા અનેક યુગો વીતી ગયા, પણ (તને) હજી શરમ નથી આવતી ? સૂરદાસજી કહે છે કે- ભગવાનનું ભજન કર્યા વગર (તું) આ (મનુષ્ય) જન્મને વેડફીને ચાલ્યો જવાનો છો.

ઇહિં બિધિ કહાં ઘટૈગૌ તેરૌ ?
નન્દનંદન કરિ ઘર કૌ ઠાકુર, અપુન હ્વૈ રહુ ચેરો ।
કહા ભયો જો સંપતિ બાઢી, કિયો બહુત ઘર ઘેરો ॥
કહું હરિ કથા, કહું હરિ-પૂજા, કહું સંતનિ કો ડેરો ।
જો બનિતા સુત જુથ સંકેલે, હય ગય વિભવ ઘનેરો ।
સબૈ સમર્પો સુર શ્યામ કોં, યહ સાંચો મત મેરૌ ॥

આ પ્રકારે (રહેવાથી) તમારૂં શું ઘટી જશે ? શ્રી નન્દનન્દનને ઘરના સ્વામી બનાવી ધો અને તમે તેમના સેવક થઇને રહો. સંપત્તિ વધી ગઈ તો શું થયું ? ઘરનો વિસ્તાર વધી ગયો (મકાન મોટું બનાવી લીધું) તો શું લાભ ? (આની સફળતા તો તેમાં છે કે) ક્યાંક ભગવાનની કથા થતી રહે. ક્યાંક ભગવાનની પુજા ચાલતી રહે અને ક્યાંક વૈષ્ણવોના મુકામ થાય. સ્ત્રી પુત્રનો સમુહ એકઠો થયો છે, હાથી-ઘોડા વગેરેનો વૈભવ છે, તે બધું શ્યામસુંદરના ચરણોમાં સમર્પિત કરી દો (બધુ ભગવાનનું છે, આપણું કંઈ નથી, આ દઢ નિશ્ચય કરી લો) સૂરદાસજી કહે છે કે આ જ મારો સાચો મત છે.

કેસેટ પરિચય

ભકત કવિ શ્રી દયારામભાઈ રચિત "ભકિત પોષણ" મહાકાવ્યની ૨ ભાગમાં ઓડિયો કેસેટ

પ્રેરક અને નિર્દેશક : પુ, પા. ગો. શ્રી વિજયકુમાર મહારાજશ્રી (શ્રી દામોદરલાલજી)

સ્વરજ્ઞાન રાગ–ચયન : પુ. પા. ગો. અ. સૌ. રશ્મિ વહુજી (કુમુદીની વહુજી)ના મધુર કંઠે ગવાયેલ છે.

પુષ્ટિ ભકત કવિ શ્રી દયારામભાઈ રચિત "ભકિતપોષણ" કાવ્યમાં કવિશ્રીએ પુષ્ટિમાર્ગીય સિદ્ધાન્ત. સેવા પ્રકાર, નવધા ભકિત તથા સંક્ષિપ્તમાં શ્રીમદ્ ભાગવતમાં વર્ણિત ભગવદભકતોનાં પ્રસંગો તથા સર્વ શાસ્ત્રનો સાર. સુંદર રીતે ૧૦૧ ચંદ્રાવલામાં સમાવી દીધો છે.

આના શ્રવણ અને મનનથી ભકિતને પોષણ પ્રાપ્ત થાય છે. આ અલૌકિક કાવ્ય ગ્રંથની ૨ ભાગમાં ઓડિયો કેસેટ વસાવવા યોગ્ય છે.

કેસેટ પ્રાપ્તિસ્થાન

પુ, પા. ગો. શ્રી વિજયકુમારજી મહારાજશ્રી
૧૦૫, પદમકુંવર એપાર્ટમેન્ટ, હાઈલેન્ડ કોર્નર પાસે,
ચારકોપ વિલેજ, કાંદિવલી (વેસ્ટ) મુંબઈ–૪૦૦૦૬૭
ફોન – ૮૦૬૨૫૪૯

સમાચાર સંચય

રાજકોટ : અ઼ા. રા. પુ. વૈષ્ણવ પરિષદ તથા રાજકોટ વૈષ્ણવ સમાજ આયોજીત શ્રીમદ વલ્લભાચાર્યજી પ્રાકટય ઉત્સવ આયોજન સમિતિના ઉપક્રમે શ્રી જસુબાઈ મંડાણેથી એક ભવ્ય શોભાયાત્રા નીકળેલ. જેમાં આચાર્યચરણ શ્રીમદ વલ્લભાચાર્યએના ચિત્રજીને ચાંદીના સુખપાલમાં પધરાવેલ. પૂ. ગો. શ્રી પરસોતમ લાલજી મહોદય તથા પુ. ગો. શ્રી ગોવિંદરાયજી મહોદય શોભાયાત્રામાં પદયાત્રા દ્વારા જોડાયેલ. આ શોભાયાત્રામાં વિવિધ પ્રકારના ફલોટ જોડાયેલ સાથે રાજકોટમાં ચાલતી વૈષ્ણવ પરિષદ પ્રેરિત પાઠશાળાના બાળકોના ચાર ગૃપ રાસ–ર્કિતન કરતાં જોડાવાની સાથે રાજકોટ વૈષ્ણવ સમાજની ર્કિતન મંડલી, કેસરીયા ર્કિતન મંડલી, હડાળા ર્કિતન મંડલી દરેક પુષ્ટિમાર્ગીય હવેલીના મહિલા મંડળો સાથે સ્વમાર્ગીય વિદ્વાનો, આગેવાનો સાથે વૈષ્ણવી વેશમાં યુવાન સ્કુટર સવારો, સમાજના સવ ક્ષેત્રના અગ્રણીઓ જોડાયેલ.
શોભાયાત્રાના માર્ગમાં ઠેર ઠેર સ્વાગત માટે કમાનો ઉભી થયેલ. ઠેર ઠેર પુષ્પવૃષ્ટિ થવાની સાથે આચાર્યચરણોને તથા પુ. ગો. બાલકોને માલા અર્પણ વૈષ્ણવો દ્વારા કરવામાં આવેલ.

શહેરના રાજમાર્ગો ઉપર ફરી શોભાયાત્રા શ્રી જસુબાઈ મંડાણે પરત ફરતા ત્યાં વધાઈ–કીર્તન–કેશર સ્નાન થયેલ, તેમજ આચાર્ય ચરણોમાં ગુણાનુવાદ માર્ગીય વિદ્વાનો, પુષ્ટિમાર્ગીય પાઠશાળાના બાળકો દ્વારા

પ્રવચન કરવામાં આવેલ. તેમજ પુ. ગો. શ્રી રસીકરાયજી મહારાજ, પુ. ગો. શ્રી ગોપીકાલંકારજી મહોદય તથા પુ. ગો. શ્રી ઘનશ્યામલાલજી મહોદયના વચનામૃત થયેલ.

ઉત્સવના બીજે દિવસે શ્રી જસુબાઇ મંડાણમાં પાઠશાળાના બાળકો દ્વારા નાટિકાનો કાર્યક્રમ યોજવામા આવેલ તેમજ પુ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજના માનનીય વચનામૃત વૈષ્ણવ સમાજને પ્રાપ્ત થયેલ.

જામનગર : શ્રી વલ્લભ સોશ્યલ ગૃપના ઉપક્રમે શ્રીમદ વલ્લભાચાર્યજીના ૫૧૯માં પ્રાકટ્ય મહોત્સવના ઉપલક્ષમાં વિશ્વ આરોગ્ય દિન નિમિત્તે જેકુંવરબા કન્યા વિદ્યાલયમાં બાલરોગ નિદાન કેમ્પનું આયોજન પુ. પા. ગો. શ્રી હરિરાયજી મહારાજ દારા કરવામાં આવેલ. અધ્યક્ષસ્થાને ગો. શ્રી વલ્લભબાવા બિરાજેલ. સાથે સમાજના વિવિધ અગ્રણીઓની ઉપસ્થિતિ હતી. જે નિદાન કેમ્પમાં ૩૦૦ બાળકોએ ભાગ લીધેલ.

– ઉત્સવને દિવસે સવારે પુ. બેટીજી રૂચીરાજાનાં વરદ હસ્તે છાશ કેન્દ્રનું ઉદઘાટન કરવામાં આવેલ, તથા વૈષ્ણવ સમાજના પ્રમુખશ્રીના આગેવાની હેઠળ પ્રભાતફેરી હવેલીએથી બેઠકજી સુધીની પદયાત્રા કરવામાં આવેલ.

– તે જ દિવસે સાંજે ૧૮ કિર્તન મંડળીઓના રસાલા સાથે શ્રી મહાપ્રભુજીના ચિત્રજીને સુખપાલમાં પધરાવી શોભાયાત્રામાં નીકળેલ. આ શોભાયાત્રામાં પુ. ગો. શ્રી હરિરાયજી મહારાજ દ્રિતિય પીઠસ્થ આચાર્ય ગો. શ્રી કલ્યાણરાયજી મહારાજ, પુ. ગો. શ્રી વલ્લભબાવા, પુ. ગો. શ્રી ચંદુબાવા, બેટીઓ તથા વૈષ્ણવ સમાજ બહોળા પ્રમાણમાં જોડાયેલ. માર્ગમાં ઠેર ઠેર કમાનો, ધજાપતાકા, ડેકોરેશન વલ્લભ સોશ્યલ ગ્રુપ દ્વારા આયોજન કરવામાં આવેલ.

– ઉત્સવના બીજે દિવસે સત્સંગ સભાનું આયોજન કરવામાં આવેલ તેમાં પોરબંદરવાળા ચંદુબાવા, દ્વિતીય પીઠસ્થ આચાર્ય ગો. શ્રી કલ્યાણરાયજી મહારાજ, ગો. શ્રી વલ્લભબાવા, પુ. ગો. શ્રી હરિરાયજી મહારાજના વચનામૃતો થયેલ તેમજ આણદાબાવા આશ્રમના મહંત શ્રી દેવીપ્રસાદજી, કબીર આશ્રમના જગદીશજી બટુકભાઇ શાસ્ત્રી તથા અન્ય અગ્રણીઓએ પ્રવચન કરેલ.

જુનાગઢ : "શ્રી ગોકુલેશ નિકેતન" ગો. શ્રી દાનીરાયજીની હવેલીમાં અપરસમાં વૈષ્ણવો દ્વારા શ્રી સર્વોતમજીનાં પાઠનું આયોજન પુ. ગો. શ્રી પુરૂષોતમલાલજી બાવાની અધ્યક્ષતામાં રાખવામાં આવેલ. શ્રી રાગીણી વહુજી જનાના સરદાર શ્રી દ્વારા ઉત્સવ નાયકને ઉપરાણા ધરાવવામાં આવેલ. વધાઈ કિર્તન બાદ રાત્રે ઢાઢીલીલાનો કાર્યક્રમ રાખવામાં આવેવ.

જુનાગઢ : શ્રીમદવલ્લભાચાર્યજીનાં પ્રાકટય ઉત્સવ પ્રસંગે પુ, ગો. શ્રી કિશોરચંદ્રજી મહારાજ તથા ગો. શ્રી પિયુષબાવાની ઉપસ્થીમાં સાથે વિશાલ સંતગણની હાજરીમાં એક વિશાળ શોભાયાત્રા નીકળેલ જેમાં બહારગામના અનેક વૈષણવો કિર્તન મંઠલ જોડાયેલ. શોભાયાત્રા બેઠકજીની નીકળી સર્કલ ચોકમાં પહોંચેલ, જયાં ધર્મસભાનુ આયોજન કરવામાં આવેલ.

રાજપીપળા : દિનાંક ૭-૪-૯૬થી૧૪-૪-૯૬ દરમ્યાન વૈષ્ણવ પરિષદની રાજપીપળા શાખા દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં વધાઈ કિર્તન-પ્રભાતફેરી- ધ્વજવંદન-સર્વોતમજીનાં પાઠ શોભાયાત્રા વિગેરેનુ આયોજન થયેલ સાથે મહાપ્રસાદ લેવાના આયોજન ગોઠવવામાં આવેલ જેના મનોરથી સુરેશભાઈ ઠાકોરભાઈ શાહ થયેલ,

મુંબઇ : મુંબઈ ભુલેશ્વરમાં આવેલ "શ્રી મદન મોહનજી હવેલી"માં શ્રી વૃજરાયજી મહારાજશ્રીનાં નિત્યલીલા પ્રવેશ બાદ આત્મજનાં તિલક થયા બાદ બાપના લાલના સરકાર શ્રી વ્રજરાયજી મહારાજ પ્રથમ વખત પંધારતા શ્રી મહાલક્ષ્મી વહુજી ટેમ્પલ ટ્રસ્ટ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવેલ તેમજ શ્રી યમુનાજી લોટી મહોત્સત ઉજવવામાં આવેલ તેમજ શ્રી ઠાકોરજીનાં વિવિધ મનોરથ મનાવવામાં આવેલ.

ગોવા : આં રા. વૈષ્ણવ પરિષદની ગોવા શાખાના ઉપક્રમે લોહગઢની બેઠકમાં શ્રીમદવલ્લભાચાર્યજીનો પ્રાકટય મહોત્સવ ધામધુમથી ઉજવવામાં આવેલ.

રાજકોટ । શ્રી મદનમોહન યુવક મંડળ-રાજકોટનાં ઉપકમે ગો, શ્રી વલ્લભલાલજી મહારાજની અધ્યક્ષતામાં આપને બંગલો "શ્રીમદ વલ્લભાચાર્યજી પ્રાકટય મહોત્સવ"નુ આયોજન કરવામાં આવેલ નવરત્ન સ્તોત્ર પાઠ ઉપર ગો. શ્રી ગોવીંદરાયજી બાવાનાં મનનીય પ્રવચન થયેવ. સર્વોતમ સ્તોત્રતાં સમુહ પાઠનું આયોજન મહિલાઓનાં રાસ તથા સત્સંગ સભાનું આયોજન રાખવામાં આવેલ જેમાં ગો, શ્રી ભાગવતકુમાર બાવા ગો. શ્રી ગોપીકાલંકારબાવા - ગો. શ્રી પુરૂષોતમલાલજી મહારાજ ગો. શ્રી ઘનશ્યામલાલજી બાવા તથા અધ્યક્ષ ગો. શ્રી વલ્લભલાલજી મહારાજનાં વચનામૃત થયેલ તેમજ વિદ્વાનોએ ભગવદ ગુણાનુવાદ વર્ણવેલ.

સેવા અનુષ્ઠાન માટે સપર્ક

ગોવામાં લોહગઢ ખાતે આવેલ પ્રથમ પીઠાધીશ્વર ગો. શ્રી લાલમણીજી મહારાજ માથે બીરાજમાન શ્રી મહાપ્રભુજીની ૪૩મી બેઠકજીનું નિર્માણ કાર્ય શરૂ કરવામાં આવેલ છે.

સેવા માટે સંપર્ક સ્થળ - અમુતલાલ દોશી, રાપડ બજાર પો. બો. નં. ૨૪
મડગાંવ (ગોવા) Pin ૪૦૩૬૦
ટે. નં. ૭૨૨૧૮૯ - ૭૩૨૭૧૯ STD - કોડ ૦૮૩૮

શ્રી વાકપતિ ફાઉન્ડેશન અને શ્રી વલ્લભ વિદ્યાપીઠનો ઉદ્ઘાટન સમારંભ :

તા. ૩-૫-૯૬ના રોજ અમદાવાદમાં શ્રી વલ્લભ સદનમાં પુ. ગો. શ્રી ઈન્દિરા બેટીજીના અધ્યક્ષસ્થાને પુ. ગો. શ્રી વ્રજનાથજી મહારાજ (અમદાવાદ) પુ. ગો. શ્રી રાજેશકુમારજી મહારાજ (કડી-કોટા-અમદાવાદ) પુ. ગો. શ્રી યદુનાથજી મહોદય (કડી-કોટા-અમદાવાદ), પુ. ગો. શ્રી કૃષ્ણકુમારજી મહોદય (કડી-કોટા-અમદાવાદ) અને પુ. ગો. શ્રી વાગીશકુમારજી મહોદય (કાંકરોલી-કુલપતિ, શ્રી વલ્લભ વિદ્યાપીઠ)ના સાનિધ્યમાં વૈષ્ણવોની વિપુલ હાજરીમાં હર્ષોલ્લાસ સાથે ઉપરોકત ઉદઘાટન સમારંભ યોજાઈ ગયો.

વિદ્યાપીઠના કુલસચિવ પ્રા. રમેશભાઈ વિ. પરીખ (મહેસાણા)એ બંને સંસ્થાઓ અને તેમના દ્વારા શરૂ થયેલ પુષ્ટિમાર્ગીય પત્રાચાર અભ્યાસક્રમનો પરિચય આપ્યો. આં. રા. પુ. વૈષ્ણવ પરિષદના અધ્યક્ષ શ્રી ઈન્દ્રકાંતભાઈ ત્રિકમલાલ પરીખે દેશભરની પરિષદની ૩૫૦ જેટલી શાખાઓના સહયોગની આ નામસેવાના કાર્યમાં ખાત્રી આપી.

પુ. ગો. શ્રી ઈન્દિરા બેટીજીએ બંને સંસ્થાઓને ખુલ્લી મુકાયેલી જાહેર કરતા, સંપ્રદાયના સ્વાધ્યાય માટેની અર્વાચીન નૂતન પદ્ધતિને બિરદાવી અને તેમના પુર્ણ સહયોગની ખાત્રી આપી.

પુ. ગો. શ્રી વ્રજનાથજી મહારાજશ્રીએ પત્રાચાર અભ્યાસક્રમની પહેલી બે પુસ્તિકાઓનું વિમોચન કર્યું. શ્રી વલ્લભ સદન તરફથી વિદ્યાપીઠના નામસેવાના આ કાર્ય માટે સહાય તરીકે રૂા. ૨૫,000–00નો ડ્રાફ્ટ શ્રી નવનીતભાઈ શાહને પુ. ગો. શ્રી ઈન્દિરાબેટીજી દ્વારા પુ. ગો. શ્રી વાગીશકુમારજી મહોદયને અર્પણ કર્યો. રૂા. ૧0,000–00ની દ્રવ્ય સહાય આપનાર છ છ વૈષ્ણવોએ છ પુસ્તિકાઓનું પ્રકાશન સ્પોન્સર કર્યું.

સમુપસ્થિત પુ. આચાર્યચરણોએ આ કાર્યને આશીર્વાદ આપી સહયોગની ખાત્રી આપી હતી.

સ્વાગત પ્રવચન વિદ્યાપીઠના પ્રબંધ નિયામક પ્રા. અનિલભાઈ શાહે (વડોદરા) કર્યું અને આભાર વિધિ વિદ્યાપીઠના સલાહકાર સભ્ય શ્રી જયેન્દ્રભાઈ સોની (મુંબઈ)એ કરી સમગ્ર સભાનું સંચાલન શ્રી હસમુખભાઈ ખખ્ખરે (રાજકોટ) કર્યું.

: અનુકરણીય :

આ જીવન શા. નં. ૪૬૯ શ્રી કેશુભાઇ ગોરધભાઇ પટેલ, રાજકોટ દ્વારા લવાજમના દર વધતા રૂા. ૧૦૦/ એકસો સંસ્થા ઉપર વિશેષ લવાજમ મોકલી અનુકરણીય પગલું ભરેલ છે.

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાય

૫. ભ. શ્રી જમનાદાસ મોરારજી કારિયા હ. ગિરિશચંદ્ર જમનાદાસ કારિયા કાંદીવલી (વેસ્ટ)ના જયશ્રીકૃષ્ણ.

પુસ્તક પરિચય

૧. ષોડશગ્રંથ આચમન (ભાગ-૩)

લેખક – પ્રા. રમેશભાઈ વિ, પરીખ

પ્રકાશક – શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
'વ્રજરજ' ૩૧, શિવ સોસાયટી નં. ૨
બી. કે. સીનેમાની બાજુમાં, મહેસાણા-૩૮૪૦૦૨

ડેમી સાઈઝ ૮ પેઈજી પૃષ્ઠ ૨૪૮+૮=૨૫૬. ઓફસેટ પ્રિન્ટીંગ, પીન બાઈન્ડીંગ, લેમીનેટ કાર્ડ બોર્ડ પુઠું શ્રી મહાપ્રભુજીના બહુરંગી ચિત્રજીવાળુ પ્રથમ આવૃતિ ન્યોછાવર રૂા. ૪૦/-

વૈષ્ણવી જીવનના સોળ દિવ્ય આભુષણોરૂપી આ સોળ ગ્રંથો "ષોડશગ્રંથો"ના નામથી પ્રસિદ્ધિ છે. તેમને "શ્રી વલ્લભ ગીતા" પણ કહેવામાં આવે છે. શ્રી મહાપ્રભુજીની કૃપાથી "ષોડશ ગ્રંથ"નું આચમન ૪ ભાગમાં આપણને પ્રાપ્ત થાય છે. તે પૈકી બે ભાગ પ્રસિદ્ધ પણ ચુકયા છે. આ ત્રીજો ભાગ છે. જેમાં કૃષ્ણાશ્રય, ચતુ:શ્લોકી. ભકિત વર્ધિની તથા જલભેદ એમ ૪ ગ્રંથોનો સમાવેશ કરવામાં આવેલ છે.

ગ્રંથોનો સંસ્કૃતમાં મુળ પાઠ, ગુજરાતી સમશ્લોકી તથા ગુજરાતી અનુવાદ તથા દરેક ગ્રંથ પર વિવિધ ટીકાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આગળના બે ભાગની માફક આ ત્રીજો ભાગ પણ ખુબજ સરળ, લોકભોગ્ય શૈલીમાં પુષ્ટિ સાહિત્યના સિદ્ધ હસ્ત લેખક દ્વારા લખાયેલ છે.

દરેક વૈષ્ણવ કુટુંબે, પુસ્તકાલય. ભગવદ મંડલી તથા પુષ્ટિ સાહિત્યના વાંચક વર્ગે વસાવવા યોગ્ય પુસ્તક દરેક વૈષ્ણવોએ વાંચવા અને અનુસરવા યોગ્ય પુસ્તક.

૨ સેવો શ્રી કૃષ્ણ કૃપાળ

રચયિતા – ભકત કવિ શ્રી દયારામભાઈ, ડભોઈ

પ્રકાશક – શ્રી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સેવા સમાજ મર્સીવિલા, અશોકનગર રોડ, કાંદીવલી (ઇ.) મુંબઈ-૪૦૦૧૦૧ ડેમીસાઈઝ ૮ પેઈજી પૃષ્ઠ ૩૨ પીન બાઈન્ડીંગ. ન્યોછાવર રૂા. ૫/- ઓફસેટ પ્રિન્ટીંગ.

ભકિત પોષણના ૧૦૧ ચંદ્રાવળાથી વૈષ્ણવ સૃષ્ટિ સુપરિચિત છે. શ્રીકૃષ્ણની ભકિત કરવી એ દરેક વૈષ્ણવનું મુખ્ય કર્તવ્ય-ફરજ છે. ભકિતના પ્રકાર અને તેમાં વૃદ્ધિ થાય તે સંબંધમાં કવિશ્રીએ નવધાભકિત, પ્રેમલક્ષણાભકિત, ભકિતનો મહિમા, ગુરુનું મહાત્મ્ય, અનન્ય શરણનો પ્રતાપ, વગેરે વિષયોનો સમાવેશ પદ્ય રચનામાં કરેલ છે. તે સમગ્ર ચંદ્રાવળાનું સરળ શૈલીમાં વિવેચન સાથે ષોડશગ્રંથના સિદ્ધાંતની ભાવનાનું આલેખન દષ્ટાંતો સાથે કરવામાં આવેલ છે. જે મનન કરવા-વસાવવા યોગ્ય.

૩. અધિક માસ (મનોરથોનો માસ)

લેખક-પ્રકાશક ઉપર ક્રમ ૨ મુજબ.
લેખક-પ્રકાશક ઉપર ક્રમ ૨ મુજબ.

ડેમીસાઈઝ ૮ પેઈજી પૃષ્ઠ ૪૮, ઓફસેટ પ્રિન્ટીંગ. પીન બાઈન્ડીંગ, ત્રીજી આવૃત્તિ. ન્યોછાવર રૂા. ૧૦/- પોસ્ટેજ રૂા. ૨/-

પુષ્ટિ માર્ગમાં શ્રી ઠાકોરજીની સેવાનો દરેક દિવસ એક ઉત્સવ છે. મનોરથ છે. ઋતુ અનુસાર અને પર્વાનુરૂપ મનોરથો અને ઉત્સવોનું આયોજન થાય છે. આ પ્રણાલિકાનુસાર વર્ષમાં જુદા જુદા ઉત્સવો થતા હોય છે. પણ આ બધા જ ઉત્સવો એક મહિનામાં એક સાથે લાગલગાટ ઉજવાય છે. માટે જ આપણે અધિક માસને મનોરથોનો માસ કહીએ છીએ.

આ પુસ્તિકામાં વર્ષમાં આવતા ઉત્સવોની ભાવના સરળ શૈલીમાં પદ સાથે રજુ કરવામાં આવી છે. તેમજ અમુક ઉત્સવની ભાવના સમજી અધિક માસનો આનંદ માણવા માટે ઉપયોગી અને વસાવવા યોગ્ય છે.

SHREE VALLABH SUDHA Monthly Magazine. Published on third date of Every Month, Regd.No.G/RJ.212-L.P.W.P43·

શિક્ષા : ગરબી

અલ્યા ! ઊઠતા કૃષ્ણ કહે, બેસતાં કૃષ્ણ કહે,
સૂતાં કૃષ્ણ કહે હરતો ફરતો,
ચાલતાં કૃષ્ણ કહે, દોડતાં કૃષ્ણ કહે,
વણ કહયે કૃષ્ણ રખે કાંઇ કરતો અલ્ય. ૦ ૧

કૃષ્ણ કહી ખાન કર, પાન કર કૃષ્ણ કહી,
કૃષ્ણ ગુણગાન કર, પાન કર કૃષ્ણ કહી,
ગુપ્ત પણ કૃષ્ણ કહે, પ્રગટ શ્રી કૃષ્ણ કહે,
અહરનિશ કૃષ્ણને રાખ મુખમાં અલ્યા ૦ ૨

પ્રીતે શ્રીકૃષ્ણ કહે, ભીતે પણ કૃષ્ણ કહે,
સહજ શ્રીકૃષ્ણ કહે, કૃષ્ણ
સર્વ કાળે સઘળે શ્રીકૃષ્ણ કહે,
સિદ્ધિ કારજ સકળ કૃષ્ણ નામે અલ્યા ૦ ૩

સહજ બણી આવે સાધન સકળ શિરમણિ,
ચેત, આવ્યો ઘસ્યો કાળ ડસવા;
લટકું અમૂલ ચાલ્યું. ચેતો, હયા !
નહિ તો નિશ્ચે પડશે ઘસવા અલ્યા ૦ ૪

ભક્ત કવિ શ્રી દયારામભાઇ ડભોઇ

અખિલભારતીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક. : રવજીભાઈ પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ,-૧ માર્ગ-૩, યુનિવર્સીટી રોડ, રાજકોટ-૫

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૬૨૧૩૯

[illegible]

"વળી એક વિશેષ કહ્યું જે, આ જીવ તો આશ્રયમાગી લાગે છે. અને તેને સેવા તો પૂર્ણ પુરુષોત્તમની સોંપી છે; પણ આ જીવને પ્રભુમાં સ્નેહ આવતો નથી તેનું શું? [illegible] પૂર્ણ પુરુષોત્તમમાંથી પ્રગટ થયો હોય તો એની પૂર્ણ પુરુષોત્તમ ઉપર સ્નેહ ઉપજે. માટે આ જીવ જે આગળ તે સ્નેહલીલા કરે છે અને જે શ્રીવલ્લભકુળ છે તે પોતાના સેવ્યસ્વરૂપ ઉપર કેવો સ્નેહ રાખે છે? કે એક બાજુ દ્રવ્યના ઢગલા કરો અને એક બાજુ શ્રી ઠાકોરજી પધરાવો તો શ્રી વલ્લભકુળ દ્રવ્ય સામું જોશે નહીં. પણ શ્રી ઠાકોરજીને અતિ સ્નેહ કરી પધરાવી લેશે. પણ જે આ કલીના જીવ છે તેને તો દ્રવ્ય ઘણું પ્રિય છે. માટે તે તો શ્રી ઠાકોરજી સામું જોશે નહીં. અને કેવળ વૈભવ સામું જોશે. અને તરત લઈ [illegible] માટે જીવમાં ને શ્રી વલ્લભ કુળમાં ઘણો ફેર છે.

[illegible] (પૃ. [illegible])

[illegible]

વર્ષ ૧૫ : અંક ૮ જુલાઈ, [illegible]

[illegible]

[illegible] ૧૫/- [illegible]

[illegible]

૮૪ ભગવદીય રત્નાવલિ પ્રકાશનને અભિનન્દન

૨૦+૩૦૦ કુલ ૩૨૦ પૃષ્ઠની આ પુસ્તિકા “શ્રી વલ્લભ સુધા” માસિકના વર્ષ ૧૯૯૫–૯૬ ના સર્વ સદસ્યોને દ્રવ્ય સહાયક મનોરથીઓ દ્વારા સપ્રેમ ભેટ રૂપે પ્રકાશિત છે. મુખ પૃષ્ઠ પર ભગવત્ સેવામાં પ્રવૃત્ત સપરિવાર શ્રી મહાપ્રભુનું સુંદર આકર્ષક બહુરંગી ચિત્ર આપવામાં આવ્યું છે. આરંભે ગો, શ્રી ચિમનલાલજી (ગોકુલ–માંડવી–કચ્છ)ના ‘પ્રેરણા પીયુષ’ પ્રકાશિત છે. સદર પુસ્તિકામાં ૮૪ વૈષ્ણવો અંગેનું પ્રાચીન યાવત્પ્રાપ્ય પદ્યાત્મક સાહિત્યનો આમાં સંગ્રહ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. જેમાં શ્રી ગદાધરદાસજી કૃત ભગવદીયોના માહાત્મ્યના પદો, ચતુર્થલાલજી શ્રી ગોકુલનાથજી કૃત ૮૪ વૈષ્ણવ નામાવલિ (સંસ્કૃત) શ્રી વિષ્ણુદાસજી કૃત ૮૪ વૈ. ના ચોખરા, શ્રી અલીખાનજી કૃત ૮૪ વૈ. ધોળ (વ્રજભાષામાં) વ્યારાવાળા શ્રી ગોપાલદાસજી કૃત શ્રી પ્રાકટય સિદ્ધાન્ત, ગો. શ્રી કાકા વલ્લભજી મહારાજ (પ્રા. સં. ૧૭૦૪) કૃત ચોર્યાસી વૈષ્ણવોનું ધોળ–લીલા સ્વરૂપ (જુની ગુજરાતી) પ. ભ. શ્રી વિશનદાસજી કૃત ૮૪ વૈ. કે નામ કે દોહરા ભક્ત કવિ શ્રી દયારામભાઇ કૃત ૮૪ વૈ. નું ધોળ શ્રી દયારામભાઇ કૃત પ્રબન્ધ બન્ધ (ગુજરાતી) તથા કવિતબન્ધ (હિન્દી) ભારતેન્દુ બાબુ શ્રી હરિશ્ચન્દ્રજી કૃત ઉત્તરાદ્ધ ભકતમાલ, વિગેરે વિપુલ સાહિત્યથી સમૃદ્ધ આ પુસ્તિકાનું સમ્પાદન શ્રી રવજીભાઇ પટેલે કરી અને તે દ્વારા આ સર્વ સાહિત્ય સહુસુધી પહોંચતું કરી ખુબ જ મોટું ભગીરથ કાર્ય કર્યું છે અને ૮૪ વૈષ્ણવોના સમ્બન્ધમાં અન્વેષકોએ અન્વેષણ કરવામાં પણ ખુબ જ મહત્વપુર્ણ થઇ રહે તેમ છે આવા સુન્દર અને સર્વોપયોગી તેમજ સમ્પ્રદાયોપકારક પ્રકાશન માટે લેખક–પ્રકાશક બન્ને શતશઃ અભિનન્દનીય છે.

પૂ. પા. ગો. શ્રી ચન્દ્રગોપાલજી, સમ્પાદક “આચાર્ય શ્રી વલ્લભ”

* ભક્ત સૂત્રો

રચયિતા : **ગોકુલેશબાવાશ્રી** (જુનાગઢ)

મધુરમ ‘છે’
ભક્તિ ભૂ ભદ્રભૂગું;
ભાવ ભાવના

‘કૃષ્ણ’ ક્રિડિત,
વૃંદાવન વિદિત;
વેદવાદન.

રાગતાલને,
આનંદ વર્ધન ભૂ;
રસમય‘ઋ’

‘પ્રહલ્લદન’,
મંગલ માંગલિકઃ
સૂરસૌદર્ય

શાખા શિખર,
‘ભિન્ન’ ભાર્ગવ આ,
લીલા લાલિમા

મૃદુમધુ છે,
અવર્ણનીય અર્જ;
પરમાનંદ.

અવલોકન
અવન અવઢંય
આકુતિલક.’

‘આનંદ ઐષ.’
રાગરંગ માલાને,
તાલતિલક

શ્રી વલ્લભ સુધા દર માસની ૨૭ તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન એપ્રીલ થી માર્ચ.

- * શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશત થયેલ અંકો મોકલાય છે.
- * ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવે મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામુ અવશ્ય લખવું.
- * શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્દ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- * લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
- * શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
- * શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- * ચેક, ડ્રાફ્ટ વગેરે શ્રી વલ્લભ વિજ્ઞાન એ નામે લખવા જરૂરી છે.

પત્ર વ્યવહાર સંપર્ક :

શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, રાજકોટ

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૭
વર્ષ : ૧૫ અંક : ૩ ※ જુલાઈ, ૧૯૯૬

મનને શિક્ષા

મનારે તેં બહુ વિધિ કરી ઢિઠાઇ ।
ભગવદ્દસ્વરૂપ નહીં ગુરુ સેવ્યા, હરિજન સંગ ન બસાઇ ।૧।
કરી સતસંગ ઉપદેશ ન માન્યો, અપુની ચાલ ચલાઈ ।
યહ લોક પરલોક બિગાર્યો, ધૂરપરી ચતુરાઇ ।૨।
અવસર ચૂકે કછુ ન હોયેગો, ફિર પાછેં પછિતાઈ ।
'રસિકદાસ' જનકે કોઉ નાંહી, શ્રી વલ્લભ ચરન સહાય ।૩।

: ભાવાર્થ :

અરે મન તે બહુ અવળચંડાઇ કરી ! ન તો તે શ્રી ગુરુદેવની સન્મુખતા સેવી, ન ભગવદ્દ્સ્વરૂપની સેવા કરી, ન તેં ભગવદિયનો સંગ કર્યો, તેં સત્સંગ કરીને ઉપદેશ ન માન્યો, પોતાની રીતે ચાલ્યો. આમ કરી તેં આ લોક અને પરલોક બન્ને બગાડયા. ધૂળ પડી તારી ચતુરાઇમાં. અરે મન ! અવસર ચુકયે પછી કંઇ નહીં બને, પછી પસ્તાવું પડશે. શ્રી રસિકદાસજી (શ્રી મટુજી મહારાજ) આજ્ઞા કરે છે કે અમોને તો શ્રી વલ્લભાધીશના ચરણકમલ સિવાય કોઈ સહાય નથી।

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

ભક્તિ વર્ધિની

શ્રી ગોપેશ્વરજીએ રચેલ વિવરણ સહિત

ભાષાંતર : પ્રો. પ્રતાપરાય કાં. શાહ એમ. એ. કોવિદ, મુંબઇ

–ગતાંકથી ચાલુ

સેવા સમયના અભાવમાં યથાધિકાર (એટલે પોતપોતાની લાયકાત મુજબ) સર્વધર્મના સંપાદન દ્વારા જ દોષ દુર થઇ જવાનો સંભવ હોવાથી અને સેવાના સમયે બધા ધર્મોના ત્યાગનો ઉપદેશ નથી તેથી તેના અભાવમાં પણ હાનિ (કે નુકશાન) રહેલ નથી, કારણ કે પેલા શાસ્ત્ર વાકયમાં કહેવામાં આવ્યું જ છે કે, ‘મારું એટલે ભગવાનનું કર્મ કરનાર લોકો માટે’ અને (ભગવાનના) પોતાના પાદમૂલ (એટલે ચરણ)ની સેવા કરનાર પોતાનો પ્રિયજન જેણે અન્ય ભાવનો ત્યાગ કર્યો છે એવા ભકત ઉપર કદાચિત્ વિકર્મ આવી પડયું હોય તો પણ ભકતે ભગવાનને પોતાના હૃદયમાં સ્થાપેલો હોવાથી, ભગવાન પોતે જ એવા વિકર્મનો નાશ કરે છે. આ વ્યવસ્થા મર્યાદામાર્ગીય છે. પરંતુ શુદ્ધ પુષ્ટિમાર્ગમાં પ્રવેશ કરનાર ભકત માટે તો પ્રભુ-ચરણમાં જ મગ્નચિત્ત હોવાના કારણે, આવા કર્મસમુહનો ત્યાગ કરતો હોવા છતાં, પ્રભુનો દઢ પરિગ્રહ (એટલે સ્વીકાર કર્યો હોવાથી) કોઇ પ્રકારનો દોષ નથી, કારણ કે એ માર્ગ (એટલે પુષ્ટિમાર્ગ) અનુગ્રહ (ભગવત્કૃપા)નો જ માર્ગ છે. કારણ કે શાસ્ત્રમાં કહ્યું છે કે આત્મામાં ભાવનાપુર્વક અનુગ્રહ કરે છે ત્યારે ભકતના મનમાંથી લોકે તથા વેદે (લૌકિક) ભાવનાઓનો ત્યાગ થઇ જાય છે. ૨

આ પ્રમાણે ભક્તિની વૃદ્ધિ માટેનો ઉપાય આસક્તિ રહિત બનીને ભગવત્સેવા (ભજન) કરવાનો છે, એમ કહીને ભગવદ્ ગીતાના પેલા વાકયમાં જણાવ્યા પ્રમાણે કહે છે કે– ‘કર્મ કર્યા વિના કોઇ માણસ એક ક્ષણ પણ રહી શકતો નથી’ તેથી વ્યાવૃત્ત દશામાં (એટલે કે ધંધો–રોજગાર–નોકરી વગેરે કરતો રહેવા છતાં) પણ પોતાનાં દુઃખનું હરણ કરવાના સ્વભાવવાળા શ્રી હરિમાં ચિત્તને સ્થાપીને (દઢપણે રાખીને) હંમેશા (સદા) સતત પ્રભુ નિમિતે પ્રયત્નશીલ રહેવું એ તાત્પર્ય છે. તેથી કહે છે કે, સેવાના પ્રયત્નને છોડયા વિના રહેવું. ૨

વ્યાવૃત્તોપિ હરૌ ચિત્તં શ્રવણાદૌ યસેત્સદા ।
તતઃ પ્રેમ તથાસક્તિર્વ્યસનં ચ યદા ભવેત્ ॥૩॥

અર્થ : વ્યાવૃત્ત એટલે લૌકિક કર્મ કરવામાં પ્રવૃત્ત હોય તો પણ શ્રી હરિ (જેમનો સ્વભાવ જ એવો છે કે જેઓ પોતાના ભકતોના દુઃખને હંમેશાં દુર કરે છે એવાશ્રી હરિ)માં ચિત્તને સ્થાપીને રહેવું– સદા એટલે નિરંતર (સતત–ચાલુ) એટલે કે શ્રવણ–કિર્તનમાં ભગવાન

વિષે ચિત્ત પરોવીને પ્રયત્નશીલ રહેવું એ ભાવાર્થ છે. અથવા તો /એમ કહે છે કે ભગવાનના કાર્યમાં રોકાયેલા હોય ત્યારે તે કાર્ય પુર્ણ થયા પછી બાકીના સમયે શ્રવણાદિને માટે ઉપયોગ કરવો એમ અર્થ છે કોઇક પ્રતમાં એવો પાઠ છે કે, 'યતેત' (એટલે પ્રયત્ન કરવો) આ પ્રમાણે પ્રયત્ન કરનારને પ્રથમ પ્રેમ અને તે પછી આસક્તિ અને તે પછી વ્યસન– એવી સ્થિતિ (અવસ્થા–દશા) ક્રમશઃ પ્રાપ્ત થાય છે.

તેથી કહે છે કે.... તતઃ પ્રેમાસકિત.... વગેરે. તતઃ એટલે પ્રથમ (ભગવાનમાં) પ્રેમ-ચિત્તના જોડાણની જેમ પ્રકટે અને ત્યારબાદ એવી જ રીતે સંકલ્પ થતાં આસકિત થાય અને જ્યારે પુષ્કળ પ્રમાણમાં પ્રભુકૃપાથી પ્રાપ્ત થાય તેવી વ્યસન દશાની પ્રાપ્તિ થાય.

એ પ્રેમાસકિત તથા વ્યસન કેવાં હોય ? પોતાના ચિત્તમાં પ્રભુ માટે સ્વતઃ જાગતો ભાવ એટલે પ્રેમ. એવી રીતે અનેક પ્રકારના મનોરથોને પ્રગટ કરતો ભાવ એનું નામ આસકિત અને પ્રેમનો વિષય એવા ભગવાન પ્રત્યે એવો ભાવ જાગે કે ભગવાન વગર (એક ક્ષણ) રહેવાનું શકય ન હોય. એવા ભાવને વ્યસન કહે છે. ૩

–ક્રમશઃ

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧ ગો. વા. મણીબેન કેસરીયા રાજકોટના જયશ્રીકૃષ્ણ હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલના જયશ્રીકૃષ્ણ.

૨ ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ ઢાણી હ. હસુબેન એસ. પરીખ મુંબઇના જય શ્રી કૃષ્ણ.

૩ મહાકારુણિક જગતગુરુ શ્રીમદ્‌વલ્લભાચાર્યજી પંચ શતાબ્દી મહોત્સવ સમિતિ–રાજકોટના સૌજન્યથી.

॥શ્રીવલ્લભ॥

ભકિત પોષણ

વિવેચક : પ. ભ. શ્રી મથુરાદાસ જીવરાજભાઇ મહેતા

અર્ચન ભક્તિ

હરિ વ્યાપક લહી સર્વમાં, નવ આણવો કોઇનો દોષ;
મનક્રમ વચને જેમ બને તેમ, કરવો સર્વને સંતોષ.
સંતોષે પ્રાણી પ્રભુ પ્રસન્ન, તેથી સુખી પોખે હરિજન;
સઘળે દયા એ પૂજા પ્રભુ કેરી, દેહીને દુભવે તે કૃષ્ણનો વેરી.
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.... (૨૯)

વિવેચન : આ ચંદ્રવળામાં=સર્વવ્યાપક હરિનું રૂપ જાણી કોઇને દુભવવું નહીં એજ સારાંશ નીકળે છે.

પરમાત્મા સર્વવ્યાપકરૂપ છે, સર્વમાં વ્યાપી રહેલા છે, અર્થાત્ સર્વનાં આત્મામાં બિરાજમાન છે. આ બાબત ઉપર ધ્યાન દેવાથી કોઇના પ્રત્યેનો અભાવ આવશે નહીં, કદાચ કોઇ વિના કારણ આપણાથી દ્વેષ કરશે તો પણ તેનાં ઉપર દોષ બુદ્ધિ નહીં આવે. તેમજ આપણા તરફથી કોઇને મન દુઃખ થાય તેવું વર્તન કરવાની ઇચ્છા પણ નહીં જ થાય. સર્વના અંતરમાં પ્રભુ જ બિરાજે છે, આ ભાવ રાખવાથી સર્વ પ્રત્યે સ્નેહ-ભાવના રહેશે. સર્વ પ્રત્યે સ્નેહ-ભાવ તે પણ એક પ્રભુનું પુજન જ છે.

સર્વવ્યાપક સર્વંખલ્વિદં બ્રહ્મઃ મયિ સર્વમિદં પ્રતિંસુતે મણિગણાઇવ ॥

આ વાકય મુજબ પ્રભુની સર્વવ્યાપકતા જાણવી, જે કાંઈ છે તે બ્રહ્મ છે. વિદ્યાનગરમાં શાસ્ત્રાર્થ ચાલતો હતો ત્યાં શ્રી મહાપ્રભુજી પધાર્યા હતા, તે વખતે શંકરાચાર્યજીઓનો સવાલ હતો કે– 'બ્રહ્મ સત્ય જગત્ મિથ્યા' આનો જવાબ શ્રી મહાપ્રભુજીએ આપ્યો તે ઉપરનું વાકય છે કે, જગત મિથ્યા હોય તો જગતમાં કરેલી કૃપા બધી જ મિથ્યા જ થઈ જાય. માટે બ્રહ્મથી જ જગત ઉત્પન્ન થયેલું મિથ્યા કહી ન શકાય. અગર કોઇ મિથ્યા છે તો તે કેવળ હું અને મારું. નથી હું કે નથી કોઇ મારૂં, આ ચર્ચાના દોરથી શ્રી મહાપ્રભુજીએ સર્વને હરાવી સર્વના મનનું સમાધાન કરાવ્યું હતું, જગદગુરૂ શ્રીમદ વલ્લભાચાર્ય પદવી ત્યારથી જ સંબોધાય છે.

સર્વવ્યાપક ભાવના રાખતાં કોઇનો દોષ જોવો નહીં તેમાં પણ વૈષ્ણવોનો દોષ ન જોતાં તેને પ્રસન્ન રાખવા. જેથી પ્રભુ પ્રસન્ન રહે છે.

વિના કારણ કોઇને દુભાવવું નહીં, દુભાવે તે કૃષ્ણનો વેરી છે. આવા અનેક પુરાવા પ્રભુનું સર્વવ્યાપકપણું બતાવવા અનુરૂપ છે.

અર્ચનભક્તિ : મર્યાદામાં પૃથુ રાજાએ કરી છે, પુષ્ટિમાં પુરનમલ ક્ષત્રિયે કરી છે.
અવતાર દશામાં : વૃજની કુમારીકાઓજી કરી છે.

અર્ચનનો અર્થ પૂજા થાય છે, પ્રભુને સ્નાન કરાવે, અયભ્યંગ કરાવે અને વસ્ત્રાભૂષણ, ચંદન, પુષ્પ વિગેરે અર્પણ થાય જ છે. પુષ્ટિમાં અર્ચનભક્તિ કરવી જ પડતી નથી. સેવાની રીતીમાં જ તેનો સમાવેશ થઇ જાય છે. સેવામાં કેવળ પ્રભુનું જ સુખ જોવાય છે.

સખી દુતિ સાથે સકળ સામગ્રી લઇને પ્રભુ જ્યાં બિરાજતા હોય ત્યાં જઇને પ્રાર્થના કરે છે પછી સ્નાન કરાવે છે, પછી અંગપોછીને સુંદર વસ્ત્રાદિક ધરાવે છે, સુગંધી લગાવી કેશરી તિલક લગાવે છે પછી નખશિખ આભરણ ધરાવી પુષ્પની માળા ધરાવે છે. વળી યોગ્ય સમયે સુંદર સામગ્રી ધરી ભોજન કરાવે છે. આચમન મુખવસ્ત્ર કરી બીડા ધરાવે છે. બીડા આરોગીને સુંદર સુવાસિત તુલસીની સુગંધીથી ભરપુર એવી ફુલમાલા ધરાવે છે. દર્પણ હાથમાં લઇને દેખાડે છે, પછી જ્યાં પોતે રહે છે ત્યાં પધરાવે છે. આ રીત બધી અર્ચન ભક્તિમાં આવી જાય છે.

નવરાત્રિ તે નવ વિલાસ. આસો સુદ ૧ થી ૯ સુધી વૃજનારીઓ વનમાં જઇ દેવી પુજન કરતી પરંતુ આ ભક્તો તો નંદનંદનને જ ચાહતા તેથી દેવી પુજનને બહાને પુજનની સામગ્રીનાં થાળ ભરી વનમાં જતી. રોજ નવા વનમાં જતી. તેની ભાવનાને માન આપી પ્રભુ તે સ્થળે પધારતા અને વૃજનારીઓનું અર્ચન કરેલું બધું સ્વીકાર કરતા. જુઓ નવ વિલાસમાં પુજન, અર્ચન કર્યું. આ શબ્દો આવે છે.

મર્યાદા રીતથી અર્ચનવિધિ બધી થાય છે. તેમાં આવાહન અને વિસર્જન હોય છે. પુજા પુરી થઇ કે હવે સ્વસ્થાને ગચ્છતિ. આમ કહેવાય છે. તમે તમારા સ્થાને જાઓ. પરંતુ પુષ્ટિ રીત જુદી જ છે.

પુષ્ટિ રીતે અર્ચન : સવારથી તે સાંજ સુધીની સેવાની વિધિ છે તેમાં કેવળ પ્રભુનું જ સુખ વિચારવામાં આવે છે. જગાડવા, મંગળ ભોગ ધરવો, આરતી કરવી, સ્નાન કરાવવું, શૃંગાર ધરાવવા, દર્પણ બતાવવું, ફુલની માળા ધરવવી, આમ આગળ ક્રમ જતાં પોઢાડવા સુધીની વિધિ છે. પરંતુ વિસર્જન નથી. એક વાર પોતાનાં પ્રાણપ્રિયને ઘરે પધાર્યા પછી તેને જાઓ એમ કેમ કહેવાય ? સેવામાં રંચક પણ પોતાનું સુખ વિચારાતું નથી. આમ અર્ચનમાં ફરક છે.

'સેવા છે મુખ્ય ધર્મ એને તજાય નહી'

પુષ્ટિમાર્ગીય અર્ચનભક્તિ સેવામાં જ આવી જાય છે. એકમાં જ સર્વ છે તેથી જુદા જુદા દેવોની ઉપાસના કે આવાહનની જરૂર પડતી નથી. મર્યાદા રીતે જે દેવનું અર્ચન

કરવું હોય તેનું આવાહન કરે પુજા પુરી થયે વિસર્જન કરવું આ રીતી છે. આમ એક પછી એક અનેક દેવોની પુજા કરવાનું હોય છે. પુષ્ટિમાં એકમાં અનેક સમાયેલા છે, તેથી બીજાની જરૂર નથી. તેથી પ્રભુને જ જાણવા તેનું જ ધ્યાન ધરવું, તેમની જ સેવા કરવી. હરિનામ સર્વ દુ:ખહર્તા છે, તેથી ધ્યાન, જ્ઞાન, સેવા આમાં અર્ચનભકિત આવી જાય છે. પુષ્ટિમાં સર્વાત્મભાવ છે. પુષ્ટિભકત કોઇનું બુરું કરે નહીં તેમ ચાહે પણ નહીં, ઉલટાનું અવગુણ ઉપર ગુણ કરે, તે પુષ્ટિ રીત છે. પાપ-પુણ્ય કેને કેવાં ? બીજાને સુખ પ્રાપ્તિ કરાવવું તે પુણ્ય, બીજાને પીડા થાય તેવું કરવું તે પાપ. આ વિકલ્પોને જાણનારા તે પુષ્ટિભકત. દૃષ્ટાંત જુઓ—

નારણદાસ વૈષ્ણવને ઘેર ઠગો આવ્યા. તેમણે મોકો જોઇને સ્ત્રીને બાંધી, દાગીના લુંટી લીધા. લઇને ચાલ્યા ત્યાં સામે નારણદાસ મળ્યા. તેઓનો વૈષ્ણવ પ્રત્યે અગાધ ભાવ હતો. પાછા ઘરે તેડી લાવ્યા. ઘરમાં જોયું તો સ્ત્રીની હાલત બંધાયેલી હતી તેને છોડીને પાછા બહાર આવ્યા. બધુ જાણવા છતાં ઠગોને કાંઇ ન કીધું. ઉલટું સન્માન કર્યું. જુઓ અવગુણોને માથે ગુણ કર્યો. ત્યારે ઠગોની બુદ્ધિ નિર્મળ થઇ, લીધેલા દાગીના પાછા આપી ક્ષમા માગી. એટલું જ નહીં તેઓ વૈષ્ણવ થયા. આ છે પુષ્ટિ જીવોની કુતિ. અવગુણ ઉપર ગુણ કરે, તો સામે ચાલીને બીજાને દુ:ખ થાય તેવું તો કરે જ નહીં. તે વાત નિશ્ચિત છે. આમ સર્વવ્યાપક રૂપને પણ માન્ય દેવાય છે.

એક વૈષ્ણવ યમુના કિનારે ધ્યાન ધરી બેઠા હતા, તેવામાં ગાયુનું ધણ ત્યાં આવ્યું, મલ્લાયે તેને ઉઠવાનું કહ્યું, તે ન ઉઠયા. એટલે મલ્લાહે માથા ઉપર લાકડીનો ઘા કર્યો. વૈષ્ણવ લોહીલુહાણ થઇ ગયા, ઢળી પડયા. આ જોઇ મલ્લાહ ત્યાંથી ભાગી નીકળ્યો. પ્રભુ, ભકતની આ દશા જોઇ ન શકયા, તુરત જ આવી ભકતને માથે હાથ ફેરવ્યો. તેની સર્વ પીડા દુર થઇ, ત્યારે પ્રભુએ તેને માંગવાનું કહયું : તું કહે તે દંડ તે અપરાધીને આપું. ત્યારે ભકત કહે : પ્રભુ આપ પ્રસન્ન હો તો, તેની બુદ્ધિ નિર્મળ કરો.

પ્રભુ કહે : આ તું શું માગી રહયો છે ! તેને દંડ શું આપવો ? તે કહે, બીજી વાર કહું છું માગ ! ત્યારે વૈષ્ણવ ભકતે કહ્યું તેને કુટુંબ સહિત સર્વને ભકિતનું દાન આપો. પ્રભુએ આ ભકતની ઇચ્છા મુજબ તેને ભકિતનું દાન દીધું. જુઓ અપરાધ કર્યો તો પણ વૈષ્ણવે તેનું ભલું જ વિચાર્યું કે મને જેમ માર્યો તેમ આ બીજા કેટલાયને મારશે. માટે સદબુદ્ધિ અપાવી, ભકિત અપાવી. અત્રે પ્રભુ ચાહતા હતા કે અપરાધીને દંડ આપું, પણ આપી ન શકયા. કોઇનું દીલ દુભાવવું નહીં. આ ચંદ્રાવળાની ભાવનામાં છે. ભકતમાં આવી મહાનતા હોય છે કે ક્ષમા દેવી અને પાપીનું કલ્યાણ થાય તેવું ઇચ્છવું. ભકત કોઇથી વૈર લેવા મારતો નથી. તેમ પોતાનું સુખ પણ માગતો નથી. આવા ભકતોથી પ્રભુ પણ હાર માનીને દંડને બદલે કૃપાનું દાન આપે છે.

“વૈરી વૈરી કર્યો કહે વિના કીયે પહિચાન, અપના વૈરી આપ હૈ કીયો ન આત્મકલ્યાન”

ભક્તો કહે છે– મારૂં કોઇ વૈરી જ નથી. જેથી મને કોઇ વૈરી દેખાતું જ નથી. મને તો મારામાં જ અવગુણો દેખાય છે. હું મારૂં આત્મકલ્યાણ કરવા સમર્થ નથી તો બીજાને હું શું કામ આવી શકીશ ?

‘દેહીને દુભાવે તે કૃષ્ણનો વેરી’ આ વાકય યથાર્થ, ઉપરના દૃષ્ટાંત ઉપરથી સિદ્ધ થાય છે. દેહિને દુભાવ્યા નહીં, પણ દુભાવવાવાળાનું કલ્યાણ કર્યું. માટે જ કવિ કહે છે– સેવો શ્રીકૃષ્ણ કૃપાળ. ।૨૬।

શ્રી યમુનાજીના પદ

રચયિતા : મહાકવિ શ્રી વલ્લભદાસ શર્મા, દેવરી.

ભાવાર્થ–લેખક **‘માધુરી’** રાજકોટ

પદ–૨૭

શ્રીયમુને વાલુકા શ્રુતિ સાર–સી;
કરુણા કલા કલેવર અદ્‌ભુત હરિત અધિક ઉદાર–સી. ૧

હરિ પદ અંક નિકર અંકિત છવિ બ્રહ્મ મોહની હાર–સી;
જગમગાતિ રાધા પદ ધ્રુતિ–સી કે મુક્તા રસ ધાર–સી ૨

સરલ પ્રેમ વલ્લી વ્રજ પ્રસરી કુસુમભરી શૃંગાર–સી;
કૃષ્ણ ભક્તિ હિત વર ચિંતામણિ ત્રણ દીન પરિવાર–સી. ૩

યુગલ કેલિ રૂપામૃત સાની મનો મનોહર આરસી;
પુષ્ટિ ભક્તિ પ્રદ ભાવભાવના નિરખત હૃદય પ્રચાર–સી. ૪

કૈધોં બ્રજજન પ્રીતિ પુરાતન ભઇ ભૂમિ વિસ્તાર–સી;
કોમલ અમલ ધવલ કીરતિ કલ નિત્યોત્સવ ભંડાર–સી. ૫

શેષ શારદા બરનત સકુચત મહિમા અગમ અપાર–સી;
ગાય ગોપ ગોપી ગિરિ યમુના વિવસ ચિત્રાકાર–સી. ૬

બ્રજ મનોર્થ સાંચે મેં માનો ખરી શ્યામ સુખર–સી;
‘વલ્લભ’ દાસ મનોરથ દેની રાજતિ હરિ અવતાર–સી. ૭

પરમ પ્રતાપ હરિવે કો વિશ્વ વિદિત ઘનસાર–સી.
શ્રી યમુને વાલુકા શ્રુતિ સાર–સી. ૮

ભાવાર્થ – આ પદમાં કવિશ્રી વાલુકાના વૈભવનું વર્ણન કરે છે. વેદ શ્રુતિનો સાર સમજવો કઠણ છે, પરંતુ તેનાં તત્ત્વરૂપતો આપની તટ વાલુકા (રેતી) છે. જેની શોભાનું વર્ણન કઇ રીતે કરી શકું. આપનાં જળથી ભીંજેલી હોય ઉદાર કરૂણા કરવાવાળી છે કેમકે તેનો વૈભવ અગણીત છે તે વાલુકા ભગવત ચરણારવિંદથી અંકિત હોયને બ્રહ્માને પણ મોહ ઉત્પન્ન કરવાવાળી છે. શ્રી સ્વામિનીજીનાં ચરણારવિંદ પ્રાપ્ત કરીને જાણે કે તે પદની છાપમાં ઉભરતી રેતી ચમકીને તે મુકતા (મોતી)ની રસધારા સમાન દેખાય છે. જાણે કેમ સુંદર પ્રેમ વેલી વ્રજમાં પ્રસરી રહી હોય અને પુષ્પોનો શૃંગાર ધારણ કર્યો હોય આવી સુંદરતા પ્રાપ્ત કરીને જે કૃષ્ણભકતો છે તેને ઇચ્છિત ફળ દેવા માટે ચિંતામણીરૂપ છે.

અથવા સુંદર વાલુકા ઉપર યુગલ સ્વરૂપની અનેક કેલી રહેલ તેનાં દર્શનની આરસી રૂપ છો. મતલબ કે યુગલ સ્વરૂપનાં કેલીકલા રસનું ભાન કરાવવાવાળી આપની રેતી છે. તેમાં પણ ખાસ કરીને પુષ્ટિ ભકતો માટે વાલુકાના દર્શન માત્રથી હૃદયમાં અનેક લીલાનું ભાન કરાવવાવાળી છે. અથવા તો વ્રજજનની પ્રિતીનાં ઉભારથી વ્રજમાં વિસ્તરી રહેલ હોય કોમળતા, અમલ અને શ્વેતતા જોઇને જાણે કે નિત્ય ઉત્સવ મનાવી આનંદ પ્રકટ કરતી હોય તેવા આનંદની ભંડારરૂપ છે.

શેષજી, સરસ્વતીજી વાલુકાનું દર્શન કરી તેનાં ગુણગાવામાં સંકોચ કરે છે કે જેની મહિમાનો કોઇ પાર નથી તેનું યશોગાન કેમ કરી વર્ણન કરવું.

ગાયો, ગોપીઓ, ગોપો, ગિરિરાજજી આ બધાથી વિંટળાઇ રહેલા શ્રી યમુનાજી વ્રજમાં આડીઅવળી ચાલ ચાલી બધે વાલુકા ભરેલી છે. વળી ગાયો, ગોપો, ગોપીઓનાં ચરણની છાપ ઉપડેલી માને સુંદર ચિત્ર બનાવેલ હોય તેમ, અગર તો સંચામાં કેમ ઢાળેલી હોય તેમ દર્શાય છે.

અથવા તો વ્રજ વાસિયોનાં મનોરથ પુર્ણ કરવાને માનો શ્રી ઠાકોરજીએ જ અત્રે સંચામાં કેમ ઢાળેલી હોય. દાસ વલ્લભ કહે છે ભકતનાં મનોરથ પુર્ણ કરવા માટે ભગવદ્ અવતાર સમાન વિશ્વ વિખ્યાત ઘનસાર સમાન એવી વાલુકા શ્રુતિઓના સારરૂપ છે.

વાર્ષિક પુષ્ઠ પ્રકાશન સહાય

પ. ભ. શ્રી જમનાદાસ મોરારજી કારિયા હ. ગિરિશચંદ્ર જમનાદાસ કારિયા કાંદીવલી (વેસ્ટ)ના જયશ્રીકૃષ્ણ.

॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

વ્રજલીલાનાં પદો

રચયિતા : **શ્રી પ્રવીણચંદ્ર એમ. દેસાઈ (ચરણદાસ)** બી. ઇ. (સીવીલ) **બીપુરર**

–ગતાંકથી ચલુ

૧૩. "મોતીકુંડ" લીલા. રાગ : સારંગ

(કીરતિ) માલા ભેજત [૧]હાર મોતિન સોં,
કરત પિયારી, શ્રી લાડિલીકી, સગાઇ નંદકે લાલનસોં. ૧

[૨]કનક થારમેં, ચંદ ચમકસો, બ્રહ્માદિક જો નાહીં ગૂથ્યો સોં;
ઐસો હાર ન, દેખ્યો કબહું, પ્રીત મઢયો, બ્રજરાજ કુંવર સોં. ૨

માત યશોદા, પ્રેમ સહિત હી, ભેટ લિયો હૈ, વધાવનકો;
રુચિ ઉપજત, હૈ, [૩]પહેરાવનીકી ઇનસે અધિક જડાવનકો. ૩

ફૂલ બીની ચલે [૪]કુલવારીકુંડસોં, ધોયે પાયન, [૫]પામરીકુંડસોં;
ખેલન લગે ઐસો નંદકુંવરજુ, કરત બિલગ મોતી હારન સોં. ૪

ફિર રોપ દિયો હૈ વ્રજ રસાલ સોં, ઉગપાયોલાગ મોતી કુંડનસોં;
'ચરનદાસ' નિરખે વૃક્ષનસોં, કાયાકો મોતી બનાવનકો. ૫

૧. હાર–મોતિનસોં – શ્રી ઠાકોરજીની સગાઇ, શ્રી વૃષભાનજીએ તથા શ્રી કીરતિ માતાજીએ નક્કી કર્યા પછી સગાઇની વધામણીમાં, અલૌકિક અનુપમ, લલિત મોતીનો હાર શ્રી ઠાકોરજી માટે માતા યશોદા પાસે મોકલાવ્યો હતો.

૨. કનક થારમેં ચંદ ચમકસોં – જેમ નીલ ગગનમાં પૂનમનો ચંદ્ર શોભાયમાન બની ચમકતો હોય તેવી રીતે સોનાના નકશીદાર થાળમાં આ અલૌકિક મોતીનો હાર ચમકતો હતો.

૩. પહેરાવનીકી – શ્રી કીરતિજીએ સગાઇના વહેવારમાં અમૂલ્ય હાર મોકલાવેલો જોઇ યશોદા માતાને મનમાં ઇચ્છા થઇ કે વહેવાર સાચવવા સુંદર પહેરામણી કરી શ્રી રાધાજી માટે આથી પણ અધિક સુંદર હાર મોકલવો. માતાની ઇચ્છા જાણી આપ હારને નીરખવા લાગ્યા અને રમત રમતમાં તોડી નાખ્યો. એક એક મોતી છૂટાં કરી ત્યાં જ વ્રજની લલિત ભૂમિમાં જે સર્વ રસથી ભરેલી હતી અને લીલારસ માટે આતુર હતી તેવી વ્રજ ભૂમિમાં શ્રી ઠાકોરજીએ પોતાના હસ્તે એક એક મોતી વાવ્યાં અને નંદબાવાને તથા માતાજીને જણાવ્યું કે મેં મોતી વાવ્યાં છે – તેમાંથી અનેક મોતીનાં વૃક્ષો થશે. એક એકથી રળિયામણાં અને અદ્‌ભૂત સુંદર અલૌકિક મોતી ઉગશે. તેનાથી આપની ઇચ્છા મુજબ વહેવાર રૂપે પહેરામણી કરવા માતાને જણાવ્યું.

લાલાનાં આવાં વચનો સાંભળી, સૌને બાળ વિનોદ થયો અને કહ્યું કે મોતીનાં ઝાડ કદી થતાં હશે ? શ્રી ઠાકોરજી પછી માતાપિતાને જ્યાં મોતી વાવ્યાં હતાં ત્યાં લઇ ગયા અને મોતીથી ચમકતાં વૃક્ષો સાક્ષાત્ ઊગેલાં સૌને બતાવ્યાં. આથી આ કુંડનું નામ મોતી–કુંડ પડ્યું છે. આજે પણ ત્યાં મોતી સમાન વૃક્ષમાં ફળ પાંદડાની સાથે ઊગે છે. તે સફેદ નાના સુંદર મોતી સમાન ચમકે છે. તેનાં મોતી કુંડે દર્શન થાય છે. આવાં વૃક્ષો વ્રજમાં હયાત છે.

૪. ફૂલવારી કુંડસોં – આ કુંડ મોતી કુંડની સામે નંદગામમાં આવ્યો છે. ત્યાં શ્રી ઠાકોરજીએ સખીનું રૂપ ધરી ફૂલો વીણ્યા છે અને શ્રી રાધાજી સાથે સખી રૂપે વિહાર કર્યો છે. અત્રે શ્રી રાધાજીની સાથે પ્રભુનું સખી રૂપે પ્રથમ મિલન થયું હતું. સખીરૂપ ધર્યું હોવાથી આપને સખીઓએ ફુલોથી શણગારી અને સિંગાર કર્યા હતા. પછી આપ સર્વ ગોપીઓની સાથે નવલ લીલા કરતા.

૫. પામરી કુંડકી – પામરી કુંડને જ પાન સરોવર કહે છે. શ્રી ઠાકોરજીએ ત્યાં રમતાં રમતાં પોતાના ચરણકમલને ધોયા છે તેથી તેને પામરી કુંડ કહે છે. તેમના ધોયેલા ચરણકમલના જળનું આ કુંડે સૌ પધારી પાન કરતા તેથી તેને પાન સરોવર પણ કહે છે.

શ્રી નંદરાયજીએ શ્રી ઠાકોરજીના વિવાહ પ્રસંગે સગાઈ નક્કી કરવાના શુભ પ્રસંગની ખુશાલીમાં રીત રીવાજ મુજબ શાલ–પામરીનું દાન કર્યું હતું તેથી આ કુંડ ઉપર શાલનું દાન આપવાનું માહાત્મ્ય છે અને આ કુંડનું ત્યારથી પામરી કુંડ નામ પડ્યું છે.

–ક્રમશઃ

॥ શ્રી હરિઃ ॥

નામ–વિચાર

લેખક :– **ગો. શ્રી પંકજકુમારજી મહોદય** (માંડવી–ગોકુલ)

નામ્નો હિ યાવતી શક્તિઃ પાપનિર્હરણે હરેઃ ।
તાવત્ કર્તું ન શક્નોતિ પાતકં પાતકી નરઃ ॥

અર્થ : પ્રભુના નામમાં એટલી સામર્થ્ય છે કે, જેટલી તીવ્રતાથી કોઇ પાપી પાપ નથી કરી શકતો તેથી વધુ તીવ્રતાથી પ્રભુ નામ તેના બધા પાપો દૂર કરી શકે છે.

અવશેનાપિ યન્નામ્નિ કીર્તિતે સર્વ પાતકૈઃ ।
પુમાન્ વિમુચ્યતે સદ્યઃ .... ॥

અર્થ : જે વ્યક્તિ વિવશતાથી પણ જો પ્રભુનામ બોલે છે તો પણ તે બધા પાપોથી મુક્ત થાય છે.

તન્નામ કીર્તનં ભૂયઃ તાપત્રય વિનાશકમ્ ।
સર્વેષામેવ પાપાનાં પ્રાયશ્ચિત્તમિદં સ્મૃત્તમ્ ॥

અર્થ : પ્રભુના નામનું વારંવાર ઉચ્ચારણ ત્રણે તાપોને દુર કરનારૂં છે. પ્રભુના નામનું ક્ર્તિન બધા પાપોનું પ્રાયશ્ચિત છે.

પ્રયાણે ચાપ્રયાણે ચ યન્નામ સ્મરતાં નૃણામ્ ।
સદ્યો નશ્યતિ પાપૌઘો નમસ્તસ્મૈ ચિદાત્મને ॥

અર્થ : અંત સમયે અથવા કોઇ પણ સમયે જે વ્યકિત પ્રભુના નામનું સ્મરણ કરે છે તો શીઘ્ર જ તેનો બધો પાપ સમુહ નષ્ટ થઇ જાય છે.

અજ્ઞાનાત્ અથવા જ્ઞાનાત્ ઉત્તમશ્લોક નામ યત્ ।
સંકીર્તિતમઘં પુસાં દહેદ્દઘો યથાનલઃ ॥

અર્થ : પ્રભુનું નામ જ્ઞાનપૂર્વક અથવા તો અજ્ઞાનપૂર્વક ઉચ્ચારણ કરેલું હોય તો પણ મનુષ્યોના પાપોને બાળી દે છે. જેવી રીતે કે અગ્નિ લાકડાને બાળે છે.

સાંકેત્યં પારિહાસ્યં વા સ્તોભં હેલનમેવ વા ।
વૈકુણ્ઠનામગ્રહણં અશેષાઘહરં વિદુઃ ॥

અર્થ : લૌકિક વ્યકિત માટે કહેલું પ્રભુનું નામ, શ્લોકમાં ચરણપુર્તિ માટે જોડેલું નામ, પરિહાસમાં કહેલું નામ અથવા અપ્રયાસ ઉચ્ચારેલું વિષ્ણુનું નામ મનુષ્યના સંપુર્ણ પાપોને દુર કરે છે.

ઉપર્યુકત શાસ્ત્રવાકયોથી સમજી શકાય છે કે ભગવાન્નામની મહિમા અતુલિત, અસીમિત અને વિલક્ષણ છે. બીજા કોઇ પણ સાધનની મહિમા ભગવન્નામસંકીર્તનના બરોબર નથી અને જે કોઇ વ્યકિત યદિ બીજા કોઇ પણ સાધનને તેના સમાન સમજે છે તો શાસ્ત્ર તે વ્યકિતને નામાપરાધી કહે છે.

ધર્મવ્રતત્યાગ હુતાદિ સર્વ શુભક્રિયા સામ્યમપિ પ્રમાદઃ ।

અર્થ : ધર્મ, વ્રત, ત્યાગ, હોમ આદિ સર્વ શુભક્રિયાઓથી ભગવાન્નામની સરખામણી કરવી પ્રમાદ છે. પરંતુ પ્રભુનું નામ યદિ કોઈ પણ રીતે ઉચ્ચારવામાં આવે અને તેનાથી ઉચ્ચારણકર્તાના સર્વ પાપો દુર થઇ જાય તો તે વ્યકિતને કોઇ પણ દુઃખ કે કષ્ટ ન ભોગવવું પડે કેમકે એના બધા પાપો તો પ્રભુના નામોચ્ચારણ કરતાની સાથે જ ભસ્મ થઇ ગયા છે. પરંતુ એવું જોવામાં તો આવતુ નથી. અરે ! આધુનિક જીવોની તો વાત જ શું છે. પ્રાચીન ભગવદીયો ચોરાસી કે બસોબાવન વૈષ્ણવોની વાર્તાઓમાં પણ આવે છે કે એ લોકોને પણ પુર્વજન્મના કર્મોનો ભોગ કરવો પડયો છે તો પછી શાસ્ત્રની આ વાત કેવી રીતે સુસંગત થાય છે ?

યદિ એવું કહેવામાં આવે કે નામમહિમા કહેનારા આ બધા શાસ્ત્રવાકયો, જે લોકો પ્રભુનું નામઉચ્ચારણ, સ્મરણ નથી કરતા તે લોકોને નામસ્મરણમાં લગાવવા માટે તેનું ફલ વધારે કહીને બતાવે છે. વાસ્તવમાં એટલું ફલ નથી હોતુ તો આ શાસ્ત્રવાકય કુપિત થશે.

અર્થવાદો હરેર્નામ્નિ સંભાવયતિ યો નરઃ ।
સ પાપિષ્ઠો મનુષ્યાણાં નિશ્ચયે પતતિ સ્ફુટમ્ ॥

અર્થ : જે વ્યક્તિ પ્રભુનામના ફલને અર્થવાદ (ખોટી પ્રસંશા કરવી) કહે છે તે મનુષ્યોમાં પાપી મનુષ્ય છે અને તે નિશ્ચય નરકમાં જાય છે.

અંતે સમાધાનનો કોઇ એવો રસ્તો શોધવો પડશે જેનાથી આ શાસ્ત્ર વાકયોનો અર્થ ખોટી રીતે ન થાય.

શ્રી લાલુભટ્ટજી આ વિષયમાં કહે છે કે- શ્રીમદ ભાગવતમાં સર્ગાદિલીલાનું નિરુપણ તૃતીયસ્કંધથી લઇને દ્વાદશસ્કંધ સુધી છે તે લીલાઓ પૈકી પુષ્ટિલીલાનું નિરુપણ ષષ્ઠસ્કંધમાં છે. પુષ્ટિનો અર્થ અનુગ્રહ છે. અતઃ સ્કંધાર્થના અનુરોધથી જેના પર પ્રભુની કૃપા છે તેવા વ્યકિતઓના જ સર્વપાપો સંકેત પરિહાસાદિ સ્થિતિઓમાં ભગવાન્નામોચ્ચારણ કરવાથી દુર થાય છે. (કેમકે 'સાંકેતં પરિ હાસ્યં.......' આ શ્લોક તથા પ્રભુનામનું માહાત્મ્ય નિરુપણ ષષ્ઠસ્કંધમાં છે) શ્રી મહાપ્રભુજી પણ આજ્ઞા કરે છે-

ભગવત્સેવકા યે તુ કથંચિત્ ભિન્નતાં ગતાઃ ।
સર્વાત્મના પાપનાશઃ તેષામેવ ભવેત્ ધ્રુવમ્ ॥
(ભાગ. નિ. ૬ / ૧૦)

અર્થ : કેવલ તેવા જ વ્યકિતઓના સર્વપાપો દુર થાય છે જે પ્રભુના સેવક હોવા છતાં પણ કોઇ કારણથી અન્યથા આચરણ કરવા લાગે છે આ નિશ્ચિત વાત છે.

જે લોકો અનુગૃહીત ભકત નથી તે લોકોના પાપોનો નાશ જ્ઞાન અથવા પ્રાયશ્ચિત કર્મથી થાય છે આ જ કારણથી રાજા પરિક્ષિત દ્વારા પુછવા પર શ્રી શુકદેવજીએ પહેલાં કર્મ તથા જ્ઞાન કહ્યા છે. યદિ સામાન્યરૂપથી બધા લોકોના પાપોનો નાશ પ્રભુનામથી થાત તો પ્રાયશ્ચિત પ્રકરણમાં શ્રી શુકદેવજી કેવલ નામમાહાત્મ્ય જ કહેતા કેમકે કષ્ટજન્ય પ્રાયશ્ચિતો કરતા સરલ સાધનરુપ હરિનામ બલવાન્ છે. અતઃ આ વાત કહેવી પડે છે. વિશેષ અધિકારીના જ બધા પાપો નામથી દુર થાય છે.

શ્રી પુરુષોત્તમજી પોતાના 'નામવાદ' નામક ગ્રંથમાં દશમસ્કંધ સુબોધિનિ (૧૦/૮/૧૬) ના આધારે સમજાવે છે કે શ્રી ઠાકોરજીનું નામ અલૌકિક છે અને લૌકિક શબ્દોથી ભિન્ન છે. પરંતુ ઉચ્ચારણ કરવાવાળાઓના ભેદથી શ્રી ઠાકોરજીના નામનું ફલ બધાને એક સરખું મળતું નથી.

ભકત્યા મામભિજાનાતિ યાવાન્ યશ્ચામિ યાદશઃ ।
તતો માં તત્વતોજ્ઞાત્વા વિશતે તદનન્તરમ્ ॥

અર્થ : શ્રીકૃષ્ણ કહે છે કે- 'હું જેટલો, જેવો અને જે છું તેને ભકિતથી તત્વપૂર્વક જાણી ભકત મારામાં પ્રવેશ કરે છે.

શ્રી મહાપ્રભુજીના મત પ્રમાણે શાસ્ત્રાર્થ રૂપ બ્રહ્મસાકાર છે અને અનંત, નિત્ય તથા અલૌકિક ગુણોથી યુકત છે અને તે શ્રીકૃષ્ણ સિવાય બીજો કોઈ હોઇ શકતો નથી.

'પરં બ્રહ્મ તુ કૃષ્ણો હિ'

અતઃ યદિ પરબ્રહ્મ શ્રીકૃષ્ણના સ્વરૂપને સમજવું છે તો આ પ્રશ્નો ઉઠવા સ્વાભાવિક છે.

(૧) તે સાકાર બ્રહ્મનો પરિમાણ કેટલો છે ?

(૨) તે બ્રહ્મનું સ્વરૂપ શું છે ? અને તેના અંદર કયા ગુણધર્મો છે ?

(૩) તે ગુણો જે ક્રિયા (લીલા)થી પ્રકટ થાય છે તે કેવા પ્રકારની છે ?

(૧) શ્લોકમાં 'યાવાન્' પદથી સાકાર બ્રહ્મનું પરિમાણ જેટલું છે તે સમજવાની આજ્ઞા છે–

પ્રભુનું પરિમાણ અનેક લીલાઓમાં જુદું જુદું છે. વ્રજમાં બાલ્યાવસ્થાનું સ્વરૂપ પરિમાણ છે અને મથુરા તથા દ્વારકાની લીલાઓ ક્રમશઃ કિશોર અને યુવાવસ્થાનું પરિમાણ છે પરંતુ લૌકિક માણસોની જેમ તેમનું તે તે પરિમાણ અનિત્ય છે તેવું નથી કેમકે પ્રભુનું શ્રી વિગ્રહ (દેહ) જીવોના દેહની જેમ એના પાપ પુણ્યરૂપ કર્મોથી ઉત્પન્ન નથી તેથી પ્રભુનું સ્વરૂપ અને પરિમાણ નિત્ય છે.

કેમકે તે તે પરિમાણ થવામાં લૌકિક મનુષ્યમાં કાલનું એક ભેદ વય (ઉંમર) નિયામક છે તેવી રીતે યદ્યપિ શ્રીકૃષ્ણમાં બાલ્ય, કિશોર ઇત્યાદિ પરિમાણ જોવામાં આવે છે. તેનાથી તે કાલના બંધનમાં છે તેમ નથી કહી શકાતું. કેમકે મૃત્સ્ના ભક્ષણના પ્રસંગ (માટી ખાવાના પ્રસંગ)માં શ્રીયશોદાજીને પ્રભુએ મુખમાં જયોતિષ્ચક્ર (સૂર્ય, ચંદ્ર આદિ તારામંડલ) દેખાડયું અને વયનો નિયામક તે જયોતિષ્ચક્ર જ છે અતઃ જે જયોતિષ્ચક્ર શ્રીકૃષ્ણના આધિન છે એવા પ્રભુ કાલને આધિન થઇ તે, તે પરિમાણ ધારણ કરે છે એવું કેમ કહી શકાય ?

ઉપર્યુક્ત વાત આપણે શાસ્ત્રના શબ્દોથી સમજી શકીએ છીએ. હવે શાસ્ત્રીય યુક્તિઓથી પણ તે બ્રહ્મના પરિમાણમાં આવતી આપત્તિઓનું નિરાકરણ જોઇએ.

યદ્યપિ પ્રભુમાં પૂતના, શકટાસુર ઇત્યાદિ દૈત્યોને મારવાનું સામર્થ્ય નિત્ય છે પરંતુ એવું હોવા છતાં પણ પ્રભુ તે તે રૂપ ધારણ કરીને જ તે સામર્થ્ય પ્રકટ કરે છે. તેનાથી આપણે સમજી શકીએ છીએ કે પૂતના શકટ ઇત્યાદિ દૈત્યને મારવા માટે ધરેલું પ્રભુનું રૂપ માયિક નથી અને તે તે સ્વરૂપ અને પરિમાણ તે જ સમય ના કોઇ વિશેષ ભકત માટે ધારણ કર્યા છે તેથી તે રુપ અને પરિમાણ નિત્ય નથી તેવું પણ નહીં કહી શકાય, કેમકે પૂતના મારણલીલા અથવા શકટભંજનરુપ લીલામાં બધા વ્રજવાસી ભક્તો ઉપસ્થિત હતાં અને તે બધા એ એ બધી લીલાઓના દર્શન કર્યા હતા. તે બધાના ભાવ જુદા જુદા હતા તો પણ તે બધાને પ્રભુની તે તે લીલાઓના દર્શન, અનુભવ થયો, યદિ કોઇ ભકતવિશેષ માટે જ તે સ્વરૂપ પ્રભુએ ધારણ કર્યું હોત તો વિભિન્ન ભાવોથીં ભરેલા બીજા ભકતોને તે લીલાઓના દર્શન અને અનુભવ ન થાત. (–ક્રમશઃ)

શ્રી હરિરાય મહાપ્રભુ પ્રકટિત સહસ્ર શ્લોકી સેવા ભાવના

હિન્દીમાં પદ્ય રચના

રચયિતા :- **પ. ભ. રૂપચન્દ ખંડેલવાલ 'ભૂપ' જબલપુર**

–ગતાંકથી ચાલુ

નિત્ય બૈઠિવે કે સ્થાનન મહું । શ્રીદામાદિ ગોપ બાલકકહું ॥
ઉચે ટેરિ–ટેરિ બુલવહિં સબ । આઓ રે ભૈયા સંગી સબ ॥
દેખહુ મૈયા સાજિ પઠાઇ । જેમન કી સબ વસ્તુ સુહાયી ॥
ઘેર મસાલા અરૂ પકવાના । પટરસ ભોજન ઔર અથાના ॥
દૂધ દહીં શ્રીખંડ સુહાયો । સદ માખન, મિસરી પધરાયો ॥
લાઇ ગોપી છાક સુહાઇ । આવહુ સંગ બૈઠ લ્યો ખાઇ ॥ ૩૬૫–૬૭

ઘામ બહુત ચઢિ આઇ ભૈયા । બૈઠહુ બટ કી શીતલ છૈયા ॥
આવહુ સિમિર સરોવર પાસા । કરહુ તા નિકટ અપનો બાસા ॥ ૩૬૮

દો. અસ કહિ પ્રભુ મિત્રન સહિત, નાચહિં અદ્‌ભુત રીત ॥
શ્રીદામા કે માથ ધરિ, સામગ્રી સુ પુનીત ॥

સબકે આગે તાહિ ચલાયો । પુનિ સબ તા પાંછં દુરિયચિ ॥
ભોજન કી ઇચ્છન સબ બાલક । વેણુ બજાઇ ભાગહિં જનુ ધાનક ॥
નાચહિં ગાવહિં અરૂ ચિલ્લાવહિં । હંસ હિ સબન બહુવિધિ ખીલાવહિં ॥
ઉચકે કૂદે કૌતુક કરહીં । સુન્દર લાગહિં મોદન ભરહીં ॥ ૩૬૯–૭૧

હરિહિં મધ્ય લો તિન મુખ હેરૈ । મનહુ શશિહિં તારાગણ હેરે ॥
ચલવો ફિરવો જિન કહું અતિ પ્રિય । તે સબ આનંદ વિનોદ સક્રિય ॥ ૩૭૨

છાંયા જબ કો દેખ સુપાસા । કીન્હુ તહાં સબ બાલક વાસા ॥
તિનકે બીચ કૃષ્ણ કિમિ છાજે । મનહુ સ્વયં ફલઆપ વિરાજે ॥ ૩૭૩

ગોલા, કુંડલ રુપ બનાઇ । નાયક જિમિ હરિ કહું બૈઠાઇ ॥
નવ પલાશ કે પાતન લાઇ । પાતલ તિનકી સરસ બનાઇ ॥
તિનપૈ પરસે સકલ મસાલે । દાળ ભાત સખડી દુધાલે ॥
મૂંગ ઓર ઘી વસ્તુન નાના । ધરે પાસ સારે પકવાના ॥
માટી પાત્રન દુધ દહીં ધરિ । દોનન મેં નવનીત ધર્યો ભરિ ॥
બહુત ભાંતિ ફલ બન તેં લાયે । ચહૂં ઓર તિન સકલ સજાયે ॥

દો. આમ દાખ જામુન ધરે, ટેંટી નીંબુ બેર ॥
ઋતુ ફલ સબ પથરાઇ કે ધરૈ બિજોરા ઢેર ॥ ૩૭૪–૭૮

કૃષ્ણ સ્વયં ફૂલ રૂપ બિરાજે । ફૂલ સબ સ્વયં ફૂલે રુચિ સાજે ॥
સબ કહં ફૂલ-સંબંધી કરિયો । ગોપ વેષ આનન્દ ભરિયો ॥ ૩૭૯

હાથ મુદ્રિકા કંકણ સો હૈ । આવત ઝબેંક મુનિ મન મો હૈં ॥
લરિકન સોં લૈ વસ્તુન નામા । સ્વાદ બખાનહિં આપ લલામા ॥ ૩૮૦

નિજ અધરન અમૃત પરસાઇ । દેત સખન કહં મન હરસાઇ ॥
કરહિં મશ્કરી હંસહિં હંસાવહીં । વિવિધ વિનોદન આહીં અઘાવહીં ॥ ૩૮૧

ગોપી કે કોમલ કર લાગે । ઇહિ ભાવન આવહિં અનુરાગે ॥
દાઉ ભૈયા અરુ લરિકન લૈ । કરહિં વિલાસ યુક્ત લીલા તે ॥ ૩૮૨

દહીં ભાત શુચિ શિલન ધરાઇ । ભોજન કરહિં સબહિં મનલાઇ ॥
શ્રી યમુનાજી કો જલ શીતલ । પાન કરહિં સબ બાલક નિશ્છલ ॥ ૩૮૩

ઘર તેં આયે પાન ચબાહીં । ઔરહું સબ કહં દે હરસાહીં ॥ ૩૮૪

જેહિ વિધિ પહલે સબ ક્રીડાયે । તૈસહિં પુનિ સબ મુદિત રમોચ ॥

દો. તહં નિકુંજ મેં એક લઘુ, સરસ સરોવર પાસ ॥
સબ બાલક એકાના મેં, ક્રીડહિં સહિત હુલાસ ॥ ૩૮૫

બપોરે વ્રજભક્તો કુંજભવનમાં પ્રભુને માટે સિંહાસન અને શૈય્યા સિદ્ધ કરે છે, અને અનવસરમાં ઉચિત સામગ્રી વગેરે સર્વ સાજે છે, તેનો પ્રકાર સાડી એકત્રીશ શ્લોકથી વર્ણન કરે છે (શ્લોક ૩૮૬ થી ૪૧૬½)

અપની ગઇયન ચરાઇબે કો । ભાર સૌંપ ગોપિન-સિર નીકો ॥
ગયે અકેલે કુંજ મંઝારી । સખિન મઠય જહં રાધા પ્યારી ॥ ૩૮૬

સબ ઋતુ મેં સબ વિધિ સુખદાઇ । સ્થાન જહાં એહિં ભાંતિ સુહાઇ ॥
સબ સખિયન નિજ હાથ બુહારી । કિયો તાહિ સુધરો ઇકસારી ॥ ૩૮૭

વિવિધ મનિન જહં કરહિં પ્રકાસા । પવન પ્રવેસ છેદ ચહું પાસા ॥ ૩૮૮

લતનિ ઇનહિં છેદન પ્રવિસાઇ । લીનોં મંડપ એક બનાઇ ॥
શોભા કઠિન જાય કછુ કુંજન । કનહિં ભ્રમર નાના વિધિ ગુંજન ॥
માનહું માન કરહિં ગંધર્વા । ભર્યો વિનોદન ઇમિ થલ સર્વા ॥ ૩૮૯

સો. લતા ઝરાવહિ ફુલ, ધરતી પુષ્પન સોંધઇ ॥
સખી ભ્રમર અનુકૂલ, કરહિં ગીત, ધ્વનિ સોહહીં ॥ ૩૯૦

નિજ સ્વામિનિ-રતિ કથા સુહાઇ । ભલી ભાંતિ સો પરાઇ સુનાઇ ॥
ભવન નિકુંજ, લતન નિરમાઇ । સો ઇકાન્ત મેં રહયો સુહાઇ ॥ ૩૯૧

વિવિધ પુષ્પ – મકરન્દોન્મત્તા । પક્ષી નિજ નિજ સ્વર – અનુરક્તા ॥
પ્રિય લાગહિં સબકે મન ભાયે । જહંતહં ઝરના બહહિં સુહાએ ॥
જલ સંજોગન પૃથ્વી ગીલી । શીતલ ભઇ ઔર અતિ ઢીલી ॥ ૩૯૨
પુષ્પ–ગંધ યુત ભર્યો અમલ જલ । સીંચ્યો પ્રકૃતિ સ્વયં જનુ સબ થલ ॥
ચંદન કાષ્ટન કેર સુહાયો । ઉત્તમ સિંહાસન નિરમાયો ॥
તાપૈ મખમલ લાલ બિછાઇ । સ્વર્ણ કલશ ધરિયે ચમકાઇ ॥ ૩૯૩-૯૪
નઈ રૂઇ કી ગાદી ભરવાઇ । મખમલ કી કોમલ સુખદાઇ ॥
લમ્બે તકિયા દોનોં ઓરી । કર કમલન હિત ધરે બહોરી ॥ ૩૯૫
ઇન તકિયન કે દોઉ મુખન પૈ । રેશમ ફુન્દર સો હૈં અતિ સૈ ॥
સ્વેત વસ્ત્ર કી ખોલ જે બની । કેલિ ગર્ભ–પાતન સમ ચિકની ॥ ૩૯૬
સુવરન ઝારી જલહિં ભરાઇ । આસન કે દોઉ ઓર ધરાઇ ॥ ૩૯૭
રાયબેલ મોગરા માલતી । માલ માધવી મન લુભાવતી ॥

સો. સ્વેત રક્ત અરુસ્યામ, ગુંજન કી માલાધરીં ॥
ધારણ કરહિં લલામ, અતિ વિચિત્ર સોહેં ઘની ॥ ૩૯૮

ચઢિયે ઔર ઉતરિયે કાહીં । સીઢી દોનો હુ ઓર સુહાહીં ॥
ચરણ ચૌકી ઇક ધરી સુહાઇ । ખિલૌનાન – તબકડી ધરાઇ ॥ ૩૯૯
બાગા વસ્રુપાગ ધરાઇ । પાત્રન મેં સબ ઠીક કરાઇ ॥
કૃષ્ણ અગરુ રસ તિન પૈ છિરકે । કસ્તૂરી કી ધૂપન મેંહ કે ॥ ૪૦૦
વિવિધ ભાંતિ પંખામન ભાયે । અમિત કલાયુત લાગહિં સુહાયે ॥
ચૌકી એક ધરાઇ સુન્દર । તાપૈ સબ પંખા દીને ધર ॥
સિંહાસન સોં શય્યા તક કો । મારગ જો આવે જાવે કો ॥
તાપૈ કોમલ મખમલ કેરે । વસ્ત્ર બિછાયે રંગ ઘનેરે ॥ ૪૦૧
શય્યા સખિન ઇકાન્ત બિછાઇ । પાન ઉગલિ બે પાત્ર ધરાઇ ॥ ૪૦૨
ઝારિ બુહારિ સ્વચ્છ કરિસ્થાના । સલિલ સીંચ પુનિ વસ્ત્ર પુછાના ॥
વસન મેં રુઇ ભરી સુહાઇ । તિન્હે સુઘરતા પૂર્ણ બિછાઇ ॥ ૪૦૩
પ્રિયતમ પ્રિયા–રમણ કે ભાવના । શય્યા લાઇ મુદિત બિછાવન ॥ ૪૦૪

સો. કંચન પાયે ચાર, રત્નજટિત શોભિત અમિત ॥
રેશમ બની નિવાર, રેશમ કી ડોરિન ગુંથી ॥ ૪૦૫

સુખદ લગહિં પ્રિયતમરુ પ્રિયાકહં । રુઇ કી ગાદિ બિછાઇ જહં તહ ॥
કેલિ ગર્ભ સમ જે નરમાઇ । શ્વેત સ્વચ્છ ચાદર બિછાઇ ॥ ૪૦૬-૭

શય્યા કે ચારહું પાયન પર । શય્યા કી ગાદી સીધી કર ॥
ઝુમકા આઠ જાસુ ચહું ઓરી । ચારોં ઓર કસી અસ ડોરી ॥ ૪૦૮
લમ્બે તકિયા રુઈ ભરાયે । અતિ કોમલ નયન કહું ભાયે ॥
દુહૂં ઓર સેજ પૈ ધરાયે । તિન શોભા નહિં ગાઇ જાયે ॥
દોઉ ઓર થૈલી મૃગમદ કી । સિર તકિયન તર બંધી લટકી ॥ ૪૦૯
ધરી એક ચાદર સુપ્રકાશિત । ધરી વસ્તુ ઇત ઉત નિર્ધારિત ॥ ૪૧૦
પીતલ કી ઉજ્જવલ પડઘીપર । ધરે સુગંધિત પાન સિદ્ધ કર ॥
ચાંદી કી ડબ્બી તેહિ પાસા । તામેં ભરકે ધર્યો બરાસા ॥ ૪૧૧

સો. સુવરણ પાત્રન આન, ઊપર કી બાજૂ ધરે ॥
તહં સુન્દર પકવાન, ધરે સજાઇ વિવિધ વિધી ॥ ૪૧૨

યા સોં થોરિક દુર રખાઇ । કંચન ઝારી સુજલ ભરાઇ ॥
તાકે પાસ સિરાનન ઓરી । થાલ રખ્યો માલાન ભર્યોરી ॥ ૪૧૩
ઇહિ વિધિ સબ ધરી દાહિન ઓર । પાન ઔર સબ ખાયે છોરા ॥ ૪૧૪
ક્રમન ધરે જલ પાત્ર રૂપ ઝારી । પૈંડે સુખદ પથન પૈ ડારી ॥
પ્રિયતમ પ્રિયા આઇ હૈં જઇ હૈં । ચલત ઇનન્હ પૈ અતિ સુખ પર હૈં ॥
ઇહિ ભાવન સાંગામાચી હુ । ધરી, નકુષ્ટ પાયેં પ્રિયતમ જૂ ॥ ૪૧૫-૧૬
સબહિ વસ્તુ ઇમિ સિદ્ધ કરાઇ । મોર પિચ્છ પંખા ધરવાઇ ॥ ૪૧૬½

ત્યાર પછી સર્વ વ્રજ ભક્તો નિકુંજના દ્વાર ઉપર ઉભા રહીને પ્રભુની સાથે પોતાના સ્વામિનીએ આગળ જે રમણ કર્યું હતું, તેનું સ્મરણ કરી પરસ્પર તેની કથા કરવા લાગ્યા અને પ્રભુને પધારવાની રાહ જોવા લાગ્યા, તેનો પ્રકાર સાડી છેતાલીસ શ્લોકથી કહે છે. (શ્લોક ૪૧૬½ થી ૪૬૩ સુધી)

પુનિ સબ સખિયે નિકુંજ દ્વારન । જોહહિં મારગ કૃષ્ણ પધારન ॥
નિજ નિજ પ્રિય સખિયન કે સંગા । હરિ જે લીલા કરી ઉમંગા ॥
સુમિરન કરિ કરિ તિનકે ભાવન । કથા રસાત્મક લગહિં સુનાવન ॥ ૪૧૭-૧૮

(ક્રમશઃ)

આ માસના ઉત્સવ

અધિક અષાડ વદ ૧૧ તા. ૧૧–૭–૯૬ ગુરુવાર, પદ્મિની એકાદશી વ્રત.

અધિક અષાડ વદ ૩૦ તા. ૧૫–૭–૯૬ સોમવાર સોમવતી અમાવાસ્યા, સ્નાન, દાનાદિ માટે શ્રેષ્ઠ, અધિક માસ સમાપ્તિ.

નિજ અષાડ સુદ ૨ તા. ૧૭–૭–૯૬ બુધવાર રથયાત્રા (પુષ્ય નક્ષત્ર આજે).

અષાડ સુદ ૩ તા. ૧૮–૭–૯૬ ગુરુવાર ગો. ચિ. કૃષ્ણકાંત બાવાશ્રી (મુંબઇ)નો તથા ગો. ચિ. અભિષેક બાવાશ્રી (મથુરા–ધોરાજી)નો જન્મદિન.

અષાડ સુદ ૫ તા. ૨૧–૭–૯૬ રવિવાર શ્રી દ્વારકાધીશનો પાટોત્સવ (કાંકરોલી), ગો. ચિ. શ્રી દામોદરરાય બાવાશ્રી (મુંબઇ)નો જન્મદિન.

અષાડ સુદ ૬ તા. ૨૨–૭–૯૬ સોમવાર કસુંબા છઠ્ઠ, શ્રી લક્ષ્મણભટ્ટજીનો ઉત્સવ; દક્ષિણના શ્રી પાંડુરંગ વિઠ્ઠલનાથજીનો ઉત્સવ, વર્ષાઋતુનો પ્રારંભ થયો તે ભાદરવા સુદ ૧૦ સુધી.

અષાડ સુદ ૭ તા. ૨૩–૭–૯૬ મંગળવાર ગો. ચિ. શ્રી મિલનકુમાર બાવાશ્રી (મથુરા–પોરબંદર)નો જન્મદિન.

અષાડ સુદ ૮ તા. ૨૪–૭–૯૬ બુધવાર ગો. શ્રી બાલકૃષ્ણજી મહારાજ (ચાંપાસેની-જામનગર)નો તથા ગો. શ્રી પ્રમેયકુમારજી બાવાશ્રી (કડી–અમદાવાદ)નો તથા ગો. શ્રી ચીમનલાલજી મહારાજ (માંડવી–ગોકુલ)નો જન્મદિન.

અષાડ સુદ ૧૦ તા. ૨૬=૭–૯૬ શુક્રવાર, બેંગણ દશમી.

અષાડ સુદ ૧૧ તા. ૨૭–૭–૯૬ શનિવાર દેવશયની એકાદશી વ્રત, ચાતુર્માસના વ્રતના નિયમનો પ્રારંભ, ધારણા પારણા વ્રત, ગો. ચિ. શ્રી વ્રજેશકુમાર બાવાશ્રી (કામવન–રાજકોટ)નો તથા ગો. ચિ. શ્રી લલિતત્રિભંગી બાવાશ્રી (મુંબઇ)નો જન્મદિન.

અષાડ સુદ ૧૪ તા. ૨૯–૭–૯૬ સોમવાર ગો. શ્રી દેવકીનંદનજી મહારાજશ્રી (શ્રીનાથદ્વારા) તથા ગો. ચિ. શ્રી શરદકુમાર બાવાશ્રી (મથુરા)નો જન્મદિન.

અષાડ સુદ ૧૫ તા. ૩૦–૭–૯૬ મંગળવાર કચોરી પુનમ, વ્યાસ પૂર્ણિમા, મન્વાદિ તિથિ, ચાતુર્માસના નિયમનો આરંભ, જો એકાદશીએ ન થયો હોય તો આજે કરવો. ગો. શ્રી મુકુટલાલજી બાવાશ્રી (ચાંપાસેની–જામનગર)નો જન્મદિન.

અષાડ વદ ૧ તા. ૩૧–૭–૯૬ બુધવાર, હિંડોળા પ્રારંભ.

અષાડ વદ ૨ તા. ૧-૮-૯૬ ગુરુવાર, શ્રી ગોકુલનાથ પ્રભુ (ગોકુળ) શ્રી ગોકુલચંદ્રમાજી (કામવન)નો પાટોત્સવ (તૃતીયાનો ક્ષય હોવાથી આજે), ત્યાં આજથી હિંડોળા પ્રારંભ.

અષાડ વદ ૪ તા. ૨-૮-૯૬ શુક્રવાર ગો. શ્રી ગોપેશબાવાશ્રી (સુરત)નો, ગો. શ્રી શરદકુમારજી બાવાશ્રી (કોટા) તથા ગો. શ્રી મુરલીધરજી બાવાશ્રી (મુંબઈ-વિલેપાર્લા)નો જન્મદિન.

અષાડ વદ ૫ તા. ૩-૮-૯૫ શનિવાર ગો. ચિ. દેવકીનંદનજી બાવાશ્રી (બોરીવલી-રાજકોટ) તથા ગો. શ્રી દામોદરલાલજી મહારાજ (માંડવી-રાજકોટ)નો જન્મદિન.

અષાડ વદ ૬ તા. ૪-૮-૯૬ રવિવાર ગો. ચિ. શ્રી ચંદ્રગોપાલજી બાવાશ્રી (માંડવી-ગોકુળ)નો જન્મદિન.

અષાડ વદ ૮ તા. ૬-૮-૯૬ મંગળવાર જન્માષ્ટમીની વધાઇનો પ્રારંભ.

અષાડ વદ ૯ તા. ૭-૮-૯૬ બુધવાર ગો. શ્રી કનૈયાલાલજી બાવાશ્રી (ગોકુલ-કામવન-વીરમગામ)નો જન્મદિન.

નિવેદન

"શ્રી વલ્લભાવન માધુર્ય કાવ્ય" ગ્રંથની ૫૦૦ પાના બટર પ્રિન્ટ તૈયાર થઇ ગઇ છે. તેમાં પ્રસંગોચિત ૫૦-૬૦ રંગીન ચિત્રો મુકવાના છે તે તૈયાર કરાવવાની કાર્યવાહી ચાલે છે ત્યારબાદ છપાશે બંધાશે અને તૈયાર થયે દરેક આગોતરા ગ્રાહકોને રજીસ્ટર્ડ પોસ્ટથી ક્રમશઃ મોકલાશે એ હકીકતે આ સંબંધમાં કોઈએ પત્ર વ્યવહાર નહિ કરતાં ધીરજ રાખવા વિનંતી છે.

આં. રા. પુ. વૈષ્ણવ પરિષદ
ધોરાજી શાખા-રાજકોટ

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય ઇચ્છારામ ભટ્ટના

આંતર ઉદ્ગારો

૪૦. સેવામાં અનન્યતા

જશોદાજીને ઘેર પોતે પ્રકટ થયા, ત્યારે માગણો તથા સગાં સહોદર તેમનું સમાધાન કરવા ગયાં, ત્યારે પ્રભુને ધવરાવતા મુકીને-પ્રભુની સેવા મુકીને તેમનું સમાધાન કરવાં ગયાં, આ વખતે પ્રભુને જશોદાજી ઉપર રીસ ચઢી કે મને મુકી દેવાથી આ બ્રાહ્મણ તને શું કરશે ? અને સગાં પણ શું કરશે ? પણ જશોદાના મનમાં એમ આવ્યું કે, એમનું સમાધાન નહી કરીએ, તો સગાસબંધી અપજશ બોલશે.

લોકો સારાં કહે માટે જશોદાજી પ્રભુને ગાડા તળે સુવાડી બધાનું સમાધાન કરવા ગયાં ને કહે છે કે આ બધાંને વિદાય કરી તને ધવરાવું છું.

જેમ આજ કોઇ બાળક રડતું હોય ને તેની મા કહે છે કે રડે, તો રડવા દે, આટલું એઠું ભરી આવીને તેડું છું. આમ જશોદાજીએ પણ કર્યું. ત્યારે પોતાને રીસ ચઢી, તેથી પગ ઉંચા કરીને ગાડાના ટુકડે ટુકડા કરી નાખ્યા, ને તેલને એરંડીયુ તથા ઘીનાં કુલ્લાં વગેરેની નદી વહી અને પોતે વેગળા જઇને ઊભા ત્યારે જશોદાજીએ લઇને ધવરાવ્યા.

પહેલાં ધવરાવતાં ત્યારે માના મુખ સામે જોતા જાય, ને ધાવતા જાય, પણ તે દિવસે મુખ સામે જોયું નહિ, મનમાં બબડયા કે મને મુકીને લોકોનું સમાધાન ! પ્રભુની સેવામાં નડનારી તથા તસ્દી આપનારી ઘી, તેલ વગેરે વસ્તુઓ બહિર્મુખ થઇ ગઇ. સર્વથી હું છું. મારા ઉપર કોઇ નથી. માટે મારી સેવામાં નડનાર વસ્તુ બહિર્મુખ છે. જે આવી બહિર્મુખ વસ્તુનો સંગ કરે, તે પણ બહિર્મુખ થાય, આજ કારણથી ઢોળી દીધી, તેમ આજના વૈષ્ણવે પ્રભુની સેવામાં હોય, ત્યાં સુધી કોઇનું સમાધાન કરવું નહિ, ને કરે તો જેમ જશોદાજી ઉપર ખિજાયા, તેમ આવા વૈષ્ણવ પર પણ ખીજે અને ઉપદ્રવ કરે, દ્રવ્યની હાનિ કરે, અને બહિર્મુખ કરે, માટે સેવા વખતે મન કશામાં ઘાલવું નહિ.

માનવ-ધર્મ

(મનુષ્ય કે દશ ધર્મ)

સંપાદક :- **શ્રી હનુમાનપ્રસાદ પોદાર**
ભાષાંતર :- **ડો. ચુનીલાલ રવજી, બાલધા, આંખના સર્જન, રાજકોટ.**

(ગતાંકથી)

૭. ક્ષમા

બીજો ધર્મ છે ક્ષમા આપણો અપકાર કરનારથી બદલો લેવાનું પુરુ સામર્થ્ય હોવા છતાં પણ બદલો ન લઇને તે અપકારને હસતે મુખે સહન કરી લેવો ક્ષમા કહેવાય છે.

'સત્યપિ સામર્થ્યે અપકાર સહનં ક્ષમા ।'

મનુસ્ય માયાથી મોહિત છે મોહને કારણે તે ભોગોમાં સુખ સમજીને તેની પ્રાપ્તિ માટે પરિણામ વિચાર્યા વગર બીજાનું અનિષ્ઠ કરી બેસે છે. સાધારણ પ્રતિકુળ ઘટનામાં મનુષ્ય મનથી પોતાનું અનિષ્ઠ માની લે છે અને એ અવસ્થામાં તેને ક્રોધ આવે છે. આગળ જતા તે ક્રોધના કેટલાય રૂપ બની જાય છે. જેને દ્વેષ, વેર, પ્રતિહિંસા અને હિસા વિગેરે નામોથી પુકારવામાં આવે છે. જયારે કોઇ પ્રતિ મનમાં દ્વેષ ઉત્પન્ન થાય છે તે સમયે અમંગળની શરૂઆત થઇ જાય છે. કોઇને પોતાનો શત્રુ સમજીને તેનાથી બદલો લેવાની પ્રવૃત્તિથી તે વેરીનું જ અનિષ્ટ નથી થતું, પરંતુ આપણું પણ મહાન અનિષ્ટ થાય છે, દિવસ રાત હૃદય બળતું રહે છે. એટલામાં જ આ અમંગળની સમાપ્તિ નથી થતી બંને બાજુ દ્વેષ અને પ્રતિહિંસાની વૃદ્ધિ થતાં થતાં પરસ્પર વિવિધ પ્રકારે સંઘર્ષણ થવા લાગે છે અને તેનાથી એક એવો પ્રબળ દાવાનળ સળગી ઉઠે છે. જે મોટી મોટી જાતિઓ અને રાષ્ટ્રોને ભસ્મ કરી નાખે છે. જગતના મોટા મોટા યુદ્ધ શરૂઆતમાં એ ચાર મનુષ્યોની પરસ્પર મન મલીનતાના આધાર પર જ થયા છે. જો મનુષ્ય પોતાના જેવા બીજા મનુષ્યની કોઇ ભૂલને દ્વેષ ન સમજી ક્ષમા કરી દે તો તે બંનેની સાથે સાથે આખો સમાજ પણ મોટા અનર્થથી બચી શકે છે.

આપણે જે ઘટનાને આપણી બુરાઇ સમજીએ છીએ તે વાસ્તવમાં આપણી બુરાઇજ છે એવું કંઈ નથી. ઘણી વખત મનુષ્ય કોઇ બનાવને પોતાનું અનિષ્ઠ સમજે છે, પરંતુ જે બનાવ પરિણામે તેના સુખનું કારણ સાબિત થાય છે. આપણે ભુલથી મનને પ્રતિકુળ દરેક બનાવમાં અનિષ્ટ જોઇએ છીએ. એ નિશ્ચિત વાત છે કે બધા બનાવ કે બીજા દ્વારા કરાયેલા બધા કાર્ય આપણા મનને અનુકુળ ન હોઇ શકે, બધાના મનની ભાવના અને પ્રવૃતિ તથા બધાની પરિસ્થિતિ સમાન ન હોઇ શકે. કયારેક કયારેક તો એક બીજાથી સર્વથા ઉલટી જ પરિસ્થિતિ રહે છે. આપણુને કોઇ બીજાના એક કાર્યમાં આપણું અનિષ્ટ દેખાય પડે છે અથવા કયારેક કયારેક તેનાથી આપણા સ્વાર્થમાં કંઇક અડચણ પહોંચતી દેખાય છે. પરંતુ આથી એ કદાપિ

સિધ્ધ નથી થતું કે તે મનુષ્ય વાસ્તવમાં જાણી જોઇને આપણા સ્વાર્થમાં નુકશાન પહોંચાડવા માટે તે કામ કર્યું છે.

વેપાર જગતમાં ઘણી વખત આપણને આવો અનુભવ થાય છે. બે વેપારી પાસે એક જાતનો માલ છે. એક વેપારી માને છે કે આ માલની ઘણી તેજી થશે, તેથી તે પોતાનો માલ માત્ર ઓછા ભાવમાં વેચવાનો બંધ જ નથી કરતો, પરંતુ તેજીની આશામાં બજારમાંથી એવો માલ વધારે ખરીદે છે. બીજી બાજુ બીજા વેપારીની સમજમાં કોઇ કારણસર તે વસ્તુની ખૂબ જ મંદી દેખાય છે, અથવા તેને રોકડા રૂપિયાની જરૂર પડી છે અને તે પોતાનો ભાવ ઘટાડીને તુરત વેચે છે. તેનો ઉદ્દેશ પોતાનો માલ વેંચી નાખવાનો છે; નહિં કે તેજીવાળા વેપારીનું અનિષ્ટ કરવું. પરંતુ તેનું એ કાર્ય તેજીવાળા વેપારીના મન અને સ્વાર્થને પ્રતિકુળ હોય છે અને તેથી તેની માન્યતા થઇ જાય છે કે મંદીવાળો મારી ઉન્નતિ નથી જોઇ શકતો તેથી ઓછા ભાવમાં માલ વેચીને મને નુકશાન પહોંચાડી રહ્યો છે.

આ ભાવના જેમ જેમ વૃદ્ધિ પામે છે તેમ તેમ તે પણ મંદીવાળા વેપારીને જાણી જોઇને નુકશાન પહોંચાડવાની હરકત કરવા લાગે છે જ્યારે મંદીવાળાને આ વાતની ખબર પડે છે, ત્યારે તેના મનમાં પણ દ્વેષ ઉત્પન્ન થાય છે અને તે પણ ખુલ્લેખુલ્લો તેજીવાળાના અનિષ્ટની ઇચ્છા કરવા લાગે છે. દ્વેષ દૃઢ થઇ જાય છે. બન્ને તરફથી એવી કાર્યવાહી થવા લાગે છે. જેનાથી બન્નેને આર્થિક નુકશાન થાય છે અને પરસ્પર સદાને માટે વેર બંધાઈ જાય છે. જે જીવનભર બંનેને કષ્ટ આપે છે. એક બીજાના ભાઇ-બંધુઓ અને સગાવહાલા પણ પરસ્પર એકબીજાને વેરી સમજવા લાગે છે. પરિણામ એ આવે છે કે દ્વેષની ઝેરીવેલ ચારે બાજુ ફેલાઇને આખા સમાજ પર છવાઇ જાય છે અને ઘણી વખત બધાના જીવનને અશાંત અને દુઃખી કરી નાખે છે. કલકત્તા અને મુંબઇ જેવા મોટા વેપાર નગરોમાં રહેવાવાળા વેપારીઓને તેનો મોટો અનુભવ છે.

આ ફકત એક ઉદાહરણ છે, ફકત વેપાર જગતમાં જ આવું નથી બનતુ, પરંતુ સાહિત્ય, વિજ્ઞાન, ધર્મ, સંપ્રદાય, સેવક, નેતા, જાતિ, રાષ્ટ્ર વિગેરે બધામાં ગેરસમજથી આ પ્રકારના અનર્થ થયા કરે છે. જે શકિત જગતની ભલાઇમાં વાપરવી જોઇએ તે શકિત એક બીજાના વિનાશ માટે વાપરવામાં આવે છે. આથી એ સાબિત થઇ ગયું કે જે મનુષ્યના જે કાર્યથી કોઇ નુકશાન પહોંચે છે તેણે તે કામ જાણી જોઇને જ આપણને નુકશાન પહોંચાડવા માટે કર્યું છે, બધી જગ્યાએ આવી વાત નથી. આપણી ભ્રમણા જ એ કાર્યને એ રૂપમાં ફેરવી નાખે છે.

—ક્રમશઃ

સમાચાર સંચય

અમદાવાદ : પુ. ગો. શ્રી યદુનાથજી મહોદય તથા પુ. ગો, શ્રી જયદેવલાલજી મહોદય (કડી અમદાવાદ)ના માર્ગદર્શન તળે અમદાવાદમાં દિનાંક ૧૯-૫-૯૭નાં દિને શ્રી વિઠલેશ વૈષ્ણવ સમાજ (અમદાવાદ)ની સ્થાંપના કરવામાં આવી તા. ૧૯/૫થી૨૩/૫ વિવિધ કાર્યક્રમોનુ આયોજન તથા વચનામૃતનો કાર્યક્રમ ગોઠવવામાં આવેલ.

વડોદરા જીલ્લા વૈષ્ણવ પરિષદનાં ઉપકમે વડોદરા જીલ્લાના છોટા ઉદેપુર-તેજગઢ-બોડેલીમાં ગુજરાત પ્રદેશ સંગઠન મંત્રી ચીમનભાઈ શેઠ દ્રારા પ્રવાસ આયોજનમાં વૈષ્ણવોની સભાને સંબોધન કરતા પુ.પા,ગો. શ્રી વાગીશકુમારજીએ જણાવેલ કે ચોર્યાસી લક્ષ યોનીમાં પ્રભુ કૃપાથી મળેલ મનુષ્ય જન્મનો સાર્થક કરવા, સમગ્ર વૈષ્ણવ સૃષ્ટિએ સત્સંગ-સ્વાધ્યાયની પ્રવૃતિ-નિતાંત કરવી જોઇએ. વિશેષમાં આપશ્રીએ જણાવેલ કે વૈષ્ણવ પરિષદ સત્શંગ-સ્વાધ્યાય સંગઠનના ત્રિસુત્રી અભિગમને અપનાવી કાર્યરત છે. ત્યાં સમગ્ર વૈષ્ણવ પરિષદ ને તન-મન-ધન પુર્વક સહકાર આપી સહભાગી થવા અપીલ કરેલ આ પ્રવાસ કાર્યકરો તથા સ્થાનિક શાખાઓનો કાર્યકરોનો સહયોગ કાર્યક્રમને સફળ બનાવવામાં પ્રાપ્ત થયેલ.

પેટલાદ અને માતર મુકામે ચીમનભાઇ શેઠનો પ્રવાસ યોજયો જેમાં વૈષ્ણવોનીસભાનો પુ.પા.ગો. શ્રી દ્વારકેશલાલજી મહોદયે સંગઠનનું મહત્વ તેમજ સેવા-સ્મરણનું મહાત્મય સમજાવેલ. સ્ટીકર વિતરણ પણ કરવામાં આવેલ.

વૈષ્ણવ પરિષદ આગામી કાર્યક્રમો

વૈષ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશ તથા નિ. લી. પુ, ગો. શ્રી કૃષ્ણવતી વહુજી મહારાજ મેમોરીયલ ચેરીટેબલ ટ્રોફી દ્વારા પુ. ગોરવામી આચાર્યોની ઉપસ્થિતિમાં ૭-૭-૯૬નાં દિને શ્રી વૃજધામમાં જલપુર વડોદરામાં શ્રી વલ્લભ નિબંધ સ્પર્ધાના વિજેતાઓનો ઇનામ વિતરણ તથા સન્માનવાનાં કાર્યક્રમની સાથે વકતૃત્વ સ્પર્ધાની અંતિમ સ્પર્ધાનુ આયોજન કરવામાં આવેલ છે.

- ખેડા જીલ્લાના કાર્યકરોનુ સંમેલન ૨૧-૭-૯૬નાં દિને આણંદ ખાતે રાખેલ છે.
- ઉતર ગુજરાત અને સાબર કાંઠા જીલ્લાયાં જન્માષ્ટમી દરમ્યાન સ્ટીકર અભિયાન.
- જુલાઈનાં ચોથા સપ્તાહમાં પાટણ અગર ભરૂચ મુકામે પ્રદેશ કારોબારી.
- ૧૮ ઓગષ્ટ વડોદરા શહેરની બધી શાખાઓનું સ્નેહ સંમેલન.

મહારાષ્ટ્ર પ્રદેશ વૈષ્ણવ પરિષદની મહારાષ્ટ્ર પ્રદેશ સમિતિ મુંબઈ દ્રારા પુસ્તક વેચાણ તથા લાઈબ્રેરીની પ્રવૃતિ સાથે-વીડીઓ-ઓડીયો ગ્રંથો કોઇપણ જાતના નફા વગર વિતરણ વ્યવસ્થા ગોઠવશે દરેક પ્રકાશકોએ સુચિપત્ર સાથે સંપર્ક કરવો.

તેમજ મુંબઈમાં મેડીકલ કેન્દ્ર સહાય પણ શરૂ કરવામાં આવેલ છે. વિશેષ માહિતી વૈષ્ણવ પરિષદની ઓફિસમાંથી પ્રાપ્ત કરી લેવી.

મહારાષ્ટ્ર પ્રદેશ સમિતિ મુંબઈ શાખાનાં ઉપક્રમે વિવિધ ઉત્સવો પ્રસંગે તેમજ વૈષ્ણવ પરિષદનાં પ્રેરણાદાતા નિ, લી, પુ. પા, ગો. શ્રી **પ્રથમેશજી** મહારાજનો પ્રાકટય ઉત્સવ ઉજવવામાં આવેલ.

આ પ્રસંગોમાં અનેક પુજય ગોસ્વામી બાલકો-બેટીજી-અગ્રણી વૈષ્ણવોનાં વચનામૃત-પ્રવચન-કિર્તન આદિ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવેલ.

॥ શ્રી હરિઃ ॥

વૃજયાત્રા

પુ, પા. ગો. શ્રી દ્રુમિલકુમારજી મહોદયશ્રી (સુરત–વડોદરા) એ વૃજ ૮૪ કોષ લીલી પરિક્રમા કરવાનો શુભ નિર્ણય કરેલ છે. આ વૃજયાત્રામાં પુ.પા.ગો. શ્રી મથુરેશ્વરજી મહોદય. પુ. ગો. શ્રી ઈન્દીરાબેટીજી મહોદયા. પુ. ગો. શ્રી પ્રભુજી મહોદયશ્રી, પુ. ગો, શ્રી યોગેશ્વર મહોદય શ્રી બધા દિવસ સુધી સાથે બીરાજી યાત્રા કરશે.

– યાત્રા પ્રારંભ ભાદરવા સુદી–૧ તા. ૧૩–૯–૯૬ વિશ્રામઘાટ ઉપર નિયમ લઇ થશે,

– શ્રી ગિરિરાજ પ્રભુનો છપ્પન ભોગ ૨૬–૯–૯૬નાં દિને થશે.

– જતિપુરામાં ૨૬–૯–૯૬ થી ૨૮–૯–૯૬ શ્રી નાથજીનાં ધ્વજાજી પધારી વિવિધ મનોરથો થશે. શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીના વ્યાસાસને શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ યોજવામા આવેલ છે. જતીપુરા મુકામે નિત્ય વિખ્યાત રાસમંડળીના રાસનાં દર્શન સાથે શ્રી ઠાકોરજીનાં વિવિધ મનોરથોના દર્શનનો લાભ પ્રાપ્ત થશે.

વૃજયાત્રા

નિ. લી. ગો. શ્રી પુરૂષોતમલાલજી મહારાજ અમરેલીવાળાના બેટીજી અ.સૌ. શ્રી લક્ષ્મી બેટીજી (સાયન–અમરેલી) દ્વારા વૃજયાત્રા)

પ્રારંભ : ભા. શુ, ૧૧ તા. ૨૩–૯–૯૬ બડો મનોરથ દિ. ૧૦–૧૦–૯૬ જતિપુરા
જતિપુરા મુકામે ૧૦૮ શ્રીમદ ભાગવત સપ્તાહના આયોજનમાં મનોરથી બની શકાય છે.
દિનાંક ૭–૧૨–૯૬ યાત્રા પરત મથુરા ફરી નિયમ છોડશે,
વિશેષ માહિતિ અ.સૌ. શ્રી લક્ષ્મી બેટીજી. ૧૭. ત્રિલોક બીલ્ડીંગ ૫મે માળે રોડ નં. ૩
સાયન વેસ્ટ મુંબઈ–૨૨ ફોન ૪૦૭૫૮૭૨

સ્વરૂપ પરિચય

અન્નકુટ ઉત્સવની પ્રાચિન (૨૦૦ વર્ષ પુર્વ) પિછવાઈનું ચિત્રજી ફકત રૂા. ૧૦/–ની ન્યોછાવરથી મળશે. પ્રાપ્તિસ્થાન પ્રકાશક શ્રી ગોવિંદ પ્રભુ ટ્રસ્ટ, ૫, વ્રંજ રત્ન એપાર્ટમેન્ટ
૨૦/૧૩૭ ષષ્ઠ પીઠ ચોટા બજાર–સુરત–૩૯૫૦૦૩
(૨) મનસુખભાઈ સોની. C/o, શૃંગાર જ્વેલર્સ– સોની બજાર–રાજકોટ.

– બાલ પુષ્ટિ માસિકનું પ્રકાશન –

– શ્રી હરસાનીજી પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા એપ્રીલ ૧૯૯૭ થી "બાલ પુષ્ટિ" બાલ માસિક શરૂ થાય છે. જેનું વાર્ષિક લવાજમ રૂા. ૩૦/ વિદેશ માટે ૧૫ ડોલર અથવા ૧૦ પૌડ જેમાં લેખક અને તંત્રી તરીકે સેવા આપશે. પ. ભ, શ્રી રમેશભાઈ વી. પરીખ અંકની સાઈઝ ૧/૮ ડેમી ૩૨ પાના. વરસ આખરે ૩૨ પાનાનો સચિત્ર સુંદર ભેટ પુસ્તક ભેટ પુસ્તક માટે રૂા. ૧૦૦૦ના ૩૨ મનોરથી નોંધલાના છે જેના ભગવદ સ્મરણ બારેય અંકોમાં પણ લખવામાં આવશે.

લવાજમ મોકલવાનુ સ્થળ : શ્રી હરસાનીજી પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ, "વ્રજરજ"
૩૧–શીવ સોસાયટી નં ૨ બી. કે. સીનેમાની બાજુમાં મહેસાણા ૩૮૪૦૯૨

પુ. પા. ગો. શ્રી દ્રુમિલ કુમારજી મહોદયની પ્રેરણાથી પ્રકાશિત થયેલ ગો. શ્રી હરિરાયજી પ્રણીત ચોર્યાસી વૈષ્ણવની સચિત્ર વાર્તા જે પુસ્તક વૈષ્ણવોમાં માંગ ઉઠતા ફરીથી પ્રકાશન કરવાનો નિર્ણય લેવાયેલ છે. આપની જરૂરીયાત મુજબથી પુસ્તકોનો ઓર્ડર નીચેનાં સરનામે નોંધાવી પત્રવ્યવહાર કરવો.

મહેન્દ્રભાઈ શાહ વિવેક એપાર્ટમેન્ટ, નવરંગપુરા ટેલી. એસ. પાછળ એલીસબ્રીજ અમદાવાદ–૩૮૦૦૦૬

પુસ્તક પરિચય

શ્રી ગોપીગીતમ સંપાદક – શાહ રમેશચંદ્ર નાથાલાલ
પ્રકાશક – શ્રી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સેવા સમાજ કાંદીવલી (પુર્વ) મુંબઇ–૪૦૦૧૦૧
૮ પેઈઝી ડેમી સાઈઝ પૃષ્ઠ ૩૬ ઓફ સેટ પ્રિન્ટીંગ, પીન બાઈન્ડીંગ
ન્યોછાવર રૂ. ૧૦ પ્રથમ આવૃતિ.

શ્રી પુષ્ટિમાર્ગીય પરિચય પુસ્તિકાની શ્રેણીમાં આ પંદરમી પુસ્તિકા છે. શ્રીમદ ભાગવતના દશમ સ્કંધમાં વર્ણવાયેલી શ્રી ઠાકોરજીની નિરોધલીલાનો પરિચય કરાવતી સળંગ પરિચય પુસ્તિકાની શૃંખલાની આ પ્રથમ પુસ્તિકા છે.

આ પુસ્તિકામાં દશમ સ્કંધના ૩૧મા અધ્યાયના ગોપીગીતના મુળ સંસ્કૃત શ્લોક, ગુજરાતી ભાષાંતર અને સમશ્લોકી રૂપાંતર સાથે દરેક શ્લોકનું સુક્ષ્મ વિવેચન કરવામાં આવ્યું છે.

વૈષ્ણવ સૃષ્ટિ ગોપીગીતથી સુપરિચિત હોયજ. પુષ્ટિ સૃષ્ટિના ગુરુજનો–ગોપીઓ દ્વારા ગવાયેલ શ્રી ઠાકોરજીના યશોગાન માણવા માટે સુંદર પુસ્તક. દરેક વૈષ્ણવ કુટુંબે વસાવવા અને વાચવા તથા ભેટ આપવા યોગ્ય પુસ્તિકા.

(૨) અષ્ટપદીઓ રચયિતા – મહાપ્રભુ શ્રી હરિરાયજી. સંકલન – સંપાદન – બિપિન બિહારીદાસ
પ્રકાશક – શ્રી ગોવિન્દ પ્રભુ ટ્રસ્ટ, ૫, વ્રજરત્ન એપાર્ટમેન્ટ, ષષ્ઠ પીઠ
ચૌટા બજાર, સુરત–૩૯૫૦૦૩

સોળ પેઈજી ક્રાઉન સાઈઝના પાના ૧૫૮ પીન બાઈન્ડીંગ, કાર્ડ બોર્ડનુ લેમીનેશન ટાઈટલ શ્રી હરિરાયજીના ચિત્રજીવાળું, ન્યોછાવર દર્શાવેલ નથી.

શ્રી હરિરાયજીનું સાહિત્ય વૈષ્ણવોએ અવશ્ય વાંચવું જોઈએ. શ્રી હરિરાયજીના સાહિત્વનુ અવગાહન સવિશેષ થતું રહે એ માટે એ દષ્ટિબિંદુ લક્ષમાં રાખી ૪૭ જેટલી સંસ્કૃત અષ્ટપદીઓ તેમજ ૭ સપ્તપદાનિ ૫ પંચપદ્યાનિ વગેરે અર્થ સાથેનો સંગ્રહ “વૈષ્ણવ વાણી”ના સને ૧૯૯૬ના વર્ષના ભેટ પુસ્તક તરીકે પ્રકાશિત કરવામાં આવેલ છે. જે શ્રી હરિરાયજીના સાહિત્ય પ્રેમીઓને ખુબજ ઉપયોગી પુસ્તક દરેક વૈષ્ણવોએ વાંચવા યોગ્ય પુસ્તક.

૩. વિજ્ઞપ્તિ રચયિતા શ્રી ગુસાંઇજી શ્રી વિઠ્ઠલનાથજી પ્રભુચરણ.
વિવરણ : શ્રી નવનીતપ્રિય જેઠાલાલ શાસ્ત્રી. પ્રકાશક : “વિદ્યાનિધિ” (ટ્રસ્ટ)
“વ્રજ વિહાર” મોટી પોળ, મોઢી સાંથ, નડીયાદ ૩૮૭૦૦૧

સોળ પેઇજી ક્રાઉન સાઇઝના પૃષ્ઠ ૧૭૬ પીન બાઇન્ડ, આર્ટપેપરનું શ્રીનાથજી– શ્રી ગુંસાંઇજીના બહુ રંગી ચિત્રવાળું ટાઇટલ, ઓફસેટ પ્રિન્ટીંગ ન્યો. રૂા. ૩૦/–

પુષ્ટિ સંપ્રદાયમાં વિરહ ભાવના કે અવસ્થા પ્રત્યક્ષ દર્શન કરતાં પણ વિશેષ મહત્વ ધરાવે છે, કારણ કે વિયોગમાં દેહાનુસંધાન પણ ન હોવાથી વિશેષ રસાનુભવ થાય છે.

આવા વિરહાનુભવ દરમ્યાન શ્રી ગુસાંઈજી વિરચિત નવ વિજ્ઞપ્તિ પૈકી પ્રથમ વિજ્ઞપ્તિ આ પુસ્તકમાં સમાવાઇ છે. વિજ્ઞપ્તિના ૨૫ મૂળ શ્લોક ભાવાર્થ તથા વિવરણ સાથે સુંદર રીતે રજુ કરવામાં આવ્યા છે. શ્રી ગુંસાંઇજીને વિપ્રયોગ ભાવનો પ્રસંગ લીલા કથા વિ. નો પણ સમાવેશ કરાયો છે.

પુષ્ટિ સાહિત્યમાં વિપ્રયોગ અવસ્થાને સુંદર રીતે નિરૂપતુ અમૂલ્ય સાહિત્ય છે. હિન્દીમાં લખાયેલ આ પુસ્તક હીન્દી સમજતા વૈષ્ણવોને માટે તેમજ વિપ્રયોગ સાહિત્યના અભ્યાસુ અને ચાહકો માટે ઉત્તમ પુસ્તક.

SHREE VALLABH SUDHA Monthly Magazine. Published on third date of Every Month, **Regd.No.G/RJ.212-L.P.W.P43**

શિક્ષા : ગરબી

શરણ પડયો છું રે, શ્રી હરિ ! નથી મારે અવર આશ વિશ્વાસ;
શ્રીવલ્લભવરના રે, લાડીલા ! અનન્ય આપતણો હું દાસ-શરણ ૦ ૧

નહીં કોઇ દેવી રે, દેવતા, નહીં કોઇ આપતણા અવતાર;
ઘરનો ગુલામ રે, રાવળો, મન ક્રમ વચને, નંદકુમાર-શરણ ૦ ૨

નથી બળ સાધન રે ધરમનું, નથી બળ ભકિત જ્ઞાન વિવેક;
સેવા સ્મરણ રે, ના મળે, નથી સત્સંગ કર્યો ક્ષણ એક-શરણ ૦ ૩

એક ભરોંસો રે, એહ છે, અંતરજામી છો તમે સાક્ષ;
બરદ વિચારી રે, કૃપાનિધિ ! સહેજે કરશો કૃપા કટાક્ષ-શરણ ૦ ૪

બાનું તમારૂં રે, જોઇને; મુજને જકત કહે હરિ ભકત;
હું છું જુઠો રે, જીવંનજી ! નથી મારૂં મન તમથી આસકત-શરણ ૦ ૫

અંતે ઊઘડી રે, વાગશે, પાસું દેશો જો મહારાજ !
બળવંત બાનું રે, લાજશે, હું નિરલજને શાની લાજ ! -શરણ ૦ ૬

મોઘમ રાખે રે, મોટમ ઘણી, ઉઘાડું પાડયે ઓછ જણાય;
સાચો સંગ્રહ રે, સહુ કરે, જુઠું નભવે જગ જશ થાય-શરણ ૦ ૭

જેવો તેવો છું રાજનો, દીન દીન લહી કરિયે કરૂણાદાન;
દાસ '**દયા**' રે, વિનતી, કૃષ્ણ કૃપાનિધિ ! ધરજો કાન-શરણ ૦ ૮

ભકત કવિ શ્રી દયારામભાઇ ડભોઇ

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક : રમણભાઈ પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ,-૧ માર્ગ-૩, યુનિવર્સીટી રોડ, રાજકોટ-૫

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૬૨૧૩૮

શ્રી વલ્લભસુધા

વચન સુધા

"આજીવ સેવા સ્મરણ કરી બહાર નીકળે છે તે બજારમાં જઇને શાકવાળાને કહે છે કે હું સેવા ભજન કરીને આવ્યો છું માટે તું મને શાક આપ ત્યારે પેલો કહે છે કે 'ઉઠ સેવા ઉભી થા! અહીં તો પૈસા હોય તો શાક મળે સેવા બદલે શાક આવતું નથી! એ તો તું ખોટું બોલે છે। એ રીતે જીવ વાણી બોલે છે તે ખોટી છે માટે આ જીવ સેવા-ભજનનું મહાત્મ્ય જાણતો નથી સેવાનું માહાત્મ્ય કેવું છે. તે કહે છેઃ કે કોઈ શ્રી મહાદેવજીને કહેશે કે તમે મને સેવાનું મુલ આપો તથા શ્રીનારદજીને કહેશે કે કે તેમ મને સેવાને બદલે કઇક આપો, ત્યારે શ્રીમહાદેવજી કહે છે કે હું મારો કૈલાશ આપું, પણ સેવાને બદલે આપું એવો પદાર્થ મારી પાસે નથી, શ્રી બ્રહ્માજી કહે છે કે મારી બ્રહ્મપુરી આપું પણ સેવાની બરોબર કોઇ પદાર્થ ચૌદલોકમાં નથી શ્રી નારદજી પણ કહે છે કે સેવા બરોબર કોઇ પદાર્થ નથી. **માટે આ પુષ્ટિમાર્ગ માંતો સર્વોપરી સેવા છે.** આ જીવ જે વસ્તુનો અધિકારી છે તેને તે વસ્તુ પ્રિય લાગે છે. માટે આ જીવ નર્કનો અધિકારી છે તેથી તેને નર્ક વહાલું લાગે છે હવે ત્યાં પુછ્યું કે નર્ક તે શું? તો કહે કે **જે આ સંસારની વિષય વાસના છે તેજ નર્ક** જાણવું....નર્કના અધિકારી છે તેને નર્ક જ વહાલું લાગે છે અને જે ભગવદ રસના અધિકારી છે તેને ભગવાન વહાલા લાગે છે.

ગો. શ્રી ગોપીકાલંકારજી ઉપનામ શ્રી મદુજી મહારાજના વચનામૃત (વ. ૫)

❋ આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠ્ઠનને દઢ બનાવો ❋

વર્ષ ૧૫ : અંક-૫ ❋ ઓગસ્ટ, ૧૯૯૬
શ્રી વલ્લભાબ્દ ૫૧૯

વાર્ષિક લવાજમ રૂા. ૩૫/- ❋ આજીવન રૂા. ૪૦૧

"શ્રી વલ્લભસુધા"
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ-૩૬૦૦૦૧

પુસ્તક પરિચય

૧ શ્રી વલ્લભાક્ષ્ય હિતમ વચઃ

લેખક – પ્રા. રમેશભાઈ વિ. પરીખ
પ્રકાશક – શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
'બ્રજરજ' ૩૧, શિવ સોસાયટી નં. ૨
બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા-૩૮૪૦૦૨
આઠ પેઈજી ડેમીસાઈઝના પૃષ્ઠ ૨૪૮ ઓફસેટ પ્રિન્ટીંગ,
શ્રી મહાપ્રભુજીનું બહુરંગી ચિત્રજીવાળુ કાર્ડ બોર્ડ લેમીનેશન ટાઈટલ ન્યોછાવર રૂા. ૩૫/-

પુષ્ટિ સંપ્રદાયમાં ષોડશ ગ્રંથનું ખુબજ વિશિષ્ટ સ્થાન છે. આ બધાજ ગ્રંથોનો પાઠ તથા વિસ્તાર પુર્વક અર્થ વાંચવાનો સમય અત્યારના યુગમાં મળવો મુશ્કેલ છે. તેમને માટે સંક્ષિપ્તમાં સરળ ભાષામાં પુષ્ટિ સાહિત્યના સિદ્ધ હસ્ત લેખક દ્વારા લખાયેલ આ પુસ્તક દ્વારા શ્રી મહાપ્રભુજી રચિત ષોડશ ગ્રંથોમાં નિર્દેશિત પુષ્ટિ સંપ્રદાય સર્વે સિધ્ધાંતોને સુંદર રીતે સમજાવવામાં આવ્યા છે, વાંચતા ખુબજ આનંદ આવે છે. સર્વે વૈષ્ણવો. ભગવદ મંડલી, પુષ્ટિ સાહિત્યના ચાહકોએ વાંચવા વસાવવા અને ભેટ આપવા લાયક પુસ્તક.

૨. શ્રી ગિરિરાજજી

લેખક – પ્રા. રમેશભાઈ વિ. પરીખ
પ્રકાશક – શ્રી વાકપતિ ફાઉન્ડેશન પ્રણીત
શ્રી વલ્લભ વિદ્યાપીઠ (પત્રાચાર અભ્યાસક્રમ)
શ્રી બેઠક મંદિર, દેવડા બાગ. મદન ઝાંપા રોડ, વડોદરા-૩૯૦૦૦૧

શુધ્ધાદ્વૈત વિનીત માટે અભ્યાસ પુષ્પ ૫માં શ્રી ગિરિરાજજી વિષે સંક્ષિપ્ત માહિતી સમાવવામાં આવી છે. તેમનું પ્રાકટ્ય, માહાત્મ્ય. સ્વરૂપ, શ્રી અંગમાં સમાયેલ તીર્થ આઠ દ્વારની ભાવના, શ્રી ગોવર્ધન લીલા. શ્રી ગિરિરાજજીની પરિક્રમા વિ. સરળ ભાષામાં સુંદર રીતે લખાયેલ છે. દરેક વૈષ્ણવે સાચી સમજ, માહિતી અને ભાવના માટે વાંચવા લાયક પુસ્તક.

શ્રી યમુનાજી

લેખક – પ્રકાશક – વર્ણન ઉપર ક્રમાંક ૨ મુજબ.

શુધ્ધાદ્વૈત વિનીત-માટે અભ્યાસ પુષ્પ ૬માં શ્રી યમુનાજીના ત્રણ સ્વરૂપ, તેમનું પ્રાકટ્ય. તેમનું સ્વરૂપ દર્શન, અષ્ટ ઐશ્વર્ય દાતા શ્રી યમુનાજી વિગેરે વિવિધ રીતે-સુંદર રીતે સરળ ભાષામાં વિવરણ કરવામાં આવ્યું છે. સર્વે વૈષ્ણવોએ શ્રી યમુનાજીનું યથાર્થ સ્વરૂપ અને ભાવના સમજવા માટે ખુબજ ઉપયોગી પુસ્તક.

૪. દિવ્ય પ્રેમ

લેખક – પ. ભ. શ્રી વલ્લભપાદ પદમમિલિન્દ
પ્રકાશક – શ્રી વલ્લભીમંડલ
પ્રાપ્તિસ્થાન – પુષ્ટિપરાગ વૈષ્ણવ વિહાર કંસારા બજાર, સિહોર-૩૬૪૨૪૦

(અનુસંધાન જુઓ ટાઈટલ ત્રણ ઉપર)

શ્રી વલ્લભ સુધા દર માસની ૨૭ તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન એપ્રીલ થી માર્ચ.

* શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશત થયેલ અંકો મોકલાય છે.
* ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવે મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામુ અવશ્ય લખવું.
* શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદ્યના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
* લેખ આદિ કાગળની એક બાજુ ૨૫૦૦ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
* શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
* શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
* ચેક, ડ્રાફ્ટ વગેરે શ્રી વલ્લભ **વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે.

પત્ર વ્યવહાર સંપર્ક !

શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, રાજકોટ

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૭
વર્ષ : ૧૫ અંક : ~~૪~~ ૫ ❋ ઓગસ્ટ, ૧૯૯૬

મનને શિક્ષા

મનારે તેં આપનો અર્થ ન જાન્યો।
ઇંદ્રિય વશ ઉદર હિત કારણ, વેર સબન સો ઠાન્યો ।૧।
કરી પાખંડ ચહુંદિશ ભટક્યો, પાપ કરી પૈસો આન્યો।
હરિ ગુરૂ આજ્ઞા કરી ઉલંઘન, કીયો આપ મન માન્યો ।૨।
શ્રેન નાસિકા દ્રગન હીનભયો પહોંચ્યો આય બુઢાનો।
રસિકદાસ જન સોઇ ચતુર કહાવત, શ્રીવલ્લભ પદ ચિત
આન્યો ।૩।

: ભાવાર્થ :

અરે મન ! તેં પોતાનો સાચો સ્વારથ ન જાણ્યો, દેહના સુખને વશ થઇ પેટ ભરવા બધાથી વેર કર્યું પાખંડી થઇ ચારે પાસ ભટકશ અને પાપ કરીને પૈસા લાવશ, અરે ! તેં શ્રીહરિ–શ્રીગુરૂની આજ્ઞા ઉલંઘન કરીને પોતાનું મનમાન્યું કર્યું હવે આંખ, કાન, વાણી કામ કરતી બંધ થવા લાગી બુઢાપો આવી પહોંચ્યો (હવે તો ચેત) શ્રી રસિકદાસજી (શ્રીમટુજી) મહારાંજ આજ્ઞા કરે છે કે ચતુરતો તે જ કહેવાય જે ચિત્તમા સદા શ્રી મહાપ્રભુજીના ચરણ કમલને સ્થાપે.

॥ શ્રી હરિઃ ॥

નામ-વિચાર

લેખક :- **ગો. શ્રી પંકજકુમારજી મહોદય** (માંડવી-ગોકુલ)

(ગતાંકથી ચાલુ)

બીજી પણ એક યુક્તિ આ વિષયમાં નિમ્ન રીતે કરી શકાય છે. પ્રભુના દર્શન કેવલ પ્રભુ પ્રસન્નતાથી જ થાય છે અને પ્રભુ ત્યારે જ પ્રસન્ન થાય છે, જ્યારે સ્વસ્વભાનુસાર ભક્તને પ્રભુ પ્રત્યે પૂર્ણ પ્રેમ હોય અને એ ભાવો પણ શાસ્ત્રથી વિપરીત ન હોવો જોઇએ કેમ કે ઉપનિષદ્ આજ્ઞા કરે છે કે –

યોઽન્યથા સન્તમાત્માનં અન્યથા પ્રતિપદ્યતે ।
કિં તેન ન કૃતે પાપં ચૌરેણાત્માપહારિણા ॥

અર્થ :- પ્રભુનું સ્વરૂપ શાસ્ત્રમાં જે રીતે વર્ણવેલું છે તેથી વિપરીત પ્રકારનો ભાવ યદિ પ્રભુમાં કરવામાં આવે તો એ વિપરીત ભાવ રાખનાર વ્યક્તિ ચોર છે અને આત્મા પહારી (આત્મા=બ્રહ્મના સ્વરૂપનું હરણ કરનાર) છે તેણે કયું પાપ નથી કર્યું ?

આપણે સમજી શકીએ છીએ કે અવતાર લીલામાં ભકતભાવિત પ્રભુ જે જે સ્વરૂપ પરિમાણ પ્રકટ કરી ભક્તને દર્શન આપે છે તે તેના ભાવને કારણે આપે છે. તો તે સ્વરૂપ અને તેનું પરિમાણ માયિક અથવા અનિત્ય કેમ હોઇ શકે ? અતઃ તે બધા રૂપો પ્રમેય બ્રહ્મના જ છે.

(૨) શ્લોક માં 'ય' પદથી પ્રભુનું સ્વરૂપ અને ગુણ (કેમ કે ગુણો સ્વરૂપમાં જ હોય છે) સમજવાની આજ્ઞા છે.

'કૃષ્ણસ્તુ ભગવાન્ સ્વયમ્'

અર્થ :- શ્રી કૃષ્ણ સ્વયં ભગવાન્ જ છે.

'સત્યં જ્ઞાનમનન્તં બ્રહ્મ'

અર્થ :- તે બ્રહ્મ સત્યસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ અને આનન્દ સ્વરૂપ છે.

'કૃષિર્ભૂવાચકઃ શબ્દઃ ણશ્ચનિર્વૃતિવાચકઃ ।
તયોરૈક્યં પર બ્રહ્મ કૃષ્ણ ઇત્યભિધીયતે ॥'

અર્થ :- કૃષ્ણ શબ્દમાં 'કૃષ્' ધાતુ સત્તાવાચક છે અને 'ણ' અક્ષર આનન્દવાચક, તે બન્ને અર્થાત્ સત્ અને આનન્દનું ઐક્ય સદાનન્દ જ પરબ્રહ્મ શ્રીકૃષ્ણ છે.

'પરાસ્ય શક્તિર્વિવિધૈવ શ્રુયતે સ્વાભાવિકી જ્ઞાન ક્રિયા બલં ચ'

અર્થ :- આ બ્રહ્મની પરમ ઉત્કૃષ્ટ શક્તિઓ વિવિધ પ્રકારની જ્ઞાન ક્રિયા ઇત્યાદિ છે અને તે બધી એ બ્રહ્મની સ્વાભાવિક શક્તિઓ છે, આરોપિત નહીં.

ઉપર્યુક્ત શબ્દ પ્રમાણોથી તે બ્રહ્મનું સ્વરૂપ આપણે સમજી શકીએ છીએ કે તે પરબ્રહ્મ શ્રીકૃષ્ણ સચ્ચિદાનન્દાત્મક છે. અને સર્વસામર્થ્યયુક્ત છે. જીવ દ્વારા ન વિચારી શકાય તેવી વિરૂદ્ધ શક્તિઓ પણ તેમાં છે.

(૩) શ્લોકમાં 'યાદશઃ' પદથી પ્રભુની લીલાઓને સમજવાનો ઉપદેશ, છે તે બ્રહ્મની વિવિધ ગુણ પ્રદર્શિકા લીલાઓનો વર્ણન ઉપનિષદ્, પુરાણ તથા બીજા ય અન્ય અનેક શાસ્ત્રોમાં છે. તેનાથી બ્રહ્મ (પ્રભુ) ની ગુણ પ્રદર્શક લીલાઓનો બોધ થાય છે.

ઉપર 'યઃ' પદથી નિરુપિત બ્રહ્મનું સ્વરૂપ તથા ગુણો અને 'યાદશઃ' પદથી નિરુપિત બ્રહ્મની લીલાઓનો કેવલ શબ્દ બલથી નિરૂપણ કરવામાં આવ્યો છે બ્રહ્મના સ્વરૂપ, ગુણો તથા લીલાઓમાં અનિત્યતા અથવા આરોપિતત્તાની આપત્તિ થઇ શકે છે તે બધી આપત્તિએ પુર્વનિરુપિત બ્રહ્મના પરિમાણ અનિત્યતા અથવા માયિકતાની સમાધાન કરનારી યુક્તિઓ દ્વારા જ થઈ જાય છે કેમકે યદિ બ્રહ્મનો પરિમાણ નિત્ય અને અમાયિક છે તો સ્વાભાવિકતયા તેનો સ્વરુપ નિત્ય જ હશે. અને જયારે સ્વરુપ નિત્ય છે તો સ્વરુપાન્તઃપાતી ગુણો અને તેના પ્રદર્શનાર્થ થતી બ્રહ્મની ક્રિયાઓ (લીલાઓ) પણ નિત્ય સિદ્ધ થઇ જાય છે અને અહિંયા 'ય' તથા યાદશ પદ નિરુપિત અર્થ માટે જુદી યુક્તિઓ આપવાની આવશ્યકતા નથી.

ઉપર્યુક્ત પ્રભુના સ્વરુપ પરિમાણ અને લીલાઓનો જ્ઞાન શબ્દ અને અર્થ (યુક્તિ) દ્વારા ભક્તિપુર્વક જયારે થાય છે અને તે બોધ પણ આરોપિત ન હોઈ વાસ્તવિક અર્થાત્ તત્વથી હોય ત્યારે જ જીવ યથાધિકાર સાયુજય અથવા નિત્ય લીલામાં પ્રવેશ પામે છે.

શ્રી પુરૂષોત્તમજી એકાદશ સ્કંધ તથા શ્રીમદ્ભગવદ ગીતામાં થોડા પાઠ ભેદ સાથે મળતા પ્રસ્તુત શ્લોકના આધારે આજ્ઞા કરે છે ભક્તિથી વિચાર પુર્વક પ્રભુના નામોચ્ચારણ તે નામમાં સ્વરુપ પરિમાણ તથા લીલા સમજી કરવામાં આવે તો જ તે પ્રભુનામ સંપુર્ણ શાસ્ત્રોક્ત ફલ આપે છે.

જયારે કેવલ કર્મવત્ નામનું ઉચ્ચારણ કરવામાં આવે છે. જેમાં ભક્તિ અથવા અર્થાનુસન્ધાન પણ નથી તેવું પ્રભુનું નામ શાસ્ત્રોક્ત ફલ આપતું નથી કેમ કે એ નામનો સંબન્ધ પ્રભુ સાથે નથી એવી જ રીતે લૌકિક પુરુષનો નામ યદિ પ્રભુના નામ પર હોય તો તે નામ તો પ્રભુનો નામ ન કહેવાય તો તેના ઉચ્ચારણથી પણ ફલ થાય તેવું માનવાનું કોઇ કારણ નથી.

એક શંકા અહીં થવી સંભવ છે કે અજામિલનો ઉદ્ધાર તો, એણે પુત્ર માટે ઉચ્ચારેલા 'નારાયણ' નામથી થઈ ગયો તેવું શ્રીમદ્ ભાગવતમાં વર્ણન છે. અને ઉપર્યુક્ત વાતથી એનો વિરોધ થશે. શ્રી પુરૂષોત્તમજી આ શંકાનું સમાધાન કરતા આજ્ઞા કરે છે કે–

અજામિલે 'નારાયણ' નામનો ઉચ્ચાર પુત્ર માટે કર્યો, અને તે 'નારાયણ' નામ પ્રભુનો ન હોઇ તે પુત્રનો જ છે તેથી તે 'નારાયણ' નામોચ્ચાર પ્રભુના નામોચ્ચારની જેમ ફલદાયી ન જ બને, પરંતુ એવું હોવા છતાં પણ અજામિલ યમપાશમાંથી છુટયો તેથી એવું બતાવવામાં

આવ્યું કે પ્રભુના નામના સમાન આનુપુર્વા (વર્તની)નો પણ યદિ ઉચ્ચાર કરાય તો પણ તે વકતાના પાપને કિંચિદંશમાં દુર કરે છે તો સાક્ષાત પ્રભુના નામનું ઉચ્ચારણ કરવાથી શું ન થાય ?

એવી રીતે જે લોકો નામોચ્ચારણ તથા સ્મરણમાં લાગેલા નથી તે લોકોને પ્રભુના નામસ્મરણમાં લગાડવા માટે આવું માહાત્મ્ય બતાવવામાં આવ્યું છે. 'અતઃ અજામિલોપાખ્યાન' થી ઉપર્યુંકત વાતનો કોઇ વિરોધ નથી આવતો. જો અજામિલને નામોચ્ચારણનો સંપુર્ણ ફલ થઇ જાત તો તે જ સમયે તેનો ઉદ્ધાર થઇ જાત. તે તો નથી થયો અતઃ ઉપર્યુંકત વાત સિદ્ધ થઇ જાય છે.

શ્રી પુરૂષોત્તમ સહસ્રનામ ત્રિવિધનામાવલી ઇત્યાદિ નામાવલીયોના પાઠનું પણ જે ફલ બતાવવામાં આવ્યું છે તે પણ જો ઉપર્યુંકત પ્રણાલીથી પાઠ કરવામાં આવે તો જ થાય છે એવું માનવું યોગ્ય છે. પ્રત્યક્ષ પણ છે કે દ્રૌપદી અને ગજેન્દ્રના માટે પ્રભુનામોચ્ચારણ કરતાની સાથે જ પધાર્યા અને આજે આપણે હજાર વખત પણ પ્રભુનામોચ્ચારણ કરીએ છીએ તો પણ પ્રભુ પધારતા નથી અતઃ પ્રત્યક્ષ તથા શાસ્ત્રના અનુરોધથી પ્રભુનામ અધિકારી ભેદથી ફલ આપે છે તે સ્વીકારવું પડશે.

શ્રી પુરૂષોત્તમજી શ્રી સુબોધિનીપ્રકાશ (૧૦-૮-૧૬)માં અધિકારી ભેદથી ફલભેદનું નિરૂપણ કરતા આજ્ઞા કરે છે કે-

(૧) 'જેની ગુરુમાં ભગવદ્દભેદ બુદ્ધિ છે, તેવી જ રીતે ગુરુભક્તિ છે અને દુઃસંગ નથી તેને ગુરુકૃપાથી પ્રભુનામ તેના પ્રકારો અને રુપોનો સાચો જ્ઞાન થાય છે તે વ્યકિત નામમાં કહેલી પ્રભુની રૂપાવસ્થાનું સ્મરણ કરી જ્યારે ભગવન્નામોચ્ચારણ કરે છે ત્યારે તે નામ શીઘ્ર જ ફલદાયી બને છે.

જ્યારે આવા પ્રકારે નામોચ્ચારણ કરવામાં નથી આવતો ત્યારે (૨) પ્રભુનામની આવૃત્તિ કરતા કરતા (દૈન્યથી ભગવત્કૃપા થતાં) જ્યારે તે ઉચ્ચારેલું નામ અખંડ શબ્દરૂપ આધિદૈવિક નામનો ઉદ્દબોધ નથી થતો અને તે વચમાં નામોચ્ચારણકર્તાની મૃત્યુ થઇ જાય તો તેની પાસે આવેલા કાલ અને યમદુત સ્વયં નિવૃત્ત થઇ જાય છે. (પુર્વમાં શ્રી મહાપ્રભુજી તથા શ્રી પુરુષોત્તમજી સમજાવી ચુકયા છે કે અર્થના અનુસંધાનના અભાવમાં પણ અંત સમયે નામોચ્ચારણથી જે કાલ તથા યમદુત નિવૃત્ત થવાના ઉદાહરણો શાસ્ત્રોમાં જોવા મળે છે તે નામના માહાત્મ્યથી નિવૃત્ત નથી થાતા. અપિતુ કાલયમાદિને પ્રભુનું માહાત્મ્ય જ્ઞાન હોવાથી (આ વ્યકિત સર્વસામર્થ્યયુકત પ્રભુનું નામ ઉચ્ચારે છે તેવું બોધ થવાથી) નિવૃત્ત થાય છે. અતઃ કાલયમાદિની નિવૃત્તિરૂપ ફલ તે સમયે ઉચ્ચારેલા નામનું ફલ નથી. કેમકે તે નામ તે સમયે કાંઇ પણ વ્યાપાર નથી કરતો. 'અર્થાનુસંધાન' અથવા ભાકિત ન હોવાને કારણે કાલાંદિની નિવૃત્તિ પછી ભગવદિચ્છાનુસાર ઉચ્ચારયિતાને ફલ પ્રાપ્ત થાય છે.

(૪) જે વ્યકિત 'સાંકેત્યં પારિહાસ્યં....' વાકયના અનુસાર પ્રભુ નામની મહિમા જાણી નામોચ્ચારણ કરે છે એને પણ ભગવદિચ્છાનુસાર ઉચ્ચારયિતાને ફલ પ્રાપ્ત થાય છે.

(૫) જે પ્રભુના નામના માત્મ્યને ન જાણી સંકેત પરિહાસ આદિના રૂપમાં પ્રભુનામોચ્ચારણ કરે છે એની પણ બહુકાલ વિલંબથી પાપનિવૃત્તિ થાય છે.

'તથાર્થવાદો હરિનામ્નિકલ્પનમ' જેવા નિષેધ વાકયો આ પ્રકારે અધિકારીભેદથી નામ ફલમાં ભેદ કરવાથી વિરુદ્ધ નહીં થાય, કેમકે શ્રી પુરુષોત્તમજીનું આ પ્રકારે અર્થ સંકોચ કરવું. પરસ્પર શાસ્ત્રમાં તથા પ્રત્યક્ષ અને શાસ્ત્રમાંની વિસંગતિને દુર કરનારૂં છે.

વિહિત વાકયોનો યથોકત આચરણ ત્યારે જ ફલદાયી બને છે કે જ્યારે તે વિષય માટે કહેલા 'નિષેધવાકયો'નો પણ પાલન કરવામાં આવે. જેવી રીતે 'કૃષ્ણસેવાસદાકાર્યા' વિધાન સાથે 'ન ફલાર્થં ન ભોગાર્થં ન પ્રતિષ્ઠા પ્રસિદ્ધયે' (ફલના માટે, ભોગના માટે પ્રતિષ્ઠા કે પ્રસિદ્ધિ માટે સેવા ન કરવી) જેવા નિષેધ વાકયોનો પાલન કરવામાં આવે તો જ ફલ (પ્રભુપ્રસન્નતા) થાય. તેવી જ રીતે નામાપરાધોથી જ્યારે બચવામાં આવે અને યથોકત રીતે નામોચ્ચારણ કરવામાં આવે તો જ નામ ફલદાયી થાય છે, અન્યથા નહીં. (ક્રમશઃ)

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧ ગો. વા. મણીબેન કેસરીયા રાજકોટના જયશ્રીકૃષ્ણ હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલના જયશ્રીકૃષ્ણ.

૨ ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ ક્ષાણી હ. હસુબેન એસ. પરીખ મુંબઇના જય શ્રી કૃષ્ણ.

૩ મહાકારુણિક જગતગુરુ શ્રીમદ્વલ્લભાચાર્યજી પંચ શતાબ્દી મહોત્સવ સમિતિ–રાજકોટના સૌજન્યથી.

।।શ્રીવલ્લભ।।

ભકિત પોષણ

વિવેચક : **પ. ભ. શ્રી મથુરાદાસ જીવરાજભાઇ મહેતા**

વંદન ભકિત

એકવાર પ્રણામ શ્રીકૃષ્ણને, જન્મ ધરી જેણે કીધો:
અશ્વમેધ દશ અવભ્રથનાં, ફળ પર પગ તેણે દીધો.
પગ દીધો શા માટે કહેવાય ?
યજ્ઞ કરે તો યે જન્મ તો થાય,
કૃષ્ણ પ્રણામીને નહી દેહ,
મખથી અધિકતા એમાં એહ
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ (૨૭)

વિવેચન – જેણુ એકવાર જીવનમાં ભગવાન શ્રીકૃષ્ણને પ્રણામ કર્યા તેની મહાનતા બતાવી છે. દશ અશ્વમેધ યજ્ઞ કર્યા પછી પણ અવભ્રુત સ્નાન કરવાનું હોય છે. એનાથી મોટું ફળ છે પ્રણામ કરવાની વિશેષતા બતાવી છે કે યજ્ઞ કરે પણ જન્મ મરણ તો ચાલુજ રહે. પાપ પૂન્યનો ફેરો બદલ્યા કરે છે. કદાચ સ્વર્ગ મળે તો પણ પૂન્ય પુરૂં થયે પાછા મૃત્યુ લોકે આવવું પડે છે. પરંતુ વંદન ભકિત કરવા વાળાને ભગવદ પ્રાપ્તિ થાય છે. તેથી જન્મ મરણનો ફેરોજ તેનો ટળી જાય છે.

વંદન ભક્તિ દીનતા પ્રાપ્ત કરાવે છે. હું નિ:સાધન છું તેનું ભાન કરાવે છે. દીનતાથી પ્રભુ પ્રસન્ન થાય છે. માટે યજ્ઞ કરતાં વંદનને શ્રેષ્ઠ બતાવ્યું.

ભીષ્મ પિતામહ – એકોડપિ કૃષ્ણ સ્યકૃતઃ પ્રણામો દશાશ્વમેધાવભૃથૈન તુલ્યઃ દશાશ્વમેધો પુનરેતિ જન્મ કૃષ્ણ પ્રણામી ન પુર્નભવાય.

યક્ષનું ફળ સ્વર્ગ તે પૂન્ય ભોગવી સંસારમાં આવવું પડે છે. સ્કંધ પૂરાણમાં વિષ્ણુ ખંડમાં શ્રી વાસુદેવ મહાત્મ્યે તૃતિયા ધ્યાય શ્લોક ૧૭માં કહ્યું છે.

આવત પુણ્યં તાવદેવ ભુત્કયા તતે સુરા સતત।
ક્ષીણે તુ સુકૃતે ભૂપઃ પતંતિ વિવશા ભૂવિ.

આ બધાનો સાર એજ નિકળે છે કે પૂણ્ય પુરૂં થતાં પાછા મૃત્યુ લોકમાંજ અવાય. તે સિવાય બીજો રસ્તો જ નથી.

વંદન ભકિત મર્યાદામાં પ્રલ્હાદજીએ કરી.

કૃષ્ણાવતારે – **અક્રૂર, ઉદ્ધવજી, શ્રીવલ્લભવંશે, જગજીવનભાઇએ** કરી છે પ્રલ્હાદજી વંદન ભકિત કરતા તેના પિતા જે હીરણ્યકશીપુ તેનો વેરી થયો ભકિત છોડાવવા પિતાએ અનેક દુઃખો દીધા હાથીની પગમાં કચડાવવો, પહાડ ઉપરથી ફેંકી દેવો, શસ્ત્રોથી વધ કરવો, આ બધું કર્યું છતાં પ્રલ્હાદની દરેક જગ્યાએ પ્રભુએ રક્ષા કરી. છેવટે સ્થંભથી પ્રગટ થઇને દુષ્ટ રાક્ષસનો સંહાર કર્યો. પછી ક્રોધ શાન્ત થતો નહી. બ્રહ્માજી, શિવજી, નારદજી, આવ્યા લક્ષ્મીજીને પણ બોલાવ્યા, ક્રોધ શાન્ત ન થયો. છેવટે પ્રલ્હાદજી ગયા તેને પોતે ખોળામાં બેસાડીને લાડ કર્યા પ્રભુને પણ શાન્ત કર્યા તે વંદન ભકત પ્રલ્હાદ.

અકૃરજી મથુરાથી ગોકુલ આવતાં રસ્તામાં વૃજરજમાં છાપથી ઉપસેલા પ્રભુનાં ચરણુના ચિન્હો જોઇ ત્યાંજ વંદના કરી હતી.

ઉધ્વજી–સંદેશો લઇને ગોકુળમાં આવ્યા ગોપિજનો પાસેથી ભગવદ મહાત્મ્ય જાણી વંદન ભકિત કરીને માગ્યું કે હું અત્રે ગુલ્મલતા એવું કાંઇ ઔષધી બનું જેથી મારા શિર પર વૃજજનોનાં ચરણ પડે.

પુષ્ટિ રીતમાં જગજીવનભાઇની વંદન ભકિત શ્રેષ્ઠ ગણાય છે પરંતું સેવા માર્ગમાં દરેકે દરેક વંદન ભકિત કરેજ છે.

વૈષ્ણવો પ્રભુનાં દર્શન કરતાં બંન્ને હાથ જોડીને ઉભા રહે છે. નમન કરતાં દંડવત્ કરે છે તે વંદન ભકિતજ છે.

સેવામાં પ્રાતઃકાળ નાહી ધોઇને મંદીરમાં જતા પહેલાં જ નિજમંદીર દ્વારે વંદન ભકિત થાય છે. બે હાથ જોડી જગાવવાની વિનંતિ કરે છે. મંગળા આરતી કયાં પછી બે હાથ જોડીને પછી દંડવત કરે છે. તેવીજ રીતે રાજ ભોગ, સંધ્યા આરતી બધામાં બે હાથ જોડી ઉભા રહી પછી દંડવત કરાય છે. આ સેવા માર્ગમાં વંદન ભકિત ઓતપ્રોત થયેલી છે. માટેજ જુદી રીતે કરવાની જરૂર નથી રહેતી.

પ્રભુનું વંદન અર્ચન કર્યું તે વખતે જે શોભા પ્રગટ થઇ તે શોભા અને રૂપ તે સમયની ગુણ લીલા. હાસ્ય વિનોદ વિગેરે સ્નેહ વાર્તા રસભાવ પોતાનાં અંતઃકરણુમાં લાવીને વંદન કરે અને પોતાની દીનતા વિચારે કે હું શું ? આ સ્વરૂપને નિહાળવા યોગ્ય છું ? આમ વિચારીને વંદન કરે.

ગોપાલદાસજીએ નવ આખ્યાનો ગાયા તેમાં પહેલાંજ શરૂઆતમાં વંદુ શ્રી વિઠ્ઠલવર સુંદર પ્રથમ જ વંદન ભકિત કરી છે.

પુષ્ટિ માર્ગમાં નિત્ય નવા વાઘા, વસ્ત્ર, શૃંગાર, આભુષણો, નવી નવી છટાથી ધરાવાય છે. પ્રભુ નિત્ય નૌતન રૂપે દર્શન આપે છે. ઉચ્છવનાં શૃગાર ભારે હોય છે. આડા દિવસે સાદા

શૃંગાર હોય છે. ઋતુ અનુસાર બધું નવિન રૂપે દર્શાય છે. ખેલનાં દિવસોમાં સુવર્ણનાં આભુષણો ધરાય છે ઉત્ણકાળમાં મોતિનાં આભરણો બારીક વસ્ત્રો હલકો શૃંગાર અક્ષયત્રતિયા, ચંદનની છાપથી વસ્ત્રો છપાય છે. હિંડોરામાં ભારે શૃંગાર આને નિત્ય નવા તરેહતરેહની હિંડોરા સજાવાય છે. આવી સેવાની રીત છે નિત્ય નવિન રૂપથી પ્રભુનાં દર્શન કરતાં ચિત્ત પ્રસન્ન થાય છે. પ્રભુનું રૂપ સૌન્દર્ય પોતાનાં નયણોથી નિરખી સામા ઉભા રહીને બેહાથ જોડી (વંદન ભક્તિ થાય છે.) સ્વરૂપાનંદમાં મગ્ન થઇ જવાય છે. નટવર છબિ નંદલાલાની તેમાં મગ્ન જેનું ચિત્ત જો આમ સ્વરૂપની ઝાંખી કરતાં મગ્ન બની જવાય છે. રોમ રોમ પ્રફુલ્લિત બની જાય છે. આવો છે પુષ્ટિનો આનંદ.

આપણે ગુરૂદેવનાં દર્શન કરવા જઇએ ત્યઃરે સૌથી પહેલાં બંને હાથ જોડી આંખોથી સ્વરૂપ નિહાળી પછીજ દંડવત કરીએ છીએ આમાં પણ સૌથી પહેલાં વંદન ભક્તિ આવી જાય છે. પાસે બેસી વચનામૃતનો લાભ લેવો આ બધું પછીથી થાય છે વૈષ્ણવો સામા મળે ત્યારે પણ બે હાથ જોડીને જયશ્રીકૃષ્ણ કરીએ છીએ તે પ્રભુની વંદન ભક્તિજ છે. વંદનનો અર્થ :– પ્રભુ આપનો જય થાઓ આમાં આખો દિવસ વંદન ભક્તિ થાય છે. પુષ્ટિમાં વંદન ભક્તિ સર્વગ્રાહી છે. દિવસમાં અનેકવાર થાય છે જ્યાં કોઇ વૈષ્ણવ મલ્યા ત્યાં બે હાથ જોડી જય શ્રીકૃષ્ણ કર્યા.

વાહ રે ! શ્રી વલ્લભ પ્રભુ, પુષ્ટિમાર્ગની રચના કેવી સુંદર કરી છે. જ્યાં ઉઠતાં જ વૈષ્ણવ બે હાથ જોડી પરસ્પર ઘરનાને પણ જય શ્રીકૃષ્ણ કરે છે. સૂતી વખતે પણ ભગવાનનું સ્મરણ કરીને સૂવે છે. ઉઠે ત્યારથી જ વંદનભક્તિ શરૂઆત થાય તે સૂવે ત્યાં સુધી. દયારામ ભાઇ તો એક જ વાર વંદનનું મહાત્મ્ય બતાવે છે અત્રે તો કોઇ ગણના કરી શકે તેમ નથી.

૨૫૨ વૈષ્ણવની વાર્તા—

બે ભાઇ સાચોરી વૈષ્ણવો હતા. તેમને વૈષ્ણવો ઉપર બહુ જ ભાવના હતી. એકવાર અચાનક વૈષ્ણવો રાતે આવ્યા ત્યારે બન્ને ભાઇઓ હર્ષઘેલા બની ગયા. હાથ જોડી ગદગદ કંઠે થઇ ગયા (આમાં પરસ્પર હાથ જોડવાથી વંદનભક્તિ થાય છે). પરંતુ રાતનો સમય ઘરમાં સીધુ–સામગ્રી કાંઇ નહીં, હવે આ વૈષ્ણવોનું સમાધાન કેમ કરવું ! બહુ જ વિચાર કરીને ઓળખીતા એક વાણીયાની દુકાને ગયા (તે બહારગામ ગયા હતા). તેમણે દુકાન ખોલી, જોઇતી વસ્તુ બધી જોખી જોખીને લીધી. સવારે તે દુકાનદાર આવશે ત્યારે નાણાં ચુકવી દેશું. આમ વિચાર કરી મોટો ભાઇ સામગ્રી લઇ ઘરે આવ્યો. રસોઇ કરી વૈષ્ણવોને પ્રસાદ લેવડાવ્યો પરંતુ નાનો ભાઇ હજુ સુધી ઘરે આવ્યો જ નહીં. વૈષ્ણવો તો સવારમાં ઉઠીને રવાના થયા.

થયું એમ કે મોટાભાઇના ગયા પછી રાજાના માણસો આવ્યા, તેમણે નાના ભાઇને દુકાન વાસતા જોયો તેને ચોર સમજીને પકડી ગયા. રાજાએ હુકમ દીધો કે આનું માથું કાપી

દરવાજે લટકાવી દો. આજ પછી મારા રાજમાં કોઈ ચોરી ન કરે. જે ચોરી કરશે તેનાં આવા હાલ થશે. તેનું શિરચ્છેદ કરી માથું અને ધડ બંને જુદી જગાયે લટકાવી દીધા.

વૈષ્ણવો ઘેરથી નીકળ્યા. મોટોભાઇ વૈષ્ણવને વિદાય દેવા ચાલ્યા આવે છે, ત્યાં દરવાજે પોતાના ભાઇનું શિર લટકતું જોયું. વૈષ્ણવને જોઇને શિરે ઝુકી ઝુકીને તથા હાથ બંને જોડીને જય શ્રીકૃષ્ણ કર્યા. આ જોઇને વૈષ્ણવો સમજી ગયા. તે ધડને શિરને નીચે ઉતારી જોડી દીધા, પળમાત્રમાં હતા ત્યાં જ બની ગયા. વૈષ્ણવને ભેટી પડયા. કહેવાનો તાત્પર્ય આ અવસ્થામાં પણ તેણે બંને હાથ જોડીને વૈષ્ણવને જય શ્રીકૃષ્ણ કર્યા, તે વંદનભકિત.... આ બાબત રાજાને જાણ થઇ કે વૈષ્ણવોએ જીવતો કર્યો તેથી તે પણ ડરનો માર્યો આવીને બંને ભાઇની ક્ષમા માગી તથા વૈષ્ણવોની ક્ષમા માગી.

આવી છે વંદનભકિત.... માટે જ દયારામભાઇ કહે છે સેવો શ્રીકૃષ્ણ કૃપાળ- ।૨૭।

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

ભકિત વર્ધિની

શ્રી ગોપેશ્વરજીએ રચેલ વિવરણ સહિત

ભાષાંતર : પ્રો. પ્રતાપરાય કાં. શાહ એમ. એ. કોવિદ, મુંબઇ

–ગતાંકથી ચાલુ

આ ભાવદશા પ્રાપ્ત થાય ત્યારે બીજ ભાવ દઢ થયો એમ કહેવાય તેથી કહે છે... બીજં તદુચ્યતે....વગેરે.

બીજં તદુચ્ચતે શાસ્ત્રે દઢં યન્નાપિ નશ્યતિ ।
સ્નેહાદ્રાગ વિનાશઃ સ્યાદાસકત્યાદ્ ગૃહારુચિઃ ॥૪॥

અર્થ પ્રભુમાં સ્નેહ થવાથી સાંસારિક બાબતો તરફના આપણા રાગનો (એટલે કે આકર્ષણનો મોહનો) નાશ થાય છે. પ્રભુમાં આસકિત થાય ત્યારે આપણા ગૃહ તરફ પણ અરુચિ (એટલે અણગમો) ઉત્પન્ન થાય છે. ૪

વિવૃત્તિ ભગવાનની કૃપાથી જો વ્યસનદશા પ્રાપ્ત થાય તો ભગવત્ શાસ્ત્રમાં જેને સ્નેહાંકુરનું સ્વરૂપ કહે છે તે ભકિત દઢ (એટલે જરાપણ શિથિલતા–ચંચલતા વગરની) થાય છે અને તેથી જ વિષયાદિના સંસર્ગમાં આવતાં પણ તેનો (ભકિતનો) નાશ થતો નથી તેનું કારણ એ છે કે બીજ ભાવની દઢતાની પરમ અવધિ પ્રાપ્ત થાય ત્યારે જ વ્યસનભાવ–વ્યસન

દશા-પ્રગટે છે (જેનો નાશ થતો નથી) અથવા તો એમ કે બીજ જે પ્રભુના પરિગ્રહ (કૃપા) વાળું હોય છે તે જો વ્યસનરૂપ બની જાય તો એ દશાને ભકિત શાસ્ત્રમાં દૃઢ કહી છે એટલે કે તે (બીજરૂપ ભકિત)ને શિથિલ કરવી અશકય છે તેથી કાલ અથવા દુઃસંગ દ્વારા પણ તેનો નાશ કરી શકાતો નથી અને વળી ભગવાને પોતે જેનો અંગીકાર કરેલો છે તેવા ભકતોના ત્યાગને કદાપિ સહન કરી શકતા નથી, કારણ કે એ અંગીકાર નિત્ય (કાયમ માટેનો) હોય છે આ પ્રમાણે ઉત્તરોત્તર વધારે બલવાન થતી જતી ભકિતની સ્થિતિઓ (દશાઓ)નું કાર્ય શું છે? એ દર્શાવતાં કહે છે કે "સ્નેહાત્" વગેરે....વગેરે.

સ્નેહથી ભગવાન વિષયક પ્રેમને લીધે પ્રભુ સેવામાં પ્રતિકુળ એવા ઘરમાં રાગ (આકર્ષણ)નો વિનાશ થાય છે. કારણ કે ગૃહમાં અનુરાગ (પ્રીતિયા તો આકર્ષણ)ના નાશ માટેનો તત્કાળ અથવા અચુક નાશ કરવા માટે ભગવત્પ્રેમ એ જ ઉપાય છે. પેલા શ્રુતિ વાકયમાં કહયા પ્રમાણે **"તાવદ્રાગાદયઃ સ્તેના"** (એટલે કે રાગાદિ શત્રુઓનું અસ્તિત્વ તાવત્ (એટલે કે ત્યાં) સુધી જ રહે છે."

પુર્વે કહી ગયા તેવી (ભગવાનમાં) આસકિતને લીધે ગૃહ (ઘર) પ્રત્યે અરુચિ (એટલે આસકિતનો અભાવ) પ્રગટે છે તેનું કારણ એ છે કે ભગવદાસસકિત સિવાય બીજા કોઇ પ્રત્યેની આસકિતને દુર કરવાની શકિત ભગવાન પ્રત્યે પ્રગટેલી આસકિતમાં છે. એ વાત પેલા શાસ્ત્રવાકયમાં પણ કહેલી છે કે **'કૃષ્ણાઘ્રિપદ્મમધુલિટ ન પુનર્વિસૃષ્ટ માયા ગુણેષુ રમતે વૃજિના વહેષ્વિ'** ઇતિ એટલે કે શ્રી કૃષ્ણના ચરણ કમલના મધ (ની મીઠાશ)ને ચાખનાર ભ્રમર (એટલે ભકતજન) ફરી કદી ત્યજી દીધેલા અને દુઃખદાયક માયાના ગુણોમાં (આકર્ષણમાં) ફસાતો નથી ૪.

વળી ભગવાનમાં પ્રેમાસકત સ્થિતિને પામેલા ભકતોને ગ્રહ પ્રેમ વગેરે તરફ સારો ભાવ જાગે તે અસંગત તથા ખોટી વાત છે એવો અર્થ છે. લોક સંગ્રહાર્થે પણ ભકતો માટે અસંખ્ય વ્યાપારો બતાવ્યા છે તેથી કહે છે કે "ગ્રહસ્થાનાં.....વગેરે.

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાય

પ. ભ. શ્રી જમનાદાસ મોરારજી કારિયા હ. ગિરિશચંદ્ર જમનાદાસ કારિયા કાંદીવલી (વેસ્ટ)ના જયશ્રીકૃષ્ણ.

શ્રી યમુનાજીના પદ

રચયિતા : મહાકવિ શ્રી વલ્લભદાસ શર્મા, દેવરી.

ભાવાર્થ–લેખક **'માધુરી'** રાજકોટ

પદ–૨૯

તિહારે શ્રી પદ રજકો થાપ્યો;
ભૂરિ ભરોસો અચલ એક રસ તુમહિ નિદરિ મોહિ તાપ્યો. ૧

તેરો કૃપા પાત્ર સુનિ રવિજા દાપ માન્યો વહ કાપ્યો;
શ્રી કર સુધા અંક અંકિત શિર ચાહત કલિખલ નાપ્યો. ૨

કહોં કહા કરુણા પરિમિત તુમ મોહિ બહુત સંતાપ્યો;
અશરણ શરણ દીન જન **'વલ્લભ'** આઈ અનિષ્ટનિ ચાપ્યો. ૩

ભાવાર્થ : આ પદમાં કવિશ્રી કહે છે કે આપનું કૃપા બળ અગાધ હોવા છતાં મારા ઉપર હજુ કેમ કૃપા વર્ષા થઇ નહીં તે માટે શ્રી યમુંના મૈયા હું તો આપના પદ રજની છાપ સમજીને રહું છું. મને આપનો પુર્ણ ભરોસો છે છતાં આપે મને ખુબ તપાવ્યો છે. હું જાણું છું કે આપનાં કૃપા બળની સામે જેણે અભિમાન કર્યું તેનું કોઈનું ચાલ્યું જ નથી. કલિરૂપ મહાન ખલ તે પણ જયાં જુએ છે કે આના કપાળમાં આપની કૃપા અંકીત કરેલી છે તે જોઇને તેનાથી દુર ભાગે છે. આવા કરુણામય આપ છો, ભકતોને સહાય કરવાળા છો. પરંતુ હું તો કલિકાલમાં સંતાપથી આપની પાસે આવ્યો છું આપ અશરણ શરણ છો તેથી મારુ અનિષ્ટ બધું દુર કરી મારા મસ્તક ઉપર શ્રી પદરજનો પાયો લાગી જાય તેમ માગું છું. ૨૯

: અનુકરણીય :

આ જીવન ગ્રા. નં. ૧૫૨ શ્રી મુળભાઇ એલ. ભાટીયા, કલકત્તા દ્વારા લવાજમના દર વધતા રૂા. ૨૦૧/ સંસ્થા ઉપર વિશેષ લવાજમ મોકલી અનુકરણીય પગલું ભરેલ છે.

॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

વ્રજલીલાનાં પદો

રચયિતા : **શ્રી પ્રવીણચંદ્ર એમ. દેસાઈ (ચરણદાસ)** બી. ઇ. (સીવીલ) **બીરપુર**

–ગતાંકથી ચલુ

૧૪. ટેરકદમ તથા લલિતા કુંડ લીલા

રાગ–કાન્હરો/સારંગ

ચરાવત ગૈયા શ્યામ–તલાઇ,
ટેર કદમ ચઢ, મુરલી બજાઇ, કારી કામર દૌડી આઇ. ૧
ખિલાવત વ્યંજન, સબન બુલાઇ, ભરભર ગ્વાલિન છાક જો લાઇ,
ગોપ સખા સબ, સંગબિઠાઇ, રસભર લેત હે હરખાઇ ૨
સુનિ મુરલી સૂર, શ્રીલલિતાજી. સંકેત કરનકો ચલી આઇ:
લલિતાકુંડ સ્યામ પધરાઈ, લીલા રસ કરત અધિકાઇ. ૩
યા કારન વે, બસત હૈ પ્યારી, સબસે બનાઇ, કુંજન ન્યારી:
'ચરનદાસ' ગૈયા બલિહારી, નિત્ય મિલાવત લલિત બિહારી ૪

શ્યામ તલાઈ – નંદગામમાં ટેર કદમની પાસે શ્યામ–તલાઇ આવે છે. ત્યાં સુંદર કુંજની માફક ઘટાદાર વૃક્ષો મહેંકી રહ્યાં છે. એક તરફ શ્યામ તમાલનું વૃક્ષ છે. ત્યાં ચોતરો છે. તેના ફળ સુંદર ગોળ ગોળ લાલાશ રંગના આમળાં જેવાં થાય છે.

ટેર કદમ – બીજી તરફ ટેર–કદમનું વૃક્ષ મહેંકી રહ્યું છે, ત્યાં ચોતરો છે, શ્રી ઠાકોરજી ટેર કદમ પર ચઢી આજુબાજુ ચરતી ગૈયા–વાછરડાંને મુરલી બજાવી રસનું દાન કરે છે. તેનું ફળ સુંદર કાળાશ–શ્યામ રંગનું રૂદ્રાક્ષના જેવું દેખાય છે. આજુબાજુ ઘણાં કદમ અને શ્યામ તમાલનાં આજે પણ દર્શન થાય છે.

કાળી કામર : કાળી શ્રી ઠાકોરજીની પ્રિય ગાયનું નામ છે, કામર પણ શ્રી ઠાકુરજીની પ્રિય ગાયનું નામ છે. આમ શ્રી ઠાકોરજીએ ગાયોનાં નામ દઇ મોરલી બજાવી છે.

રસભર લેતે હે હરખાઇ : **શ્રી** યશોદા મૈયાએ ભકતોને માટે સુંદર સુંદર વ્યંજનો અને સામગ્રીઓ બનાવી છાક ગોપીઓ સાથે ટેરકદમ, શયામતલાઇ ઉપર મોકલાવી છે. લાલાએ બધા બાલકોને સાથે બેસાડી છાક બાંટી છે. આવી રીતે રસમય જુઠણ, સર્વને આપી આપના અધરામૃતનું પાન કરાવ્યું છે, પાન કરતાં જ સર્વ સખાઓ પરમાનંદ લેતા શ્રી ઠાકોરજીની આસપાસ વિંટળાઇ જતા પછી પ્રભુ ભોજન બાદ વિસામો લેવા શ્યામ તલાઇ પાસે આવેલી સઘન–કુંજલતામાં એકલા જતા અને સખાઓને ગૈયાની સંભાળ લેવા જણાવતા.

લલિતાજી – ટેરકદમથી થોડે દુર શ્રી લલિતાજીનો કુંડ આવેલો છે. ત્યાં શ્રી લલિતાજી પધારતા. ત્યાં કુંજના ઘટાદાર નીચાં નાનાં વૃક્ષો આજે પણ ઉત્તમ વિહારની ભૂમિનાં દર્શન કરાવે છે. ત્યાં રાસ ચોતરો આવેલો છે. ત્યાં ઝુલાનો ઠોર છે. શ્રી ઠાકોરજીને ઝુલાવ્યાની પ્રતીતિ છે.

આમ શ્રી લલિતાજી ટેર કદમ આવીને શ્રી ઠાકોરજીને સંકેત કરી પોતાની સાથે પધારવા વિનંતી કરતા અને પછી લલિતા કુંડ ઉપર પધરાવી લાવી. વિધવિધ મનોરથો ઝુલા સહિત કરી આનંદ લેતાં. તેથી શ્રી લલિતાજીએ અત્રે પોતાનો અલગ વાસ કરી પોતાની અલગ જુદાજ પ્રકારની બપોરની લીલાને અનુરૂપ થવા, કુંજ–નિકુંજથી નિરાળી હતી.

લલિત બિહારી : ચરણદાસ કહે છે કે ટેર કદમ પર ચરતી ગૈયાઓની બલિહારી છે, જેના દ્વારા શ્રી લલિતાજી અને અન્ય ગોપીઓને બપોરની મુરલીનો નાદ સંભાળી શ્રી ઠાકોરજીના લીલારસનું પાન કરવા મળ્યું તેથી આ સ્થળે શ્રી લલિતબિહારી નામ ધારણ કરી આપે રસાસ્વાદન શ્રી લલિતાજીને અધિક કરાવ્યું છે.

– ક્રમશઃ

આ માસના ઉત્સવ

અષાડ વદ ૧૦ તા. ૮–૮–૯૬ ગુરુવાર શ્રીનાથજીનો હાંડી ઉત્સવ.

અષાડ વદ ૧૧ તા. ૯–૮–૯૬ શુક્રવાર કામિકા એકાદશી વ્રત, કુંજમા હિંડોળા, ગો. શ્રી વિઠ્ઠલેશરાયજી મહારાજ (ઇન્દોર) તથા ગો. શ્રી બાલકૃષ્ણલાલજી બાવાશ્રી (સુરત)નો તથા ગો. ચિ. શ્રી વ્રજેન્દ્રકુમારજી બાવાશ્રી (મુંબઇ–બોરીવલી–જામખંભાળીયા–જુનાગઢ)નો જન્મદિન.

અષાડ વદ ૧૩ તા. ૧૧–૮–૯૬ રવિવાર ગો. શ્રી કલ્યાણરાયજી મહારાજ (નાથદ્વારા-દ્વિતીય ગૃહ)નો જન્મદિન.

અષાડ વદ ૧૪ તા. ૧૩–૮–૯૬ મંગળવાર ગો. શ્રી શરદકુમારજી મહારાજ (મુંબઇ-પોરબંદર–વેરાવળ)નો જન્મદિન.

અષાડ વદ અમાસ તા. ૧૪–૮–૯૬ બુધવાર હરિયાળી અમાસ, દિવાસો, ગો. ચિ. શ્રી હિરણ્યગર્ભજી મુંબઇનો જન્મદિન.

શ્રાવણ સુદ ૧ તા. ૧૫–૮–૯૬ ગુરુવાર ગો. ચિ. શ્રી રાજીવલોચનજી (મુંબઇ–ધોરાજી)નો તથા ગો. ચિ. શ્રી મનમોહનજી બાવાશ્રી (મુંબઇ–મદ્રાસ)નો તથા ગો. શ્રી મનોજ કુમારજી (મુંબઇ)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૨ તા. ૧૬–૮–૯૬ શુક્રવાર ચંદ્રદર્શન, ગો. ચિ. શ્રી રસિકરાયજી બાવાશ્રી (ચાંપાસેની–જામનગર)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૩ તા. ૧૭–૮–૯૬ શનિવાર ઠકુરાણી ત્રીજ, મધુશ્રવા તૃતીયા, ગો. ચિ. શ્રી લાડીલેશરાયજી બાવાશ્રી (વેરાવળ–પોરબંદર)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૫ તા. ૧૯–૮–૯૬ સોમવાર નાગપંચમી, શ્રીનાથજી ઊર્ધ્વભુજા (ડાબી ભુજા)ના દર્શન (સં. ૧૪૬૫).

શ્રાવણ સુદ ૭ તા. ૨૧–૮–૯૬ મંગળવાર ગો. શ્રી ત્રિલોકીભૂષણજી મહારાજ શ્રી (કોટા)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૯ તા. ૨૩–૮–૯૬ શુક્રવાર બગીચા નોમ, નિ. લી. ગો. તિલકાયત શ્રી ગોવિંદલાલજી મહારાજ કૃત સપ્તસ્વરૂપોત્સવ, ગો. ચિ. શ્રી પ્રભુજી બાવાશ્રી (કોટા–મુંબઇ–જતીપુરા)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૧૦ તા. ૨૪–૮–૯૬ શનિવાર શ્રી કલ્યાણરાયજી પ્રભુ (વડોદરા)નો પાટોત્સવ.

શ્રાવણ સુદ ૧૧ તા. ૨૫–૮–૯૬ રવિવાર પવિત્રા (પુત્રદા) એકાદશી વ્રત, પવિત્રા ભોગ સંધ્યામાં ધરવા, (ભદ્રા સમાપ્તિ બપોરે ૧/૩૩) ગો. ચિ. શિષિરકાંત બાવાશ્રી (બેંગલોર-મદ્રાસ)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૧૨ તા. ૨૬–૮–૯૬ સોમવાર પવિત્રા બારસ, ગુરૂને પવિત્રા ધરવા, ગો. શ્રી મધુરેશજી મહારાજશ્રી (મથુરા–પોરબંદર)નો તથા ગો. ચિ. શ્રી ગોકુલેશ બાવાશ્રી (જુનાગઢ–મુંબઇ–બોરીવલી–જામખંભાળીયા)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૧૫ તા. ૨૮–૮–૯૬ બુધવાર રક્ષાબંધન, (ભોગ સંધ્યામાં), ભદ્રા સમાપ્ત બપોરે ૧/૧૧ વાગે, નાળીયેરી પૂર્ણિમા, યજુર્વેદી, અથર્વવેદી, હિરણ્યકેશી, કૃષ્ણયજુર્વેદી તૈતરીય શાખાની શ્રાવણી આજે, હયગ્રીવ જયંતિ.

શ્રાવણ વદ ૨ તા. ૩૦–૮–૯૬ શુક્રવાર હિંડોળા વિજય.

શ્રાવણ વદ ૩ તા. ૩૧–૮–૯૬ શનિવાર કજ્જલી ત્રીજ, ગો. શ્રી ગોપાલલાલજી બાવાશ્રી (કામવન)નો તથા ગો. શ્રી દાનીરાયજી મહારાજ (મુંબઇ–બોરીવલી–જામખંભાળીયા-જુનાગઢ)નો જન્મદિન.

શ્રાવણ વદ ૭ તા. ૪–૯–૯૬ બુધવાર શયનમાં છઠ્ઠીનો ઉત્સવ, બિષ્ણુસ્વામી પ્રાકટ્ય ઉત્સવ.

શ્રાવણ વદ ૮ તા. ૫–૯–૯૬ ગુરૂવાર જન્માષ્ટમી વ્રત, શ્રીકૃષ્ણ પ્રાદુર્ભાવ ઉત્સવ.

શ્રાવણ વદ ૯ તા. ૬–૯–૯૬ શુક્રવાર નંદમહોત્સવ.

શ્રાવણ વદ ૧૦ તા. ૭–૯–૯૬ શનિવાર આજથી અમાસ સુધી બાળલીલાના પદ બોલાય.

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય ઇચ્છારામ ભટ્ટના

આંતર ઉદ્ગારો

૪૧ સ્વાર્થી ને નિઃસ્વાર્થી ભક્તિ

એક દિવસ પુછયું કે મહારાજ, શ્રી આચાર્યજી મહાપ્રભુજીએ તો સર્વના ભાવ ખંડિત કર્યા છે અને કહ્યું કે દ્રૌપદીએ સ્તુતિ કરી, ત્યારે પ્રભુ પધાર્યા હાથીએ હરિ કહયા, ત્યારે પોતે પધાર્યા તે પણ પોતે ભક્તિ માની છે. શ્રી જશોદાજીએ પ્રભુને દોરડે બાંધવા માંડયા, વળી સોટી દેખાડી, એ પણ ભક્તિ માની છે વળી ગોપીજનને વૃષ્ટિ થઇ, ત્યારે બચાવવા માટે સ્તુતિ કરી, આથી પ્રભુએ ગોવર્ધન ધર્યો, આ પણ ભક્તિ માની છે.

ત્યારે કહયું કે શ્રી આચાર્યજીએ. આને દુષિત ગણ્યાં છે. તેનું કારણ શું ?

ત્યારે જવાબ આપ્યો કે શ્રી મહાપ્રભુજીની દાસ ભાવની ભક્તિ તે. સેવા સ્મરણ કરવું, પણ કશાની અપેક્ષા રાખવી નહિ. પ્રભુ ગમે તે કરે. ગમે તો ધર્મ રાજા કને કોરડા મરાવો. ગમે તો નર્કમા નાખો, ધણીને ગમે તો બ્રહ્મલોકમાં રાખો ધણીને ગમે તો મર્યાદાનું દાન કરો, ગમે તો પ્રવાહમાં ધકેલી મુકો, ગમે તો કરોડો અવતાર લેવરાવીને સંસાર કરાવો ગમે તો દુઃખ દો, ગમે તો સુખી કરો, કરવાનું કરો નહિ ને ના કરવાનું કરો આમ કરતાં પ્રભુ ઉપર પ્રન્ન રહેવું, કશી પણ વિજ્ઞપ્તિ કરે નહિ કે, મારું આ કરો, એવું કશું એ કહે નહિ, આ પુષ્ટિમાર્ગીય ભગવદીય છે, તેના ઉપર શ્રી મહાપ્રભુજી પ્રસન્ન થાય છે.

કંઠાભરણમ્

પાથેય

બ્રાહ્મે મુહૂર્તે બુદ્ધયેત્ ધર્માર્થાવનુ ચિન્યેત્ ।
કાયક્લેશાંશ્ચ તન્મૂલાન્ વેદતત્ત્વાર્થમેવ ચ ॥

દરેક મનુષ્યે સવારમાં વહેલા ઊઠીને ધર્મનું, અર્થપ્રાપ્તિનું, શરીરના કલેશોનાં મૂળ કારણોનું તથા વેદના તત્ત્વાર્થનું ચિંતન કરવું.

પ્રમાણં ત્વધિકં નામ્નઃ સુધાપાને ચ કીર્તને ।
જિહવે ત્વં પ્રતિજાનીહિ સદ્યઃ મોક્ષપ્રદાયકમ્ ॥

હે જીભ ! ભગવાનના નામસ્મરણરૂપ અમૃતપાનમાં અને તેમના કીર્તનમાં અધિક પ્રમાણ હોય તો તે જલદી મોક્ષ આપનાર થાય છે એમ તું ખાતરીપૂર્વક જાણ.

આલોકય સર્વં શાસ્ત્રાણિ વિચાર્યૈવ પુનઃ પુનઃ ।
ઇદમેકં સુનિષ્પન્નં ધ્યેયો નારાયણ સદા ॥

નારાયણ એ પરબ્રહ્મ છે, નારાયણ એ શ્રેષ્ઠ તપરૂપ છે, નારાયણ એ પરમ દેવ છે તથા સદા સર્વ વસ્તુ નારાયણરૂપ જ છે.

ધર્માર્થકામ મોક્ષાણામારોગ્યં મૂલમુત્તમમ્ ।
ગુહ્યં બ્રહ્મ તદિદં બ્રવીમિ ન માનુષાત્ શ્રેષ્ઠતરં હિ કિંચિત્ ॥
શરીરમાદ્યં ખલુ ધર્મસાધનમ ॥

ધર્મ-અર્થ-કામ અને મોક્ષ એ ચારેયની પ્રાપ્તિનું મૂળ ઉત્તમ પ્રકારનું આરોગ્ય છે. હું તને બ્રહ્મનું-વેદનું રહસ્ય કહું છું કે આ લોકમાં મનુષ્યત્વ-માનવથી ઉત્તમ એવી કોઇ વસ્તુ નથી. શરીર એ જ ધર્મનું મુખ્ય સાધન છે.

ઇદં શરીરં પરમાર્થ સાધનં ધર્મૈકહેતુર્બહુપુણ્યલબ્ધમ ।
લબ્ધવાડપિ યો ન વિદધીત ધર્મં વૃથા ગતં તસ્ય નરસ્ય જીવિતમ્ ॥

આ માનવ શરીર મોક્ષ મેળવવાનું સાધન છે અને બહુ પુણ્યકર્મોના અંતે માત્ર ધર્મના હેતુ માટે પ્રાપ્ત થયું છે અને એ પ્રાપ્ત કર્યા પછી પણ જે ધર્મ-પુણ્યકાર્યો ન કરી શકે, તે મનુષ્યનું જીવતર વૃથા ગયું છે, એમ જાણવું.

અત્યન્તમલિનઃ કાયઃ નવચ્છિદ્ર સમન્વિતઃ ।
સ્ત્રવત્યેવ દિવા રાત્રૌ પ્રાતઃ સ્નાનં વિશોધનમ્ ॥

આ મનુષ્ય શરીર અત્યંત મલિન અને નવ છિદ્રોવાળું છે. છિદ્રોમાંથી રાત્રિ-દિવસ સતત મેલ સ્ત્રવ્યા કરે છે, તેથી દરરોજ પ્રાતઃકાળે સ્નાન કરીને તેને વિશુદ્ધ કરવું જોઇએ.

ગુણા દશ સ્નાનપરસ્ય સાધો રૂપં ચ તેજશ્ચ બલં ચ શૌચમ્ ।
આયુષ્યમારોગ્યમલોલુપત્વં દુઃસ્વપ્નનાશશ્ચ યશશ્ચ મેધા ॥

હે સજ્જન ! સ્નાન પરાયણ મનુષ્યને રૂપ, તેજ, બળ, પવિત્રતા, આયુષ, આરોગ્ય, લાલચથી રહિતપણું, દુઃખકારક સ્વપ્નનો નાશ, યશ તથા બુદ્ધિ એ દશ ગુણો પ્રાપ્ત થાય છે.

['કંઠાભરણમ' કેસેટ પુસ્તિકામાંથી શ્રી પરીખ પરિવારના સૌજન્યથી]

॥ શ્રી હરિઃ ॥

=: હાઈકુ સપ્તક :=

[૧]
આજેય ગુંજે
ચોરાસી બેઠકોમાં
વલ્લભ વાણી.

[૨]
ગદ્ય મંત્રથી
શ્રી કૃષ્ણ શરણમાં
પુષ્ટિજનો આ.

[૩]
શ્રી વલ્લભ છે
કૃષ્ણ કમલ મુખ
સર્વોત્તમજી.

[૪]
અષ્ટ સખાનાં
કૃષ્ણ કીર્તનો ગુંજે
વૈષ્ણવ ચિત્તે.

[૫]
દૃઢ ભરોસો
શ્રી વલ્લભ ચરણે
પુષ્ટિજનોને.

[૬]
યમુના મૈયા
કૃપાથકી આનંદે
વૈષ્ણવો સદા.

[૭]
કુસુમાયુધે
ગર્વ મૂકયો નીરખી
રાસલીલા ત્યાં

– જયંત જી. ગાંધી – 'કુસુમાયુધ', જુનાગઢ

શ્રી હરિરાય મહાપ્રભુ પ્રકટિત સહસ્ત્ર શ્લોકી સેવા ભાવના

હિન્દીમાં પદ્ય રચના

રચયિતા :- **પ. ભ. રૂપચન્દ ખંડેલવાલ 'ભૂપ' જબલપુર**

–ગતાંકથી ચાલુ

કહહિં પરસ્પર મધુરે ભાવન । લીલા યુગલ જુ પરમ સુહાવન ॥
સુનુ સખિ મધુર ભાવ રસ ભીની । લજ્જા યુકત હમારિ સ્વામિની ॥

સો. કો હરિ સોં સંબંધ, કામશાસ્ત્ર જિમિ લૌકિક ।
કે અનુસાર સ્વછંદ, ભયો અલૌકિક રૂપમેં ॥ ૪૧૯

એક સમૈ જુ ગોપિકાધીશા । બપુ નર શ્રેષ્ઠ ધરેં નર ઇશા ॥
અતિ સુન્દર ઘનશ્યામ સરીરા । ઉપવનમેં યમુના કે તીરા ॥
મોર પિચ્છ માથે ધરી ધુનહિં । મોર કલા મેં નિપુન જે અહહિં ॥
નચહિં મયુર કલા બહુ ભાંતિ । જાસો ઇન છવિ અતિ શોભાવતી ॥
કોમલ પલ્લવ સુખદ રસીલે । બિવિધ સુગંધન પુષ્પ સજીલે ॥
કે આભૂષણ પરન સુહાયે । ધરી નિજ અંગની સુવિધિ સજાયે ॥
કેશ ભ્રમર ડોલહિં સ્વચ્છન્દા । મનહુ લેહિં પુષ્પન મકરંદા ॥
મકરાકૃતિ કે કુંડલ સોહૈ । કર્ણ યુગલ ભકતન મન મોહૈં ॥
દો. અંજન યુકત નયન જિન્હ, દેખત કમલ લજાય ।
કમલ નયન તે સખન કે, મન કહં લેહિ લુભાય ॥ ૪૨૦-૨૩

આધિ દૈવિકી રસ-સંભોગા । યુગ કપોલ કે સ્થાનન જોગા ॥
ઉચ્ચ નાસિકા સોહહિ કૈસી । શુક કો ગર્વહર રહી જૈસી ॥ ૪૨૪

મોતિન આભૂષણ જુ નાસિકા । છબિ કે દર્શન કરાહિં અધિકા ।
ઝરત અધર સોં જો અધરામૃત । તાકે દાનન સબ કહં તૃપ્તત ॥ ૪૨૫

વેણુ નાદ સોં વિકલ ગોપિયન । કે મન કોં મોહત જે મોહન ॥
આધિભૌતિકી આધિદૈવિકી । કંઠ રેખ ત્રયજુ આધ્યાત્મિકી ॥
કરહિં બોધ આનંદ અપારા । તીનહું તીન નામ અનુસારા ॥ ૪૨૬

પદક રુપી ઇક નવ આભૂષણ । ધારે હૈં જો અપને હૃદયન ॥
દો. અતિ લુભાવને ચકચકિત, કંકણ પરમ અનુપ ।
ધરે હસ્ત કમલન યુગલ, શોભા પાવહિં ભૂપ ॥ ૪૨૭

રસ વિયોગ સંયોગ બતાવન । સોહત બાજુબંદ દ્વૈ ભુજન ॥
રતન જટિત મુદ્રિકા મનોહર । સોહ રહીં જિનકી અંગુરિન પર ॥ ૪૨૮

હસ્ત બંદ સાંકરન સમેતા । હાથન ધારે કૃપાનિકેતા ॥
હીરા જટિત સ્વચ્છઇક ચૌકી । ઉદર શોભહીં તહાં વિશેષી ॥ ૪૨૯

કનકન મણિકન માલા સુંદર । શોભિત ઉર સ્થલી કે ઉપર ॥
ગજ મસ્ત કન્હિં કઢે ગજમોતી । સોં શોભાહી સ્વયં શોભતી ॥ ૪૩૦

સોના કી સાંકલ કી માલા । સંચાલિત હિય કમલ રસાલા ॥
અનેક રત્નજટિત બનમાલન । સોં સોહેં જે નીકી ભાંતન ॥ ૪૩૧

દો. તુલસી અસ પુષ્પન ગુંથી, ચરન છુઅત બનમાલા ।
પીતામ્બર કે છોર દોઊ, પવન હલાહિં રસાલ ॥ ૪૩૨

ભ્રમર નચાહિં ગ્રીવ બાંકી કર । વેણુ બજાવે મેં જે તત્પર ॥
કંચન નકશી કે મણિ–હારન । સોં શોભિત સત્ કે સુસ્થાન ॥ ૪૩૩

કટિ કે ઉપર સરસ ચમકની । કાગ્ચી કી રેશમી કાછની ॥
સુન્દર રેશમ કુંદન વારી । સોહ રહી શ્રી અંગ મંઝારી ॥ ૪૩૪

કમલ કેશરન સમ જે પીરે । વિલસ ભ્રમર તિમિ ધરે શરીરે ॥
નૂપુર પહરેં દોઉ ચરનન । મિલત સબન આનંદતિન સ્વરન ॥ ૪૩૫

નખમંડલ કી કાંતિ સુહાઇ । જીત લાઇ જો ચન્દ્ર લુનાઇ ॥
રત્ન જટિત અરૂ તિનન પ્રકાશિત । બિછિયત સોં પદ અંગુરી શોભિત ॥ ૪૩૬

દો. ચરણપરસ તન મધ્યકી, તુલસી માલ કરેઇ ॥
જમના તટ જલસ્પર્શ કી, શીતલ વાયુ બહેઇ ॥ ૪૩૭

સુન્દર વિધિ અનંગ ઉદ્ભાવિત । શ્રી અંગઅનંગ ભાવન ભાવિત ॥
નિજ કહં લખિ અનંગ સોં સુંદર । જિનકી દષ્ટિ ચક્રિત અપને પર ॥ ૩૪૮

વિલસિત વૃક્ષ કલિન્દી તીરન । લગ્યો ચિત્ત જિન દેખન પુષ્પન ॥
ગુંજા ફલ કે વિવિધાભૂષણ । કિયે અલંકૃત અપને અંગન ॥ ૩૪૯

જો સર્વાત્મભાવમયિ યુવતિન । ઘિરે ભયે મુદ ચારહુ દિસન ॥
રાસ રસન નાના પ્રકાર કે । ડૂબે હૈં આનન્દ સિન્ધુ જે ॥

સો. જિનકો રમણ રસાલ, ભાવૈ ઇન કહં અતિ અધિક ।
તે પ્રભુદીન દયાલ, શોભિત તિયન ઘિરાવ સોં ॥ ૪૪૦

ગોપિજનન કો પ્રિય આલિંગન । જિનને પાયો નિજી દ્વે ભુજન ॥
જિનને ગોપીજન કો સંગા । કિયો સર્વદા સહજ અભંગા ॥
ભાવ સહિત જે કર ઇન ગાને । પ્રિયા જનન સોં રહેં ઘિરાને ॥ ૪૪૧

સ્વામિનિ ઇમિ વ્રજપતિ કહં દેહની । મૂર્છિત ભઇ દશા જુ વિશેષી ॥
દેખિ દશા ઇનકી કછુ ઔરી । આઇ સકલ સખી તહં દૌરી ॥ ૪૪૨
ઇન કહં પકરિ નિકુંજન લાઇ । કરિ બહુયતન જગાવન પાઇ ॥
અતિહિ વિકલતા સોં મુંહ ખોલી । વચનામૃત સ્વામિનિજી બોલી ॥ ૪૪૩
હે બ્રજ કે પુરુષારથ રુપા । બ્રજાધીશ હે બ્રજ પ્રિય ભૂપા ॥
બ્રજાનંદ હે, બ્રજૈકનિષ્ટ હે । બ્રજ ભોક્તા બ્રજ દોષ હરન હે ॥ ૪૪૪
હે બ્રજ સ્વામી હે બ્રજપાલક । હે બ્રજ પ્રાણજુ હે બ્રજાત્મક ॥
બ્રજ કહં સ્વસ્થ બનાવન હેતૂ । પ્રકટ રુપં ધરિ કરુના સેતૂ ॥ ૪૪૫
હે બ્રજેશ હે હે બ્રજ કે ધન । બ્રજ કે સારે જીવ અરુ જનન્હ ॥
દિય આહ્લાદ દિખાવન હારે । ઔર બ્રજ પરિ–ગ્રહ કરનોર ॥
હે બ્રજનાથ અહો બ્રજ પ્રિયતમ । કરનહાર બ્રજ કે મહોત્સવન ॥ ૪૪૬

દો. બ્રજ વાસિન–હિય અરુ બ્રજન, મુદિત વાસ કરનાર ।
ભાવરુપ હે બિરજ કે, બ્રજહિં ગોદ ધરનાર ॥

હે બ્રજ કે આનન્દ રુપ હે । હે બ્રજ કે સૌંદર્ય પરમ્ હે ॥
હે બ્રજકી સદ્ગતિ કે રુપક । બ્રજ મેં આયે અસુર સંહારક ॥ ૪૪૭
હે બ્રજ વાસિન કે મન મોહક । બ્રજ લીલા કે લીલા નાયક ॥
બ્રજ કી ગઇયન કી ટોલિન કહં । નિત્ય ચરાવન હરિ બ્રજ મહં ॥ ૪૪૮
લીલા કરન હાર બ્રજ અર્થા । બ્રજ હિત જે બ્રજ ધારણ કર્તા ॥
હે બ્રજેન્દ્ર હે બ્રજ આસક્તા । બ્રજમેં ચરણકમલ નિજધર્તા ॥ ૪૪૯
બ્રજ કે સબ પુંરુષારથ દાતા । બ્રજ કે કામદેવ પ્રખ્યાતા ॥
બ્રજાધાર હે બ્રજ કે આશ્રય । બ્રજાશ્રયી – બ્રજ જનકે આશ્રય ॥

સો. બ્રજ કે શરણ સ્વરુપ, બ્રજ પોષણ કરનાર હે ॥
બલ બલ તુમ પૈ ભૂપ, બ્રજ દારક હૃદય નિજ ॥ ૪૫૦

હે બ્રજરાજ સુત જુસ્વીય હૈ । હે બ્રજ રાજા કે કુમાર હૈ ॥
બ્રજેશ્વરી યશુદા કે છૈયા । બ્રજ સ્ત્રિયન સોં સેવ કરૈયા ॥ ૪૫૧
બ્રજ કી નિજી ભાવના વારે । તિન સોં જે ભાવિત હોવારે ॥
હે બ્રજ આરતિ કે હરનારે । હે બ્રજ નાયક સબકે પ્યારે ॥ ૪૫૨

મહાભાગ જે બ્રજ રહવારે । તિનકી વિયોગાર્તિ હરનારે ॥
નંદરાય બ્રજ સોં બ્રજ અન્યા । પુનિ તિન બ્રજ જનુ સબ બ્રજધન્યા ॥
ઇનમેં રહં જેતે બડભાગે । તિનકે પતિ તુમ સહજ સુભાગે ॥
હે બ્રજૈક કે શરણુ કન્હૈયા । નિજ બ્રજ ભકત નિરોધ કરૈયા ॥ ૪૫૩

દો. પડી વિરહિણી ભૂમિપૈ, તાહે આય ઉઠાહુ ॥
પતિતોદ્ધારક નામકી, પ્રભુ કછું સુરત કરાહુ ॥
કરુણામય કરુણા નિધે, ઇતની કૃપા દિખાહુ ॥
અપને દુર્લભ કરકમલ, નખશિર પૈ પધરાહુ ॥ ૪૫૪

હે દયાલુ મમ હૃદય વાસ કરુ । કરુ આલિંગન બાર બાર અરુ ॥
કૃપા સિન્ધુ હિય તાપ નસાહહુ । ભકતન દુખહર ધરમ નિભાવહુ ॥ ૪૫૫

મોરે બિમ્બન અધર રસાલા । તિનમેં બસી મધુર મધુહાલા ॥
માત્ર તુમ્હારે સેવન જોગી । તાકો પાન કરહુ રસ ભોગી ॥
હે નિજ જન કે કરુણા સિંધો । સો ન નસાહુ ભલી વિધિભોગો ॥ ૪૫૬

હૃદય ફટત યોં માનત નાહીં । કંચુકિ બંદહુ ટુટે જાહીં ॥
દાવાગ્ની બ્રજ જરાવની જો । તા સમાન નિશ્વાસ ઉષ્ણજો ॥
નિકર રહે મુખસોં પ્રભુ મેરે । બ્રજપતિ નહીં આઇયો મમ નેરે ॥
તુમ શિરીષ પુષ્પન સમ કોમલ । મો તેં દુર રહહુ સોઇ ભલ ॥
વિયોગાગ્ની સોં જલતી મોકોં । છૂ ન પ્રાણુનાયક તોહિં રોકોં ॥ ૪૫૮

દર્શ કરાહુ કમલદલ લોચન । પાન કરાહુ મુખ સુધા છવિ પુનઃ ॥
મોરે હૃદય બચ્યો જો તાપા । તાહિ દુર કરિ હરુ સંતાપા ॥ ૪૫૯

ભાવાંજલિ

પુષ્ટિમાર્ગ સંપ્રદાય પંચમ પીઠાધીશ્વર કામવનવાળા પુ. પાદ ગો. શ્રી ૧૦૮ શ્રી ગીરધરલાલજી મહારાજશ્રીના નીત્ય લીલામાં પ્રવેશ થયાના સમાચારથી આં. પુ. વૈષ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશ ઉંડા દુઃખ અને ઘેરા શોકની લાગણી વ્યકત કરીને વૈષ્ણવ પરિષદના અગ્રણીઓ શ્રી ઈન્દ્રકાન્ત ત્રિકમલાલ શેઠ, શ્રી પ્રદ્યુમન શાસ્ત્રી પ્રા. ચીમનભાઈ શેઠ, પ્રિ. વી. પી. પરીખ, શ્રી હસમુખ ખખ્ખર પ્રો. ગોપાલભાઈ શાહ તથા શ્રી ડાયાભાઈ ડેલાવાળા (પ્રમુખ–શ્રી વ.વિ પ્ર. સમિતિ) શ્રી રવજીભાઈ પટેલ સંપાદક શ્રી વલ્લભ સુધા) શ્રી વસંતભાઈ વોરા (સહ.સંપાદક : શ્રી વ. સુ.) વિગેરેએ નીત્ય લીલાસ્થ પુ. પાદ ગો. શ્રી ગીરધરલાલજી મહારાજશ્રીની સાંપ્રદાયિક સેવાઓને બીરદાવી હાર્દિક ભાવાંજલિ અર્પણ કરી છે.

-: જલ સંચય અભિયાન :-

જેતપુર : પુ. પા. ગો. શ્રી બાલકૃષ્ણલાલજી મહારાજશ્રીની પ્રેરણા તેમજ સૌરાષ્ટ્ર લોકમંચ તથા આં. રા. પુ. વૈષ્ણવ પરિષદનાં સહયોગથી છેલ્લાં ૩ વરસથી જેતપુર તાલુકાના ૪૭ ગામોમાં કુવા રિચાર્જનુ કાર્ય ચાલી રહયું છે. જે ગામમાં પાંચ કે તેથી વધુ કુવા રિચાર્જ કરવામાં આવેલ તે ગામના અગ્રણીઓ તથા કુવા રિચાર્સ કરનાર બહુમાન કરવાનો કાર્યક્રમ સરધારપુર–પાંચપીપળા–માંડલીકપુર મુકામે કરવામાં આવેલ જેમાં શામજીભાઇ આંટાળા–હસુભાઈ ખખ્ખર વિગેરેએ શાબ્દીક સન્માન કરી હાલમાં સૌરાષ્ટ્રમાં જલસંચય અભિયાનની આવશ્યકતા સમજાવેલ. પુ. પા. ગો. શ્રી બાલકૃષ્ણલાલજી મહારાજે પણ પ્રાસંગીક પ્રવચનો કરી પ્રોત્સાહિત કરી ઉપરણા તથા સાલ ઓઢાડી જલસીંચન પ્રવૃતિમાં ભાગ લેનારનુ સન્માન કરેલ. અન્ય અનેક ગ્રામ્ય વિસ્તારનાં અગ્રણીઓ સહયોગી બનેલ.

જામનગર : શ્રી વૃજવલ્લભ સોશ્યલ ગૃપ જામનગરનાં અધ્યક્ષ પુ. પા. ગો. શ્રી વલ્લભરાયજી મહોદયની પ્રેરણાથી રામેશ્વરનગર, કે. પી. શાહ આદી વિસ્તારમાં સિંધુ સેવા સમાજ–વનાવાસીઓ તથા ડો. નિરંજન પંડયાના સહયોગથી ૩૫૧ ડંકી રિચાર્જ કરવાનો સફલ પ્રયોગ કરવામાં આવ્યો. જેને સન્માનવાનો કાર્યક્રમ આપશ્રીની અધ્યક્ષતામાં તેમજ લોકસેવા મંચના શામજીભાઈ આટાળા તથા વૈષ્ણવ પરિષદના અગ્રણી હસુભાઈ ખખ્ખરતી હાજરીમાં સંપન્ન થયો.

સમાચાર સંચય

અમદાવાદ : વૈષ્ણવ પરિષદ (મણીનગર–અમદાવાદ) મહિલા શાખાનાં ઉપક્રમે બહેનોએ શ્રીનાથદ્વારા કાંકરોલી–પુષ્કર–હરદ્વાર તથા વૃજ તીર્થસ્થાનનો પ્રવાસનો કાર્યક્રમ ગોઠવી અલૌકિક લાભ પ્રાપ્ત કર્યો.

તેમજ સંસ્થા તરફથી વિદ્યાર્થીઓને ફ્રી નોટબુક–પુસ્તકો તેમજ યુનિફોર્મ આપવામાં આવ્યા. અપંગ બહેનને ટેલીફોન બુથ માટે લાકડાની કેબીન બનાવી આવી.

અમદાવાદ : અધિક માસમાં "શ્રી વલ્લભ સદન"માં પુ. પા, ગો. શ્રી વાગીશકુમારજી મહોદય શ્રી (કાંકરોલી–વડોદરા)નો પ્રવચન કાર્યક્રમ યોજવામા આવેલ, તેમજ આપશ્રીનાં માર્ગદર્શન તળે આચાર્ય ચરણ શ્રીમદવલ્લભાચાર્યજી "શ્રી મહાપ્રભુજી" ના પ્રતિમાં સ્વરૂપ તૈયાર કરાવવામાં આવેલ છે. જે સ્વરૂપ અમદાવાદમાંજ બીરાજશે. કોઈ વૈષણવ પોતાના ઘેર પધરાવવું હોય તો આપશ્રીની આજ્ઞા લઇ તેના ઘેર સ્વરૂપ પધારશે. માહિતિ માટે સંપર્ક મહેન્દ્ર મણીલાલ શાહ, ૪ વિવેક એપાર્ટમેન્ટ.

નવરંગપુરા. એલીસબ્રીજ–અમદાવાદ,

મોરબી : દિનાંક ૧૧/૭ ૧૨/૭ના દિને મોરબી શ્રી મહાપ્રભુજીનાં બેઠકજીના પટાંગણમાં "૧૦૮ શ્રી યમુના મહારાણીજીં લોટી ઉત્સવ સોની અમૃતલાલ જીવાભાઈ પરિવારનાં સહયોગથી તેમજ મોરબી વૈષણવ સમાજ દ્વારા વૈષણવોના શ્રી ઠાકોરજી પધરાવી છાક મનોરથ તથા પુષ્ઠિ માર્ગીય સંગીત સમારોહ યોજવામાં આવેલ. પુ.પા.ગો શ્રી રસીકરાયજી મહારાજે (પોરબંદર–રાજકોટ) કિર્તન સંમેલનમાં ઉપસ્થીત

રહી કિર્તનગાન કરેલ તેમજ જાણીતા કિર્તનકાર પ. ભ. દામોદરદાસ બાપોદરા–મથુરાવાળા લવ–કુશની જોડી કિર્તનકાર રાજકોટ મોરબી–વાંકાનેર તથા અન્ય વેષ્ણવ કિર્તનકારો ઉપસ્થીત રહી આનંદ માણેલ. [રાજકોટ વાળા પુ.પા.ગો. શ્રી ગોવીંદરાયજી મહોદય પધારી આશીર્વચન આપેલ સમસ્ત ગામ સમુહનાં વેષણવોએ આનંદભેર સહયોગી બની લાભ લીધેલ.

વૈષ્ણવ પરિષદ–સમાચાર

વડોદરા આં. રા. પુ. વૈષ્ણવ પરિષદ નિ. લી પુ. પા. ગો. શ્રી કૃષ્ણાવતી વહુજી મહારાજશ્રી મેમોરિયલ ટોફી તથા શ્રી વલ્લભ વિશ્વધર્મ ટ્રસ્ટ અમદાવાદનાં સંયુકિત ઉપક્રમે શ્રી વૃજધામ માજલપુર વડોદરામાં “વકતૃત્વ સ્પર્ધા” નું આયોજન કરવામાં આવ્યા પુ. પા. ગો. શ્રી દ્વારકેશલાલજીનાં વચનામૃતોથી સ્પર્ધાનું ઉદઘાટન કરવામાં આવ્યું પુ, પા, ઈન્દીરાબેટીજીનાં પણ આશીવર્ચન પ્રાપ્ત થયા પ્રતિ વર્ષ આવી સ્પર્ધા વિશેષ પ્રમાણમાં યોજવામાં આવે તે હેતુથી પુ. પા. શ્રી ઈન્દીરાબેટીજી સુવર્ણ જયંતી ટ્રસ્ટ દ્વારા નિબંધ સ્પર્ધાના આયોજન અર્થે અર્પેલ રૂા. ૧000/– હજાર ઉપરાંત વધારા વકતૃત્વ સ્પર્ધાને હેતુસર રૂા, ૧૫000/– પંદર હજાર અર્પણ કરવામાં આવ્યા.

હેંમતભાઈ શાહ વૈષ્ણવ પરિષદમાં મંત્રી શ્રી વી. પી. પરીખ સંગઠન મંત્રી ચીમનભાઈ શેઠ સ્પર્ધા સંયોજન સી. પી, તલાટી ગોપાલભાઈ શાહ વિગેરેએ પણ વકતવ્યો આપેલ,

ગુજરાતની વિભિન્ન શાખાઓ દ્વારા અંતિમ સ્પર્ધામાં ૫0 સ્પર્ધકોએ ભાગ લીધેલ વિજેતાઓને પુ, પા. ગો. શ્રી વાગીશકુમારજી મહોદયમાં હસ્તે શીલ્ડ અને ઈમામો એનાયત કરવામાં આવેલ

વિજેતા જુથ–૧ કુમારી હિમા શાહ (વડોદરા) દ્વિતિય કુ. સચીમહેતા (ગોધરા) તૃતીય ધ્રુવકુમાર મહેતા (વડોદરા) વિષય ‘શ્રી ગોકુલનાથજી મને ગમે છે.

વિજેતા જુથ–૨ વિષય “શ્રી સૂરદાસજીનો અનન્યાશ્રય’ પ્રથમ વિજેતા જીજ્ઞેસ પટેલ (કેરડીયા કોલોની) દ્રિતીય કુ. દેવાગિંની ધારેયા (સુરત) અને નિહિર બુટાલા (વડોદરા) તૃતીય સુષ્ટિ શાહ સુરત

વિજેતા જુથ–૩ વિષય : વૈષ્ણવી જીવનનો સર્વોપરી ધર્મ’ પ્રથમ તરૂણ પરીખ (વડોદરા) દ્વિતીય રૂપલ શાહ (જરોદ) તૃતીય પારૂલ શાહ (ગોધરા)

નિબધ સ્પર્ધા નાં સ્પર્ધકો ને પણ પૂ. પા. ગો. શ્રી વાગીશકુમારજી મહોદયનાં હસ્તે આ રા. પૂ. વૈશ્નવ પરિષદ ગુજરાત પ્રદેશ–તથા પૂજય શ્રી ઈન્દીરાબેટીજી સુવર્ણ જયંતી ટ્રસ્ટનાં સહયોગથી ઈનામ વિતરણ કરવામાં આવ્યું.

વિજેતા જુથ–૧ વિષય “હરિ સેવા મને ગમે છે” પ્રથમ મહેન્દ્ર શાહ (વડોદરા) દ્વિતીય અવધી શાહ (દાહોદ) તૃતિય વિદીતા દિવાન (સુરત) અને વેશાલી શાહ (મહેલોલ) વિજેતા જુથ–૨ :–વિષય “શ્રી યમુનાજી પ્રત્યે અહોભાવ” પ્રથમ જીગીશા શાહ (ગોધરા) દ્વિતીય દેવાંગી ધારૈયા (સુરત) અને બીજલ શાહ (વડોદરા) તૃતીય અર્ચના શેઠ (વડોદરા) વિજેતા જુથ–૩ :–વિષય “શ્રી મહાપ્રભુજી તો સમાજને પ્રદાન પ્રથમ વ ણુ પરીખ (વડોદરા)–દ્વિતીય પારૂલ શાહ (ગોધરા)–તૃતીય દક્ષા શાહ (ડભોઈ)

પંચમ પીઠાધીશ પૂ. પા. ગોસ્વામિ
શ્રી ૧૦૮ શ્રી ગિરધરલાલજી (કામવન) મહારાજશ્રીને
ભાવાંજલિ

શ્રી ગિરધરજીનો સાંભળશે સથવારો એ તો વૈષ્ણવના હૈયામાં સમાયા
એ તો પુષ્ટિમાં અમર કહેવાયા, શ્રી ગિરધરજીનો સાંભળશે સથવારો–ટેક
શ્રી વલ્લભકુળમાં પ્રગટ થઈને કીધા સેવાના કામ એમણે કીધા સેવાના કામ
બ્રહ્મસંબંધ દ્વારા શરણે લઈને. કીધા વૈષ્ણવો સનાથ– **શ્રી ગિરધરજીનો (૧)**

વેષ્ણવો ઉપર વ્હાલ વરસાવી સેવાની રીત સમજાવી એમણે સેવાની રીત સમજાવી
સેવા સ્મરણનો ઉપદેશ આપી. સમજાવ્યા પુષ્ટિના સિદ્ધાંત – **શ્રી ગિરધરજીનો (૨)**

હેયામાં હેતભરી મુખ પર સ્મિતધરી. વરસાવતા કૃપા અપાર શ્રી ગિરધરજી વરસાવતા કૃપા અપાર
મર્મભર્યો વચનામૃત કરીને બતાવતા સાચો માર્ગ – **શ્રી ગિરધરજીનો (૩)**

કામ ક્રોધ મોહ માયા ત્યાગી કરતા સેવાના કામ શ્રી ગિરધરજી કરતા સેવાના કામ
શ્રી ચંદ્રમાજીને લાડ લડાવી જીવન ધન્ય બનાવ્યું તમામ – **શ્રી ગિરધરજીનો (૪)**

સેવામય સદાજીવન જીવીને કીધા પરમાર્થના કામ શ્રી ગિરધરજીએ કીધા પરમાર્થના કામ
વૈષ્ણવ સૌ એમનું રટણ કરે છે, એમના યાદ કરી ઉપકાર – **શ્રી ગિરધરજીનો (૫)**

શ્રી ગિરધરજી હતા પરમકૃપાળુને કરૂણાના અવતાર
જીવનભર તેમણે વ્હાલ વરસાવી, કર્યો વૈષ્ણવોનો ઉદ્ધાર – **શ્રી ગિરધરજીનો (૬)**

દીનવત્સલ દયાળુ શ્રી ગિરધરજી હતા સૌના આધાર
ચાંદો સૂરજ રહેશે આકાંશમાં, તેમ અમર રહેશે એમના નામ – **શ્રી ગિરધરજીનો (૭)**

હરતા ને ફરતા સેવા કરતા હૈયામાં એક જ વાત હતી એમના હૈયામાં એકજ વાત
દુ!ખીજનોના દુઃખ જ હરવા. દઈને તમામ સહાય – **શ્રી ગિરધરજીનો (૮)**

પુષ્પોને ધુપસળી જેવું જીવન જીવ્યા, દર્શાવ્યો સેવાનો માર્ગ
અભિમાન આડંબર સર્વથા ત્યાગી. શીખવ્યા દીનતાના સૌને પાઠ **શ્રી ગિરધરજીનો (૯)**

વૈષ્ણવો ઉપર કૃપા વરસાવીને ચાલ્યા ગયા ગિરધરલાલ નોધારા છોડી ચાલ્યા ગયા ગિરધરલાલ
વૈષ્ણવજનો તો રડી રહ્યા છે એમનો વિયોગ કેમ સહેવાય – **શ્રી ગિરધરજીનો (૧૦)**

શ્રી પંચમ પીઠાધીશનો એક દીપક બુઝાયો ને, છાયો સૃષ્ટિમાં અંધકાર
એમની સૃષ્ટિમાં છાયો અંધકાર,
કામવનતો સુનુ બની ગયું હવે કોણ લેશે સંભાળ– **શ્રી ગિરધરજીનો (૧૧)**
માયાના જીવ અમે માયામાં મોહ્યા, મનડુ અમારૂં મુંઝાય
શ્રી ગિરધરજી વીના મનડુ અમારૂ મુંઝાય
ગોપીજનની એકજ ભાવનાા એમને રાખજો આપની પાસ ,
શ્રી ગિરધરજીનો સાંભળશે સથવારો – (૧૨)

– દા. દા. ચીમનભાઈ એન. બેંકર (ગોપીજન)ના નિ, લી. ગોસ્વામી શ્રી ગિરધરલાલજી મહારાજશ્રીના
ચરણ કમળમાં સદૈન્ય દંડવત પ્રણામ

(ટાઇટલ બે ઉપરથી ચાલુ)

આઠ પેઈઝ ડેમી સાઈઝ પૃષ્ઠ ૧૦૫ ઓફસેટ પ્રિન્ટીંગ. અંદર શ્રી મહાપ્રભુજીનું બહુરંગી ચિત્રજી. કાર્ડ બોર્ડનું લેમીનેશન પુઠું, પીન બાઈન્ડીંગ ન્યોછાવર રૂા, ૨૫/-

પુષ્ટિ માર્ગ એટલે દિવ્ય પ્રેમ માર્ગ. પ્રેમને જેણે જાણ્યો તેજ પુષ્ટિ જીવ કહેવાય છે.

આ દિવ્ય પ્રેમને સરળ ભાષામાં આ પુસ્તિકામાં પરમ ભગવદીય રસખાનજી, સુરદાસજી વિ. ના જુદા જુદા ધોળ પદ સાથે સુંદર રીતે સમજાવવામા આવ્યો છે.

દિવ્ય પ્રેમ જાણવા અને માણવા માટે આ પુસ્તક વાંચવું અને વસાવવું જરૂરી છે.

સમાચાર સંચય

કુતિયાણા અહીં અધિક માસના પાવન પ્રસંગે પુષ્ટિમાર્ગના સ્વાધ્યાય સત્સંગનો કાર્યક્રમ અહીંના વૈષ્ણવ સમાજ દ્વારા તા. ૭ અને ૮-૭-૯૬ ના બે દિવસનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં મથુરા-પોરબંદર-રાજકોટના પુ. પા. ગો. શ્રી રસિકરાય મહારાજશ્રીએ શ્રી વલ્લભાચાર્યજી વિરચિત ભક્તિવર્ધિની ગ્રંથ ઉપર (સટીક) વિવેચન કર્યું હતું પ્રવચનનો સમયુ હતો બપોરે ૩-૩૦ થી ૬-૩૦

નોંધ પાત્ર સંખ્યામાં સ્થાનિક તેમજ બહારગામના વૈષ્ણવોએ પ્રવચનોનું શ્રાવણ પાન કર્યું હતું.

મોરબી અહીં અધિક માસના પાવન દિવસોમાં વિવિધ કાર્યક્રમો ઉપરાંત અષ્ટછાપ કિર્તન સંમેલનનું મથુરા-પોરબંદર-રાજકોટના પુ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજશ્રીની અધ્યક્ષતા તા. ૧૧-૭-૯૬ ના રોજ સંપન્ન થયો.

સંમેલન પ્રારંભ થયા પુર્વે પુજ્ય અધ્યક્ષશ્રીએ પોતાના સંક્ષિપ્ત ઉદબોધનમાં અષ્ટ છાપીય સંગીતના વિકાસ માટેના કાર્યમમનો પરિચય કરાવ્યો હતો અને આપણા સંગીતને શાસ્ત્રીય સંગીતની પ્રાચીનતમ શૈલી ગણવી હતી.

આ સંગીતની જાળવણી માટે એક માત્ર પુષ્ટિ સંપ્રદાય ગૌરવ લઈ શકે તેમ છે.

પછી કાર્યક્રમનો પ્રારંભ થયો જેમાં સર્વશ્રી ઘનશ્યામભ.ઇ. (રાજકોટ) દામોદરભાઇ બાપોદરા (ભાયાવદર) ગોરધનભાઈ પટેલ (ધોરાજી) અને લવ-કુશ બંધુ (મથુરા) અને અંતમાં પુ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજશ્રીએ પદગાન કર્યા હતા.

દરેક કિર્તનકારે બે બે કીર્તનો રજુ કર્યા હતા. મોરબીને આંગણે પ્રથન યોજાયેલ આ ભવ્ય કાર્યક્રમને મોટી સંખ્યામાં ઉપસ્થિત થઈ વૈષ્ણવોએ માણ્યો હતો.

કાર્યક્રમનું સંચાલન લવ-કુશ બંધુઓએ સુંદર રીતે (હિંદીમાં) કર્યું હતું બીજે દીવસે તા. ૧૨-૭-૯૬ ના રોજ પણ કીર્તનનો કાર્યક્રમ રજુ કરવામાં આવ્યો.

પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. શારદાદેવી રૂપચંદજી ખંડેલવાલના જય શ્રીકૃષ્ણ

હા. પ. ભ. શ્રી રૂપચંદજી ખંડેલેલવાલ 'ભુપ' જબલપુર.

SHREE VALLABH SUDHA Monthly Magazine. Published on third date of Every Month, Regd.No.G/RJ.812-L.P.W.P43

॥ શ્રી વલ્લભઃ ॥

પૂ. ગો. શ્રી ઇન્દિરાબેટીજી કૃત જન્માષ્ટમી વધાઈ

ગોકુલનાચત ગોપીનાચત
ઘર ઘર નાચત ગ્વાલજી
નંદમહર ઘર આજ બધાઈ
જય જય શ્રી ગોપાલજી

દુધ દધિ સબ છીરકત આવત
મોતીન કંચન ઝારજી
નંદ મહર ઘર આજ બધાઈ
જય જય શ્રી ગોપાલજી

મહુવરી ભેરી શંખ બજત ઓર
ઝાંઝ બજત જય તાલકી, આડા ચૌતાલકી
નંદ મહર ઘર આજ બધાઈ
જય જય શ્રી ગોપાલજી

જન્મ દિવસકી હેત ટકાઈ
પ્રગટ પ્રભુ થઈ બાલજી
નંદ મહર ઘર આજ બધાઈ
જય જય શ્રી ગોપાલજી

યશોદા અપને લાલ ઝુલાવત
પહેનાવત સબ સાલજી
નંદ મહર ઘર દુંહાત બધાઈ
જય જય શ્રી ગોપાલજી

કહત 'શ્યામણી' નાચો કુદો
યશો હંસતી આલજી
નંદ મહર ઘર આજ બધાઈ
જય જય શ્રી ગોપાલજી

[illegible] પુષ્ટિમાર્ગીય [illegible] તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક : [illegible] 'અમૃત' [illegible] યુનિવર્સિટી રોડ, રાજકોટ-૫
શ્રી [illegible] ફોન : ૬૨૧૩૮

શ્રી વલ્લભસુધા

વચન સુધા

"વળી એક દિવસે કહ્યુ જે શાસ્ત્રમાં પ્રભુનું જે સ્વરૂપવર્ણન કર્યું છે તે પ્રભુ કેવા છે ? તો કહે છે કે જેની સોલ વર્ષની અવસ્થા છે તથા પીળાં પીતાંબર પહેર્યા છે કાનને વિષે મકરાકૃત કુંડલ ધર્યાં છે, અને મેઘશ્યામ સ્વરૂપ વળી તેજ પ્રભુ વૈષ્ણવને ઘરે બાલ ભાવે કરીને વિરાજે છે. તે વ્રજ ભકતના યુથના અધિપતિ છે. તે **શ્રી આચાર્યજી મહાપ્રભુજીએ કૃપા કરીને વૈષ્ણવને માથે પધરાવી દીધાં છે માટે તે પ્રભુથી કોઇ મોટો નથી તેથી તેની સેવા સાવધાન થઇને કરવી.**

ગો. શ્રી ગોપીકાલંકારજી ઉપનામ શ્રી મદુજી મહારાજના વચનામૃત (વ. ૬)

✱ આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો ✱

વર્ષ ૧૫ : અંક-૬ સપ્ટેમ્બર, ૧૯૯૬
શ્રી વલ્લભાબ્દ ૫૧૯

વાર્ષિક લવાજમ રૂ. ૩૫/- ✱ આજીવન રૂ. ૪૦૧

"શ્રી વલ્લભસુધા"
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ-૩૬૦૦૦૧

૮૪. ભગવદીય રત્નાવલિ પ્રકાશનને ધન્યવાદ

ઇસ ગ્રંથ કે પ્રેરક પૂ. પા. શ્રી ચિમનલાલજી મહારાજ (શ્રીમદ્ ગોકુલ) હૈં. "શ્રી વલ્લભ સુધા" કે સહૃદયોં કો ગ્રંથ ભેટ સ્વરૂપ દિયા ગયા હૈ. ઇસ ગ્રંથ મેં વિગત ચાર સૌ વર્ષો મેં ૮૪ વૈષ્ણવોં કે સંબંધ મેં રચિત સમ્પૂર્ણ પદ્ય સાહિત્ય કા અભૂતપૂર્વ સુન્દર સંગ્રહ હૈ. શ્રી ગો. ગોકુલનાથજી કૃત નામાવલિ (સંસ્કૃત), ગુજરાતી મેં ગોપાલદાસજી કૃત પ્રાકટ્ય સિદ્ધાન્ત, કાકા વલ્લભજી કૃત લીલા સ્વરૂપ, દયારામભાઇ કૃત રચના વૃત્તાન્ત સહિત ધોળ તથા પ્રબંધ બંધ નામાવલિ, લાલજીભાઇ પટેલ કીર્તનિયા કૃત ધોળ કા સંગ્રહ હુઆ હૈ. ઇસકે સાથ હી હિન્દી વ્રજ ભાષામેં ગદાધરદાસ કે ભગવદીય માહાત્મ્ય પદ, વિષ્ણુદાસ કે ચોખરા, અલીખાન કૃત ધોળ, વિશનદાસ કૃત દોહરા, દયારામભાઇ કે નામ કવિત્ત, ભારતેન્દુ હરિશ્ચન્દ્ર કૃત ભક્તમાલ ઉત્તરાર્દ્ધ, સિંહદાસ કૃત સ્મરણ પદ્ય, ગોપીલાલ શર્મા કૃત પદ્યાત્મક નામાવલિ ઔર કીર્તનિયાલાલજીભાઇ પટેલ કૃત પદોં કા ભી સંગ્રહ પ્રકાશિત કિયા ગયા હૈ. ઇન કૃતિયોં મેં ૮૪ વૈષ્ણવોં કે પાવન-ચરિત્રો કા સ્મરણ ઔર વાર્તાઓ કે ભાવ કા સાર સમાવિષ્ટ હૈ. યહ ગ્રંથ નિશ્ચિત હી ગૌરવપુર્ણ ઉપલબ્ધિ હૈ, ગ્રંથ સંગ્રહણીય ઔર બાર-બાર પઠનીય હૈ, સમ્પાદક, પ્રકાશક ઔર અર્થ સહયોગી બધાઇ કે પાત્ર હૈં.

ડૉ. ગજાનન શર્મા
સંપાદક
શ્રી વલ્લભ ચિન્તન, ભૂ. પુ. કા. અધ્યક્ષ
આં. રા. પુ. વૈ. પરિષદ

વૃજયાત્રામાં પરિષદનું પ્રચાર – અધિવેશન

પૂ. પા. ગો. શ્રી દ્રુમિલકુમાર મહોદય (વડોદરા) ના મનના મનોરથ રૂપે ચાલુ સાલે યોજાનાર વ્રજયાત્રા દરમ્યાન તા. ૨૬-૯-૯૬ ને ગુરૂવારના રોજ જતીપુરા મુકામે શ્રી છપ્પન ભોગના મનોરથનું આયોજન કરવામાં આવ્યું છે. તેના બીજા દિવસે તા. ૨૭-૯-૯૬ શુક્રવારના રોજ આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદનું આંતરરાષ્ટ્રીય કક્ષાનું પ્રચાર અધિવેશન યોજવામાં આવ્યું છે. તેમજ તા. ૨૮-૯-૯૬ ને શનીવારના રોજ પૂ. પા. ગો. શ્રી કુમીલકુમાર મહોદયનો જન્મ દિવસ ઉજવાશે તે જ દિવસે સાંજના એક ધર્મ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં અનેકવિધ સંપ્રદાયના વડાઓ ઉપસ્થિત રહી પોતાના મંતવ્યો રજૂ કરશે. આ પ્રસંગો ઉપર વૈષ્ણવ પરિષદના કેન્દ્રીય પદાધિકારીઓ – સંપ્રદાયના અગ્રણી શાસ્ત્રીઓ – વિદ્વાનો ઉપસ્થિત રહી પોતાના મનનીય પ્રવચનો આપશે.

આ વૃજયાત્રામાં, પુ. પા. ગો. શ્રી મથુરેશ્વરજી મહોદય પુ. પા. ગો. શ્રી પ્રભુજી મહોદય પુ. પા. ગો. શ્રી યોગેશ્વરજી મહોદય તથા અન્ય આચાર્યશ્રીઓ પણ વૃજયાત્રા કરવાનો શુભ નિશ્ચય કરી વૈષ્ણવોને વચનામૃતનો લાભ આપશે તો આ અલૌકિક આનંદનો લાભ લેવા વૈષ્ણવ પરિષદની યાદીમાં જણાવાયું છે.

શ્રી વલ્લભ સુધા દર માસની ૨૭ તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન એપ્રીલ થી માર્ચ.

- * શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
- * ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
- * શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- * લેખ આદિ કાગળની એક બાજું સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
- * શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
- * શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- * ચેક, ડ્રાફ્ટ વગેરે શ્રી વલ્લભ વિજ્ઞાન એ નામે લખવા જરૂરી છે

પત્ર વ્યવહાર સંપર્ક :

શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
સોહાણા પરા, રાજકોટ

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૭
વર્ષ : ૧૫ અંક : ૬ * સપ્ટેમ્બર ૧૯૯૬

મનને શિક્ષા

મનારે તેં બહુ વિધિ બાત બિગારી ।
યહલોક પરલોકન સાધ્યો બોઝમરી મહેતારી ॥૧॥
માનુષ તન નીરમોલ ગમાયો જીતી બાજી હારી ॥
બહોર્યો દાવ ન પૈહો સુની શઠ સુર સબહેત ધીકકારી ।૨।
અબહુ દેખી વિચારી જીય અપને સ્વારથ કે સંસારી ॥
રસિકદાસ કે દાસ સોઇ જીન શ્રીવલ્લભપદ શીર ધારી ।૩।

* ભાવર્થ *

અરે મન ! તે ધણી રીતે વાત બગાડી છે. આલોક પણ ન સાધ્યો. પરલોક પણ ન સાધ્યો. તારી માં ખાલી ભારે મરી અમુલ્ય માનવદેહ તું ગુમાવશ મનુષ્ય જન્મ લઇ ભગવદ્ ભજન કરવાની જે તક મલી છે તે જીતેલી બાજી હારી રહયો છે. હવે ફરી દાવ નહી મલે હે ! લુચ્ચાઇમાં સુરવીર, તું સાંભળ બધા તને ધિકકારે છે. હજુયે જો, વિચાર જીવ ! આ પોતાના સ્વારથના સહુ સંસારી છે તારૂં કોઇ નથી રસિકદાસજી (શ્રીમટુંજી મહારાજ) આજ્ઞા કહે છે અમારા દાસ વૈષ્ણવ એ છે જેણે શ્રી મહાપ્રભુજીના ચરણારવિંદ પોતાના માથે ધર્યા છે.

॥ શ્રી હરિઃ ॥

નામ–વિચાર

લેખક :- **ગો. શ્રી પંકજકુમારજી મહોદય** (માંડવી–ગોકુલ)

(ગતાંકથી ચાલુ)

શ્રી હરિરાયજી શ્રી યમુનાષ્ટકની ટીકામાં આજ્ઞા કરે છે કે :-

'કદાચિત્ નામાપરાધેષુ સત્સુ ગુરુવૈમુખ્યદુઃસંગવર્જન રૂપાંગદ્વયોભાવે ન ફલત્યપિ નામ'

અર્થ : ભગવન્નામ કયારેક નામાપરાધો થઇ જવા પર અથવા ગુરુવિમુખતા તથા દુઃસંગાભાવરુપ બે અંગોના અભાવમાં ફલિત નથી પણ થતો.

ચૈતન્ય સંપ્રદાયના વિદ્વાન શ્રી સનાતન ગોસ્વામી પદ્મપુરાણમાં કહેલા નામાપરાધોનો સંગ્રહ પોતાના બૃહદ્ગ્રન્થ 'હરિભકિત વિલાસ'માં કરે છે :-

'સતાં નિન્દા નામ્નઃ પરમમપરાધં વિતનુતે ॥....
ગુરોરવજ્ઞા શ્રુતિશાસ્ત્રનિન્દનં તથાર્થવાદો હરિનામ્નિકલ્પનમ્ ॥
નામ્નો બલાત્યસ્ય હિ પાપબુદ્ધિઃન વિદ્યતે તસ્ય યમૈર્હિ શુદ્ધિઃ ॥
ધર્મવ્રતત્યાગ હુતાદિસર્વશુભક્રિયાસામ્યપિ પ્રમાદઃ ॥
અશ્રદ્ધાને વિમુખેઽપ્યશ્રુણ્વતિ પશ્ચોપદશઃ શિવનામરાધઃ ॥
શ્રુતેઽપિ નામમાહાત્મ્યે યઃ પ્રીતિરહિતોઽધમઃ ॥
અહંમમાદિપરમો નામ્નિ સોઽપ્યપરાધ કૃત્ ॥

(૧૧,૨૮૨–૨૮૬–૧૧–૫૨૧–૫૨૪)

(૧) ભગવદીયોની નિંદા સાથે નામોચ્ચારણ.

(૨) ગુરુની અવજ્ઞાપૂર્વક નામોચ્ચારણ.

(૩) શ્રુતિ તથા શાસ્ત્રોની નિંદાપુર્વક નામોચ્ચારણ.

(૪) ભગવન્નામનું જે માહાત્મ્ય અને ફલશાસ્ત્રમાં વર્ણવેલું છે તેને વાસ્તવિક ન માની લોકની પ્રવૃત્તિ માટે કહેલી મિથ્યા વાતો માનવી.

(૫) ભગવન્નામમાં બધા પાપોને દુર કરવાની સામર્થ્ય છે એવું વિચારી પાપાચરણ કરવું તથા તેને દુર કરવા માટે ભગવન્નામોચ્ચણ કરવું.

(૬) ધર્મ, વ્રત, ત્યાગ, હોમ ઇત્યાદિ બધી શુભક્રિયાઓ સાથે ભગવાન્નામની સરખામણી કરવી.

(૭) જે વ્યકિતને ભગવન્નામોપદેશ કરવામાં શ્રદ્ધા નથી, જે પ્રભુથી વિમુખ છે, અથવા જેને નામોપદેશ ગ્રહણ કરવાની ઇચ્છા નથી તેને નામોપદેશ કરવું. (કેમકે

એવા વ્યકિતને યદિ નામોપદેશ કરવામાં આવશે તો એ વ્યકિત ભગવન્નામની ઉપેક્ષા, અવજ્ઞા કરશે તે સ્થિતિમાં તે દોષ ભગવન્નામોપદેશકર્તા પર પણ લાગશે.

(૮) ભગવન્નામનું માહાત્મ્ય સાંભળીને પણ જેને તેમાં પ્રીતિ ન થવી અને અહંતા મમતાના બંધનમાં જ ફસાયેલા રહેવું.

બ્રહ્મવૈવર્તપુરાણમાં પ્રભુ શ્રી નન્દરાયજીને આજ્ઞા કરે છે–

મન્નામવિક્રયી વિપ્રો ન હિ મુકતો ભવેત્ ધ્રુવમ ।
મૃત્યુકાલે ચ મન્નામસ્મૃતિમાત્ર ન વિદ્યતે ॥

અર્થ : મારા નામને વેચવાવાળો વિપ્ર નિશ્ચય જ મુકત નથી થતો તેને અન્ત સમયમાં મારા નામની સ્મૃતિ પણ નથી રહેતી.

જલભેદની ટીકામાં શ્રીપુરુષોત્તમજી પુરાણાન્તરનો પ્રસ્તુત શ્લોક ઉદ્ધૃત કરે છે–

ભિક્ષાશયા યે ગૃહ્ણન્તિ મમ નામાનિ ચાર્જુન ।
અમુખ્યાસ્તે જનાઃ પાર્થ દુરતઃ પરિવર્જયેત્ ॥

અર્થ : ભિક્ષા માગવા માટે હે અર્જુન ! જે લોકો મારું નામ લે છે તેવા અમુખ્ય લોકોને હે પાર્થ ! દુરથી જ હટાવી દેવા (સંગ ન કરવો).

આથી શ્રી ગુંસાઇજી 'ભકિતહંસ'માં આજ્ઞા કરે છે– 'ભગવન્નામની વૃતિ કરવી તે એક મોટો અપરાધ છે. જેમ કોઇ વ્યકિત ગંગાજલને શૌચ માટે ઉપયોગ કરે તેવી રીતે તે પાપનો ભાગી બને છે.'

આ જ કારણથી પ્રભુના નામાત્મક સ્વરૂપ શ્રીમદ્ ભાગવતને શ્રીમદાચાર્યચરણ વૃત્યર્થ કરવાનો કઠોરતાથી નિષેધ કરે છે–

પઠનીયં પ્રયત્નેન સર્વં હેતુ વિવર્જીતમ ।
વૃત્યર્થં નૈવ યુંજીત પ્રાણૈ કણ્ઠગતૈરપિ ॥
તદભાવે યથૈવ સ્યાત્ તથા નિર્વાહમાચરેત । (નિબંધ)

અર્થ : શ્રીમદ્ ભાગવતનો પાઠ બધા પ્રકારના હેતુઓથી રહિત થઇ પ્રયત્નપૂર્વક કરવું જોઇએ. પ્રાણ કણ્ઠ સુધી આવી ગયા હોય તો પણ ભાગવતની વૃત્તિથી નિર્વાહ ન કરવો જોઇએ. બીજી કોઇ પણ (ક્ષત્રિય, વૈશ્ય) વૃત્તિ કરો પરંતુ ભાગવતથી આજીવિકા ન કરવી.

૮૪ વૈષ્ણવોની વાર્તામાં પદ્મનાભદાસજીની વાર્તામાં આવે છે કે તેમણે શ્રી મહાપ્રભુજીની આજ્ઞાથી શ્રીમદ ભાગવતની વૃત્તિ ત્યાગી દીધી અને કૌડી વેચવી, લાકડા વેચવા આદિ વૈશ્ય વૃત્તિથી નિર્વાહ કર્યો પરંતુ કયારેય પુનઃ વૃત્યર્થ ભાગવત ન વાંચી.

આટલી સ્પષ્ટ નિષેધાજ્ઞાની અવહેલના કરી કેટલાક લોકો નિરર્થક દલીલો દ્વારા શ્રી મહાપ્રભુજીના અભિપ્રેતાર્થથી વિપરીત અર્થ કરે છે. તે દલીલો પર વિચાર નામ વિચાર કરનારા આ લેખમાં અસ્થાને નહીં ગણાય. કેમકે શ્રીમદ ભાગવત પ્રભુનું નામાત્મકસ્વરૂપ છે અને તેની આજીવિકા નામાપરાધ છે તે નિરર્થક દલીલો અજ્ઞ (અજાણ) વૈષ્ણવોને નામાપરાધમાં નાખી શકે છે. અતઃ તેનાથી બચવા માટે તેમના પર વિચાર અને તેમનું નિરાકરણ આવશ્યક છે.

દલીલ (૧) શ્રીમદ ભાગવતનો સુબોધિની અનુસાર અર્થ આજીવિકા માટે ન કરવો જોઇએ. શ્રી મહાપ્રભુજી તેનો નિષેધ કરી રહ્યા છે. બાકી ભાગવતનો સામાન્ય અર્થ કરીને આજીવિકા ચલાવી શકાય છે.

નિરાકરણ : પદ્મનાભદાસજી તથા રામાનંદ પંડિતને જ્યારે શ્રી મહાપ્રભુજીએ શ્રીમદ ભાગવતની વૃત્તિ કરવાનો નિષેધ કર્યો હતો ત્યારે શું તે બંને ભાગવતની વૃત્તિ શ્રી સુબોધિની અનુસાર અર્થ કરી ચલાવી રહ્યા હતા ? એ તો સામાન્ય અર્થ કહીને જ વૃત્તિ કરી રહ્યા હતા. જો કે વાર્તામાં એવા શબ્દો નથી તો પણ અત્યાગ્રહવશાત્ એવું માનવામાં આવે કે શ્રી મહાપ્રભુજીએ એ લોકોને શરણ લેવાની સાથે જ કૃપા કરી શ્રી સુબોધિનીનું સ્ફુરણ એમના હૃદયમાં કરાવ્યું. અતઃ તેની વૃત્તિ કરવાનો નિષેધ કર્યો પરંતુ યદી એવું હોત તો જ્યારે પદમનાભદાસજીએ શ્રીમદ્ભાગતની વૃતિ કરવાનો ત્યાગ કર્યો અને પુરાણ વાંચી આજીવિકા ચલાવવાની બ્રાહ્મણવૃત્તિ છોડી કૌડી તથા લાકડા વેચવાની ગર્હિત વૈશ્યવૃત્તિ કરી નિર્વાહ કરવું. આરંભ કર્યું ત્યારે શ્રી મહાપ્રભુજી આજ્ઞા કરી શકતા હતા કે– 'સુબોધિની અનુસાર અર્થ કહી વૃત્તિ નહીં ચલાવજે, પુર્વવત્ સામાન્ય અર્થ કહી તો વૃત્તિ ચલાવી શકાય છે. અતઃ તું બ્રાહ્મણ માટે ગર્હિત વૈશ્યવૃત્તિ ન કર.' પરંતુ એવું જોવામાં નથી આવતું, અતઃ આ દલીલ શ્રી મહાપ્રભુજીના નિષેધથી બચવા માટેનો પાછલો દરવાજો નહીં બની શકે.

દલીલ (૨) વૃત્તિનો અર્થ છે આજીવિકા, અતઃ સંપુર્ણ આજીવિકા યદિ શ્રીમદ ભાગવતથી ચાલતી હોય તો જ. એ નિષેધ એના પર લાગુ પડશે. આજે તો ઘણા ભાગવત કથાકારો અધ્યાપનાદિ અન્ય વૃત્તિઓ પણ કરતા હોય છે. અતઃ આ નિષેધ એમના પર લાગુ નહીં થાય.

નિરાકરણ : વ્યાકરણશાસ્ત્રના કયા નિયમ મુજબ આ શ્લોકનો આવો અર્થ નીકળે છે તે નથી સમજાતુ. 'વૃત્યર્થ" શબ્દનો અર્થ છેઃ જીવન માટે. અતઃ શ્રી ભાગવતનો એક પણ પૈસો પોતાની જીવનોપયોગી વસ્તુઓ માટે થઇ રહ્યો છે તો એ ઉપયોગ કરનાર વ્યકિત આ નિષેધની હદમાં જ છે. કોઇ અણસમજુ વ્યકિત આવી દલીલ કરે તો ઠીક છે પરંતુ વ્યાકરણમાં મોટી ડિગ્રી હાંસલ કરનાર કોઇ વ્યકિત આવી દલીલ કરે તો સમજી શકાય છે કે તેણે આ ડિગ્રી કેવી રીતે પ્રાપ્ત કરી હશે ?

દલીલ (૩) શોડષગ્રન્થાદિ પર પ્રવચન કરનાર પુ. ગોસ્વામી બાલકો પણ શ્રીમદ ભાગવતના ઉદાહરણો આપતા હોય છે અને બદલામાં ચરણભેટના રુપે વૃત્તિ સ્વીકારતા હોય છે. તેથી આ નિષેધ એમના ઉપર પણ લાગુ થશે. અતઃ આ સમસ્યાના સમાધાન માટે એવું

માનવું પડશે કે સંપુર્ણ ભાગવત અક્ષરે અક્ષર કહી કોઇ વૃત્તિ કરતો હોય તો જ એ વ્યક્તિ આ નિષેધની હદમાં આવે છે અન્યથા નહીં. અને આજે તો કોઇ પણ ભાગવત વકતા અક્ષરે અક્ષર સંપુર્ણ ભાગવત કહેતા જ નથી. અતઃ આ નિષેધ એમના પર લાગુ નહીં થાય.

નિરાકરણ : ભક્તિમાર્ગ પર ચાલતો ભક્ત સેવારૂપ કર્મ નથી કરતો? અથવા પ્રભુ માહાત્મ્યરૂપ જ્ઞાન નથી અર્જીત કરતો? કરે જ છે પરંતુ એનાથી એ કર્મમાર્ગીય કે જ્ઞાનમાર્ગીય નથી થઇ જતો. કેમકે ત્યાં પ્રધાનતા ભક્તિની છે તેવી જ રીતે શોડષ ગ્રંથાદિના ઉપદેશ કરવામાં પ્રધાનતા શોડષગ્રંથોક્ત વિષયોની છે. શ્રીમદ ભાગવતની નહીં અતઃ શોડષગ્રંથાદિનો ઉપદેશ જે જ્ઞાન વિક્રય છે તે શ્રી ભાગવતવૃતિરૂપ નામવિક્રયની શ્રેણીમાં આવી નિષેધનો વિષય નહીં બની શકે અને જ્ઞાન વિક્રય જેને શાસ્ત્ર અધ્યાપન રૂપ વૃતિ કહે છે તે બ્રાહ્મણની વિહિત વૃતિ પણ છે. અતઃ તે પ્રકારે જ્ઞાન વિક્રય કરવાનો જરાય દોષ નથી. રહી વાત દલીલમાં કહેલા સમાધાનની તો એનો પણ થોડો વિચાર કરીએ.

યદિ દલીલમાં કહેલ સમાધાન શ્રી મહાપ્રભુજીને સ્વીકાર્ય હોત તો શું કામ પદ્મનાભદાસજી જેવા લોકપ્રતિષ્ઠિત ભાગવત કથાકારને પોતાની બ્રાહ્મણવૃતિ છોડી લોકવેદ ગર્હિત કોડી અને લાકડા વેચવાની વૃતિને અનુમોદન આપત? પદ્મનાભદાસજીને શ્રી મહાપ્રભુજી કહી શકતા હતા કે 'હું જે નિષેધ કરી રહ્યો છું તે અક્ષરેઅક્ષર ભાગવત માટે છે. અતઃ તુ વચમા અથવા આગળ-પાછળના એક બે શ્લોક છોડી ભાગવતની વૃતિ કરી શકે છે.'

શાસ્ત્ર, પુરાણ વાંચી વૃતિ કરવાની છુટ આપે છે તો પણ શ્રી મહાપ્રભુજી શું કામ શ્રીમદ ભાગવતની વૃતિ કરવાનો નિષેધ કરી રહ્યા છે? કેમકે શ્રીમહાપ્રભુજીનો ભક્તિરસપૂર્ણ હૃદય પોતાના સર્વસ્વ શ્રીનાથજીરુપ શ્રીમદ ભાગવતને વેચવાની વાતને કેમ સ્વીકારી શકે? અરે! આ તો એવી વાત થઇ કે પોતાની પુત્રીથી વેશ્યાવૃતિ કરાવી તે દ્રવ્યથી પિતા જીવન નિર્વાહ કરે, અતઃ બે ચાર શ્લોક શું, બે ચાર સ્કંધ નિકાળીને પણ ભાગવતની વૃતિ કરવાવાળો શ્રીમહાપ્રભુના સિદ્ધાંતનો ઉલ્લંઘન કરી રહ્યો છે.

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાય

પ. ભ. શ્રી જમનાદાસ મોરારજી કારિયા હ. ગિરિશચંદ્ર જમનાદાસ કારિયા કાંદીવલી (વેસ્ટ)ના જયશ્રીકૃષ્ણ.

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

ભક્તિ વર્ધિની

શ્રી ગોપેશ્વરજીએ રચેલ વિવરણ સહિત

ભાષાંતર: પ્રો. પ્રતાપરાય કાં. શાહ એમ. એ. કોવિદ, મુંબઇ

–ગતાંકથી ચાલુ

ગૃહસ્થાનાં બાધકત્વમનાત્મત્વં ચ ભાષતે ।
યદા સ્યાદ્વ્યસનં કૃષ્ણે કૃતાર્થઃ સ્યાત્તદૈવ હિ ॥૫॥
તાદૃશસ્યાપિ સતતં ગેહસ્થાનં વિનાશકમ્ ।

અર્થ – ઘરમાં રહેનારાઓને એટલે કે ઘરમાં સ્થિત એવા લોકોને, કુટુંબીજનો (જો સેવામાં રસ ન લેતા હોય તો) બાધક લાગે અને આત્મીયતાથી પર લાગે, જ્યારે કૃષ્ણભક્તિનું વ્યસન થાય એટલે કે જ્યારે કૃષ્ણ વિના ઘડી એક પણ ન ચાલે એવો ભાવ ઉત્પન્ન થાય ત્યારે જ એ ભક્ત કૃતાર્થ (એટલે કૃતકૃત્ય) થયો છે એમ જાણવું, એવા ભક્તને માટે પણ સતત ગેહસ્થાન (એટલે ઘરમાં સતત સ્થિતિ) વિનાશકારક થાય છે. ૫॥

ટીકા – ભગવાન સંબંધી પ્રેમ તથા આસક્તિ ધરાવનાર ગૃહસ્થો વૈકલ્ય (મુંઝવણ) આવી જવા સંભવ છે કારણ કે તેમનો અનુરાગ ઘર તરફ વધુ હોય છે, તેથી ઘરમાં રહેનાર ભક્તોને બાધકત્વ (એટલે કે સેવામાં અંતરાય) આવી પડે છે. કારણ કે તેથી કૃષ્ણ સેવામાં સ્નેહનો અભાવ સર્જાવાનો ભય રહે છે અને સ્ત્રી તથા પુત્ર આદિ કુટુંબીજનોના પોષણની પોતાની શક્તિનો અભાવ જણાતાં અને પ્રવૃત્તિ માર્ગમાં અતિ નિષ્ઠા હોવાના કારણે તથા તેમના તરફ અનાત્મ ધર્મ (એટલે તેઓ પોતાના છે એવા ભાવનો અભાવ જાગે છે અને ભગવાનમાં પણ અનાત્મભાવ ભાસે (એટલે લાગે--આભાસ થાય) એવો સંભવ છો વસ્તુતઃ એટલે ખરું જોતાં તો નીચે આપેલાં શાસ્ત્ર વચનોથી સિદ્ધ થાય છે તે મુજબ-- **"તેષાં નિત્યભિયુક્તાનાં યોગક્ષેમંવહામ્યહમ"** (તેઓ મારામાં સદાયુક્ત (પરોવાયેલા) હોવાથી તેમના યોગ (એટલે અપ્રાપ્ત વસ્તુની સંપ્રાપ્તિ) તથા ક્ષેમ (એટલે પ્રાપ્ત થયેલી વસ્તુનું રક્ષણ)નું કાર્ય હું પરમેશ્વર–સંભાળું છું) "ન મે ભક્તઃ પ્રણશ્યતિ" (એટલે કે મારા ભક્તનો કદાપિ નાશ થતો નથી); "નહિ કર્હિચિત્મત્પરાશાન્તરૂપે નક્ષ્યન્તિ" (એટલે કે શાંતસ્વરૂપ એવા મારામાં પરાયણ ભક્તોનો નાશ કદાપિ થતો નથી): "તસ્મિન્પ્રસન્ને સકલાશિષાં પ્રભૌ" (એટલે કે પ્રભુ પ્રસન્ન થાય ત્યારે સફલ આશિષો): "તસ્મિન્સતુષ્ટે કિમપ્રાપ્યં કિમલભ્યં ભગવતિ" એટલે કે, એવા ભગવાન સંતુષ્ટ થાય ત્યારે કઇ વસ્તુ ભક્તને માટે અલભ્ય યા તો અપ્રાપ્ય–અસિદ્ધ–રહે ?)

આ વાકયો પ્રમાણે ભગવાન જ પોતાના ભકતોના સર્વ કાર્યોને પાર પાડવા જાગ્રત (એટલે સાવધાન–તૈયાર) હોય છે એથી સર્વ ભાવથી – એકાન્તભાવથી – ભગવાનની સેવા કરવી જોઇએ.

આવી સાચી વસ્તુસ્થિતિનો ન જાણનાર આવા લોકોના મનથી જ પ્રભુ પ્રત્યે અનાત્મ ભાવ–પારકાપણું લાગે ભાસે. ન હોય તો પણ આભાસ થાય–એવું બનવા સંભવ છે. આ કારણથી જ શ્રી આચાર્યચરણ આજ્ઞા કરે છે કે "ભાસતે" (એટલે કે આવો આભાસ થાય છે.) અથવા તો ભગવાનમાં આસકિતવાળા ભકતોને અતાદશ (તેના જેવા ન હોય એવા) શાસ્ત્રોમાં બાધકત્વ ભાસે.

તેથી કહે છે કે "ગૃહસ્થાનાં વગેરે" અહીં "ગૃહસ્થ" શબ્દથી ઘરમાં રહેતાં ભાર્યા, પુત્ર વગેરે સમજવાનાં છે. એમ હોય ત્યારે તેમનો વિજાતીય ભાવ રહેવાથી અને એ ભાવથી વિરુદ્ધભાવ પોતાનો હોવાથી પરસ્પર વિરોધીભાવને કારણે તેઓ પોતાના ભાવનો ભંગ કરે છે. એવી માન્યતાથી તેઓ અડચણરૂપ છે અને પોતાનાં નથી એવું (અનાત્મભાવ) ભાસે છે. એમ થાય ત્યારે, પોતાનો ભાવ તો ભગવાનમાં જ લાગેલો હોવાના કારણે તેમના તરફ અણગમો જાગે છે. આજ કારણને લીધે શ્રી આચાર્યજીએ કહ્યું છે કે "પુત્રે કૃષ્ણ-પ્રિયે રતિઃ (એટલે કે જે પુત્રને કૃષ્ણ પ્રિય હોય અથવા તો "કૃષ્ણપ્રિય" સમાસનો બીજો પણ અર્થ થઇ શકે છે કે જે પુત્ર શ્રીકૃષ્ણને પ્રિય હોય તે પુત્રમાં આપણને સ્નેહ હોય છે)

એવી જ રીતે શ્રુતિ વાકય છે કે "ન વારે પુત્રાણા કામાય પુત્રાઃ પ્રિયા ભવન્તિ કિન્તુ આત્મનઃ કામાદ્‌પુત્રાઃ પ્રિયા ભવન્તિ" (એટલે કે એવું નથી કે પુત્રોની ઇચ્છા માટે પુત્રો પ્રિય હોય છે–અથવા તો થાય છે. પરંતુ પોતાની ઇચ્છા માટે પુત્રો પ્રિય હોય છે–અથવા તો થાય છે. પરંતુ પોતાની ઇચ્છા માટે પુત્રો પ્રિય હોય છે અથવા તો થાય છે

આમ પોતાના સંબંધને લીધે પુત્રો પ્રિય લાગતા હોય છે તેથી તેઓમાં બાધકત્વ એટલે અડચણની ભાવના અસંભવિત છે. આ પ્રમાણે પ્રેમ તથા આસકિતનુ કાર્ય વર્ણવ્યા પછી વ્યસનનું કાર્ય જણાવતા કહે છે—

"યદાસ્યાત વ્યસનં કૃષ્ણ ..વગેરે" જ્યારે પરમ દુષ્પ્રાપ્ય અને અનુપમ તથા વર્ણવ્યા પ્રમાણેના ભાવવાળુ વ્યસન, સદાનંદ શ્રીકૃષ્ણમાં પ્રગટે ત્યારે જ ભકત કૃતાર્થ–કૃતકૃત્ય–થયો કહેવાય. કારણ કે એ પછી બીજું કંઇ પણ કરવાનું તેને માટે બાકી રહેતું નથી.

આ જ કારણથી શ્રીમદ્ ભાગવતમાં કહેવામાં આવ્યું છે કે વ્રજમાં વસતા લોકોનો શ્રીકૃષ્ણ પ્રત્યે એવો જ ભાવ-વ્યસન ભાવ- હતો. "તદર્થં વિનિવર્તિત સર્વ કામાઃ" (એટલે કે શ્રીકૃષ્ણને માટે જેમણે બીજી સર્થ કામનાઓનો-ઇચ્છાઓનો ત્યાગ કર્યો છે એવા) "સત્યજય સર્વ વિષયાંસ્તવપાદમૂલમ" (એટલે કે બીજા સર્વ વિષયોનો સંપૂર્ણપણે ત્યાગ કરીને આપના ચરણના આશ્રયે અમે-ગોપીજનો-આવેલાં છીએ) "ક્ષણં યુગશતમિવ" (એટલે કે આપના વિદહની એક ક્ષણ પણ અમને એક યુગ જેટલી લાંબી તથા અસહ્ય લાગે છે) "આ જ" કારણને લીધે આમ કહે છે કે એવા પ્રેમવાળા માટે પણ સતત શ્રીકૃષ્ણના સંગનો અભાવ તથા સતત સેવાના અભાવને લીધે તથા સત્સંગ વગેરેના અભાવને કારણે ગૃહમાં રહેવાથી ભાવનો વિનાશ થાય છે. ૫ા

આ પ્રમાણે ગૃહાદિથી ભકતના ભગવાન પ્રત્યેના ભાવમાં-પ્રેમમાં-અન્તરાય (બાધા) થાય છે એમ જાણીને (એટલે સમજીને) ગૃહાદિને છોડીને ફલ મેળવવા પ્રયત્ન કરવો જોઇએ એમ કહે છે કે "ત્યાગં કૃત્વા... વગેરે વગેરે"

– ક્રમશ :

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧ ગો. વા. મણીબેન કેસરીયા રાજકોટના જયશ્રીકૃષ્ણ હ. ૫. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલના જયશ્રીકૃષ્ણ.

૨ ગો. વા. ૫. ભ. ગજરાબેન કેશવલાલ ડાણી હ. હસુબેન એસ. પરીખ મુંબઇના જય શ્રી કૃષ્ણ.

૩ મહાકારુણિક જગતગુરુ શ્રીમદ્‌વલ્લભાચાર્યજી પંચ શતાબ્દી મહોત્સવ સમિતિ-રાજકોટના સૌજન્યથી.

॥શ્રીવલ્લભ॥

ભકિત પોષણ

વિવેચક : **પ. ભ. શ્રી મથુરાદાસ જીવરાજભાઇ મહેતા**

"નમન"

નમન કર્યું નંદલાલને, સ્નેહે મન કર્મ વચને જેણે;
ધર્મ સાધન પૂર્ણ સહુ કર્યાં, નિશ્ચે જાણજો તેણે.
તેણે કર્યું હરિપદ અનુકૂળ, દુઃખપાપનું ટાળ્યું મૂળ;
દીન ભાવે કર્યું વંદન હરિને, તે જનની ગર્ભ ન આવે ફરીને.

સેવો શ્રીકૃષ્ણ કૃપાળ – (૨૮)

વિવેચન :– આગલી કડીમાં પ્રણામની વ્યાખ્યા આવી આમાં નમનનો મહત્ત્વ બતાવે છે કે નમન કેમ કરવું નમન કરતાં સ્નેહભાવનાં અને દીનતા હોય તો મન, ક્રમ, વચનથી એકાગ્ર ચિત્તથી નમન થાય.

જેવી રીતે સંગીત. – તેમાં નૃત્ય, તાલ, વાદ્ય, ત્રણેની એકાગ્રતા જરૂરી છે નહીં તો સંગીત ઓપે નહીં.

તેમજ સંયમ માટે – ધ્યાન કરવાવાળો, તેનું ધ્યાન અને ધ્યેય આ ત્રણે સાથ હોય તો સંયમ સિદ્ધ થાય છે. તેવી જ રીતે પ્રભુ સેવામાં પણ મન, ક્રમ, વચનની એકયતા જરૂરી છે તે સિવાય દીનતા પ્રાપ્ત ન થાય તેમ નમન કરવામાં પણ દીનતા અગત્યનું સ્થાન ધરે છે.

નહિ સાધન સંપત્યા હરિસ્તુષ્યતિ કસ્ય ચિત્ત
ભક્તાનાં દૈન્ય મેવૈકં હરિતોષણ સાધનમ્

જ્યાં સુધી અહંકાર અને સાધન બળ હોય ત્યાં સુધી દીનતા આવતી નથી નિઃસાધન થાય ત્યારે જ દીનતા આવે છે.

નમન કરવાથી તમામ સાધનો તેમાં આવી જાય છે કેમ કે નિઃસાધન બન્યા ત્યારે જ દીનતા આવી અને દીનતા તેજ સાધનરૂપ બની આમર્મ છે.

સર્વથી પહેલાં નમન – શ્રી મહાપ્રભુજીએ શ્રી યમુનાષ્ટક ગ્રંથ લખ્યો તેમાં સૌથી પહેલો શબ્દ "**નમામિ યમુના મહં**" હે શ્રી યમુનાજી હું આપને નમન કરું છું ત્યાર પછી ગ્રંથ આગળ લખ્યો.

વળી સુબોધિનિજીની રચના કરતાં નમામિ હૃદયે શેષે લીલા ક્ષીરાબ્ધીશાપનમ ત્યાં પણ પહેલાં જ નમન શબ્દનો પ્રયોગ કર્યો છે પછી આગળ લખ્યું છે.

ઢાઢી લીલાની શરૂઆત થાય ત્યારે સૌથી પહેલાં નમન જ થાય છે.

નમું શ્રી વલ્લભદેવજી નમું શ્રી વિઠ્ઠલનાથ ગુંસાંઇ
નમું શ્રી ગીરીધર ગોવિંદજી નમું શ્રી બાલકૃષ્ણ મનભાઇ
નમું શ્રી ગોકુલ નાથજી નમું શ્રી રઘુનાથ સદાઇ
નમું શ્રી યદુનાથજી નમું શ્રી ઘનશ્યામ મન ભાઈ.

ઢાઢી યશોગાન કરવા આવે છે ત્યારે દીનતા સહિત નમન કરે છે કે મારી શું શક્તિ કે હું આપનું યશોગાન કરી શકું હું તો આપને નમન કરીને યાચના કરું છું કે મને યશોગાન કરવાની શકિત આપો તે માટે શ્રી મહાપ્રભુજી, શ્રી ગુંસાંઇજી તથા સાતો લાલજીનાં પ્રત્યેકનાં નામ લઇને નમન કરે છે, નમન કરવાથી શું મળે તે આગળ જોઇએ.

નમે કહા ગુણ હોય નમે ભવ દુ:ખ કટે
નમે કહા ગુણ હોય નમે પુનરાવર્ત મિટે

તાત્પર્ય :– બે હાથ જોડીને નમન કરવા તે નમન કરવાથી શું થાય તે બતાવે છે કે નમન કરવાથી સંસારનું દુ:ખ મટે તેમજ નમન કરવાથી પુનરાવર્ત કહેતા સંસારમાં આવવા જવાનો ફેરો મટી જાય. જન્મો જન્મનું દુ:ખ દારિદ્રય નાશ પામે. આવાગમન મટે.

જે નમનથી ભગવાનથી ભગવાન પ્રસન્ન થાય તે નમન

ગીતા. અ. ૯ શ્લોક ૩૪

મન્મનો ભવ મદ્દભકતો મદ્યાજી માં નમસ્કુરુ
મામેવૈષ્યાસી યુકતૌમાત્માનં મત્પરાયણ:

અર્જુન પ્રતિ ભગવાને કહ્યું કે તું મારામાં મન વાળો થા મારો જ ભક્ત થા. મને જ પુજનારો થા મારા અંત:કરણને જોડીને મારામાં પરાયણ થયેલો તું મને જ પામીશ. તાત્પર્ય પ્રભુ પરાયણ બનવા સર્વ પ્રથમ દીનતાપૂર્વક હાથ જોડીને જ નમન કરાય છે.

રૂક્મિણીજીએ કાગળ લઇને બ્રાહ્મણને દ્વારિકા મોકલ્યો બ્રાહ્મણ તે સંદેશો લઇને આવ્યો જ્યારે રૂક્ષ્મણીજીયે પોતાનું કાર્ય સિદ્ધ થયું જાણ્યું ત્યારે તે બ્રાહ્મણનાં હૃદયમાં બિરાજતા પ્રભુને નમન કર્યું.

આ નમનની ભેટ તે સર્વાધિક ભેટ સમજીને જ આપી હતી. વૈષ્ણવો પરસ્પર કહેતા હોય છે કે આપણી પાસે કયું એવું સાધન છે ? ફક્ત બે હાથ ને ત્રીજું માથું. બે હાથ જોડી જય શ્રીકૃષ્ણ કરવાને માથાથી નમન કરવું. વાસ્તવિકમાં આ સાધન સર્વ શ્રેષ્ઠ છે.

કૃષ્ણ દાસજી એ પદ ગાયું છે કે,

નમો શ્રી વલ્લભાધીશ સ્વામી અખંડ અવતાર જગ ધાણુ લીલા કરી

આ પદમાં શ્રી મહાપ્રભુજીનાં ઐશ્વર્ય ગુણોનું ગાન કર્યું છે તેમાં સૌથી પહેલાં જ નમન કર્યું છે.

"નમન નમન મેં ફેર હે બહુત નમે નાદાન"

થોડી વિચારવા જેવી વસ્તુ છે પ્રેમપુર્વક નમન તે તો સાચું પણ પાખંડીની જાળમાં ન ફસાવું. તે માટે જુઓ દૃષ્ટાંત મામો શકુનિ સૌથી મીઠું બોલતો ભગવાન વાસુદેવને પણ નમન કરતો પરંતુ તે તેનું પાખંડ જ હતું આવા પાખંડિનો પ્રભુએ આખરમાં નાશ જ કર્યો. શકુનિ કૌરવની સાથે રહ્યો અને તેનાં કુળનું નિકંદન નિકળી જાય તેવી જ ઉલટી સલાહ દેતો. દુર્યોધન કે ધૃતરાષ્ટ્ર તેની ચાલને કોઇ સમજી ન શકયા. માટે દગાબાજ નમન કરે તેનાથી ચેતવું.

જે નમનથી ભગવાન રીઝે તે જ ખરું નમન.
માટે જ કવિ શ્રી કહે છે કે સેવો શ્રીકૃષ્ણ કૃપાળ. ૨૯

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય ઈચ્છારામ ભટ્ટના

આંતર ઉદ્‌ગારો

૪૨. પ્રભુ સૌ સારું જ કરે છે

દુધને ગમે તેટલું ઉનું કરો, પણ જેમ જેમ ઉનું થાય તેમ તેમ સ્વાદિષ્ટ થાય છે, તેમ ભગવદીયને બહુ બહુ વીલા પડે, તાવે, છોકરો સારો હોય તો તેનો નાશ કરે, સ્ત્રી સારી હોય તો તેનો નાશ કરે, ઘરનો નાશ કરે, દુઃખ પાડ પાડ કરે, પણ પ્રપંચમાંથી નીકળે ને એક પ્રભુમાં જ ચિત્ત રહે, તથા દુઃખ પડે, તેમ તેમ પ્રભુ ઉપર પ્રસન્ન રહે, અને મનમાં માને કે પ્રભુ મારૂ સારું જ કરે છે, પ્રભુ મારું ભુંડું ન કરે, એવો વિશ્વાસ રાખે, તો જેમ દુધને ઉકાળો દે, તેમ પ્રભુ સારી રીતે આરોગે છે. તેમ આ જીવને દુઃખ આપે, તેમ છતાં પ્રસન્ન રહે ત્યારે સર્વનો અંગીકાર કરે છે. વળી તે દુધને અધર કે માંહે અધર કણ પડે ત્યારે તેનું દહીં થાય, તે દહીંને સામાસામી વલોવે ત્યારે દહીંના ફોદે ફોદા નીકળી ત્યારે તેનું રૂપ મટીને કેવળ છાશ થાય, માંહેથી માખણ નીકળે, તે પ્રભુને ઘણું જ રૂચે. માખણ રસનું સ્વરૂપ છે, તથા સ્નેહરૂપ છે, તેમ આજના ભગવદીયોને પણ પ્રભુ પરીક્ષાર્થે પીંજી નાખે, ને વળી અનેક પ્રકારનાં રોગ કરે, તાવ, મરડો, માથું દુઃખે નાના પ્રકારના રોગ થાય પણ પ્રભુજી તેવાને તેવા જ વહાલા લાગે, ત્યારે અહીં પ્રભુ જેમ માખણ આરોગે છે, તેમ તે ભગવદીયનો પણ અંગીકાર સાક્ષાત્ કરે છે, પછી તેને કદી મૂકે જ નહિ.

શ્રી યમુનાજીના પદ

રચયિતા : મહાકવિ શ્રી વલ્લભદાસ શર્મા, દેવરી.

ભાવાર્થ-લેખક **'માધુરી'** રાજકોટ

પદ-૩૦

સુનિયત કરુણા સુધામઇ,
જે જે શરણ કહત ધોખેં હૂ તિનિકોં અભય દઇ. ૧

કોટિ કોટિ બ્રહ્માંડનિ ડંકા કૃપા સુધી કી સાખિ;
ગાવત નિગમ નેતિ મુનિ મહિમા હરિ પ્યારી સો રાખિ. ૨

તેરે શરણ છત્ર છાયાતર આઇ અનિષ્ટ સતાવત;
યહ વિપરીતિ દશા સુનિ દેખત સંત સહમિ દુખ પાવત. ૩

અબ બલિ બિરદ હેરિ હરિ પ્રિયા કૌતુક કરિ દુખટારિ;
શરણાગત "વલ્લભ" કી રવિજા હા હા લેહૂ સુધારિ. ૪

ભાવાર્થ : આ પદમાં કવિશ્રી હા, હા, ખાયને પુકાર કરે છે કે શરણાંગત છું મારી બાજી સુધારી લો. આપનો યશ, આપની દયા, તેનું ગાન નિગમ (વેદ) કહે છે કે અનંત બ્રહ્માંડમાં વિખ્યાત છે, ડંકો વગાડીને મહિમાનું ગાન કરે છે. કોઈ અણજાણે પણ આપને શરણે આવે છે તેને પણ અભય આપો છો, પરંતુ મને કાંઇક એવું દેખાય છે કે હું તો આપને શરણાં, છત્રછાયામાં, રહેવાવાળો છું. મને હજુ અનિષ્ટ કેમ સતાવે છે ? એક કોરથી અગણિત કૃપા સંભળાય છે, ત્યારે મારા જેવા ઉપર કૃપા આપની વરસી નહીં, આ વિપરીત દશા જોઇને દુ:ખી થાઉં છું. હવે તો આપનો બિરદ વિચારી, હે કૃષ્ણા ! કૃષ્ણ પ્રિયા ! રવિ સુતા ! હું હા, હા ખાયને કહું છું કે હું આપની શરણે છું, મારી બાજી સુધારી લો. ૩૦

આ માસના ઉત્સવ

શ્રાવણ વદ ૧૧ તા. ૮-૯-૯૬ રવિવાર અજા એકાદશી વ્રત, ગો. ચિ. કન્હૈયાલાલજી બાવાશ્રી (વીરમગામ)નો જન્મદિન.

શ્રાવણ વદ ૧૨ તા. ૯-૯-૯૬ સોમવાર. શ્રી રણછોડજી (ડાકોર)ના પલના વિજય; ગો. ચિ. શ્રી હરિરાયજી બાવાશ્રી (કોટા)નો જન્મદિન.

શ્રાવણ વદ ૧૩ તા. ૧૦-૯-૯૬ મંગળવાર. દ્વાપર યુગાદિ તિથિ, ગો. શ્રી રાકેશકુમાર મહારાજશ્રી (બોરીવલી)નો જન્મદિન.

શ્રાવણ વદ ૧૪ તા. ૧૧–૯–૯૬ બુધવાર. શ્રી કાકા વલ્લભજીનો ઉત્સવ (સં. ૧૭૦૩) તથા લાલાલહેરી શ્રી ગોપાલજીનો ઉત્સવ (સં. ૧૯૧૦).

ભાદરવા સુદ ૧ તા. ૧૩–૯–૯૬ શુક્રવાર ગો. શ્રી નવનીતલાલજી મહારાજ (કામવન-જન્મદિન.

ભાદરવા સુદ ૨ તા. ૧૪–૯–૯૬ શનિવાર. શ્રી રાધાષ્ટમી વધાઇ, ચંદ્ર દર્શન.

ભાદરવા સુદ ૩ તા. ૧૬–૯–૯૬ સોમવાર. હરિતાલિકા, હરિયાળી, કેવડાત્રીજ, ગણેશ ચતુર્થી.

ભાદરવા સુદ ૪ તા. ૧૭–૯–૯૬ મંગળવાર. ગો. શ્રી રત્નેશકુમારજી (કાંકરોલી–મથુરા-વડોદરા)નો જન્મદિન, ઋષિ. પંચમી.

ભાદરવા સુદ ૫ તા. ૧૮–૯–૯૬ બુધવાર. દ્વિતીય સ્વરૂપ શ્રી ચંદ્રાવલીજીનો ઉત્સવ.

ભાદરવા સુદ ૬ તા. ૧૯–૯–૯૬ ગુરુવાર સપ્તમીનો ક્ષય છે, ગો. શ્રી યોગેશકુમારજી (સુરત–વડોદરા)નો જન્મદિન, સપ્તમીનો ક્ષય હોવાથી પુ. પા. ગો. શ્રી ૧૦૮ શ્રી વ્રજરત્નલાલજી મહારાજશ્રી (સુરત)નો ઉત્સવ, ૧૦૦ વર્ષ પુર્ણ થઈ ૧૦૧ માં વર્ષમાં પ્રવેશ, (શતાબ્દિ મહોત્સવ) સમાપન, (આ જન્મ દિવસ સુરતના ઘરમાં રાધાષ્ટમીએ ઉજવાય છે).

ભાદરવા સુદ ૮ તા. ૨૦–૯–૯૬ શુક્રવાર. રાધાષ્ટમી, ગો. શ્રી વ્રજજીવનજી મહારાજ (મુંબઇ–કાંદીવલી–અમરેલી)નો જન્મદિન.

ભાદરવા સુદ ૯ તા. ૨૧–૯–૯૬ શનિવાર, શ્રીમદ ભાગવત સપ્તાહ પ્રારંભ.

ભાદરવા સુદ ૧૦ તા. ૨૨–૯–૯૬ રવિવાર, નવ નાગરીના પદ બોલાય, વર્ષાઋતુ પુરી થઇ.

ભાદરવા સુદ ૧૧ તા. ૨૩–૯–૯૬ સોમવાર, પરિવર્તિની દાન એકાદશી વ્રત, નવલક્ષ ગ્રંથ કર્તા લેખવાળા–દશ દિગંત વિજયી, ગો. શ્રી પુરુષોત્તમજી (વિ. સં. ૧૭૧૪)નો ઉત્સવ, દાનના પદ આજથી ભાદરવા વદ ૧૧ સુધી ગવાય છે, શ્રીકૃષ્ણચંદ્રજીનો પ્રભાસક્ષેત્રમાં દેહોત્સર્ગ, શરદઋતુની શરૂઆત થઇ કારતક સુદ ૧૦ સુધી, વામનજયંતી વ્રત.

ભાદરવા સુદ ૧૪ તા. ૨૬–૯–૯૬ ગુરુવાર, અનંત ચતુર્થી, ગો. શ્રી શિશિરકુમારજી બાવાશ્રી (કાંદીવલી)નો જન્મદિન.

ભાદરવા સુદ ૧૫ તા. ૨૭–૯–૯૬ શુક્રવાર, પુર્ણિમા, શ્રીમદ ભાગવત સપ્તાહ સમાપ્તિ, સાંઝીનો પ્રારંભ આજથી અમાસ સુધી, સાંઝીના પદ બોલાય, શ્રાદ્ધ મહાલયનો પ્રારંભ, ખગ્રાસ ચંદ્રગ્રહણ, (ભારતમાં નહીં દેખાય), શ્રી બાલમુકુન્દજીનો પાટોત્સવ, લાડુબેટીજી મંદિર

મુંબઈ તથા શ્રી મુકુંદરાયજી (કાશી)નો પાટોત્સવ, (પડવાનો ક્ષય હોવાથી આજે). આજથી મુરલીના પદ વિજયાદશમી સુધી બોલાય.

ભાદરવા વદ ૪ તા. ૩૦–૯–૯૬ સોમવાર, ગો. શ્રી ચંદ્રગોપાલજી મહોદય (સુરત–વડોદરા)નો જન્મદિન.

ભાદરવા વદ ૫ તા. ૧–૧૦–૯૬ મંગળવાર, શ્રી હરિરાયજી (૪૧ શિક્ષાપત્રવાળા)નો ઉત્સવ (સં. ૧૬૪૭).

ભાદરવા વદ ૮ તા. ૪–૧૦–૯૬ શુક્રવાર, શ્રી મહાપ્રભુજીના જયેષ્ઠ પુત્ર શ્રી ગોપીનાથજીના લાલજી શ્રી પુરુષોત્તમજીનો પ્રાકટ્ય ઉત્સવ (સં. ૧૫૮૭).

ભાદરવા વદ ૯ તા. ૬–૧૦–૯૬ રવિવાર, ગો. શ્રી વ્રજેશકુમારજી મહારાજ (કડી–અમદાવાદ)નો જન્મદિન.

॥ શ્રી હરિઃ ॥

કાવ્ય–કુંજ

પુષ્ટિ જીવ

[સોનેટ વસંતતિલકા]

એવાં કર્યાં અતિસહે, અપરાધ જીવે,
એથી પડયો અલગ આ, જીવ કૃષ્ણજી છે,
પામ્યો અહીં અવનિમાં, અવતાર હોતો,
ભુલી પ્રભુ ભટકતો, નિજ ધ્યેય ભુલ્યો.
કિંતુ થતાં ઉદિત સંચિત પુણ્ય તેનાં,
પામ્યો અહીં સદગુરૂ નિજ પુષ્ટિ કેરા,
અષ્ટાક્ષરે પરમ બ્રહ્મ સંબંધ આપ્યો,
શ્રી કૃષ્ણનાં શરણમાં, જીવ એજ સ્થાપ્યો.
લૈ ગદ્યમંત્ર જીવ આ નિજનું ગણ્યું જે,
સોંપી ફરી ચરણમાં હરિનાં બધું તે,
સેવા સદા સ્મરણને સતસંગમાં એ,
સાક્ષીરૂપે જીવન તો નિજનું જીવે છે.
પામી બ્રહ્મસંબંધ તેલીન રહે, શ્રીકૃષ્ણમાં સર્વદા,
જેણે રાસ મહીં '**કુસુમાયુધ**' નો ત્યાં ગર્વ તોડયો મહા.

જયંત જી. ગાંધી 'કુસુમાયુધ' જુનાગઢ

॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

વ્રજલીલાનાં પદો

રચયિતા : **શ્રી પ્રવીણચંદ્ર એમ. દેસાઈ (ચરણદાસ)** બી. ઇ. (સીવીલ) **બીરપુર**

–ગતાંકથી ચલુ

૧૫. જાવ ધામ લીલા રાગ – કાન્હરો / સારંગ

જાવ મેં નટખટ લીલા કરી,
પાડર વનમેં, નટ લીલા સી, મનાવન રાધે લલી. ૧

લીલા લલિત નટ કુંડ નિરખી, સિરપાવમેં ઓઢની દઇ,
ખેલ કરત ચીર, અંગે ધારી, ભેદ મરમ જાન લઇ. ૨

સબ સખિયન, વિહ્વલ ભઇ, જાવ જાવ મુખસે કહી,
'ચરનદાસ' ગોપીજન વલ્લભ, પ્રેમલ રસસે ભરી. ૩

પાડરવન – શ્રી ઠાકોરજીએ નટનું રૂપ લઇ, પાડા ઉપર બેસી, પાડરવનમાં નટની માફક લીલા કરી છે, પછી નટ કુંડ ઉપર આવી જ લીલા કરવા પધાર્યા.

નટ કુંડ – શ્રી સ્વામિનિજી દુરથી નટ લીલાનો અવાજ સાંભળી નટ કુંડ ઉપર પધાર્યા અને નટ રૂપે શ્રી ઠાકોરજીએ તેમને નીરખી, ત્યાં તેમને મનાવવા આનંદિત કરવા ફરી સુંદર નટ લીલા કરી.

ઓઢની – સુમધુર નટ લીલાને નીરખીને શ્રી સ્વામિનીજીએ અતિશય આનંદ અનુભવ્યો અને પ્રશંસા રૂપે સરપાવ–ઇનામમાં પોતાની પ્રિય ઓઢણી ભેટ ધરી.

ચીર અંગે ધારી – શ્રી ઠાકોરજીએ શ્રી સ્વામિનીજીએ ભેટમાં આપેલ સુંદર ઓઢણી આપના અંગે ઓઢી અને નટ લીલામાં નટણી રૂપે અનુપમ ખેલ દર્શાવ્યો અને આપ નટણી બની નૃત્ય કરવા લાગ્યા અને નૃત્ય કરતાં કરતાં શ્રી સ્વામિનીજી પાસે સખી મંડળમાં પહોંચી ગયા. શ્રી રાધાજીના સખી મંડળમાં તેમની આસપાસ કોઇ પણ પુરુષને આવવાની રજા ન હતી. પણ પ્રભુ ઓળખાય નહીં તે રીતે સુંદર નટણીની અદાથી તેમની નજીક પહોંચી ગયા અને 'નટલીલા' ત્યાં ચાલુ રાખી.

જાવ જાવ મુખસે કહ્યો – નૃત્યમાં મગ્ન થઈ ગયેલા નટણી રૂપ ધરી પધારેલા શ્રી ઠાકોરજીનો ભેદ, વેશ પલટાનો પરખાઇ ગયો. એટલે આસપાસ નટ લીલા જોવા પધારેલી સખી મંડળની સખીઓએ આ તો ચાલાક નટ છે, નટણી નથી, આપણા શ્રી શ્યામ સુંદર છે. બીજા કોઇ નથી. આમ કહી, સખી મંડળમાંથી ચાલ્યા જાવ કહી શોર મચાવ્યો. તેથી આ ગામનું નામ જાંવ પડયું છે. આ લીલા થકી શ્રી ઠાકોરજીએ શ્રી સ્વામિનીજીએ અતિ સુખ આપી પ્રેમરસથી ભરી દીધાં છે.

–ક્રમશઃ

કંઠાભરણમ્

પાથેય

ન ગૃહમિત્યાહુર્ગૃહિણી ગૃહમુચ્ય તે ।
ગૃહં તુ ગૃહિણીહીન મરણ્ય સદૃશં મતમ્ ॥

ઇંટો ચુનાથી ચણેલું ઘર એ ઘર કહેવાતું નથી, પણ ઘરમાં ગૃહિણી એ જ ઘર કહેવાય છે, ગૃહિણી વિનાનું ઘર એ તો વન જેવું મનાય છે.

કાર્યેષુદાસી, ભોજયેષુ માતા શયનેષુ રંભા ।
ધર્મેઽનુકુલા ક્ષમયા ધરિત્રી, ષાડગુણ્ય મેતદ્ધિ પતિવ્રતાનામ્ ॥

પુરૂષનાં બધાં કાર્યોમાં મંત્રી થવું સલાહ આપવી, સેવાના કાર્યોમાં દાસી યવું, ભોજન કરાવવા સમયે માતા બનવું, શયનમાં રંભાસમાન આચરવું, ધર્મ કાર્યોમાં અનુકુળ રહેવું અને ક્ષમા કે સહનશીલતામાં પૃથ્થી સમાન હોવું, આ છ ગુંણો પતિવ્રતા સ્ત્રીઓમાં સહજ દેખાય છે.

સંપૂર્ણ કુમ્ભો ન કરોતિ શબ્દ ધર્મો ઘટો ઘોષમુજપૈતિ નૂનમ્ન ।
વિદ્વાન્ કુલીનો ન કરોતિ ગર્વ ગુણૈર્વિહીના બહુ જલ્પયન્તિ ॥

સંપુર્ણ ભરેલો ઘડો અવાજ કરતો નથી, પણ અર્ધો ભરેલો ઘડો અવાજ કરે છે, તેજ પ્રમાણે ઉત્તમ કુલમાં જન્મેલો વિદ્વાન ગર્વ કરતો નથી, જયારે ગુણોથી રહિત કુલહીન જનો ઘણા બકવાદો કરે છે.

વિદ્યા વિવાદાય ધનં ,મદાય શકિતઃ પરેષાં પરિ પીડનાય ।
ખલસ્ય સાધોર્વિપરીતમેતજ જ્ઞાનાય દાનાય ચ રક્ષણાય ॥

દુર્જનની વિદ્યા વિવાદ માટે હોય છે, જ્યારે સજ્જનની વિદ્યા જ્ઞાન માટે હોય છે, તેમજ દુર્જનનું ધન ગર્વ માટે હોય છે. જ્યારે સજ્જનનું તેન દાન માટે હોય છે, દુર્જનની શકિત બીજાઓને અતિશય પીડવા માટે હોય છે, જ્યારે સજ્જનની શકિત બીજાઓનું રક્ષણ કરવા માટે હોષ છે, એમ દુર્જન તથા સજ્જનમાં એક જ વસ્તુ વિપરીત રૂપે હોય છે.

દાનં ભોગો નાશસ્તિસ્રો ગતયો ભવન્તિ વિત્તસ્ય ।
યોનદદાતિ ન ભુંકતે તસ્ય તૃતીયા ગતિર્ભવતિ ॥

ધનની દાન, ભોગ અને નાશ એ ત્રણ ગતિ હોય છે જે આપતો નથી અને ભોગવતો યે નથી તેના (ધનની) ત્રીજી ગતિ થાય છે,

પાર્થ નૈવેહ નામુત્ર વિનાશસ્તસ્ય વિદ્યતે ।
નહિ કલ્યાણ કૃત્કશ્ચિદ્ દુર્ગતિં તાત ગચ્છતિ ॥

હે તાત ! કલ્યાણ (પરોપકાક) કરનાર કદી દુર્ગતિ પામતો જ નથી. હે અર્જુન ! આ લોકમાં તેમજ પરલોકમાં તેનો વિનાશ થતો જ નથી.

માતૃવત્ પરદારેષુ પરદ્રવ્યેષુ લોષ્ટવત્ ।
આત્મવત્ સર્વ ભુતેષુ યઃ પશ્યતિ સ પશ્યતિ ॥

પરસ્ત્રીને માતાની સમાન, પારકા દ્રવ્યને માટીના ઢેફા સમાન અને સર્વ પ્રાણીઓને પોતાની સમાન જે જુએ છે, તે જ ખરેખર જુએ છે.

('કંઠા ભરણમ્" કેસેટ પુસ્તિકામાંથી શ્રી પરિવારના સૌજન્યથી)

માનવ–ધર્મ

(મનુષ્ય કે દશ ધર્મ)

સંપાદક :- **શ્રી હનુમાનપ્રસાદ પોદાર**
ભાષાંતર :- **ડૉ. ચુનીલાલ રવજી, બાલધા, આંખના સર્જન, રાજકોટ.**

(ગતાંકથી)

૨. ક્ષમા

બીજા દ્વારા આપણું કોઇ અનિષ્ટ થતુ જોઇને સૌ પ્રથમ એ વાતનો વિચાર કરવો જોઇએ કે ખરેખર એમાં આપણું કોઇ નુકશાન છે કે નહીં. ઘણી વખત મનુષ્ય ક્રોધ કે દ્વેષના આવેશમાં આ વાતનો નિર્ણય જાતે ન કરી શકે. આવી સ્થિતિમાં તેણે આસપાસના કોઈ સત્પુરૂષ (જેના પર શ્રદ્ધા હોય) પાસે જઇ તેમને પુછે કે અમુક મનુષ્યના અમુક કાર્યથી ખરેખર કોઇ નુકશાન છે કે નહીં ? સત્પુરુષની રાગ–દ્વેષ રહિત બુદ્ધિથી સુંદર નિર્ણય થાય છે. જો તે એમ કહી દે કે તેમાં તમારું કોઇ નુકશાન નથી. ત્યારે તો ક્રોધ કરવાવું કોઇ કારણ જ નથી રહી જાતું. કદાચ તેમના વિવેકથી પણ એ સાબિત થઇ જાય કે તે કાર્યથી ખરેખર આપણને નુકશાન થશે તો તેનું કારણ શોધવું જોઇએ. કારણ વગર કાર્ય નથી થતું. આ સિદ્ધાંત છે, તો પછી તેણે આપણું નુકશાન કેમ કર્યું ? શું આપણે કયારેય તેને જાણી જોઇને નુકશાન પહોંચાડયું હતું કે કયારેય તેને માટે અનિષ્ટ–કામના કરી હતી ? જો કયારેય આવું નથી કર્યું તો આપણાથી કોઈ એવી ભૂલ થઇ હતી, જેનાથી તેને નુકશાન પહોંચ્યું હોય ? જો કયારેય આવું થયું હોય તો તે શું ખરાબ કરે છે ? શું આપણને નુકશાન કરનાર માટે આપણા મનમાં કયારેય બદલાનો ભાવ નથી આવતો ? જો આવે છે તો આપણને શું અધિકાર છે કે આપણે આપણા જેવા જ એક મનુષ્યના હૃદયમાં આપણા જેવા જ ભાવ ઉત્પન્ન થતા જેનું ખરાબ ઇચ્છયું કે કર્યું ? આપણે આપણી ભૂલ માટે પશ્ચાતાપ કરવો

જોઇએ અને શુદ્ધ તથા સરળ ચિત્તથી વિનયપૂર્વક તેની ક્ષમા માગવી જોઇએ. વારંવાર ક્ષમા માગવાથી એ સંભવ નથી કે તે આપણને ક્ષમા ન કરે, આવી અવસ્થામાં અભિમાન અને ખોટી જીદ તથા અકડાઈ છોડીને ક્ષમા પ્રાર્થના કરવી જોઇએ.

જો સારી રીતે આત્મનિરીક્ષણ કરવા છતાં પણ આપણે કોઇ પણ દોષ ન દેખાય તો ધીરજપૂર્વક એ જોવું જોઇએ કે એ મનુષ્યે તે કાર્ય કઇ પરિસ્થિતિમાં કર્યું તેની દાનત આપણને નુકશાન પહોંચાડવાની હતી કે કોઇ પરિસ્થિતિમાં પડી જતા મજબુર થઇને તેણે આવું કરવું પડયું છે. જો આપણે તેના જેવી પરિસ્થિતિમાં હોત તો શું કરત ? આ પરિક્ષણથી એ સિદ્ધ થઇ જાય કે તેણે ખરાબ દાનતથી કામ નથી કર્યું. પરિસ્થિતિ જ આ કાર્યનું કારણ છે, તો પછી આપણને કોઇ અધિકાર નથી રહેતો કે આપણે તેના પર ક્રોધ કરીએ ?

કદાચ એ સિદ્ધ થાય કે તેણે જાણી જોઇએ આપણને નુકશાન પહોંચાડવા માટે જ આવું કર્યું છે તો તેનાથી એ નિશ્ચિત થાય છે કે તે ભ્રમમાં છે. જો મનુષ્ય કોઇ બીજાનું નુકશાન કરવા ઇચ્છે છે, તે જાતે પોતાનું જ નુકશાન કરે છે. તે ભ્રમમાં પડેલ છે, પાગલ છે, ભૂલો પડેલ કે પાગલ સર્વથા ક્ષમાને પાત્ર હોય છે. તેના પર આપણને ક્રોધ કરવાનો શું અધિકાર છે ? જો આપણે તેના પર ક્રોધ કરીએ તો આપણે આપણું જ નુકશાન નથી કરતા, પરંતુ આખા જગતનું નુકશાન પહોંચાડીએ છીએ, કારણ કે આપણે પણ આ વિશ્વશરીરનું એક અંગ છીએ જો એક અંગ ઝેરથી દૂષિત થાય તો આખા શરીર પર તેનો પ્રભાવ પડે છે અને ધીરે ધીરે આખું શરીર ઝેરથી ભરાઇ જાય છે. એવી સ્થિતિમાં આપણા તેના અને જગતભરના મંગળ માટે આપણો અપકાર કરનાર પર ક્ષમા કરવી એ જ સર્વોત્તમ સાધન છે. જો માનવ સમાજ આ સિદ્ધાંતનો સ્વીકાર કરી લે અને તે અનુસાર વર્તન કરવા લાગે, જો પરસ્પર લોકો એક બીજા તરફ ક્રોધ કે બદલાના ઇરાદાથી કામ લેતા પહેલા આ રીતે વિચાર કરે તો જગત મોટા મોટા અનર્થોથી બચી શકે છે. તો પછી જગતમાં શાંતિ સ્થાપવા માટે જીનીવામાં આંતરરાષ્ટ્રીય મહાસંમેલનનો ખેલ કરવાની કે નિઃશસ્ત્રીકરણના દંભયુક્ત પ્રસ્તાવોની આવશ્યકતા રહેતી નથી. જનનાશક શસ્ત્રો અને વિનાશકારી જડવિજ્ઞાનનો ઉપયોગ આપોઆપ ઓછો થઈ હકે છે.

આ વિવેચનથી કોઇએ ભ્રમમાં ન પડી જાય કે હું કાયરતાને જ ક્ષમા કહું છું, કે વીરતાની આવશ્યકતા નથી. એ હંમેશા યાદ રાખવું જોઇએ કે ક્ષમા બળવાન અને વીરોનો ધર્મ છે. કમજોર અને બાયલાઓનો નહીં. જે જરાક અવાજ સાંભળતા જ કાંપી ઉઠે છે, એક ઘુસ્તા કે લાઠીના ભયથી ભાગીને ઘરમાં ઘુસી જાય છે કે સ્ત્રીનો વેશ સજીને ભાગી નીકળે છે તે બિચારા શું ક્ષમા કરી શકે ? તેમનું હૃદય તો હંમેશા બદલાની આગમાં બળતું રહે છે. આવા લોકો ક્ષમ:નો મર્મ કયારેય નહીં સમજે.

ક્ષમા એ કરી શકે છે કે જે બળ–વીર્યયુક્ત છે અને જે અપરાધીને દંડ દેવામાં સર્વથા સમર્થ છે. દિલ જલે છે, મનોમન શાપ આપે છે, પરંતુ ઘર બહાર નીકળવાનું સાહસ નથી. કામ પડતા સભાઓમાં કહેવાય છે કે અમે ક્ષમા કરી દીધું. આ તો ક્ષમાની મશ્કરી છે. ક્ષમા કરી હતી પોતાના પુત્રોને મારનાર તપસ્વી વિશ્વામિત્ર પર મહર્ષિ વશિષ્ઠજીએ, જે બધા પ્રકારના દંડ આપવા સમર્થ હતા. પરંતુ તેઓ આ વાતને જાણતા હતા કે મારું, વિશ્વામિત્રનું અને સાથેસાથ સમસ્ત જગતનું શુભ ક્ષમા કરવામાં જ છે. જો વશિષ્ઠ મહારાજ કદાચ વિશ્વામિત્રથી બદલો લેવા ઇચ્છત અને બંને તરફથી પોતપોતાના તપનો ઉપયોગ થાત તો ખબર નહીં જગતની શું સ્થિતિ હોત ?

–ક્રમશઃ

શ્રી હરિરાય મહાપ્રભુ પ્રકટિત સહસ્ત્ર શ્લોકી સેવા ભાવના

હિન્દીમાં પદ્ય રચના

રચયિતા :- **પ. ભ. રૂપચન્દ ખંડેલવાલ 'ભૂપ' જબલપુર**

–ગતાંકથી ચાલુ

ઇનિ સ્વામિનિ વચનામૃતન, સોં સિંચો હિય જાસું ।
ભાવ રુપ ગોકલેશ્વર, પ્રકટે સન્મુખ તાસુ ॥ ૪૬૦

જૈસે ઇક શરીર નિર્જીવા । હોવત પ્રિયતમ પાઇ સજીવા ॥
પ્રિયા પિયહિં લખિ તિમિ હસાઈ । ઉઠી સ્વામિની જુ ચેતાઇ ॥ ૪૬૧

હરિ કે સંગ રમણ અરુ ગાના । તિન સંગ બન બિચરણ મન માના ॥
ઐસે ભાવ અલૌકિક આયો । સકલ મનોરથ પુર્ણ કરીયે ॥
કથા સ્વામિની જુ કી યોં કરી । સખી જનન સંગ આનંદ ભરીભરી ॥
પિયકી રાહ દેખહીં સારી । સમય બિતાયો આનંદ ભારી ॥

પ્રભુ વનમાં ગોચારણ કરતા હતા, ત્યાં પોતાના ભકતના વિરહનું સ્મરણ થતાં ગાયોને સોંપીને નિકુંજમાં પધાર્યા. દરેક નિકુંજમાં જુદું જુદું રૂપ ધરી, પ્રવેશ કરીને સ્વરૂપાનંદનું દાન કર્યું. (શ્લોક ૪૬૪ થી ૪૭૨)

ગાયન અસ ગોપજન સમન્વિત । નૈનન સોં દેખેં બન હર્ષિત ॥
પ્રેમ મગન હો ગાય ચરાવેં । મુરલી મધુર સ્વરન બજાવે ॥ ૪૬૪
પુનિ ઉદ્દ બુદ્ધ રસન કે ભાવન । ભૌ ભરપુર પ્રિયામન ભાવન ॥
ભાવ ભાવના સ્વામિનીજી કી । કરન લગે અપને હિય નીકી ॥
અધિક ઘાસ વાલે જુ પ્રદેશન । ગોપાલ પઠયે ગાય ચરાવન ॥

સખિન સંગ સ્વામિની જુ જહવાં । ગયે આપ ઇકલે હી તહવાં ॥
સોં. સન્મુખ આવત જાન । ગોપી ઇક મધ્યસ્થ જો ॥
દુતી કાર્ય સુજાન । કિયો સ્પર્શ હરિ ચરણ ॥ ૪૬૫–૬૬
પુનિ ભગવાન સુની ગોપી કી । સારી બાત ભામતી જીકી ॥
આર્ત ગોપિ કે આરત બચના । આર્તિ સહિત કીને હરિશ્રવન ॥
આર્ત કથા સુનિ હૃદય દ્રવયો । આર્ત હૃદય હો હરિ દુખ પાયો ॥ ૪૬૭
તાસું સ્વરૂપ સુનહિં ઉત્કંઠિત । કરહિં અવસ્થા કો વિચાર ચિત ॥
કામ કેલિ કો દાન કરૈયા । લીલા સોં પરવશ બન જૈયા ॥
તિન સંગ કી ભાવના કરાહીં । અનુસંધાન રહિત હે જાહીં ॥
ભયે પ્રમત્ત ગિરહિં મારગ મેં । હસ્તકમલ સખી રખે પકરકેં ॥ ૪૬૮–૬૯
ઇહિ વિધિ કૃષ્ણ ચલત નિજ ચરનન । આયે નિકુંજ ભવનન દ્વારન ॥
સોં. પુનિ નિકુંજ અનુરુપ, પૃથક પૃથક નિજરૂપ ધરી ॥
લીલા કરહીં અનુપ, ઇક ઇક ભવન પધારી કૈં ॥ ૪૭૦
તહં પ્રભુનિજ ગોપીજન કાહીં । સ્વરૂપ આનંદ દાન કરા હીં ॥
લીલા કીન્હ નિકુંજન માહીં । શ્રુતિ વિધિ આદિ ન દેખ સકા હીં ॥ ૪૭૧
કહહિં મહાપ્રભુ શ્રી હરિરાઇ । મો મેં નહીં યોગ્યતા ભાઇ ॥
સુમિરન યા વર્ણન કર પાઉં । યાતેં અતિ સંછેપન ગાઉં ॥
જે સત્પુરૂષ અહૈં બડભાગી । શ્રી હરિચરણન કે અનુરાગી ॥
પ્રભુ કી કૃપા સોં હિ તિનકે મન । હોવેગો લીલાન કો સ્ફુરણ ॥ ૪૭૨

નિકુંજની બહાર જે સખિયો બેઠાં છે, તેઓ પ્રભુની નિકુંજની કથા કરતા સમય વ્યતીત કરે છે અને તેમને પણ પોતાના સંચિત ભાવથી સંગમનો અનુભવ થાય છે. તેનું દોઢ શ્લોકથી વર્ણન કરે છે અને જે ગોપી વ્રજમાં છે તે પણ પ્રભુના અનવસરની વનની લીલાનું ગાન કરતી વિરહની વ્યથા દુર કરે છે, તેને પણ અંતર રમણનો અનુભવ થાય છે તેનું વર્ણન કરે છે. (શ્લોક ૪૭૩ થી ૪૯૮)

નિકુંજ કે બાહર કી સખિયન । કરહિં નિકુંજ કથા કો વર્ણન ॥
તે સબઇન કથાન કે માહીં । સાદર અપનો સમય બિતાહીં ॥
બ્રજાધીશ સંગમ કે અનુભવ । નિજ સંચિત ભાવન સે સંભવ ॥ ૪૭૩
જે ગોપી રહં બ્રજ કે માહીં । હરિ વિયોગ તિન ગુણતે ગાહીં ॥ ૪૭૪
દો. વામ કપોલન વામકર, ધરિ હરિ ભ્રમર નચાહિં ॥
વેણુનાદ સુનિ સુરતિયનિ, મોહિત હો હો જાહિં ॥ ૪૭૫

(ક્રમશઃ)

પુસ્તક પરિચય

૧ સમર્પણનો સિધ્ધાન્ત :-

લેખક – ગો. શ્રી ચન્દ્રગોપાલજી મહોદય
પ્રકાશક – શ્રી વલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ
C/o "ખેતીવાડી" સિયાબાગ ચાર રસ્તા કોર્નર વડોદરા – ૩૯૦ ૦૦૧

"આચાર્ય શ્રી વલ્લભ" નિયમીત રીતે પ્રકાશિત માસિકના અંક–૪ જુલાઈ ૯૬ના અંકમાં શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કન્ધના બીજા અધ્યાયના ૩૬ શ્લોક પર શ્રીમદ વલ્લભાચાર્યજી દ્વારા સુબોધિનીજીમાં અપાયેલ વ્યાખ્યા સંસ્કૃતમાં તેના ગુજરાતી અનુવાદ સાથે વિવરણ છે.

તેના પરથી "સમર્પણનો સિદ્ધાન્ત" એ લેખમાં ગો. શ્રી ચંદ્રગોપાલજી મહોદયે આત્મનિવેદન–બ્રહ્મ સંબંધ તથા સમર્પણને સરળ ગુજરાતીમાં શ્રી મહાપ્રભુજી રચિત વિવિધ ગ્રંથોના આધાર લઈને સ્પષ્ટ રીતે સમજાવ્યા છે.

દરેક વૈષ્ણવે વાંચવા અને જીવનમાં ઉતારવા લાયક સામગ્રી સાથેનો સુંદર અંક,

૨. શ્રી વલ્લભકિશોર ગ્રંથાવલિ પુષ્પ– ૧, ૨, ૩
લેખક – કાન્તિ ર. ગાંધી
પ્રકાશક – કુંજબિહારી રમણલાલ તલાટી
૯/બી, બેંક બેંક ઓફ ઈન્ડીયા સોસાયટી
નારણપુરા, રેલ્વે ક્રોસીંગ પાસે, ઉસ્માનપુરા, અમદાવાદ–૩૮૦ ૦૧૩
ક્રમશ: દરેક સોળપેઈજી ક્રાઉન સાઈઝ, પાના ૪૦, આર્ટ પેપર પુઠું, પીન બાઈન્ડીંગ મુલ્ય રૂ. ૫/–

(૧) કૃપાસાગર શ્રી યમુનાજી (૨) નટખટ નંદ કિશોર (૩) દીનતા સાગર શ્રી હરિરાયજી, શ્રીવલ્લભ કિશોર ગ્રંથાવલિની આ ત્રણે પુસ્તિકાઓ ૧૦–૧૨ વર્ષના કિશોરો તેમજ બીજા વૈષ્ણવો પણ પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતો સરળતાથી સમજી શકે એ રીતે સરળ ગુજરાતીમાં લખાયા છે, સર્વે વૈષ્ણવોએ વાંચવા જેવા શુભ પ્રસંગે ભેટ આપવા લાયક તેમજ બાળકોને પણ હોંશે હોંશે વાંચવા ગમે તેવા આ ત્રણે પુસ્તિકાઓ બધાને જરુર પસંદ પડશે.

૩. પુષ્ટિ રંગ

લેખક – વીણા શેઠ
પ્રકાશક – આં.રા.પુ.વૈ. પરિષદ મહિલા શાખા
૨, શ્રીનાથ એપાર્ટમેન્ટ, જયંત પાર્ક, મણિનગર, અમદાવાદ–૩૮૦૦૦૮
આઠ પેઈઝ ડેમી સાઈઝ પાના ૬૮+૧૨=૮૦, કાચુ પુઠું, પીન બાઈન્ડીંગ, કિંમત રુ ૧૨/–

આ પુસ્તિકામાં નવ લેખો સમાવવામાં આવ્યા છે. જેમાં શ્રી વલ્લભાચાર્યજી તથા શ્રી વિઠ્ઠલનાથજી અને તેમની સાહિત્ય સેવા પર ૩ લેખ છે. પુષ્ટિ માર્ગીય કિર્તન પ્રણાલિ અને તેનો ઈતિહાસ તથા લોક

ગીતોમાં કૃષ્ણચરિત્ર સાથે લેખ ખાસ ધ્યાન ખેંચનારા છે. છેલ્લા ચાર લેખ ભકત કવિ શ્રી દયારામભાઈ તેમની કૃષ્ણભક્તિ અને શરણાગતિ, ગરબા, દીનતા, આશ્રયના પદો વિ. પર પ્રકાશ પાડે છે.

લેખિકા દ્વારા જુદા જુદા સમયે અપાયેલ પ્રવચન, લખાયેલ લેખોને ગ્રંથસ્થ કરવામાં આવ્યા છે. જે સુંદર રીતે, સરળ માહિતિ સભર રીતે લખાયેલા છે. વાંચવા તથા માણવાલાયક પુસ્તક.

૪. વર્ષોત્સવ પદ અને જન્માષ્ટમીના પદ

સંપાદક – શાહ રમેશચંદ્ર નાથાલાલ
પ્રકાશક – શ્રી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સમાજ, મર્સી વિલા, અશોકનગર રોડ,
કાંદીવલી (પુર્વ) મુંબઈ–૪૦૦૧૦૧
આઠ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૫૬, પીન બાઈન્ડીંગ, ન્યો. રુ. ૧૦/– પોસ્ટેજ રૂા. ૨/–

શ્રી પુષ્ટિમાર્ગીય પરિચય પુસ્તિકા ૭માં વર્ષોત્સવ પદ અને પુસ્તિકા નં. ૧૭માં જન્માષ્ટમીના પદ સંયુકત પ્રકાશન છે. તેમાં નં. ૭માં દશેરા. શરદ પુનમ, અન્નકુટ દેવ પ્રબોધિની, અક્ષયતૃતીયા, સ્નાન યાત્રા, રથયાત્રા પવિત્રા એકાદશી વગેરે ઉત્સવના પદ તથા શ્રી મહાપ્રભુ અને શ્રી ગુંસાંઈજીના વધાઈઓ છે. અને નં. ૧૭માં જન્માષ્ટમી–રાધાષ્ટમીની વધાઈ, પલના, ઢાઢીલીલાના પદો છે. જે પદો ઘર સેવામાં શ્રી ઠાકોરજી સન્મુખ ગાવામાં અને મનન માટે ઉપયોગી પુસ્તિકા.

સમાચાર સંચય

આં. પુ. વૈ. મહિલા શાખા મણીનગરની લોકોપયોગી પ્રવૃતિઓ

આં. પુ. વૈ. પરિષદ મણિનગર મહિલા શાખાના ઉપક્રમે નીટીંગ વર્ગો શરૂ કરવામાં આવ્યા છે. નીચેના સરનામે બહેનોએ સંપર્ક કરવો. ફોન નં. ૭૪૭૪૮૯૭ રંજનબેન પટેલ,

આં, પુ. વૈ. પરિષદ મ. શાખા કાર્યાલય ૨, શ્રીનાથ એપાર્ટમેન્ટ,
જયંત પાર્ક, મણિનગર અમદાવાદ–૮

સંસ્થા તરફથી મેરેજ બ્યુરોનું કામકાજ ચાલુ થઈ ગયું છે. યુવક–યુવતીઓના વાલીઓએ નીચેના સ્થળે સંપર્ક કરવો.

(૧) પરિષદ કાર્યાલય ઉપર મુજબ, મણિનગર
(૨) પ્રફુલ્લાબેન શાહ – ફોન ૬૫૬૦૬૭૯
૨, સંગેમરમર એપાર્ટમેન્ટ, 'વ્રજભૂમિ' સામે આંબાવાડી અમદાવાદ.

ઉ.પ્ર., પંજાબ, હરિયાણામાં શ્રી સર્વોત્તમ સ્તોત્ર સપ્તાહ–પ્રવચન રસપાન

કોટાવાળા નિ. લી. ગો. શ્રી પુરૂષોત્તમલાલજી મહારાજશ્રીના પૌત્ર પુ. પા. ગો. શ્રી દામોદરલાલજી (શ્રી વિજયકુમારજી) મહારાજશ્રી મુંબઈવાળા એ શ્રી મહાપ્રભુજીના અષ્ટોત્તર શત નામાવલી પર વિશદ

ભાવાત્મક-રસાત્મક વ્યાખ્યા પ્રવચન તથા આપશ્રીના વહુજી અ.સૌ.શ્રી રશ્મી 'કુમુદિની' વહુજીએ સરસ સુંદર મધુરતાથી પદગાન ધોળ ગીત ધુન વગેરેથી ભાગ્યવાન વૈષ્ણવોને રસતરબોળ કર્યા.

આપશ્રીના આવા સુંદર કાર્યક્રમો, અધિકમાસ દરમ્યાન લખની (ઉ.પ્ર.) કરનાલ, (હરીયાણા) તથા અમૃતસર અને રાજપુરા (પંજાબ)માં યોજાયા. આથી આ પ્રદેશના વૈષ્ણવોમાં નવિન ભાવલહરીનો સંચાર થયો.

દ્વારકેશધામ બાપુનગરમાં મફત નિદાન કેમ્પ યોજાયો

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ આયોજીત શ્રીમદ વલ્લભાચાર્ય ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા લાયન્સ કલબ ઓફ અમદાવાદ ઈસ્ટના સહયોગથી બાપુનગર અમદાવાદ ખાતે આવેલ શ્રી દ્વારકેશધામ હવેલીમાં એક મફત નિદાન કેમ્પનુ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડાયાબીટીસ તેમજ પથરીના ૧૦૪ દર્દીઓને સારવાર આપી એક માસની દવા વિનામુલ્યે આપવામાં આવી હતી.

આ કાર્યક્રમનુ દીપ પ્રકટાવી ઉદઘાટન અમદાવાદના વૈષ્ણવાચાર્ય પુ. પા ગો ૧૦૮ શ્રી યદુનાથજી મહોદયે કર્યું હતું.

આ પ્રસંગે અતિથિવિશેષપદેથી વૈષ્ણવ પરિષદના કેન્દ્રીય પ્રમુખશ્રી ઈન્દ્રકાન્તભાઈએ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું.

પ્રમુખ સ્થાનેથી પુ.પા.ગો. શ્રી યદુનાથ મહોદયે પોતાના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યુ હતુ કે વર્તમાન સમયમાં સંપ્રદાયના ઉત્થાન અને પ્રચાર માટે ભાવાત્મક આયોજનો સાથે રચનાત્મક આયોજનો વૈષ્ણવ પરિષદની બાપુનગર શાખા કાર્યક્રમો કરી રહી છે તે અન્ય શાખાઓ માટે અનુકરણિય છે.

લોદરા આયુર્વેદિક હોસ્પીટલના ડોકટરો દ્વારા આ નિદાન કેમ્પમાં વિના મુલ્યે સેવા આપવામાં આવી હતી. જયારે સમગ્ર આયોજનનુ સંચાલન વૈષ્ણવ પરિષદના કેન્દ્રીય સંગઠન મંત્રીશ્રી હસમુખ ખખ્ખર (રાજકોટ) દ્વારા કરવામાં આવ્યુ હતું.

આં. પુ. વૈષ્ણવ પરિષદ ખેડા જીલ્લામાં સ્ટીકર્સ અભિયાન

આં.પુ. વૈ. પરિષદ ગુજ. પ્રદેશના ઉપક્રમે પુ.પા.ગો. શ્રી વાગીશબાવાશ્રી તથા પુ પા. ગો. શ્રી દ્વારકેશ બાવાશ્રી ના.સાનિધ્યમાં ખેડા જીલ્લામાં શરૂ થયેલ 'પ્રેમ સે બોલો જયશ્રીકૃષ્ણ' સ્ટીકર્સ અભિયાન સમીક્ષા કાર્યક્રમ થયો.

જેમાં ખેડા જીલ્લાની દશ જેટલી પરિષદ શાખાના કાર્યકરોએ ભાગ લીધો. પ્રો. ગોપાલભાઈ શાહે, ખેડા જીલ્લાના લગભગ એકસો ગામોમાં સીતેર હજાર સ્ટીકર ચીપકાવી ત્રણથી ચાર લાખ વૈષ્ણવોનો સંપર્ક કર્યાની રજુઆત કરી. વૈ. પ.ના સહમંત્રી સી. પી. તલાટીએ શ્રી વલ્લભ વકતૃત્વ સ્પર્ધા-નિબંધ સ્પર્ધાની જાણકારી આપેલ. સંગઠન મંત્રી પ્રો. ચિમનભાઈ શેઠે પરિષદનો ઈતીહાસ અને આયોજનોની માહિતી આપેલ.

પુ.પા. બન્ને ગો. બાળકોએ આશિર્વચનોમાં પ્રેરક ઉદબોધન કરેલ.

આપના દેવી દ્રવ્યનો વિનિયોગ કરાવો.

આપણા સૌનું મહત્વનું તીર્થ સ્થળ શ્રીમદ ગોકુલમાં ગોકુલ વૈષ્ણવ ટ્રસ્ટના માધ્યમથી તેમજ પૂ. પા. ગો. શ્રી ચીમનલાલજી મહારાજ (શ્રી ગોકુલ)શ્રીના આશિર્વાદ અને પ્રેરણાથી "સેવા કુંજ" મકાન નિર્માણ કરી વૈષ્ણવો સુવિધાપુર્વક રહી શકે તે માટે તેમજ ત્યાં પ્રસાદ લેવાની વ્યવસ્થા હાલ ચાલુજ છે

ઉત્સવોના દિવસોમાં વૈષ્ણવ શમુહ વિશેષ સવાને કારણે આનંદથી વૈષ્ણવો રહી શકે તે હેતુથી ૧૬ ફ્લેટ બનાવવાનું આયોજન "ગોકુલ વૈષ્ણવ સેવા ટ્રસ્ટના ઉપક્રમે આયોજન વિચારેલ છે. જમીન પ્રાપ્ત થઈ ગઈ છે. બાંધકામ શરૂ કરવાનું છે. રૂા. ૧,૦૦,૦૦૦/– એક લાખ આપી આપના કે આપના પરિવારનું નામ જોડી ફ્લેટમાં વરસમાં એક માસ આપ રહી શકો છો તેમજ અન્ય વૈષ્ણવોની રહેવાની સુવિધામાં આપ સહયોગી બની શકો છો.

તેમજ આપણા સૌના પ્રિય નંદનંદનને પ્રિય ગાયો માટે ગૌશાળા નિર્માણ કરવા માટે પણ વિશાળ જગ્યા પ્રાપ્ત થયેલ છે જેના બાંધકામ અને નિભાવ ખર્ચમાં આપ આપની શક્તિ અનુસાર સહયોગી બની નંદનંદનની કૃપા પ્રાપ્ત કરો એવી અપેક્ષા.

ગોકુલમાં બાલ મંદિર નિર્માણ કરવાની પણ યોજના છે. આપ આપની રૂચિ અનુસાર ઉપરોક્ત નિર્માણ કાર્યોમાં સહયોગી બની શકો છો.

સંપર્ક સ્થળ

ગોકુલ વૈષ્ણવ સેવા ટ્રસ્ટ
સેવા કુંજ, નંદ ચોક.
ગોકુલ (વાયા મથુરા)
યુ.પી. – પીનકોડ–૨૮૧ ૩૦૩
એસ.ટી.ડી. ૦૫૬૫
૮૩૫૨૨૬૩
૮૩૫૨૨૦૩

મુંબઈ કાર્યાલય

વલ્લભદાસ વિઠ્ઠલદાસ ઘડીયાલી
૧૫–બી રતન મેનશન
૫૯૫ બી, ડૉ. આંબેડકર રોડ
માટુંગા (સી. આર.)
મુંબઈ – ૪૦૦ ૦૧૯
ફોન : રેસી. ૪૧૨૬૦૪૪
ઓફીસ ૪૨૨૭૧૭૪
,, ૪૨૨૪૯૮૦
,, ૪૨૨૮૦૩૪

[illegible]

વિસનગર (ગુજરાત)ના શ્રી દ્વારકાધીશ મંદિર કમીટી અને શ્રીગોવર્ધન નાથજી મંદિરના મુખીયાજી બાબુલાલ ચાવડાના નામથી તા. ૧૦-૬-૯૬ ના એક પરિપત્ર છપાવી ગામ પરગામના ભાવિક લોકો પાસે ઉપરોકત મંદિરોમાં અધિક માસ નિમીતે મનોરથો માટે દ્રવ્ય માંગવામાં આવ્યું છે. એ પરિપત્રમાં ૪૭ જેટલાં મનોરથોના ભાવનું લીસ્ટ છાપવામાં આવ્યું છે, જેમાં કંસવધ, અક્રુર લીલા, પુતના મોક્ષ જેવા વ્રજભકતોને અત્યંત કષ્ટ થાય અને પ્રભુને અતિ પરિશ્રમ થયો છે તેવા પુષ્ટિમાર્ગીય સેવા ભાવનાથી તદ્દન વિપરીત મનોરથો કરવાના ભાવ પણ છાપ્યાં છે. એ ઉપરાંત પણ પુષ્ટિમાર્ગીય સેવા પ્રણાલીને કશું લાગતું વળગતું ન હોય તેવા બીજાં પણ હાસ્યાસ્પદ મનોરથોનું લીસ્ટ છે.

ઉપર શ્રીનાથજી શ્રીવલ્લભ નામ અને શ્રીનાથજીબાવાના ચિત્રજી છાપ્યાં છે. પણ મનોરથ કરાવનારને સંબોધનમાં પરમ વૈષ્ણવશ્રી, કે પ. ભ. શ્રી, ને બદલે શ્રીમાન્ રા. રા. લખેલ છે એટલે સ્પષ્ટ જણાઇ આવે છે કે, ધનીકો અને રાજમાન રાજેશ્રીઓની પાસેથી પૈસા ઉઘરાવવાનો જ હેતુ મુખ્ય જણાય છે.

આ રીતે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયના નામ તથા સેવા પરિપાટીને બટ્ટો લગાડતી પ્રવૃતિને પડકારતુ એક નિવેદન મુંબઇની પુષ્ટિ સિદ્ધાન્ત સંરક્ષણ સમિતિ એ નીચે મુજબ કરેલ છે.

પુષ્ટિમાર્ગના નામે ડીંડવાણા ચલાવવા બંધ કરો

મુ. બાબુલાલ મુખિયાજી અને શ્રી દ્વારકાધીશ મંદિર કમીટીના સભ્યો
આપ સહુને ભસ્મ કરવા કે નહીં તે તો આપ જ જણાવશો.

આ સાથે અમે મળેલ આપના પરિપત્રની નકલ મોકલું છું. તે સંબંધે નીચેના પ્રશ્નોના લેખિત જાહેર જવાબ પંદર દિવસમાં આપશો.

૧. આ પરિપત્ર આપ સહુએ પુર્ણ હોશહવાસ સાથે લખ્યો છપાવ્યો છે, કે કોઇ અન્યોએ આપના નામથી છપાવી વહેંચ્યા છે?

૨. કંસવધ, પુતનામોક્ષ કે અક્રુરલીલા જેવા વ્રજભકતોની ભાવનાથી તદન વિપરીત મનોરથોનું આપે કોની પ્રેરણાથી આયોજન કર્યું?

૩. આપણા સંપ્રદાયના કયા ગ્રંથ/આચાર્ય વચન/આધુનિક ગો. બાળકના ઉપદેશ / આજ્ઞા પ્રમાણે આવા ભવાડા કરવાની છુટ તમે લીધી? કે હલા તલવાડીની માફક આ ધંધો માંડયો છે?

૪. આપ સહુએ તૃતીય પીઠથી કે અન્ય સ્થળેથી પ્રકાશિત સેવારીતિનું કોઇ પુસ્તક વાંચ્યું છે ખરું? તેમાં કયાંય આવા મનોરથોનો ઉલ્લેખ છે?

૫. આપ સહુનું સાંપ્રદાયિક અધ્યયન કેટલું છે તે જણાવશો.

૬. આપ સહુ પુષ્ટિમાર્ગીય હવેલી ચલાવવા આપના મતે કઇ કઇ લાયકાતો ધરાવો છો?

૭. આવા આયોજનો પાછળનો હેતું શો? આ રીતે એકત્રિત થયેલ ધનરાશિનો શું ઉપયોગ કરો છો?

૮. આવા ભવાડાના પરિપત્રમાં શ્રીનાથજી અને શ્રીવલ્લભનું નામ લેવાનો તથા ચિત્રજી છાપવાનો શો હેતુ છે?

નિયતે જવાબ મળેથી અમો આગળ શું પગલાં લેવા તે વિચારી શું.

લિ. પુષ્ટિ સિદ્ધાંત સંરક્ષણ સમિતિ વતી, [illegible]

SHREE VALLABH SUDHA **Monthly** Magazine. Published on third
date of **Every Month,** **Regd.No.G/RJ.212-L.P.W.P43**

॥ શ્રી વલ્લભ ॥

ભક્તિ-ગરબી

રાધા માધવ મનમાં વસ્યાંજી જેને
રાધા માધવ મનમાં વસ્યાં જી. (ટેક)

આઠે પોહોર તે આનંદમાં માહાલે,
તે પ્રાણીને પાતિક કસ્યાં જી ? જેને ૦ ૧

સહુ સુખ આવી મળે સેહેજે સમીપે,
ક્લેશ અમંગળ અળગાં ખસ્યાં જી. જેને ૦ ૨

પુર્વજ સર્વ તેનાં વસ્યાં વૈકુંઠે.
માતા પિતા ચોદ લોકમાં લસ્યાં જી. જેને ૦ ૩

કારજ સફળ થયાં તેનાં,
સર્વ પદારથ તેના પગમાં ધસ્યાં જી. જેને ૦ ૫

તે સંતને સેવનારા સેવક પણ,
જાય નહીં કાળ સાપે ડસ્યાં જી. જેને ૦ ૫

તે ભગવદીની નિંદા કરે તેનાં,
નિશ્ચે કરમ લલાટે લખ્યાં જી. જેને ૦ ૬

તે હરિ ભક્તનાં દરશન માનો,
'દયા' પ્રીતમ કૃષ્ણનાં જસ્યાં જી. જેને ૦ ૭

–ભકત કવિશ્રી દયારામભાઈ, ડભોઈ

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક પ્રકાશક : રસિકભાઈ પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ,-૧ માર્ગ-૩, યુનિવર્સીટી રોડ, રાજકોટ-૫

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૬૨૧૩૮

શ્રી વલ્લભસુધા

વચન સુધા

"વળી આપણા ઘરમાં જે ભગવદ્ સ્વરૂપ બિરાજે છે. તેની કાની આપણને આવતી નથી. કેમકે શ્રી ઠાકોરજીના મંદિર આગળ સ્ત્રી પુરૂષ બેઉ જણા હાસ્ય વિનોદ કરે છે અને તે વખતે જો કોઇ માણસ આવી જાય છે તો તેની કાનીએ કરીને બોલતા ચાલતા રહી જાય છે, અને લજ્જા પામે છે. એ રીતે એટલી શરમ માણસની આવે છે તેટલી શરમ પ્રભુની આવતી નથી ત્યારે પ્રભુનું સ્વરૂપ ક્યાંથી જણાય? માટે જ્યાં સુધી ભગવદ સ્વરૂપ નથી જાણ્યું ત્યાં સુધી ગમે તેટલા દિવસ સેવા કરે તો પણ સેવા ફલરૂપ થતી નથી. માટે પ્રથમ પ્રભુનું સ્વરૂપ જાણીને પછી સેવા કરશે તો સેવા ફલરૂપ છે."

નિ. લી. ગો. શ્રી ગોપીકાલંકારજી શ્રીમટુજી મહારાજશ્રીના વચનામૃત વ. ૮

✽ આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દઢ બનાવો. ✽

વર્ષ ૧૫ : અંક-૭ ✽ ઓકટોમ્બર, ૧૯૯૬
શ્રી વલ્લભાબ્દ ૫૧૯

વાર્ષિક લવાજમ રૂા. ૩૫/- ✽ આજીવન રૂા. ૪૦૧

"શ્રી વલ્લભસુધા"
૪ સાસ મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ-૩૬૦૦૦૧

પુસ્તક પરિચય

૧. ષોડશ ગ્રંથનું આચમન-૪

લેખક – પ્રા. રમેશભાઈ વિ. પરીખ
પ્રકાશક – શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
'વ્રજરજ' ૩૧/શિવ સોસાયટી નં. ૧
બી. કે. સીનેમાની બાજુમાં, મહેસાણા-૩૮૪૦૦૨

૮ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૧૪૪ કાર્ડ બોર્ડ ટાઈટલ શ્રી મહાપ્રભુજીના બહુરંગી ચિત્રવાળું ન્યો. રૂ. ૨૦/- ઓફસેટ પ્રિન્ટીંગ

પુષ્ટિ સાહિત્યના સિદ્ધ હસ્ત લેખક દ્વારા ષોડશ ગ્રંથનું આચમન-૪માં પંચપદ્યાનિ, સંન્યાસ નિર્ણય, નિરોધ લક્ષણ અને સેવાફલનો સમાવેશ કરવામાં આવ્યો છે.

દરેક ગ્રંથ મૂળ પાઠ, ગુજરાતી સમશ્લોકી અનુવાદ, ગુજરાતી શ્લોકાર્થ તથા વિવિધ ટીકાઓના આધારે સુંદર વિવરણ સરળ ગુજરાતી ભાષામાં કરવામાં આવેલ છે. વાંચતા ખૂબજ આનંદ આવે છે.

લેખક દ્વારા "ષોડશ ગ્રંથનું આચમન" ૪ ભાગમાં ૪ પુસ્તકરૂપે વૈષ્ણવોના હાથમાં મૂકેલ છે તે પૈકી આ છેલ્લો ચોથો ભાગ છે.

દરેક વૈષ્ણવે. પાઠશાળામાં ભગવદ્ મંડળીમાં વાંચનાલયમાં આ ચારે ભાગ વસાવવા જોઈએ. વાંચવા અને વંચાવવા જોઈએ શુભ પ્રસંગે ચારે પુસ્તકોનો સેટ ભેટ આપવા યોગ્ય છે.

ષોડશ ગ્રંથ એ શ્રી મહાપ્રભુજીનું વાંગ્મય અંગ છે તેને પુસ્તક રૂપે વલ્લભી. સૃષ્ટિ સમક્ષ સુંદર રીતે રજુ કરવા લેખક હાર્દિક અભિનંદન અને અભિવાદનના અધિકારી છે.

૨. દ્વિજ દિવ્યતા –

સંપાદક – પ્રકાશક : શ્રી નવનીતપ્રિય જેઠાલાલ શાસ્ત્રી
"વ્રજ વિહાર" મોટી પોળ, મોદી સાંઢ નડિયાદ-૩૮૭૦૦૧

સોળ પેઈજી ક્રાઉન સાઈઝ પૃષ્ઠ ૭૬. ઓફસેટ પ્રિન્ટીંગ. આર્ટપેપર ટાઈટલ, પાકું બાઈન્ડીંગ, ન્યોછાવર-નિત્ય સેવન.

આ નાની પુસ્તિકામાં લેખકે દ્વિજ – સ્વરૂપ. દ્વિજ-દેવતાં દ્વિજત્વ નિર્ણય, દ્વિજત્વાધિકાર. દ્વિજ કર્તવ્ય, વૈષ્ણવ દ્વિજ કર્તવ્ય, વિ. શિર્ષક હેઠળ દ્વિજનો સંક્ષિપ્ત સચોટ અર્થ સરળ ભાષામાં સમજાવ્યો છે.

ત્યારબાદ સંધ્યા-સ્વરૂપ, ત્રિકાળ સંધ્યા-નામ-વર્ણ વગેરેની સવિસ્તર ચર્ચા કરી છે. સંધ્યાવિધિ સંપૂર્ણ રીતે બતાવેલ છે. ગાયત્રી મંત્રની પણ સુંદર ચર્ચા કરી છે.

દ્વિજ-દિવ્યતા એ બ્રાહ્મણો તથા સંધ્યાવિધિ કરનાર વર્ગ તથા ગાયત્રી જપ કરનાર સર્વેને ઉપયોગી પુસ્તક.

૩. ઉધો મોહિ વ્રજ બિસરત નાહીં –

સંપાદક – શાહ રમેશચંદ્ર નાથાલાલ
પ્રકાશક – શ્રી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સમાજ મર્સી વિલા. અશોકનગર રોડ
કાંદિવલી (પૂર્વ) મુંબઈ-૪૦૦૧૦૧

(જુઓ ટાઈટલ ત્રીજું)

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૭
વર્ષ : ૧૫ અંક : ૭ ❋ ઓકટોમ્બર ૧૯૯૬

મનને શિક્ષા

મનારે તેં અપનો ભલો ન વિચાર્યો
ભયો નિર્લજ્જ પાપકે વર્તે, મેં તોહી કહી કહી હાર્યો ।૧।
રત્ન પાય કોડી કે પલટે, કહુંકો કહું દે માર્યો ॥
જૈસેં ચંદન ભીલ સદન મેં, લૈ અગ્ની મે ડાર્યો ।૨।
રસ સાગર તજિ છીલ્લર સેયો, ગ્રીષ્મભઇ પુકાર્યો ॥
રસિકદાસ જન સોઈ ચતુર જીન વલ્લભ નામ ઉચ્ચાર્યો ।૩।

* ભાવર્થ *

અરે મન ! તેં પોતાનું ભલુ ન વિચાર્યું. અરે પાપમાં વર્તવામાં તું નિર્લજ્જ થયો હું તો તને કહી કહીને હાર્યો અરે જેમ કોડીના બદલામાં રત્ન મલી જાય તેમ તને દુર્લભ મનુષ્ય દેહ અને શ્રીવલ્લભનું શરણ પ્રાપ્ત થયું છે. પણ જેમ મુર્ખ માણસ ઉત્તમ વસ્તુને ગમે ત્યાં નાખીદયે તેમ તારૂ જીવન રૂપી રત્ન ક્ષુદ્ર વિષયોમાં વેડફીરહયો છે. જેમ કોઇ અબુધ વનવાસીને ચંદન કાષ્ઠ મલે તેનો બળતણ માટે ઉપયોગ કરીનાખે છે. અરે ! તું રસના સાગરને છોડીને ખાબોચીયામાં પડયો ? હવે ઉનાળામાં ખાબોચીયું સુકાઇ જશે ત્યારે ? રસિકદાસ (શ્રીમટુંજી મહારાજ) આજ્ઞા કરે છે કે સાચો ચતૂર તે જ છે જે સદા શ્રી વલ્લભ નામ ઉચ્ચારે છે.

શ્રી વલ્લભ સુધા દર માસની ૧૭મી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન એપ્રીલ થી માર્ચ.

- * શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશત થયેલ અંકો મોકલાય છે.
- * ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવે મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
- * શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- * લેખ આદિ કાગળની એક બાજુ **સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.**
- * **શ્રીવલ્લભ સુધામાં** વૈષ્ણવો તરફથી **આર્થિક સહાય** પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં **આવે છે. એક** પૃષ્ઠ **એક** વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
- * શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- * ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે

પત્ર વ્યવહાર સંપર્ક !

શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, રાજકોટ

॥ શ્રી હરિઃ ॥

નામ-વિચાર

લેખક :- **ગો. શ્રી પંકજકુમારજી મહોદય** (માંડવી-ગોકુલ)

(ગતાંકથી ચાલુ)

દલીલ (૪) 'સર્વહેતુવિવર્જીતમ્' પદથી જેમ કૃષ્ણ પ્રીતિરૂપ હેતુનો વ્યાવર્તન નથી થતો અને એ માટે 'સર્વ' પદ સંકુચિતવૃત્તિક સ્વીકારવામાં આવે છે. તેમજ પરોપકાર રૂપ હેતુનો વ્યાવર્તન પણ નહીં થાય અને ફલતઃ હોસ્પિટલ, સ્કુલ, ગોસેવા વગેરે કાર્યો માટે ભંડોળ ભેગું કરી શકાય છે.

નિરાકરણ : 'સર્વ' પદને સંકુચિત વૃત્તિક સ્વીકારી કૃષ્ણપ્રિતીરૂપ હેતુનો વ્યાવર્તન નથી કરવામાં આવતો તેવું નથી અપિતુ- 'દેવપ્રસાદ કામ્યા ચ તથા મોક્ષસ્ય કામના । જ્ઞાનસ્ય કામના ચેતિ કામનેયં ન કામના' અર્થ : દેવતાની પ્રસન્નતાની કામના, મોક્ષની કામના તથા જ્ઞાનની કામના, કામના જ નથી. આ શાસ્ત્રાજ્ઞાથી કૃષ્ણ પ્રીતી કોઇ કામના (હેતુ)ની અંતર્ગત આવતી જ નથી. અતઃ 'સર્વ' પદને સંકુચિતવૃત્તિક માનવાની કાંઇ પણ આવશ્યકતા નથી. સમુચિત કારણના અભાવમાં શાસ્ત્રના અર્થમાં સંકોચ કરવો યોગ્ય નથી. તે શાસ્ત્રાર્થ નહીં, અપિતુ સ્વોત્પ્રેક્ષિતાર્થ જ કહેવામાં આવશે. દેવ પ્રસન્નતારૂપ કામના સકામતામાં નથી આવતી અત એવ 'લક્ષણં ભક્તિયોગસ્ય નિર્ગુણસ્યહ્યુદાહૃતમ । અહૈતુકયવ્યવહિતા યા ભક્તિ' પુરુષોત્તમે । (શ્રી ભા. તૃ. સ્કં. અ. ૨૮) અર્થ : નિર્ગુણ ભક્તિયોગનું લક્ષણ છેઃ- પુરુષોત્તમમાં અહૈતુકી (નિષ્કામ) તથા અવ્યવહિના (કાલ, કર્માદિથી અબાધિત) ભક્તિ.

આ શ્લોકમાં કહેલી અહૈતુકીભક્તિ પુષ્ટિભક્તિમાર્ગના ગુરૂ ગોપીજનોની ભગવદ્દર્શન રૂપ કામનાથી સહૈતુકી નથી બની જતી. 'રુરુદુઃ સુસ્વરં રાજન્ કૃષ્ણદર્શન લાલસાઃ' (ભા. દ. સ્કં. અ. ૩૧-૧) 'જલરૂહાનનંચારુદર્શય' (ભા. દ. સ્કં. અ. ૩૧-૬) અત એવ પુષ્ટિભક્ત વૃત્રાસુરની કામના 'મનોરવિંદાક્ષ દિદક્ષતે ત્વાં' અને શ્રી મહાપ્રભુજી દ્વારા કહેલા ચાર પુરૂષાર્થોમાંનો કામ પુરૂષાર્થ 'કામો હરિદિદક્ષૈવ' તથા લાલુ ભટ્ટજી દ્વારા ઉક્ત પુષ્ટિભક્તિનો લક્ષણ' ભગવત્સ્વરુપાતિરિક્ત ફલાકાંક્ષાવત્વમ' (પ્રમેય રત્નાર્ણવ- પુષ્ટિવિવેક) પણ સકામતા. સહેતુકતાની સીમામાં નથી આવતો.

દેવતાને પ્રસન્ન કરવામાં મુલ કામના એ દેવની પ્રાપ્તિ હોય છે અતઃ તત્સંબંધી બધી કામનાઓ દર્શનેચ્છારૂપ અથવા સ્વરૂપાનન્દાનુભવરૂપ હોય તે નિષ્કામતાની શ્રેણીમાં જ આવશે.

દલીલ (૫) : તત્વાર્થદીપ નિબંધના અધિકારીનું નિરૂપણ શ્રી મહાપ્રભુજી ગ્રંથના આરંભમાં કરે છે-

સાત્વિકાઃ ભગવદ ભકતાઃ યે મુકતાવધિકારિણઃ ।
ભવન્ત સંભવા દૈવાત્ તેષ્વમર્થે નિરૂપ્યતે ॥

અર્થ : જે સાત્વિક, ભગવદભકત તથા મુકિતનો અધિકારી હોય એવં પ્રભુકૃપાથી આ જેમનો અંતિમ જન્મ હોય તેમના માટે આ ગ્રંથ (તત્વદીપ નિબંધ)નો નિરૂપણ કરવામાં આવે છે.

ઉપર્યુકત લક્ષણો તો કેવળ ઉત્તમાધિકારીમાં જ હોય છે અતઃ આ નિષેધ કેવળ તેના માટે જ છે. મધ્યમ તથા જઘન્યાધિકારી માટે નહીં.

નિરાકરણ : સાત્વિકાઃ શ્લોકોકત વ્યકિત આ ગ્રંથના જ્ઞાન માટેના ઉત્તમ અધિકારીઓ છે અતઃ મધ્યમ તથા જઘન્યાધિકારીઓ માટે આ ગ્રંથ નથી તેમ નથી કહી શકાતુ. આ શ્લોકની ટીકામાં શ્રી પુરૂષોત્તમજી આજ્ઞા કરે છે કે– 'તેન બ્રહ્મજીજ્ઞાસા સૂત્રેઽપિ ઈદ્દશ એવાધિકારી મુખ્યો મૃગ્યત ઇતિજ્ઞેયમ' અર્થ : જેવી રીતે આ ગ્રંથમાં મુખ્યાધિકારી આ જ (ઉપર્યુકત લક્ષણોવાળો) છે તેવી જ રીતે બ્રહ્મસૂત્રોમાં પણ આવો જ અધિકારી મુખ્ય છે. અતઃ ઉત્તમ અધિકારીને આ ગ્રંથનું જ્ઞાન સમ્યક રીતે થવાથી ફલ શીઘ્ર પ્રાપ્ત થશે તથા મધ્યમ તથા જઘન્યાધિકારીને જ્ઞાન શીઘ્ર ન થવાથી ફલમાં વિલંબ થશે પરંતુ તેઓ આ ગ્રંથમાં કહેલા સાધનો કરવામાં અનધિકારી નથી બની જતા.

અત એવ 'શંખચક્રાદિકં ધાર્યં' 'એકાદશ્યુપવાસાદિ કર્તવ્ય' જેવા સામાન્ય ભકિતમાર્ગીય નિયમો જે શ્રી મહાપ્રભુજી ભકિતપ્રકરણ (સર્વ નિર્ણય)માં ઉપદેશે છે તે મધ્યમ જઘન્ય અધિકારી ઉપર પણ લાગુ થાય છે. કેવલ ઉતમાધિકારી પર નહીં.

શ્રી પુરુષોતમજી સર્વ નિર્ણય ૨૫૫/૫૬ શ્લોકની 'આવરણ ભંગ' ટીકામાં આજ્ઞા કરે છે કે શોડષગ્રંથ આ ભકિતપ્રકરણના પુરક છે અતઃ સેવા, કથા પ્રપતિ ઇત્યાદિ પુષ્ટિમાર્ગીય સાધનો આ બધાં ગ્રંથોનું જ્ઞાન પ્રાપ્ત કરીને કરવા જોઇએ. યદિ મંદ મધ્યમ નિબંધના જ્ઞાનમાં અનધિકારી હશે તો તે શોડષગ્રંથનું અધ્યયન કરીને પણ સેવાદિ સાધનોનું અધુરૂં સ્વરૂપ જ જાણશે. તો તે આ બધાં સાધનો કેવી રીતે કરી શકશે ? જ્ઞાનમાં અનાધિકારી હોવાને કારણે ગુરુ અથવા ભગવદીય પાસે પણ તે જ્ઞાન પ્રાપ્ત નહીં કરી શકે. એટલા માટે પણ શ્રી પુરુષોત્તમજીની વાત જ માનવી ઉચિત છે. 'સાત્વિક....' શ્લોકોકત અધિકારી આ ગ્રંથનો મુખ્ય (ઉતમ) અધિકારી છે અતઃ મન્દ અધિકારી પણ અનધિકારી નથી બની જતા.

દલીલ (૬) : શ્રીમદ ભાગવત સપ્તાહો નહીં થાય તો શ્રીમદ ભાગવતનો પ્રચાર કેમ થાશે ? અતઃ તેનો વિરોધ ઉચિત નથી.

નિરાકરણ : શ્રી મહાપ્રભુજી 'જલભેદ'માં આજ્ઞા કરે છે કે 'વૃત્ત્યર્થ' કરવામાં આવતી ભાગવત કથા ભકિત સિદ્ધ નથી કરતી અપિતુ શ્રોતા–વકતા બન્નેની અહંતા મમતાની વૃદ્ધિ

કરનારી જ હોય છે, 'ક્ષેત્ર પ્રવિષ્ટાસ્તે ચાપિ સંસારોત્પતિ હેતવઃ (જલભેદ) અતઃ પુષ્ટિમાર્ગીય વ્યકિતએ એવી ભાગવતોમાં શ્રવણાર્થ જવું જ ન જોઇએ. વૃત્યર્થ ભાગવતના પ્રચારની શ્રી મહાપ્રભુજીની દષ્ટિમાં જરાપણ સાર્થકતા નથી, પ્રચારનો ઉદ્દેશ્ય ભકિતવર્ધન જ હોય છે. તે વૃત્યર્થ ભાગવતથી અસંભવ છે અતઃ વૈષ્ણવોએ ભકિતવૃદ્ધયર્થ યદિ શ્રીમદ ભાગવતનું જ્ઞાન મેળવવું હોય તો પ્રમાણિક અનુવાદો દ્વારા અથવા કોઇ નિસ્પૃહ વિદ્વાન શાસ્ત્રીજી અથતા ભગવદીય પાસેથી મેળવવું જોઇએ. વૃત્યર્થ કહેવામાં આવતી અથવા ભંડોળી ભાગવતોથી નહીં. આવી દલીલોમાં જરા પણ તત્વ ન હોવા છતાં સામાન્ય વૈષ્ણવ જનતામાં ભ્રમણા ઉભી થતી હોય છે અતઃ તેમના માટે આ દલીલોનું નિરાકરણ આવશ્યક હતું.

શ્રી પુરૂષોત્તમજી 'જલભેદ' શ્લોક ૪ની ટીકામાં આજ્ઞા કરે છે. 'યદિતુતત્વવિચાર્થં ઉદર ભરણોપયોગ્યન્ન માત્રં ગૃહ્ણાતિ તદાતુ તીર્થં પર્યટિતૃવત્ ન દોષઃ ઇતિબોધ્યમ્' એ તદ અપિ તદા યદા પૌરાણિકાનાં પારંપર્યયુતત્વં ભવન્તિ તદભાવે તુ વકતુ શ્રોત્રોઃ ઉભયો અપિ સંસારઃ એવ' 'સ્વબુદ્ધયા અન્યથા વ્યાખ્યાનાન્યથા બોધયોઃ સંભવાત્ ચ ઇતિ જ્ઞેયમ્'

અર્થ : યદિ કેવલ તત્વ વિચાર માટે ઉદર ભરણ માટે ઉપયોગી અન્ન માત્ર ગ્રહણ કરવામાં આવે છે ત્યારે તો તીર્થ પર્યટનકર્તાની જેમ દોષ નથી એવું સમજવું જોઇએ. આવું પણ ત્યારે હોય જયારે પૌરાણિક પારંપરિક વકતાઓ હોય. એવું ન હોય તો તો શ્રોતા અને વકતા બન્નેને સંસાર (અહંતા-મમતા) જ થાય છે. કેમ કે તેવો વકતા પોતાની બુદ્ધિથી વ્યાખ્યાકરતો હોવાથી વિપરિત વ્યાખ્યાન પણ કરી શકે છે. તેનાથી શ્રોતાને પણ વિપરિત જ બોધ થશે એવું સમજવું.

શ્રી પુરૂષોત્તમજીની આ પંકિતથી એવો ભ્રમ થઇ શકે છે કે શ્રીમદ્ ભાગવતનો પણ વૃત્યર્થ ઉપયોગ કરી શકાય છે. યદિ તે પરંપરાથી, તત્વ વિચાર માટે અને કેવલ દેહ નિર્વાહ ચાલે તેટલાં અન્ન માટે હોય તો ? પરંતુ એવું નથી શ્રી પુરૂષોત્તમજી આ વાત શ્રી ભાગવતને છોડીને અન્ય પુરાણો માટે કહી રહ્યાં છે.

શ્રી મહાપ્રભુજી જલભેદમાં નિન્દ્ય (નિષિદ્ધ) તથા અનિન્દ્ય (પ્રશસ્ત) વકતાઓના પ્રકાર જલ દ્દષ્ટાંતથી બતાવે છે અહિંયા 'સંસારોત્પત્તિહેતવઃ' કહી વૃત્યર્થ પુરાણ વાચકોની નિન્દા કરવાથી તેમની નિષિદ્ધતા બતાવવામાં આવે છે. અહિંઆ નિષેધ કર્યા પછી પણ નિબંધમાં પુનઃ કેવલ શ્રી ભાગવતની વૃત્તિના નિષેધને પુનરૂકિત ને સ્વોકિત દાઢાર્યાર્થ સ્વીકારવામાં આવે તો પણ જલભેદમાં 'પૌરાણિકાઃ' એમ સામાન્ય પ્રયોગ છે અને નિબંધમાં કેવલ શ્રી ભાગવત માટે

નિષેધ છે તથા "પ્રાણૈઃ કણ્ઠ ગતૈરપિ" તદભાવે ચથૈવ સ્યાત્' જેવા કઠોર શબ્દો પણ છે તે એ સૂચવે છે કે પરમ્પરયા તત્વ વિચારાર્થ પુરાણોનો વૃત્ત્યર્થ ઉપયોગ ભલે કરી શકાય પરંતુ શ્રી ભાગવતની વૃત્તિ સર્વથા નિષિદ્ધ છે. અન્યથા સ્વોકિત દઢતા તો ત્યારે થાત જ્યારે સર્વ પુરાણોની વૃત્તિનો નિબન્ધમાં પુનઃ નિષેધ કરવામાં આવત કેવલ અહિંઆજ નહીં અન્યત્ર પણ શ્રી મહાપ્રભુજી કેવલ શ્રી ભાગવતના ઉપ જીવનનો નિષેધ કરી રહ્યાં છે તે પણ શ્રી ભાગનતની વૃત્તિનો સર્વથા નિષેધ સૂચવે છે.

અત એવ શ્રી પદ્મનાભદાસજી જેવાં સાત્વિક બ્રાહ્મણને પણ જે કેવલ તત્વ વિચાર માટે સ્વોદરપૂરણમાત્રપયોગી અન્ન ગ્રહણ કરતાં હતાં, શ્રી મહાપ્રભુજીએ નિષેધ કર્યો.

શ્રી પુરૂષોત્તમજી જેવી રીતનું સ્પષ્ટિકરણ 'જલભેદ'ની ટીકામાં કરી રહ્યાં છે તેવું નિબંધમાં નથી. કરી મૌન સેવી રહ્યાં છે તે પણ અસ્મદુકિત દઢતામાં પ્રમાણ છે.

'એવં મયાત્ર લિખિતં નિરપેક્ષ સ્વભાવતઃ ।।
સ્નેહેન સર્વથા ચિત્તો ધીયતાં યદિ રોચતે ।।

પંકજ ગોસ્વામી
નટવર ન્હોરા શ્રી ગોકુલ
(જી. મથુરા) પી. ૨૮૧૨૦૩

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧ ગો. વા. મણીબેન કેસરીયા રાજકોટના જયશ્રીકૃષ્ણ હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલના જયશ્રીકૃષ્ણ.

૨ ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ મુંબઇના જય શ્રી કૃષ્ણ.

૩ મહાકારુણિક જગતગુરુ શ્રીમદ્વલ્લભાચાર્યજી પંચ શતાબ્દી મહોત્સવ સમિતિ–રાજકોટના સૌજન્યથી.

આર્ત ઉર્મસૌર સ્તોત્રમ્

રચયિતા : ગો. શ્રી ગોકુલેશબાવાશ્રી

(જુનાગઢ)

અનંત આશ સુવાસસત વાદન
સુમંત પ્રભા મધુ મેધા નાદન
શ્રી સૌર સાર્ષ્ટ સકલસ્વરમયી
શ્રેષ્ઠેય સૌખ્ય સરસ સાધન,
મીથુન મન્મથમોદ મનોહર ૧.

બાજત મૃદ અંગ બ્રજ અનબોલત
નખશિખ વૃતાંત વર્ત સદા તોલત
મહાવિચક્ષણ વર્ણવૈભવ તનું
મદસદપદ ભદ્ર ભુ ડોલત..
ધર્મ મનોહર કર્મ મનોહર
મીથુન મન્મથ મોદ મનોહર મનોહર ૨.

ગાવત શબ્દ સવેદન રાગ
ખાવત રૂચિર રસ અનુરાગ
ધાવત ઉન્નત આહલ્લ પરિસર
મધુર રંગ રંગીલી ફાગ....
ઓમ મનોહર વ્યોમ મનોહર
મીથુન મન્મથ મોદ મનોહર મનોહર ૩.

પ્રવણ પ્રકર્ષણ પ્રધ્વ આલાપ
પ્રસન્ન પુષ્કર ભાવ ભવ જાપ
આ સ્વાદન સતત પ્રસ્થકવકૌવત
ઉન્મદ સંલાપ લાપ પ્રલાપ....
મુદ્ર મનોહર સમુદ્ર મનોહર
મીથુન મન્મથમોદ મનોહર મનોહર
ભકિત ભુકત સ્ફુટિ ભૂવર્ષ, શાંતિ કાંતિ સંલગ્નસાંકર્ષ
સત્રસ્તોત્ર પ્રયત્નાત્મ હર્ષ, રસિકરાસ રાશિકમનમર્ષ. અંશ મનોહર વંશ મનોહર મિથુનમન્મથ મોદ મનોહર...

વિલક્ષણ લક્ષલોક સુર વિહાર
અલોક અવલોકય પ્રજ્ઞ સંચાર
મનોરમ સૌદર્ય અક્ષણ વિદૂવન
પરમાનંદનીય પુલક આચાર....
દેશ મનોહર વેશ મનોહર.
મિથુન મન્મથ મોદ મનોહર મનોહર ૬.

અગણિત ગુણગણ ધનવિરાજે. સુગમિત સંગસધન મતિરાજે
કુલ અનુકુલ સરિતનિર્મશોભા, મીષ્ટ સ્વાદ સાનિધ્ય સાજે....
વન મનોહર જ્ઞાન મનોહર મિથુનમન્મથમોદ મનોહર....૭.

સ્વૈર સંઘનીતીનૃત નૈષ્ઠિક
પ્રમોદવર્ચ આભોગ પૌષ્ટિક
ઐશ્વર્ય વર્ય સુયશ છંદપદ્ય
વિમલ કરિ આશિષ સૌષ્ટિક....
શાસન મનોહર આસન મનોહર
મિથુન મન્મથમોદ મનોહર મનોહર ૮.

આકુત સદાનંદ સંસ્કૃત ધામ
પ્રકૃત પ્રજ્જવલ વિદૂવદ નામ
કૃષિકુંજન ગતિ ગુંજનગઢ
કૈટિકુટિર કમંડલ કામ....
સ્ફુર્તિ મનોહર પુર્તિ મનોહર
મિથુન મન્મથ મોદ મનોહર મનોહર ૯

તૃપ્તિ તૃષ્ણાક્રીડા કલાનિધિ
પ્રચુર પ્રગાઢ પ્રાગંણવાર્ધ વિધિ
સર્જન સુંદરિ ભંગિમા ભૃગુરત
આનંદ ઉષ્મ સુષ્મિત સમાધિ....
શોધ મનોહર બોધ મનોહર
મિથુનમન્મથ મોદ મનોહર મનોહર ૧૦૦

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રીમદ્દાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

ભકિત વર્ધિની

શ્રી ગોપેશ્વરજીએ રચેલ વિવરણ સહિત

ભાષાંતર : પ્રો. પ્રતાપરાય કાં. શાહ એમ. એ. કોવિદ, મુંબઇ

–ગતાંકથી ચાલુ

ત્યાગં કૃત્વા યતેદ્યસ્તુ તદર્થાર્થૈક માનસઃ ॥૬॥
લભેત્ત સુદઢાં ભકિતં સર્વતોપ્યધિકાં પરામ્ ॥૬૩॥

અર્થ – તદર્થ એટલે ભગવત્પ્રાપ્તિને માટે અર્થૈક માનસ થઇ (એટલે કે જેના મનમાં ભગવત્પ્રાપ્તિની એક માત્ર ઇચ્છા છે એવા બનીને) ઘરનો ત્યાગ કરીને, જે ભકત ભગવત્પ્રાપ્તિ માટે પ્રયત્ન કરે છે તે સુદઢ (એટલે સારી રીતે દઢ–કદી તુટે નહિ તેવી–ભકિતને પામે છે–જે ભકિત સર્વથી અધિક છે અને પરા (શ્રેષ્ઠ) છે. ૬–૬॥

વિવૃતિ : બીજા કોઇ પ્રકારનું અસ્તિત્વ નથી એમ દર્શાવવા માટે "તુ" શબ્દ" વાપર્યો છે. જે મનુષ્ય ગૃહાદિમાં ભગવદ્ ભજનમાં પ્રતિબંધ થતો હોવાનું માનીને ગૃહને ત્યાગ કરીને. ભગવાનની લીલાના શ્રવણ તથા ચિન્તનાદિ માટે પ્રયત્ન કરે છે–કેવો બનીને ? તો કહે છે ભગવત્પ્રાપ્તિને માટે અર્થૈક માનસ બનીને (એટલે કે ભગવત્પ્રાપ્તિરૂપી એક માત્ર ઇચ્છા ધરાવીને)–તો સુદઢ ભકિતને પામે છે. આ પ્રકારની વાત શાસ્ત્રના અનેક સ્કંધો (વિભાગો)મા પણ કહેવામાં આવેલી છે. જેમકે શ્રી ભાગવતમાં–"શાસ્ત્રે સ્કન્ધે પ્રકરણે ઽધ્યથે વાકયે પદેક્ષરે। એકાર્થં ગ્સપ્તધા જાનન વિરોધેન મુચ્યતે, (એટલે કે ભાગવત શાસ્ત્રમાં, તેના સ્કંધોમાં, તેના પ્રકરણોમાં, તેના અધ્યાયમાં, તેના વાકયમાં, તેના શબ્દમાં, તેના અક્ષરમાં–એમ એકજ અર્થને સાત રીતે જાણનાર–અવિરોધપુર્વક મુકત થાય છે–એમ શ્રી ભાગવતાર્થ તત્વદીપમાં કહ્યું છે. અથવા તો તદર્થ એટલે એ જ હેતુ માટે છે ધન જેમનું તે–એવો અર્થ પણ થઇ શકે છે. અથવા તો એવો અર્થ પણ થઇ શકે કે તદર્થે પ્રયત્ન કરનાર ભગવદ ભકતો અને તેમના કાજે અથવા કાર્યોમાં લાભાર્થે આવો "તદર્થાર્થૈક માનસ" થઇ સુદઢ ભકિતને–વિષયાદિથી જેનો પરાભવ ન થઇ શકે તેવી સુદઢ ભકિતને પામે છે, એવું નીચે જણાવેલા સેંકડો વાકયોમાંથી સિદ્ધ થાય છે–જેવાં કે–'પ્રાય : પ્રગલ્ભયા ભકત્યા વિષયૈર્નાભિભૂયતે" (એટલે કે ભકિત સુદઢ થઇ હોય ત્યારે વિષયો નડતરરૂપ બની શકતા નથી.) વગેરે વાકયોથી જણાય છે કે એવી ભકિતને પામે છે–વ્યસન દશા પ્રાપ્ત થાય ત્યારે– કે તે જ્ઞાનાદિ સાધનોથી પણ અધિક ઉત્તમ છે અને અધિકતામાં કોઇ માનાભાવ (માનનો અભાવ) નથી. વળી, તસ્માન્મદ ભકિતયુકતસ્ય" (એટલે કે મારી ભકિતમાં

જે પરાયણ હોય), જ્ઞાન વિજ્ઞાન સમ્પન્નોભજમાં ભકિતભાવિતઃ" (એટલે કે જ્ઞાન-વિજ્ઞાનનું સંપાદન કરીને ભકિતભાવપુર્વક મને ભજ); "નૈકાત્મતાંએ સ્પૃહન્તિ" એટલે કે મારી સાંથે એકાત્મતાની જેઓ ઇચ્છા (સ્પૃહા) કરતા નથી; "પરિનિષ્ઠતોપિ નૈર્ગુણ્યેઃ" (એટલે કે નિર્ગુણ ઇશ્વરના ભાવમાં સંપુર્ણ નિષ્ઠા ધરાવતો હોવા છતાં), "આત્મારામાશ્ચ" (એટલે કે આત્મામાં મગ્ન થયેલાઓ); – આવાં સેંકડો વાકયથી એ વાત સિદ્ધ થયેલી છે.

આ બાબતની વિસ્તારપુર્વક વિચારણા આપણા પ્રભુચરણે (શ્રી આચાર્યજીએ અન્યત્ર (બીજા સ્થળોએ) કરેલી જ છે તેનો અહીં વિસ્તાર કરતો નથી. અર્થ એમ છે કે શ્રેષ્ઠ ભકિતને પામે છે જે અપરિચ્છિન્ન (વેર વિખેર થયા વગર)ના આનંદ રસ સ્વરૂપવાળી તેને પામે છે. ૬॥

– ક્રમશઃ

શ્રી યમુનાજીના પદ

રચયિતા : મહાકવિ શ્રી વલ્લભદાસ શર્મા, દેવરી.

ભાવાર્થ-લેખક **'માધુરી'** રાજકોટ

પદ-૩૧

લગૌ જિનિ શરણાગત શિર ટાંકો;
રાખૌ રવિનંદનિ ન જાઇ વલિ વિરદ અનુપમ બાંકો. ૧

અશરણ શરણ કૃપા પરિમિત તુંમ નાહ નેહ સરિ રાજૈ;
'વલ્લભ' ભકત મનોરથ પુરણ અચલ બધાઇ બાજૈ. ૨

ભાવાર્થ – આ પદમાં કવિશ્રી શ્રી યમુનાજીને વિનતી કરે છે કે હે મા, આપ આપનું બિરદ વિચારો. જે જીવ આપને શરણે આવે છે તેને કોઇ વિપરીત દશાનો અનુભવ ન કરવો પડે. હે રવિ સુતા (રવિ નંદનિ) આપનું બિરદ ન જાય. આપની કૃપાની યાચના કરતાં વિરહનો અનુભવ કરવાવાળા પ્રત્યે આપની કૃપા ન થાય તેવું ન બને. તેનાં ઉપર તો આપની અનુપમ કૃપા જ વરસે, કેમ કે આપ તો અશરણ શરણ છો. આપના ઉપર શ્રીપ્રભુ સ્નેહની અમીધારા વરસાવતા જ રહે છે. આપની કીર્તિની અચલ વધાઇ વાગતી જ રહે છે કેમકે જેનું કોઇ નથી તેનાં આપ છો. આ આપનું બિરદ પાળવા મારા જેવા વિપરીત દશાવાળા ઉપર કૃપા કરો. ૩૧.

શ્રી હરિરાય મહાપ્રભુ પ્રકટિત સહસ્ત્ર શ્લોકી સેવા ભાવના

હિન્દીમાં પદ્ય રચના

રચયિતા :- **પ. ભ. રૂપચન્દ ખંડેલવાલ 'ભૂપ' જબલપુર**

ગતાંકથી ચાલુ-

વેણુનાદ પરત હી શ્રવનન । મોહિત ભયે ગઉન કે ઝુંડન ॥
નિજ દાંતન સોં અર્ધ ચવાયે । તિન મુખ ગ્રામ તહાં હિ રુકાયે ॥
હિલૈં ડુલેં ના એકો ગાઇ । માનોં સબ ચિત્રન ચિત્રાઇ ॥ ૪૭૬

મોરપંખ કો મુગટ ધરાઇ । મલ્લ કાછુ હુ અતિ શોભાઇ ॥
વેણુનાદ મૃદુ જબ પ્રભુ કરહીં । નદીયનકી ગતિ થિર હૈ રહ હીં ॥ ૪૭૭

વેણુનાદ સુનિ ચાહિં પ્રકારા । વૃક્ષ હુ બરસાવહીં મધુ ધારા ॥
લતા સકલ બ્રજ ગોપિન રુપા । તિનકે હૃદયન બસ્યો સ્વરુપા ॥
હર્ષિત ભઇ પ્રકટ સો કીનો । ગુપ્ત સ્વરુપ હૃદય-રસ ભીનોં ॥ ૪૭૮

આપ બિરાજે ગિરિ ગોવર્ધન । ગાય બુલાઇ વેણુ નાદન ॥
બડભાગી જુ જહાં વૃક્ષન । આનંદયુક્ત પ્રેમ સોં ધરિ તન ॥

દો. પત્ર પુષ્પ અસ ફલ સરસ, સુંદર વિવિધ પ્રકાર ॥
પ્રકટ હિં અપની દેહસોં, સાદર સબ ઉપહાર ॥ ૪૭૯

વન માલાકી દિવ્ય સુગંધન । તુલસી-મધુ-મદમતિ ભ્રમરન ॥
ઇનકે પીછે પીછે જીવન । હેતુ કરેં ડગરન મેં ગુંજન ॥ ૪૮૦

હરિ હુ બીચ બીચ મેં પ્રમુદિત । નિત કહં આદર કરહિં સમરપિત ॥
પક્ષી સબ મુનિ રૂપ હુવાયે । સુનિવે આતુર મૌન ધરાયે ॥
નેત્ર બંદ કરિ ધ્યાન લગાયે । તિનકે બહુત નિકટ ચલિ આયે ॥ ૪૮૧

ગિરિકે શિખર ખડે પ્રભુ કેમુખ । સોં બાજી મુરલી વાદન-સુખ ॥
પા કેં જલદ સુખદ હરખાયે । છાયા હિત ઇહિ છત્રન છાયે ॥
છાયા કરી હરિહિં સુખ દાઇ । સર્વસ્વ રૂપ જલહુ બરસાઇ ॥ ૪૮૨

વિધિ હરિ હર મુરલીકી ધુની સુની । સમરથ નહિ પ્રભુલીલા સમઝતી ॥
વેણુનાદ કી ગતિ હુ ન જાને । સિર ઝુકાઇ તે સબ મુર્છાને ॥ ૪૮૩

બ્રજ ભૂમિકે શ્રેષ્ઠ વૃષભ સમ । સ્મરણ રહિત સકામ ગતિ સોંહન ॥
વૃક્ષ સમાન સ્તબ્ધ ગતિ પાઇ । ખેદ ચિત્ત મન બુદ્ધિ બિસરાઇ ॥ ૪૮૪

સોં. હસ્ત કમલ મણિમાલ, સોં નિજ ગાયન કહં ગિનહિં ॥
દિવ્ય સુગંધ રસાલ, તુલસી માલા ઉર ધરે ॥ ૪૮૫

એક ગોપ કે કાંધે ઉપરર । ઝુમ ઝુમ ધરિ નિજ દોઉ કર ॥
સખ્ય ભાવ ગોપન કે માંહી । કરા ચરિત દર્શન સમુઝાહીં ॥
મુરલી નાદ અરુ ગાન કરાએ । સબકે હિરદૈ ગયે ઠગાએ ॥ ૪૮૬

કુન્દ પુષ્પકી માલા ધર કેં । ગોપ વેશ ગોપન સંગ કર કેં ॥
દર્શન દે, હરિણી બૌરાઇ । સબ કહં ઉપાસિકા જુ બનાઇ ॥ ૪૮૭

ગોધન અરુ સ્નેહીજન સંગા । યમુના તટ લીલાહિં મૃદુ ઢંગા ॥
ઉપદેશન ગંધર્વન સારે । બન્દીજન સહુ સાજ પધારે ॥
નિજ પ્રભાવ સોં તિન્હેં રિઝાઇ । નિજ પરિવારન રુપ બનાઇ ॥ ૪૮૮–૮૯

ગઇયન સોં વાત્સલ્ય ભાવકર । બન તે આવે ગોવર્ધન ધર ॥
વૃદ્ધ પુરુષ મારગ માંહીં । ઇનકે ચરણુન શીશ નવાહીં ॥ ૪૯૦

નિજ નિકતન કૈ નેત્રન કાહીં । આનન્દોત્સવ આપ કરાહીં ॥
નિજ ચરિત્ર મારગ મેં ગાવત । ગોપ બાલકન સંગ બ્રજ આવંત ॥
ગો રજ સોં સબ કેસ સનાયે । ફિરહીં સુતંત્ર મનહુ ભ્રમિયાયે ॥
નિજ સુવદન કે મનોર્થ પુરવન । તિન્હેં લાહિં બ્રજ વેણુ બજાવન ॥ ૪૯૧

દો. વેણુનાદ કે રસન કે વેત્તા સ્વયં મહાન ॥
તાસોં તા રસસોં સ્વયં, મોહિત યે ભગવાન ॥ ૪૯૨

પ્રિયા દર્શન ન કે આનન્દ । મદ ઘુર્ણિત તે પ્રભુ કે લોચન ॥
સ્વલ્પ માન કે રેઉન હારે । રસાધિકય સન્માનહિં ભારે ॥ ૪૯૩

બ્રજ આવન જબ ઇક પગ ધારે । નિજજન હૃદયન–માન નિવારે ॥
સ્વેદન અરી કુંડલન પ્રકાશન । પ્રભુ મુખ ભો લાલ બેર–રંગન ॥ ૪૯૪

કુંડલ જ્યોતિ સોહગંડસ્થલ । યાદવ નૃપ ગજ આવતજનું ચલ ॥
રૈન કૃતારથ કરિ વે કાહાં । જનુ નિસિનાથ આર્ય હરખ હોં ॥
તે સહિ આપ કૃતારથ કરિવે । આવત મત્ત મધુર ભાવન તે ॥
તે સન્ધ્યા ચલિ વન તેં આયે । નિજ બ્રજ જન કે તાપ નસાયે ॥ ૪૯૫

વેણુનાદ મેં જે કિપરાયન । જાનહિં તાસુશુચિ ભાવન ॥
તૌ હુ તાપૈ મોહિત હોઇ । સ્વયં બજાહિં જાહિં પુનિ ખોઈ ॥ ૪૯૬

યા વિધિ અનન્ત લીલા–ગાયન । સબ ગોપિન કે આન્તર ભાવન ॥
ભાવાત્મક સ્વરૂપ હૃદયાયે । દિવસ–વિયોગન હુ હરિ પાયે ॥ ૪૯૭

દો. ઇહિ વિધિ તે બડભાગિની આંતર રમણ કરેંઇ ॥
ઇમિ સંધ્યા પર્યન્ત કી । હિય ભાવના ધરેંઇ ॥ ૪૯૮

પછી જયારે છ ઘડી દિવસ બાકી રહયો, ત્યારે નિકુંજમાં પોઢેલા પ્રભુને જગાડવાની તથા ઉત્પાપન ભોગ આરોગવાની પ્રાર્થના સખીજન કરે છે. ત્યારે પ્રભુ જાગીને શ્રી ગિરિરાજ ઉપર પધારે છે અને ફલફુલ વગેરે આરોગે છે, તે સમયની પ્રભુની સ્થિતિ અને તેમણે કરેલી લીલાનું વર્ણન કરે છે. (શ્લોક ૪૯૯થી ૫૨૫)

દિવસ છે ઘડી શેષ રહાયો । સખિન યુથ કુંજન મેં આયો ॥
આ કેં ખડી ભઇ સબ દ્વારન । ચહત પ્રાણપતિ કોહિં જગાવન ॥ ૪૯૯
પ્રભુ કી લીલા કેર નિરુપન । કરિબ્રજ પતિ કોં લગી ઉઠાવન ॥
હે રાધિકા કાન્ત અબ જાગો । સમય હો ગયો અબ જગવે કો ॥ ૫૦૦
ગાય ગોપ બ્રજ જીવન હેતુ । જોહિં બાટ તવ કરૂણા સેતુ ॥
દર્શન આનન્દ રૂપ પ્રિયા કે । ઉનકે સંગ રહના રે બાંકે ॥ ૫૦૧
મુખ સોહે ઘુંઘરારે કેસા । હે નખ ચંદ્રકલિંકિત ઇસા ॥
અંજન શોભિત અધરન વારે । યુગલ કપોલન અક્કારે ॥ ૫૦૨
બદન કમલ સોહહિ મૃદુહાસ । હે પ્રભુ સ્વામિનિ અધર પિયાસા ॥
હે વિપરિત-રસન મિલનારે । પ્રિયા-સિંગરન શોભા વારે ॥ ૫૦૩

દો. કેસ રંગ બહાર હિય, નખક્ષત ચિત્રો રુપ
મોતી મણિયન હાર હીયા બિન ડોરી કે ભૂપ ॥ ૫૦૪

સ્વામિનિ યુથન-ભુજા મૃણાલન । આલિંગન પાવહિંતિવ કંઠન ॥
હે ગોપીશ ગોવધનાધીશા । ગોવર્ધન ધર હે બ્રજ ઇશા ॥
ગોવર્ધન ઉપર પુલિન્દિયન કે સંગ । સખિયન કી મૃદુ આવન ॥
કન્દાદિક અસ સમસ્ત વન ફલ । લાઇ શ્રમકરિ સનેહ વિહ્વલ ॥ ૫૦૬

દાડમ બેર કસેરુ કારે । આમા નારંગી રસવારે ॥
કકડી ખરબુજા રૂ જમીરી । કેલન ઘોર નયન-સુખ પીરી ॥ ૫૦૭
પીલુ જામુન ઔર ફાલસા । લાઇન બહુફત લાલસા ॥ ૫૦૮
નમ્ર ભાવ સોં જોવહિં રાહા । પુરહુ મનોરથ તિનનર નાહા ॥ ૫૦૯
ભાવ અનેક લિયે ગોપીજન । લગોં જગાવન પ્રમુદિત લાલન ॥
ભયે પ્રણય-વ્યાકુલ પ્રભુરાઇ । ઉઠે સ્વામિનિ સહ અંકુલાઇ ॥ ૫૧૦

દો. રકત નેત્ર દોઉ । દિખેં શયનાલસ્ય જતાહિં ॥
શિથિલ આભરણ હો રહે, સર્વાંગહુ શિથિલાહિં ॥ ૫૧૧

બોલ હિં મુખ તેં અટપટ બાની । અધર ન સોં રસધાર બહાની ॥
ઉચ્ચ સ્વર ન ઉત્કંઠન ગાવતિ । ગોપિન-કંઠન ભુજા સુહાવતિ ॥ ૫૧૨

ધીરે ધીરે ચરણા ધરાવ હિં । ચાલમત્ત ગજ કી પ્રભુ આવહિં ॥
કેસર સોં જે લાલ દિખાહોં । તે વન માલા હૃદય સુહા હોં ॥ ૫૧૩

વનમાલા-મધુપાન કેરં જે । આદર તુમસોં પાહિ ભ્રમર તે ॥
પુષ્પન-મધુર સુગંધન સુંઘત । અપનો કામ દેવ ઉદ્દીપત ॥ ૫૧૪

સ્વામિનિ જુ કે યુગ કર કમલન પૈ। રાખિ નિજ ભુજ કમહું યુગલન ॥
અતિશય રસ સોં હો સમ્મોહિત । ભયે સ્વયં અન-અનુસંધાનિત ॥ ૫૧૫

શ્રી સ્વાનિમિકેર મુખ ચન્દ્રન કે । કરવે હિત નીકે દર્શન ॥
દોઉ નેત્ર કમલ હરસાઇ । પરત ચકોર સમાન દિખાઇ ॥
રસાસકિત કે બસમેં હોઇ । ભકતાધીન કરહિં ગતિ સોઈ ॥
ઇહિ વિધિ નિજ ભકત ન કે હૃદય ન કહં વિશેષતા સોં સન્તોપન ॥ ૫૧૬

દો. દેસ બસો લીલા કરહિં, મારગ મેં સત્કાર ॥
આગે બઢત મગન મન આયે કુંજન દ્વાર ॥ ૫૧૭ (ક્રમશઃ)

॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

વ્રજલીલાનાં પદો

રચયિતા :- **શ્રી પ્રવીણચંદ્ર એમ. દેસાઇ (ચરણદાસ) બી.ઇ (સીવીલ) બીરપુર**
-ગતાંકથી ચાલુ

૧૬. **જાંવલીલા** રાગ-કાન્હરો

જાંવમે શ્યામ બને મનિહારી,
ભાંતભાંતકી ચુડિયાં લાઇ, દિખાવત ચીર-તલાઇ. ૧

ઐસી ચુડિયાં કહું ન મિલેંગી, તીનોં લોકહી ખોજી,
અંતર રસસોં, ગઢી હૈ સુરંગી, સ્નેહભાવ મદમાતી. ૨

મોહી શ્રી રાધા, કહત સખીરી, ભીતર ભવન બુલાઇ,
હસ્તમેં હસ્ત, લિયો હે ઘેરી, આનંદ સે લીન ભઇ. ૩

સુહાવત પ્યારી, અંગે ધારી, મિલાવે નૈન ચકોરી,
'ચરનદાસ' ભજે, લીલા કિશોરી, ભેખ ધર્યો હૈ બદલી. ૪

મનિહારી :– શ્રી ઠાકોરજીને એક દિવસ શ્રી રાધાજીને તેમના ભવનમાં મળવાની ઇચ્છા થઇ. નટરૂપે ઓઢણી ઓઢી નૃત્ય કરતાં પકડાઇ જતાં તેમણે બંગડીઓ–ચૂડીઓ પહેરાવનારી સખી મણિયારણનો વેશ લઇ મળવા જવાનું નક્કી કર્યું, કારણ કે શ્રી રાધાજીને કોઇ પણ પુરુષ મળી શકે નહીં તેવી આજ્ઞા હતી, અને વૃષભાનજીનો તેવો બંદોબસ્ત હતો. આમ વિચાર કરી આપ જાંવમાં પધાર્યા. સુંદર રૂપરસીલી મણિયારણ બની, પોતાની ચૂડીઓનાં ગુણગાન કરતાં, શ્રી રાધાજીના ભવનના સામે પડાવ નાખ્યો.

અન્ય સખીઓએ શ્રી ઠાકોરજી પાસે ચૂડીઓ પહેરી, આનંદીત થઇ શ્રી રાધાજીને ભવનમાં, મહેલમાં ખબર મોકલાવી. જે રીતે શ્રી ઠાકોરજીએ ચૂડીઓનાં વખાણ કર્યાં હતાં તે રીતે વર્ણન કરવા લાગ્યાં. શ્રી રાધાજીએ મધુર વચનો સાંભળીને મણિયારણ સખીને ભવનમાં બોલાવવાની આજ્ઞા કરી.

ચીર–તલાઈ :– જાંવમાં ચીરતલાઇ સુંદર કુંડ છે અને વૃક્ષોથી સુશોભિત મનોહર સ્થળ છે ત્યાં શ્રી રાધાજી તથા સખીઓને માટે જળવિહાર કરવા અને ચીર–બદલવા એટલે સ્નાન આદિ લીલા કરવાની અલગ જગા મુકરર કરી હતી ત્યાં કોઇ પુરુષને પ્રવેશ ન હતો.

હસ્તમેં હસ્તલિયો :– આજ્ઞા થતાં સખી વેશે શ્રી ઠાકોરજી શ્રી સ્વામિનીજી પાસે પહોંચી ગયા અને ભાત ભાતની બંગડીઓ રંગબેરંગી સુંદર આકર્ષક એક પછી એક બતાવવા લાગ્યા. પસંદ કરેલી ચૂડીઓ અલગ કરી બાજુ પર મૂકી, પછી શ્રી સ્વામિનીજીનો હાથ પોતાના હાથમાં લઈ, એક પછી એક ચૂડીઓ પહેરાવવા લાગ્યા. જેવો સખીના વેશમાં શ્રી ઠાકોરજીના કરકમલનો સ્પર્શ થયો એટલે શ્રી સ્વામિનીજીનું રોમ રોમ પુલકિત બની ગયું અને અંગમાં રોમાંચ જાગ્યો. તેથી ઘૂંઘટ તાણી મણિયારણ બનેલી ગોપીનો ઘૂમટો ધીરેથી ઊંચો કર્યો અને તેમની સામે નયનમાં નયન મિલાવી, નીરખવા લાગ્યા, ચકોર પક્ષીની સમાન કમલ નયનવાળાં શ્રી સ્વામિનીજી કમલ નયનવાળા શ્રી શ્યામ સુંદરને પારખી ગયાં. એટલે પ્રીતેથી એકાંતમાં સર્વ ભૂલીને રસાનંદ લેવા લાગ્યાં. આવી રીતે લીલા કિશોરી બનેલા અને કિશોરીજીને મળવા ઉત્સુક થઈ પધારેલા શ્રી શ્યામસુંદરને ભજવા માટે પ્રભુ પૂર્ણ કૃપા વરસાવે અને તેમના ચરણકમલમાં સ્થિર થવા પ્રભુ દઢાશ્રય કરાવે, એમ ચરણદાસ કહે છે.

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાય

પ. ભ. શ્રી જમનાદાસ મોરારજી કારિયા હ. ગિરિશચંદ્ર જમનાદાસ કારિયા કાંદીવલી (વેસ્ટ)ના જયશ્રીકૃષ્ણ.

॥શ્રીવલ્લભ॥

ભક્તિ પોષણ

વિવેચક : પ. ભ. શ્રી મથુરાદાસ જીવરાજભાઇ મહેતા

દાસ્ય ભક્તિ

દાસપણામાં સૌભાગ્ય છે, પતિ પુરૂષોત્તમ જેને માથે;
ધણી છતે વિધવાપણું, બ્રહ્મ જ્ઞાની માન્યું મન સાથે.
મન સાથે માને જે હું જ ભૂપ, જગત પૂજે જાણી રાણીનું રૂપ;
પણ પતિ–સુખ સ્વપ્ને નહિ એને, એળે એ અથડાય છે શેને ?
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ (૨૯)

વિવેચન :– હવે પછી આગળ ત્રણ કડી સુધી દાસ્ય ભાવનું વર્ણન આવે છે. દાસ્ય ભક્તિ શ્રેષ્ઠ બતાવી છે. તેની સામે જ્ઞાનિની દશા અલ્પ બતાવી છે.

પુષ્ટિ રીતે દાસ્ય ભક્તિ એટલે રસરીતે મન, ક્રમ, વચન કરીને દાસ ભાવ રાખે. "દાસ્ય ભાવનાં સિદ્ધ થતાં પ્રભુ પણ તે જીવની સાથે તે ભાવથી જ વર્તે છે." આમ જુઓ તો પુષ્ટિમાં સર્વ શ્રેષ્ઠ દાસ્ય ભક્તિ શ્રી ગીરીરાજજીની જ ગોપીજનોએ કીધી છે તેમજ વલ્લભ કુળની યાદ્રવેંદદાસજીએ અને મર્યાદામાં હનુમાનજી.

પુષ્ટિ ભકતો ગોપીજનોના ભાવથી પરબ્રહ્મ શ્રીકૃષ્ણને પોતાના સાચા પતિ માને છે. પતિવૃતા નારી જેમ પોતાના પતિની સેવા પૂર્ણ પ્રેમથી કરે છે છતાં પોતે દાસી થઇને રહે છે. તે દાસીપણામાં જ તે પોતાનું સૌભાગ્ય માને છે. પતિની સેવામાં તેને પડતો શ્રમ તેને તે શ્રમ માનતી નથી પણ આનંદ માને છે આવી જ રીતની ભાવનાં પુષ્ટિ ભકતોની સેવા માર્ગમાં રહે છે.

વેણુગીત :– હંતાય મદ્રિરબલા હરિદાસ વર્યો, યદ્ રામકૃષ્ણ ચરણ– પરસ પ્રમોદ;
માનંતનીતિ સહગોગણ યસ્તિ યોધત, પાનિય સૂય વસ કદર કંદ મૂલે:

આ શ્લોકમાં ગોપીજનોએ કીધું છે ખરો દાસ્ય ધર્મ તો હરિદાસવર્ય શ્રી ગીરીરાજજી જ નિભાવે છે તે સાધારણ નહીં પણ આશ્ચર્યજનક છે સર્વ સમર્પણ ભાવથી કેવળ સ્વામિનું જ સુખ વિચારે છે એટલું જ નહી સ્વામિના સાથી ગોવાળો તથા ગાયો બધાની સેવા કરે છે માટે ધન્ય છે તેની સેવાને.

પોતાનું પાષાણ રૂપ છે પ્રભુ મારા ઉપર ચરણ ધરશે ત્યારે કોમળ ચરણને શ્રમ પડશે તેમ જાણી રોમ રૂપી ઘાસ ઉત્પન્ન કરે છે માનો પોતાનાં મસ્તક ઉપર પ્રભુનાં ચરણ પધારતાં જ રોમ રોમ ખીલી ઉઠે છે તેમજ આનંદની લહેરીમાં આપીને પોતાના અંગમાં છુપાવી રાખેલા કંદમૂળની ભેટ ધરે છે તેમજ ઉપર પણ વૃક્ષોમાં ફળફૂલ રૂપ જુમ ભરી દે છે, પ્રભુ આપને જે ભાવે તે અંગીકાર કરો, વળી આપ શ્રીમિત થયા હો તો મારા હૃદયરૂપી કંદરામાં

વિશ્રામ કરો, પ્રભુની સેવા ઉપરાંત ગાયો માટે લીલું સુંદર ઘાસ અને ઝરણાનું જલ તૈયાર છે. ગ્વાલ બાલો સુંદર ફળ, કંદનો આહાર કરી હરિ વૃક્ષ છાંયામાં આરામ કરે. આમ સવાંગથી સેવા કરી દાસ્ય ભાવ સિદ્ધ કર્યો છે ધન્ય છે ગીરીરાજજી

દાસ ભાવ ઉંચો છે એને તજાય નહી
જો જો હો જીવનીયું એળે વહી જાય નહી

દાસ ભાવ શ્રેષ્ઠ ગોપિજનોયે બતાવ્યો છે પોતે પણ દાસી કહેવરાવે છે દાસ ભાવથી સેવાં થાય તે દાસ ભાવ સર્વોત્મ ભાવ સિદ્ધ કરાવે છે. શ્રી ભા. વૃત્રાસુ ઇંદ્રના હાથમાં વજ્ર જોયું તેમાં જોયું તેમાં તે ભગવદ તેજનાં દર્શન થયા તુરત જ તેને પુર્વ જન્મની સ્ફુતિ થઇ ત્યારે બે હાથ જોડીને ચાર શ્લોકથી સ્તુતિ કરી હે પ્રભુ હું આપનાં દાસનો પણ દાસ થાઉ કે જેથી મને અભિમાન કદી આવે જ નહી. પુર્વ જન્મમાં મેં મહાદેવજીની હાંસી કરી (દાસ તો હતો પરંતુ ખામી રહી ગઇ) તેથી આ રાક્ષસ યોનિ મળી માટે હવે મને શુદ્ધ દાસત્વ જ જોઇએ

દાસ ભાવનું દ્રષ્ટાંત સ્કંધ પુરાણે.

દાસ્ય મેવ પરોધર્મો દાસ્ય મેવ પરં હિતમ્

ભાવાર્થ : દાસ ધર્મ તેજ પરમ ધર્મ દાસ્ય ભકિત જ હિતકારી છે.

તથા વસિષ્ઠ સ્મૃતિ

ન દાસ : વાસુદેવસ્ય સર્વ લોકેશ્વરસ્ય યે ।
તેષાંહિ નરકેવાસ : કલ્પાયુતશતૈરપિ ॥

ભાવાર્થ : વાસ્દેિવ સર્વેશ્વર છે તેનો દાસ ધર્મ સ્વિકારવો જે વાસુદેવ ભગવાનનો દાસ નથી તે કલ્પો સુધી નરકે નિવાસ કરે છે.

યાદ્રવેન્દદાસ : ચોર્યાશી વૈ. વાર્તા ૨૫મી તેઓ શ્રી મહાપ્રભુજીનાં સેવક હતા એકવાર શ્રી ગુંસાંઇજીયે આજ્ઞા કરી આ વખતે રાત્રિના ૨ પ્રહર વ્યતિત થયા હતા કે આ સમયે મંદિરની નીમ ખોદાય તો બહુ સારૂં. આપશ્રી આટલું કહી પોઢયા. તે વખતે ગોકુલમાં આપની પાસે યાદવેંન્દ્રદાસ બેઠા હતા. જેઓ આજ્ઞાકારી સેવક હતા. આજ્ઞા સાંભળતાં જ ઉઠયા. મંદીરની નીમ ખોદી તૈયાર કરી. શ્રી ગુંસાંઇજી જાગ્યા ને જુએ છે તો મોટો માટીનો ઢગલો દેખાણો આપશ્રીએ પુંછયું કે આટલી બધી માટી કયાંથી આવી; ત્યારે યાદવેન્દ્રદાસે બે હાથ જોડીને વિનતિ કરી કે કૃપાનાથ આપે આજ્ઞા કરી કે અત્યારે જ મુહુરત સારૂં છે. તે આજ્ઞા મુજબ નીમ ખોદાઇ તૈયાર કરી છે. યાદવેન્દ્રદાસમાં મહાન શકિત હતી દશ મજુરો કરે તેટલું પોતે એકલા કામ કરતા. દાસ કર્તવ્ય કરે છે પણ તેમાં પોતાનું સામર્થ્ય માનતા નથી તે તો પ્રભુનું જ સામર્થ્ય માને છે. હું કર્તા છું આવું અભિમાન ન કરે તે દાસ. મર્યાદામાં હનુમાનજી હનુમાનજી શ્રી રામચંદ્રજીનાં ભક્ત. તેઓ ખરા અર્થમાં દાસ્ય જ હતા કેવળ સ્વામિ આજ્ઞાનું જ પાલન એથી આગળ વધે જ નહીં.

સિતાજીની ખોળ કાઢવા હનુમાનજીને લંકા મોકલ્યા ત્યાં જઇને અશોક વનમાં સિતાજીને મુદ્રિકા (રામની) આપી ઓળખાણ દીધી રાવણને દાસ્ય ભકિતનું પ્રમાણ બતાવ્યું કે શું કરૂ ? મને રામની આજ્ઞા નથી નહિતર તારી લંકા બાળી તેમ તને પણ હરાવી સીતાને લઇ જાત. લંકામાં વિભિષણથી મીત્રતા કરી રામ પાસે આવી સર્વ વાતનું નિવેદન કર્યું. ઉપર મુજબ દાસ કેવળ સ્વામિની આજ્ઞાનું પાલન કરે છે તેમાં પણ સામર્થ્ય પોતાનું માનતો નથી તેમજ મહેનતાણું કાંઇ પણ માગતો નથી સ્વધર્મ સમજીને સર્વ કાર્ય કરે છે. સર્વ વસ્તુથી નિરપેક્ષ રહે છે. જુઓ દાસ્ય ભકિતનાં પ્રતાપમાં ભારતમાં જયાં જ્યાં હનુમાનજીનાં અનેકો મંદીરો બન્યા છે. દેવ તરીકે પુજાય છે. વાસ્તવિકમાં દાસ્ય ભકિત તેની કરેલી પુજા થાય છે. પ્રભુ પણ દાસની મનોભાવનાં જાણે છે દાસની ઇચ્છા મુજબ ફળ તેને આપે તે. દાસ ભાવમાં પોતાનાં ઉપર સ્વામિ હોય છે. પરિબળ દાસને તો પોતાના સ્વામીનું જ હોય છે.

જેને માથે પુરૂષોતમ જેવા પતિ બિરાજે છે તે દાસ દાસીને સદાને માટે સૌભાગ્ય પ્રાપ્ત થયેલું જ છે. પરંતુ જ્ઞાની માટે તો વિધવાપણું બતાવ્યું છે કે છતે સ્વામિયે સોહાગણીનું સુખ તે લઇ ન શકે બ્રહ્મજ્ઞાન–હું જ બ્રહ્મ છું "અહં બ્રહ્માસ્મિ" બ્રહ્મ થવું સહેલું નથી પોતાને બ્રહ્મ માનવાથી બ્રહ્મ બની જવાતું નથી. જીવતો ઇશ્વરી અંશજ છે અણુંમાં પણ અણું જે જોઇ શકાય જ નહીં આવો જીવ છે કયાં બ્રહ્મને કયાં જીવાં કયાં સુર્ય અને કયાં મીણબતી, એક હવાનાં ઝોકામાં ઉડી જાય જીવ અંશ છે પુર્ણ નથી "શિવોહમ" કહેવાવાળા શિવ બની શકતા નથી. જેમ રાજા તે રાજાજ છે તેની રાણી તે રાણીજ છે રાણી સમજે કે હું રાજાની રાણી મને કોઇ રાજા કહે પરંતુ કોઇ નહી કહે તેને તો રાણીજ કહેશે. તેમ કોઇના કહેવાથી રાજા થઇ શકાતું નથી તેવીજ રીત જ્ઞાનિ પોતાનાં મનથી જ એમ માને કે હું બ્રહ્મ છું. તેથી બ્રહ્મ થવાનું નથી કે કોઇ જગત પણ માનતું નથી જ્ઞાનિની દશા ઘણીવાર શોચનિય થઇ જાય છે બ્રહ્મ બનવા જાય બની ન શકે તો દાસ ધર્મ તો તે અપનાવી ન જ શકે લાખો ગાઉનું છેટું પડી જાય છે. કેમકે અહંમ તેનું મરતું નથી તેનેજ કીધું કે ઇશ્વર એકજ પુરૂષ છે તેજ અહં કહી શકે બાકી એની રચેલી માયાજ છે. ઇશ્વરને સ્વામિ માનીને રહે તે નારી પતિનું સુખ મેળવે તેમ થયું. અને જ્ઞાનિની દશા તો સ્વામિ હોવા છતાં વિધવાપણું આવી બને છે.

"પુષ્ટિ માર્ગે હરેર્દાસ્ય" શ્રી ગુસાંઇજીનું વાકય ઉપર મુજબનું છે કે પુષ્ટિ માર્ગમાં તો પ્રભુનું દાસપણું જ શ્રેષ્ઠ છે. દાસત્વ જેને પ્રાપ્ત થયું તેને મોક્ષ મળી ચુકયો બીજો મોક્ષ તેને જોતો જ નથી તેજમાં તેજ ભળે તેને તેનો શું સ્વાદ, જળને જળનો શું સ્વાદ સમૃદ્ધ અગાધ છે તેમાં લોટો પાણી ભળે તો ન વધે કે ન ઘટે. ત્યાં ફરક નથી પડતો. પાણીના લોટાનું જુદુ અસ્તિત્વ હોઇ ત્યાં સુધી કીંમત છે પછીનો જળે એકાકાર માટેજ કવિશ્રી કહે છે કે સેવો શ્રીકૃષ્ણકૃપાળ. (ક્રમશઃ)

આ માસના ઉત્સવ

ભાદરવા વદ ૧૧ તા. ૮-૧૦-૯૬ મંગળવાર, ઇન્દિરા એકાદશી વ્રત.

ભાદરવા વદ ૧૨ તા. ૯-૧૦-૯૬ બુધવાર, શ્રી મહાપ્રભુજીના જ્યેષ્ઠ પુત્ર શ્રી ગોપીનાથજીનો ઉત્સવ (સં. ૧૫૬૭).

ભાદરવા વદ ૧૩ તા. ૧૦-૧૦-૯૬ ગુરુવાર, શ્રી ગુસાંઇજીના ત્રીજા લાલજી શ્રી બાલકૃષ્ણજીનો ઉત્સવ (સં. ૧૬૦૬).

ભાદરવા વદ ૩૦ (અમાસ) ત। ૧૨-૧૦-૯૬ શનિવાર, કોટની આરતી, સાંઝી સમાપ્તિ, સર્વપિત્રી અમાવાસ્યા, ખંડગ્રાસ સૂર્યગ્રહણ (ભારતમાં નહીં દેખાય).

આસો સુદ ૧ તા. ૧૩-૧૦-૯૬ રવિવાર, નવવિલાસ, નવરાત્રી આરંભ, અંકુરારોપણ, રાસના પદ બધા સમયમાં, કરખાના પદ ભોગમાં તથા રાસ પંચાધ્યાય ભોગનો ટેરો આવ્યા પછી તથા સેનભોગ વખતે બોલાય, ગો. શ્રી પ્રણયકુમારજી (કાંકરોલી-મથુરા-વડોદરા)નો, ગો. શ્રી અનુરાગજી (સુરત)નો, ગો. શ્રી વાગીશ બાવાશ્રી (રાજનગર-અમદાવાદ)નો તથા ગો. શ્રી મિથિલેશકુમારજી (કાંદીવલી)નો જન્મદિન.

આસો સુદ ૩ તા. ૧૫-૧૦-૯૬ મંગળવાર, ગો. શ્રી રસિકવલ્લભજી મહારાજ (પાર્લા) નો જન્મદિન.

આસો સુદ ૭ તા. ૧૯-૧૦-૯૬ શનિવાર, શ્રી હરિરાયજી મહારાજ (મુંબઇ)નો તથા ગો. ચિ. શ્રી ગોકુલોત્સવજી બાવાશ્રી (ચાંપાસેની-જામનગર)નો જન્મદિન.

આસો સુદ ૯ તા. ૨૧-૧૦-૯૬ સોમવાર, વિજયાદશમી, દશહરા અંકુરાર્પણ, જવારા સાંજે ભોગ સંધ્યામાં શ્રી પ્રભુને સમર્પવા, સરસ્વતી વિસર્જન, આયુધ પૂજન, ગો. ચિ. શ્રી વાગધીશજી બાવાશ્રી (નાથદ્વારા-દ્વિતીય ગૃહ)નો જન્મદિન, ગો. ચિ. શ્રી રવિકુમારજી બાવાશ્રી (કાંકરોલી-મથુરા-વડોદરા)નો જન્મદિન અને દશમનો ક્ષય હોવાથી ગો. શ્રી દામોદરલાલજી મહારાજ (કોટા)નો જન્મદિન.

માસો સુદ ૧૧ તા. ૨૨-૧૦-૯૬ મંગળવાર ગો. શ્રીકૃષ્ણકુમારજી મહારાજ (કામવન) નો તથા ગો. શ્રી ગોપીકાલંકારજી (મુંબઇ)નો જન્મદિન.

આસો સુદ ૧૨ તા. ૨૩-૧૦-૯૬ બુધવાર, પાશાંકુશા એકાદશી વ્રત.

આસો સુદ ૧૩ તા. ૨૪-૧૦-૯૬ ગુરુવાર, ગો. શ્રી બાલકૃષ્ણ પ્રભુ (સુરત)નો પાટોત્સવ, ગો. ચિ. શિશિરકુમારજી (પાર્લા)નો જન્મદિન.

આસો સુદ ૧૫ તા. ૨૬-૧૦-૯૬ શનિવાર, શરદપૂર્ણિમા-રાસોત્સવ, કાર્તિકસ્નાન આરંભ, શ્રી રણછોડજી (ડાકોર)નો મેળો.

આસો વદ ૩ તા. ૨૯–૧૦–૯૬ મંગળવાર, ગો. ચિ. શ્રી વિનયકુમારજી (કોટા)નો જન્મદિન.

આસો વદ ૪ તા. ૩૦–૧૦–૯૬ બુધવાર, ગો. શ્રી હરિરાયજી બાવાશ્રી (કામવન)નો જન્મદિન.

આસો વદ ૭ તા. ૨–૧૧–૯૬ શનિવાર, શ્રી રણછોડજી (ડાકોર)નો ષોડશોપચાર, ગો. શ્રી વ્રજવલ્લભજી બાવાશ્રી (માંડવી–ગોકુળ–જુનાગઢ)નો જન્મદિન.

આસો વદ ૯ તા. ૪–૧૧–૯૬ સોમવાર, શ્રી વ્રજેશરાયજી (વીરમગામ–કામવન)નો જન્મદિન.

આસો વદ ૧૦ તા. ૫–૧૧–૯૬ મંગળવાર, શ્રી ટીકેતના શૃંગારનો પ્રારંભ, ગો. શ્રી કનૈયાલાલજી મહારાજ (મથુરા–પોરબંદર–મુંબઇ)નો તથા ગો. ચિ. મધુસૂદનલાલજી બાવાશ્રી (અમદાવાદ)નો જન્મદિના

માનવ–ધર્મ

(મનુષ્ય કે દશ ધર્મ)

સંપાદક :– **શ્રી હનુમાનપ્રસાદ પોદાર**

ભાષાંતર :– **ડૉ. ચુનીલાલ રવજી, બાલધા, આંખના સર્જન, રાજકોટ.**

૨. ક્ષમા

(ગતાંકથી)

ક્ષમામાં બદલાનું કોઇ સ્થાન રહેતું નથી. જ્યાં સુધી હૃદયના કોઇ પણ ખુણામાં બદલાનો જરા પણ અંકુર છુપાયેલો રહે છે, ત્યાં સુધી ક્ષમાની પુરી પ્રતિષ્ઠા નથી થતી અને જ્યાં સુધી ક્ષમાની પુર્ણ સ્થાપના નથી થતી ત્યાં સુધી અનિષ્ઠની આશંકા રહે જ છે.

એક મનુષ્યે બીજાને ગાળ આપી, બદલામાં એણે આપી. બંને બરોબર થઈ ગયા. આ પ્રતિહિંસાનું પ્રત્યક્ષ રૂપ છે. પરંતુ તેના કેટલાય સૂક્ષ્મ કે પરોક્ષ રૂપ છે. બદલામાં ગાળ ન આપી, ડરી ગયો કે સભ્યતાના કારણે તેવું ન કર્યું, પરંતુ પોલિસ કોર્ટમાં ફરીયાદ કરી તેમાં પ્રતિ હિંસા જેમની તેમ રહી. જો કે પ્રતિહિંસા સાધનનો આ ઉપાય પહેલાથી ઘણો સારો છે. તેમાં પણ ડરીને, પોલિસમાં જવાને બદલે સભ્યતા જાળવવી વધારે ઉત્તમ છે, બદલામાં ગાળ પણ ન આપી, પોલિસમાં પણ ન ગયો, પરંતુ તેના મોઢેથી સહજ એ ઉદ્ગાર નીકળી ગયો કે "ગાળ આપે છે તો તેનું મોં ગંદુ થાય છે, પરમાત્મા તો બધું

જુએ છે. જે કરશે તે ભોગવશે. પરમાત્મા બધાનો ન્યાય કરે છે." એ ઉદ્ગારમાં પણ ભય અને સંસ્કાર બને કારણ હોઇ શકે છે, દંભ અને અભિમાન પણ હોઇ શકે છે. આ પણ પ્રતિહિંસાના સાધનનો એક પ્રકાર છે. ભય, દંભ કે અભિમાનને બદલે સંસ્કારથી પ્રેરિત થઇ કે આવું કરે છે તે ઉત્તમ છે. પરંતુ તેમાં પ્રતિહિસા તો રહે જ છે. તે અહીં ફરીયાદ નથી કરતો પરમાત્માના દરબારમાં કહી દે છે. એમાં કંઇ શંકા નથી કે વર્તમાનકાળમાં આવા ભાવના લોકો પણ ઘણા ઓછા મળે છે, પરંતુ આમાં પણ ઘણા સૂક્ષ્મરૂપે હૃદયમાં પ્રતિહિંસા છુપાયેલી રહે છે, જેની ખબર સમય જતાં પડે છે. જ્યારે બે–ચાર કે દશ–વીસ વરસ બાદ તે ગાળ આપનાર પર કોઇ વિપતિ આવે છે, ત્યારે મોઢેથી અચાનક એવા શબ્દો નીકળી પડે છે, અથવા તરત જ મનમાં એવા ભાવ ઉત્પન્ન થઇ જાય છે કે, 'ચાલો સારૂ થયું, તેણે મને અમુક સમયે ગાળ આપી હતી, મોડું તો ઘણુ થયું, પરંતુ કર્યાનું ફળ તો તેને મળી ગયું.'

આ ઉદ્ગારનો અર્થ શું ? એ કે તેને દંડ ભોગવતો જોવા ઇચ્છતો હતો, નહિતર આ ભાવ જે કેમ ઉત્પન્ન થાય ? તેના પર વિપતિ કોઇપણ કારણથી આવી હોય. પરંતુ તેણે તો પોતાને જ તેનું કારણ માની લીધું. ખરેખર પ્રતિહિંસાની ભાવના ધ્યાન બહાર જ હૃદયમાં છુપાઇ રહે છે. જે સમય જતા વિકસિત થઈ ઉઠે છે. મોટા મોટા માણસો આ રીતે પરોક્ષરૂપે પ્રતિહિંસાનું પોષણ કર્યા કરે છે. આવું કેમ થાય છે ? કેવળ ક્ષમાના અભાવથી.

એ યાદ રાખવું જોઇએ કે વેરની ભાવના ફક્ત આ જીવનમાં દુઃખદાયી નથી થતી. પરંતુ પરલોકમાં પણ દુઃખ આપે છે. વેરની વાસના સાથે રાખીને મરવાવાળો ખબર નહીં. કેટલા સમય સુધી પ્રેત યોનીના કઠણ દુઃખોને ભોગવે છે અને સ્થુળ દેહ મેળવ્યા પછી પણ ખબર નહીં કેટલી યોનિમાં તેને ફકત વેરભાવને કારણ જ ભટકવું પડે છે. ક્ષમા જ એક એવું સાધન છે કે આ દુઃખથી મનુષ્યને બચાવે છે. ક્ષમામાં દુર્બળતા અને દ્વેષનું ખાતું ચુકતે કરી દેવામાં આવે છે. આ તો અક્રોધ અને ક્ષમાનો ભેદ છે. અક્રોધ નિષ્ક્રિય સાધન છે અને ક્ષમા સક્રિય. કોઇના અપરાધ પર ક્રોધ ન કરવો ક્રિયાને રોકવાનું છે, પરંતુ તેનાથી પોતાના મન પર જે બીજાના અપરાધને જોઇને તેનો સામનો કરવાની એક ખરાબ છાપને ધોઈ નાખે છે. ક્ષમા સામે ક્રોધ, હિંસા, દ્વેષ કે વેર ન ટકી શકે. ક્ષમા એવો સરસ સાબુ છે જે હૃદયની આ બધી કાલિમાઓને અને તેને ઘસીને ધોઇને તે સર્વ રીતે સ્વચ્છ અને નિર્મળ બનાવી દે છે. અક્રોધમાં ક્રિયા તો નથી થતી, પરંતુ મળ રહી જાય છે, જે સમય જતાં દુઃખ પણ પહોંચાડી શકે છે.

એક મહાજને એક બીજા મનુષ્ય પાસેથી એક હજાર રૂપિયા મેવવવાના હતા. તે માણુસ રૂપિયા નથી આપતો. મહાજને પોતાની સજ્જનતાથી કે તપાસ કરાવીને જાણી લે છે કે તેની પાસે રૂપિયા નથી, તેની પાસેથી રૂપિયાની ઉઘરાણી કરવાનું છોડી દીધું. તે તેની પાસેથી ક્યારેય રૂપિયા નથી માગતા, ક્યારેય તેને કોઈ રીતે તંગ નથી કરતા. પરંતુ ખાતામાં રૂપિયા તેના નામે હતા તેમજ લખે છે. મહાજન પોતાના જીવનભર કે જ્યાં સુધી તેનો અધિકાર રહે છે, પોતે તેની પાસેથી રૂપિયા નથી માંગતા, પરંતુ ખાતામાં નામ લખેલું રહેવાના કારણે તેના વારસો તે મનુષ્ય પાસેથી રૂપિયા માંગી શકે છે કે તેના પર કાયદેસર કરીને રૂપિયા વસુલ કરી શકે છે, પરંતુ જે મહાજન પોતાના હાથે તે હજાર રૂપિયા માંડવાળ ખાતે લખીને તેનું ખાતું ચુકતે કરી દે તો પછી કોઇ ક્યારેય તેની પાસેથી રૂપિયા નહીં માંગી શકે.

આ રીતે કોઇનો અપરાધ થવાથી તેના પર ક્રોધ ન કરવો, રૂપિયા ન માંગવા સમાન અક્રિય સાધન છે, પરંતુ તેનાથી તેનો પિંડ નથી છુટતો. બદલામાં ક્ષમા આપીને તે અપરાધની સર્વ રીતે મુકત થઇ જાય છે. તેથી ક્ષમા સક્રિય સાધન છે આ અક્રોધ અને ક્ષમાનો ભેદ છે. ક્ષમા કરનાર મહાત્મા ફકત અપરાધ જ સહન નથી કરતા, પરંતુ અપરાધીની ભલાઇ પણ કરે છે. તે જાણે છે કે આ ભૂલો પડેલો છે અને ભૂલેલાને માર્ગ બતાવવો માર્ગ જાણનારનું સ્વભાવિક કર્તવ્ય છે. તે ઇશ્વરને તેને સુબુદ્ધિ આપવા માટે પ્રાર્થના કરે છે.

—ક્રમશઃ

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય ઇચ્છારામ ભટ્ટના

આંતર ઉદ્‌ગારો

૪૩ એકાગ્રહી સેવા

જશોદાજી દધી મંથન કરે છે, સારાં વસ્ત્ર પહેરે છે, આભરણ પહેરે છે, ને દધી મથન કરે છે, પ્રભુ તો રડે છે, કારણ કે પોતાને સ્તનપાન કરવું છે; પોતાને તેડાવવું છે, પોતાને રમવું છે, આથી પોતે કહે છે, કે હું આવ્યો, તો પણ તારો સંસાર એમને એમ રહ્યો તારી પાસે દાસીઓ છે, તેની પાસે કામ કરાવને મને ધવરાવ આ કારણથી પોતે રડે છે ત્યારે દધી મથન અધવચ મુકીને ધવરાવવા માંડયા ધાવતા માતાના મોં સામું જુએ, ને મારામાં મન છે કે સંસારમાં મન છે, એવું તપાસે છે. દુધ ચુલે મુકયું છે, તે ઉપરાઇ જાય છે, ત્યારે શ્રી ઠાકોરજીને નીચે મુકીને દુધ પાસે ગયાં, આથી પ્રભુ બહુ ખીજયા, ને બહુ રઢી

ત્યારે ગોળી ફોડી નાખી, ને માખણ બધું ઢોળાઇ ગયું પોતાને મહાક્રોધ ચઢયો, પણ વળી વિચાર્યું કે ક્રોધથી માતાનું ભુડું થાય માટે ક્રોધની શાંતિ કરવા માખણ ઢળેલું પોતાની મારફતે ક્રોધને ખવરાવ્યું એક હાથે માખણ ખાય છે, ને પાછું વાળીને જુએ છે. વિચારે છે, કે હમણા માતાજી આવશે અને ખીજશે. એટલામાં આવીને જશોએ પ્રભુને લીધા સામગ્રી કરીને તરત જ ઠાકોરજીને ધરાવવી, ન ધરે તો શ્રી જશોદાજી ઉપર ખીજ્યાં, તેમ ખીજે છે, માટે શ્રી ઠાકોરજીથી કશું દુરાવવું નહિ, દુરાવીએ, તો પ્રભુ નાશ કરે છે, જેમ પણે ગોળી ફોડી દુધ ઉભરાઇ ગયું, તેમ આપણા સર્વનો નાશ કરે છે, માટે જ શ્રી આચાર્યજી એમ કહે છે કે, શ્રી જશોદાજી અતિ દુષિત છે, આ પ્રભુથી શું દુરાવવું ? ભગવદીયે કશી વાત પ્રભુથી છાની રાખવી નહિ, કરે તેના અભાગ્યનો પાર નહિ ફરી ફરી પ્રભુનું શરણ નહિ મળે, માટે લ્હાવો લેવો, ફરી ફરી આ દહાડો નહિ આવે, પ્રભુને પ્રેમથી આરોગવું બહુ રૂચે છે.

કંઠાભરણમ્

પાથેય

આદરેણ યથા સ્તૌતિ ધનવન્તં ધનેચ્છયા ।
તથા ચેદ્ વિશ્વ કર્તારં કો ન મુચ્યેત બન્ધનાત્ ॥

જેમ ધનની ઇચ્છાવાળો પુરૂષ ધનિકની આદરપુર્વક સ્તુતિ–પ્રશંસા કરે છે, તેમ જો તે પરમેશ્વરની સ્તુતિ કરે, તો આ સંસારના બંધનમાંથી કેમ ન છુટે – મુક્તિ ન પામે ?

ધનેષુ જીવિતવ્યેષુ સ્ત્રીષુ ભોજનવૃત્તિષુ ।
અતૃપ્તા માનવાઃ સર્વે યાતા યાસ્યન્તિ યાન્તિ ચ ॥

ધનમાં, જીવવામાં, સ્ત્રીમાં અને જમવાની વૃત્તિમાં બધા મનુષ્યો તૃપ્તિ પામ્યા વગર જ ગયેલા છે, જાય છે ને જશે.

સ તુ ભવતિ દરિદ્રો યસ્ય તૃષ્ણા વિશાલા ।
મનસિ ચ પરિતુષ્ટે કોઽર્થવાન કો દરિદ્રઃ ॥

જેની તૃષ્ણા વિશાળ હોય તે જ દરિદ્રી છે. મનમાં જો સંતોષ રહેતો હોય તો ધનવાન કોણ છે અને દરિદ્ર કોણ છે ? ખરેખર, તૃષ્ણાવાન જ સાચો દરિદ્ર છે.

ન જાતુ કામઃ કામાનામુપભોગેન શામ્યતિ ।
હવિષા કૃષ્ણવર્ત્મેવ ભૂય એવાભિ વર્ધતે ॥

ખરેખર, વાસનાઓ વિષયોના ઉપભોગથી શાંત થતી નથી, અગ્નિમાં ઘી હોમવાથી જેમ અગ્નિ વધે છે, તેમ ભોગ ભોગવવાથી ભોગેચ્છા વધતી જાય છે.

ભોગા ન ભુક્તા વયમેવ ભુક્તાઃ, તપો ન તપ્તં વયમેવ તપ્તાઃ ।
કાલો ન યાતો વયમેવ યાતાઃ; તૃષ્ણા ન જીર્ણા વયમેવ જીર્ણાઃ ॥

ભોગો તો ભોગવાયા વહિ, પણ અમે જ ભોગોથી ભોગવાઈ ગયા. તપ તો અમે તપ્યા નહિ પણ વગર તપે જ અમે દુઃખોથી તપાઇ ગયા. કાળ તો ગયો નહિ પણ અમે જ ગયા – જવાનો સમય આવ્યો. તૃષ્ણા તો જીર્ણ થઇ નહિ પણ અમે જ જીર્ણ થઇ ગયા.

પંડિતે ચૈવ મૂર્ખે ચ બલવત્યપિ દુર્બલે ।
ઇશ્વરે ચ દરિદ્રે ચ મૃત્યોઃ સર્વત્ર તુલ્યતા ॥

પંડિત હોય કે મૂર્ખ હોય, બળવાન હોય કે દુર્બળ હોય, ઐશ્વર્યવાન – ધનાઢય હોય કે ગરીબ હોય, પરંતુ મૃત્યુને તો એ બધાં સમાન – સરખા જ છે – અર્થાત્ તે કોઇને પણ છોડતું નથી.

સર્વભૂતેષુ ગોવિન્દો બહુરૂપો વ્યવસ્થિતઃ ।
ઇતિ મત્વા મહાપ્રાજ્ઞાઃ પ્રતિકૂલં ન કાચ્યેત્ ॥

સર્વ પ્રાણીઓમાં અનેક રૂપધારી વિષ્ણુ ભગવાન રહેલા છે, એમ માનીને વિદ્વાન માણસે કોઇનું અહિત કરવું નહિ.

સત્યં બ્રુયાત્ પ્રિયં બ્રુયાન્ન બ્રુયાત્સત્યમપ્રિયમ્ ।
પ્રિયં ચ નાનૃતં બ્રુયાદ્ હ્યેષ ધર્મઃ સનાતનઃ ॥

સત્ય બોલવું, પ્રિય બોલવું, પરંતુ સત્ય હોય એવું અપ્રિય બોલવું નહિ, તેમજ પ્રિય હોય એવું અસત્ય ન બોલવું, એ જ સનાતન ધર્મ છે.

['કંઠાભરણમ્' કેસેટ પુસ્તિકામાંથી શ્રી પરીખ પરીવારના સૌજન્યથી]

હું વૈષ્ણવ છું, મારૂં ધર્મરાજા શું કરી શકે તેમ છે ? મારી ગતિ અવશ્ય પ્રભુ સાન્નિધાને જ છે.

રચયિતા : **પ. ભ. મધુસુદન શાસ્ત્રીજી**, વેદાન્ત સાહિત્ય આચાર્ય, શાસ્ત્રીમહાસભા, સુરત.

[શ્રી મધુસૂદન ચીમનલાલ શાસ્ત્રીજી (સુરત) સંપ્રદાયના પ્રાચીન વિદ્વાનોમાંના એક છે. છેલ્લા ૩૫ વર્ષોથી સતત સુરતની મહાસભાની ૬ પરીક્ષાઓ દ્વારા સંપ્રદાયની અવૈતનિક શાસ્ત્રીજી તરીકેની સેવા આપે છે. આજે ૭૦ વર્ષની વયે પણ આપી રહ્યા છે.

તેઓને અનેકવાર વિદ્વત્ સન્માન પ્રાપ્ત થયું છે. પુ. પા. ગો. શ્રી ૧૦૮ શ્રીષષ્ઠપીઠાધીશ્વર શ્રી વ્રજરત્નલાલજી મહારાજ શ્રી (સુરત) દ્વારા, પુ. પા. ગો. શ્રી ૧૦૮ શ્રી તૃતીય પીઠાધીશ્વર શ્રી વ્રજભુષણલાલજી મહારાજ શ્રી (કાંકરોલી) દ્વારા, પુ. પા. ગો. શ્રી ૧૦૮ શ્રી વ્રજભુષણલાલજી મહારાજશ્રી (જામનગર) દ્વારા, ઉપરાંત અનેક પુ. પા. ગો. વર્તમાન બાળકો દ્વારા તથા પરિષદ દવારા, મહાસભા દવારા તથા હરસાનીજી પબ્લિક ટ્રસ્ટના માધ્યમથી વિદ્વત્ સન્માન એવોર્ડ પુ. પા. ગો. શ્રી ૧૦૮ શ્રી વાગીશકુમારજી મહારાજ શ્રી (કાંકરોલી), પુ. પા. ગો. શ્રી ૧૦૮ શ્રી ઇન્દિરાબેટીજી (વડોદરા)ના કરકમલો દ્વારા પણ સન્માન પ્રાપ્ત થયું હતું.

શાસ્ત્રીજીએ હમણા જ ડીસેમ્બર ૧૯૯૫માં તેમને બાયપાસ સર્જરી મુંબઇમાં કરાવી હતી તો આવે કટોકટીને પ્રસંગે મુંબઇમાં યશલોક હોસ્પિટલમાં મૃત્યુશય્યા ઉપર સૂતેલા સંપ્રદાયના શાસ્ત્રીજીનું અષ્ટક પ્રસંગને અનુરૂપ છે. વૈષ્ણવ દેહવિલયથી ગભરાતો નથી. તેની પ્રભુપ્રાપ્તિ નિશ્ચિત છે જ. (સંપાદકીય)]

છંદ–અનુષ્ટુપ

સ્મરામિ શ્રી બાલકૃષ્ણં, પઠામિ યમુનાષ્ટકં ।
જપામિ શરણં મંત્રં, કિં નો મૃત્યુઃ કરિષ્યતિ ।૧।

હું શ્રી બાલકૃષ્ણપ્રભુજીનું સ્મરણ કરું છું, શ્રી યમુનાષ્ટક બોલું છું, અષ્ટાક્ષર મંત્રનો જપ કરું છું, માટે યમરાજ ધર્મદેવતા મારું કાર્ય બગાડી નહીં શકે. મને પરમાત્માની પ્રાપ્તિ છે જ. ।૧।

પઠામિ શ્રી ભાગવતમં, સુબોધિની સાકં સદા ।
સદા શ્રી શરણ ધ્યાનમં, કિં નો મૃત્યુઃ કરિષ્યતિ ।૨।

(ક્રમશઃ)

સમાચાર

આં. રા. પુ. વૈષ્ણવ પરિષદ દ્વારા મધ્ય પ્રદેશમાં ક્ષેત્રિય સંમેલનો

આંતર રાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ મધ્ય પ્રદેશ રાજય સમિતિના ઉપક્રમે સાજાપુર જીલ્લાના મોહન બડોરીયા બ્યાવરા જીલ્લા તેમજ ગુના જીલ્લાના ભોરા ખાતે આ વિસ્તારના ક્ષેત્રિય સંમેલનો યોજાયા હતા.

મોહન બડોદિયા શ્રી ગુસાંઇજીની બેઠક ઉપર સાજાપુર જીલ્લાના આંજુબાજુના ૧૯ ગામોની શાખાના ૨૫૦ વૈષ્ણવ પ્રતિનિધીઓની ઉપસ્થિતિમાં સવારથી સાંજ સુધી ચાલેલા આ સંમેલનોમાં શાખાઓને સક્રિય કરી કાર્યવંત કરવા પ્રચાર સાહિત્ય વેચાણ–આજીવન સદસ્યતા–સક્રિય થવા અરસપરસ વિચારોનુ આદાન પ્રદાન તેમજ સંગઠન ઉપર પ્રાસંગિક પ્રવચનો થયા હતા આ સંમેલનનુ સંચાલન શ્રી બદ્રીપ્રસાદ ચૌતેરીએ કર્યું હતું.

બ્યાવરા : બ્યાવરા જીલ્લાની આજુબાજુના ૧૧ ગામોની શાખાના આશરે ૪૦૦ વૈષ્ણવની ઉપસ્થિતિમાં આ ક્ષેત્રિય સંમેલનનુ આયોજન થયુ હતુ જેનો વ્યવસ્થા શ્રી ગોવિંદભાઈ મોદાની તથા અન્ય વૈષ્ણવ અગ્રણીઓ દ્વારા કરવામાં આવી હતી.

ગુના : ગુનાશાખનુ સ્થાનિક સંમેલન રાત્રિના વલ્લભ સદનમ) તેમજ આ જીલ્લાના આજુબાજુના ૧૨ ગામોની શાખાના વૈષણવોની હાજરીમાં ભોરા નદીના કિનારા ઉપર પુ. પા. ગો. શ્રી પ્રથમેશજી

મહારાજશ્રીના આશીર્વાદથી નિર્માણાધીન ૬ એકર જમીન વિકાસ પામતા શ્રી વલ્લભસદનમાં સંમેલન યોજવામાં આવ્યુ હતુ આદીવાસી ગામોના પરંતુ સંપ્રદાયના ભાવુક આશરે ૧૫૦ વૈષણવ પ્રતિનિધીની ઉપસ્થિતીમાં સુંદર આયોજન થયુ હતું.

આ સંમેલનો કેન્દ્રીય સંગઠન મંત્રી શ્રી હસમુખ ખખ્ખરના મધ્ય પ્રદેશના પ્રવાસ દરમ્યાન આયોજીત કરી તમામ સ્થાન વૈષ્ણવોના નિવાસ તથા ભોજનની સુંદર વ્યવસ્થા ત્યાંના વૈષ્ણવો દ્વારા કરવામાં આવી હતી.

આ પ્રસંગે જીલ્લાના વૈષ્ણવ અગ્રણીઓ ઉપરાંત કેન્દ્રીશ માજી મહામંત્રી શ્રી કુંભનદાસ ઝાલાની– મહામંત્રી શ્રી ચંદ્રહાસભાઇ દલાલ કેન્દ્રીય સંગઠન મંત્રી શ્રી હસમુખ ખખ્ખર તેમજ મધ્ય પ્રદેશ રાજય સમિતિના પ્રમુખ શ્રી વૃજમોહનદાસ વિજયવર્ગીય નેતૃત્ત્વ નીચે આયોજન થયા હતા.

જામનગર : અત્રે શ્રીમદ અનિરૂદ્ધ પુષ્ટિમાર્ગીય પાઠશાળાના ઉપક્રમે શ્રી ભાગવત સપ્તાહની પુર્ણાહુતી પ્રસંગે પુ. પા. ગો. શ્રી હરિરાયજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં પુ. ગો. આચાર્યોનું એક સંમેલન મળેલ. પ્રારંભમાં વધાઈ કીર્તન બાદ સ્વાગત પ્રવચન શ્રી જયેન્દ્રભાઇ અડાલજાએ કરેલ.

આ સંમેલનમાં પુ. પા. ગો. શ્રી શ્યામબાવા–પોરબંદર,–પુ. પા.ગો. શ્રી સરદકુમારજી (શ્રી શિવુબાવા) પોરબંદર, પુ પા. શ્રી ગોવિંદરાયજી બાવાશ્રી રાજકોટ તથા જામનગર શ્રી વ્રજવલ્લભ શોશ્યલગૃપના અધ્યક્ષ શ્રી વલ્લભ બાવાએ વચનામૃતો દ્વારા સુંદર પ્રેરણા આપેલ.

શ્રી ભાગવત સપ્તાહના વ્યાસપીઠે બિરાજેલ શ્રી બટુકભાઇ શાસ્ત્રીજીનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ. આ. પુ. વૈ. પરિષદના કેન્દ્રીય મંત્રી શ્રી હસુભાઈ ખખ્ખરે પરિષદની પ્રવૃતિઓનો અહેવાલ આપેલ. આભારદર્શન શ્રી મુકેશ છાપીઆએ કરેલ.

બીજો કાર્યક્રમ શ્રીવ્રજવલ્લભ શોશ્યલ ગૃપ દ્વારા શૈક્ષણિક ક્ષેત્રે વૈષ્ણવ બાળકોને પ્રોત્સાહન આપવા ધો. ૧થી૧૦ના વિદ્યાર્થીઓને ઈનામો પુ. પા. ગો. શ્રી હરિરાયેજી મહારાજશ્રીના વરદ હસ્તે અપાએલ. આપશ્રીએ આ કાર્યક્રમની ઉપયોગીતા દર્શાવી આશિર્વાદ પ્રદાન કરેલ.

ધો. ૧૦માં ઈનામ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ પ્રથમ ક્રમે બે શ્રી ચિંતન ગુણવંતરાય સાંગાણી તથા શ્રી મયુરીબેન રજનીકાંન્ત અમલાણી દ્વિતીયક્રમે કિન્નરીબેન દીલીપભાઈ ધ્રુવ અને તૃતિયક્રમે આનંદ મહેશભાઇ બરછા આવેલ.

શ્રી વ્ર. વ. શોશ્યલ ગૃપના અધ્યક્ષ અધ્યક્ષ શ્રી વલ્લભબાવાએ વિસ્તૃત સમજણ આપેલ.

શ્રીનાથદ્વારા : અત્રે શ્રી પુરૂષોતમમાસમાં નિકુંજનાયક શ્રીનાથજીબાવાની છત્રછાયામાં ગોસ્વામી તિલકાયત શ્રી રાજીવજી મહારાજ (શ્રીદાઉજી મહારાજ) દ્વારા મોતીમહેલ લાલ છત હોલમાં શ્રીમદ ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞ પ્રભુ પ્રિત્યર્થ યોજાએલ વ્યાસ પીઠ પર સુપ્રસિધ્ધ વિદ્રાન શ્રી નિરંજન શાસ્ત્રીજી ઉમરેઠવાળા બિરાજેલ પૂ. પા શ્રી તિલકાયત મહારાજશ્રી સપરિવાર તથા દેશવિદેશના વૈષ્ણવોએ કથામૃત પાન કરેલ.

(બીજા ટાઇટલથી ચાલુ)

૮ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૩૨, કાચું પુઠું, પીન બાઈન્ડીંગ. ઓફસેટ પ્રિન્ટીંગ ન્યોછાવર રૂ. ૧૦/ પોસ્ટેજ રૂા. ૨/-

પ્રસ્તુત પુકિતકા શ્રી પુષ્ટિમાર્ગીય પરિચય પુસ્તિકા ૧૮મી પ્રકાશિત થઇ છે. તેમાં મથુરાથી વૃજમાં જવાની આજ્ઞા શ્રી કૃષ્ણચંદ્ર ઉદ્ધવજીને આપે છે ત્યાંથી પ્રારંભ કરી શ્રી ગોપીજનોને ગુરુમાની વૃજમાંથી પાછા ફરે છે અને ત્યાંની વિરહ દશાનો ચિતાર રજુ કરે છે તે સમગ્ર ગાથા શ્રીમદ ભાગવતના મુળ સંસ્કૃત ભ્રમરગીત મુળ-અન્વય અનુવાદ સહિત તેમજ અષ્ટ સખા પૈકી શ્રી સુરદાસજી ઓને શ્રી નંદદાસજીના ભ્રમરગીતોના પદોની સાથોસાથ ભકત કવિ શ્રી દયારામભાઈ કૃત "પ્રેમરસગીતા"ના અંશોના આધારે આખા ભ્રમરગીથના પ્રસંગોને સાંકળી લઈને સૌ કોઈ સમજી શકે તેવી સુંરર શૈલીમાં રજુઆત કરેલ છે. વાચન-મનન-વસાવવા લાયક પુસ્તિકા.

૪. શૃંગાર માલિકા

સંપાદક-પ્રકાશક-વર્ણન-ન્યોછાવર વગેરે ઉપર (૩) મુજબ,

- પ્રસ્તુત પુસ્તિકા શ્રી પુષ્ટિમાર્ગીય પરિચય પુસ્તિકા ૧૯મી પ્રકાશિત થઈ છે.

ચિત્રાલેખન અને પરામર્શ દાતા -

પૂ. પા. ગો. શ્રી યશોદાનંદજી મહારાજશ્રી, બોરીવલી - મુંબઈ

પુષ્ટિમાર્ગમાં રાગ, ભોગ અને શૃંગારની પ્રણાલિથી શ્રીજીની સેવા વાર્ષિક અનુક્રમ મેંડથી કરવામાં આવે છે. તે પૈકી આ પુસ્તિકામાં શ્રીજીને વર્ષના દિવસોમાં શ્રી મસ્તકના શૃંગાર સહેરો, ટિપારો, કુલ્હે, પાગ, કુમાલા, ફેંટા. પગા, ટોપી વગેરેના રેખા ચિત્રો સાથે શૃંગારને અનુરૂપ અષ્ટાસખાના પદોનું સંકલન સુંદર રીતે કરેલ છે, જિજ્ઞાસુને તેમજ ઘર સેવા કરતા વૈષ્ણવોને માર્ગદર્શક-વસાવવા લાયક પુસ્તિકા

શુભ વિવાહ પ્રસ્તાવ મંગલ પત્રિકા

સહર્ષ જણાવવાનું કે વૈષ્ણવાચાર્ય પુ. પા. ગો. ૧૦૮ શ્રી વૃજેશકુમારજી મહારાજશ્રી (કડી-અમદાવાદ)ના જ્યેષ્ઠ આત્મજ પુ. પા. ગો. શ્રી યદુનાથજી મહોદયશ્રીના વિવાહ પ્રસ્તાવની શુભ મિતી માગશર શુદ ૩. તા. ૧૩-૧૨-૯૬ શુક્રવારના-સાંજે સપ્તમ પિઠાધીશ્વર પુ. પા. ગો. ૧૦૮ શ્રી ઘનશ્યામલાલજી (કામવન)ના શ્રી બેટીજીના સુપુત્રી સાથે નિર્ધારીત થયેલ છે.

આ શુભ પ્રસંગે 'શ્રીજી'ના વિવિધ મનોરથો પણ થશે આપ સર્વેને આ પ્રસંગે ઉપસ્થિત રહી શોભામાં અભિવૃદ્ધિ કરવા અમારું સ્નેહભર્યું આમંત્રણ છે. ઉપરોકત શુભ પ્રસંગે ગોસ્વામી આચાર્યશ્રીઓનો વિશાલ સમુદાય ઉપસ્થિત રહેશે જેમના દર્શનનો લાભ. સર્વે વૈષ્ણવજનોને મળશે.

પ્રસ્તાવ સ્થળ : "વ્રજધામ" ૧૨, હિરાબાગ, અમૃતજ્યોતિ સ્કૂલની સામે,
આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૦૬ ફોન : ૪૬૩૦૩૬

નોંધ : બહારગામથી તથા વિદેશથી આવનાર વૈષ્ણવો અગાઉથી જાણ કરશે તો તેમના આવાસ તેમજ પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવશે.

પત્ર વ્યવહાર અને સંપર્ક :

વૈષ્ણવાચાર્ય ગો. શ્રી વ્રજેશકુમારજી મહાજશ્રી
'વ્રજવિલા' ૫૧, પુનિતનગર વિભાગ-૩,
સેટેલાઈટ રોડ, આંબાવાડી, અમદાવાદ ૩૮૦ ૦૧૫.
ફોન : ૪૦૩૯૩૭ ફેક્ષ : ૬૫૬૯૮૪૨

SHREE VALLABH SUDHA Monthly Magazine. Published on third date of Every Month, **Regd.No.G/RJ.213-L.P.W.P43.**

રાસ લીલાનું ધોળ

સખી આજે રે વાગે શ્રી વૃંદાવન વાંસળી, મારે મંદિરીએ સંભળાય,
સખી આજ રે વાગે વૃંદાવન વાંસળી ૧

સખી વાંસળી તે કેરી વેણુમાં,
મારું ચિત્ત ઘણું અકળાય – સખી આજ રે૦ ૨

સખી સુધ બુધ ભૂલી સુંદરી,
જીરે ઘર તજીને વનમાં જાય – સખી આજ રે૦ ૩

સખી અવળાં તે આભરણ પહેરીયાં,
જીરે અવળાં ઓઢયાં ચીર – સખી આજ રે૦ ૪

સખી કરનાં તે કંકણ જોડનાં,
જીરે નુપુર ધરીયાં કાન – સખી આજ રે૦ ૫

સખી નયણે તે સિંદુર સારીયાં,
જીરે કાજળ ટીલડી લલાટ – સખી આજ રે૦ ૬

સખી ગાયોનાં દોહન ચુકીયાં,
જીરે વાછડાં બાંધ્યા છે બહાર – સખી આજ રે૦ ૭

સખી ઘરનાં તે કામકાજ ચુકીયાં,
જીરે રોતાં મેં કયાં છે બાળ – સખી આજ રે૦ ૮

સખી મેલ્યાં તે માત તાત ભ્રાતને,
જીરે મેલ્યાં પતિ પુત્ર પરિવાર – સખી આજ રે૦ ૯

સખી આસો તે માસ સોહામણો,
જીરે સોહામણી શરદની રાત – સખી આજ રે૦ ૧૦

'**માધવદાસ**'ના સ્વામીને વિનવું,
હારે વાહાલે રંગે રમાડયાં છે રાસ – સખી આજ રે૦ ૧૧

–ભકત કવિશ્રી માધવદાસ દલાલ, ખંભાત

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ પ્રકાશિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક : સ્વરૂપભાઈ પ. પટેલ, 'અમૃત' જયરાજ પ્લૉટ,-૧ માર્ગ-૩, યુનિવર્સિટી રોડ, રાજકોટ-૫

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૨૨૧૩૮

શ્રી વલ્લભસુધા

વચન સુધા

“વળી એક દિવસે કહ્યું કે, આગળ જે જે પ્રભુને પામ્યાં છે તે સર્વે ભગવદિયના સંગથી પામ્યા છે પણ પ્રભુથી કોઇ પ્રભુને પામ્યા નથી. માટે ક્ષણ એક ભગવદિયના સંગ વીના રહેવું નહી કેમ કે ભગવદિયના સંગથી પ્રભુની પ્રાપ્તિ થાય છે. પ્રભુની પાસેથી પ્રભુ નહીં મળે એવો ભગવદિયના સંગનો મોટો પ્રભાવ છે. વળી ભગવદિયની મંડળીમાંથી ભગવાનના ચરિત્રની ખબર પડે કેમ કે પ્રભુ પોતે પોતાના જશ વરણવતા નથી. પ્રભુ તો ભગવદિય દ્વારા પોતાના જશ વર્ણન કરાવે છે.

નિ. લી. ગો. શ્રી ગોપીકાલંકારજી શ્રીમટુજી મહારાજશ્રીના વચનામૃત વ. ૮

❀ આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો ❀

વર્ષ ૧૫ : અંક-૮ ❀ નવેમ્બર, ૧૯૯૬

શ્રી વલ્લભાબ્દ ૫૧૯

વાર્ષિક લવાજમ રૂા. ૩૫/- ❀ આજીવન રૂા. ૪૦૧

“શ્રી વલ્લભસુધા”

કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ-૩૬૦૦૦૧

✻ દિપ પર્વ ✻

રચિયતા : પૂ. પા. શ્રી ગોકુલેશબાવાશ્રી (જુનાગઢ)

નિગમ અગમસુગમ ગમ લલિતા
ઉર્વ પર્વ દિપદર્પ ચલિતા
જીવન ઉત્સવ દિપ મહોત્સવ
કૃષ્ણકરણીય સુખસખપલિતા

આનંદ આસ્વાદન મૃદુ મધુવારણ
સૌમ્ય આહ્લાદય ધૈર્યધુન ધારણ
સદાશ્રેયસ મનુ સુખકારી
પ્રસન્ન પાવન પ્રેયક્ષરમ ફલિતા

નંદીતત મય હાસ્ય રાસ્ય મધુ
નૈઃ સ્વાર્થ્ય પ્રશાંત પ્રીત પ્રવધુ અધુ
સુંદર સંલાપ લાપ કલાપ સાર્વ
સમૃદ્ધિ સત્ સરિત સદ્ સધુ
દેદિપ્ય દર્પણ સમર્પણ ભાવ અજ્ઞાન તાપતપતલપગલિતા
શાંતિ સ્વર સંદાનંદીતતા
કાંતિત્વર પરમાનંદીતતા
નેહસુરભ આસન આરુઢ
પ્રપ્રસન્ન શાસન આત્માનંદીતા
સદભુત અર્જન મહદમાર્જન મનોરમ ઉદ ઉર્જ, માધુરીતતા
રસાનંદીતતા સચ્ચિદાનંદીતતા સર્વાનંદીતતા !!!

० દિપાવલી દુંદુભી ०

જીવન દિપાવલી પર્વ, મધુર સુરાવલી સર્વ સંવેદન ગાન : પ્રસન્ન પ્રસ્થાન, સ-રસ શ્રેય શાન્તિ
સંસ્થાન સ્નેહ સુરતી સમૃદ્ધ મધુસ્થાન, કુંઠા કલેશ કલહ અસ્થાન;
પરમ પ્રેક્ષ પ્રજ્ઞ પ્રકાશે, સુશોભિત બને વિશ્વ દેવસ્થાન.
અનુ 'ભવ' અવનવ દિપાવલી ઉત્સવ !
અનુરવ અનુકવ અનુષ્ટુપ મલોત્સવ !

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૭
વર્ષ : ૧૫ અંક : ૮ ✻ નવેમ્બર ૧૯૯૬

મનને શિક્ષા

મનારે તેં બહુ વિધિ પોલ ચલાઇ ॥
ભક્ત, ભક્ત સબજક્ત પુજાયો યહ હૈ વિમુખતાઇ ॥૧॥
ભગવદ્ ધર્મ કોડી કે પલટેં કહું કો કહું બિકાઇ ॥
કોટીકભાંતી દીખાય દીનતા, તોઉન પેટ ભરાઇ ॥૨॥
કહાં લગી કરોં પ્રશંસા તેરી, સમઝી સમઝી પછીતાઇ ॥
'રસિકદાસ" જન જાણી કૃપાનિધિ કછુ એક ધીર ધરાઇ ॥૩॥

✻ ભાવર્થ ✻

શ્રી મટુજી મહારાજ પોતાના મનને ઉદ્દેશીને જે શીક્ષા આપે છે તે હકીકતમાં તો આપણા જેવા કાચાં મંનના વૈષ્ણવોને ઉપદેશ આપવા જ અને ચેતવવા આપે છે.

અરે મન ! તે બહું પોલચ લાવી. જગતમાં તો મોટો ભગત બની પુજાયો આ જ તારી વિમુખતા છે.

અરે તે રત્ન સમાન ભગવદ્ ધર્મ સાવ કોડીના મુલે કયાંય તો કયાંય વેંચી માર્યો (હૃદયને ભગવદ્ રસની અનુભુતી કરવા ને બદલે ક્ષુદ્ર લૌકિક કામોની પુર્તી માટે તુ જગતમાં પુજાવા લાગ્યો.)

હવે વ્યંગમાં કહે છે કે તારી કેટલી પ્રસંસા કરુ તારી અવળી રીતો જાણી બહુ પસ્તાવો થાય છે પણ છેવટે કૃપા નિધી શ્રી મહાપ્રભુજીએ પોતાના જન તરીકે માન્યા છે તેથી થોડીક ધીરજ રહે છે કે તેમની કૃપાના પ્રતાપથી સર્વ સીદ્ધ થશે.

શ્રી વલ્લભ સુધા દર માસની ૨૭ તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન એપ્રીલ થી માર્ચ.

- ✻ શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશત થયેલ અંકો મોકલાય છે.
- ✻ ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવે મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામુ અવશ્ય લખવું.
- ✻ શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદ્યોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનઓ મોકલવા વિનંતિ.
- ✻ લેખ આદિ કાગળની એક બાજુ **સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.**
- ✻ **શ્રીવલ્લભ સુધામાં** વૈષ્ણવો **તરફથી આર્થિક સહાય** પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
- ✻ શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- ✻ ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે

પત્ર વ્યવહાર સંપર્ક :

શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, રાજકોટ

।। શ્રી કૃષ્ણાય નમઃ ।।

।। શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ।।

ભકિત વર્ધિની

શ્રી ગોપેશ્વરજીએ રચેલ વિવરણ સહિત

ભાષાંતર : પ્રો. પ્રતાપરાય કાં. શાહ એમ. એ. કોવિદ, મુંબઇ

—ગતાંકથી ચાલુ

જો એમ હોય તો પછી કોઈ પણ પ્રકારના અંતરાય (અડચણ—આડખીલી—નડતર) વગરનો આ ઉપાય હાજર હોવા છતાં બીજા કોઇ ઉપાયની રજુઆત શા માટે એમ પુછવામાં આવે તેના ઉત્તરમાં કહે છે કે 'ત્યાગે....વગેરે.'

ત્યાગે બાધક ભૂયસ્ત્વં દુઃસંસર્ગાત્તથાન્નતઃ ।।૭।।
અતઃ સ્થૈર્યં હરિસ્થાને તદીયૈઃ સહ તત્પરૈઃ ।
અદુરં વિપ્રકર્ષે વા યથા ચિત્તં ન દુષ્યતિ ।।૮।।

અર્થ : એવો અવિચારી ગૃહત્યાગ તેના ધ્યેયમાં બાધક બને છે. શાથી ? ખરાબ માણસોની સોબત થવાથી અને પોતાના શરીરના પોષણ માટે જ્યાં ત્યાં અન્ન મેળવવાના પ્રયત્નો કરવાથી બહિર્મુખ (એટલે કે આંતરિક ભકિતભાવથી વિમુખ) બનવું પડે છે. ।।૭।।

આ કારણને લીધે (બીજભાવ દઢ થાય ત્યાં સુધી) ભગવત્ પ્રાપ્તિ માટે પ્રયત્નશીલ ભકતે હરિના સ્થાનમાં (જેવાં કે શ્રીમદ ગોકુલ, વ્રજભૂમિ, જગન્નાથપુરી, પંઢરપુર, દ્વારકા જેવા શ્રી હરિનાં સ્થાનોમાં) રહેવું જોઇએ. ભગવદીયજનો સાથે, ભગવત્સેવા પરાયણ (તત્પરઃ) બનીને રહેવું જોઇએ; અથવા તો તેમની વધુ નિકટ ન રહેવું— જો તેમનામાં આપણા વિશે દોષબુદ્ધિ જાગે એવો ભય હોય તો (કારણ કે પેલા સંસ્કૃત સુભાષિતમાં કહ્યું છે તેમ—

અતિ પરિચયાદવજ્ઞા, સંતતગમનાદનાદરો ભવતિ ।
મલયે ભિલ્લપુરન્ધ્રી ચંદન તરુ કાષ્ટમિન્ધનં કુરુતે ।।

અર્થ : અતિ એટલે કે વધુ પડતા પરિચય (નિકટના નિવાસથી) અવજ્ઞા (એટલે ઉપેક્ષા અથવા માનહાનિ અથવા યોગ્ય એવા આદરનો અભાવ) થવાનો સંભવ છે. ઉદાહરણ તરીકે મલયાચલ પર્વત પર સુગંધયુકત અને ઘણાં કિંમતી ચંદનના વૃક્ષો ઉગે છે ત્યાં શ્રેષ્ઠ હોવા છતાં ચંદનની યોગ્ય કદર થતી નથી, અને મલયાચલ પર્વત પર રહેતી ભીલ સ્ત્રીઓ ચંદનના કિંમતી લાકડાંને બાળવાના મામુલી લાકડા તરીકે વાપરે છે. ચંદન કાષ્ટ તો તેના સુગંધ ગુણના કારણે ઘસાઇને લેપ બનીને ભગવાનની મુર્તિના લલાટે લગાડવામાં આવતો હોય છે ! લાકડાં તરીકે બાળવા માટે ચંદનકાષ્ટ યોગ્ય નથી.

આપણું મન દોષિત ન થાય તે રીતે નજીક કે દુર રહેવું પણ કોઇપણ સંજોગોમાં સત્સંગ તો છોડવો જ નહીં. ॥૮॥

વિવૃત્તિ : ત્યાગ સ્વતંત્ર રીતે એટલે કે ખુદ પોતાના ગુણોને કારણે ફલપ્રદ થતો નથી, કારણ કે ત્યાગમાં એવા ઘણાં તત્ત્વો–લક્ષણો છે જે ભક્તિમાં બાધક બને છે– જેવાં કે દુર્જનોનો સંગ, દુષ્ટ અન્નનું ભક્ષણ વગેરે ઘણાં લક્ષણો છે, જેનાથી સદબુદ્ધિમાં પ્રતિક્ષેપ–પ્રતિકુળ અસર થાય છે. કારણ કે ભગવાનથી પરાંગમુખ (એટલે વિમુખ) જનો જેમનું અંતઃકરણ અનેક દોષોથી દુષિત થયેલું છે એવા જનોના સંગથી કંઇ ફાયદો થતો નથી. ન તો એવા લોકો તરફથી પ્રાપ્ત થતું અન્ન ખાનારનું મન ભગવાનમાં હંમેશાં (વિક્ષેપ વગર) પરોવાયેલું રહી શકે છે. તેથી એવા વૈષ્ણવોનું અન્ન ન સ્વીકારવું જોઇએ તેથી જ પદ્મપુરાણમાં કહ્યું છે કે–

અવૈષ્ણવાનામન્નં ચ પતિતાનાં તથૈવ ચ ।
અનર્પિતં તથા વિષ્ણોઃ શ્વમાંસ સદશં ભવેત્ ॥

(એટલે કે જેઓ વૈષ્ણવ નથી તેમનું અન્ન તથા પતિતો (પાપીઓ)નું અન્ન તથા વિષ્ણુ ભગવાનને સમર્પિત થયેલું ન હોય તેવું અન્ન કુતરાના માંસ સમાન છે.) જો એમ શંકા કે દલીલ કરવામાં આવે કે ઘણાય તત્ત્વો બાધક હોય છે તેમાંથી એ તત્ત્વોનો જ ઉલ્લેખ શા માટે કરવામાં આવ્યો છે ?

તો ઉત્તરમાં કહેવાનું કે સંસર્ગ દોષ તથા અન્નદોષની પ્રબળતા ઘણી છે (પેલી કહેવતમાં કહ્યું જ છે ને ! કે, 'સોબત તેવી અસર' અને 'આહાર તેનો ઓડકાર' !) તેથી જો ભગવદ ભજનગૃહ વગેરેમાં કોઇ જાતની બાધા (કે અડચણ કે અંતરાય કે આડખીલી) વગર થઇ શકતુ હોય તો ગૃહાદિનો પરિત્યાગ કરવો શ્રેયસ્કર નથી અને તે પણ જો અહીં ભાર્યાદિનો પરિત્યાગ કરવો શ્રેયસ્કર નથી અને તે પણ જો અહીં ભાર્યાદિને લીધે યા તો તેમના દ્વેષને કારણે સેવાનું કાર્ય સારી રીતે ન ચાલતુ હોય ત્યારે પહેલાં કહેવામાં આવી હતી તે રીતે (પ્રણાલી દ્વારા) ત્યાગ જ કરવો જોઇએ એ જ વિવેક છે. આ જ કારણને લીધે શ્રી આચાર્ય ચરણે 'તત્વદીપ નિબંધ'માં આજ્ઞા કરી છે કે–

ભાર્યાદીરનુકુલશ્ચેત્કારયેત્ ભગવત્ ક્રિયામ્ ।
ઉદાસીને સ્વયં કુર્યાત્ પ્રતિકુલે ગૃહંત્યજેત્ ॥

(એટલે કે જો ભાર્યા કુટુંબીજનો વગેરે (સેવાકાર્યમાં) અનુકુલ હોય તો તેમના દ્વારા ભગવાનનું કાર્ય કરાવવું (ચલાવવું) પણ જો તેઓ ઉદાસીન હોય તો સેવાકાર્ય જાતે (એકલાએ)

કરવું અને જો તેઓ પ્રતિકુલ હોય તો ઘરનો ત્યાગ કરવો) અને બીજા સ્કન્ધના વિવરણમાં પણ તેમણે કહ્યું છે કે–

'દામ્પત્યં ભગવદ ભજનાર્થમપેક્ષિતમ' (એટલે કે દામ્પત્યની અપેક્ષા તો ભગવદ ભજનને કાજે જ છે). આ પ્રમાણે ત્યાગમાં દુઃસંગાદિ ઘાતક બને છે તેનું નિરુપણ કર્યા પછી તે દોષનું નિરાકરણ કરવા સમર્થ એવો સજ્જન સંગ કયારેક ભગવત્સ્થાનમાં સંપાદન કરવા યોગ્ય છે એમ જણાવતાં કહે છે–' અતઃ....વગેરે. –ક્રમશઃ

શ્રી યમુનાજીના પદ

રચયિતા : મહાકવિ શ્રી વલ્લભદાસ શર્મા, દેવરી.

ભાવાર્થ–લેખક **'માધુરી'** રાજકોટ

પદ–૩૨

તિહારી કૃપા અછિત ગતિ મેરી;
તુમ સર્વજ્ઞ કહોં કહા રવિન્ન શરણુ પુકારતિ ચેરી. ૧

રવિ મંડલ તટ તનક તિમિર ને કરી અનીત ઘનેરી;
સંત સમાજ સોચ મન સાને આનિ ન માની તેરી. ૨

શરણાગત મારગ ગ્લાનિ બસ કરત સકલ અવસેરી;
જન **'વલ્લભ'** પૈ દ્રવહુ સુધા ભરિ કીજૈ કૃપા સવેરી. ૩

ભાવાર્થ :– આ પદમાં કવિશ્રી યાચના કરતાં કહે છે કે મારા ઉપર જલ્દી કૃપા કરો.

શ્રી યમુનામૈયા, આપ તો સર્વજ્ઞ (સર્વ જાણો) છો કે મારી દશા શું છે. તેનાથી અજાણ નથી. આપને શું કહું ?

આ તો સૂર્યની પાસે રહેવાવાળા ને અંધારાનો સામનો કરવો પડે તેવું દેખાય છે. હું તો આપની નિકટ તો નિવાસ કરી રહેલ છું. મારા ઉપર કૃપાની ખામી જોઈ સંતલોક વિચાર કરે છે કે શરણાંગત હોવા છતાં તે ઉપર ગ્લાની કેમ સંભવે ! હું "વલ્લભ" (કવિ) આ જોઇને દ્રવિભુત થાઉ છું. આપ મારા ઉપર જલદી કૃપા દૃષ્ટિ કરો.

ટીપ :– કોઇવાર ભગવદ્ કૃપા કોઇના ઉપર વહેલા મોડી થાય છે. તેમાં પ્રભુની ઇચ્છાને કોઇ જાણતું નથી. પરંતુ ભકત અધીરો બની જાય છે. દ્રવિભુત થઇ વિનવે છે કે હું કેમ આપનો કૃપાપાત્ર ન બન્યો ! માટે મારા ઉપર વહેલાસર કૃપા કરો. ૩૨

કોઈ પણ કારણે પ્રભુને પરિશ્રમ કરાવવો નહિ

– શ્રી વલ્લભપદરેણુ

એકવાર શ્રી વલ્લભ મહાપ્રભુ અને શ્રી ચૈતન્ય મહાપ્રભુ બંને મહાનુભવો ભગવદ્ વાર્તા કરતાં કરતાં સંગાથમાં જગન્નાથપુરી જવા માટે નીકળ્યા. ચાલતાં ચાલતાં તેઓશ્રી એક એવા સ્થાને પહોંચ્યા કે જ્યાંથી પુરી જવા માટે બે માર્ગ ફંટાતા હતા, એક રાજમાર્ગ હતો પરંતુ તે લાંબો પંથ હતો બીજો માર્ગ ટુંકો હતો પરંતુ સઘન વન વચ્ચે થઇને તે જતો હતો.

આ બંને માર્ગમાંથી પહેલો માર્ગ–રાજમાર્ગ સુરક્ષિત હતો પરંતુ બીજા માર્ગમાં ચોર–ડાકુ તથા હિંસક પશુના ભયવાળો હતો.

ચૈતન્ય મહાપ્રભુના મનમાં શ્રી જગન્નાથ પ્રભુના દર્શન કરવા માટે તાલાવેલી હતી તેથી તેઓ ટુંકા રસ્તે જલદી પુરી પહોંચવા ઇચ્છા કરતા હતા.

પરંતુ મહાપ્રભુજી જુદા મતના હતા. આપશ્રી માનતા હતા કે સુરક્ષિત રાજમાર્ગથી જવું ઉચિત છે. ટુંકા રસ્તે જતાં ખતરો કે સંકટ આવે તો ભકતવત્સલ ભગવાનને પોતાના ભકતોના કષ્ટ નિવારવા પરીશ્રમ કરવો પડે. કોઇ પણ કારણે પ્રભુને પરીશ્રમ કરાવવો ઉચિત નથી.

અંતે બંને મહાનુભાવો અલગ અલગ રસ્તે જગન્નાથપુરી ગયા. ચૈતન્ય મહાપ્રભુ ટુંકે રસ્તે જતાં પહેલાં ત્યાં પહોંચી ગયા. જ્યારે બંને એકબીજાને મળ્યા ત્યારે ચૈતન્ય મહાપ્રભુએ શ્રી વલ્લભ મહાપ્રભુને કહ્યું, 'આપે ઠીક જ કહ્યું હતું. સઘન વનમાં હું સાથીઓથી જુદો પડી રસ્તે ભૂલો પડી એક પાગલ હાથી પણ મારા પર આક્રમણ કરવાની અણી પર હતો. અંતે શ્રી જગન્નાથપુભુએ મારી રક્ષા કરી અને કૃપા કરી માર્ગ સૂઝાડયો. હવે હું આપની સાથે સહમત થાઉં છું કે કોઇ પણ કારણે પ્રભુને પરીશ્રમ કરાવવો નહિ'.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧ ગો. વા. મણીબેન કેસરીયા રાજકોટના જયશ્રીકૃષ્ણ હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલના જયશ્રીકૃષ્ણ.

૨ ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ મુંબઇના જય શ્રી કૃષ્ણ.

૩ મહાકારુણિક જગતગુરુ શ્રીમદ્‌વલ્લભાચાર્યજી પંચ શતાબ્દી મહોત્સવ સમિતિ–રાજકોટના સૌજન્યથી.

શ્રી હરિરાય મહાપ્રભુ પ્રકટિત સહસ્ર શ્લોકી સેવા ભાવના

હિન્દીમાં પદ્ય રચના

રચયિતા :- **પ. ભ. રૂપચન્દ ખંડેલવાલ 'ભૂપ' જબલપુર**

ગતાંકથી ચાલુ-

નિજ ભાવન ભાવિતે અનંતા । સામગ્રીસહ પ્રિય સોહંતા ।
સ્વામિનિ યુથ સહિત સુખકન્દા । સબકે નેત્રન્હદેં આનંદા । ૫૧૮

લીલાસો પરવસ જે દિપહોં । તિન હરિ દેખ સખી સચુપહાં ।
પુનિ નિજ હૃદયાનન્દી દુતિ । ઉભય કટાચ્છન કી કરતુતી ।
ને હુ કૌતુક એક દિખાયો । શ્રી હરિ કહું આનન્દ દિવાયો । ૫૧૯

પુનિ આનન્દ નિધાન સ્વયં હરિ । આનન્દ દેહિં આપ શોભા ભરિ । ૧૯॥

સકલ વસ્તુ ગિરિરાજ સમર્પિત । પ્રભુ કે નિકટ ધરી મન હર્ષિત । ૫૨૦

ઇતની વસ્તુ પુલિન્દિનિ લાઇ । કન્દ મુલફલ લા હરખાઇ । ૫૨૧
સો. કછુક દુર ભૌં ઠાડિ । મુખ દેખહિં બ્રજનાથકો ।
સુન્દર મંદ હંસાહિ । લીલા વિલાસિ દૃષ્ટિ યુત । ૫૨૨

પ્રભુ સમ્બન્ધીનિજ અયોગ્યતા । કી ભાવના કરહિં બ્રજ ભકતા ।
ભઇ વિરહ સોં અતિહી આતુર । દેહ ધર્મ હું ભુલીં ચાતુર ।
સબહીં ચિત્ર લિખીં સીં ઠાડી । હૃદય અચેત ભાવના બાઢીં ।
તિનકી જંગમ વસ્તુ ન કાર્હાં । હરિ નિજ નેત્ર ન સોં ઠંડાહીં ।
પ્રભુ મન હરખી સબ સામગ્રી । સ્વામિનિ યુથ સહિત આરોગાં । ૫૨૨

જે ફલરુપન હોવન કારન । જિન કહં પ્રત્યક્ષહિ ફલ કહહિં ।
ફલ રૂપ ફલ અંગીકારે । ફલ ખાયે ફલ દેવન હારે । ૫૨૫

પછી પોતે ગોપાલો તથા ગાયોના સમુહમાં પધાર્યા વ્રજમાં જવાનો વિચાર સખાઓની સાથે કયો અને અનવસરના વિયોગની વ્રજસ્થ ભકતની દશા અને તેમાં પ્રભુનું મમત્વ અને ભકતાધીન પણું પોતે પ્રગટ કરતા વ્રજ તરફ જવા લાગ્યા તે લીલાનું વર્ણન કરે છે.

(શ્લોક ૫૨૬ થી ૬૩૪)

આતુર ઉઠિ લૌ ગોપરુ આયન । સાંગ ભઇ, બોલે લરિકન સન । ૫૨૬
અબ ગઇયેં લૈ જાઉં બ્રજ મેં । બછડા જો હત હુઈ હૈ ઘર મેં ।

દો. પુનિ આકુલ વ્યાકુલ ભઈ મોરી દોઉ માય ।
જોહત હુઇ હૈ બાટ બહુ, કબ અઇ હૈં દોઉ ભાઇ । ૫૨૫

અહૈં ગોષ્ઠ મેં જો ગોપીજન । તે સબ અપને અપને ભાવન ।
કરતીં મો સંગ આંતર રમણ । હો ગઈં સબહી મત્પરાયણ ।
અપને અપને ઝુંડન માહીં । સબ ગોપીજન મમ ગુણગાહીં । ૫૨૮
નિજ નિજ ઘર કે કારજ સારે । મમ કારન ઇન સબન બિસારે ।
મન લગાહિં મેરે ગુણગાનન । રાહ જોહિં મમ જનુ વૈરાગન । ૫૨૯
લોકલાજ કી ચિંતા નાહીં । મોરી કૃપા-ભાવના સદા હીં ।
દીન હીન અત્યંત અધીરા । જોવહીં બાટ સહહીં હિયપીરા । ૫૩૦
પ્રમ ગુણધ્યાનનમેં ઇનકો મન । દેહ સુખાઇ મોર વિયોગન ।
જબ હમ ગાય ચરાવન આવેં । મમ લીલા સુમીરત સુખ પાવેં । ૫૩૧
કરતી સ્મરણ કહે વાકયન કો । સમય સુમરતી મમ આવન કો ।
મેરે બીન દિગ્મૂઢ ભઈ જો । ગિર ગિર પરત હોય મૂર્છિત જો । ૫૩૨
બન તે મમ આવની સુધી આઇ । દેહીં માર્ગ મેં નયન બિછાઇ ।
દો. વેણુનાદ કે શ્રવણ મેં અહૈં પરાયણ જેહ ।
ઉત્તમ શ્રુતિહુ સુનત હિત દેહિં કાન સહદેહ । ૫૩૩
સંધ્યા સમય આઉં મૈં બન તેં । યહ ભાવના ન બિસરત મન તેં ।
ભિન્ન ભઇ સારી ગોપીજન । છિન્ન ભિન્ન મૈં મેરે બિરહન । ૫૩૪
યદપિ રહૈ બ્રજ મેં ઘર માંહી । મોં પાછેં નિજ ચિત્ત લગાહીં ।
દેખહિં મોરિ ક્રિયન કે કૌતિક । સોઇ ઇનકો દ્રવ્ય અલૌકિક । ૫૩૫
જૈસે તૈસે મેરે નેહન । ધરેં પ્રાણ યે અપની દેહન ।
શ્રી દામા આવહુ મમ પાસા । અંતરંગ તુમ સુનહુ ખુલાસા । ૫૩૬
રાધા મમ નેનન સિંગારા । મોર જનમ કો યહ ફલસારા । ૫૩૭
રાધા મમ સર્વસ્વ રુપ ધન । અરુ મેરે મસ્તક કો ભૂષણ ।
રાધા સ્વરુપ મન દૃષ્ટિન કો । રાધા શબ્દ મોર કાનન કો । ૫૩૮
ગંધ નાક કી રસ રસના કી । મમ સબ વિષય ત્વચા સ્પર્શન કી । ૫૩૯
મેરે ભીતર બાહર રાધા । આગે અરુ પાછે હું રાધા ।
દો. ખડે હોહું યા ચલહું મૈં, સો સબ રાધા રુપ ।
શયન હુ મેં કા કહહું મૈં રાધા હી મમ ભૂપ । ૫૪૦
રાધહિં દેખું મૈં નિત સ્વપ્નન । રાધાહિં હોઉં લીન સુષુપ્તિન ।
જાગત મેં હુ રાધા સોઇ । દુર નમન અંખિયન તેં હોઇ । ૫૪૧
ભોજન કરત દિખત મોહિં સન્મુખ । જો જો વસ્તુ ધરહું મેં નિજમુખ ।
સો સબ ઇન અધરામૃત નીકો । ઇન અધરામૃત બિન સબ ફીકો । ૫૪૨

રાધા કે બિન ઘર નહિં ભાવે । તા બિન બન નહિં જાયો જાવૈ ।
રાધ હિં છોડ બનહુ કિમિ જાઉં । યા કે બિરહન ઘર રહ પાઉં । ૫૪૪
અહો મિત્ર નહિં દુજો કારન । રાધા અધરામૃત મમ જીવન ।
હો સક જાકે અંગન, તુલના । તીનો લોકન મેં કોઉન ।
યા સુહાગ શાલિની અનુવા । યાબિન મોહિન ભાય નિજ રુવા । ૫૪૫
બન વિચરત જો સંગ ન રાધા । તૌ જાનહુ યોં કૃષ્ણ હુ રાધા ।
રાધા નિજ મુખ અસ નિજ કંઠન । કૌન ઘડી મેં કરિ હૈ લગ્નન । ૫૪૭
મેરી પ્રિય મમ પ્રાણ વલ્લભ । હંસિ નિજ કર કબ ધરૈ કહુસખા । ૫૪૮

દો. શયન-ગમનમેં રાધિકા, ગજ ગામિની સી જાય ।
મોહિં તિસુ નખ ચન્દ્રન છટા, કી ભાવના સુહાય । ૫૪૯

છે. સુહાય યા કી ચલન ચાતુરિ સોં હલત નુપુર ચુની ।
પુનિ લાલ સાડી કી કિનારન; ચરન કમલન શોભની । ૫૫૦

કટિ કિંકણી કે કલકલાતે, ઘુંઘરૂઅન કે મૃદુ સ્વરન ।
નાભી સરોવર જે પ્રકાસહિં, હાર લમ્બે મોતિયન । ૫૫૧
અતિ શ્યામ નયનભિરામ ચિકને સુખદ કંચુકિ કે વસન ।
ઉર સ્થલ પૈ ઝૂમતે વે પદક મય આભૂષણન । ૫૫૨
શ્રી અંગ શોભા, જો પ્રકાશિત સ્વર્ણ રત્નન અસ મણિન ।
કંઠન ધરે સૌભાગ્ય સૂચક, કાંચ કે આભૂષનન । ૫૫૩
મણિકાન ઝીનેં સોં બને જે, સરસ કંઠાભૂષનન ।
ભૂષણુ રૂ ચૌકી નામ રત્નન જટિત ધરે મનહારન । ૫૫૪
દોઉ હાથ મેં શોભિત જુ સુન્દર કાંચકી બહુ ચૂડિયન ।
ભૂષણુન રત્નન જટિત ધાર કંકણુન કી આકૃતિ ન । ૫૫૫
શોભાહિં બાજુ બંધ હો, ધાર ભયે દોઉ ભુજન ।
પુનિ માલ ગુંજન કંઠ શોભિત, ઉર સ્થલ કે પ્રકાશન । ૫૫૬
ગંડ સ્થલન કો ચમત્કાર ઉર બિમ્બ અધરન સ્ફુરન ।
મુખ મોતિયનઃ નક બેસરન લટ બાંરકીયનકી ફરહરન । ૫૫૭

સો. શોભિત મૃગમદ બિંદુ, હીરા ટીકી સુભાલન ।
મોતિયન માલન ઈંદુ, કંચન અલકાવલિ તિહારિ । ૫૫૮

॥શ્રીવલ્લભ॥

ભકિત પોષણ

વિવેચક : પ. ભ. શ્રી મથુરાદાસ જીવરાજભાઇ મહેતા

દાસ્ય ભક્તિ

દાસપણે જે આનંદ છે, તે નથી ભજ્યે જગદીશ,
જ્ઞાનીનું સુખ એવું જાણજો, પાગ–આશે છેદાવે શિશ.
શિશ છેદયા પછી મુકુટ કયાં ધરે ?
સહું મુર્ખ કોઇ મનમાં ન વિચારે ?
જળને તે શો જળ પાનનો સ્વાદ ?
જન જુદો રહી પામે આહલાદ.
સેવો શ્રી કૃષ્ણકૃપાળ (૩૦)

વિવેચન – દાસ્ય ભકિતને પતિવ્રતા નારીનાં દ્દષ્ટાંતથી સમજાવેલ છે. તેનાં ઉપરથી સિદ્ધાંતની તુલના થઇ શકે છે. કે એક તો સૌભાગ્યપુર્વની નારી બીજી વિધવાનારી જ્ઞાનીની દશા વિધવા નારી જેવી બતાવી છે હાસ્ય ભકિતનાં ઉદાહરણો –
પાંડવગીતા –

વાસુદેવસ્ય યે ભકતા શાંતાસ્તદ્ગતમાન સાઃ
તેષાં દાસસ્ય દાસોહં ભવે જન્મનિ જન્મનિ

ભાવાર્થ – ભગવાન વાસુદેવનાં ભકતોને [illegible]ાસ્ય ભકિતજ સર્વશ્રેષ્ઠ છે. તે તો જન્મો જન્મ દાસપણું જ સ્વિકારે તે. આપ સ્વામિ હું આપનો દાંસ બની સાથે જ રહું જ્યાં જ્યાં સ્વામિ ત્યાંજ સેવક રહે.

શ્રી ગુસાંઇજીએ પણ–પુષ્ટિ માર્ગ હરે દાસ્ય.

પુષ્ટિ માર્ગમાં પ્રભુનું દાસત્વ સામે મોક્ષને તુચ્છ માન્યો છે, દાસધર્મની મહત્તાને સમજીને આચરણથી રહે તે નિશ્ચિત દાસ બને.

પંચાક્ષર મંત્રમાં પણ હે કૃષ્ણ હું આપનો દાસ છું આમ કહ્યું છે.

શ્રી સ્વામિનિજી પણ કવાસિ કવાસિ મહાભુજ દાસ્યાદતે કૃપણા મહાભૂ

આમાં કહ્યું છે કે હું તો આપની કૃપણ દાસી છું હે મોટી ભુજાવાળા કયાં છો ? કયાં છો ? એક તો દાસ શબ્દની વ્યાખ્યા લેવાની છે. દાસપણામાં આનંદ સૌભાગ્યનો, ત્યારે જ્ઞાનિમાં પાઘડી મેળવવા માથું દેવું. માથું કપાણા પછી પાઘડી કયાં બાંધવી ? જ્યારે તેજમાં તેજ મળી જાય ત્યારે જુદુ રૂપજ નષ્ટ થઇ જાય છે. તે સુખી શું મેળવી શકશે ? જ્યાં તેનું અસ્તિત્વ જ ખતમ થઇ જાય છે. ત્યાં પાઘડી કોને માથે બાંધશે ? તેને લો મુર્ખનીજ ઉપમાં આપી છે.

જેમ જળનો ઉપયોગ કરવવાળા જળનો સ્વાદ માણે છે પરંતુ જળને તેનો કોઇ સ્વાદ નથી માછલા જળથી બહાર નીકળતા પ્રાણ તજી દે છે તેને પણ જળનાં સ્વાદની ખબર છે જળથી ઉત્પતિ સ્થિતિ છે છતાં તેનું જુદુ અસ્તિત્વ છે. તેમ પ્રભુનો દાસ પ્રભુની સાથે જ રહે તેનાથી જુદુ રહેવું તેને પ્રાણહર જેવું લાગે.

દાસ ધર્મમાં સંસારમાં રહે ત્યાં સુધી પ્રભુની દાસ્ય ભકિત કરે છે. પ્રભુની પ્રાપ્તિ કરવા તાપ–કલેશનો આનંદ લીધો છે તે પોતાનાં દેહ છૂટયા પછી પણ પ્રભુનો દાસ થઇનેજ રહે છે. કારણ કે અંતમાં જેવી મતી તેવી ગતી આવાસ્થાનુસાર તેની ઇચ્છા જેવી છે. તેવીજ તેની અંતમાં બુધ્ધી રહે છે અંતકાળે મતિ તેવી જ તેની ગતી થાય છે. તે વિષે ગીતાવાકય. અ. ૮માં શ્લોક અન્ત કાલે ચ મામેવ સ્મરન્મુકત્વા કલેવરમ

યઃ પ્રયાનિ સમદ્ધાવં યાતિ નાસ્ત્ય સંશય :

જે અંતકાળે મારૂં જ સ્મરણ કરતો શરીરને છોડીને જાય છે તે મનેજ પ્રાપ્ત થાય છે. આમાં કોઇ સંશય જ નથી.

અ. ૮ શ્લોક ૬ યં યં વાપિ સ્મરન્ભાવં ત્યજ સન્તે કલેવરમ
તં તમેવૈતિ કૌન્તેય સદા તદભનો ભાવિત :

અથવા મનુષ્ય અંતકાળે જે જે પદાર્થને યાદ કરતો શરીર છોડે છે. તેને તેનેજ તે પામે છે. કેમકે હંમેશા તે પદાર્થની ભાવના વાળો તે હોય છે. માટે સર્વ કાળે તું મારૂ સ્મરણ કર મારામાં બુધ્ધિ રાખીશં તો મનેજ પ્રાપ્ત થઇશ.

આ દષ્ટાંતો મુજબ દાસ્ય ભકિતવાળા ભકતો આજીવનમાં તો પ્રભુનું દાસત્વ સ્વિકારી સેવા સુમરણ કરે છે તેની દાસ્ય ભકિત દઢ છે તેથી અંતે પણ પ્રાણ ત્યાગતી વખતે તેને તેનું જ સ્મરણ રહે છે પ્રભુનું નામ લે તો પોતાની દાસ ભકિત સીદ્ધો માટે ચિંતન કરતો તેનો દેહ છુટે છે તેથી તેનું ફળ તેને તેજ મળે છો જે ઉતમોતમ દાસ્યાભકિત આ બાબતમાં શ્રુતિવાકય.

સોશ્નુ તે સર્વાન કામાન સહ બ્રાહ્મણા વિપશ્ચિતા જે જીવ દાસભાવથી રહી આલોકથી વિદાય થાય છે તે પછી પણ ચતુર બ્રહ્માની સાથે રહીને સર્વ પ્રકારની કામનાઓને ભોગવે છે આ છે શ્રેષ્ઠ પુષ્ટિફલ

પુષ્ટિ મર્ગે હરેદાસ્યં, ધર્મો થૈ હરિવિહિ
કામો હરિર્દક્ષ વૈ મોક્ષ કૃષ્ણમય ધૃવમ

આ શ્લોકમાં બતાવ્યું છે પુષ્ટિ માર્ગમાં કેવળ-દાસ ધર્મ શ્રેષ્ઠ છે. ધર્મ, અર્થ, કામ, મોક્ષ, આ ચારો વસ્તુ કૃષ્ણમાંજ આવી જાય છે કર્મ એકજ ફળ ચારો મળે છે.

(૧) સર્વ કાળે ભગવાનનું સર્વાત્મ ભાવે સ્મરણ કરવું તે ધર્મ.

(૨) આજ ધર્મ આને છોડીને અન્ય કાંઇ કરવાની જરૂર નથી તે અર્થ.

(૩) કામ આજ મારૂં કર્તવ્ય એજ મારે કરવું છે.

(૪) મોક્ષ ભગવદ ચરણારવિંદની પ્રાપ્તિ તે દાસ ધર્મની સીધ્ધી આગળ મોટાઓ જે કરી ગયા છે તે પાછલાને બોધરૂપ છે જેઓ સ્વામી હતા સેવકો કરતાં જેમ કે સુરદાસજી, ગોવિંદસ્વામી, પરમાનંદદાસજી, આ બધા જ્યારે સાર સમજયા ત્યારેજ સ્વામિ મટીને સેવક થયા ખરા અર્થમાં તો દાસધર્મ તેઓજ સમજયા છે. તેનું અનુકરણ કરવાનું તે સમજદારી માગી લે છે. આવી દાસ્ય ધર્મની વિશેષતા છે.

માટેજ કવિશ્રી કહે છે સેવો શ્રી કૃષ્ણ કૃપાળ ૩૦

॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

વ્રજલીલાનાં પદો

રચયિતા :- **શ્રી પ્રવીણચંદ્ર એમ. દેસાઇ (ચરણદાસ) બી.ઇ (સીવીલ) બીરપુર**

-ગતાંકથી ચાલુ

૧૭ કોકિલાવન લીલા રાગ : બિહાગ

કુંડપે શ્યામને બંસી બજાઇ;
કોકીલ કંઠી કોયલ ટહુકી, કોકિલવન રહયો ગાજી. ૧
કેકારવસી બાજત બંસી, સુની રાધા હરખાઇ;
આતુરતા ભઇ, વસંત ખીલી, ખેલનકો ચલી આઇ. ૨
પાયલ ઠમકી, ઘુંઘરુ રુનકી, કુંજન આયે બિહારી;
અબીર ગુલાલ સોં, ગાલન મલી, ઔર ચોવા અંગ લગાઇ. ૩
છિરકી ચંદન, ચોલી રંગી, કેલિ કરત માધુરી;
‘ચરનદાસ’ પ્રભુ યે નહીં જાની, હોરી ક્રીડત ભોર ભઇ ૪

આ કુંડ ઉપર શ્રીમહાપ્રભુજીની બેઠક આવેલી છે. કુડમાં સુંદર કમલ અને કુમુદ ખીલેલાં છે. આ વનમાં અગણિત કોયલોના ટહુકારથી આ વનનું નામ કોકિલાવન પડયું છે. આ વનમાં શ્રી સ્વામિનિજીની કુંજ-નિકુંજ આવેલી છે આ સ્થળમાં શ્રી ઠાકોરજીએ શ્રી સ્વામિનિજીની સાથે હોરી લીલા ખેલી, વનની લીલા શોભાવી છે. શ્રી ઠાકોરજીએ રાતભર હોરી લીલા ખેલી, શ્રી સ્વામિનીજી સાથે એટલા બધા ઓતપ્રોત થઇ ગયા કે સમયનું ભાન રહ્યું નહીં રાત્રી વીતી ગઇ, સવારનું પરોઢ થયું તેનું ભાન રહયું નહીં સવાર થતાં રસાનંદનું અધુરાપણું દુર કરવા સવારના કુંડ ઉપર યુગલ સ્વરૂપ નિકુંજમાંથી પધારી જળ વિહાર કરવા બિરાજયું આવી અનુપમ અલૌકિક લીલા આ વનમાં કરી છે તેથી આ વનમાં આજે પણ જાણે અલૌકિક હોંની કોયલો વસવાટ કરી પ્રભુની લીલાને વગોળે છે અને રસાનંદ પામે છે.

આ માસના ઉત્સવ

આસો વદ ૧૧ તા. ૭-૧૧-૯૬ ગુરુવાર રમા એકાદશી વ્રત, વાઘ બારસ, ગોવત્સ દ્વાદશી, ગો. શ્રી મુરલીથરલાલજી મહારાજ (વીરમગામ-ગોકુળ-કામવન)નો તથા ગો. શ્રી મિલનકુમારજી (ઘાટકોપર)નો જન્મદિવસ.

આસો વદ ૧૨ તા. ૮-૧૧-૯૬ શુક્રવાર ગો. શ્રી કલ્યાણરાયજી બાવાશ્રી (કામવન)નો જન્મદિન.

આસો વદ ૧૩ તા. ૯-૧૧-૯૬ શનિવાર, ધનતેરસ.

આસો વદ ૧૪ તા. ૧૦-૧૧-૯૬ રવિવાર રૂપ ચૌદશ, અભ્યંગ સ્નાન, હટડી, દિવાળી, લક્ષ્મીપૂજન, ગો. શ્રી ચંદ્રગોપાલજી મહારાજ (વીરમગામ-કામવન)નો તથા ગો. શ્રી રઘુનાથજી (વીરમગામ-કામવન)નો જન્મદિન.

આસો વદ ૩૦ તા. ૧૧-૧૧-૯૬ સોમવાર સોમવતી અમાસ, ગોવર્ધન પૂજન, અન્નકુટ ઉત્સવ.

સંવત ૨૦૫૩ કારતક સુદ ૧ તા. ૧૨-૧૧-૯૬ મંગળવાર નૂતન વર્ષારંભ, યમ દ્વિતીયા-ભાઇબીજ, ચંદ્રદર્શન, ગો. ચિ. ગોકુલેશજી (કામવન)નો જન્મદિન.

કારતક સુદ ૩ તા. ૧૩-૧૧-૯૬ બુધવાર ગો. ચિ. શ્રી યમુનેશકુમારજી (બોરીવલી)નો જન્મદિન.

કારતક સુદ ૪ તા. ૧૪-૧૧-૯૬ ગુરુવાર ગો. શ્રી ભૂષણજી (માંડવી-કચ્છ)નો જન્મદિન.

કારતક સુદ ૫ તા. ૧૫-૧૧-૯૬ શુક્રવાર લાભપાંચમ, ગો. ચિ. વ્રજભૂષણલાલજી (કાંકરોલી-મથુરા-વડોદરા) તથા ગો. ચિ. પુરુષોત્તમજી (જુનાગઢ)નો જન્મદિન.

કારતક સુદ ૬ તા. ૧૬-૧૧-૯૬ શનિવાર ગો. ચિ. શ્રી વ્રજોત્સવજી (નાથદ્વારા)નો ગો. ચિ. શ્રી વિશાલકુમારજી (મથુરા-પોરબંદર)નો જન્મદિન.

કારતક સુદ ૭ તા. ૧૭-૧૧-૯૬ રવિવાર ગો. શ્રી જીવનેશજી મહારાજ (મુંબઇ)નો ગો. ચિ. શ્રી જયદેવજી (કડી)નો, ગો. ચિ. શ્રી પુરુષોત્તમજી (કાંદીવલી)નો જન્મદિન.

કારતક સુદ ૮ તા. ૧૮-૧૧-૯૬ સોમવાર, ગોપાષ્ટમી.

કારતક સુદ ૯ તા. ૧૯-૧૧-૯૬ મંગળવાર અક્ષય નવવી, કુષ્માંડ (કોળુ) દાન, સત્સુગાદિ તિથી, ગોવિંદાભિષેક, વિવાહના પદની શરૂઆત, પુનમ સુધી બોલાય, ગો. ચિ. શ્રી અક્ષયકુમારજી (મથુરા)નો જન્મદિન.

કારતક સુદ ૧૦ તા. ૨૦-૧૧-૯૬ બુધવાર શરદઋતુ પુરી થઇ, ગો. ચિ. શ્રી દ્વારકેશજી (કડી-અમદાવાદ)નો જન્મદિન.

કારતક સુદ ૧૧ તા. ૨૧-૧૧-૯૬ ગુરુવાર પ્રબોધિની એકાદશી વ્રત, મંડપ સાંજે ભોગ સંધ્યામાં, ચાતુર્માસ નિયમ સમાપ્તિ, રસાત્મક મહારાત્રિ, તુલસી વિવાહ, હેમંત ઋતુ શરૂ થઇ, પોષ સુદ ૮ સુધી, ગો. ચિ. શ્રી વ્રજલાલજી (મથુરા)નો જન્મદિન.

કારતક સુદ ૧૨ તા. ૨૨-૧૧-૯૬ શુક્રવાર શ્રી ગુસાંઇજીના પ્રથમલાલજી ગિરિધરજીનો ઉંત્સવ (સં. ૧૫૯૭), પાંચમાલાલજી શ્રી રઘુનાથજીનો ઉત્સવ (સં. ૧૬૧૧), ગો. શ્રી વ્રજેન્દ્રકુમારજી મહારાજ (અમદાવાદ)નો જન્મદિન.

કારતક સુદ ૧૫ તા. ૨૫-૧૧-૯૬ સોમવાર પુર્ણિમા, ચાતુર્માસ સમાપ્ત, ભક્ત બોડાણા શ્રી રણછોડજીને દ્વારકાથી ડાકોર પધરાવી લાવ્યાનો ઉત્સવ, ગોપમાસ આરંભ, વ્રતચર્યા.

કારતક વદ ૨ તા. ૨૭-૧૧-૯૬ બુધવાર ગો. ચિ. વ્રજરાજકુમારજી બાવાશ્રી (સુરત)નો જન્મદિન.

કારતક વદ ૪ તા. ૨૯-૧૧-૯૬ શુક્રવાર શ્રી દાઉજી મહારાજ કૃત છ સ્વરૂપનો ઉત્સવ, ગો. ચિ. શ્રી દ્વારકેશ બાવાશ્રી (કાંકરોલી)નો તથા ગો. ચિ. કમલેશ બાવાશ્રી (મુંબઇ) નો તથા ગો. ચિ. શ્રી વ્રજેન્દ્રબાવાશ્રી (માંડવી)નો જન્મદિન.

કારતક વદ ૮ તા. ૩-૧૨-૯૬ મંગળવાર શ્રી ગુસાંઇજીના બીજા લાલજી શ્રી ગોવિંદ રાયજીનો ઉત્સવ (સં. ૧૫૯૯).

કારતક વદ ૧૦ તા. ૫-૧૨-૯૬ ગુરુવાર ગો. શ્રી ઉત્તમશ્લોકજી મહારાજશ્રી (મુંબઇ) નો જન્મદિન.

કારતક વદ ૧૧ તા. ૬-૧૨-૯૬ શુક્રવાર, ઉત્પત્તિ એકાદશી વ્રત.

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાય

પ. ભ. શ્રી જમનાદાસ મોરારજી કારિયા હ. ગિરિશચંદ્ર જમનાદાસ કારિયા કાંદીવલી (વેસ્ટ)ના જયશ્રીકૃષ્ણ.

માનવ-ધર્મ

(મનુષ્ય કે દશ ધર્મ)

સંપાદક :- **શ્રી હનુમાનપ્રસાદ પોદ્દાર**

ભાષાંતર :- **ડો. ચુનીલાલ રવજી, બાલધા, આંખના સર્જન, રાજકોટ.**

૨. ક્ષમા

(ગતાંકથી)

ભકતરાજ કાકભુશંડિજીએ કોઇ પુર્વના મનુષ્ય જન્મમાં એકવાર ગુરુનું અપમાન કર્યું હતું. એ યાદ રાખવું જોઇએ કે ગુરુજનનું અપમાન એક મોટો અપરાધ છે અને ગુરુજનની સેવા એક મોટું પુણ્ય કાર્ય છે. ગુરુજનના અપરાધીને દેવતાઓ તરફથી અભિશાપ અને તેના સેવકને આશીર્વાદ પ્રાપ્ત થાય છે. તેથી ભગવાન શિવજી તેના દ્વારા કરાયેલ ગુરુનું અપમાન સહન ન કરી શકયા. જો કે તેઓ શિવજીના ભકત હતા. પરંતુ ગુરુ અપમાનની મહત્તાનો ખ્યાલ કરીને ભગવાન શિવજીએ તેને કઠોર શાપ આપી દીધો. ભગવાન શિવજીએ કહ્યું :-

યદ્યપિ તવ ગુરુ સ્વલ્પ ન ક્રોધા, અતિ કૃપાલુ ચિત્ત સમ્યક બોધા.
તદપિ શાપ દે હૌં શકતો હીં, નીતિ વિરોધ સુહાત ન મોહીં.
જો નહિં કરીં દંડ શઠ તોરા, ભ્રષ્ટ હોઇ શ્રુતિ મારગ ઘોરા.
જે શઠ ગુરુજન ઇર્ષા કરહીં, રૌરવ નરક કલ્પ શત પરહીં.
ત્રિયક યોનિ પુનિ ધરહિં શરીરા, અયુત જન્મ ભરિ પાવહિં પીરા.
બૈઠિ રહસિ અજગર ઇવ પાપી, હોહુ સર્પ ખલ મલ મતિ વ્યાપી.
મહા વિટપ કોટરમહં જાઇ, રહુ રે અધમ અધોગતિ પાઇ.

(રામચરિતમાનસ)

ગુરુ ઘણા ક્ષમાવાન હતા. તેમને જરાપણ ક્રોધ ન હતો. પોતાના અપમાનનું તો તેમને કોઇ ધ્યાન જ ન હતું, પરંતુ શિવજીનો ભયાનક શાપ સાંભળીને તેમનું ચિત્ત ઘણું સંતપ્ત થયું. હૃદય દ્રવિત થઇ ગયું. આંખમાંથી આંસુ વહેવા લાગ્યા. કાકભુશંડિજીએ શ્રી ગરુડજીને પોતાના પૂર્વ જન્મની કથા સંભળાવતા કહ્યું છે :-

હાહાકાર કીન્હ ગુરુ, સુનિ દારૂણ શિવ-શાપ;
કમ્પિત મોહિં વિલોકિ અતિ, ઉર ઉપજા પરિતાપ.

કરિ દંડવત્ સપ્રેમ ગુંરુ, શિવ સન્મુખ કર જોરિ;
વિનય કરત ગદ્ગદ્ ગિરા, સમુઝી ઘોર ગતિ મોરિ.

-(રામચરિતમાનસ)

ગુરુજી મહારાજ શિવજીનો કઠોર શાપ સાંભળીને અને મને કાંપતો જોઇને હાહાકાર કરવા લાગ્યા, તેમના હૃદયમાં ખુબ ખેદ થયો. મારી ખરાબ ગતિ સમજીને તેઓ પ્રેમપુર્વક શિવજીને દંડવત્ પ્રણામ કરીને ગદ્ગદ્ વાણીથી મારા માટે વિનંતી કરવા લાગ્યા.

કેટલું વિશાળ હૃદય છે. પોતાનું અપમાન કરનારને જ્યારે દંડ મળે છે ત્યારે સ્વભાવિક જ મનુષ્યને કંઇક સંતોષ જેવું થાય છે, પરંતુ ક્ષમાશીલ અક્રોધી બ્રાહ્મણ પ્રસન્ન નથી થતા, પરંતુ ઘણા દુ:ખી થાય છે. આજકાલની પ્રતિહિંસામય સંસ્કૃતિના વાતાવરણમાં આવા મહાપુરુષોને કદાચ મુર્ખાની શ્રેણીમાં ગણવામાં આવે. પરંતુ ખરેખર એ ભ્રમ છે. ક્ષમા હમેશા ઉંચી જ છે અને ઉંચી રહેશે. ચોકકસ કે તેનો ઉપયોગ યોગ્ય સ્થાન અને સમયે જ થવો જોઇએ. દુર્બળ, અજીજીન્દ્રિય, નબળા અને વીર્ય વગરના પાપાત્મા લોકો ક્ષમા ન કરી શકે એવા લોકો ક્ષમાના નામપર જે કંઇ કર્યા કરે છે તે કાં તો સદંતર ઢોંગ હોય છે કે કાયરતાનો નિર્લજપુર્ણ અભિનય પરંતુ આનાથી એમ ન સમજવું જોઇએ કે દુર્બળ લોકોએ ક્ષમાનો આદર્શ જ છોડી દે. બધાએ બળ, વીર્ય અને સંયમનો વધારો કરતા કરતા ક્ષમાનો આદર્શ સદા પોતાની સામે રાખે.

એક વખત મહર્ષિ ભૃગુ ભગવાન શિવ અને બ્રહ્મ પાસે થઈ વૈકુંઠમાં ભગવાન વિષ્ણુ પાસે ગયા. ભગવાન તે સમયે શ્રી લક્ષ્મીજીની ગોદમાં મસ્તક રાખીને સૂતા હતા. ભૃગુજીએ જતાં જ ભગવાનની છાતી પર જોરથી લાત મારી. ભગવાન ઉઠયા અને ભૃગુજીના ચરણ પંપાળતા બોલ્યા– 'મહારાજ, મારી છાતી ઘણી કઠોર છે, આપને અત્યંત કોમળ ચરણોમાં ઘણી ચોટ લાગી હશે. ભગવન્ મને ક્ષમા કરો. આપના ચરણ ચિન્હને હું સદાય આભૂષણરૂપે હૃદયમાં રાખીશ.

ભૃગુજી તો ભગવાન વિષ્ણુનો આ વ્યવહાર જોઇને દંગ રહી ગયા. ભગવાન ઇચ્છત તો ભૃગુજીને કઠોરમાં કઠોર દંડ આપી શકતા હતા. પરંતુ જગતના ઇતિહાસ પર એક એવી છાપ લગાવી દીધી જે ક્ષમાને સર્વદા ઉંચી રાખશે.

લોકો માને છે કે ક્ષમાથી ઉદ્ધતાઈ વધી જાય છે. પરંતુ આ વાત બરોબર નથી. ક્ષમાનો પૂરો પ્રયોગ જ નથી થતો. પ્રતિહિંસાની વૃત્તિઓ નાશ જ નથી થતી. જો કોઇ પ્રતિહિંસાનો સર્વથા ત્યાગીને પોતાના અપરાધીને ક્ષમા કરવા લાગે તો બે–ચાર વખતના પ્રયોગથી જ તે જાતે લજ્જિત થઇને સદાને માટે દબાઇ જશે. ક્ષમાના વર્તનથી હૃદયનું ઉપકાર અને કૃતજ્ઞતાથી ભરાઇ જવું કોઇ મોટી વાત નથી.

ક્ષમાના બરાબર જ ભારતના મહર્ષિઓએ વિશ્વ પ્રેમનો પ્રચાર કર્યો હતો અને તેના બળ પર તેઓ પોતાના જીવન શાંતિ અને સુખ સાથે વિતાવી શકતા હતા.

ભગવાન મનુએ કહ્યું છે :-

ક્રુધ્યન્તં ન પ્રતિક્રુદ્ધ્યેદાક્રુષ્ટઃ કુશલં વહેત્ ।

ક્રોધ કરનાર પર ક્રોધ ન કરવો જોઇએ. દુર્વચન કહેનારને પણ આશીર્વાદ આપવા જોઇએ.

નવદ્વીપમાં માધવ નામના એક દુરાચારીએ પ્રેમમુર્તિ શ્રી નિત્યાનંદજી પર પ્રહાર કર્યો, તેમના મસ્તકમાંથી લોહી વહેવા લાગ્યું. શ્રી ચૈતન્ય મહાપ્રભુજીએ તેને દંડ આપવાનો વિચાર કર્યો. પરંતુ નિત્યાનંદજી રડવા લાગ્યા, એટલા માટે નહીં કે મહાપ્રભુ તેને જલ્દી દંડ કેમ નથી આપતા ? એટલા માટે કે તેને દંડ શા માટે આપવામાં આવે છે ? તેમણે કહ્યું – "પ્રભુ, આ ભૂલેલા જીવ પર દયા કરો અને તેનો ઉદ્ધાર કરો." શ્રી નિત્યાનંદજીના વચનોથી મહાપ્રભુનો ક્રોધ શાંત થઇ ગયો. માધવ અને તેના ભાઇ જગન્નાથના હૃદય પર પ્રેમની મહોર લાગી ગઇ, તેમનું જીવન બદલાઇ ગયું. બંનેએ પાપ છોડી દીધા. શ્રી મહાપ્રભુજીની કૃપાથી બન્નેનો ઉદ્ધાર થઇ ગયો.

આ ક્ષમા છે. ક્ષમા દ્વેષાગ્નિમાં પાણીનું કામ કરે છે અને ક્રોધ કે પ્રતિહિંસાઘીનું. તેથી દરેક મનુષ્ય માટે, કમ સે કમ મુમુક્ષુ માટે તો ક્રોધ અને પ્રતિહિંસાનો ત્યાગ અને ક્ષમા ગ્રહણ કરવાનું પરમ કર્તવ્ય છે.

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય ઇચ્છારામ ભટ્ટના

આંતર ઉદ્ગારો

૪૪. પ્રપંચ વિસ્મૃતિ વગર ભક્તિની પ્રાપ્તિ નથી.

જેના ત્રણ દોષ ગયા હોય, તે ભગવદીયને મારૂં સ્મરણ થાય ત્રણ દોષ કયા ? લોભ, દંભને જૂઠ આ ત્રણ દોષ છે. દંભ તે શું ? થોડુંને દેખાડે ઘણું મનમાં એમ જાણે કે હું લોકોને ઘણું દેખાડું, તો મારા પર લોક પ્રસન્ન રહે, ને કંઇ આપે. આ લોભ પહેલો, દંભ બીજો, લેવાનો લોભને જુઠું બોલવું, એ ત્રણ મટે ત્યારે મારૂં સ્મરણ થાય, પ્રભુને પ્રપંચ તો જ નથી. વળી પ્રપંચ મુકે, પણ પ્રભુનો વિશ્વાસ નથી. વિશ્વાસ આવ્યા પછી પ્રપંચ મુકે, તો પ્રભુ પ્રસન્ન થાય. પ્રભુ કહે છે કે છે કે મારી સેવા કરવી, મારી કથા કરવી, મારા જશ સાંભળવા, ને મને નમન કરવું, ને મારા ભક્તનો સમાગમ રહેવો જોઇએ.

પેલા યમલાર્જુન વૃક્ષ ઉખેડી નાખ્યાં, ત્યારે તેમણે એજ માગ્યું, ને પોતે તેજ આપ્યું. આ જીવ પણ એ માગે છે પણ મળતું નથી. તેણે બાર હજાર વર્ષ તપ કર્યું, ત્યારે પ્રભુએ શુધ કરીને સ્તુતિ કરી, ત્યારે આપ્યું આ જીવે શું તપ કર્યું છે કે તેને આપે? એને તો સેવા મુકીને પણ બીજી વાતોમાં ચિત્ત પરોવવું છે, પ્રભુ કહે છે કે મારા મોઢા આગળ બેસી રહે, મને રમાડે, આરોગાવે એ મને બહુ પ્રિય છે. જશોદાજી મને મુકીને બીજું કામ કરે છે, તે મને મહા ઝેર લાગે છે, ને હું આવ્યો તો પણ જશોદાજીને સંસાર રહયો તેથી પોતે બહુંજ ખીજે છે.

હું વૈષ્ણવ છું, મારૂં ધર્મરાજા શું કરી શકે તેમ છે? મારી ગતિ અવશ્ય પ્રભુ સન્નિધાને જ છે.

રચિયતા : **પ. ભ. મધુસુદન શાસ્ત્રીજી**, વેદાન્ત સાહિત્ય આચાર્ય, શાસ્ત્રીમહાસભા સુરત

(ગતાંકથી ચાલુ)

હું શ્રી સુબોધિનીજી સહિત શ્રીમદ્દ ભાગવતજીનો પાઠ કરું છું. તેમજ શ્રી ભગવત્ ચરણારવિંદોનું ધ્યાન ધરું છું. માટે ધર્મદેવતા મારું શું બગાડી શકવાના છે? મારું મિલન પરમાત્મા સાથે છે જ. ૨

સર્વોત્તમં કૃષ્ણાશ્રયં, પઠામિ ભાવપૂર્વકમ્ ।
વલ્લભાષ્ટક પાઠં ચ, કિં નો મૃત્યુઃ કરિષ્યતિ ॥૩॥

હું સર્વોત્તમ, શ્રીકૃષ્ણાશ્રય તથા શ્રી વલ્લભાષ્ટકનો પાઠ દરરોજ ભકિત ભાવપૂર્વક કરું છું. મારું મૃત્યુ શું બગાડી શકશે? મને પ્રભુ પ્રાપ્તિ છે જ. ૩

ગ્રહામ્યહં કેવલં વૈ, પ્રસાદી ભાજનં સદા ।
પિબામ્યહં જલં પૂતં, ચરણામૃત કેવલમ્ ॥૪॥

હું પ્રભુનો અનન્ય આશ્રય કરીને, ફક્ત પ્રસાદી ભોજન અને પવિત્ર ચરણામૃત લઉં છું. તો મારું (મૃત્યુ) શું બગાડી શકશે. પ્રભુ મારી સાથે જ છે. ૪

આજ્ઞાં મે ગુરુણાં નીત્વા, સેવા વ્યવહારો તથા ।
કરોમિ દાસ ભાવેન, કિ નો મૃત્યુઃ કરિષ્યતિ ॥૫॥

મારા પુજ્ય ગુરુદેવની આજ્ઞા લઇ સેવા કરું છું અને જગત સાથેનો વ્યવહારિક વ્યવહાર પણ મારો પુ. ગુરુદેવની જ આજ્ઞા પ્રમાણે જ કરું છું અને તે પણ આ બધું જ પ્રભુનું છે, એમ માનીને જ દાસભાવે વ્યવહાર કરું છું. તો મૃત્યુ મારું શું કરી શકેશે? શ્રી ગુરુની કાનીથી પ્રભુ મારી સાથે જ છે. ૫

અષ્ટ પ્રહરિયાં સેવાં, કરોમિ સર્વ ભાવેન ।
અહંતાં મમતાં ત્યકત્વા, કિં નો મૃત્યુ કરિષ્યતિ ॥૬॥

અહંતા મમતા છોડીને આઠે પ્રહરની સેવા સર્વભાવથી હું કરું છું તો મૃત્યુ મારું શું બગાડી શકશે ? પ્રભુ મારી પાસે જ છે. ૬

સત્સંગં સ્મરણં કૃત્ના, સંધ્યાં ગોપૂજનં તથા ।
કરોમ્યહર્નિશં જાપં, કિં નો મૃત્યુઃ કરિષ્યતિ ॥૭॥

સત્સંગ તથા સ્મરણ સહિત ગૌપુજન અને સંધ્યાવંદન કરવા ઉપરાંત સતત જપ કરું છું. પ્રભુ મારી સાથે જ છે. મૃત્યુ મારું શું કરી શકશે ? ૭

મમાશ્રય બાલકૃષ્ણો, હૃદયે વસતિ સદા ।
તિષ્ઠતિ મે સાકં સવૈ, પ્રેરયતિ માં સર્વદા ॥૮॥

શ્રી બાલકૃષ્ણ પ્રભુનો જ મને આશ્રય છે. અંગુષ્ઠ માત્ર મારા હૃદયમાં બિરાજી પ્રકાશ આપી રહ્યા છે. મારી સાથે જ સદા રહે છે. મને તે જ બધા કાર્યોમાં પ્રેરે છે. અરે ! જરાક પણ દૂર જતા નથી તે "મધુ" ને અવશ્ય તારશે. (તો મૃત્યુ મારું શું બગાડી શકશે ? ૮

(મૃત્યુનો અર્થ દેહવિલય પણ લઈ શકાય)

કંઠાભરણમ્

પાથેય

પરોપદેશે પાંડિત્યં સર્વેષાં સુકરં નૃણામ્ ।
ધર્મે સ્વીયમનુષ્ઠાનં કસ્યચિન્તુ મહાત્મનઃ ॥

સર્વે પુરૂષો માટે પારકાને (ધર્મનો) ઉપદેશ કરવાનું પાંડિત્ય સહેલું છે, પરંતુ પોતે પણ ધર્મનું આચરણ કરે એવા મહાત્મા તો કોઇક જ હોય છે.

સ્વધર્મ કર્મ વિમુખાઃ કૃષ્ણ કૃષ્ણેતિ વાદિનઃ ।
તે હરેર્દ્વેષિણો મુઢા ધર્માર્થં જન્મ યદ હરેઃ ॥

પોતાના ધર્મ કર્મનું આચરણ નહિ કરનારા અને કેવળ કૃષ્ણ ! કૃષ્ણઃ એમ રટન કરનારાઓ ભગવાનના શત્રુ છે તથા અજ્ઞાની છે, કારણ કે ભગવાને તો ધર્મનાં કાર્યો કરવા માટે મનુષ્યાદિમાં અવતાર જન્મ લીધા હતા.

અનંત શાસ્ત્રં બહુ વેદિતવ્યમલ્પશ્ચ કાલો બહવશ્ચ વિઘ્નાઃ ।
યત્સાર ભુતં તદુપાસિતવ્યં હંસો યથા ક્ષીરમિવામ્બુમિશ્રમ્ ॥

શાસ્ત્રનો અંત નથી, જાણવા જેવું ઘણું છે, સમય થોડો છે અને વિઘ્નો ઘણાં છે, માટે પાણીમાં મિશ્ર થયેલા દુધને જેમ હંસ લઇ લે છે, તેમ જે કંઇ સારભૂત હોય, તેને માણુસે ગ્રહણ કરવું.

યસ્ય નાસ્તિ સ્વયં પ્રજ્ઞા શાસ્ત્રં તસ્ય કરોતિ કિમ્ ।
લોચનાભ્યાં વિહીનસ્ય દર્પણું કરિષ્યતિ ॥

જેને પોતાની બુદ્ધિ નથી તેને શાસ્ત્ર શું કરી શકે ! (શાસ્ત્રનો શો (ઉપયોગ ? જેમ આંખ વગરનાને અરીસાનો શો ઉપયોગ ?

અજ્ઞશ્ચાશ્રદ્દધાનશ્ચ સંશયાત્મા વિનશ્યતિ ।
નાયં લોકોઽસ્તિ ન પરો ન સુખં સંશ્યાત્મનઃ ॥

અથવા

વિવેક ભ્રષ્ટાનાં ભવતિ વિનિપાતઃ શતમુખઃ ॥

જે અજ્ઞાની હોય, જેને શ્રદ્ધા નહિ હોય અને નાની નાની બાબતમાં પણ શંકા જ કર્યા કરે તે માણુસનો હંમેશા વિનાશ થાય અને એવા સંશયવાળા આત્માને આ જગતમાં કે પરલોકમાં એટલે કે મરી ગયા પછી પણ કોઇ દિવસ સુખ મળતું નથી.

ટુંકમાં– (એ સાચું જ છે કે) જેની વિવેકબુદ્ધિ ભ્રષ્ટ થાય (સારૂ નરસું પારખવાની શક્તિ નાશ પામે) તેનું પતન સંપુર્ણપણે (સો મુખવાળું) થાય છે. (માટે સારાસાર સમજવાની બુદ્ધિ કેળવવી).

નાયમાત્મા બલહીનેન લભ્યો ન ચ પ્રમાદાત્ તપસો વાપ્યલિંગાત્ ।
નાયમમાત્મા પ્રવચનેન લભ્યો ન મેધયા ન બહુના શ્રુતેન ॥

આ આત્મા મનોબળ વગરનાને પ્રાપ્ત થતો નથી, તેમ પ્રમાદ કરનારાથી અને ત્યાગ-સન્યાસ વગરનું તપ કરવાથી પણ પ્રાપ્ત થતો નથી. આ આત્મા પ્રવચનથી પ્રાપ્ત થતો નથી. માત્ર બુદ્ધિથી તેમજ કથા શ્રવણુ કર્યાથી પણ પ્રાપ્ત થતો નથી.

ઉદ્ધરેદાત્મનાત્માનં નાત્માનમવસાદયેત્ ।
આત્મૈવ હ્યાત્મનો બન્ધુરાત્મૈવ રિપુરાત્મનઃ ॥

માણુસે પોતાની જાતે જ પોતાનો ઉદ્ધાર કરવો જોઇએ. પોતાનો વિનાશ ન કરવો જોઇએ. માણુસ પોતે જ પોતાનો મિત્ર છે તેમજ પોતે પોતાનો દુશ્મન છે.

['કંઠાભરણમ્' કેસેટ પુસ્તિકામાંથી શ્રી પરીખ પરિવારના સૌજન્યથી]

શિખામણ-સૂત્ર

॥ શ્રી હરિઃ ॥

॥ શ્રી વલ્લભઃ ॥

લેખક : **શ્રી ગણપતરામ શાસ્ત્રીજી -ધમ્બોલા**

સુત્ર ૧ ॥\અહંતા-અજ્ઞાન છોડાવનાર ॥

હે ભાઇ ! તું મારો નાનો ભાઇ છે. હું તો ઘરડો થયો છું તને પુછુ છું એ સાચુ કે ખોટું ? જવાબ આપ.

દો. કો સંપત્તિ કો દંપતિ, કો સંતતિ મે સાર;
મિથ્યા મનકો ભ્રાન્તિવશ, કયોં ખોવત અવતાર.

તું જેના માટે સંપત્તિ સંગ્રહ કરે છે, તે શું તારા છે ? કદાચ તુ માનતો હોય કે મારી સંપત્તિ મારા સંતાનો ખાશે. તું પરણ્યો ન હતો ત્યારે કોઈ સંતાન હતુ ? પરણ્યા પછી ૨ થી ૧૨ થયા ખરૂં ને ? ભેગા મળીને રહો છો, જાણે એક ઝાડ ઉપર અનેક પંખી બેઠાં છે. પાછા ઉડી જશે, કોઇ ન મળે. તારૂં સંગ્રહ કરેલું ખાઇ ગયાં, તને ભૂલી ગયાં, જેમ તેં કર્યું તેમ તે કરશે. તું તારા પુર્વ પુરુષોને યાદ નથી કરતો તેમ તે તને પણ યાદ ન જ કરે.

આજે તારો દેહ પડી જાય તો તને કોઇ પુછે ખરૂં ? કે તારી સંપતિના ઝગડામાં કોર્ટે ચડી બધું ગુમાવશે ખરા ? આ બધુ સ્વપ્ન જેવું ખરૂં ? તારો દેહ મૃત્યુને આધિન છે તું ટાળી શકે ખરો ?

બ્રહ્માની સૃષ્ટિમાં તું છે. ૧૦૦ વર્ષ પછી બ્રહ્માનું મૃત્યુ (વિલય) થાય, ત્યારે તું તો અમરીયો બની બેસી ગયો, સાચું છે ? તારી સંપતિ તું બરાબર વાપરીશ કે અધવચમાં તારૂં મૃત્યુ તો ન થાય, આનો કોઇ નિર્ણય છે ? તેં કર્યો હોય તો કહી દે ?

હાલમાં તમો દંપતિ જીવન વિતાવી રહ્યા છો, સ્નેહ પણ ઘણો છે, તે સ્નેહ ઉપરથી છે કે કોઇ અંદર વિખવાદ તો નથી, તમે ટી.વી, રેડીઓ, એર કંડીશનર, ફર્નીચર વાપરો છો સાથે સુવું, સાથે ફરવું, સાથે ખાવું, આ પ્રેમ સાચો હું કયારે માનું કે તમો બન્ને દેહ છોડો તો સાથે છોડવો. આગળ પાછળ ન જવું, બનશે ખરૂં ? આનો નિર્ણય મને આપો ખરા ? જે સંતાનો છે તે બાવળની શુળો નથી ? તમારા બન્નેમાં જે પહેલું જાય અને જે અહીં રહે તેને એક દિવસ આવી પુછી લેવું, કેમ કેવી મજા કે શું સજા બધું કહી દેશે ?

હાલમાં તમોને જે ભજે છે તે પરમાર્થથી નથી ભજતો, પોતાના સ્વાર્થથી ભજે છે. જ્યારે સ્વાર્થ સિદ્ધ થાય પછી ભજવા જેવું રહે ખરૂં ?

દો. રહે ન કાહુ કામ કે, સેંતન કોઉ ન લેત;
એસે બુઢે બેલકો, કોન બાંધ ભુસ દેત.

આવા બુઢા બેલને ન તો બાંધે કે ન તો ઘાસફુસ કે પાણી પાય, બરાબર !

સૂત્ર નં. ૨ । જ્ઞાન તરફ લઈ જનાર ।

તું તારી બુદ્ધિનો ઉપયોગ છલ, કપટ કરવામાં વાપરે છે. અને તારૂં અમુક સમયનું આયુષ્ય નિર્ણયાત્મક છે. તારૂં કર્મરૂપી તેલ બંધ કોડીયામાં પુરેલું, એ કોડીયું એવું છે, કે તેમાં નવું તેલ ન પુરાય કદાચ પુરવા જાયે તો વાટ બુજાઈ જાય. જે આયુષ્ય છે તેને પરમાર્થ કે ઇશ્વર ભક્તિમાં વ્યતીત કરે અને બુદ્ધિનો ઉપયોગ પોતાના દોષ છોડીને સન્માર્ગે મનને દોરે તો બુદ્ધિ આયુષ્યનો સાચો ઉપયોગ થયો ગણાય.

બીજાને બોધ આપવા તું કહે છે કે હું તો બિલકૂલ સાચી વાત કહી દેવાનો તું સાચો છે? એક ખુણામાં બેસી બરાબર વિચાર જે હું સાચો કે પછી ખોટો? તું બીજાની આગળ સંત બની આડંબર કરી બોલ્યો તો ખરો, તેમાં પોતાનો કોઇ મતલબ તો નથી સાધતો? ઇશ્વર આગળ છાનું ખરું?

સૂત્ર નં. ૩ । શું લાભ પૂજા અર્થ યત્નેષુ

દો. વકતા વાણી લાલચુ, શ્રોતા હૃદય કઠોર
લોહ કીટ કુઢર ભર્યો, પારસ પરસે ન ઓર

અત્યારે શ્રી ભાગવત સપ્તાહ બહુ ચાલે છે તેથી બીજા પુરાણો જાણે લુપ્તપ્રાય લાગે છે. વકતાઓ તેમ કરી ઘોર કલિમાં શ્રી ભાગવતને જીવીતરૂપ રાખે છે. હું તેમનો મોટો ઉપકાર માનું છું. તેમાં નરસિંહ, વામન, શ્રીરામ, શ્રીકૃષ્ણના જન્મોત્સવ પણ ઉજવે, આનંદ થાય છે. થવું જોઇએ.

શ્રોતા તથા યજમાનો સત્કાર પણ કરે છે, કરવો જોઇએ. એથી કલિમાં કીર્તનનું મહત્વ છે. તે પણ સચવાય છે. પણ મારા ધમ્બોલા ગામમાં ૩ વખત નવું જોયુ. સપ્તાહ તો મેં પણ મારા માતા પિતાના ઋણમાંથી છુટવા માટે દેવગઢ બારીયાના રામકૃષ્ણ પુરાણી પાસે કરાવી છે. નવું શું જોયું?

કથા કરનાર શાસ્ત્રી મારા ગામના હતા. નાની ઉંમર, ચાતુર્યપુર્વક બોલવું. શ્રી મહાપ્રભુજીના દૃષ્ટાંત આપવા, શ્રી સુબોધિનીજીમાં મહાપ્રભુજી આમ કહે છે. ધન્ય! તેમ કરતા શ્રી ગિરિરાજનો ઉત્સવ ઉજવ્યો.

શ્રી ગિરિરાજજી અક્ષત છે. ભગવાનનું સ્વરૂપ છે. માટે યથાશકિત શ્રોતા અક્ષત લાવે. અક્ષતનો ગિરિરાજ, અક્ષયરૂપ ડુંગર સમાન બનાવી, ફુલ, ઝાડ ઉપર શણુગારી, પુજન–ભોગ અર્ચન, પરિકમા સર્વે થાય.

પ્રવાહિ સૃષ્ટી ઉપડી પ્રવાહ ૪ સ્વામીનીઓના ભાવવાળા ચાર કોથળા ચોખા ભેગા થયા પછી, ગિરિરાજ ચોખાના ડુંગર સમાન વ્યાસપીઠ આગળ કરાવી, તે પર ફુલ પાનનો

શૃંગાર કરી, પુજન ભોગ આરતિ પરિક્રમા ગિરિરાજની જયો બોલાવી બધા શ્રોતાઓએ દંડવત કર્યા.

ઉત્સવ પુર્ણ થયે ચોખા તો વેંચાઇ ગયા અક્ષત ગિરિરાજ, અક્ષતરૂપ ચુલે ચઢયા.

આવું આવું યુ. પી. ના સી. પી. ના કે મથુરાના જોઇલે તો સામા થઇ જાય અને વિદ્વદ ભુષણ શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીજી તથા નડીઆદ શ્રીનવનીતલાલ શાસ્ત્રીજી ખરેખર બ્લડ પ્રેશરના ભોગી તો બની જાય આ કઇ કમાણી શું આ "લાભ પુજાર્થયત્નેષુ" કૃષ્ણાશ્રયમાં કહયું નથી આવા વ્યક્તિને પરમ પુજયપાદનું પદક શિલા લેખમાં અંકિત થાય (મંદિરમાં) તો તે બદલ પરમ ધર્મ પાત શું ખોટું?

ગર્ગ સંહિતા ગિરિરાજ ખંડમાં શ્રી ઠાકોરજી શ્રી નંદરાયજીને ગિરિરાજ પુજનનો ક્રમ બતાવતાં નંદરાયજીનાં પ્રશ્નનો જવાબ આપતા જ્યાં ગિરિરાજ ન હોય તો ત્યાં ગોબરના ગિરિરાજ તેને ગિરિરાજ સમાન માની પુજન, ભોગ, અર્ચન, પરિક્રમા ગાય ખેલાવી સર્વ કરવું. ગોબર જલાશયમાં પધરાવી દેવું. પુષ્ટિ કે મર્યાદામાં માર્ગમાં આ ક્રમ ચાલી રહ્યો છે.

આવા ધર્મ ઢોંગીને સાચો માની કોઇ ચોખાના ગિરિરાજ ના કરશો. કર્મ માર્ગ ક્રિયા પ્રધાન છે. ભકિતમાર્ગ ભાવપ્રધાન છે. તેથી શ્રી મહાપ્રભુજી સન્યાસ નિર્ણયમાં **"ભાવો ભાવનયા સિદ્ધઃ સાધનં નાન્ય દિષ્યતે"** ભકત શિરોમણી પ્રહલાદજીએ સ્તંભમાં ભાવના કરતાં તુર્ત ભગવાન પ્રકટ થયા. જે ભાવના અકુરજીએ વ્રજમાં જતાં કરી તે ભગવાને સર્વ સફલ કરી. વિભીષણજી શરણમાં જતાં રસ્તામાં જે ભાવના કરી તે સર્વે શ્રીરામે સફલ કરી. ગોપીજનોએ જે જે ભાવના ઠાકોરજીમાં કરી. રાસ, દાન, માન, કાત્યાયની વ્રત, વિપ્રયોગમાં જ્યાં જ્યાં લીલાઓનું ચિંતન કરતાં ઉદ્ધવજીને પ્રત્યક્ષ લીલા સર્વ ઠેકાણે દેખાડી. માનસી સેવા શું છે. આપણે સેવી રહ્યા તે સ્વરૂપમાં ભગવાન માની સેવા કરી રહ્યા છીએ. જેમાં ભગવાન સ્વરૂપનો ભાવ થાય, તેનું ખંડન!

ગિરિરાજજી સ્વયં હરિદાસવર્ય અને સાક્ષાત્ શ્રીકૃષ્ણ સ્વરૂપ છે. જે વ્યકિત ખોટા આડંબર કરી, પૈસા જ ભેગા કરાવા માગતો હોય તે ભગવાનને પ્રસન્ન કરી શકે ખરો! શ્રી હરિ માટે ભેખ ધરનાર ભગવદીય ભગવાન મેળવી શકે.

શ્રી વિષ્ણુ સ્વામીને શ્રી ગોપાલ પ્રભુએ એવી આજ્ઞા કરી કે અહીં પ્રાણ પ્રતિષ્ઠા ન કરવી. ભાવના સર્વોપરિ છે. શ્રી વિષ્ણુ સ્વામીની ગાદી શ્રી વલ્લભે વિજયનગરમાં સ્વીકારી છે. ભાવનામય પુરુષોત્તમ સ્વરૂપ સેવા આપણે ત્યાં થાય છે.

આ મારો આક્ષેપ નથી. સત્ય છે. હું શ્રીમદ્ આચાર્ય ચરણ શ્રી વલ્લભ પ્રભુની આજ્ઞાથી તેમની કથા અને શ્રી વલ્લભાયન કાવ્યની રચના કસાવનાર મારા સાક્ષાત્ ઇશ્વર શ્રી વલ્લભ છે.

[ક્રમશઃ]

(ટાઈટલ ૩ ઉપરથી ચાલુ)

ષોડશ ગ્રંથ વિશે વિશેષ સવિસ્તર સમજુતિ માટે ષોડશ ગ્રંથ આચમન ભાગ ૧ થી ૪ અને "શ્રીવલ્લભ હિત વચ." વાંચવા મનન અને ચિંતન કરવા વસાવવા જરુરી છે. પુષ્ટિ સાહિત્યના સિધ્ધ હસ્ત લેખક પ્રો. રમેશભાઈ વિ. પરીખ દ્વારા આ સર્વે પુસ્તકો લખાયા છે.

(૩) શ્રી ગોકુલ રસ ચાખે –

લેખક – પ્રકાશક ઉપર ક્રમ ૨ મુજબ

આઠ પેઈઝ ડેમી સાઈઝ પૃષ્ઠ ૭૪+૬=૮૦ ઓફસેટ પ્રિન્ટીંગ, પીન બાઈન્ડીંગ, કાર્ડ બોર્ડ ટાઈટલ શ્રી યુગલ સ્વરુપ બહુરંગી ચિત્રજીવાળું ન્યોછાવર દર્શાવી નથી.

શ્રી ગોકુલ આપણું સર્વસ્વ છે. માટે શ્રી ગોકુલનું ભાવાત્મક સ્વરુપ આપણા હૃદયમાં પધરાવવા શ્રી ગુસાંઈજી રચિત શ્રી ગોકુલાષ્ટક લઘુ ગ્રંથ જેમાં શ્રી ગોકુલનું અલૌકિક સ્વરુપ છે. ઘણો ઉપયોગી છે.

આ પુસ્તકમાં શ્રી ગોકુલાષ્ટક મુળ સ્તોત્ર. તેના ગુજરાતી અર્થ સાથે, વિવિધ પદના આધાર સહિત સરળ ગુજરાતી ભાષામાં ભાવાત્મક રીતે રજુ કરવામાં આવેલ છે.

વાંચતા દરેક વૈષ્ણવોને અદભુત આનંદ મળશે તે નિઃશંક છે. દરેક વૈષ્ણવ પરિવારે વાંચવા તથા વસાવવા યોગ્ય પુસ્તક.

પુસ્તકમાં રજુ કરવામાં આવેલ બધા પદ વ્રજ ભાષામાં છે. તેમાં કઠિન શબ્દોના ગુજરાતી અર્થ સાથે આપવામાં આવે તો પદનો ભાવ આનંદપુર્વક માણી શકાય.

(૪) પુષ્ટિ માર્ગનો સંક્ષિપ્ત પરિચય –

લેખક – પ્રકાશક ઉપર ક્રમ ૨ મુજબ

આઠ પેઈઝ ડેમી સાઈઝ પૃષ્ઠ ૯૬+૪=૧૦૨ ઓફસેટ પ્રિન્ટીંગ, પીન બાઈન્ડીંગ, કાર્ડ બોર્ડ ટાઈટલ શ્રી યુગલ સ્વરુપ બહુરંગી ચિત્રજીવાળુ, ન્યોછાવર દર્શાવી નથી.

પુષ્ટિ સાહિત્યના સિદ્ધ હસ્ત લેખક દ્વારા આ પુસ્તકમાં શ્રી વલ્લભ વંશ પરિચય, નિધિ સ્વરુપો, લીલા સ્વરુપોની ભાવ ભાવના. પુષ્ટિ સાહિત્યનો પરિચય, શુધ્ધાદ્વૈત બ્રહ્મવાદ, પુષ્ટિ માર્ગના સિદ્ધાંતો તેમજ અન્ય પ્રકીર્ણ બાબતો અને આદર્શ વૈષ્ણવી જીવન જેવા વિષયોને આવરી લઈ "ગાગરમાં સાગર" સમાવેલ છે.

આ પુસ્તક અત્યંત સરલ ભાષામાં અને પુષ્ટિ માર્ગનો સમગ્ર ખ્યાલ સંક્ષિપ્તમાં છતાં માહિતી સભર રીતે આપતુ હોઈ સમગ્ર વૈષ્ણવ સમાજને અતિ ઉપયોગી થઈ પડશે.

દરેક વૈષ્ણવે વાંચવા, વસાવવ. અને શુભ પ્રસંગે ભેટ આપવા લાયક અદભુત પુસ્તક,

સમાચાર

પુ. પા. ગો. શ્રી રસિકરાયજી (સંપાદક–નવપ્રકાશ) મહોદયના વિવિધ પ્રવચનોનો કાર્યક્રમ

તા. ૧૪–૯–૯૬ સખપુર ગામે એક મનોરથ નિમિતે સાંજના ૪થી૫ "વિવેક ધૈર્યાશ્રય" ઉપર પ્રવચન કર્યું તથા વાનાવડ ગામે તા. ૧૪–૧૫ એમ બે દિવસ 'સિદ્ધાંત રહસ્ય' ઉપર વિસ્તૃત વિવેચન કરેલ.

તા. ૧૭–૯–૯૬ માણાવદર એક મનોરથ નિમિતે સાંજના ૬થી૭ હવેલીમાં પુષ્ટિ ભકિતની વિલક્ષણતા ઉપર . અને રાત્રે ૯થી૧૦ 'પુષિટ માર્ગમાં ઉત્સવોનું મહત્વ એ વિષય ઉપર પ્રવચન કરેલ.

તા. ૧૯–૯–૯૬ રાજકોટમાં ગો. વા. શ્રી સુરેશભાઈ નિરમાવાલાની સ્મૃતિમાં આયોજીત શ્રીમદ ભાગવત સપ્તાહ કે જેમાં વ્યાસપીઠ ઉપર બેસીને શ્રી જયવલ્લભ ધનેશ્વર શાસ્ત્રી (મુંબઈ) દ્વારા કથા રસપાન કરાવવામાં આવ્યું હતું. જેમાં શ્રીમદ ભ:ગવત કથાના ગુઢ રહસ્ય વિષે શ્રી સુબોધિનીજીના આધારે શંક્ષિપ્ત પ્રવચન આપશ્રીએ કર્યું હતું.

તા. ૨૪–૯–૯૬ કુનિયાણા ગામે એક યજ્ઞોપવિત પ્રસંગે 'સંસ્કારોનું વૈજ્ઞાનિક મહત્વ' તથા સાંજે એક શ્રીમદ ભાગવત સપ્તા હતી. તેમાં શ્રીમહાપ્રભુજીની દષ્ટિએ શ્રીમદ ભાગવતની ઉપાદેયતા વિષય ઉપર સુંદર છણાવટ આપશ્રીએ કરી હતી.

યજ્ઞોપવિત પ. ભ. રમેશભાઈના પુત્રને આપવામાં આવેલ હતો. જેને ગાયત્રી દીક્ષાદાન પણ કરવામાં આવ્યું હતું.

શ્રીમદ ભાગવતનુ આયોજન નારણદાસ કાગદી તરફથી હતું જેના વ્યાસપીઠ ઉપર દિનુભાઈ પંડયા દ્વારા કથા રસપાન કરાવવામાં આવ્યું હતું.

ઉપરોકત બધા પ્રવચનોમાં વૈષણવોએ સારી સંખ્યામાં ઉપસ્થિત રહી લાભ લીધો હતો.

પુંષ્ટિમાર્ગીય પદોની સર્વપ્રથમ કોમ્પેકટ ડિસ્ક

પુ. શ્રી વલ્લભલાલજી ગોસ્વામીના ઉત્કૃષ્ટ નીર્દેશનમાં તથા પુ. અ. સૌ. શ્રી વૃંદા વહુજીના સુમધુર કંઠમાં ગવાયેલ. શ્રી હરિરાય મહાપ્રભુ તથા અન્ય ભકત કવિઓ (અષ્ટ સજાઓ) રચિત પદો સર્વપ્રથમ વખત કોમ્પેકટ ડિસ્કમાં પ્રકટ થયેલ છે.

પ્રથમ સી. ડી. "જીવન જો એસે બનિ આવે"]ડીજીટલ સાઉન્ડ] આ. સી. ડી.માં શ્રી વલ્લભનાં માહાત્મ્ય શ્રી શ્રીવલ્લભના આશ્રય સુધી પદો છે.

બીજી સી- ડી. ભોર હિ ભોર શ્રીવલ્લભ કહિયે [ડીજીટલ સાઉન્ડ] આ. સી.ડી મા પ્રાત: સ્મરણનાં પદો છે. આ પદોનાં સુમધુર રાગ તથા સંગીત વૈષ્ણવોની પ્રભાતને પ્રભુમય બનાવી, પ્રભુસેવા માટે પ્રેરિત કરશે.

વિશેષ નોંધ : (૧) વૈષણવોના લાભાર્થે ઉપરોકત સી. ડી. માટે ઉત્તમ પ્રકારનુ સીડી પ્લેયર–૨૫૦ વોટના સ્પીકર્સ સાથે યોગ્ય કિંમતના ઉપલબ્વ છે.

(૨) આ સી. ડી.ની ઓડિયો કેસેટસ પણ ઉપલબ્ધ છે.

મુખ્ય પ્રાપ્તિ સ્થાન : નિકુંજ એન્ટરપ્રાઈઝ ૩૦૪, આદિત્ય ટાવર ઉર્વશી એપાર્ટમેન્ટ પાસે,
મીઠાખળી ૬ રસ્તા, અમદાવાદ – ૩૮૦ ૦૦૬
ફોન ૬૫૬ ૨૩૨૭ / ૪૪૭૦૫૭ ફેકસ : 91- (079) 6426290

પુસ્તક પરિચય

(૧) કૃષ્ણાશ્રય દર્શન - (૨)

લેખક – પુ. પા. ગો. શ્રી ચન્દ્રગોપાલજી મહોદય
પ્રકાશક શ્રી વલ્લભ વિઠ્ઠલગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ
C/o. જીતેન્દ્ર મગનલાલ વજીર
'ભાવના' સી-૯ ચોથે માળે, એસ.વી. રોડ, કાંદિવલી (પશ્ચિમ) મુંબઈ-૪૦૭૦૬)

આઠ પેઈજ ડેમી સાઇઝ પૃષ્ઠ ૨૯૨, પાકું બાઈન્ડીંગ, ઓફસેટ પ્રિન્ટીંગ, પ્લાસ્ટીક કવર ટાઈટલ શ્રી મહાંપ્રભુજીના બહુરંગી ચિત્રજીવાળું મુલ્ય રૂા. ૪૦/-

કૃષ્ણાશ્રય-દર્શન (૨) માં કૃષ્ણાશ્રય સ્તોત્રનું વિવરણ સવિસ્તર લખવામાં આવ્યું છે. લેખકશ્રીએ મુંબઈ તથા અમદાવાદમાં 'કૃષ્ણાશ્રય-પ્રવચન" આપેલ. તેની કેસેટો પરથી સુધારા વધારા સાથે આ પુસ્તક આકાર પામ્યું છે.

તાત્વિક, સૈદ્ધાંતિક, વેદાંતિક, સામ્પ્રદાયિક રીતે કૃષ્ણાશ્રય રતોત્રનું મહત્વ ઘણું જ છે અને એ રીતે આશ્રય પદાર્થ ખુબજ નિગુઢ રહસ્યવાળો વિષય છે.

પુસ્તકમાં શ્રીકૃષ્ણ આશ્રય ઉપર વિવિધ સંદર્ભ ગ્રંથોનો આધાર લઇ સવિસ્તર વિદ્વપુર્ણ ભાષામાં વિવરણ કરેલ છે. જે સર્વ વૈષ્ણવો, પુષ્ટિ સાહિત્યના ચાહકોને સવિશેષ ઉપયોગી નિવડશે. પુષ્ટિ સાહિત્યના સંદર્ભ ગ્રંથ તરીકે પુસ્તકાલયો તેમજ પાઠશાળામાં વસાવવા લાયક પુસ્તક.

પુસ્તકના અંતે પરિશિષ્ટ-૧માં સ્વ-મુત્રપાન પરવિવિધ ધર્મગ્રંથોના આધારે લેખકશ્રીએ સિધ્ધ કરી બતાવેલ છે કે સર્વ માટે તે સર્વથો નિષિધ્ધ છે, અત: તેનો ઉપયોગ વૈષ્ણવોએ અથવા ધર્મબુધ્ધિવાળા કોઈ પણ લોકોએ સર્વથા ન કરવો.

(૨) ષોડશ ગ્રંથ (સાર્થ)

સંપાદક – પ્રા. રમેશભાઈ વિ. પરીખ
પ્રકાશક ૦ શ્રી હરસાનીજી પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ 'વ્રંજરજ' ૩૧-શિવ સોસાયટી નં. ૨
બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા-૩૮૩૦૦૨

આઠ પેઈજી ડેમી સાઈઝના પૃષ્ઠ ૮૮, ઓફસેટ પ્રિન્ટીંગ. પાકુ બાઈન્ડીંગ, લેમીનેશન ટાઈટલ શ્રી મહાપ્રભુજીના બહુરંગી ચિત્રજીવાળુ ન્યોછાવર રૂા, ૧૫

ષોડશ ગ્રંથ એટલે શ્રીમદ વલ્લભગીતા, ષોડશ ગ્રંથ શ્રુતિગ્રંથ છે. વેદતુલ્ય છે. વલ્લભીય વૈષ્ણવો માટે પંચમવેદ છે. બ્રાહ્મણ માટે ત્રિકાલ સંધ્યા અને ગાયત્રી જપ અનિવાર્ય છે. તેમ પ્રત્યેક વૈષ્ણવ માટે ષોડશ ગ્રંથને નિત્ય પાઠ આવકયક છે. દરેક શ્લોકનો અર્થ સમજી-વિચારીને પાઠ કરવો. આ નિત્ય કર્મ માટે ષોડશ ગ્રંથ (સાર્થ) ખુબજ ઉપયોગી છે. દરેક ગ્રંથ અર્થ સામે આપેલ છે. દરેક વૈષ્ણવે વસાવવા લાયક પુસ્તક શુભ પ્રસંગે ભેટ આપવા યોગ્ય પુસ્તક.

(વધુ માટે જુઓ પાનું ૨૩૩મું)

SHREE VALLABH SUDHA Monthly Magazine. Published no third date of Every Month, **Regd.No.G/RJ.212-L.P.W.P43.**

ગાય માતાનો મહિમા

[વિવિધ સંસ્કૃત શ્લોકોના ભાવાનુવાદ આધારીત કાવ્ય કૃતિ]

શાર્દૂલ વિક્રીડિત છંદ

ગાયો તો મુજ અગ્રહો, ગાયો વસે પૃષ્ઠ હવાં,
ગાયો હો મુજ અંતરે ગવતરી, મધ્યે વસુ હું સદા. ૧
બ્રહ્માજી વસતા પીઠે મુખ મહીં, ત્યાં રૂદ્ર વિષ્ણુ ગળે,
મધ્યે દેવગણો વસે ઋષિ મહા, સો ગાયનાં રોમ છે. ૨
આઠે જે કુલ પર્વતો ખરી મહીં, ને નાગ સો પુચ્છ છે,
ગૌ મુત્રે ગંગાનદી નયનમાં, ત્યાં સુર્યને ચંદ્ર છે. ૩
દેવો આંચળમાં બધા નિવસતા, આ ગાય માતાતણાં,
તેથી દુધ બન્યું સુધા સમસદા, આ ધેનુનું પૃથ્વીમાં. ૪
આવી દિવ્ય મહાન રૂપ વરદા, સો ધેનુને વંદના,
ધેનુનો મહિમા કહયો નિજ મુખે, શ્રી વ્યાસજીએ સદા, ૫
જ્યારે સાગરનું કર્યું મથન ત્યાં, દેવો અને દાનવે,
ત્યારે પાંચ પવિત્ર ગાય પ્રગટી, નંદા સમી દિવ્ય છે. ૬
આવો પુણ્ય પવિત્ર દેહ ગરવો, સૌ ગાય માતા ધરે,
તેથી તો હિંદુ બધા જગતમાં, માતા કહીને નમે. ૭
ને આ પુષ્ટિ પ્રવાહમાં પરમ તો, ગૌ માતાનું સ્થાન છે,
ગો સેવા સહ ભાવથી પ્રતિદિને, પુષ્ટિજનો આ કરે. ૮
જ્યારે દ્વાપરના યુગે હરિ વ્રજે, સાક્ષાત શ્રી કૃષ્ણજી,
રહયા ગોકુળ નંદરાય ગૃહ ત્યાં, ગાયો ચરાવી હતી. ૯
ખુલ્લા શ્રી ચરણે સદા વ્રજમહીં, વૃંદાવનને ત્યાં પ્રભુ,
ગાયો વાછરડાં અતિ પ્રિય ગણી, ચારેલ પ્રેમે વિભુ. ૧૦
રક્ષા તો સહુ ગાયની વ્રજજનો, સાથે પ્રભુએ કરી,
આવ્યાં સંકટ જે કંઇ વ્રજ મહીં, ગાયો પરે ત્યાં વળી. ૧૧

જયંત જી. ગાંધી, 'કુસુમાયુધ' જુનાગઢ

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક : રવજીભાઈ પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ,-૧ માર્ગ-૩, યુનિવર્સીટી રોડ, રાજકોટ-૫

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૬૨૧૩૮

શ્રી વલ્લભ સુધા

વચન સુધા

"વળી એક દીવસે કહ્યું કે આ જગતમાં સંપત્તિવાન કોને જાણવા ? અને અસંપત્તિવાન કોને જાણવા ? ત્યારે કહ્યું આ જગતમાં જે પ્રભુનું ભજન સ્મરણ કરે છે તેને સંપત્તિવાન જાણવા. અને જે પ્રભુને ભજતાં નથી. તેને અસંપત્તિવાન જાણવા. પણ આ જગતમાં જે દ્રવ્યવાન છે તેને કાંઇ સંપત્તિવાન જાણવા નહીં અને જે ભૂખે મરે તે દરીદ્રી નહીં.

નિ. લી. ગો. શ્રી ગોપીકાલંકારજી શ્રીમદ્દજી મહારાજશ્રીના વચનામૃત વ. ૮

❀ આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો ❀

વર્ષ ૧૫ : અંક-૯ ◆ ડિસેમ્બર, ૧૯૯૬
શ્રી વલ્લભાબ્દ ૫૧૯

વાર્ષિક લવાજમ રૂા. ૩૫/- ● આજીવન રૂા. ૪૦૧

"શ્રી વલ્લભસુધા"
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ-૩૬૦ ૦૦૧

॥ શ્રીમદ્વલ્લભવિઠ્ઠલેશૌ વિજયેતે ॥

દીપાલી અભિનંદન

નૂતન વર્ષાભિનંદન

તુમ્હારે મનકીં બગિયામેં હરદમ ખિલતે રહે ભાવ હજાર
મલય સમીર સદા બહતા રહે અભિનંદન યહ શત શતબાર

—ગો. ચંદ્રગોપાલ

ભકિત-સુધા

મનમેં જબ પરમાત્માકા ચિન્મયરૂપ પ્રકાશિત હોતા હૈ તબ સમગ્ર ચરાચર વિશ્વ આત્મરૂપમેં આભાસિત હોતા હૈ, કિન્તુ મનમેં જબ પરમાત્માકા આનંદમય પ્રિયતમ નિજ-સ્વરૂપ પ્રકટ હોતા હૈ તબ સમગ્ર ચરાચર વિશ્વ એક માત્ર આનંદમય પ્રિય પદાર્થ કે રૂપમેં આભાસિત હોતા હૈ. તબ ઉપર, નીચે, આગે, પીછે, ઇધર, ઉધર, અંદર, બાહર, મધ્ય સર્વત્ર આત્મરૂપ—પરમાત્મા પરબ્રહ્મકા પ્રિયતમ રૂપમેં વહ અનુભવ કરતા હૈ પરમાત્મા પરબ્રહ્મકો પ્રિયતમ રૂપમેં ઉપલબ્ધ કરકે પરમાત્મા પરમઆનંદમેં દેહાદિ સહિત ચિત્તકી સર્વવૃત્તિયાં નિરૂદ્ધ હોકર સદાનંદ શ્રીકૃષ્ણકે સાથ ક્રીડામેં પરમાનંદ ભોગ કરના ભકિતકા ચરમ ફલ હૈ.

* * * * *

હમારે દુઃખોકી તબતક હી સત્તા હૈ જબતક હમારે મનમેં આનંદકા ઉદય નહીં હુઆ હૈ, આનંદકે ઉદયકે સાથ દુઃખ સ્વતઃ નિવૃત્ત હો જાતા હૈ, ફીર તો વ્યવહારમેં દુઃખદ કહેજાનેવાલે પ્રસંગ ભી પ્રિયતમકી પ્રેમ ચેષ્ટા કે રૂપમેં નજર આકર મધુર હી અનુભવ હોતા હૈ.

—શ્રીમદ જગદ્‌ગુરૂ શ્રી વલ્લભાચાર્ય ચરણ

પુ. પા, ગો. શ્રી ચંદ્રગોપાલજી મહોદય (સુરત—વડોદરા) તથા પુ. પા. ગો. શ્રી યશોદાનંદનજી મહારાજ (બોરીવલી—મુંબઇ) એ મહત્કૃપા વિચારી શ્રી વલ્લભ સુધાના સંપાદક મંડલ અને સર્વે વાચક વૃન્દને દિપાવલી નુતમવર્ષના સુભાશિષ પાઠવ્યા છે સાથે સાથે પ્રત્યેક વૈષ્ણવે હૃદયંગમ કરવા જેવા, શ્રી મહાપ્રભુજીના સુંદર વચનામૃતો પત્રિકા દ્વારા પાઠવ્યા છે. શ્રી વલ્લભ સુધા પરિવાર આપ બન્ને પુ, આચાર્ય શ્રીઓની પરમકૃપા માથે ચડાવી ધન્યતા અનુભવે છે.

—સંપાદક

॥ શ્રી ગોવર્ધન નાથો વિજયતે ॥

અખંડ ભૂમંડાચાર્ય જગદગુરુ શ્રી મહાપ્રભુજી શ્રી વલ્લભાચાર્યજીના પરમ આત્મીય અને પરમ ભગદીય, હરિ, ગુરુ, વૈષ્ણવ સેવાપરાયણ શ્રી.... અને પરિવારજનોને ગોસ્વામી શ્રી યશોદાનંદનજી પરિવારના દીપાવલીના મંગલમય શુભ દિવસે તથા નૂતનવર્ષના શુભારંભે હાર્દિક શુભકામનાઓ સાથે સસ્નેહ શુભાશિષ....

—ગો. યશોદાનંદન

દિપાવલીનું મંગલમય પર્વ તથા નૂતનવર્ષ આપને સુખ.... સમૃદ્ધિથી હર્યુભર્યુ રાખે અને શ્રીમહાચાર્યચરણ શ્રી વલ્લભાચાર્યજીના સિદ્ધાંતો હૃદયારૂઢ થાય તેવી મંગલમય કામનાઓ સાથે શુભ આશીર્વાદ....

(જુઓ ટાઈટલ ત્રીજું)

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૭
વર્ષ : ૧૫ અંક : ૯ ✻ ડીસેમ્બર ૧૯૯૬

મનને શિક્ષા

મનારે તેં લોક પ્રતિષ્ઠા ચલાઇ ।
ભલો ભલો કહી જગત વખાન્યો, તો મેં કહા ભલાઇ ।૧।
કરી દંભ સ્નેહ હરિજનસોં અપનો ઉદર ભરાઇ ।
સૂકર કુકર સબ તો સેં આછે જાત સુભવ અપનાઇ ।૨।
વિષય વિષભર્યો નખશિખલોં ઓરકી કહા ચલાઇ ।
'રસિકદાસ' કી ટેર સુનો પ્રભુ કરૂણાનિધિ દરસાઇ ।૩।

* ભાવાર્થ *

અરે મન ! તે લોકોમાં પ્રતિષ્ઠા મેળવી, તને જગતે બહુ સારો કહયો તેમાં શું સારૂં થયું ? તેં પ્રભુ ભકતો સાથે તો દંભનો સ્નેહ કર્યો (દેખાવ માત્રનો સ્નેહ) અને તેનો લાભ લઇ પેટ ભરવાનું કામ કર્યું.

અરે ! તારાથી તો ભૂંડ અને કુતરા પણ સારા કે એ તો પોતાના જાતસ્વભાવ અનુસાર વર્તે છે.

વિષયનું વિષ તારા પગથી માથા સુધી ભર્યું છે એમાં બીજા ગુણો કયાંથી આવશે. આવા જીવ પર દયાર્દ્ર થઇ શ્રી રસિકદાસજી (શ્રી મટુજીમહારાજ) કહે છે. હે પ્રભુ ! મારો પોકાર સાંભળો. આપ કરૂણાનિધિ છો તેથી આવા જીવો પર કરૂણા કરો.

શ્રી વલ્લભ સુધા દર માસની ૭મી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન એપ્રીલ થી માર્ચ.

- * શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશત થયેલ અંકો મોકલાય છે.
- * ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવે મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
- * શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- * લેખ આદિ કાગળની એક બાજુ ૨૫૦૦ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
- * શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
- * શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- * ચેક, ડ્રાફટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે

પત્ર વ્યવહાર સંપર્ક :

શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા રાજકોટ

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

ભક્તિ વર્ધિની

શ્રી ગોપેશ્વરજીએ રચેલ વિવરણ સહિત

ભાષાંતર : પ્રો. પ્રતાપરાય કાં. શાહ એમ. એ. કોવિદ, મુંબઈ

–ગતાંકથી ચાલુ

વિવૃત્તિ : આ કારણને લીધે ત્યાગમાં બાધક વસ્તુઓ (બાબતો) ઘણી હોવાને કારણે હરિના કોઈક સ્થાનમાં –જેવાં કે શ્રીમદ ગોકુલમાં અથવા ગોવર્ધન –જતીપુરા જેવા પ્રભુના સ્થાનમાં રહેવું. એ સ્થાનો સર્વ દુઃખોને હરનારા છે. ભગવાનના પોતાના (તદીય) હોય અને ભગવત્પરાયણ (તત્પરાઃ) હોય એવા ભકતોની સાથે (હરિસ્થાનમાં) રહેવું. 'તત્પર' શબ્દનો અર્થ સ્પષ્ટ કરતાં કહે છે કે, 'તત્' એટલે ભગવાન અને 'પર' એટલે સર્વ (લક્ષણોની) અપેક્ષાની દૃષ્ટિએ શ્રેષ્ઠ (પર=શ્રેષ્ઠ) એવા 'તાદૃશ' ભકતો જેઓ પરમ પરાકાષ્ઠ સ્થિતિએ પહોંચ્યા હોય એવા ('તત્પર') ભકતોની સાથે રહેવું એ ભાવાર્થ છે. ત્યાં પેલા દોષો–દુઃસંસર્ગ યા તો અન્નદોષ નથી. પ્રતિદિન સત્સંગરૂપી રસનું આસ્વાદન કરનારા ભકતો અન્યત્ર (કોઈ બીજા સ્થળે) માનસિક સુખ પ્રાપ્ત કરી શકતા નથી. આ જ કારણને લીધે સત્સંગનો મહિમા શ્રીમદ ભાગવતમાં ગાવામાં આવ્યો છે–

> તુલયામ લવેનાપિ ન સ્વર્ગં નાપુનર્ભવમ્ ।
> ભગવત્સંગિ સંગસ્ય મર્ત્યાનાં કિમુતાશિષે ॥

અર્થ : મર્ત્ય લોકોને માટે કયું ચડિયાતું ગણાય એ દૃષ્ટિએ ત્રાજવામાં જોખીએ તો જણાશે કે સ્વર્ગલોક યા તો મોક્ષ પણ ભગવત્સંગીનો સંગ કરનાર મનુષ્યને માટે લેશ પણ ચઢીયાતા નથી. તેથી જ શ્રીમદ ભાગવતમાં પાંચમાં સ્કંધમાં કહ્યું છે કે–

> ન યત્ર વૈકુંઠ કથા સુધાપગા ન સાધવો ભાગવતાસ્તદાશ્રયાઃ ।
> ન યત્ર યજ્ઞેશમખા મહોત્સવાઃ સુરેશ લોકોપિ ન યાતિસેવ્યતામ ॥

અર્થ : જ્યાં વૈકુંઠ (એટલે વિષ્ણુ)ની અમૃતતુલ્ય કથા ન હોય, જ્યાં ભગવાનનો આશ્રય લઈને સાધુઓ તથા ભગવદીય લોકો ન રહેતા હોય, જ્યાં યજ્ઞેશ માટેના યજ્ઞોના મહોત્સવો ન થતા હોય એવું સ્થાન ભલે ઈન્દ્રનું સ્થાન –સ્વર્ગનું સુખ આપનાર ઈન્દ્રલોક હોય તો પણ એ સ્થાનનું સેવન કરવું ન જોઈએ. આમ હોવાથી તેવા ભગવદીયજનોની પાસે કેવી રીતથી રહેવું એવી આકાંક્ષા થાય તો કહે છે....' અદુરં.... વગેરે. જે રીતે ભગવદીયજનોના ચિત્તને દુઃખ ન પહોંચે– કોઈ પ્રકારના ઉદ્વેગ યા તો દુઃખ કે ચિંતા દ્વારા –યા તો તેમનું

ચિત્ત લાગણીથી વિકૃત ન થાય– એટલા નિકટમાં રહેવું અથવા તો વિપ્રકર્ષે એટલે દુર રહેવું એમ અર્થ છે. અહીં કહેવાનો આશય છે. કારણ કે સંતો તો સંપુર્ણ એકાંતમાં રહીને ભગવત્કથા કરતા કરતા ભગવદ રસના પાનમાં મસ્ત હોય છે. તેમને અનુસરતા તેમની પાછળ પાછળ જઇને જો કોઇ પોતાના લાભનો નિશ્ચય કરીને તેમની નિકટતાનું સેવન કરે ત્યારે જો તેઓ અતિગુઢ એવા ભગવદ રસને તેમની સમક્ષ પ્રકાશિત કરવા માટે પોતે અશકિતમાન છે એમ માનીને તેઓ પોતે જ ત્યાંથી વિરામ પામે– પોતાના ચિત્તમાં ઉદ્વેગ થવાથી– તો તેમનાથી પોતે દુર રહેવું એ જ શ્રેયસ્કર છે અને દયાર્દ્ર હ્રદયને કારણે જો તેઓ પોતાની અતિ નિકટ (બહુ જ પાસે) જવા આપણી સ્થિતિનું નિયોજન કરે, તો એટલું સામિપ્ય રાખવાની છુટ છે, કારણ કે તેમને અનુસરવાની અનુકુળતા મળવાથી આપણો હેતુ સાધી શકાય છે, અથવા તો આપણુ ચિત્ત જેમ કરવાથી દુષ્ટ ન થાય એવી રીતનું નિકટપણું યા તો દુરપણુ જાળવીને રહેવું એમ અર્થ છે. ।૭–૮।

આ પ્રમાણે સત્સંગ આદિમાં આવતા દોષોનું નિવારણ કર્યા પછી અગ્રિમ (પ્રાથમિક) વ્યવસ્થાનું વર્ણન કરતા કહે છે– 'સેવાયાં....' વગેરે.

સેવાયાં વા કથાયાં વા યસ્યાસકિતર્દ્રઢા ભવેત્ ।
યાવજ્જીવં તસ્ય નાશો ન કવાપીતિ મતિર્મમ ॥

અર્થ : જે ભગવત્સેવા (યા ભગવત્કથામાં) જે ભકતની આસકિત દ્દઢ (એટલે મજબુત કાયમ ટકે એવી, થઇ ગઇ હોય, જીવે ત્યાં સુધી કૃષ્ણ વ્યસન થઇ ગયું હોય, તેનો કયારેય નાશ થતો નથી એવો શ્રી મહાપ્રભુજીનો મત છે. (તેને ભકિતનું ફલ અવશ્ય મળે છે). ।૯।

વિવૃત્તિ : જે ભકતને સત્સંગાદિકનું સેવન કરતા કરતા શ્રીકૃષ્ણની સેવામાં સ્વતંત્ર પુરુષાર્થના ફલ સ્વરૂપે, નિશ્ચલ (દ્દઢ) આસકિત થઇ જાય, તેને માટે કદાપિ જીવન પર્યંત નાશ થતો નથી, યા તો ફલાભાવ થતો નથી એમ મારો (એટલે શ્રી મહાપ્રભુજીનો) અભિપ્રાય છે તેથી અહીં સંદેહ કરવો જ નહીં એવો ભાવાર્થ છે. અથવા તો મારી મતિ એવી છે કે ભગવાન પરમ કૃપાળુ છે તેથી તેને દુઃખ આપી શકે જ નહીં.

જો એવી દલીલ કરવામાં આવે કે સેવામાં તથા કથામાં શું સામ્ય છે ? તેનો ઉત્તર આ છે. સેવા એટલે ચિત્તનું શ્રીકૃષ્ણમાં પરોવાઇ જવું. કારણ કે– 'ચિત્તમાં શ્રીકૃષ્ણની સતત વ્યાપકતા એટલે સેવા' એવું સેવાનું લક્ષણ નકકી કરવામાં આવેલું છે. જો સેવામાં ચિત્તની કૃષ્ણ પ્રવણતા હોય તો જ તેનું નામ સાચી સેવા છે. જો એમ ન હોય તો પરબ્રહ્મમાં અનુસંધાન થતું નથી અને તેથી જ એમ કહયું છે કે 'માનસી સા પરામતા' એટલે કે માનસી ભકિતના પ્રકારને શ્રેષ્ઠ ગણ્યો છે. આથી જ આ પ્રમાણેના અભિપ્રાયના કારણે આચાર્યોએ કહ્યું છે કે કથા પ્રેમમાં ડુબેલા ભકતોને એવી કથાના શ્રેષ્ઠ કહેનારા પણ મળી જાય છે, પ્રેમપ્રાપ્તિ પણ થાય છે અને ભકિતને લગતુ ઘણું બધું પણ પ્રાપ્ત થાય છે. –ક્રમશઃ

॥શ્રીવલ્લભ॥

ભક્તિ પોષણ

વિવેચક : **પ. ભ. શ્રી મથુરાદાસ જીવરાજભાઇ મહેતા**

જીવ બ્રહ્મ થાયે નહિ, થાયે તો બ્રહ્માનંદ કોને,
ભોક્તાપણું જો માનશો, તો જીવ ટળ્યો કહો શાને ?
શાને કહો છો 'ન્યારો નથી બ્રહ્મનામી'
કયમ બોલ્યો જનક સાયુજ્યતા પામી ?
બોલે તે બીજો કહેવાય, ઇશ્વર જીવ કદી નવ થાય.
સેવો શ્રી કૃષ્ણકૃપાળ (૩૧)

વિવેચન – આ પદમાં કવિશ્રીએ જીવ અને બ્રહ્મની સ્થિતિ બતાવી છે જીવ તો જીવ જ રહેવાનો છે બ્રહ્મ થઇ શકતો નથી. જીવ અણુમાત્ર છે. તે અણુમાત્ર અનંત બ્રહ્મ સ્વરૂપ કેવી રીતે બને ?

આપણા શાસ્ત્રો કહે છે કે બ્રહ્માનંદની પ્રાપ્તિ થઇ શકે છે. પરંતુ જીવ પોતે જ જો બ્રહ્મ બની જાય તો બ્રહ્માનંદ અનુભવ્યો કોણે ? જ્યાં તેનું અસ્તિત્વ જુદું રહ્યું જ નથી. તે માટે દ્રષ્ટાંત જોઇએ રાજા જનકે પોતે સાયુજ્ય મુક્તિ પામ્યા પછી કહ્યું કે હું સાયુજ્ય પામ્યો છું. હવે જુઓ સાયુજ્ય મુક્તિ પામ્યા તો જુદુ રૂપ રહ્યું જ નહિ તે કેવી રીતે તે કહી શકત કે હું પામ્યો છું. બોલનાર બ્રહ્મથી જુદો જ હોય તે જ કહી શકે કે હું પામ્યો છું. આ જોતાં જીવ બ્રહ્મ થઇ શકતો નથી. દુષ્ટ જીવને કહે છે બ્રહ્મરે બ્રહ્મ જીવ લેખેરે.

આ જીવને બ્રહ્મ કહે છે તો બ્રહ્મ પણ જીવ જેવો જ થયો વિચારવાની વસ્તુ છે. માટે બોલે તે બ્રહ્મ નથી બ્રહ્મ કોઇ જુદો જ છે.

એકાંકી ન રમતે સદ્વિતિય મૈચ્છત્

આ પંક્તિ બતાવે છે કે બ્રહ્મ એકલા જ રમણ કરી શકતા નથી માટે જ બીજાની ઇચ્છા કરી તે ઉત્પન્ન કરેલા જીવો બ્રહ્મથી જુદા જ રહે છે. તે કદાપિ બ્રહ્મ બની શકતા નથી.

ઉપનિષદમાં જીવનું સ્વરૂપ અણુમાત્ર કહેલું છે.

બાલાગ્ર શતભાગસ્ય શતધા કલ્પિતસ્ય તુ ભાગો જીવઃ સ વિજ્ઞેયઃ

વાળનાં આગળનાં ભાગનાં સો ભાગ કરીએ અને તેનાં એક એક ભાગનાં સો સો ભાગ કસીએ તેટલો જીવ પરમાણું છે. વળી બીજી જગ્યાએ કહ્યું છે કે જીવ તો (આત્માનો) અણુ માત્ર છે અને ચિત્તથી જ તેનું જ્ઞાન હોઇ શકે. તુલસીદાસજીએ પણ જીવનું અસ્તિત્વ જુદુ જ માન્યું છે.

જુઓ
સેવક સેવ્ય ભાવ વિનું ભવ ન તરીયે ઉરગારી
ભજહુ રામચંદ્ર પદ પંકજ અસ સિદ્ધાંત વિચારી

આમાં સ્વામી અને સેવકનાં ભાવનું કહ્યું છે જીવ બ્રહ્મ કીધો નથી. સેવક ભાવથી સ્વામીની ભકિત કરવી જો ભવસાગર પાર કરવો હોય તો આ જ સરસ ઉપાય છે. તેઓ રામ ભકત હતા તેથી રામચંદ્ર પદ પંકજ રામચંદ્રજીની ભકિત તે પણ ચરણારવિંદની ભકિત તે જ દાસ્ય ભકિત કરવાનું કહ્યું છે. જીવનું જુદુ અસ્તિત્વ રહે ત્યારે જ તે સ્વામીની સેવા કરી શકે છે આ બાબતમાં વેણુગીત શ્લોકમાં ૭માં ગોપીજનો આપસમાં કહે છે કે

અક્ષણ્વતઃ ફલ મિદં મપરં વિદામઃ

વેદોની શ્રુતિયોએ ભગવાનની સ્તુતિ કરી ત્યારે પ્રભુએ તેમને ઇંદ્રીયવાન બનાવ્યા કે તમે દેહધારી બનીને મારી લીલાનો આનંદ લ્યો. શ્રુતિ રુપા તે જ વેદની શ્રુતિયો હતી જેઓ વૃજમાં ગોપ ભાર્યા બની હતી. તેઓ જ ગાન કરતાં કહે છે કે આ સંસારમાં જોવા જેવું એવું કાંઇ નથી કે જેથી ઇંદ્રીયો, આંખ, કાનની જરૂર પડે પરંતુ જરૂર છે જ કેમ કે નંદનવન જયારે મુરલી વગાડે છે, ત્યારે તેમનું સુંદર મૃદુ હાસ્ય, મુરલીનાં સ્વરો વગાડતા તેમની ઉંચીનીચી થતી ભમર આ બધું આંખોથી જ જોવાય છે, વળી મન મોહનની મુરલીનો અવાજ કાનોથી જ સાંભળી શકાય છે. ખરેખર જેને ભગવાને ઇંદ્રીયવાન બનાવ્યા છે તેનું મુખ્ય ફળ આજ છે. આથી વધારે મોક્ષનું સુખ શું કામનું ? મોક્ષ છે ત્યાં આનંદ નથી, આનંદ તો એક જ છે જે મનમોહન શ્યામ સુંદરનું મુખારવિંદ નિહાળીને આનંદ પ્રાપ્ત કરીએ.

નોંધ :– જ્યાં સુધી તેઓ ઇંદ્રીયવાન ન બન્યા ત્યાં સુધી આ સુખ મળ્યું નહોતું. તેજમાં તેજ ભળવાથી સુખ મળતું નથી.

પુષ્ટિમાં મોક્ષને મહત્વ ક્યાંય દીધું નથી અત્રે તો નિકટ રહી સેવા કરવી કે જેમાં જીવનું જુદું અસ્તિત્વ કાયમ રહે, ત્યારે જ તે રૂપ સૌન્દર્યતાનું નયનો દ્વારા પાન કરી શકે. પુષ્ટિમાર્ગમાં બ્રહ્મ કોઇને થાવું જ નથી. તેમજ સ્વર્ગ અને નર્ક બન્ને સમાન મનાય છે. કેમ કે ભકત કોઈ એવા કામો કરે નહિ કે જેથી નર્ક મળે. તેમજ સ્વર્ગમાં જાવાની ઇચ્છા નથી. સુખ ભોગવવું ને પાછું સંસારમાં પડવું, તેનો કોઇ અર્થ નથી. માટે સ્વર્ગને નર્ક પુષ્ટિ જીવોને માટે નથી જ, માટે ઉલ્લેખની જરૂર જ નથી.

ગોકુળમાં પ્રભુ ગ્વાલ બાલો સાથે રોજ વનમાં નીત નવી લીલાઓ કરતાં તરેહ તરેહની રમતો રમતાં એકવાર ગ્વાલોએ કહ્યું કે અહીં તો તું અમારી સાથે રમતો રમે છે. તારૂં

વૈકુંઠ કેવુંક છે ઇતો બતાવ ! ત્યારે પ્રભુએ સદેહે બધાને વૈકુંઠ બતાવ્યું ત્યાં તો વૈકુંઠાધિપતિ ઉંચે સિંહાસન ઉપર બિરાજતા જોયા વૈકુંઠનો વૈભવ જોયો ત્યાં કયાંય ભકિત દેખાણી નહિ એટલે મુંઝાણા, અમને પાછા અમારા વૃજમાં જ લઇજા. ત્યારે બધાને પાછા જ્યાં હતાં ત્યાં જ પહુંચાડી દીધા ત્યારે ગ્વાલ બાલોએ કહ્યું અમારે એવા વૈભવશાળી વૈકુંઠમાં જઇને શું કરવું ? જ્યાં તું અમારી સાથે ન હો ત્યાં અમને ન ગમે.

વૃજ વહાલું રે વૈકુંઠ નહિ આવું. વૃજમાં પ્રભુની ઉચ્છંગ લીલા છે જે વૈકુંઠમાં નથી વૃજમાં ભક્ત ભગવાન એકરૂપ થઈ લીલા કરે છે ત્યાં તે નથી બાળકો વૃજમાં કૃષ્ણની કીર્તીનું ગાન કરતાં પણ સખા ભાવ રાખતા આ ભાવ વૈકુંઠમાં કયાં મળવાનો હતો ? જે સુખ દાસ્ય ભકિતમાં છે તે કયાંય નથી સદા નિકટતા અને અસ્તિત્વ કાયમ રહે.

માટે જ કવિશ્રી કહે છે કે સેવો શ્રી કૃષ્ણકૃપાળ ૩૧ ૩૧

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧ ગો. વા. મણીબેન કેસરીયા રાજકોટના જયશ્રીકૃષ્ણ હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલના જયશ્રીકૃષ્ણ.

૨ ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ પરીખ મુંબઇના જય શ્રી કૃષ્ણ.

૩ મહાકારુણિક જગતગુરુ શ્રીમદ્‌વલ્લભાચાર્યજી પંચ શતાબ્દી મહોત્સવ સમિતિ–રાજકોટના સૌજન્યથી.

શ્રી યમુનાજીના પદ

રચયિતા : મહાકવિ શ્રી વલ્લભદાસ શર્મા, દેવરી.

ભાવાર્થ-લેખક **'માધુરી'** રાજકોટ

પદ-૩૩

તેરે ધર્મ બન્ધું કી સેના,
એક લિયો ગિલિ દુજો મોકોં ચાહત કરત ચબેના ૧

કૈસેં તેરે ગુણગણ ગાઊં સાવકાશ નહીં પાવત,
જોં જોં યમુના નામ પુકારત ત્યોં ત્યોં મોહિ સતાવત. ૨

તેરી કાનિ વિદારિ નિરંકુશ કરત આપ મનમાની,
કૈસેં જગ વૈષ્ણવ જન નિબહેં અહો કૃષ્ણ ઠકુરાની ૨

શ્રીપદ રજ દાસી ઇન ત્રાસી રુજકો ભેષ બનાઇ;
હા હા રાખિ રાખિ શ્રી રવિજા શરણ પર્યોં હોં આઇ. ૩

ભાવાર્થ – આ પદમાં કવિશ્રી અધીર બનીને વિનતી કરે છે હે ! તમારા ધર્મ ભાઇની સેના એટલે યમદુતો મને સતાવે છે. એકે મને પકડી લીધો, બીજો મને ચાવી જાવા માગે છે. આ દશા અત્યારે મારી છે. આમાં હું કેવી રીતે આપના ગુણોનું ગાન કરૂં. મતલબ કે ચિત્તની વૃતિ જે માયામાં ભટકે છે તે તો યમરાજને આમંત્રણ દેવા જેવું થાય. મનથી નિવૃતિ ચાહું, તો પણ સંસારમાં જ હું પ્રવૃત બનું છું. આ દશા મારી છે. આમાં હું કયારે માયાથી છુટું ને કયારે આપના ગુણ ગાઉં. જેમ જેમ યમુના નાંમનું પોકાર કરૂં છું, તેમ તેમ મને (માયા) વધારે સતાવે છે. આમાં તે તમારી કાની (શરમ) પણ રાખ્યા વગર પોતાનાં મનની ઇચ્છા મુજબ વર્તાવ કરે છે. આમાં વૈષ્ણવ જન–આપનાં ભકત નભશે કેમ ? હે કૃષ્ણની ઠકરાણી હું આવા ત્રાસથી આપને શરણે પડયો છું અને હા, હા, ખાઇને વિનવું છું–કૃપા કરો ! કૃપા કરો ! ૩૩

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાય

પ. ભ. શ્રી જમનાદાસ મોરારજી કારિયા હ. ગિરિશચંદ્ર જમનાદાસ કારિયા કાંદીવલી (વેસ્ટ)ના જયશ્રીકૃષ્ણ.

શ્રી વિઠ્ઠલનાથજીની સાહિત્ય સેવા

લેખક : **શ્રી વીણાબેન શેઠ**

સાહિત્ય, સંગીત અને ચિત્ર જેવી કલાઓમાં અસાધારણ નિપુણના દર્શાવનાર શ્રી વિઠ્ઠલનાથજીને સાહિત્યના સંસ્કાર શ્રીમહાપ્રભુજી પાસેથી વારસામાં જ મળ્યા હતા. ઘરનું વાતાવરણ સંગીતમય અને સાહિત્યમય. પરિણામે જન્મથી જ સાહિત્ય તરફની અભિરૂચિ કેળવાતી ગઇ અને વિવિધ વિદ્વાનોના ઘરમાં જ આગમનને લીધે સાહિત્યના સંસ્કાર મળતા ગયા. સં ૧૫૮૦ના ચૈત્ર સુદ ૯ના દિવસે શ્રી મહાપ્રભુજીએ શ્રી વિઠ્ઠલનાથજીને વેદમંત્ર ગાયત્રી મંત્રોપદેશ આપ્યો અને તે જ દિવસથી શ્રી આચાર્યજીએ વિઠ્ઠલેશને ભણાવવાનું શરૂ કર્યું. શ્રી વિઠ્ઠલેશ બાળપણથી તોફાની અને રમતિયાળ ખરા પણ ઘરના સંસ્કાર, વાતાવરણ અને સંગ મળતા સાહિત્યની રુચિ આપોઆપ ખીલવા માંડી હતી.

શ્રી ગોપીનાથજીને શ્રી ભાગવતનો પાઠ કરતા દેખી પોતે દશમસ્કંધનો પાઠ કરતા આથી તો શ્રી મહાપ્રભુજીએ તેમના માટે ત્રિવિધ નામાવલી રચી શ્રી મહાપ્રભુજી શ્રી સુબોનીજીનું પઠન પાઠન કરતા અને કરાવતા. તેના શ્રવણનો લાભ પણ શ્રી વિઠ્ઠલનાથજીને મળ્યો. સુરદાસ વગેરે અષ્ટસખાઓ નિત્ય શ્રીમહાપ્રભુજીની પ્રેરણાથી નવા નવા પદો રચતા અને ગાતા આથી શ્રી વિઠ્ઠલનાથજીના મન ઉપર પણ તેની સારી છાપ પડી અને કવિત્વશકિત ખીલી ઊઠી. પરિણામે કૃષ્ણ વિષયક નાના નાના કાવ્યો રચવા લાગ્યા હતા.

શ્રી મહાપ્રભુજીનું નિવાસસ્થાન ચરણાટમાં હતું. ત્યારે અવારનવાર વિઠ્ઠલેશને લઇને વ્રજમાં પધારતા. શ્રી વિઠ્ઠલેશ શ્રી યમુનાજી સ્નાન કરવા જતા. એક દિવસે સ્નાન કરી પાછા ફરતા એક સુમધુર આર્યા સ્વાભાવિકપણે જ સ્ફુરી આવી.

વ્રજરાજ વિરાજિત ઘોષવરે, વરણીય મનોહક રૂપધરે
ધરણી રમણી રમણીકપરે, પરમાતિહર સ્મિતવિભ્રમકે ॥૧॥

મકરાકૃતિકુંડલી શાંતિમુખે, મુખરીકૃત નુપુરહૃદ્યગતે
ગતિ સંગત ભૂતલ તાપ હરે, હરશઠ બિમોહન ગાન પરે ॥૨॥

પરમપ્રિય ગોપવધૂઢદયે, દયયા દિનતાપહરે સુહૃદામ ॥
હૃદયસ્થિત ગોકુલવાસિજને, જનહૃદ્યવિહારપરે સતતમ ॥ ૩ ॥

તત વેણુનિનાદ વિનોદ પરે પર ચિત્તહર સ્મિત મસ્ત કથે
કથનીય ગુણાલય પાદયુગે યુગલે યુગલે સદશા સુરતો
રતિરસ્તુ મમ વ્રજરાજસુતે

શ્રી મહાપ્રભુજીએ જયારે આ કૃતિ સાંભળી ત્યારે અત્યંત પ્રસન્ન થયા અને ભકતકવિ થવાના અંતરથી આશીર્વાદ આપ્યા.

સં. ૧૬૨૮ પછી શ્રી ગુસાંઇજીએ ગોકુળમાં સ્થાયી નિવાસ કર્યો અહીં શ્રી ઠાકુરજીની સેવા અને સાહિત્યની સેવા એ જ તેમનું જીવનકાર્ય હતું. તેમનું કુળ યજુવેદાંતર્ગત તૈતરીય શાખાનું હતું. તૈતરીય ઉપનિષદમાં વર્ણવેલું ભગવાનનું રચનાત્મક સ્વરૂપ તેમના મનમાં બરોબર વસી ગયું હતું. શ્રી મહાપ્રભુજીએ તૈતરીય ઉપનિષદના આનંદમય પ્રકરણનો અર્થ બ્રમ્હસુત્રમાં આપ્યો છે. શ્રી ગુસાંઇજીએ અથવા એમ કરીને બીજો અર્થ આપ્યો. તેમાં ભગવાનના રચનાત્મક સ્વરૂપનો પરિચય કરાવ્યો.

શ્રી પ્રભુચરણ ઉચ્ચ કોટિના વિદ્વાન અને સાહિત્યકાર હતા. પુષ્ટિમાર્ગનું હર્દ સમજાવતા અનેક ગ્રંથોની તેમણે રચના કરી છે. ભારતવર્ષના વિદ્વાનોમાં પ્રથમ પંકિતનું સ્થાન અપાવે તેવો વિદ્વાનમંડન” ગ્રંથ રચ્યો છે. તેથી વેદનાં મંત્રો ઉપરથી ખાસ કરીને વિષ્ણુસુકત ઉપરથી વિષ્ણુનાં પરાક્રમો, વિષ્ણુનું ધામ વગેરે બાબતો ઉપરથી લીલાવાદ અથવા રસવાદ સમજાવ્યો છે.

ચોરાસી વૈષ્ણવનો વાર્તાગ્રંથ શ્રી ગુસાંઇજીએ આપ્યો અને સં. ૧૬૨૦ની આસપાસ શ્રી મહાપ્રભુજીનું અલૌકિક ચરિત્ર સમજાવતો શ્રી સર્વોત્તમસ્તોત્ર જેવો અસાધારણ સ્તોત્રગ્રંથ લખ્યો. સ્ફુરત્કૃષ્ણ પ્રેમામૃત અને શ્રી વલ્લભાષ્ટક નામના બીજા સ્તોત્ર પણ આપ્યા. તેમાં રાસાદિ લીલાથી ભરપુર શ્રી મહાપ્રભુજીના સ્વરૂપ અને ગુણોનું વર્ણન છે. સૌંદર્ય પદ્ય નામના એક શ્લોકમાં શ્રી મહાપ્રભુજીનું સ્વરૂપ સમજાવતા શ્લોકો, સ્તોત્ર અને અષ્ટકની રચના કરી છે.

શ્રી ભાગવત ઉપરના સુબોધિનીજી સમજ્યા તેની ઉપર ટીકારૂપે ટીપ્પણી લખી છે. આ ટીપ્પણીની રચના તેમણે પ્રૌઢવયે કરી લાગે છે. ટીપ્પણી જોતાં શ્રી ગુસાંઇજીની પ્રભુ સાન્નિધ્યતા, પ્રભુમાં ચિત્તની તન્મયતા અને ભાગવત સંયોગ રસમાં નિમગ્નતાના દર્શન થાય છે.

સપ્તશ્લોકી અને યમુનાષ્ટપદી, ભુજંગપ્રત્યાતાષ્ટક અને સ્વામીન્યષ્ટક, લલિત ત્રિભંગી સ્તોત્ર અને સ્વામીનીસ્તોત્ર જેવા સ્તોત્રકાવ્યો આપ્યા છે અને વિજ્ઞપ્તિઓ લખી છે. શ્રી ઠાકોરજી સન્મુખ મંગલામાં ગવાતુ ‘મંગલ મંગલમ વ્રજભૂવિ મંગલમ’ જેવું મંગલકારી પદ, જન્માષ્ટમી સમયે અને પ્રભુને જયારે જયારે પલને ઝુલાવવામાં આવે છે ત્યારે ગવાતુ ‘પ્રેખ પર્યંક શયનમ’ જેવું પદ, વસંતઋતુમાં રાજભોગ સમયે ગવાતી વસંતખેલની ભાવનાથી ભરપૂર અષ્ટપદી ‘વ્રજયુવતી સતસંગે હરિહર વ્રજયુવતી સતસંગે’ જેવું પદ તેમજ સંધ્યા, શયન, આરતીના પદો આપણા કિર્તન સાહિત્યને મળેલી અમુલખ ભેટ છે. તેમના કાવ્યોમાં પ્રાસાદિકતા અને સુંદરતા છે, લાલિત્ય છે અને મધુરતા છે.

'શૃંગારરસમંડળ ગ્રંથ' ત્રણ વિભાગમાં વહેંચાયેલી ઉત્તમ પદ્યકૃતિ છે. તે વસંતનો ફાગુનો જ એક પ્રકાર છે. એમાં ભગવાનના દિવ્ય રસ અને ભાવોનું વર્ણન છે. આ કોઇ લૌકિક કાવ્ય નથી પણ પરમ આનંદમય રસેશ્વર પ્રભુ સાથે અંતરંગ ભક્તવૃંદની નિત્યલીલાનું અલૌકિક વર્ણન છે. એથી તો આપશ્રી જણાવે છે કે જે અલૌકિક રસ ન જાણતા હોય તે વૈષ્ણવ છતાં આ લીલા ન વાંચશો.

ભક્તિનું તત્વ સમજાવતો 'ભકિતહંસ' અને 'ભકિતહેતુ નિર્ણય' ખંભાતના મુરારીદાસ માટે લખ્યા. એમાં શાસ્રીય ભકિત, મંત્રાધીન દેવની ભકિત અને શુદ્ધ પુષ્ટિ ભકિતનું સ્વરૂપ સમજાવ્યું છે અને શ્રીકૃષ્ણના પુર્ણપુરુષોત્તમત્વ તથા રસાત્મક સ્વરૂપનો ખ્યાલ આપ્યો છે અને તેમણે સ્પષ્ટ સમજાવ્યુ છે કે શ્રીકૃષ્ણની ભકિત સકામ અને ફલ મેળવવા કરવામાં આવે તો તે સ્વરૂપ પણ વિભુતીરૂપ છે.

સિદ્ધાંત મુકતાવલી, યમુનાષ્ટક, નવરત્ન તથા સિદ્ધાંત રહસ્ય ઉપર વિવરણ રચ્યા છે. ભગવદ્ ગીતાના પ્રથમ અધ્યાયની ટીકા, ગીતા તાત્પર્ય, ન્યાસાદેશ વિવૃતિ તથા ગીતાહેતુ ગ્રંથોની વિવરણરૂપે રચના કરી છે. શ્રી વલ્લભાધીશના ભાષ્યને અનુસરીને 'ગાયત્રી કારિકા' રચી અને વૃત્રાસુર ચતુઃશ્લોકી ઉપર ટીકા લખી છે.

શ્રી મહાપ્રભુજીના અધુરા ભાષ્ય ઉપર શ્રી ગુસાંઇજીએ છેવટના દોઢ અધ્યાય ઉપર સાધન અને ફલ પ્રકરણ ઉપર ભાષ્ય લખ્યુ અને આ ભાષ્ય પુરુ કર્યું. આપશ્રીએ ભગવદ્ ભાવરૂપ ભકિતની મુંખ્યતા, ઘર પ્રભુપ્રાપ્તિ માટે બાધક છે તે ભ્રમ, ઉપાસના અને ભકિતના ભેદ, પરમાત્માની પ્રાપ્તિ એ જ પુરુષાર્થ એ વિષેની સમજ, જ્ઞાન અને કર્મનું સ્વરૂપ, સર્વાત્મભાવ વગેરે વિષયોની સમજ ત્રીજા અધ્યાયમાં આપી છે. ચોથા અધ્યાયમાં પ્રતિકોપાસના વિષે, પુષ્ટિભક્તિ અને મર્યાદા ભક્તિ વિશે, મર્યાદાથી મોક્ષ અને પુષ્ટિભકિતથી પરમાત્માની નિત્યલીલાની પ્રાપ્તિ, પ્રભુલીલાનું સુખ વૈકુંઠમાં નથી પણ ગોકુલ–ગોવર્ધનમાં છે. શ્રી મહાપ્રભુજીએ શુદ્ધાદ્વેત તત્વજ્ઞાન અને પુષ્ટિમાર્ગનું બીજ વાવ્યુ તેને વિકસિત કરવામાં શ્રી વિઠ્ઠલનાથજીનો ફાળો અનન્ય છે.

શ્રી વિઠ્ઠલેશપ્રભુનું સમગ્ર સાહિત્ય જોતાં કૃષ્ણભકત તરીકેનું તેમનું સ્વરુપ એમાંથી ઉપસે છે. કૃષ્ણલીલા અને કૃષ્ણભકિત સિવાય બીજી કોઇ વાતનો આ કૃતિઓમાં સ્પર્શ નથી. જગતની સઘળી વસ્તુઓ બ્રહ્મરુપ હોવાથી તે વસ્તુઓનો પ્રભુસેવામાં વિનિયોગ કરવાની રીત

દર્શાવી અને સાહિત્યરચનાઓમાં ય રસાત્મક શુદ્ધાદ્વૈતીપરમાત્માનું મધુર સ્વરુપ સમજાવ્યું. તેમજ પોતાના સેવકોને કીર્તન અને સેવા દ્વારા જીવનને મધુર બનાવી જીવવાનો આદેશ આપ્યો.

શ્રી મહાપ્રભુજીની જેમ શ્રી વિઠ્ઠલેશપ્રભુએ આ બધા ગ્રંથો સંસ્કૃતમાં લખ્યા છે. આ આ સાહિત્ય મોટેભાગે ભગવાનના વિરહરુપે સર્જાયેલું સાહિત્ય છે. જેમકે ચંદ્રસરોવરની બેઠકમાં વિજ્ઞપ્તિઓ લખાઇ તો પ્રેમસરોવરની બેઠકમાં પ્રેમામૃત ગ્રંથ પરની ટીકા લખી. ચંદ્રાવલી કુંડ ઉપર દાનલીલા લખી તો કરહલાની બેઠકમાં શ્રી ટિપ્પણીજી, ચીરઘાટ ઉપર વ્રતચર્યા લખી તો શ્રી બચ્છવનમાં વેણુગીત ઉપરના ટિપ્પણીજી, બેલવનમાં પુરુષોત્તમ ઉલ્લાસની રચના થઇ તો 'સહજ પ્રીતિ' 'લલિતા' વગેરે છાપ ધરીને વ્રજભાષાના કેટલાક પદો રચ્યા. 'અહો, પિયા લાલ લડેતી કો ઝુમકા !' એ ધમાર પણ આપની રચેલી છે એમ મનાય છે.

સંખ્યાની દૃષ્ટિએ અને ગુણવત્તાની દૃષ્ટિએ આપશ્રીની કૃતિઓ અજોડ અને અમાપ છે અષ્ટાક્ષર મંત્રના વિવરણ માટે અષ્ટાક્ષર નિરુપણ ગ્રંથ પણ રચ્યો છે અને મધુરાષ્ટક પર ટીકા લખી છે. ગોકુલાષ્ટક, રક્ષાસ્મરણ જેવા સ્તોત્રકાવ્યો અને સ્વપ્નદર્શન, ગુપ્તરસ, જન્માષ્ટમી, પત્રો, રામનવમી નિર્ણય જેવા કેટલાક સ્વતંત્ર સ્તવન ગ્રંથો પણ આપ્યા છે. લગભગ નાની મોટી પચાસેક કૃતિઓ શ્રી ગુસાંઇજીએ આપી છે. આપશ્રીના ગ્રંથોમાં રસાત્મક તાત્વિક દૃષ્ટિના દર્શન થાય છે આપશ્રીની કૃતિઓમાં વિદ્વતા છે. એટલું જ નહિ, રસિકતા પણ છે. આપશ્રીનું ગદ્ય કવિતામય ગદ્ય છે. આપશ્રીની કલ્પના સત્ય અને સૌંદર્યમિશ્રિત કલ્પના છે. આપશ્રીની કૃતિઓમાં પાંડિત્ય અને કવિત્વ બંનેનો સુભગ સમન્વય થયેલો છે.

માનવ-ધર્મ

(મનુષ્ય કે દશ ધર્મ)

સંપાદક :- **શ્રી હનુમાનપ્રસાદ પોદાર**

ભાષાંતર :- **ડો. ચુનીલાલ રવજી, બાલધા, આંખના સર્જન, રાજકોટ.**

૩. દમ-શમ

માનવ ધર્મનું ત્રીજું લક્ષણ છે દમ. દમનો સાધારણ અર્થ ઇન્દ્રિયદમન સમજવામાં આવે છે. પરંતુ આ શ્લોકમાં ભગવાન મનુએ ઇન્દ્રિય નિગ્રહને જુદો લખ્યો છે તેથી અહીં દમનો અર્થ મનનો નિગ્રહ કરવો એમ સમજવામાં આવે છે. મન જ એક એવો પદાર્થ છે જે સતત જગતના અસ્તિત્વને સિદ્ધ કરે છે અને માયાથી મોહિત મનુષ્યને વિષયોના પ્રબળ બંધનમાં બાંધી લે છે.

'મન એવ મનુષ્યાણાં કારણં બન્ધ મોક્ષયોઃ'

પોતે અનાત્મ અને જડ હોવા છતાં બંધન અને મોક્ષ તેને આધિન છે. મન પર વિજય પ્રાપ્ત કર્યા વગર જગતનું કોઇ પણ કાર્ય સુચારુરૂપે સંપાદન ન કરી શકાય. જે મનને જીતી લે છે તે અનાયાસે જગતને જીતી લે છે. પરંતુ મન ઘણું ચંચળ અને હઠીલું છે. અનંત યુગોથી નિરંતર વિષયોમાં રમણ કરતા રહેવાથી તેનું સ્વરૂપ વિષયમય બની ગયું છે. તેનો નિગ્રહ કરવા માટે બે જ ઉપાય શાસ્ત્રોમાં બતાવવામાં આવ્યા છે. 'અભ્યાસ અને વૈરાગ્ય'

અભ્યાસ વૈરાગ્યાભ્યાં તન્નિરોધઃ

(યોગ દર્શન સમાધિપાદ ૧૨

અભ્યાસ અને વૈરાગ્યથી જ તેનો નિરોધ થાય છે. આ વાત ભગવાને શ્રી ગીતાજીમાં કહી છે.

અભ્યાસેન તુ કૌન્તેય વૈરાગ્યેણ ચ ગૃહ્યતે

(ગીતા ૬-૩૫)

મનરૂપી નદીનો પ્રબળ પ્રવાહ અવિવેક અને વિષયરૂપી માર્ગ પર વહેતો હંમેશા સંસાર સાગરમાં પડી રહ્યો છે. આ પ્રવાહને આ માર્ગથી હટાવી ઇશ્વરાભિમુખ કરવા માટે અભ્યાસ અને વૈરાગ્યરૂપી ઉપાય કરવો જોઇએ. વેગથી વહેતા નદીના જળને નકામો જતો બચાવવા માટે આવશ્યકતા હોય છે. નદીમાં બંધ બાંધવાની, પરંતુ ફક્ત બંધથી કામ નથી ચાલતું. બંધથી પ્રવાહના વહેવાનું તો રોકાઇ જાય છે, પરંતુ તેનું આવવાનું રોકાતું નથી, પાછળથી જોરથી વેગ આવતાં જ કાંતો બંધ તૂટી જાય છે કે પાણી વધીનેનદી તીરના ગામો અને ખેતરોને ડૂબાડી દે છે. તેથી બંધની સાથે સાથે નદીમાં કેટલીક એવી નહેરો અને નાળા કાઢવા જોઇએ જેથી નદીમાં આવતું પાણી જરૂરીયાત અનુસાર નહેરો અને નાળામાં વહેંચીને યોગ્ય રીતે ખેતરોમાં જઇ શકે. ફક્ત નહેરો કાઢવાથી જ કામ પુરૂં થતું નથી કે ફકત બંધ બાંધવાથી નથી થતું. નદીના સાગર તરફના પ્રવાહને રોકીને તેને ખેતરોમાં યથા યોગ્ય લઇ જવા માટે બંધ અને નાળા બંનેની આવશ્યકતા છે જ. આજ રીતે મન નદીના પ્રવાહને સંસારમાંથી હટાવી પરમાત્મા તરફ કરવા માટે વૈરાગ્ય અને અભ્યાસ બંનેની સમાન આવશ્યકતા છે જ.

આ લોકના સાધારણ પદાર્થથી લઇને બ્રહ્મલોક સુધીના સુખોમાં દુઃખ દોષ જોઇ જોઇને તેમાંથી વૃત્તિઓને રોકી વૈરાગ્યનો બંધ તૈયાર કરવાનો છે, અને વિષયોથી દુર થતી કયારેય નકામી ન થનાર ચિત્તની વૃત્તિઓને ચારે બાજુએથી પરમાત્માના મનનમાં નિરંતર લગાવવાની ક્રિયા કરવી. અભ્યાસના નાળા કાઢવા જેવું છે. આમ કરતા કરતા જ્યારે ચિત્તની વૃત્તિઓ સંસારના વિષયોમાં ધીમે ધીમે રમણીયતા પ્રેમ અને સત્તાનો અભાવ જોતા જોતા લૂપ્ત થઇ જાય છે અને અભ્યાસ કરતા કરતા જ્યારે પરમાત્માને સર્વત્ર વ્યાપ્ત સમ-સ્વરૂપ રૂપના

સંસાર વાસના અને સંસાર ચિંતા વગરના શુદ્ધ ચિત્તમાં દર્શન થાય છે. બસ, આ રીતે જ તે અવિચળ નિત્યાનંદ સ્વરૂપ પરમ પદની પ્રાપ્તિ થાય છે અને તે મેળવીને તે કૃતાર્થ થઇ જાય છે. પરંતુ જો કોઇ મનને વશ કર્યા વગર જ ભવબંધનથી છૂટીને પરમાત્માને પ્રાપ્ત કરવા ઇચ્છે તો તેની ભૂલ છે. ભગવાને કહ્યું છે.

અસંતાત્મના યોગો દુષ્પ્રાય ઇતિ મે મતિઃ ।
વશ્યાત્મ તુ યતતા શક્યોઽવાપ્તુમુપાયતઃ ।

'જેનું મન વશમાં નથી તેના માટે પરમાત્માની પ્રાપ્તિરૂપ પ્રાપ્ત કરવાનું અત્યંત કઠીન છે એ મારો મત છે. પરંતુ મનને વશમાં કરનાર પ્રયત્નશીલ પુરુષ સાધન દ્વારા યોગ પ્રાપ્ત કરી શકે છે.'

જેથી એ સિદ્ધ થાય છે કે પરમાત્માની પ્રાપ્તિ ઇચ્છાતા પ્રત્યેક સાધકે વૈરાગ્ય અને અભ્યાસ દ્વારા મનને વશમાં કરવાની ચેષ્ટા કરવી જોઇએ. આ તો થઇ પરમાર્થના માર્ગની વાત, પરંતુ સંસારના કાર્યોમાં સિદ્ધિ મેળવવા માટે પણ મનને વશમાં કરવાની ઘણી આવશ્યકતા છે. ચંચળ મનવાળા મનુષ્ય માટે કોઇ પણ કાર્યમાં સિદ્ધિ પ્રાપ્ત કરવાનું કઠીન છે.

કંઠાભરણમ્

ત્યજ દુર્જનસંસર્ગં ભજ સાધુ સમાગમમ્ ।
કુરુ પુણ્યમહોરાત્રં સ્મર નિત્યમનિત્યતામ્ ॥

દુર્જનની સોબત તજી દે, સજ્જનની સોબત રાખ, રાત-દિવસ પુણ્ય કર, નિત્ય (સંસારની) અનિત્યતાનું સ્મરણ રાખ.

કઃ કાલઃ કાનિ મિત્રાણિ કો દેશઃ કૌ વ્યયાગમૌ ।
કશ્ચાહં કાચ મે શક્તિરિતિ ચિન્ત્યં મુહુર્મુહુઃ ॥

કાળ કયો, મિત્રો કોણ, દેશ કયો, લાભ હનિ કઇ, હું કોણ અને મારી શક્તિ કઇ એ પ્રમાણે વારંવાર વિચારવું.

સર્વં ખલ્વિદં બ્રહ્મ નેહ નાનાઽસ્તિ કિંચન ।
ૐ ઇશાવાસ્યમિદં સર્વં યત્ કિં ચ જગત્યાં જગત્ ।
તે ન ત્યક્તેન ભુંજીથા મા ગૃધઃ કસ્યસ્વિદ્ ધનમ્ ॥

આ સર્વ નક્કી બ્રહ્મરૂપ છે. અહીં નાનાત્વ અનેક રૂપતાભિન્નતા જેવું કંઇ જ નથી. આ જગતમાં જે કાંઇ સ્થાવર જંગમ વસ્તુ છે (જે કાંઇ જગતરૂપ છે) તે સર્વમાં ઇશ્વર વ્યાપ્ત છે (તે સર્વ ઇશ્વરથી ઓતપ્રોત છે), તેથી તેનો ત્યાગપુર્વક ઉપભોગ કર, કોઇના પણ ધનની ઇચ્છા ન કર કેમ કે ધન કોનું છે ?

ઇશનું રાજય છે આખું, જે જે આ જગની વિશે,
ત્યાગીને ભોગવી જાણી, વાંછો મા ધન સત્યનું.
કુર્વન્નેવેહ કર્માણિ જિજીવિષેચ્છતં સમાઃ ।
એવં ત્વયિ નાન્યથેતોઽસ્તિ ન કર્મ લિપ્યતે નરે ॥

આ લોકમાં ત્યાગપૂર્વક કર્મો કરતાં કરતાં જ સો વર્ષ જીવવાની ઇચ્છા કરવી જોઇએ. એ પ્રમાણે કરવાથી તારામાં કર્મ લેવાશે નહિ (તને કર્મનું બંધન થશે નહીં) એ વિના મનુષ્ય માટે નિર્લેપ રહેવા – કર્મ બંધનથી છૂટવા બીજો માર્ગ નથી.

સુવર્ણાજ્જાયમાનસ્ય સુવર્ણાત્વં ચ શાશ્વતમ્ ।
બ્રહ્મણો જાયમાનરય બ્રહ્મત્વં ચ તથા ભવેત્ ॥

સોનામાંથી પેદા થાય તેનું સોનાપણું કાયમ રહે છે, તેવી રીતે જગતરૂપે ભાસતા બ્રહ્મનું બ્રહ્મપણું કાયમ રહે છે.

એકૈવ તુ ભૂતાત્મા ભૂતે ભૂતે વ્યવસ્થિતઃ ।
એકધા બહુધા ચૈવ દશ્યતે જલચન્દ્રવત્ ॥

ચંદ્ર એક હોવા છતાં જેમ પાણીમાં અનેકરૂપે ભાસે છે, તેમ એક જ પરમાત્મા સર્વ પ્રાણીઓમાં એકરૂપે અને અનેકરૂપેયે ભાસે છે.

મમૈવાંશો જીવલોકે જીવભૂતઃ સનાતનઃ ।
નિત્યઃ સર્વગતઃ સ્થાણુરચલોઽયં સનાતનઃ ॥

જીવલોકમાં આ જીવ, મારો જ સનાતન અંશ છે. તે નિત્ય, સર્વ વ્યાપક, અવિનાશી, અચલ અને સનાતન છે.

['કંઠાભરમ્' કેસેટ પુસ્તિકામાંથી શ્રી પરીખ પરીવારના સૌજન્યથી]

ઠાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય ઈચ્છારામ ભટ્ટના

આંતર ઉદ્‌ગારો

૪૫. ભકિતયોગ ભ્રષ્ટને અપર જન્મમાં થતો જલદી અનુભવ

શ્રી ઠાકોરજી ગાયો ચારતા હતા ને ગાયો ચરણને લોભે ઘેબર વનમાં ગઇ, ત્યારે પોતે બોલ્યા કે, ગાયો તો તૃણને લોભે મને છોડીને ગઇ, તૃણના લોભની આપદામાં પડી ગઇ તથા ગોવાળો પણ પાંચ પાંચ એકઠા થઇને રમવા લાગ્યા. પ્રભુને એકલા મુકયા, ને આપદા આવી ત્યારે કહે છે કે, ગોવાળપણામાં આપદા આવી. પ્રભુએ જાણ્યું કે આ બધા મારા કહેવાયાને આપદા રહી. તે વખતે દાવાનલ પ્રગટ થયો, ત્યારે ગાયો ને ગોવાળ જ્યાં હતા ત્યાં આવ્યા એટલે શરણે લીધા, તે દાવાનળ આપદાનું રૂપ હતું. તે વ્રજમાંથી વ્રજભકતોમાંથી ગાયોમાંથી, ગોવાળોમાંથી તથા અન્ય સર્વેમાંથી કાઢીને શરણે લીધા.

તેમ આજ પ્રભુને મુકીને વૈષ્ણવ લોભને અર્થે જાય, તો તેની પછવાડે આપદા જ આવે છે. હાલ આ જગતમાં કોઇ સુખી છે નહિ, કેમકે નાના પ્રકારની કામનાઓ કામ, ક્રોધ, લોભ એ ત્રણમાં જગત ડુબેલું છે એ ત્રણ મુકે ને ક્ષણે ક્ષણે વિચાર કરે છે કે, હું શામાં છું ?

આપણે લોકોને શીખામણ દઇએ કે, ભાઇ ચાર દિવસનું ચાંદરણું છે, પ્રભુનું ભજન કરી લો, શીદ વઢો છો ? શીદ ક્રોધ કરો છો ? લોભ છે તે પાપનું મૂળ છે, તે લડાઇ તે કલેશનું મૂળ છે ? શિખામણ લોકાએ આવી દેવી છે ને આપણે કંઇ આવી પડે ત્યારે લડવા તૈયાર થઇએ, આવું આપણું જ્ઞાન છે, માટે પળે પળે વિચારતા રહીએ કે, હું શા માટે લડું છું ? પ્રભુની ઇચ્છા વિના કંઇ બનતુ નથી, માટે ક્રોધને મારવો ને આનંદ લાવવો.

અલ્યા જીવ ! આ મનુષ્ય દેહ વઢવા માટે નથી, એ તો હરિની સેવા માટે, હરિના ભજન માટે છે. માટે સ્મરણ ભજન કરવું. ચાર દિવસનો પરોણો છું. પ્રભુનું શરણ મળ્યું છે. તો હવે ઢીલ શા માટે કરૂં છું ? જેટલી ઢીલ કરીશ એટલું આગળ પસ્તાઇશ. પ્રભુનો જ મોટો લાભ છે.

વળી કહયું કે કુબજાને ઘેર પ્રભુ પધાર્યા, સાથે મોટા મોટા પટાવત્ (રાજસેવા બજાવવા બદલ ગામ ગરાસનો પટો ધરાવનાર–ભોગવનાર) હતા, તે જતાં પાછા પડયા કે કંસની દાસીને ઘેર કેમ જવાય ? કોઈ સાથે રહયું નહિ. એક ઉદ્ધવજી ને પોતે ગયા, પણ લોક શું જાણે કે કુબજા તે સુર્પનખા હતી તેનું ત્રેતાયુગમાં શ્રી રામચંદ્રજીએ નાક વાઢયું હતું. તેણે કહયું કે મને વરો, પણ તે દિવસે એક પત્નીવ્રત હતું, તે દિવસની તપેલી છે, કંઇ કંઇ યુગ થયા, પ્રભુનો તાપ કરે છે, તે તાપ તો પ્રભુ જાણે છે, તે તાપની શાંતિ આ વખતે કરી

લોક તો કુબજા જાણે, ને તેના ખરા સ્વરૂપને તો પ્રભુ જાણે, તેમ આજ પણ કોઈ ભગવદીયની સાથે પધારીને શ્રી ઠાકોંરજી બોલવા લાગે છે ને બીજા કોઇ ભગવદીય કંઈ કાળ સુધી પ્રભુની સેવા કરે છે, પણ પ્રભુ બોલતા નથી ને ચાલતા ય નથી, પણ પેલા ભગવદીએ તો કોઇ કાળમાં સેવા કરી છે ને એ તાપમાં દેહ છુટી તેથી તાપ રહયો, તેણે પણ સાશે અવતાર લીધો ને ભગવત સેવા કરવા માંડી, એટલે પ્રભુ પધારી બોલવા લાગ્યા.

આ જોઈ પેલો બીજો ભગવદીય એમ કહે છે કે, અમને આટલા દિવસ થયા સેવા કરીએ છીએ, પણ કાંઇ જાણતા નથી ત્યારે તેનો જવાબ એ છે કે, આ બીજો ભગવદીય આ જનમનો છે પણ પેલા ભગવદીયે તો કંઇ જનમના જનમ સેવા કરી છે. વળી તાપ હતો ને તાપમાં એમની દેહ છુટી ત્યાર પછી એમણે અવતાર લીધો, ને ઠાકોરજી સેવવા માંડયા, એટલે અનુભવ જણાવવા લાગ્યા, તેની ખબર શું પડે ?

બોલનાર જાણે કે કંસને ઘેર હજારો દાસીઓ કુટડી (સુંદર) છે, તેની સામુ જોયું નહિ અને કુબજાને ઘેર પધાર્યા, કારણ પધારવાનું એ કે તે સસ્કારી (સારા સંસ્કાર પામેલ પુણ્યશાળી) હતી.

॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

વ્રજલીલાનાં પદો

રચયિતા :- **શ્રી પ્રવીણચંદ્ર એમ. દેસાઇ (ચરણદાસ) બી.ઇ (સીવીલ) બીશ્પુર**

૧૮ કામરી ગાંવની લીલા રાગ–હમીર/કાન્હરો

–ગતાંકથી ચાલુ

પ્યારી મેરી કમરી કૌન લઈ,
યા કમરી મૈ યા મોહિદીની, ચરાવન ગયા લઇ. ૧
યા કમરી બ્રહ્માદિક બુની, કહું ઐસી ન દુજી ભઇ;
યા કમરી કે બલસે ભુંજી, વિમુખ અસુરન યોનિ. ૨
યા કમરી હૈ સુનો સબ ગોપી, પિય જયોં બંસી લકુટી;
'ચરનદાસ' દુઢત નવ પાઈ, તો અસુંઅન ધાર બહી. ૩

શ્રી ઠાકોરજીને કાળી કામર શ્રી યશોદા મૈયાએ લાલાને ગૈયા ચરાવવા જતી વખતે ઓઢાડી હતી શ્રી ઠારજીએ આ કામરીનું પ્યારથી જતન કરી, સાચવી રાખી હતી ગૈયા ચરાવતાં રમતાં રમતા પણ કામરીને વિખુટી પાડતા નહીં.

પ્રભુ ગોપીઓને જ્યારે કામરી ખોવાઇ ગઇ ત્યારે સમજાવે છે કે આ કામરી અતિ અમોલી છે. મેં બ્રહ્માજીની પાસે તેને ગુંથાવી છે અને આજ્ઞા આપી હતી કે ત્રણે લોકમાં આ કામગીરીની જોડ મળે નહીં તેવી વિલક્ષણ ગુંથજો.

શ્રી ઠાકોરજી આ કામરીને પોતાની એક અલૌકિક શકિત માની પોતાની નિકટ રાખી, ગોપીઓના મન હરી લેતાં કામરીની પ્રશંસા કરતાં જણાવે છે કે આ કામરીની શકિતથી, તેના પ્રતાપ બળથી મેં મોટા મોટા મહારથીઓ, મારી વિમુખ થયેલા અસુરોના તેજને હણી લઇ મહાત કર્યા હતા.

આં કામરીને હે ગોપીઓ તમે સાધારણ માનશો નહીં આ કામરી મને મારી બંસી તથા ગાયો ચરાવવાની લાકડીના જેટલી જ પ્રિય છે. તેના વિના હું રહી શકતો નથી.

જ્યારે ગોપીઓ શ્રી ઠાકોરજીની કામરી શોધી શકયાં નહીં ત્યારે આપે શ્રી યશોદામાને ખોવાયેલી કામરીની વાત કરી અને માતાને વિહવળ જોઇ, વિરહી જોઇ, આપની આંખમાંથી આંસુઓની ધાર વહી ગઈ આ આંસુની ધાર વહાવતાં સ્વરૂપનાં દર્શન કામરી ગામમાં શ્રી મોહનજીનાં થાય છે. આવાં દર્શન અતિ દુર્લભ અને દોહયલાં છે.

આ માસના ઉત્સવ

કારતક વદ ૧૩ તા. તા. ૮-૧૨-૯૬ રવિવાર શ્રી ગુસાંઇજીના સાતમા લાલજી શ્રી ઘનશ્યામજીનો ઉત્સવ (સં. ૧૬૨૮) ગો. શ્રી રમેશચંદ્ર મહારાજશ્રી (મુંબઇ)નો તથા ગો. શ્રી ત્રિભંગરાયજી મહારાજશ્રી (બોરીવલી)નો જન્મદિન.

માગશર સુદ ૨ તા. ૧૨-૧૨-૯૬ ગુરૂવાર ગો. ચિ. શ્રી ગોવિંદરાયજી બાવાશ્રી (બોરીવલી રાજકોટ) નો તથા ગો. શ્રી શ્યામસુંદરજી મહારાજશ્રી (ચાંપાસેની-જામનગર)નો જન્મદિન.

માગશર સુદ ૪ તા. ૧૪-૧૨-૯૬ શનિવાર ગો. ચિ. શ્રી ગોકુલનાથજી બાવાશ્રી (મુંબઇ) નો જન્મદિન.

માગશર સુદ ૫ તા. ૧૫-૧૨-૯૬ રવિવાર શ્રી મદન મોહનજીનો પાટોત્સવ (કામવન)

માગશર સુદ ૭ તા. ૧૬-૧૨-૯૬ સોમવાર શ્રી ગુસાંઇજીના ચોથાલાલજી શ્રી ગોકુલનાથજીનો મહોત્સવ (સં. ૧૬૦૮) ધનુર્માસ આરંભ અષ્ટસખા પૈકી શ્રી પરમાનંદદાસજીનો જન્મદિન.

માગશર સુદ ૮ તા. ૧૭-૧૨-૯૬ મંગળવાર શ્રી ગોવર્ધનેશજી મહારાજ કૃત સાત સ્વરૂનો ઉત્સવ.

માગશર સુદ ૯ તા. ૧૮-૧૨-૯૬ બુધવાર શ્રી ગુસાંઇજીની વધાઇનો પ્રારંભ ભારત માર્તંડ શ્રી ગટ્ટુલાલજીનોનો સ્મરણ દિન ગો. શ્રી ચંદ્રગોપાલજી મહારાજશ્રી (વેરાવળ-પોરબંદર. નો જન્મદિન.

માગશર સુદ ૧૧ તા. ૨૦-૧૨-૯૬ શુક્રવાર મોક્ષદા એકાદશી વ્રત, ગીતા જયંતી, ગો. ચિ. શ્રી વલ્લભલાલજી બાવાશ્રી (સુરત)નો જન્મદિન.

માગશર સુદ ૧૫ તા. ૨૪-૧૨-૯૬ મંગળવાર પૂર્ણિમા, શ્રીનાથજીનો છપ્પન ભોગ, બલદેવજીનો ઉંત્સવ, ગોપમાસ સમાપ્તિ.

માગશર વદ ૧ તા. ૨૫-૧૨-૯૬ બુધવાર ગો. તિ. શ્રી દાઉજી-રાજીવજી મહારાજશ્રી (નાથદ્વારા) તથા ગો. શ્રી સંદીપકુમારજી બાવાશ્રી (મથુરા)નો જન્મદિન.

માગશર વદ ૪ તા. ૨૯-૧૨-૯૬ રવિવાર ગો. ચિ. શ્રી હૃષિકેશજી બાવાશ્રી (મુંબઇ-ધોરાજી)નો જન્મદિન.

માગશર વદ ૬ તા. ૩૧-૧૨-૯૬ મંગળવાર ગો, ચિ. શ્રી હરિરાયજી બાવાશ્રી (નાથદ્વારા)નો તથા ગો. શ્રી નિરજકુમારજી મહારાજશ્રી (મુંબઇ)નો જન્મદિન.

માગશર વદ ૭ તા. ૧-૧-૯૭ બુધવાર શ્રી ગુસાંઇજીના દ્વિતીય પુત્ર શ્રી ગોવિંદરાયજીના લાલજી શ્રી કલ્યાણરાયજી (શ્રી હરિરાયજીના પિતાશ્રી)નો ઉત્સવ (સં. ૧૬૨૫).

માગશર વદ ૮ તા. ૨-૧-૯૭ ગુરુવાર હેમંતઋતુ પુરી થઇ, ગો. ચિ. પંકજકુમાર બાવાશ્રી (મથુરા)નો જન્મદિન.

માગશર વદ ૯ તા. ૩-૧-૯૭ શુક્રવાર શ્રીમત્ પ્રભુચરણ શ્રી ગુંસાંઇજી-શ્રી વિઠ્ઠલનાથજીનો પ્રાકટ્ય ઉત્સવ (સં. ૧૫૭૨), જલેબી ઉત્સવ, શિશિર ઋતુની શરૂઆત થઈ મહા વદ ૪ સુધી.

માગશર વદ ૧૦ તા. ૪-૧-૯૭ શનિવાર દશમ તથા એકાદશીના રોજ બાલલીલા ગવાય, ગો. શ્રી રસિકરાયજી મહારાજશ્રી (મથુરા-પોરબંદર-રાજકોટ)નો જન્મદિન.

માગશર વદ ૧૧ તા. ૫-૧-૯૭ રવિવાર સફલા એકાદશી વ્રત, શ્રીને ફળનો ભોગ ધરવો, દાન આપવું.

માગશર વદ ૧૨ તા. ૬-૧-૯૭ સોમવાર લલિત પંચમ પદની શરૂઆત કરી મહા સુદ ૫ના રોજ ભોગ આવે ત્યાં સુધી બોલાય, ગો. ચિ. શ્રી વલ્લભલલજી બાવાશ્રી (જામનગર)નો જન્મદિન.

માગશર વદ ૩૦ તા. ૯-૧-૯૭ ગુરુવાર અમાવાસ્યા-શ્યામઘટા, ગો. ચિ. શ્રી ભુપેન્દ્રકુમારજી બાવાશ્રી (નાથદ્વારા)નો જન્મદિન.

॥ શ્રી હરિ ॥

શ્રી ગિરિરાજજીનાં અપરાધથી બચો !

લેખક :- **ગો. શ્રી શરદકુમારજી મહોદય** (માંડવી–કચ્છ)

પરાત્પર પરબ્રહ્મ અવતારી પુરૂષ ભગવાન શ્રીકૃષ્ણ પોતે વ્રજમાં અવતર્યા હોવા છતાં નંદરાયજી આદી વ્રજવાસીઓ ઇન્દ્રયજ્ઞ દ્વારા અન્યાશ્રય કરી રહ્યા હતા. વ્રજવસીઓનો અન્યાશ્રય છોડાવવા માટે ભગવાને ગોવર્ધન પર્વત (શ્રી ગિરિરાજજી)નો મહિમા તેઓને સમજાવીને ઇન્દ્રની પુજાને સ્થાને ગોવર્ધન પર્વતની પુજા શરૂ કરવાની સલાહ આપી. વ્રજવાસીઓનો વિશ્વાસ દ્દઢ કરવા માટે ગોવર્ધન પર્વતમાં આવિષ્ટ થઇને ભગવાને વ્રજવાસીઓ દ્વારા કરાયેલ પુજાનો પ્રત્યક્ષ સ્વીકાર કર્યો. અને વ્રજવાસીઓ દ્વારા ભોગ ધરાયેલ સામગ્રીઓ માગીને આરોગ્યા. આ પ્રશગને કારણે વૈષ્ણવ સંપ્રદાયોમાં શ્રી ગિરિરાજજીની મહત્તા સ્થાપિત થઇ. આજે, લાખો – કરોડો શ્રદ્ધાળુઓ પરીક્રમા, પુજન વગેરે દ્વારા શ્રી ગિરિરાજજી પ્રત્યેનો પોતાનો શ્રદ્ધાભાવ વ્યક્ત કરે છે.

વલ્લભ સંપ્રદાયમાં શ્રી ગિરિરાજજીના બે સ્વરૂપો ભાવનાત્મક દ્રષ્ટિથી વિચારવામાં આવ્યાં છે.

(૧) સાક્ષાત્‌ભગવત્સ્વરૂપ

(૨) લીલાપરિકરસ્વરૂપ

૧. સાક્ષાત્‌ભગવત્સ્વરૂપ : શ્રી ગિરિરાજજી અન્ય ભગવત્સ્વરૂપોની માફક સાક્ષાત્ ભગવસ્વરૂપ રૂપ હોવાથી વલ્લભ સંપ્રદાયમાં શ્રી ગિરિરાજજીને સેવામાં પધરાવવામાં આવે છે.

૨. લીલાપરિકરસ્વરૂપ : ભગવદવતાર સમયે વ્રજમાં શ્રી ગિરિરાજજી ઉપર તથા આસપાસ ભગવાને અનેક લીલાઓ કરી હતી. આથી, શ્રી યમુનાજીની માફક શ્રી ગિરિરાજજી પણ પ્રભુ લીલાના પરિકરસ્વરૂપે બિરાજે છે.

ઉપરોક્ત કોઇ પણ રૂપમાં શ્રી ગિરિરાજજી આસ્તિકજનો માટે સર્વથા અને સર્વથા પુજ્ય છે, આદરણીય છે.

ભારતીય જનમાનસ અત્યન્ત શ્રદ્ધાશીલ છે- કોઇ નાનો સરખો આધ્યાત્મિક કે દૈવી સંસર્ગ ધરાવતા તત્વ પ્રત્યે આપણા મનમાં અનાયાસે જ શ્રદ્ધાનો વિસ્ફોટ થઈ જતો હોય છે. કેટલીક વખતે તો વગર કોઇ કારણે પણ આપણું મન શ્રદ્ધાસભર થઇ જતું હોય છે. આપણી આવી અતિશ્રદ્ધાશીલતા જ ઘણી વખતે સમસ્યાઓ અને વિરોધાભાસો સર્જી દેતી હોય છે. વસ્તુતઃ આવી સમસ્યાઓ કે વિરોધાભાસોનુ કારણ શ્રદ્ધા નહીં પરન્તુ અધુરી કે અવ્યવસ્થિત સમજ હોય છે. શ્રદ્ધાના અતિરેકમાં ઘણી વખતે આપણે એ જોવાનું ભુલી જતા હોઇએ છીએ કે જેના પ્રત્યે આપણે શ્રદ્ધાભાવ વ્યક્ત કરતા હોઇએ છીએ તેનો જ અનાદર કરી રહ્યા છીએ.

શ્રી ગિરિરાજજી સાથે પણ આપણે આવું જ કાંઇક કરી રહ્યા છીએ. મનમાં તો શ્રી ગિરિરાજજી પ્રત્યે અપાર શ્રદ્ધાભાવ છે પરન્તુ વ્યવહારમાં ભયંકર અનાદર. આપ લોકોના મનમાં એવું થશે કે આવું શા માટે કહેવામાં આવી રહ્યું છે. પરન્તુ થોડું વિચારશો તો બધાને પ્રતીત થશે કે આપણા વ્યવહારમાં ખરેખર વિરોધાભાસ છે. એ કેવી રીતે છે તે હવે જોઈએ.

જે શ્રી ગિરિરાજજીની આપણે પરીક્રમા કરીએ છીએ, સેવામાં પધરાવીએ છીએ, દુધ ચઢાવીએ છીએ તે જ ગિરિરાજજીના ઉપર એક ડામરનો પાકો રસ્તો બનેલો છે. આ રસ્તો મથુરાથી આવતાં ગોવર્ધન – દાનઘાટી થઇને જતિપુરા – મુખારવિન્દ પહોંચે છે. દાનઘાટી પાસેથી પસાર થતો ડામર રોડ શ્રી ગિરિરાજજી ઉપર બનાવવામાં આવ્યો છે. આ રસ્તાનો ઉપયોગ બીજા કોઇ પણ સામાન્ય રસ્તાની માફક અવર – જવર માટે થાય છે. કેટલાક અપવાદને બાદ કરતાં જતિપુરા જનારા બધા લોકો શ્રી ગિરિરાજજી ઉપર બનેલા આ રસ્તા ઉપરથી વાહન હંકારીને જતિપુરા પહોંચે છે. અહીં એ વિચારવાનું જરૂરી છે કે, શું આ અપરાધ કૃત્ય નથી ? શું આ ગિરિરાજજીનો અનાદર નથી ? શ્રી ગિરિરાજજી પ્રત્યે શ્રદ્ધાભાવ રાખનાર કોઇ પણ વ્યકિત માટે શું આ અશોભનીય કાર્ય નથી ? શું આવો વ્યવહાર આપણી આસકિત માટે કલંકરૂપ નથી ? ગિરિરાજજી ઉપર ચઢીને – વાહન હંકારીને પછી કરવામાં કરવામાં આવતી પરીક્રમા – પુજનનો કાંઈ અર્થ ખરો ? ખરેખર, કોઇ જ અર્થ નથી ? શ્રી ગિરિરાજજી પ્રત્યેના અપરાધથી બચવા માટે આપણે આ રસ્તાનો ઉપયોગ બંધ કરવો જોઇએ. એટલું જ નહીં શ્રી ગિરિરાજજી પ્રત્યે શ્રદ્ધા ધરાવનારા પ્રત્યેક વૈષ્ણવ તેમજ હિન્દુને આ અપરાધથી બચવા માટે જાગૃત કરવા જોઇએ. આ સાથે આવો અનાદરપુર્ણ વ્યવહાર આપણા દ્વારા જે–જે સ્થળે થતો હોય ત્યાં સાવધ બની જવું જોઇએ.

આ સંબંધમાં કેટલીક બીજી હકીકતોને પણ જાણી લેવી ઉપકારક થશે. ભૂતકાળમાં મારે વડીલો, જયેષ્ઠ જ્ઞાતિબન્ધુઓ વગેરે સાથે અનેક વખત જતિપુરા જવાનું થયું છે. શ્રી ગિરિરાજજી ઉપર બનેલા રસ્તાના ઉપયોગનું અનૌચિત્ય આજ પહેલાં પણ લોકોને સમજાયું છે તેનું સૌથી મોટું પ્રમાણ એ છે કે, અમારે જ્યારે જ્યારે જતિપુરા જવાનું થતું ત્યારે ત્યારે મથુરાથી જાતિપુરા જતાં દાનઘાટી ગોવર્ધન પાસે પહોંચતાં, જ્યાંથી શ્રી ગિરિરાજજી ઉપરનો રસ્તો શરૂ થાય છે ત્યાંથી અમે સહુ વાહનમાંથી ઉતરી જતાં, પગરખાં કાઢી નાખતાં અને શ્રી ગિરિરાજજી ઉપરના રસ્તાને પગપાળાં ઓળંગીને, બીજી તરફ પહોંચીને ફરી વાહન ઉપર સવાર થઈ જતાં. આમ કરવાનું કારણ એટલું જ છે કે શ્રી ગિરિરાજજી પ્રત્યેના અપરાધને હળવો બનાવવો. આ સિવાય પણ જેઓ આ અપરાધ પ્રત્યે અતીશય સભાન હતા અને છે તેઓ તો દાનઘાટીવાળા રસ્તાનો ઉપયોગ કરવાને સ્થાને દાનઘાટી પહેલાં જ આવેલ, આન્યોર તરફ જનાર, 'પરીક્રમા માર્ગ'નો જ ઉપયોગ કરતા અને હાલ પણ કરે જ છે. બધી દૃષ્ટિથી વિચારતાં જતિપુરા જવા માટે શ્રી ગિરિરાજજીને ઓળંગીને જવાને સ્થાને ગોવર્ધનથી ડાબી તરફ વળનાર – આન્યોર તરફ જનાર 'પરીક્રમા માર્ગ'નો ઉપયોમ કરવો એ શ્રેષ્ઠતમ અને

એક માત્ર વિકલ્પ જણાય છે. આન્યોર વાળા રસ્તે થઇને જતિપુરા પહોંચતાં ૫-૬ કિલોમીટરથી વધુ ફરક પડતો નથી. અને કદાચ પડતો હોય તો પણ શુ હજાર - હજાર કિલોમીટરની યાત્રા કરીને મથુરા પહોંચનાર વ્યકિત જતિપુરા જવા માટે પાંચ - પંદર કિલોમીટર વધારે ન કાપી શકે ? આજે તો ભગવત્કૃપાથી શ્રી ગિરિરાજજીના ચોમેર પાકો રોડ બની ગયો છે. આવી સ્થિતિમાં પાંચ - પંદર કિલોમીટરનો ખરચો બચાવવાની વણીકવૃત્તિને છોડીને આન્યોર વાળા રસ્તાનો ઉપયોગ જો કરવામાં આવે તો શ્રી ગિરિરાજજીના ભયંકર અપરાધથી બચી શકાય.



દાનઘટી વાળો શ્રીગિરિરાજજી ઉપર બનેલ રસ્તાનો ઉપયોગ ન કરો.

જતિપુરા જવા માટે → તીર વડે બતાવેલ, આન્યોર થઇને જનાર રસ્તાનો ઉપયોગ કરો.

શ્રીગિરિરાજજી ઉપર બનેલા આ રસ્તાનો ઉપયોગ ન કરો.

અહીં એક બાબત ધ્યાનમાં રાખવી જરૂરી છે કે શ્રી ગિરિરાજજી ઉપર બનેલા રસ્તાનો ઉપયોગ કરવો કે ન કરવો, એ કોણે બાંધ્યો, કયારે બંધાયો જેવી બાબતોની ચર્ચા ત્યાંના સ્થાનિક વ્રજવાસીઓ સાથે કરવાથી કંઇ સાર નહીં નીકળે. "અતિ પરિચયાદવજ્ઞા સમ્ભવતિ" કે "ગામના તીરથ ન પૂજાય" એ ન્યાયે તેઓને આ બાબત વિચારવા યોગ્ય પણ કદાચ નથી જણાતી. ગોવર્ધન કે શ્રી ગિરિરાજજી આસપાસ રહ્યા પછી કદાચ આપણી સ્થિતિ પણ તેઓના જેવી થઇ શકે છે. આ બાબત લખવાનું કારણ એ છે કે, થોડા સમય પહેલાં ગોસ્વામી શ્રી કિશોરચન્દ્રજી (જુનાગઢ) એ વર્તમાન સમય પ્રથમવાર આ અપરાધ તરફ ધ્યાન દોરતી પત્રિકાઓમાં

છપાવી હતી. એટલું જ નહીં, વર્ષ દિવસ પહેલાં, ગોકુળમાં અમે એક વિવાહ પ્રસંગે એકત્રિત થયા હતા ત્યારે ગો. શ્રી કિશોરચન્દ્રજી (જુનાગઢ) ની પ્રમુખતામાં આ અપરાધ અંગે યાત્રાળુઓનું ધ્યાન દોરવા માટે દાનઘાટી પાસે જ એક મોટું સૂચનાપટ્ટ (બોર્ડ) લગાવવાનું નક્કી કરીને તેના ખર્ચ પેટેની રકમ ત્યાંના સ્થાનિક 'અગ્રગણ્યો' ને આપીને આ કાર્ય પુરૂં કરવાનું તેમને સોંપ્યું હતું. પરન્તુ આજ દિવસ સુધી આમાંનું કાંઇ પણ ત્યાં થયું હોવાના સમાચાર મળતા નથી અને મળશે પણ નહીં એવી અમને ખાતરી છે.

"ભક્ત્યભાવે તુ તીરસ્થો યથા દુષ્ટઃ સ્વકર્મભિઃ
અન્યથાભાવમાન્નઃ તસ્માત્ સ્થાનાચ્ચ નશ્યતિ"

એ શ્રી મહાપ્રભુજીની ઉક્તિનું અહીં અનાયાસ સ્મરણ થઇ આવે છે. અત એવ આ સંબંધમાં દરેક વ્યક્તિએ પોત-પોતાની રીતે કાર્ય કરવું પડશે. અહીં એ ધ્યાન રાખવું જરૂરી છે કે આજે જે પરિસ્થિતિ છે તે આવતીકાલે વધુ બગડી શકે છે. કારણ કે, માધવરાવ સિન્ધિયા જે વખતે રેલ્વે મંત્રી હતાં તે વખતે હાલ જે રસ્તો શ્રી ગિરિરાજજી ઉપર બનેલો છે તેના સમાન્તર એક રેલ્વે લાઇન નખાવવાનું નક્કી થયું હતું. કોઇક અગમ્ય કારણોસર તે યોજના તે વખતે અમલમાં ન આવી શકી. પરંતુ હજુ તે યોજના પડતી મુકાઇ નથી એવું કર્ણોપકર્ણ સાંભળવામાં આવે છે.

આવી પરિસ્થિતિમાં એકલ - દોકલ જણાની પિપુડીનો અવાજ લોકોનું ધ્યાન દોરવા માટે પર્યાપ્ત નથી. બધાએ ભેગા થઇને આ દિશામાં પ્રયાસ કરવો પડશે. શ્રી ગિરિરાજજીના કુનવાડા - છપ્પનભોગ, વનજાત્રા કે શ્રી ગિરિરાજજીના મંદિરોના માધ્યમથી પોતાની તિજોરી ભરનારાઓ પણ પોતાના ઉંધા ધંધાઓ છોડીને જો આ દિશામાં કાંઇક કાર્ય કરે તો આપણા અપરાધોનું કાંઇક પ્રાયશ્ચિત થઈ શકે.

આં, રા. પૂ. વૈષ્ણવ પરિષદ ધોરાજી શાખા સંચાલીત શ્રી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ મંડાણમાં સેવા આપી શકે તેવા મરજાદી વૈષ્ણવની જરૂરીયાત હોય સંપર્ક કરવા વિનંતિ.

છગનલાલ જાદવજી માવાણી (પ્રમુખ)

શ્રી મુરલીધર મંડાણ - ધોરાજી
C/o. ગિરિરાજ એમ્પોરીયમ
ત્રણ દરવાજા પાસે, **ધોરાજી.**

૪ વૈષ્ણવ પંચાગ ૨૦૫૩
સંપાદક – શાસ્ત્રીજ ઉદયન હ. શુકલ
પ્રકાશક તથા પ્રાપ્તિકથાન – શ્રીવલ્લભવિઠલ ગ્રન્થ પ્રકાશન મંડલ ટ્રસ્ટ
C/o. "ખેતીવાડી" સિયાબાગ ચાર રસ્તા કોર્નર, વડોદરા–૩૯૦ ૦૦૯

૮ ક્રાઉન સાઈઝ પૃષ્ઠ ૧૯૨ ઓફસેટ પ્રિન્ટીંઝ, પીન બાઈન્ડીંગ. કાર્ડ બોર્ડનું પુઠું ન્યોછાવર દર્શાવેલ નથી.

દૃઢ પ્રત્યક્ષાનુસારી નિરયન પુષ્ટિમાર્ગીય વિ. સં. ૨૦૫૩ની સાલનું કારતક સુદ ૧ થી આસો વદ ૩૦ તથા સં. ૨૦૫૪ કારતક સુદ ૧૫ સુધીનું પંચાગ તથા ટીપ્પણી. પુષ્ટિમાર્ગીય વ્રુતોત્સવ વગેરેના નિર્ણય, વિદ્યમાન ગોસ્વામી બાલકોના જન્મ દિવસોની સુચના, નિત્યલીલાસ્થ ગોસ્વામી બાળકોના જન્મોત્સવોની યાદી, મકર સંક્રાંતિ. શ્રાધ્ધ પક્ષ. લગ્નમુહુર્તો, ઉપનયન ખાતમુહુર્તો તેમજ સુવાકયો સહિત અન્ય ઉપયોગી સર્વાંગી માહીતી સભર 'આચાર્ય શ્રીવલ્લભ'ના સને ૧૯૯૬–૯૭ના ગ્રાહકોને ભેટ રુપે.

સંપાદક – પ્રકાશકને ધન્યવાદ.

દુબઈ (યુ. એ. ઈ.)માં ધર્મપ્રચાર

વૈષ્ણવાચાર્ય ગો. શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રી (કડી–અમદાવાદ)ના જયેષ્ઠલલજી પ. પુ. ગો. શ્રી યદુનાથજી મહોદય તારીખ ૧૭–૯–૯૬ થી ૨–૧૦–૯૬ યુ. એ. ઈ. ના પ્રવાસમાં પધાર્યા હતા સો પ્રથમ દુબઈ (ગલ્ફ)માં આવેલ "શ્રી નાથજીની હવેલી"માં ત્રણ દિવસ 'ભકિતવર્ધિની"ની શીબીર દ્વારા વૈષણવોને સરળ શેલીમાં પુષ્ટિ સિધ્ધાંતોથી વાકેફ કર્યા હતા. તે પછીના સાત દિવશ સુધી આપશ્રીએ સ્વયંમ ભગવદીય સપ્તાહ "સંગીત શૈલીમાં કરીને ભગવદી ચરિત્રોને આધારે શ્રી વલ્લભનું સ્વરુપ. ગૃહ સેવાની અનિવાર્યતા તથા વૈષણવોનું કર્તવ્ય સમજાવી પોતાની સરળ ભાવાત્મક શૈલી તથા કિર્તનધોળ પદોના ગાન દ્વારા વૈષણવોનુ ભાવવિભોર કર્યાં હતા. દુબઈમાંજ ઈસ્કોન સંસ્થા દ્વારા સંચલિત ગીતા–ભાગવત સત્સંગમાં આપશ્રીએ "ભૌતિકવાદ સે જીવન સાર્થકતા કી ઓર "વિષય પેરના વચનામૃત થયેલ. ઉપરાંત શારજાહ અબુધાબી કુથરા વગેરે સ્થળોએ આપશ્રીના વચનામૃત પ્રશ્નોતરી વગેરે કાર્યક્રમો યેજેલ

કાંકરોલીમાં ભાગવત કથાકારોનું સન્માન અને ધાર્મિક ગ્રંથોનો વિમોચન સમારંભ

કાંકરોલી મુકામે પુ. પાદ ગો. શ્રી ૧૦૮ શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રીના અધ્યક્ષસ્થાને યોજાયેલા ભાગવત કથાકારોના સન્માન અને ધાર્મિક ગ્રંથોના વિમોચન સમારંભમાં સંત શિરોમણી પુ શ્રી મોરારીબાપુએ વર્તમાન પરિસ્થિતિમાં સંસ્કૃતિ માટે પ્રેમ અને ધાર્મિક આસ્થા–શ્રધ્ધા બની રહે તેવા કર્યો કરવા સમગ્ર વૈષ્ણવ સમાજને અપીલ કરી હતી. શ્રી દ્વારકાધીશ પ્રભુના દર્શનથી અને કાંકરોલી નરેશના બંને લાલથી પ્રભાવીત બની તેઓશ્રીએ જણાવ્યુ કે કાંકરોલીમાં પ્રપન્નતા–પ્રસન્નતા અને સંપન્નતા છે. પુ. પાદ ગો. શ્રી વાગીશકુમારજી મહોદય અને પુ. પા. ગો. શ્રી દ્વારકેશલાલજી મહોદયની ધાર્મિક સાંપ્રદાયિક સેવાકીય કાર્યોને બિરદાવીને તેઓશ્રીએ ભારે પ્રસંશા વ્યકત કરી હતી.

આં. પુ. વૈ. પ. તરફથી પુ. શ્રી યોવેશભાઇ શાસ્ત્રી દ્વારા લખાયેલ 'કૃષ્ણ એજ ગતિ' ગ્રંથ અને અને વૈષ્ણવ પરિષદ–પુષ્ટિ પ્રસાર સેલ તરફથી પુ. પા. ગો. શ્રી વાગીશબાવાશ્રી દ્વારા લખાયેલ શુધ્ધાદ્વૈત ચિંતન' ગ્રંથની બીજી આવૃતિનું વિમોચન પુ. પા. ગો. શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રીના વરદ હસ્તે કરવામાં આવ્યુ. પુ. પા. શ્રી વાગીશકુમારજી મહોદય દ્વારા લખાયેલ 'ભારતીય સંસ્કૃતિ' ગ્રંથનું વિમોચન

સંત શિરોમણી પુ. શ્રી મોરારીબાપુના વરદ હસ્તે અને તેઓશ્રીના 'પુષ્ટિપથ' ત્રિમાસિકનું વિમોચન ઋષિતુલ્ય પુ. શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીજીના વરદ હસ્તે કરવામાં આવ્યું.

ભવ્ય સન્માન સમારંભનો પ્રારંભ પ્રા. ભગવતપ્રસાદ પંડયાના મંગલાચરણથી થયો. ભાગવત પ્રવકતા પુ. શ્રી પ્રદ્યુમન શાસ્ત્રીજીએ કાંકરોલીની ઐતિહાસિક ભુમિકા જણાવી, પુ. પા. ગો. શ્રી વાગીશકુમારજીએ સ્વાગત પ્રવચન કર્યું હતુ. વૈષ્ણવ પરિષદના સંગઠન મંત્રીશ્રી પ્રા. શેઠે ધાર્મિક ગ્રંથો અને સામયિકના એક સાથે પુ. ગો. આચાર્યશ્રી પુ. સ,ત શિરોમણી મોરારીબાપુ અને પુ. શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીજીને વિમોચન માટે વિનંતી કરી હતી. પુ. શ્રી યોગેશભાઈ શાસ્ત્રીએ પ્રા. ચીમનભાઈ શેઠના સુપુત્ર અલ્પ આયુમાં હરિશરણ થયાથી તેની પાછળ યોજાયેલી કૃષ્ણાશ્રય સપ્તાહ નિમિત્તે 'કૃષ્ણ એજ ગતિ' ગ્રંથ પ્રકાશિત કરવાની ભૂમિકા સમજાવી હતી.

પુ. પા. ગા. શ્રી ૧૦૮ શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રીએ ભાગવત કથાકારોનું સન્માન કર્યું અને પુ. શ્રી ધ ણીધર શાસ્ત્રીએ આનંદ વ્યકત કરી સૌનો આભાર માન્યો હતો.

શ્રી બાલકૃષ્ણલાલજીનો છપ્પન ભોગ મહોત્સવ (રાજકોટ)

શ્રી ગુસાંઈજી પરમદયાલના સેવ્ય સ્વરુપ, આપશ્રીએ પોતાના ૭ સાત લાલજીનાં વિદ્યાભ્યાસના ફલરુપે શ્રીમદ વલ્લભાચાર્યજીના સેવક પરમ ભકત શ્રી પદમારાવલનાં સુપુત્ર શ્રી કૃષ્ણભટજીને માથે સવંત ૧૬૦૮માં પધરાવી આપેલ સ્વરૂપો શ્રી બાલકૃષ્ણજી શ્રી સ્વામીનીજી સંગ જે સ્વરૂપો ઉજજેનમાં બીરાજમાન થયેલ. તેમના વંશજો દ્વારા સવંત ૧૮૧૮માં જે નીધિ સ્વરૂપો રાજકોટમાં પધારતા દરબારગઢ નજીક શ્રી બાલકૃષ્ણલાલજીની હવેલી નિર્માણ થઈ તેમાં બીરાજે છે.

જે સ્વરૂપો હાલ પણ પરમ ભકત પદમા રાવલના વંશજો માથે હાલની પેઢી શ્રી ચદ્રેશ ગોકુલદાસ ભટ માથે બીરાજી રહેલ છે અને શ્રી વલ્લભકુળની આજ્ઞા પ્રમાણ અને રીતીથી શ્રી...ને લાડ લડાવાઈ રહ્યા છે, છેલ્લા સો વરસથી કે તેથી ઉપરના વરસોથી રાજકોટમાં બીરાજતા શ્રી બાલકૃષ્ણ પ્રભુને છપ્પનભોગનો મનોરથ ન થયેલ હોય આચાર્ય વર્ય ગોસ્વામી તિલકાયત શ્રી ૧૦૮ શ્રી દાઉજી (શ્રી રાજીવજી) મહારાજ શ્રીના વરદ હસ્તે નીધિ સ્વરૂપ શ્રી બાલકૃષ્ણજી શ્રી સ્વામીનીજીને છપ્પનભોગ આરોગવાના મનોરથ સ્વરૂપે ૨૩૬માં પાટોત્સવ પ્રસંગે નીચેના મનોરથોનું આયોજન કરેલ છે.

* સંવત ૨૦૫૩ માગસર શુદી ૧ બુધવાર દિનાંક ૧૧-૧૨-૯૬ : શ્રી કુંડવારાનો મનોરથ સાંજે
* સંવત ૨૦૫૩ માગસર શુદી ૨ ગુરુવાર દિનાંક ૧૨-૧૨-૯૬ : શ્રી બાલકૃષ્ણ લાલજીનો પાટોત્સવ
રાજભોગમાં તિલકની ઝાંખી-નંદમહોત્સવ
સાંજે સુકામેવાના બંગલા શયન બાદ
રાત્રિના વધાઈ-કીર્તન – ટાઢી લીલા
* સવંત ૨૦૫૩ માગસર શુદી ૩ શુક્રવાર દિનાંક ૧૩-૧૨-૯૬ : શ્રી દાનનો મનોરથ સાંજે
* સંવત ૨૦૫૩ માગસર શુદી ૪ શનિવાર દિનાંક ૧૪-૧૨-૯૬ : શ્રી માખનચોરી લીલા સાંજે
* સંવત ૨૮૫૩ માગસર શુદી ૫ રવિવાર દિનાંક ૧૫-૧૨-૯૬ : શ્રી છપ્પનભોગ મહોત્સવ બપોરે ૩ થી

આ અલૌકિક પ્રસંગો ઉપર અન્ય ગોસ્વામી બાલકો પધારી સેવામાં સહયોગી માર્ગદર્શક બની દર્શનનો લાભ પ્રાપ્ત કરાવશે.

શુભ સ્થળ :
"શ્રી બાલકૃષ્ણ લાલજી હવેલી"
દરબારગઢ પાસે, રાજકોટ-૩૬૦૦૦૧
ફોન નં. : ૨૬૧૦૩૩

: નિવેદક :
આજ્ઞાનુવર્તિ
શ્રી બાલકૃષ્ણલાલજી છપ્પનભોગ મહોત્સવ
સમિતિ-રાજકોટ

(બીજા ટાઈટલથી ચાલુ)

શ્રીમદાચાર્યજીચરણં શરણં સર્વ દેહિનામ્ । સમસ્ત દોષ દહનં મસ્તકે રાજતાં મમ ॥

શ્રી આચાર્યજી મહાપ્રભુજીનું ચરણ સર્વ જીવોના આશ્રયરૂપ છે. સર્વદોષોને બાળી નાખે છે, એ ચરણ મારા મસ્તક ઉપર બિરાજો.

શુભકામનાઓ સાથે....

ગોસ્વામી શ્રી યશોદાનંદનજી શ્રી મુરલીધરલાલજી,
ગોસ્વામી ચિ. શ્રી નુપુરકુમારજી શ્રી યશોદાનંદનજી.

પુસ્તક પરિચય

૧. આપણાં નિધી સ્વરૂપો

લેખક – પ્રા. રમેશભાઈ વિ. પરીખ પ્રકાશક – શ્રી વલ્લભ વિદ્યાપીઠ

શ્રી બેઠક મંદિર, કેવડાબાગ, મદનઝાંપા રોડ, વડોદરા–૩૯૦૦૦૧

૮ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૩૨, કાચું પુઠું, પીન બાઈન્ડીંગ, ઓફસેટ પ્રિન્ટીંગ ન્યોછાવર દર્શાવી નથી.

“પુષ્ટિ સાહિત્યના સિદ્ધ હસ્ત લેખક દ્વારા લિખિત “પાયાગત સ્તર–શુદ્ધાદ્વૈત વિનીત” પરીક્ષા માટેનું અભ્યાસ પુષ્પ ૭મું આપણાં નિધિ સ્વરૂપો” શુદ્ધ સરળ ગુજરાતીમાં છે. તેમાં આપણાં સંપ્રદાયના ૧૨ નિધિ સ્વરૂપો (૧) શ્રી ગોવર્ધનનાથજી (૨) શ્રી મથુરાધીશજી (૪) શ્રી વિઠ્ઠલનાથજી (૫) દ્વારકાધીશજી (૬) શ્રી ગોકુલનાથજી (૭) શ્રી ગોકુલચંદ્રમાજી (૮) શ્રી મુકુંદરાયજી (૯) શ્રી કલ્યાણરાયજી (૧૦) શ્રી બાલકૃષ્ણલાલજી (૧૧) શ્રી મદનમોહનજી (૧૨) શ્રી નટવરલાલજી

આ સર્વ સ્વરૂપોની લીલાભાવના અને ભાવભાવના સુંદર રીતે રજુ કરવામાં આવી છે. જેમાં દરેક સ્વરૂપના નામ, પ્રાકટ્ય, સ્વરૂપ, સ્વરૂપ ભાવના અને લીલાભાવના સુંદર રીતે નિરપેલ છે.

દરેક પરીક્ષાર્થી, વૈષ્ણવ મરિવાર તથા પુષ્ટિ સાહિત્યના અભ્યાસીને ખુબજ ઉપયોગી પુસ્તિકા.

(૨) શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ

લેખક – પ્રકાશક, વર્ણન, ન્યોછાવર ઉપર ક્રમ ૧ મુજબ.

“શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ” આ પુસ્તિકા પાયાગત સ્તર–શુધ્ધાદ્વૈત વિનિત પરીક્ષા માટેનું અભ્યાસ પુષ્પ ૮મું છે.

પુષ્ટિ સંપ્રદાયનો મુળભુત સિદ્ધાંત શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદને સચોટ રીતે સુંદર, સરળ ગુજરાતીમાં રજુ કરનાર પુષ્ટિ સાહિત્યના સિધ્ધ હસ્ત લેખક શ્રી રમેશભાઈ પરીખ ધન્યવાદના અધિકારી છે.

પુષ્ટિ સંપ્રદાયને સંક્ષિપ્તમાં સમજવા માટે ઉત્તમ પુસ્તિકા.

દરેક પરીક્ષાર્થી, વૈષ્ણવ તથા પુષ્ટિ સાહિત્યના અભ્યાસી અને ચાહક વર્ગને ખુબજ ઉપયોગી પુસ્તિકા

૩. કૃપા માર્ગની કેડીએથી

સંપાદક – શ્રી કાન્તિ ર. ગાંધી

પ્રકાશક – વસુબેન કાન્તિલાલ ગાંધી પરિવાર

૭/એ. કામદુર્ગા સોસાયટી નં. ૨ અંકુર રોડ, નારણપુરા, અમદાવાદ–૩૮૦૦૧૩

પેઈજ ૬૪, ઓફસેટ પ્રીન્ટીંગ, પીન બાઈન્ડીંગ ન્યોછાવર રૂા. ૧૦ – પોસ્ટેજ રૂ. ૧/-

પુષ્ટિ સંપ્રદાયના પાયાના સિધ્ધાંતોને સરળ ગુજરાતીમાં લોકભોગ્ય રીતે રજુ કરવામાં આવ્યા છે. સાથે પુ. પા. ગો. શ્રી ઈન્દીરાબેટીજીના વચનામૃત પણ સમાયેલ છે.

પુષ્ટિ માર્ગને સરળ રીતે સમજવામાં ઉપયોગી પુસ્તિકા, દરેક વૈષ્ણવ પરિવાર તથા બાળકોએ વસાવવા યોગ્ય પુસ્તિકા.

SHREE VALLABH SUDHA Monthly Magazine. Publisheduo third.
date of Every Month, Regd.No.G/RJ.212-L.P.W.P43

બાળલીલાદિ સુપ્રીતાય નમ:

[ઢાળ તું સાંભળ સજની સાહેલી, વ્રજમાં વાગે વાંસલડી]

બાળ લીલામાં પ્રીતલડી, આ પ્રીતલડી;
લાગી વિઠલને નેહજડી.

નંદ ભવનના બારણુયા પર,
મોહન ખેલે ઘુંટણીયા ભર,
ઉભા થાય ને જાય પડી, આ જાય પડી
લાગી. વિઠલને નેહજડી – બાળ લીલામાં ૦ ૧

માખણ પીંડો મુખમાં ગ્રસિયો,
માનો ચંદ મેઘમાં ફંસિયો,
એ શોભા નિરખે ઘડી, ઘડી, આ ઘડી ઘડી
લાગી વિઠલને નેહજડી બાળ લીલામાં ૦ ૨

મહી–માખણની ચોરી કરતા,
ગ્વાલબાલ સંગ વ્રજમાં ફરતા,
છીંકા ઉતારે વાલો ઉખલ ચડી, આ ઉખલ ચડી
લાગી વિઠલને નેહજડી બાળ લીલામાં ૦ ૩

ગોરસ કેરી ગોળી ફોડે,
ચૂલા ઉપરનું દુધ જ ઢોળે,
બાંધે દામ માતા પકડી, માતા પકડી
લાગી વિઠલને નેહજડી બાળ લીલામાં ૦ ૪

બાલ ભાવ પ્રભુ પલના ઝુલે,
નિરખી ગોપી માન–મદ ભુલે,
'લાલ' વિઠ્ઠલ મન રહ્યું ગડી, તેમાં રહ્યું ગડી–
લાગી વિઠલને નેહજડી બાળ લીલામાં ૦ ૫

કીર્તનીયા લાલજીભાઈ ગો. પટેલ, ગણોદ

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક પ્રકાશક : રમણભાઈ પ. પટેલ, 'અમૃત' ... પ્લોટ.-૧ માર્ગ-૩, યુનિવર્સીટી રોડ, રાજકોટ-૫

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૬૨૧૩૮

વચન સુધા

"હવે ભગવદિય કોને કહેવા તેના લક્ષણ કહે છે :

જે વસ્તુ પ્રભુ આરોગ્યા હોય તેજ લેવી વળી પ્રભુના પ્રસાદી શણગાર પહેરવા તથા પ્રભુને સુખે સુખ માનવું અને પ્રભુ આરોગે ત્યાર પછી પ્રસાદ લેવો પણ તેની પહેલાં કાંઈ પણ વાંછતા રાખે નહીં કેમકે તેને ખાધા પીધાની તથા વિષય ભોગની કંઇ પણ અપેક્ષા નથી કેમ કે આ જીવ પ્રભુથી ઉત્પન્ન થયો છે માટે જે વસ્તુ પ્રભુજી આરોગે તેજ લેવી પછી ઇંદ્રિય, અંતઃકરણ સર્વે સમર્પણ કરીને આત્મનિવેદનની થયો છે માટે સર્વે વસ્તુ સમર્પણ કરીને દાસ થઈને રહેવું. પછી દાસને કોઇ વાતની ફીકર ચીંતા કરવી નહીં. પ્રભુને સુખે સુખ અને પ્રભુને દુઃખે દુઃખ માનવું વળી પોતાને કર્તા માનવો નહીં કર્તા તો એક પ્રભુને જાણે ત્યારે કામ થાય."

નિ. લી. ગો. શ્રી ગોપીકાલંકારજી શ્રીમટુજી મહારાજશ્રીના વચનામૃત વ. ૧૨

❀ આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો ❀

વર્ષ ૧૫ : અંક-૧૦ ❀ જાન્યુઆરી, ૧૯૯૭

શ્રી વલ્લભાબ્દ ૫૧૯

વાર્ષિક લવાજમ રૂા. ૩૫/- ❀ આજીવન રૂા. ૪૦૧

"શ્રી વલ્લભસુધા"
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, દેવાણી પરા, રાજકોટ-૩૬૦૦૦૧

"શ્રી વલ્લભ સુધા"ના સેવાભાવી પ્રતિનિધિ કાર્યકર

૧. **અનીડા** (વાછરા)
મીસ્ત્રી નાનજીભાઈ ખીમજીભાઈ

૨. **અમરેલી** શ્રી હીરજીભાઈ રણછોડભાઈ નસીત
કેડીયા રોડ, પાટા ઉતરતા રોકડની વાડીમાં

૩. **અમદાવાદ** શ્રી અશ્વિનભાઈ નવનીતલાલ દેસાઈ
૩૪, સરદાર પટેલનગર, એલિસ બ્રીજ

૪. **અંકલેશ્વર** શ્રી ગોપાલ એન. શાહ
સી/૫ જી આઈ એલ કોલોની
જી આઈ ડી. વાલીયા રોડ,

૬. **ગોમટા** શ્રી વલ્લભદાસ હરિભાઈ
"વ્યાપિ વૈકુંઠ"

૫. **કલ્યાણ** શ્રી કૃષ્ણદાસ મથુરાદાસ અઢીયા
હવેલી બિલ્ડીંગ, પારનાકા

૭. **ઉપલેટા** શ્રી અમૃતલાલભાઈ પટેલ
C/o શ્રી હરિ સ્ટોર્સ, રાજ માર્ગ

૮. **ગોંડલ** શ્રી ભાસ્કરભાઈ ચત્રભુજભાઈ સોની
રાયજાદા શેરી, મોટી બજાર

૯. **કલકત્તા** શ્રી નિતિનભાઈ મહેતા
C/o કાનજી સવજી પારેખ
મહેતા બિલ્કીંગ, ૧લે માળે

૧૦. **જામનગર** શ્રી માર્કંડભાઈ વૈં. ધોળકીયા
નાગર ચકલો

૧૧. **જુનાગઢ**
૧. શ્રી અમ્રુતલાલ સુંદરજી હિંડોચા
C/o શ્રી રૂગનાથ વસરામભાઈ
શ્રીનાથજી ચેમ્બર્સ, દાણાપીઠ

૨. શ્રી પોપટલાલ જમનાદાસ
બી/૨ રવિકિરણ એપાર્ટમેન્ટ

૩. શ્રી અરજણભાઈ જેસાભાઈ વૈષ્ણવ
"કિરણ" ૪ જલારામ સોસાયટી
લોઢીયા વાડી સામે

૧૨. **ડોમ્બીવલી** શ્રી વિઠ્ઠલભાઈ એસ. લાખાણી
૮/શીવલીલા, તિલક નગર
ગોપાલનગર રોડ-૧

૧૩. **જેતપુર**
૧. શ્રી મનસુખલાલ માધવજીભાઈ બોસમીયા
મતવા શેરી

૨. શ્રી વિઠ્ઠલભાઈ પટેલ
ખેડુત હાર્ડવેર માર્ટ, કણકીયા પ્લોટ

૧૪. **ધોરાજી** શ્રી જાદવભાઈ જીવરાજભાઈ વઘાસીયા
શુકલ શેરી, વઘાસીયા ચોરા

૧૫. **ધ્રાંગધ્રા** શ્રી ગોકળદાસ જગજીવનદાસ
શકિત મંદિર સામે

૧૬. **પોરબંદર**
શ્રી જયંતિલાલ મુળજીભાઈ
લીબર્ટી રોડ

૧૭. **પાંચપીપળા**
શ્રી ગોકળભાઈ જાદવભાઈ પોલરા

૧૮. **બોરીવલી** (વેસ્ટ)
૧. શ્રી ચુનીલાલ કરસનદાસ શાહ
'વ્યોમેશ' ૧લે માળે ફ્લેટ નં. ૪૭ 'સી' વીંગ
લક્ષ્મીનારાયણ હોલ મંડપેશ્વર રોડ,
૨. શ્રી ધરમશીભાઈ પટેલ
C/o ભુમિ ઇલેકટ્રીક કું.
૭/A વર્ધમાન એપાર્ટમેન્ટ સોડાવાળા લાઈન
૩. શ્રી શશિકાંતભાઈ પરીખ
મંત્રી, મહારાષ્ટ્ર રાજ્ય સમિતિ
૩, બી બ્લુસ્કાય. પમો કાર્ટર રોડ

૧૯. **ઘાટકોપર** (પૂર્વ)
શ્રી છોટાલાલ જીવરાજ મહેતા
લાભ સદન, અર્ચના નિવાસ
રાજાવાડી, એમ. જી રોડ.

૨૦. **મુંબઇ**
આં. રા. પુ. વૈ. પરિષદ
જી-૨, સીતારામ બિલ્ડીંગ, પલ્ટન રોડ,
પોલીસ સ્ટેશન સામે.

૨૧ **મોરબી**
શ્રી ભગવાનદાસ વેલજીભાઈ શનિશ્વરા
૪, ખત્રીવાડ

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત



પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૭
વર્ષ : ૧૫ અંક : ૧૦ * જાન્યુઆરી ૧૯૯૭

મનને શિક્ષા

અરે મન તું માયા કો દાસ ॥
મેં મેરો કરી જનમ ગમાયો બંધ્યો કુટુંબ કે પાસ ।૧।
શ્રીવાગધીશ પદરજ નહીં સેવા કીયો ન વ્રજકોવાસ ॥
ચોરાશી મહાભકત કથારસ સુનત ન ઉઠયો હુલ્લાસ ।૨।
નહીં બેઠયો વૈષ્ણવ મંડલી મેં ભયો કાલકો ગ્રાસ ॥
"રસિકદાસ" જનકો કોઇનાંહી, ચરણ કમલ કી આસ ।૩।

* ભાવાર્થ *

અરે મન ! તું તો માયાનો દાસ છો. તેં હું ને મારૂ કરવામાં જ જન્મારો ગુમાવ્યો અને કુટુંબના ફાંસલામાં ફસાઇ રહયો.

વાકપતિ એવાશ્રી મહાપ્રભુજીના ચરણ રજની સેવા પણ ન કરી. નતો તે વ્રજવાસ કર્યો. (વ્રજની અલૌકિક લીલાનું હૃદયમાં ચિંતન કરવું તે વ્રજવાસ) અરે ! તારા મનમાં શ્રી મહાપ્રભુજીના અંગીકૃત એવા ચોરાશી ભગવદિય ની વાર્તા સાંભળીને પણ એમને પગલે ચાલવાનો ઉલ્લાસ જાગ્યો. તું ભગવદ ભકતોની મંડલીમાં ભગવદ ગુણાનુંવાદ કરવાપણા ન બેઠા અને એમ કરીને તું કાળનો કોળીઓ બન્યો.

શ્રી રસિકદાસ (શ્રીમટુજીમહારાજ) આજ્ઞા કરે છે કે અમારા જનો સાચા ભાગવદ ભકતોને તો બીજું કંઇ નથી ગમતું એક માત્ર ભગવદ ચરણ કમલની જ આશા રાખે છે.

શ્રી વલ્લભ સુધા દર માસની ૨૭ તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન એપ્રીલ થી માર્ચ.

- * શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશત થયેલ અંકો મોકલાય છે.
- * ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવે મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂં સરનામું અવશ્ય લખવું.
- * શ્રીવલ્લભ સુધામાં 'શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- * લેખ આદિ કાગળની એક બાજુ ૨૫૦૮ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
- * શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
- * શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- * ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે

પત્ર વ્યવહાર સંપર્ક :

શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા રાજકોટ

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

ભક્તિ વર્ધિની

શ્રી ગોપેશ્વરજીએ રચેલ વિવરણ સહિત

ભાષાંતર: પ્રો. પ્રતાપરાય કાં. શાહ એમ. એ. કોવિદ, મુંબઇ

—ગતાંકથી ચાલુ

જો કોઇ એવી દલીલ કરે છે કે ક્યારેક વન (કે કાનન) વગેરેમાં એકાન્તવાસ કરનાર ભક્તને તો ભગવન્નામ તથા લીલાનું ચિન્તન જ કરવાનું હોય છે, કોઇ સત્સંગ કરવાનો હોતો નથી. તો પછી ભગવાનના ભક્તનો સંગ કરવાનું શું કારણ? તો તે પ્રશ્નના ઉત્તરમાં કહે છે.

બાધ સંભાવનાયાંતુ નૈકાન્તે વાસ ઇષ્યતે ।
હરિસ્તુ સર્વતો રક્ષાં કરિષ્યતિ ન સંશયઃ ॥૧૦॥

અર્થ :- સેવાના કાર્યમાં બાધા (અડચણ) આવવાની સંભાવના જણાય તો પણ એકાન્તમાં વાસ કરવાની ઇચ્છા યોગ્ય નથી. હરિ તો બધી બાજુથી રક્ષા કરશે જ તેમાં જરાપણ સંશય (શંકા) નથી. ૧૦

વિવૃત્તિ :- "તુ" શબ્દ શંકાનો નાશ કરવા માટે છે. જે એમ કહેવાય છે કે એકાન્તમાં રહીને ભગવાનનું ચિંતન જ કરવું તે કંઇ સત્સંગ ન કહેવાય, એ વાત સાચી છે, પરંતુ જો ભોગમાં ચિત્ત જવાથી ઉદ્વેગ ઉત્પન્ન કરે એવી સંભાવના એ બાધમાં ન હોવી જોઇએ પણ જો એવી સંભાવના હોય તો એકાંતમાં વાસ ઇચ્છવા યોગ્ય નથી. કારણ કે તે સ્થિતિમાં ચિત્તની ચંચળતાના કારણે ભગવન્નામ તથા ભગવત્ ચિંતન ચાલુ રાખી શકાતાં નથી. તેથી સત્સંગ જ કરવો જોઇએ એમ અર્થ છે.

જો એવી શંકા (કે દલીલ) કરવામાં આવે કે ચિત્ત વિક્ષેપ ચિત્તની ચંચલતા વગેરે મનની અંદર રહેલી બાધાઓ સત્સંગ વગેરેના સેવનથી દુર કરી શકાતી હોય તો પણ બહારની બાધાઓ જેવી જેવી કે ચોર, વાઘ વગેરેના ભય જેવી બાધાઓ તો (સત્સંગ દ્વારા) દુર કરવાનું મુશ્કેલ અથવા અશક્ય છે. જો આવી શંકા હોય તો તેના નિવારણ માટે કહે છે કે "હરિસ્તુ" વગેરે "તુ" શબ્દ (બાહ્ય તથા આંતરિક) બન્ને પ્રકારના ભયને આવરી લ્યે છે.

શ્રી હરિ કે જે દુઃખોનું હરણ કરવાવાળો છે તે સર્વ બાજુથી બાહ્ય તથા આંતરિક બાજુએથી પણ આવી પડતી અડચણોમાંથી (ભકતનું) રક્ષણ કરશે. આ બાબતમાં સંશય (શંકા)

જરાપણ નથી એમ અર્થ છે. ભગવાન નિરૂપમ તથા પરમ કૃપાથી પુર્ણ છે તેથી ભકતનું દુઃખ ક્ષણ માત્ર પણ જોઇ શકતા નથી. આ જ કારણને લીધે "હરિ" શબ્દનો ઉપયોગ કર્યો છે.

કહ્યું છે ને ? કે "હરિર્હરતિ પાપાનિ દુષ્ટ ચિત્તૈ રપિ સ્મૃતઃ" એટલે કે દુષ્ટ ચિત્તવાળઃ લોકો પણ જો શ્રી હરિનું સ્મરણ કરે તો શ્રી હરિ તેમના પાપોને દુર કરે છે. ઉદાહરણ તરીકે અજામિલ જેવો જીવનભર પાપો કરનાર માણસ, મરતી વખતે, શ્રી હરિના અર્થમાં નહિ પરંતુ પોતાના નારાયણ નામના પુત્રનો નામોચ્ચાર કરવાને લીધે પાપમુક્ત થવાથી યમપાશમાંથી છૂટયો હતો. તો પછી સત્સંગ કરનાર ભક્ત હેતુપૂર્વક શ્રી હરિનું નામસ્મરણ કરે ત્યારે ભગવાન તેનાં બાહ્યાંતર સર્વ પાપોનો નાશ કરે તેમાં શી નવાઇ ?]

ભકતના દુઃખોને દુર કરવાં એ તો ભગવાનનો ખાસ (અસાધારણ) સ્વભાવ છે. તેથી આચાર્યોએ કહ્યું છે "યથા ગન્ધઃ પૃથિવ્યાઃ એવં ભગવતો ભકત દુઃખ નિવર્તકત્વમ્" વગેરે (એટલે કે જેમ પૃથ્વીનો ગુણધર્મ ગન્ધ છે એવી જ રીતે ભકતોનાં દુઃખોને દુર કરવાં એ ભગવાનનો ગુણ–ધર્મ–સ્વભાવગત ધર્મ છે અથવા તો બધી દિશાઓથી સુદર્શન ચક્ર વગેરે આયુધો દ્વારા ભકતોની રક્ષા શ્રી હરિ કરશે જ. આ બાબતમાં જરા (લેશ) પણ શંકા નથી એમ અર્થ છે.

–ક્રમશઃ

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧ ગો. વા. મણીબેન કેસરીયા રાજકોટના જયશ્રીકૃષ્ણ હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલના જયશ્રીકૃષ્ણ.

૨ ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ પરીખ મુંબઇના જય શ્રી કૃષ્ણ.

૩ મહાકારુણિક જગતગુરુ શ્રીમદ્‌વલ્લભાચાર્યજી પંચ શતાબ્દી મહોત્સવ સમિતિ–રાજકોટના સૌજન્યથી.

॥ શ્રીવલ્લભ ॥

ભકિત પોષણ

વિવેચક : પ. ભ. શ્રી મથુરાદાસ જીવરાજભાઇ મહેતા

સખ્ય-ભકિત

અહોભાગ્ય મહોભાગ્ય, વૃજજન પરમ પવિત્ર;
પૂર્ણ બ્રહ્મ સનાતન, પરમાનંદ જેનાં મિત્ર.
મિત્ર થયે સર્વ સુખ દીધું, સર્વ ભાવે કારજ સહુ સીધ્યું;
શેષ, મહેશ, વિધિ, શ્રી, અલભ્ય,
તે ફળ શ્રી ગોપીજન- લભ્ય.... સેવો શ્રીકૃષ્ણ કૃપાળ (૩૨)

વિવેચન : સખ્ય ભકિત મર્યાદામાં અર્જુને કરી, કૃષ્ણાવતારમાં ગોપ સખા, શ્રી વલ્લભકુલમાં અષ્ટસખા તેમાં ગોવિંદદાસજી.

મર્યાદામાં અર્જુનની સખ્યભકિત સર્વશ્રેષ્ઠ છે. મહાભારતના યુદ્ધ વખતે શ્રીકૃષ્ણે તેમનો રથ હાંકયો. વળી તે વખતે અર્જુનને મોહ ઉત્પન્ન થયો ત્યારે ગીતાનું જ્ઞાન આપ્યું તે વખતે અનેક નામોથી તેને સંબોધન કર્યું, હે કૌન્તેય ! હે પુરુશ્રેષ્ઠ ! હે પાર્થ ! હે ભારત ! હે કુરુનંદન ! હે અર્જુન ! હે ધનંજય ! હે નિષ્પાપ ! હે મહાબાહો ! હે ભરતશ્રેષ્ઠ ! હે પ્રિય સખા ! આવા અનેક નામોથી બોલાવેલ છે. ગીતારૂપી ગુઢજ્ઞાન જે અત્યારે સર્વમાન્ય છે, વેદોનો સાર છે. ભારત તો શું ? પણ વિદેશોમાં પણ અનેક ભાષામાં તેનું ભાષાંતર થયેલ છે. સખ્યભાવ રાખી અર્જુનને આ ગુઢ જ્ઞાન આપ્યુ હતું.

કૃષ્ણાવતારમાં ગોપબાલકો સાથે સખાભાવથી કૃષ્ણ રમ્યા, ગોવાળીયા રીસાય જાય તેને મનાવ્યા, પોતે નૃત્ય કરી તેને રીઝાવ્યા, એને માટે ઘર ઘર ચોરી કરી મહીમાખણ ખવરાવ્યા. ગોવાળીયાને ગમતી લીલાઓ કરી. એકવાર ગોવાળીયાઓએ કહ્યું : કૃષ્ણ ! આ નજીકમાં તાલ વન છે, તે તાડના ફળો અમારે ખાવા છે. ત્યારે તેમની ઇચ્છા પૂર્ણ કરવા તે વનમાં ગયા. ત્યારે ત્યાં ધેનકાસુર નામનો રાક્ષસ હતો. તેને બલદેવજીની હાથે મરાવ્યો, તે વન નિર્ભય બનાવ્યું. ત્યાં ઘાસચારો બહુજ સારો થતો, ગાયોને માટે પણ ઉપયોગી થયું ગોવાળીયા રાજી રાજી થઇ સહુ તાડના ફળ ખાતા કૃષ્ણના ગુણ ગાવા લાગ્યા.

ગોવાળોની સાથે નિત્ય ગોચારણ લીલા કરી નિત્ય વનમાં છાક લીલા કરતા રોજ મૈયા છાક મોકલતી તે સૌ સાથે બેસીને લેતા આનંદ કરતા. આ લીલા જોઇ દેવતાઓએ વિચાર કર્યો કે, આ ગોવાળીયા કેવા મહાન ભાગ્યશાળી છે. હરિ સાથે બેસી ભોજન કરે છે. આપણે

આજે પ્રસાદ લેવો છે. જ્યાં છાક આરોગવાની તૈયારી થઈ ત્યાં દેવતાઓ તેતર થઇ પહોંચ્યા. કે જમીને પાંદડા ફેંકી દેશે, અગર કણ વૃજરજમાં પડશે તે વીણી લેશું. ભગવાન આ દેવતાઓની ચાલ સમજી ગયા, જેથી કહ્યું કે– ભૈયા હો ! આજે તો આ શીલા પખારો ભોજન કીજે. આ શીલા ધોઈ નાખો. આ માથે ભોજન કરશું, ત્યાં જ ભોજન થયું, વધ્યુ ઘટ્યું બધા જીભથી ચાટી ગયા. આ જોઈ દેવતાઓ જળમાં માછલા બન્યા કે હાથ ધોવા તો જમુનાજીમાં આવશે, પરંતુ ભગવાને કહ્યું– ભૈયા હો ! આજે આપણા ફેંટાથી મોઢું લુછી નાખો, હાથ ધોવાની જરૂર નથી, ચાલો રમત રમીએ.

છાક ખાઇ ધાય ધાય જાય દ્રમન ચઢત ફેંટા મુખ પોંછત અંગોછત હે કર કર તે મુજબ ફેંટાથી હાથ પોંછીને રમતે ચડી ગયા. દોડીને ઝાડ ઉપર ચડી ગયા. ગીલીદંડા એવી રમતો રમવા લાગ્યા.

આ લીલા જોઇ દેવતાઓ નિરાશ થયા કે અમને પ્રસાદી ન મળી. તેતર બન્યા, માછલા બન્યા, કોઇ યુકિત કામ ન આવી ત્યારે તેઓ ગોપ બાળકોના ભાગ્યની સરાહના કરવા લાગ્યા. ‘હમ ન ભયે વૃજમેં અહીર’ અમો એ અહીર કુળમાં જન્મ લીધો હોત તો સારૂ હતું. સહજમાં જ ભગવત પ્રસાદ પ્રાપ્ત થાત. વૈકુંઠવાસી દેવતાઓએ ભગવાનની સામે પોતાનું સામર્થ્ય બતાવ્યું. તરેહ તરેહના રૂપો બતાવ્યા છતાં કામ ન આવ્યું. આમ ગોપ બાળકો સાથે સમાન ભાવથી ક્રીડા કહી છે, વળી એકવાર–

બાળકોની સાથે બેસી ભગવાન છાક આરોગવા બેઠા ત્યારે ગાયો થોડી દુર ચરતી હતી. બ્રહ્માજી એ ગાયો વાછરડાનું હરણ કર્યું ત્યારે કૃષ્ણ પોતે જ ગોતવા ગયા. ગાયો ન મળી, ત્યાં પાછા આવીને જુએ છે તો ગોપ બાળકો પણ નથી. પ્રભુ આ સાર સમજી ગયા કે બ્રહ્માજીની આ ચાલ છે. તે જ વખતે ગોપ બાલકો અને ગાય વાછરડા બધુ પોતે જ બન્યા. આમ ૧ વરસ પુરૂ થયું. બ્રહ્માજીની તો ઘડી–પળ થઇ હતી તે અવીને જુએ છે તો અત્રે તો તેની તે જ લીલા દેખાણી. ગાયો, ગોપો બધુ તેનું તે જ જોયું. ત્યારે પોતે છુપાવેલા તેને પાછા આપી સ્તુતિ કરી ક્ષમા માગી.

એક વરસ પ્રભુ પોતે જ બધા રૂપે રહ્યા પરંતુ કોઇને કલ્પના પણ ન આવી. વ્રજવાસીણી માતાઓ ઘણીવાર કહેતી કે યશોદા માં મહાન ભાગ્યશાળી છે. જેને ઘરે કૃષ્ણ જેવા પુત્ર છે તેનું લાલન–પાલન કરે છે. અમારે પણ આવા પુત્ર હોય તો કેવું સારૂં ! આ નિમિતે એક વરસ સુધી પુત્ર બની તે વૃજમાતાઓને પુત્રસુખ આપ્યું.

ગોવર્ધનલીલા વખતે ગોવાળીયાઓ લાકડીનો ટેકો દઇને ઉભા રહયા હતા કે અમારા મિત્રને અમે સહારો દઇએ. થોડી થોડી મદદ સૌ કરીએ. વાસ્તવમાં લાકડીને ટેકે ગિરીરાજ ટકી ન શકે પરંતુ સખાભાવ હતો. ઇન્દ્રકોપ પછી ગિરીરાજજી નીચે પધરાવ્યા ત્યારે બધા વૃજવાસીઓ કૃષ્ણની કીર્તીનું ગાન કરવા લાગ્યા ત્યારે શ્રીકૃષ્ણે કહ્યું–

કછુક બલ માખનકો કીયો કછુક ગ્વાલ દીની સહાય

પ્રભુએ પ્રભુતા ગિરીરાજ ધારણ કરવામાં બતાવી પણ અત્રે કાંઇક જુદુ બતાવે છે કે, હું નાનો હતો ત્યારે ઘરોઘર ચોરી ચોરીને માખણ ખાતો મૈયા પાસેથી પણ ખુબ માખણ ખાધું. વૃજનારીઓને રસ્તામાં રોકીને પણ મહી માખણ ખાધું તેથી મારામાં શકિત આવી, અને આ મારા સાથી સખાઓએ જેમ માખણ સાથે ખાધું તેમ ગિરીરાજ ધારણ કરવામાં મને મદદ આપી છે. વળી શ્રી વૃજભાનુજા રાધિકાજીની કૃપા પણ મને પ્રાપ્ત થઈ. આમ અનેક રીતે મને સહારો મળ્યો ને મેં ગિરીરાજજી ઉઠાવી લીધો. (અત્રે પ્રભુતા છુપાવી દીધી છે) આવા વચન સાંભળતાં જ સખાઓ નાચવા લાગ્યા અને લાલા કન્હૈયાને અમારા અંતરની વાત જાણે છે, જેઓ સખ્યભાવથી સાથે જ રહેતા.

શ્રી વલ્લભ વંશે – ગોવિંદદાસજી શ્રીનાથજીની સાથે સખા ભાવથી બોલતા એકવાર શ્રીનાથજી મોહનાં ભંગીની કાંધ પર ચડયા હતા ત્યાં ઉત્થાપનો સમય થયો ત્યારે ગોવિંદદાસજી શ્રીજીને લઇને જમુનાજીમાં ડુબાડીને લાવ્યા ઉત્થાપનમાં શ્રી ગુંસાંઇજી જુએ તો મંદીર બધું ભીનું ભીનું, તેમજ શ્રીનાથજીનાં વાઘા વસ્ત્ર બધા નીતરતા જોયા. ત્યારે શ્રી ગુંસાંઇજીએ શ્રીજીને પુછયું બાબા આ શી લીલા છે! ત્યારે શ્રીજીએ કહ્યું કે તમારો સેવક ગોવિંદા તેણે મને જમુનાજીમાં ડુબાડયો હતો શ્રી ગુંસાઇજીએ ગોવિંદદાસજીને બોલાવી ઠપકો દીધો કે બ્રહ્મ કદી છોવાતા નથી ત્યારે ગોવિંદદાસે કહ્યું, ભલે બ્રહ્મ ન છોવાય, અત્રે શ્રી મહાપ્રભુજીની મેંડ તો છોવાય. આ સાંભળી ગુંસાંઇજી ચુપ રહ્યા. આ સખ્ય ભાવનું ઉદાહરણ છે.

હોરી (વસંત હોરી) નાં દિવસોમાં સત્ય, રજ, તમ, ત્રણ પ્રકારનાં ખેલો થાય છે. દિવસોમાં ખેલ વખતે શ્રી ઠાકુરજીનાં ચરણારવિંદ ઢાંકી રખાય છે કેમ કે **ખેલમા સખ્ય ભાવ છે** ત્યારે ચરણારવિંદમાં દાસ્ય ભકિત છે. દાસ્ય ભકિતથી ખેલમાં આનંદ રહે નહીં, ત્યાં તો બરોબરીનો ખેલ છે. વૃજનારીયો પ્રાતઃકાળમાં ખેલનો સાજ લઇને નંદ ભવનમાં અચાનક પહોંચી જાય, નંદરાણીને ઘેરી લીયે, તેમજ લાલા કન્હૈયાને પણ ઘેરામાં લઇ લીયે, ત્યરે કૃષ્ણ ઉંચો અવાજ કરીને સખાને બોલાવે કે ભૈયાહો, તુરતમેં યહાં આવો મોકો પકર લીયોરે, મુઝે છુડાવો, ગ્વાલ બાલ ટોળે મળી પહોંચી જતાં કૃષ્ણને છુડાવતા. કોઇ વાર કૃષ્ણને પકડીને નારીનાં વસ્ત્રો પહેરાવી ગોપીઓ નચાવતી. ખેલમાં હરાવીને ફગુવા આપે ત્યારે જ છોડે. પ્રભુને પકડવાની કોની શકિત છે! પરંતુ અત્રે તો બરોબરીનો ખેલ થાય, કોઇ હારે કોઇ જીતે તેમાં પણ ડોલોત્સવ – ખેલની પરાકાષ્ઠા. **હરિ કો ડોલ દેખ વૃજવાસી ફુલે** આ કીર્તનની ભાવનાં વિચારવા જેવી છે ભકતોનો પ્રેમ જોઇ ભગવાન પણ ડોલી ઉઠયા આવો ભારે ખેલ થયો.

શ્રીમદ ભા. દશા. સ્કંધ

અહોભાગ્ય મહોભાગ્ય નન્દ ગોપ વૃજૌકસામ્
યન્મિદ્રં પરમાનંદં પૂર્ણં બ્રહ્મ સનાતનમ

પરમ પવિત્ર એવા વૃજજનો–ગોપો–ગોપિજનો વગેરેને ધન્ય છે. તેઓનું ભાગ્ય મહાન છે. પરમ આનંદ સ્વરૂપ પૂર્ણ બ્રહ્મ જેમનાં મિત્ર બનીને રહ્યા છે. તેઓની ઇચ્છા મુજબ જ પ્રભુ સર્વ લીલા કરે છે. સર્વ રીતે તેને સુખ આપ્યું છે જે ફળ, સુખ, શેષજી, મહાદેવજી, બ્રહ્માજી, તથા શ્રી લક્ષ્મીજીને પણ ન મળે, તે આ નંદરાયજીનાં વૃજમાં રહેવાવાળા ગોપ–ગોપિયોએ પ્રાપ્ત કર્યું છે, માટે તેઓ મહાન ભાગ્યશાળી છે.

ગોપીજનોને પ્રભુમાં સર્વાત્મ ભાવ હતો (તેમાં સર્વ ભાવો આવી ગયા) ગોપી ગીત ગાયું તેમાં પ્રભુને જુદા જુદા નામથી સંબોધન કર્યું છે હે સુરત નાથ,વૃષ્ણિધૂર્ય, હે કાન્ત, હે વીર, હે રમણ, હે સખા, **ભજ સખે ભવત્કિંકરીઃસ્મનો જલરૂહાનનં ચારુ દર્શય** આ તુકમાં અમે આપની દાસીયો છીએ તેમને આપનું શ્રી મુખ કમલ દર્શાવો. તેમાં પણ ભજ સખે, એટલે સખ્ય ભકિત પણ સાથે જ છે. તેમજ રાસલીલામાં પણ સમાન ભાવથી પ્રત્યેકની ઇચ્છા મુજબે જુદા જુદા રૂપ ધારણ કર્યા જેટલા ગોપીજનો તેટલાં જ કૃષ્ણ રૂપે બની સૌની ઇચ્છાને પુર્ણ કરી રાસક્રીડા, જળક્રીડા, દાનલીલા, માનલીલા, દરેક જગોયે સખ્ય ભાવના રાખી જ છે. આ સર્વ સુખનાં અધીકારી તે ગોપીજનો જ રહ્યા. "ગોપીજનોને તે ફલં લભ્ય" માટે જ કવિશ્રી કહે છે સેવો શ્રી કૃષ્ણ કૃપાળ. ૩૨

શ્રી યમુનાજીના પદ

રચયિતા : મહાકવિ શ્રી વલ્લભદાસ શર્મા, દેવરી.

ભાવાર્થ–લેખક **'માધુરી'** રાજકોટ

પદ–૩૪

મોપે ગુસા ભઇ રવિ નંદનિ;
શ્રી હરિકી કરુણામય મૂરતિ નંદ નંદ કી ચંદનિ ૧

સરલ સુધા સ્વભાવ શ્રુતિ ગાવત ધન્ય કહત નન્દલાલ,
બ્રજ જન રતન સૂત્ર તેરે મેં પુહે મનોહર માલ ૨

સદા એક રસ ભૂરિ બડાઇ વ્યાસ પરાસર ધ્યાવત;
જે હરિદ્વાર નિરાસ રંક તે તુમતે તે ફલ પાવત ૩

સંઘ સહાય કરી જે મેરી દિયો બડે સનમાન;
મો લગિ સહજ સ્વભાવ બિસારત કહા કરો અનુમાન ૪

તુમ તો પરમ અલૌકિક દેવી હૌં મૈ કલિમલ મેં લીન;
તેરો નામ કપટ કરિ જપિ જપિ પેટ ભરત હોં દીન. ૫

ઝુઠે જન કી લાજ તુમેં બલિ બિરુદાવલી નિહારિ;
જન **'વલ્લભ'** શરણાગત ઠાડૌ બિગરી લેહુ સુધારિ. ૬

ભાવાર્થ – આ પદમાં કવિ શ્રી વિરહાવેશમાં કહે છે કે જરૂર આપ મારાથી નારાજ છો તેવું દેખાય છે.

શ્રી નંદનંદન થશોદોત્સંગલાલિતની મધુર ચાંદની અતિ કરુણામય એવી શ્રી યમુંને મારા ઉપર ગુસ્સે થયા હોય તેવું દેખાય છે. કેમકે આપનો સ્વભાવ સરળ છે. આપના વેદ શ્રુતિ ગાન કરે છે એટલું જ નહીં પણ આપનાં સરળ સ્વભાવની નંદલાલ પણ પ્રશંસા કરે છે. વ્રજજનો તો રત્નરૂપ છે તે આપનાથી વિંટળાઇ રહીને એવા દેખાય છે કે ભકતોની માળા કંઠમાં ધારણ કરી હોય તેમજ સદાથ એક રસ આપનાં સરળ સ્વભાવની વ્યાસમુનિ તથા પરાસર પ્રશંસા કરી ધ્યાન બગાડે છે.

તેટલું જ નહીં તે તો ત્યાં સુધી કહે છે કે જે જીવને ભગવાને તરછોડી દીધો તેને કોઇ સંઘરી ન શકે પરંતુ તેવા જીવને પણ દયા કરી પાવન કરેલ છે. ભકતોના સંગથી હું આપનું શરણ ગ્રહીને પડયો છું તેઓ વડાઇ કરે છે. પરંતુ આપની કૃપાને પાત્ર હું બન્યો નહીં જેથી લાગે છે કે કયાંક મારા માટે આપે પોતાનાં "સર્વોદ્ધાર" તે નામથી વિપરીત વિચાર કર્યો હોય. આપનું બિરદ પણ ભૂલી ગયા હોય તેવું દેખાય છે.

હું તો આ કલિમલમાં લીન છું. પરંતુ આપતો દયાળુ છો કોઇ જીવ કપટ કરીને કે અણજાણે આપનું નામ સ્મરણ કરે છે તેનાં ઉપર પણ આપ દયા કરો છો. પરંતુ હે મૈયા ! હું તો કેવળ કપટી છું જે, પેટ ભરવા આપનું નામ લઉ છું. આવો હું કૃતઘ્નિ છું. છતાં પણ આપનું બિરૂદ જાણીને શરણે પડયો છું. જુઠા જનની લાજ રાખવાવાળા છો. તો હું જુઠો જ છું. મારી બીગડી આપ સુધારો. ૩૪.

॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

વ્રજલીલાનાં પદો

રચયિતા :- **શ્રી પ્રવીણચંદ્ર એમ. દેસાઇ (ચરણદાસ) બી.ઇ (સીવીલ) બીરપુર**

૧૯. ચરણ પહાડી તથા ચરણ ગંગાની લીલા

રાગ – ધનાશ્રી (સોવન ફુલે ફુલી યશોદા રાની)

સખીરી શ્યામા બનત જુ શ્યામ,
આઇ ગોપી, જબ ખોજત ખોજત વનવનમેં ઘનશ્યામ ૧
ખેલત ગોપી બીચ બીચ માધવ, મનહી કરત અભિમાન;
મૈં બડભાગી, ગોપી સમજત મહારસ ભયે અંતર્ધ્યાન. ૨
ઓર તજી રાધા, નંદનંદન વનમેં કદમ તરુ ડાળ;
આઇ હેં ગોપી, શ્યામકો ઢુંઢત ચરણ પહાડી કે પાસ. ૩
દેખી શ્રીરાધે દશા વિરહકી શ્યામ બની ધરી ધ્યાન;
કરત લીલા ગિરિરાજ ધરન કી ફુકી મુરલીકી તાન. ૪
ભોગ સામગ્રી, ગોપી લાવત, કરન પૂજન સન્માન;
ગંગાજલ અભિષેક કારન, ધરત હૈ માનસી ધ્યાન. ૫
ભાવસોં હૂ પ્રગટ પ્રભુને પ્રગટાઇ ગંગા ચરન;
પ્રગટ ભયે ઇન્દ્ર – ઐરાવત, સુરભિ લિયો હૈ શરન. ૬
યહ લીલા શ્રીરાધા વિરચિત અંતર ગોપી રમન;
'ચરનદાસ' ગુઢ લીલા ગાવત સો એક વપુ દો પ્રાન. ૭

ભાવાર્થ : ચંદ્ર સરોવર ઉપર શ્રી ઠાકોરજીએ રાત્રિના સમયે મહારાસની વાંસળી વગાડી. જે જે ગોપીઓનો અધિકાર હતો તેમના કાને આ બંસરીનો નાદ સંભળાયો અને ગોપીઓ સર્વસ્વનો ત્યાગ કરી, દેહાભિમાન છોડી, આનંદમાં ગેલ કરતી, અર્ધરાત્રિએ વન તરફ પ્રયાત્ર કરતી એકમેકના સાથની વાટ જોયા વિના એકલી, ઝટપટ, નિર્જન વનમાં દોડવા લાગી. શ્રી શ્યામને બંસીના સુર રેલાવતા નિરખી ગોપીઓ મુગ્ધ બની નાગની માફક ડોલવા લાગી.

શ્રી ઠાકોરજીએ રાસમાં સામેલ કરતાં પહેલાં ગોપીઓની પરીક્ષા કરી છે. જયારે ગોપીઓએ સાબિત કર્યું કે પુર્ણ પુરૂષોત્તમ શ્રીકૃષ્ણને તેઓ મનથી વરી ચુકયા છે અને તેમના આશરે સર્વસ્વનો ત્યાગ કરી, સમજીને, જાણીને આવી છે. આત્મા અને પરમાત્માના મિલનનો રસાસ્વાદ ચાખવા ઉત્સુક બનીને આવી છે, આટલી જ અલૌકિક વાસના મનમાં

રાખીને, ઘરબાર છોડીને આવી છે. પછી શ્રી ઠાકોરજીએ તેમને અપનાવી મહારાસ શરૂ કર્યો છે. મહારાસમાં એક એક ગોપીની સાથે એક એક માધવનું સ્વરૂપ ધારણ કરી સર્વને એકી સાથે પરમાનંદ આપવા કૃપા કરી છે.

સર્વ સમર્થ જગતના નાથને આજે ગોપીઓએ રાસરમણમાં પોતાની સાથે આત્મીયતા પામેલા જોઇ મનમાં રહેલું સુક્ષ્મ અભિમાન જાગૃત થઈ ગયુ અને અભિમાનમાં રાચતા માનવા લાગી કે હું મહાભાગ્યવાન છું. મારાથી વધારે કોઇ ભાગ્યશાળી નથી, પણ પ્રભુ આજે મારી એકલીના બનીને રહયા છે. તેમને મને છોડીને બીજે જવાની ઇચ્છા થઇ નથી.

ગોપીને આવું સુક્ષ્મ અભિમાન મનમાં થયું છે તેવું જાણતા પ્રભુએ લીલા કરી અને તે જ ક્ષણે તે જ સ્થળે રાસ રમતાં રમતાં અંતરધ્યાન થઇ ગયા. ગોપી તરત જ બાવરી બની આમતેમ શોધવા લાગી. પણ શ્રી શ્યામસુંદરને પામી શકી નહીં. પ્રભુ રાધાજીને પોતાના ખભા ઉપર બેસાડી આગળ ચાલ્યા ત્યારે રાધાજીને સૌભાગ્ય મદ થયો કે પ્રભુ મને છોડી શકતા નથી. હું સર્વશ્રેષ્ઠ છું, અતિ સુંદર છુ.

શ્રી રાધાજીને જ્યારે આવું સુક્ષ્મ અભિમાન મનમાં આવ્યું તે જ ક્ષણે શ્રી ઠાકોરજીએ લીલા કરી કહ્યું કે હે પ્રિયે ! તમે જરા વૃક્ષની ડાળી પકડી લો ત્યાં સુધીમાં હું મારૂં પિતાંબર સરખું કરી લઉં. આમ વિચિત્ર પ્રકારની લીલા કરવાની આજ્ઞા આપતાં શ્રી સ્વામીનીજીએ ડાળ પકડી લીધી. પછી તરત જ પ્રભુ નીચેથી સરકી ગયા અને અંતરધ્યાન થઇ ગયા. શ્રી સ્વામીનીજી બેબાકળા બની પગ હલાવતા પ્રભુને પોકારવા લાગ્યા. દુર દુર નજર કરી સાદ પાડવા લાગ્યા, પણ પ્રભુએ દર્શન આપ્યા નહીં, હૃદયમાં ક્ષોભ થવા લાગ્યો, હાથમાંથી ડાળ છુટી ગઇ. નીચે ઊતર્યા, આમ તેમ શોધવા લાગ્યાં પણ કયાંયે પ્રભુનાં દર્શન થયાં નહીં. સામી બાજુથી સર્વ ગોપીઓ પણ શ્રી ઠાકોરજીએ શોધવા નીકળી હતી શ્રી સ્વામિનીજીને દુરથી જોયાં એટલે સર્વ તેમની સન્મુખ આવ્યાં.

ગોપીઓનું રુદન તીવ્ર બની ગયું હતું બહુ જ વ્યાકુળ દશામાં તુતક તુટક શબ્દો બોલવા લાગ્યાં સર્વ શોધતાં શોધતાં ચરણ પહાડી પાસે આવી પહોંચ્યા ગોપીઓની વિરહી દશા દેખી શ્રી રાધાજી અત્યંત મુઝાયાં, તેમને લાગ્યું કે હવે ગોપીઓના પ્રાણ ટકી શકશે નહીં અને પ્રભુ પ્રગટ થતાં નથી તેથી તેમણે પ્રભુએ જે લીલાઓ કરી હતી તે લીલાઓ કરવાનો વિચાર કર્યો સર્વ ગોપીઓને બોલાવી કહ્યું ચાલો આપણે આ પહાડી પાસે ગોવર્ધન લીલા કરીશું.

શ્રી સ્વામિનીજી શ્યામ બન્યાં શ્રી સ્વામિનીજીનું અનુપમ સુંદર શ્યામ સ્વરૂપ નીરખી ગોપીઓના વિરહની વ્યગ્રતા થોડી ઓછી થઇ પછી શ્રી સ્વામિનીજીએ કહ્યું ચાલો સખીઓ આજે હું શ્યામ બની છું અને આપણી સમક્ષ આ રમણીય દિવ્ય ચરણ પહાડી પણ શોભે છે તો હું શ્રી ગોવર્ધન લીલા કરીશ ઠાકોરજીએ જે રીતે વ્રજમાં આ લીલા કરી હતી તેજ રીતે આપણે આ લીલા કરી તેમને યાદ કરી શોધી કાઢીશું આમ કહી બંસરી હાથમાં લઇ શ્રી ઠાકોરજીના સ્મરણ સાથે ફુંક મારી અને શ્રી ગોવર્ધન લીલાનો મનમાં સંકલ્પ કર્યો.

શ્રી રાધાજીના મનોરથથી શ્રી ચરણ પહાડીજી આજે શ્રી ગિરિરાજજીની માફક બંસીની ફુંકનના સહારે ઉંચકાયા પછી થયું કે ઠાકોરજીએ પ્રથમ પુજન કરી, ભોગ ધરાવી પછી ઉઠાવ્યો હતો. તેથી ગોપીઓને બોલાવી અન્નકુટ ભોગની સામગ્રી તૈયાર કરી લાવવા આજ્ઞા કરી અને પુજનના માટે અન્ય સામગ્રી દુધ, દહીં, મધ વિગેરે લાવવા જણાવ્યું.

ત્યારે એક ગોપીએ કહ્યું – પ્યારીજી ઠાકોરજીએ તો શ્રી ગિરિરાજ બાવાને માનસી ગંગાના પવિત્ર જળથી અભિષેક કર્યો હતો. અહીં એવું પવિત્ર જળ નથી અને સાધારણ જળની પણ વ્યવસ્થા નજીકમાં દેખાતી નથી તો શું કરીશું.

શ્રી સ્વામિનીજીની ઇચ્છા વિધિવત પુજન કરીને લીલા કરવાની હતી તેથી તેમને શ્રી ઠાકોરજીનું ફરી માનસિક ધ્યાન ધર્યું અને જણાવ્યું કે હે પ્રિય તમે ભલે પ્રગટ ન થાઓ, પરંતુ મારી આ લીલાનો મનોરથ પરિપુર્ણ કરાવજો. અમે તમારી દાસીઓ જ છીએ. અમારી માનસી ગંગાથી ગંગાજળ લાવવાની શકિત નથી તો આપ કૃપા કરી લાવી દો.

પ્રભુ તો અંતરયામી છે. તેમનાં દીન વચનો સાંભળી ભાવથી પધારી અને પોતાના ચરણ કમળમાંથી ત્યાં જ ગંગાજી પ્રગટ કર્યા, તેથી તેને ચરણ ગંગાજળ દ્વારા વિધિપુર્વક પુજન અર્ચન કરી શ્રી સ્વામિનીજીએ શ્રી ગોવર્ધન લીલા કરી.

ગોપીએ અન્નકુટ સામગ્રી લાવી હતી તેનો ભોગ ધરાવ્યો અને ચરણ પહાડીના રૂપે શ્રી ગિરિરાજને બંસી ઉપર ધારણ કરી લીલાનો આનંદ લીધો ત્યાં ઇન્દ્રરાજા ઐરાવત હાથી તથા સુરભિ ગાય સહિત પધાર્યા હતા જેથી આજે પણ આ ચરણ પહાડી ઉપર હાથીના પગના ચરણ ચિન્હ, તથા ગાયની ખરી વિગેરેનાં દર્શન થાય છે અને શ્રી સ્વામિનીજીની લીલાનો આનંદ લઇ શકાય છે.

શ્રી હરિરાય મહાપ્રભુ પ્રકટિત સહસ્ત્ર શ્લોકી સેવા ભાવના

હિન્દીમાં પદ્ય રચના

રચયિતા :- **પ. ભ. રૂપચન્દ ખંડેલવાલ 'ભૂપ' જબલપુર**

ગતાંકથી ચાલુ-

મણિ-માણિક અરુ હીરા જડિતો । અલૌકિકી છવિયુક્ત તિલક કો ॥
સિન્દૂરી મોતિન માલન જો । નીકી ભાંતિ બંધે કેશન કો ॥ ૫૫૯
દોઉ ભુજન ઉપર કી વેણી । તાબિચ શીશ ફૂલ કી ધરની ॥
મોતી પુષ્પ સુવર્ણ-માલ જો । તિન સોં ગુંથી સરસ વેણી કો ॥ ૫૬૦
રત્નન ગૂંથે લટકન-છોરના । શોભિત શુચિ રેશમ કે ગુચ્છન ॥
મસ્તક ઉપર શોભિત ભૂષણ । પૈ ધર સ્રીને નિર્મલ વસ્ત્રન ॥ ૫૬૧
દો ચરનન કી તલિયાં-નીચે । કુમ કુમ ચૌર અલકત લગે જે ॥
ઇન સબ કી શોભા નિષ્કામા । કો મૈં સ્મરણ કરહુ લૈ નામા ॥ ૫૬૨

દો. ઉપર વરણી મો પ્રિયા, હંસત હંસત મો પાસ ॥
કૌન ઘડી મેં આઇ હૈં, પુરેંગી મમ આસ ॥ ૫૬૩

યા કો ખેદ અધિક મોહિં અપૂ । સ્વયં કો પિયા વૈ સંતાપૂ ॥
મોર સ્વભાવ હે યાદી કરનો । ઉચિત ઉરહનો મો પૈ ધરનો ॥ ૫૪૪
અન્તઃ કરણ દેહ પ્રાણેન્દ્રિય । આત્માદિક મમ સબયાકે લિય ॥
મોરે સ્વારથ હેતુ ન ઇન મહં । મિલિ હૈ સખા ન કછૂ હુતો કહં ॥ ૪૬૫
ચોરે સર્વ સ્વરુપ મંઝારી । સદા ભાવના કરને હારી ॥
પ્રિયા વિરાજૈ મોર હૃદય મહં । સખા હે હુ મૈં સતા કહં ॥ ૫૬૬
મૈં ન સ્વતન્ત્ર, બિકયે તા હાથન । મન પ્રસાદ અરુ કોપ ભૂતલન ॥
સબ યાકે અધીન નિશ્ચાઇ । મમ આધીન કછુ નહિં ભાઈ ॥ ૫૬૭
સખા કરહુ તુમ કછુક ઉપાઇ । જા સોં રાધા કરૈ કૃપાઈ ॥
મમ હિય કી પ્રિય રાધા આહીં । રહીં સદા મોરે હિયમાહીં ॥ ૫૬૮
મૈં ગોપીજન મેં આસકતા । યા બિન તિનકે સ્મરણ બિરકતા ॥
મમ ગુણહૂ કે સ્મરણન માહીં । સુનહુ સખા મૈં સમરથ નાહીં ॥ ૫૬૯
મોરી સ્થિતિ ગોપી જન સાથા । મમ સ્વભાવ તુમ જાન હું તાતા ॥
તૂ મમ સખા બતાવહું તો સોં । તો હિં કહે બિન બનતન મો સોં ॥ ૫૭૦

દો. તા સોં ગૂઢ રહસ્યો, સખા સુનાયો તોય ॥
કબહું નકહિયો કાહુ સોં, રખિયો હિરદૈ ગોય ॥ ૫૭૧

ચલનો ચાહિયે બ્રજ મેં ભાઈ । દિન અબ પૂરો હોત દિખાઇ ॥
ખેલત નૃત્યત ગાવત ગીતના । ચલહુ સહિત સબ ગોપન ગાયન ॥ ૫૭૨
નીકેં ગેરુ સોં ચિત્રાઇ । ચોર પિચ્છ ભૂષણુન બનાઇ
તિનસોં કરહુ અબંકૃત ગઇયાં । ચલહુ સખા સબજુર બ્રજમહિંયા ॥ ૫૬૩
ગાય અહૈં જે અતિ બલવાના । લરિકન આગે કરૈં પયાન
કરિહૈં તે સબ કેર સહૈયા । તિન પીછે બલદાઉ ભૈયા ॥
તિનકે પીછે ચારો ઓરી । રખહુ સકલ ગૈયાં યે મોરી ॥ ૫૬૪
ગાંન. ગાવત દૌરત નૃત્યત । તત્પર ખેલત હંસત હંસાવત ॥
અગન ગેરુ રખી છવાઇ । ગુંજા માલ કંઠ શોભાઇ ॥
મોર પિચ્છ આભુષણ ધારી । અપન ચલહુ તિન કેર પછારી ॥ ૫૬૫ ૧

દો. મોરે સન્મુખ આઈ હૈ, સાદર ગોપી તેહ ।
યાતેં યે આગે ચલે, સખા જતન કરી યેહ ॥

સો. તાકો કારન એહ, મોર વિયોગન હ્રૂવૈ દુખિત ।
રખી પ્રાણુમય દેહ, હોર મિલન હિત અબ તલક ॥ ૫૬૮

મેરો સ્મરણ કરી હિં દિનરાતી । ઔર બાત નહિં તિનહિં સુહાતી ॥
મમ દર્શન બિન કુશિત સરીરા । સહત આર્તિ કી અતિશય પીરા ॥
મમ સંગ કી આશા–અવલંબન । કરત ભઇ, ધરિ રાખ્યો જીવન ॥ ૫૬૯
મમ હિત વિયોગ ભાવન વિલસત । મમ ગુણગાન પ્રલાપ હુ કરત ॥
લોક વેદ મેં કહાં સખ ક્રિયન । કૌન મમ હિત ઇન કરિયો ત્યાગન ॥ ૫૮૦
નિજ દેહાદિક અનુસંધાના । સો સબ ઇન કહૈં ગયો ભુલાની ॥
છૂટીં દેહ ક્રિયહુ આવશ્યક । ભૌં વિયોગ સોં વિકલ અચાનક ॥
આયો જનુ પ્રેમ ધરિ સરીરા । જોહિં બાટ મન પ્રેમ અધીરા ॥ ૫૮૧
મૌં ઇનકી આંખનિનિંમેષા । પ્રાપ્ત કલેશ યા જીવન શેષા ॥
દીન વેષ સબ, મન ન લેશા । રહત સહજ ઇહિ વિધિ બ્રજ દેશા ॥ ૫૮૨
તૌ યે સબ ઇકાગ્ર મન વારીં । મનોરમા રમણીયા સારીં ॥
યદપિ દુર પૈ મમ આવન કી । કરત રહત ભાવના જુ નીકી ॥ ૫૮૩
મૈં ઇન સર્વસ, લૌકિક વૈદિક । દૈહિક ઐહિક રુપારલૌકિક ॥
મત્પરાણા ગોપી સારી । માત્ર મોર આશ્રય કરનારી ॥ ૫૮૪

દો. તિન જી મેંજી આ રહૈ, બ્રજ આવનિ મમ જાન ।
અબ તક તે સબ યોં રહી, મનહુ દેહ બિન પ્રાન ॥ ૫૮૫
કરિ વિચાર દુખ હરન પ્રભુ, મિત્ર સુદામા સંગ ।
લગે ચઢન હર્ષિંત હૃદય, ઉલ્હાસિત ગિરિશુંગ ॥ ૫૮૬

મોર પિચ્છ કો મુકુટ ધરાયો । નવ પલ્લભ ભૂષણ જુ સુહાયો ॥
વન પુષ્પન સજિ કેશ સુહાયે । રતિ કો દાન દેયેં મન ભાયો ॥ ૫૮૭
મલ્લકાચ્છ, આભૂષણ ગુંજા । સોહત અંગન લલિત ત્રિભંગા ॥
ધરેં સાપ કાંધે પીતામ્બર । ફરહરાત અંચલ અતિ સુંદર ॥ ૫૮૮
બનગેરુ આદિક ધાતુન સોં । અંગ અદ્‌ભુત ચિત્રાયે પ્રભુ કોં ॥
બ્રજ આવન કે ધ્યાનન સિગરે । શીઘ્ર હિ પ્રભુ અપને શ્રમ બિસરે ॥ ૫૮૯
સ્વામિનિ જૂ કો સ્મરણ હુવાયે । હૃદય – ઉદિત – ભાવનન ભરાયે ॥
ઐસે વેણુ બજાવન હારે । આ જાવેં સુનિ ગોધન સારે ॥ ૫૯૦

દો. ગાય બુલાવહિં નામ લૈ, વાત્સલ્યન સુમિરાહિં ।
દોરિ આહિં ગાયેં સુનત, ઇન નિકટ હિ ઇક ઠાહિં ॥ ૫૯૧

હૃદયન આનંદ દે ઉન હારે । કામદેવ સોં બઢ છબિ વારે ॥
બ્રજ પતિ મુખ લખિ નયનન ભ્રમરન । હર્ષિત ઇકટક લાગીં જોહન ॥ ૫૯૨
પૂંછ ઉછાલે સીંગ હલાવે । પ્રભુ સન્મુખ નિજ મુખન ઉઠાવેં ॥
થનન માહિં જો દૂધ ભરાયો । સો મમત્વ સોં સહજ રત્રવારો ॥ ૫૯૩
મુખ દુર્વા લૈ તાસુ સુગંધન । દેખેં બંદ કરે સે નયનન ॥
વેણુનાદ કે સુનિવે કોહીં । પૂર્ણ પરાયણ સકલ દિખા હીં ॥ ૫૯૪
ગેરુ ઔર અન્ય ધાતુન સોં । રંગે ભાઇ જો અપને તનકોં ॥
મોર પિચ્છ કી રચી પટ્ટિકા । મુખ પૈ કરી અલંકૃત અધીકા ॥ ૫૯૫

દો. બીચ લલાટ ચમકભરે, સ્વર્ણાભરણ સુહાહિં ।
કંઠન સુવરણ સાંકલી, ઘંટી સહિત ધરાહિં ॥ ૫૯૬

સોના કી મોતી મણિ માલા । અલંકાર જિમિ ધરી રસાલા ॥
ચારહુ પાંવન નૂપુર સુવરણ । ધરેં ભઇ ગૈયે આભૂષણ ॥ ૫૯૭
હરિ કે પ્રેમપાત્ર ગાંયં જે । ઉન્હેં પિતામ્બર ગયે ઉઢાઓ ॥
મધ્ય દોઉ સીંગન કે માહીં । મોર ચંદ્રિકા ધરીં સુહા હીં ॥
જબ ગાયેં મસ્તકન હલા હીં । ચન્દ્રિકાહુ ઝૂમન લગ જાહીં ॥ ૫૯૮
કાનન્હુ ઉપર સીંગન પાસા । ચંવર બંધાયે સહિત દુલાસા ॥
અપને સ્વામી કે કર કમલાનિ । પીતામ્બર કો સુન્દર ફહરાનેં ॥
કાન ઉઠાય નિજ નયન નિહારી । અતિ આકર્ષિત ભઇ તે સારી ॥ ૫૯૯

દો. મોર પિચ્છ કો ચંવર હલિ, આન્દોલિત ચમકાહિં ।
ગૈયન સીંગ હલાવતીં, ચંચલ ભાવ જનાહિં ॥ ૬૦૦

(ક્રમશઃ)

માનવ-ધર્મ

(મનુષ્ય કે દશ ધર્મ)

સંપાદક :- **શ્રી હનુમાનપ્રસાદ પોદ્દાર**

ભાષાંતર :- **ડૉ. ચુનીલાલ રવજી, બાલધા, આંખના સર્જન, રાજકોટ.**

૪. અસ્તેય (ચોરી ન કરવી)

માનવ ધર્મનું ચોથું લક્ષણ છે અસ્તેય ચોરી ન કરવી તેને અસ્તેય કહે છે બીજાના સ્વત્વ (હક) ને ગ્રહણ કરવાને કહેવાય છે ચોરી અનેક રીતે થાય છે કોઈની વસ્તુ ઉઠાવી લેવી. વાણીથી છુપાવવું, બોલીને ચોરી કરવી, મનથી પારકી વસ્તુને તાકવું વગેરે બધા ચોરીનાં જ રૂપ છે. સ્થુળ ચોરીનું સ્વરૂપ તો કોઇની ચીજ તેની જાણકારી વગર લઇ લેવી એજ છે એવા ચોરો માટે દંડનો કાયદો પણ છે. પરંતુ સભ્યતાની આડમાં, કાયદાથી બચીને આજકાલ કેટલી વધારે ચોરીઓ થાય છે જો તેનો હિસાબ જોવામાં આવે તો ખ્યાલ આવે છે કે કદાચ સમાજની પ્રગતિ ચોરી તરફ ખુબ ઝડપથી વધી રહી છે જેટલા કાયદા શોધાય છે તેટલી જ ચોરીની નવીન નવી તરકીબ શોધાય છે.

આજે મોટા મોટા રાષ્ટ્રો એક બીજાના સ્વત્વનું અપહરણ કરવા માટે પાકા ચોરની જેમ પોતાની કુશળતાને કામમાં લઇ રહયા છે સભ્યતાથી ઢાંકેલી ચોરીઓ ઘણી ભયાનક હોય છે અને તેની સખ્યા આજકાલ વધી રહી છે. અંગ્રેજોના શાસનમાં રહયા બાદ જ્યાં ભારત વર્ષમાં સ્થુલ ડાકાઓની સંખ્યા ઘટી છે ત્યાં સભ્યતાની આડમાં થનાર ચતુરાઇ ભર્યા ડાકા અને ચોરીઓ એટલી જ વધી છે. પહેલાના જમાનામાં ચોરોનો એક અલગ સમુદાય હતો, જેને ધૃણાની નજરે જોવામાં આવતો હતો, પરંતુ અત્યારે ચેપી બીમારીની જેમ જાણે કે આખો સમાજ આ દોષથી ઘેરાતો જાય છે. નાના નાના ગામોમાં પણ ચતુરાઇ ભરી ચોરીઓ થઈ ગઇ છે. આ ઘણા ખરાબ લક્ષણ છે આજે મોટા મોટા લોકોમાં પણ તેનો પ્રવેશ જોવામાં આવે છે. મામૂલી ચોરીઓ પકડાઇ જાય છે, ચોરોને દંડ પણ થાય છે પરંતુ આ બારીક ચોરીઓ ઘણી વખત પકડાતી નથી. આ ચોરીઓ તો ચતુરાઇ અને હોશિયારીના નામે પોકારવામાં આવે છે. સમાજ આવા ચોરોને ધીક્કારતો નથી, બલ્કે જે જેટલી વિશેષ સહેલાઇથી બીજાના હક હડપ કરી શકે છે, તે તેટલો જ વિશેષ ચતુર અને બુદ્ધિમાન માનવામાં આવે છે. ન્યાયાલય સુધી આવા ચોરોને પહેલા તો જવું જ નથી પડતું. જો કોઇ પાપ ખુલ્લી જવાથી તેને કદાચ અદાલત સુધી જવાની નોબત આવે તો ત્યાં ધનના જોરે અને કાનુની દાવપેચથી તેનું છૂટી જવાનું કદાચ સહજ માનવામાં આવે છે.

વેપારીઓમાં આવી ચોરીનું નામ "રસ-કસ" છે. બીજા વર્ગોમાં એ "ઉપરની ઉપજ" કે "ચતુરાઇની ઉપજ" કહેવાય છે. આ પંક્તિઓનો લેખક પોતે ઉદ્યોગ કરતા હતા તેથી તેને વેપારીઓની ચોરીનો વિશેષ અનુભવ છે. તેથી અહીં વેપારીઓની આ "રસ-કસ" રૂપી ચોરીની રીતોની સંક્ષિપ્ત યાદી રજુ કરવામાં આવે છે.

૧. પોતાની સ્થિતિનો ખોટો રોફ જમાવીને લોકોને દગો દેવો.
૨. હલકા માલને ઉત્તમ બતાવીને વેચવો.
૩. નમુનો એક બતાવીને માલ બીજો આપવો. ઉત્તમ નમુનો બતાવી હલકો માલ આપવો.
૪ હલકા માલનો ભાવ કરીને વેચનારથી છુપાવી ચાલાકીથી ઉત્તમ લઇ લેવો અથવા ઉત્તમનો ભાવ કરીને ખરીદનારને હલકો દેવો.
૫. ખરીદનારને ચાલાકીથી વજનમાં ઓછું જોખવું અને વેચનાર પાસેથી ચાલાકીથી વધારે જોખાવવું.
૬. આ રીતે માલમાં ઓછું દેવું અને વધારે લેવું.
૭. એક વસ્તુને બીજી બતાવીને વેચવી
૮. આડત-દલાલીમાં ચાલીકીથી છુપાવીને ઓછું આપવું કે વધારે લેવું.
૯. આડતીયા માટે ખરીદેલ કે વેચેલ માલનો ભાવ થોડો વધારીને કે ઘટાડીને લખવો.
૧૦. ખોટા બીલ બનાવવા કે જ્યાં નફાના બોલ પર માલ વેચવામાં આવે ત્યાં આડતીયાને લખીને ખોટા બીલ બનાવી મંગાવવા.
૧૧. વેપારી સંસ્થાઓના સ્વીકારાયેલા નિયમોનો ચાલાકીથી ભંગ કરવો.
૧૨. સસ્તો સમજીને ચોરીનો માલ ખરીદવો.
૧૩ અપવિત્રને પવિત્ર કહીને કે એક ચીજમાં બીજી ચીજ ભેળવીને વેચવી.
૧૪. બીજાનું ઉદાહરણ આપી ચાલાકીથી ગ્રાહકને દગામાં નાખવો.
૧૫. જબાન ફેરવી નાખવી અથવા છુપાવેલ તેનું બીજું રૂપ બતાવવું.
૧૬. ખોટા સમાચાર ઘડીને લોકોને શંકામાં નાખવા.
૧૭ તેજી મંદીના દોર છુપાવી સસ્તામાં માલ લઇ લેવો કે મોંઘામાં વેચી દેવો.
૧૮. ઓછા રૂપિયા આપીને વધારેની રસીદ લખાવવી.
૧૯ ખેડુતોને ફોસલાની અને ધમકાવીને દસ્તાવેજ બનાવી દેવો.
૨૦. ચાલાકીથી બીજાને મુર્ખ બનાવી વાત બદલવી.

યાદી તો ઘણી લાંબી બની શકે છે. આ તો કેટલીક મુખ્ય મુખ્ય વાતો છે. આ ચોરીઓ દિવસે બજારમાં બેઠા બેઠા "રસ-કસ" ના નામે કરવામાં આવે છે. કેટલાક લોકો તો વેપારમાં આ પ્રકારની કેટલીક ચાલાકીઓને જરૂરી માને છે. તેમની સમજમાં તેના વગર વેપારમાં સફળતા મેળવવાનું અશક્ય નહીં પણ ઘણું કઠીન ચોક્કસ છે. જે બીચારા ધર્મ-ભયથી આ કામો નથી કરી શકતા. તેઓ વેપારી જગતમાં અયોગ્ય અને અજ્ઞાની માનવામાં આવે છે કેટલું ભયાનક પતન છે?

—ક્રમશઃ

આ માસના ઉત્સવ

મહા સુદ ૩ તા. ૧૦–૨–૯૭ સોમવાર શ્રી મુકુંદરાયજીનો પાટોત્સ (કાશી) ૪નો ક્ષય હોવાથી આજે, મહાનુભાવી શ્રી દામોદરદાસ હરસાનીજીનો જન્મદિન (સં. ૧૫૩૧), ગો. શ્રી કૃષ્ણકુમારજી (કાંકરોલી–મથુરા–વડોદરા)નો તથા ગો. શ્રી યોગેશકુમારજી (કામવન–ગોકુલ–પાર્લા) નો જન્મદિન.

મહા સુદ ૫ તા. ૧૧–૨–૯૭ મંગળવાર વસંત પંચમી, શ્રી મદનમોહનજી (શેઠ પુરુષોત્તમદાસ કાશીવાળા ઉપર બિરાજતા તે) પોરબંદરનો પાટોત્સવ.

મહા સુદ ૬ તા. ૧૨–૨–૯૭ બુધવાર શ્રી યશોદાજીનો જન્મદિન, ગો. શ્રી રાજકુમારજી (અનિરૂદ્ધલાલજી) મહારાજશ્રી (મુંબઇ) તથા ગો. શ્રી ઘનશ્યામલાલજી બાવાશ્રી (મુંબઇ–મુલુંડ)નો જન્મદિન.

મહા સુદ ૮ તા. ૧૪–૨–૯૭ શુક્રવાર ગો. શ્રી માધવરાયજી મહારાજ શ્રી (વેરાવળ) નો જન્મદિન.

મહા સુદ ૧૧ તા. ૧૮–૨–૯૭ મંગળવાર જયા એકાદશી વ્રત, શ્રી લાડીલેશજીનો પાટોત્સવ–વેરાવળ.

મહા સુદ ૧૩ તા. ૨૦–૨–૯૭ ગુંરુવાર ગો. શ્રી ઘનશ્યામલાલજી મહારાજશ્રી (કામવન)નો જન્મદિન.

મહા સુદ ૧૫ તા. ૨૨–૨–૯૭ શનિવાર હોરી દંડારોપણ સૂર્યોદય પહેલાં, ધમારનો આરંભ, પૂર્ણિમા, માઘસ્નાન સમાપ્તિ.

મહા વદ ૩ તા. ૨૫–૨–૯૭ મંગળવાર ગો. શ્રી વિઠ્ઠલેશરાયજી મહારાજશ્રી (ચાંપાસેની–જુનાગઢ)નો જન્મદિન.

મહા વદ ૪ તા. ૨૬–૨–૯૭ બુધવાર ગો. શ્રી નૃત્યગોપાલજી મહારાજ શ્રી (મુંબઇ) નો જન્મદિન.

મહા વદ ૫ તા. ૨૭–૨–૯૭ ગુરુવાર શ્રી રણછોડજી (ડાકોર)નો પાટોત્સવ, ગો. શ્રી કલ્યાણરાયજી મહારાજશ્રી (સુરત)નો તથા ગો. શ્રી રઘુનાથબાવા (મુંબઇ–મુલુંડ)નો તથા ગો. શ્રી રસિકપ્રિતમજી (વીરમગામ–અમદાવાદ)નો જન્મદિન.

મહાવદ ૭ શનિવાર તા. ૧–૩–૯૭ શ્રીનાથજીનો પાટોત્સવ શ્રીનાથ દ્વારા.

મહા વદ ૯ તા. ૩–૩–૯૭ સોમવાર ગો. શ્રી અનિરૂદ્ધલાલજી (માંડવી–કચ્છ)નો તથા ગો.. શ્રી પ્રશાંતકુમારજી (મુંબઇ)નો તથા શ્રી ગોપાલજી (કાંકરોલી–મથુરા–વડોદરા)નો જન્મદિન.

મહા વદ ૧૦ તા. ૪-૩-૯૭ મંગળવાર ગો. ચિ. નુપુદરકુમારજી બાવાશ્રી (બોરીવલી) તથા ગો. શ્રી રાંજેશબાવા શ્રી (કોટા)નો જન્મદિન.

મહા વદ ૧૧ તા. ૫-૩-૯૭ બુધવાર વિજયા એકાદશી વ્રત.

મહા વદ ૧૨ તા. ૬-૩-૯૭ ગુરૂવાર ગો. શ્રી વસંતકુમારજી બાવાશ્રી (મથુરા-પોરબંદર)નો જન્મદિન.

મહા વદ ૧૪ તા. ૮-૩-૯૭ શનિવાર દર્શ-અમાવાસ્યા, દ્વાપર યુગાદિ તીથી, અમાવાસ્યાનો ક્ષય છે, ગો. શ્રી ગોવિંદરાયજી મહારાજશ્રી (પોરબંદર)નો તથા ગો. શ્રી વલ્લભલાલજી બાવાશ્રી (ગોકુલ-કામવન)નો જન્મદિન.

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય ઈચ્છારામ ભટ્ટના

આંતર ઉદ્ગારો

૪૬. વ્રજરજનું માહાત્મ્ય

શ્રી આચાર્યજી મહાપ્રભુજી ભોજન કરીને ઉઠયા, ત્યારે તે સમે કુંમનદાસજી આવ્યા ત્યારે શ્રી મહાપ્રભુજીએ કહ્યું, કે પ્રસાદ લો, પોતાની જુઠણ આપવા માંડી.

ત્યારે કુંભનદાસજીએ કહ્યું કે મહારાજ, મળ સુદ્ધિએ નથી કરી, નાહીને પ્રસાદ લઉ.

શ્રી મહાપ્રભુજીએ કહ્યું કે, આ વ્રજમાં હજી નહાવાનું રહ્યું ? શ્રી જમનાજી તો ક્રીડા ત્રણ સ્વરૂપે પોતે કરે છે, ને બીજા તળાવ, કુંડ વગેરે પણ એના સ્વરૂપ છે, માટે આ વ્રજની રેણુકા મુખમાં મુકીને પ્રસાદ લો, કરોડ જન્મ ન્હાહાઓ, તોય શુદ્ધ થઓ નહિ, ને આ વ્રજની રજ તો કરોડ જન્મ ન્હાયાથી પણ અધિક છે.

એટલું કહ્યું, એટલે તરત જ પ્રસાદ લીધો અને કહ્યું કે કૃપાનાથ ! આપ વિના કોણ કૃપા કરે આપ કૃપા કરો, એવો વ્રજરજનો મહિમા છે, તે મોટા મોટા જાણે છે.

કંઠાભરણમ્

'ભજ' ઇત્યેષ ધાતુર્વૈ સેવાયાં પરિકીર્તિત : ।
તસ્માત્ સેવા બુધૈઃ પ્રોકતા ભક્તિ શબ્દેન ભુયસી ॥
શ્રવણં કીર્તનં વિષ્ણોઃ સ્મરણં પાદ સેવનમ્ ।
અર્ચનં વન્દનં દાસ્યં સખ્યમાત્મ નિવેદન ॥

'ભજ' એવો આ ધાતુ સેવાના અર્થમાં વપરાયો છે, તેથી વિદ્વાનોએ સેવાને જ પરિપુર્ણ ભક્તિ કહેલ છે ૧. શ્રવણ, ૨. કીર્તન, ૩. સ્મરણ, ૪. ચરણ સેવા, ૫. પુજન, ૬, નમસ્કાર, ૭ દાસ્યભાવ, ૮. સખાભાવ, ૯. સર્વસ્વ આત્મસમર્પણ ઇશ્વર પ્રાપ્તિ માટે ભક્તિના આ પ્રમાણેના નવ પ્રકાર કહયા છે.

શ્રી વિષ્ણોઃ શ્રવણે પરીક્ષિદભવદ્ વૈયાસકિઃ કીર્તને ।
પ્રહલાદઃ સ્મરણે તદંઘ્રિભજને લક્ષ્મીઃ પૃથુઃ પુજને ॥
અક્રૂરસ્ત્વભિવન્દને કપિ પતિઃ દાસ્યેડથ સખ્યેડર્જુનઃ ।
સર્વસ્યાત્મનિવેદને બલિરભુત્ કૃષ્ણાપ્તિ રેષા પરા ॥

શ્રી વિષ્ણુની કથા શ્રવણમાં પરીક્ષિત આદર્શરૂપે છે. કીર્તન કરવામાં શુકદેવજી, સ્મરણ ભક્તિમાં પ્રહલાદ,. ચરણ સેવામાં લક્ષ્મીજી, પુજનમાં પૃથુરાજા, અભિનંદન–નમસ્કારમા અક્રુર, દાસ્યભાવમાં હનુમાન, મિત્ર ભાવમાં અર્જુન, અને સર્વસ્વ સમર્પણ કરવામાં બલિરાજા આદર્શ રૂપે થઇ ગયા છે. એ પ્રત્યેકના એક એક સાધનનો હેતુ શ્રી કૃષ્ણથી પ્રાપ્તિનો હતો.

વંશી વિભુષિત કરાન્નવનીરદાભાત્
પીતામ્બરાદરુણ બિમ્બફલાધરોષ્ઠાત્ ।
પુર્ણેન્દુ સુન્દર મુખાદરવિન્દનેત્રાત્
કૃષ્ણાત્પરં કિમપિ તત્વમહં ન જાને ॥

વાંસળીથી વિભુષિત હાથવાળા, નવા જળયુકત વાદળી સમાન આભાવાળા, પીતાંબર ધારણ કરવાળા અને પ્રભાતના રકતવર્ણ સુર્યના બિંબ જેવા હોઠથી શોભતા, પુર્ણિમાના ચંદ્ર જેવા સુંદર મુખવાળા અને કમળ જેવા નેત્રવાળા શ્રી કૃષ્ણથી વિશેષ કાંઇ પણ તત્ત્વ હોય એમ હું જાણતો નથી.

એકોડપિ કૃષ્ણસ્ય કૃત : પ્રણામો દશાશ્વમેધાવભૃથેન તુલ્યઃ ।
દશાશ્વમેધી પુનરેતિ જન્મ કૃષ્ણ પ્રણામી ન પુનર્ભવાય ॥

શ્રી કૃષ્ણને એક જ વખત કરેલા પ્રણામ, દશ અશ્વમેધ યજ્ઞોના અવભૃથ સ્નાન તુલ્ય (ફળ આપનાર) થાય છે. દશ અશ્વમેધ યજ્ઞ કરનાર તો ફરી ફરી જન્મે છે, પરંતુ શ્રી કૃષ્ણને પ્રણામ કરનારને તો ફરી જન્મ લેવાનું રહેતું જ નથી, અર્થાત્ તેને મોક્ષ મળે છે.

હરિરેવ જગજ્જગદેવ હરિર્હરિતો જગતો ન હિ ભિન્નતનુ ।
ઇતિ યસ્ય મતિઃ પરમાર્થં ગતિઃ સ નરો ભવસાગર મુત્તરતિ ॥

હરિએ જ જગત છે, જગત એ જ હરિ છે, હરિ સ્વરુપ જગતથી સંસારમાં બીજું કોઇ ભિન્ન શરીર નથી; એ પ્રમાણે જેની બુદ્ધિ સમજ થઇ છે તેની પરમાર્થં ગતિ છે, એવો પુરુષ ભવસાગરમાંથી પાર ઊતરી જાય છે, મોક્ષ પામે છે.

['કંઠાભરણમ્' કેસેટ પુસ્તિકામાથી શ્રી પરીખ પરિવારના સૌજન્યથી]

॥ શ્રી હરિઃ ॥

શિખામણ–સૂત્ર

લેખક : **શ્રી ગણપતરામ શાસ્ત્રીજી -ઘરબોલા**

સૂત્ર નં. ૪–દેહાધ્યાસ

દેહાધ્યાસથી વ્યકિત પોતાને ભૂલી (જીવરૂપ) અને દેહને પોતાનો આત્મા માને છે. જેથી જડ ઇન્દ્રિયો, જડ મન અને બુદ્ધિ, ચિત્ત, અહંકાર આત્માની વિરુદ્ધ ગતિ કરી જન્મ મરણના ફેરામાં પડી અનેક પ્રકારના દુઃખો ભોગવે છે.

પ્રશ્ન : હે ભાઇ ! તું છાતી ઉપર હાથ રાખી બોલી રહયો છે કે યાદ રાખ, હું કોણ ? અને તું કોણ ? તેં કહ્યું કે– હું કોણ ? અને તું કોણ ? હવે હું તને પુછું છું, તું કયાં છે ! મને બતાવ તારા દેહને તું આત્મા માનતો હોય તો દેહ પડી જશે. પછી તારું બોલેલું તારો અંદરનો આત્મા એકલો રહે ખરો ? તે કયાંય પણ જોયું ? દેહનો આ દેહાધ્યાસ નથી. ખાલી ભ્રાંતિ મનની કલ્પના માત્ર છે. જલનો પ્રવાહ, કાલની ગણત્રી, રાત દિવસ ક્ષણ ક્ષણમાં ઘટતુ આયુષ્ય, પ્રવાહમાં ફેર પડે. બાલ્યાવય પછી યુવાની, પછી વૃદ્ધ, પછી મરણ તને નથી દેખાતું ? તું પોતાને સ્વતંત્ર માનતો હોય તો સદા સુખી, સદા યુવાન આ તારી આંખે શું થયું છે ? મોતીયો આવ્યો ! મોતી કંઠમાં પહેરાય, પણ તેં તો આંખમાં ધાણ કેમ કર્યું ? નીકળ્યા કમાવા માટે, ગયો લુંટાઇ. ગયો જાનમાં મોજ–મજાહ માણવા, થયો હાર્ટફેઇલ.

જે ક્ષણ ક્ષણમાં પરાધીન હોય, કોઇનો પ્રેરેલો દોડતો હોય, દોડાવનાર કોણ છે ? તેને પણ ગણતો ન હોય ! જ્યાં જ્યાં જાય, મરજીમાં આવે તેવું ગાય, આંખો મીંચીને ખાય તું હમણાં બીજાને પુછતો હતો કે, મારી 'બોડી' (શરીરનો બાંધો) કેમ છે ? બોડી તો ભેંસ, પાડા અને ડુક્કરની પણ હોય છે. તેઓમાંનો તું તો નથી ?

જગતમાં બે વ્યકિત સુખી. એક તો મુર્ખ, બીજો જ્ઞાની. તું જ્ઞાની તો નથી, પણ મુર્ખમાં તારો નંબર તો છે જ. તું ધંધો શું કરે છે ? તે તો બતાવ, જવાબ આપ્યો. ખેતી કરું છું. ઠીક ખેતરમાં શું કર્યું હતું ? જવાબ– ઘઉં કર્યા. કેટલા થશે એમ ધાર્યા ૪૦૦ મણ, થયા કેટલા ૩૨૫ મણ. તો હવે ૭૫ મણ લઇ આવ ાં કયાંથી ? ખેતર પાસેથી, ખેતરમાં ઢેફા છે– તો તે લઇ આવ ! લાવીને શું કરું ? ખાજે. –તે કેવી રીતે ખવાય ? **મોઢથી !**

આ દેહ માટી છે. પડી ગયે પાછી માટી થઇ જાય તો, પહેલેથી જ માટી ખાય તો બધી મહેનત મટી જાય બરાબર ?

જવાબ : અહો ! આવું તો મને કોઇએ પણ ન સમજાવ્યું. આજે તમે બધી સાચી વાત કરી. હવે કરવું કેમ ? જે ગાણા ગાતો તે તેમ ગા. પણ ભગવાનના ગા. ખાવું તો ખરું પણ કોઇને આપી પછી ખાવું. તેમાં પણ ભગવાનના આગળ ધરીને, પછી બધે ભગવાન છે એમ જોવું. બધાને દોડાવે છે, તેજ દોડાવે છે માટે તેને પકડ, પણ ગુરુ કોને કરવો ? જો ક્યાંય પણ ફસાતો નહીં. પેલા સ્વામી મહારાજ આવે છે, તે મહાપ્રભુજીના દીકરાઓ છે. એમની પાસે શરણ લઇ એ મંત્રનો જપ ફરતા, સુતા, ખાતા, પીતા જપજે. તારું નામ શું? જીવો– જો તું જીવરાજ થઇ જવાનો. નરસિંહ મહેતા નામ જપતા, ભગવાનના ગાણા ગાતા પોતે ભગવાનરૂપ થઇ ગયા. વાહ ! વાહ, હવે એજ કરીશ. આજે મને સાચો સંગી મળ્યો. તારું કલ્યાણ થજો.

(૨૪માં પાનેથી ચાલુ)

પ્રાપ્તિ છે અનેકમાંથી એકને ગોતવા તે જ્ઞાન માર્ગ અને એકમાં દરેકને જોવું તે ભકિત માર્ગ એટલે પ્રભુ એક જ છે જે જુદા જુદા સ્વરુપે દેખાય છે પુષ્ટિ સેવા પ્રણાલીમાં બાળભાવ તેમજ કાન્ત ભાવ એમ સર્વાત્મ રહેલો છે.

આ રીતે શ્રીમદ વલ્લભાચાર્યજી એ જાતી–પાતી વય–મર્યાદા લક્ષમાં લીધા વીના દરેકને વર્ણાશ્રમ ગૃહસ્થા ધર્મ વૈદિક ધર્મનું પાલન કરતાં કરતાં સામાન્ય ધર્મો પાળીને મુખ્ય પ્રભુ સેવા કરવાનો આત્મ ધર્મ સરળતાથી આચરી શકાય તેવી સેવા પ્રણાલી પ્રદાન કરીને માનવ સમાજને તેમની દેન છે.

પુ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજશ્રીએ જે સરળતાથી ગુઢાર્થ પ્રકાશન પરાયણ એટલે સેવા ધર્મ–પુષ્ટિ મુકિત વિગેરે વિગરેનું હાર્દ અર્થ ભાવ સમજાવીને શ્રી પ્રભુ મહા–પ્રભુ સાથે જે અનુસંધાન કરાવેલ તે તેમનું તેમની પણ દેન છે શ્રી ઉપરાંતમાં આપશ્રીએ સાનંદ જણાવેલ દે આ સત્સંગ શિબિર યોજાતી રહેવી જોઇએ અને જયારે આવું આયોજન થશે ત્યારે આપશ્રી જરૂર પધારશો.

પુસ્તક પરિચય

(૧) પુષ્ટિમાર્ગ
૩ પુષ્ટિમાર્ગીય મંત્રદીક્ષા

લેખક – પ્રા. રમેશભાઈ વિ. પરીખ
પ્રકાશક – શ્રી વાકપતિ ફાઉન્ડેશન પ્રણીત
શ્રી વલ્લભ વિદ્યાપીઠ (પત્રાચાર અભ્યાસક્રમ)
શ્રી બેઠક મંદીર કેવડાબાગ, મદનઝાંપા રોડ, વડોદરા–૩૯૦ ૦૦૧
દરેક પુસ્તક ૮ પેઈઝી ડેમી સાઈઝ પૃષ્ઠ ૩૨, પીન બાઈન્ડીંગ, ઓફસેટ પ્રિન્ટીંગ

પુષ્ટિ સાહિત્યના સિદ્ધ હસ્ત લેખક દ્વારા લખાયેલ બંને પુસ્તિકા સુંદર સરળ ગૂજરાતીમાં છે.

"પુષ્ટિ માર્ગ" પુસ્તિકામાં પુષ્ટિ સંપ્રદાયના સચોટ, સરળ સમજુતી ટુંકમાં નિરૂપવામાં આવી છે.

'પુષ્ટિમાર્ગીય મંત્ર દીક્ષા પુસ્તિકામાં પુષ્ટિ સંપ્રદાયમાં અપાતુ બ્રહ્મસંબંધ તેની સુંદર સંપુર્ણ સરળ સમજુતી આપી છે. તેના પાઠ તેમજ બ્રહ્મસંબંધ લીધા બાદના કર્તવ્ય વિશે માર્ગદર્શન પણ આપેલ છે.

બન્ને પુસ્તિકા 'શુધ્ધાદ્વૈત વિનીત"ના પરીક્ષાર્થીઓને ઉપયોગી છે. વૈષ્ણવ પરિવાર તથા પુષ્ટિ સાહિત્યના જિજ્ઞાસુઓને પણ ઘણીજ ઉપયોગી નીવડશે. વૈષ્ણવ પરિવારોએ વાંચવા અને વસાવવાલાયક પુસ્તિકાઓ.

(૨) રાજનગરના ચંદ્ર શ્રી વ્રજરાયજી

સંપાદક : શ્રી ચીમનલાલ નાનાલાલ બેંકર
૬–ડાહ્યાભાઈ પાર્ક, શાહ આલમ ટોલનાકા અમદાવાદ–૩૮૦ ૦૨૨
પ્રકાશક – રાધનપુર વૈષ્ણવ સમાજ, રાધનપુર (નાનુ ગોકુલ) ૮ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૪૦,
આર્ટ પેપર ટાઈટલ, પીન બાઈન્ડીંગ, ઓફસેટ પ્રિન્ટીંગ. મુલ્ય રૂા. ૧૫!–

આ નાની પુસ્તિકા શ્રી વૃજરાયજી કે જે વિદ્વાન, સંપ્રદાયની પ્રણાલી તેમજ સેવા પ્રકારના ઉચ્ચ કોટિના જ્ઞાતા, તેમનું જીવન ચરિત્ર સંક્ષિપ્ત રીતે સરળ ગુજરાતીમાં તેમના જ સેવક દ્વારા ભાવભરી રીતે રજુ કરવામાં આવ્યું છે. પુષ્ટિ સંપ્રદાયના એક પ્રખર આચાર્યનુ જીવનચરિત્ર દરેક પુષ્ટિમાર્ગ અનુરાગીએ વાંચવા અને મનન કરવા યોગ્ય છે.

પુસ્તક પરિચય

(૩) શ્રુંગાર સેવા

સંપાદક શ્રી રમેશચંદ્ર નાથાલાલ શાહ — ન્યોછાવર રૂા. ૧૦
પ્રકાશક : શ્રી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સેવા સમાજ — પોસ્ટેજ રા. ૨
કાંદીવલી (પૂર્વ) મુંબઈ–૪૦૦૧૦૧

આ પુસ્તિકાની પ્રથમ આવૃતિ જુન ૧૯૯૪ માં પ્રકાશીત થયેલ ત્યારબાદ દ્વિતિય આવૃતિ સપ્ટેમ્બર ૧૯૯૪માં પ્રકાશીત થયેલ.

આ પુસ્તિકાની ડીસે. ૧૯૯૬માં તૃતિય આવૃતિ પ્રકાશીત થયેલ છે જે વૈષ્ણવ સમાજમાં આવકારનું પ્રતિબિંબ છે. શ્રી ઠાકોરજીની સેવા રીત–પ્રીતથી કરવાની હોઈ આ પુસ્તિકામાં શ્રુંગાર વસ્ત્રની રીત બાર માસની નિત્યક્રમ મુજબ આપેલ છે. રીતથી સેવા કરવાથી આનંદ થાય.

પુસ્તિકામાં શ્રી મસ્તકના શ્રુંગાર અને શ્રી અંગના વસ્ત્રની ચીત્ર સાથે વિગત દર્શાવેલ છે જેથી વૈષ્ણવને શ્રંગાર–વસ્ત્ર સમજ પડે.

આમ આ પુસ્તિકા દૈનિક શ્રુંગાર–વસ્ત્રના માહિતિ સભર ઘર સેવા કરતા વૈષ્ણવને પુસ્તિકા મુજબ ઉપયોગી છે. સંપાદક તથા પ્રંકાશકને ધન્યવાદ.

કેસેટ 'શ્યામ ઘટા ઘિર આયી'

પ્રસ્તુતક કર્તા પ્રાપ્તિ સ્થાન
આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિયદ
ોઘ ભવન બીજે માળે
મુંબઈ ૪૦૦૦૦૨ ફોન ૨૦૮૩૭૬૪

કીર્તનકાર શ્રીજમન પ્રસાદ શર્મા
ઉદઘોષક શ્રીમતિ કલ્પનાબેન શાહ
ન્યોછાવર બે કેસેટનો સેટ રા. ૬૦
૩૬ પાનાની પુસ્તિકા સહિત

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંપ્રદાયનો પ્રચાર અને પ્રચાર કરી રહી છે સથોસાથ વિવિધ સમાજીક પ્રવૃતિઓ કરે છે.

આ સંસ્થાએ શ્રી વલ્લભ કૃપા કીર્તન મંડળ દ્વારા કીર્તનોની કેસેટ માલા તૈયાર કરવાનું આયોજન કરેલ શ્રી તેમાં માલાના પ્રથમ મોતી "શ્યામ ઘટા ઘિર આપી" વર્ષા ઋતુમાં ગવાતા કીર્તન અને પદની કેસેટ પ્રસ્તુત કરેલ છે આપણા સંપ્રદાયમાં રાગ–કીર્તન સેવા વિ સેવા વિધાનમાંની એક છે શ્રી ઠાકોરજીને કીર્તન અતી પ્રીય છે તેમાં પણ જો શાસ્ત્રીય પધ્ધતિથી સાંપ્રદાયિક કીર્તન ગવાતા હોય તો ખુદ ઠાકોરજી પણ તાલ આપતા હોય છે જે આપણે આપણા વાર્તા પ્રસગોમાં સાંભળેલ છે આ કેસેટમાં વર્ષા ઋતુના મંગલાથી શયન સુધીના ચુંટેલા પદો શ્રી જમનાપ્રસાદ શર્માજીએ પ્રણાલીકા મુજબ રાગમાં ગાઈને આપણને આનંદ ભાવથી ભજવી દે છે તેમાં પણ આ કેસેટની વિશિષતા એ છે કે દરેક કેસેટની શરૂઆત પહેલા શ્રીમતિ કલ્પનાબેન શાહ કીર્તન–પદનો ભાવ અર્થ તેમની મનોહર શૈલીમાં જણાવે છે આપણને કીર્તન સમજવા સરળતા રહે છે સાથે આ કેસેટમાં આપેલ પદો અને સુંદર ઉદઘોષણા પુસ્તિકારુપે પણ કેસેટ આપેલ છે. ઘર સેવા કરતાં વૈષ્ણવોએ આ કેસેટ વસાવી પોતાના ઠાકરજી પાસે કીર્તન કરી શકે સુંદર રંગ અને વિશિષ્ટ શૈલિનો ઉદશક જે કેસેટ તૈયાર કરેલ છે તે ખુબજ આવકાર પામશે સંસ્થાની આવી પ્રવૃતિને બિરદાવીએ છીએ.

રાજકોટમાં શ્રી બાલકૃષ્ણલાલજીના છપ્પન ભોગ પ્રસંગે યોજાએલ સત્સંગ શિબિરમાં પૂ. પા. ગો. શ્રી રસિકરાયજીના વચનામૃત (સારાંશ) સંગ્રહ

"શ્રીમદ વલ્લભાચાર્યજીની માનવ સમાજને મહાન દેન"

શ્રી મહા–પ્રભુ શ્રી વલ્લભાચાર્યજીના ૮૪ વૈષ્ણવ પૈકી પરમ ભગવદીય શ્રી પદ્મ રાવલના પુત્ર પરમ ભગવદીય શ્રી કૃષ્ણભટજીના માથે પ્રભુચરણ શ્રી ગુંસાઈજી શ્રી વિઠલપ્રભુએ 'શ્રી બાલકૃષ્ણ–સ્વામીનિ સહિત સ્વરૂપ પધરાવી આપેલ તે નિધિ સ્વરૂપ રાંજકોટમાં શ્રી બાલકૃષ્ણલાલજીની હવેલીમાં બિરાજે છો આ નિધિ સ્વરૂપના ૨૩૬મા પ્રાગટય મહોત્સવ પ્રસંગે શ્રી છપ્પન ભોગ આરોગવવા માટે તા. ૧૫–૧૨–૯૬ના રોજ મનોરથ સેવેલ તે સમયે શ્રી ઠાકોરજીના વિવિધ મનોરથો સાથે સત્સંગ શિબિર–સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવેલ.

સત્સંગ શિબિર સત્રમાં પુ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજશ્રીએ "શ્રીમદ વલ્લભાચાર્યજીની માનવ સમાજને મહાન દેન ઉપર સરલ અને મનનીય પ્રવચન–વચનામૃત કરેલ.

જગતમાં દરેક જીવ-મનુષ્યને ધાર્મિક ક્રિયા કરવાનુ મન થતુ હોય છે. પરંતુ માનવ સમાજના અમુક વર્ગને તે માટે નિષેધ હોય ત્યારે તેટલા પુરતો માનવ સમાજ અધુરો ગણાય કહો કે માનવ સમાજની ઉણપ ગણાય. માનવ સમાજમાં સ્રી વર્ગ તેમજ વર્ણાશ્રમ ધર્મ પ્રમાણે શુદ્ર લોકને ધાર્મિક ક્રિયા કરવાનો નિષેધ હતો આ નિષેધ અને માનવ સમાજથી ઉણપ દુર કરીને શ્રીમદ વલ્લભાચાર્યજીએ પુષ્ટિ ભક્તિ માર્ગ-સંપ્રદાય સ્થાપીને સ્ત્રી વર્ગ તેમજ શુદ્ર લોકોને ધાર્મિક ક્રિયા કરવાનો તેમજ સેવા કરવાનો અધિકાર આપીને માનવ સમાજની જે ઉણપ હતી તે દુર કરી શ્રીમદવલ્લભાચાર્યજીએ જાતી-પાતી તેમજ વય દુર કરીને દરેક આચરી શકે તેવી વ્યકત પ્રણાલિકા સ્થાપીને 'પુષ્ટિ સંપ્રદાય સ્થાપ્યો જે એક માનવ સમાજને મહાંન દેન છે.

સામાન્ય રીતે ધર્માચરણ મુકિત માટે થતુ હોય છે પરંતુ શ્રીમદવલ્લભાચાર્યજીએ જે બ્રહ્માનંદ ભજનાનંદનો માર્ગ સ્થાપ્યો એ તો અગણિત આનંદ છે. જીવ આનંદ સ્વરુપ પરમાત્માનો અંશ છેઅને આનંદ માટે બાહ્ય સુખ પ્રાપ્ત કરે છે તેથી તે ક્ષણિક હોય છે જેને મર્યાદા હોય છે તેથી તે અતૃપત રહે છે. પરંતુ આંતરિક સુખ એ જ અગણિત આનંદ છે. પરબ્રહ્મનો આનંદ છે. જે પ્રાપ્ત કરવા ભજનાનંદ-સેવ માર્ગ બનાવ્યો.

જ્ઞાન અથવા ભકિત દ્વારા પ્રભુની પ્રાપતી કરી શકાય છે જ્ઞાન માર્ગમાં અભિમાન થવાનો ભય રયેલો છે. આનંદની મર્યાદા રહેલી હોવાથી સંતોષ થતો નથી. અજ્ઞાનનુ અભિમાન દુર થઇ શકે પરંતુ જ્ઞાનનુ અભિયાન દુર થવું મુશ્કેલ છે.

પ. ભ. સુરદાસજી જ્ઞાની હતા છતાં પણ તેને આનંદનો અસંતોષ જ રહેતો હતો આથી તેઓ શ્રી મહાપ્રભુજી સન્મુખ થયા ત્યારે જ્ઞાન અંગેના પદો ગાયા ત્યારે શ્રી મહા-પ્રભુજીએ ભગવદ લીલાનું ગાન કરવાનું કહ્યુ જેથી સહજા આનંદની અનુભુતિ થાય છે. પ્રયાસ કરતા પ્રસાદથી આનંદની અનુસુતિ થઈ શકે છે. જે સુરદાસજીએ શ્રી મહા-પ્રભુજી પાસેથી પ્રાપ્ત કરી શ્રી મહાપ્રભુજીની દષ્ટીએ ઉદ્ધાર મુકિત એ ભજનાનંદની અનુભૂતિ કરવી. કોઈ જન્મ મરણમાંથી મુકિત નથી.

ભગવાન લીલા પ્રગટ કરે અને ભકત ભાવ પ્રગટ કરે ત્યારે ભગવદલીલાનો અનુભવ થાય છે.

ભકિતનોં અસંતોષ થાય અને અન્યનો સંતોષ થાય એજ સાચુ સુખ આનંદ છે.

વ્યકિત યોગ્ય સેવા યોગથી માનવને સંસારનું ક્ષુલક સુખ દુઃખ ભાસતુ નથી શ્રી મહાપ્રભુજીએ દરેક વર્ગને અનુરુપ ભકિત પ્રાપ્ત થાય તે પ્રમાણે સેવા પ્રણાલી સ્થાપીને જે પ્રદાન કરેલ છે જે મહાન દેન છે.

ધર્મ સાધના એક સરખી સફળ નીવડતી નથી અનાધિકારી જો સાધના કરે તો ફળ વિકૃત બને છે દરેક જીવ પ્રભુનો અંશ છે જે દૈવી જીવ હોય તેને પ્રભુના અંશનું ભાન રહેતુ હોય છે જયારે આસુરીને ભાન હોતું નથી અજ્ઞને શાસ્રથી પ્રભુનુ જ્ઞાન થઈ શકે પરંતુ દુર્જનને શસ્ત્રથી કરાવવું પડે છે. પ્રભુ જે પ્રકારનો જીવ હોય તે પ્રમાણે તેના ઉપર કૃપા કરે છે.

શ્રી મહાપ્રભુજી 'અદેયદાનદક્ષ' કહેવાયા કારણ (૧) ન આપી શકાય તેવું દાન આપનારા (૨) દરેકને ન આપી શકાય તેવું દાન આપનારા કારણ કે શ્રી મહાપ્રભુજી મર્યાદા રાખીને શરણે લેતા હતા અને શ્રી ઠાકોરજી પધરાવી આપતા હતા સેવા રીત-પ્રીતથી કરવાની આજ્ઞા કરતા હતા રીત મેડ મુજબ અને પ્રીત વૃજજન પ્રમાણે માત્ર રીત પુરતી નથી પરંતુ પ્રીત હોય તો જ સેવા પુર્ણ ગણાય વળી સેવા સર્વાત્મા ભાવથી કરવી જ્ઞાન માર્ગ અને ભકિત માર્ગ બન્નેમાં સર્વાત્મા ભાવ કહે છે એટલે બન્નેમાં ધ્યેય પ્રભુ

(વધુ માટે જુવા પાનું ૨૧મું)

૨૨. **મોટા ભાદરા**

પોંકીયા વલ્લભભાઈ રાઘવભાઈ

૨૩. **રાધનપુર**

શ્રી દામોદરભાઈ કંસારા
કંસારા બજાર, ટાવર રોડ

૨૪. **રાજપીપળા**

પ્રા. એમ. આર. પાલેજા
'લકુલીશ' માલીવાડ

૨૫. **લીંબડી**

શ્રી ચીમનલાલ પ્રાગજીભાઈ

૨૬. **વડોદરા**

શ્રી વામનભાઈ બી. પટેલ
ચોખંડી, વ્યારા પોળ

૨૭. **વાંકાનેર**

શ્રી સુભાષચંદ્ર ભીખાલાલ કંસારા

૨૮. **સુરત** શ્રી ગોરધનભાઈ રાણપરીયા
એ ૭ તાપી બાગ શોપીંગ સેન્ટર
વિભાગ-૩, ૨ જે માળે, ઓફીસ નં, ૩

૨૯. **વાપી** શ્રીમતિ ભામીનીબેન કિશોરભાઈ લાયજાવાળા
૧૦૫, અનુકુલ ચેમ્બર્સ
એન. એચ. નં. ૮ પ્લોટ નં. ૮/૧૨

૩૦. **હળવદ** શ્રી મનસુખલાલ કરસનદાસ કંસારા
C/o શ્રી હસમુખ મેટલ કોર્પોરેશન

રાજકોટમાં નીચેના સ્થળે શ્રી વલ્લભ સુધાનું લવાજમ ભરી શકાય છે

૧ શ્રી વલ્લભ સુધા કાર્યાલય
કંસારા મહાજનવાડી બિલ્ડીંગ, લોહાણાપરા

૨ શ્રી મનસુખલાલ માવજીભાઈ સોની
શ્રી બાલકૃષ્ણજીની હવેલી

૩ શ્રી જશવંતભાઈ ત્રિભોવનદાસ જુઠાણી
શ્રી ત્રિકમરાયજીની હવેલી. જાગનાથ પ્લોટ

૪ શ્રી હસમુખભાઈ ખખ્ખર
C/o. સંજય ગેસ સર્વીસ, રજની બીલ્ડીંગ
વાળી શેરી ભુપેન્દ્ર રોડ

૫ મુખીયાજી મથુરાદાસ જીવરાજભાઈ
શારદા સદન, ૨૫ ન્યુ જાગનાથ

૬ શ્રી વસંતભાઈ એન, વોરા
C/o વોરા એન્ડ કું. દુર્લભ ચેમ્બર,
ઢેબરભાઈ રોડ

૭ શ્રી ગોરધનભાઈ વેલજીભાઈ શનિશ્ચરા
'લલિત કુંજ' ૪, કૈલાસવાડી, જંકશન પ્લોટ

૮ શ્રીમતી હર્ષાબેન એચ. ઠકકર
'આનંદ' જલારામ-૬, ગણેશ વાડી સામે

૯ શ્રી છગનભાઈ રામોલીયા
C o. શ્રી કૃષ્ણ એન્જીનીયરીંગ વર્કસ
મહાત્મા ઈન્ટરનેશનલ સામે, ભકિતનગર ગોડાઉન

૧૦ શ્રી મનસુખભાઈ સખીયા
C/o પટેલ હાર્ડવેર માર્ટ, રેયા રોડ,

૧૧ શ્રી કનુભાઈ જે. દેવાણી
'શ્રીનાથજી કૃપા' ૫, ગાયત્રીનગર

૧૨ શ્રી જે, પી, પારેખ
શ્રી સવજીભાઈની શેરી, સોની બજાર

૧૩ શ્રી અવંતીલાલ ભાઈલાલ સોની
સવજીભાઈની શેરી. સોની બજાર

શ્રી વલ્લભ સુધાનું સને ૧૯૯૭-૯૮નું લવાજમ ઉપર લખ્યાં શરનામે તુરત મોકલવા વિનંતિ.

SHREE VALLABH SUDHA Monthly Magazine. Published on third date of Every Month. **Regd.No.G/RJ.212-L.P.W.P43**

ઉગ્યા વસંત કેરા વ્હાણલા

ઉગ્યા વસંત કેરા વ્હાણલા,
વેગે પહોંચુ વ્રજ ધામ રે, આજ કોઇ રોકો નહિ રે. ટેક

ભાવે **ભરેલી** હું તો નિકળીને,
મારે જાવું બરસાના ગામરે આજ કોઇ ૦ ૧

આવી વ્રજ ભોમ આવી વાટડીને,
આવ્યો છે ઠકુરાણી ઘાટ રે આજ કોઇ ૦ ૨
દીઠા ગોકુલના ગોંદરાને,

કાંઇ દીઠું બરસાના ગામ રે આજ કોઇ ૦ ૩
વ્રજમાં વસંતે વન કુંજમાં ને,
કાંઇ ઉડે છે ધુમ ગુલાલ રે આજ કોઇ ૦ ૪

ગોપી ઘેરૈયાં ઉમટયાંને,
શ્યામ ખેલે વસંતના ફાગ રે આજ કોઇ ૦ ૫

પચરંગી રંગ પીચકારીઓને,
લાલી દીધી કેસુડાની ધાર રે આજ કોઇ ૦ ૬

બ્રહ્મા મહાદેવ મુનિ આવીયા ને,
કાંઇ મોહ્યા મોહનમાં દેવ રે આજ કોઇ ૦ ૭

પ્રભુ લીલામાં આપ્યું ચિત્તડું ને,
અમને દે જો શ્રી વ્રજમાં વાસ રે આજ કોઈ ૦ ૮

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક : રવજીભાઈ મ. પટેલ, 'મધુર' જલારામ પ્લોટ,-૧ માર્ગ-૩, યુનિવર્સીટી રોડ, રાજકોટ-૫

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૬૨૧૩૮

શ્રી વલ્લભસુધા

વચન સુધા

"વળી એક દિવસે કહ્યું કે આપણા સેવ્ય શ્રી ઠાકોરજી છે તે આનંદઘનની મુર્તિ છે. સદા આનંદરૂપ છે. જેમ ખાંડની પુતળી નખથી શીખ સુધી સરવે રસ રૂપ છે, તેમ પ્રભુના અંગ સરવે રસ રૂપ છે તે રસના સમુદ્ર જે ભગવાન તેનો પાર આવે નહીં એવા સેવ્યશ્રી ઠાકોરજી છે. અને તે પ્રભુના શ્રી અંગમાં રસ ઉછલીત થઇ રહયો છે. તેથી શ્રી અંગને વીષે રસ ઠરી શકતો નથી તે સારૂ શ્રી મહાપ્રભુજીએ સેવ્ય સ્વરૂપની આગળ પાછડ તકીયા કરીને ધર્યા છે. વળી પ્રભુ કોટાના કોટી ભકતમાં રમણ કરે છે પણ તે મોહ પામતા નથી અને આજીવ જ્યારે રસનો અનુભવ કરશે ત્યારે પોતાના શરીરનું ભાન રહેતું નથી."

નિ. લી. ગો. શ્રી ગોપીકાલંકારજી શ્રીમદ્દજી મહારાજશ્રીના વચનામૃત વ. ૧૨

❋ આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દઢ બનાવો ❋

વર્ષ ૧૫ : અંક-૧૧ ❋ ફેબ્રુઆરી, ૧૯૯૭

શ્રી વલ્લભાબ્દ ૫૧૯

વાર્ષિક લવાજમ રૂ. ૩૫/- ❋ **આજીવન રૂ. ૪૦૧**

"શ્રી વલ્લભસુધા"
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ-૩૬૦૦૦૧

"શ્રી વલ્લભ સુધા"ના સેવાભાવી પ્રતિનિધિ કાર્યકર

૧. **અનીડા** (વાછરા)
મીસ્ત્રી નાનજીભાઈ ખીમજીભાઈ

૨. **અમરેલી** શ્રી હીરજીભાઈ રણછોડભાઈ નસીત
કેડીયા રોડ, પાટા ઉતરતા રોકડની વાડીમાં

૩. **અમદાવાદ** શ્રી અશ્વિનભાઈ નવનીતલાલ દેસાઈ
૩૪, સરદાર પટેલનગર, એલિસ બ્રીજ

૪. **અંકલેશ્વર** શ્રી ગોપાલ એન. શાહ
સી/૫ જી આઈ એલ કોલોની
જી આઈ ડી. વાલીયા રોડ,

૬. **ગોમટા** શ્રી વલ્લભદાસ હરિભાઈ
"વ્યાપિ વૈકુંઠ"

૫. **કલ્યાણ** શ્રી કૃષ્ણદાસ મથુરાદાસ અઢીયા
હવેલી બિલ્ડીંગ, પારનાકા

૭. **ઉપલેટા** શ્રી અમૃતલાલભાઈ પટેલ
C/o શ્રી હરિ સ્ટોર્સ, રાજ માર્ગ

૮. **ગોંડલ** શ્રી ભાષ્કરભાઈ ચત્રભુજભાઈ સોની
રાવજાદા શેરી, મોટી બજાર

૯. **કલકત્તા** શ્રી નિતિનભાઈ મહેતા
C/o કાનજી સવજી પારેખ
મહેતા બિલ્ડીંગ, ૧લે માળે

૧૦. **જામનગર** શ્રી માર્કંડભાઈ વૈ. ધોળકીયા
નાગર ચકલો

૧૧. **જુનાગઢ**
૧. શ્રી અમૃતલાલ સુંદરજી હિંડોચા
C/o શ્રી રૂગનાથ વસરામભાઈ
શ્રીનાથજી ચેમ્બર્સ, દાણાપીઠ

૨. શ્રી પોપટલાલ જમનાદાસ
બી/૨ રવિકિરણ એપાર્ટમેન્ટ

૩. શ્રી અરજણભાઈ જેસાભાઈ વૈષ્ણવ
"કિરણ" ૪ જલારામ સોસાયટી
લોઢીયા વાડી સામે

૧૨. **ડોમ્બીવલી** શ્રી વિઠ્ઠલભાઈ એસ. લાખાણી
૮/શીવલીલા, તિલક નગર
ગોપાલનગર રોડ-૧

૧૩. **જેતપુર**
૧. શ્રી મનસુખલાલ માધવજીભાઈ બોસમીયા
મતવા શેરી

૨. શ્રી વિઠ્ઠલભાઈ પટેલ
ખેડુત હાર્ડવેર માર્ટ, કણકીયા પ્લોટ

૧૪. **ધોરાજી** શ્રી જાદવભાઈ જીવરાજભાઈ વઘાસીયા
શુકલ શેરી, વઘાસીયા ચોરા

૧૫. **ધ્રાંગધ્રા** શ્રી ગોકળદાસ જગજીવનદાસ
શકિત મંદિર સામે

૧૬. **પોરબંદર**
શ્રી જયંતિલાલ મુળજીભાઈ
લીબર્ટી રોડ

૧૭. **પાંચપીપળા**
શ્રી ગોકળભાઈ જાદવભાઈ પોલરા

૧૮. **બોરીવલી** (વેસ્ટ)
૧. શ્રી ચુનીલાલ કરસનદાસ શાહ
'વ્યોમેશ' ૧લે માળે ફ્લેટ નં. ૪૭ 'સી' વીંગ
લક્ષ્મીનારાયણ હોલ મંડપેશ્વર રોડ,
૨. શ્રી ધરમશીભાઈ પટેલ
C/o ભુમિ ઈલેકટ્રીક કું.
૭/A વર્ધમાન એપાર્ટમેન્ટ સોડાવાળા લાઈન
૩. શ્રી શશિકાંતભાઈ પરીખ
મંત્રી, મહારાષ્ટ્ર રાજય સમિતિ
૩, બી બ્લુસ્કાય. પમો કાર્ટર રોડ

૧૯. **ઘાટકોપર** (પૂર્વ)
શ્રી છોટાલાલ જીવરાજ મહેતા
લાભ સદન, અર્ચના નિવાસ
રાજાવાડી, એમ. જી. રોડ.

૨૦. **મુંબઇ**
આં. રા. પુ. વૈ. પરિષદ
જી–૨, સીતારામ બિલ્ડીંગ, પલ્ટન રોડ,
પોલીસ સ્ટેશન સામે.

૨૧ **મોરબી**
શ્રી ભગવાનદાસ વેલજીભાઈ શનિશ્વરા
૪, ખત્રીવાડ

શ્રી વલ્લભ સુધા દર માસની ૧૭ તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન એપ્રીલ થી માર્ચ.

- * શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશત થયેલ અંકો મોકલાય છે.
- * ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવે મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
- * શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- * લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
- * શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧/- વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
- * શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વ શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- * ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે

પત્ર વ્યવહાર સંપર્ક !

શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા રાજકોટ

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૭
વર્ષ : ૧૫ અંક : ૧૧ * ફેબ્રુઆરી ૧૯૯૭

મનને શિક્ષા

અરે મન તું નિઃશંક હેકે નાચ્યો ॥
લોક વેદકી કાની ન માની પર સ્રીય ન સંગ રાચ્યો ॥૧॥
પાપ પૈસા ભેલોકીનો જાય યમલોં શોર માચ્યો ॥
'રસિકદાસ' જનસોઇ ચતુર જો શ્રી વલ્લભ મુખ બાંચ્યો ॥૨॥

* ભાવાર્થ *

અરે મન ! તું કોઇની બીક શરમ રાખ્યા વીનામનફાવે તેમ વર્ત્યો. લોક કે વેદના કોઇ નિયમોની તેં પરવા ન કરી પર સ્રીઓના સંગમાં સુખની કલ્પના કરી અરે ! તેં પાપ રૂપી પૈસો ભેળો કર્યો છે આસુરી દ્રવ્ય કમાયો છે આ તારા કરતુતોનો કોલાહલ ઠેઠ યમરાજ સુધી પહોંચ્યો છે.

શ્રી રસિકદાસ (શ્રી મટુજી મહારાજ) આજ્ઞા કરે છે કે ખરો ચતુર તો તે છે જેણે શ્રીમદ્ વલ્લભાધિશના મુખારવિંદને અનિમેષ નયને જોયાં છે. એ શ્રી મુખના લાવણ્યામૃતમાં મગ્ન થયો છે તેજ સાચો ચતુર છે.

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

ભક્તિ વર્ધિની

શ્રી ગોપેશ્વરજીએ રચેલ વિવરણ સહિત

ભાષાંતર : પ્રો. પ્રતાપરાય કાં. શાહ એમ. એ. કોવિદ, મુંબઇ

–ગતાંકથી ચાલુ

શાસ્ત્રમાં કહ્યું છે કે :–

અવ્યાહતાનિ કૃષ્ણસ્ય ચક્રાદીન્યાયુધાનિ તં,
રક્ષન્તિ સકલાપદ્‌ભ્યો યેન વિષ્ણુરુપાસિતઃ ।
સકૃદેવ પ્રપન્નાય તવાસ્મીતિ ચ યાચતે ।
અભયં સર્વભૂતેભ્યો દદામ્યેતદ્‌ વ્રતં મમ ।

અર્થ :– (જે ભક્તે વિષ્ણુની ઉપાસના કરી હોય તેની રક્ષા, સર્વ આપત્તિઓમાંથી શ્રીકૃષ્ણના ચક્ર–ગદા વગેરે આયુધો કરે છે કારણ કે એ આયુધો કદી નિષ્ફળ ન જનાર હોય છે.)

એક જ વખત શરણે આવીને, "હે કૃષ્ણ ! હું તારો છુ" એમ કહીને મદદની યાચના કરનારને હું સર્વ પ્રાણીઓથી રક્ષણ આપું છું. એવું મારૂં વ્રત છે. આમ શ્રીકૃષ્ણનું વચન છે.

'કૌન્તેય પ્રતિજાની હિ ન મે ભક્તઃ પ્રણશ્યતી' ત્યાદિ વાકયેભ્યઃ ॥૧॥ વગેરે વચનો છે (એટલે કે હે અર્જુન (કુન્તાજીના પુત્ર), તું ખાત્રીથી માનજે કે મારા ભક્તોનો કદાપી નાશ થતો નથી) ૧૦.

આ પ્રમાણે પ્રસ્તુત શાસ્ત્રનું સંપૂર્ણતયા વર્ણન કરીને કહે છે કે આ ભક્તિશાસ્ત્રનો પાઠ, તેના અર્થના સંપૂર્ણ જ્ઞાન સહીત કરવામાં આવે તો શું ફલ મળે (એવી ફલ શ્રુતિ) તેની રજુઆત કરતાં ઉપસંહારમાં આચાર્યજી આજ્ઞા કરે છે કે :–

ઇત્યેવં ભગવચ્છાસ્ત્રં ગુઢ તત્ત્વં નિરૂપિતમ્ ।
ય એતત્સમધીયત તસ્યાપિ સ્યાત્ દૃઢા રતિઃ ॥૧૧॥

અર્થ :– આ પ્રમાણે, ગૂઢ તત્ત્વથી ભરેલું, ભગવાનની ભક્તિનું શાસ્ત્ર (શ્રીમહાપ્રભુજીએ) નિરૂપતિ કર્યું છે. સારી રીતે અભ્યાસ કરીને સમજપૂર્વક તેનું આચરણ કરવામાં આવે તો તેવા ભક્તને દૃઢ ભક્તિ અવશ્ય પ્રાપ્ત થાય છે. ૧૧.

"ઇતિ" એટલે સમાપ્તિ સમયે. આ પ્રમાણે અગાઉ કહેલા પ્રકારે ભગવાનની ભક્તિનું શાસ્ત્ર, ભગવાનની ભક્તિના પ્રકારોના પ્રતિપાદન સહિત વર્ણવ્યું છે, તો પણ આ શાસ્ત્રના

તત્ત્વને સમજી શકે છે – બધા સામાન્ય વાચકો નહિ – ભગવાનની કૃપાથી સદ્વિચારોની ભાગ્યશાળી બનેલો જે માણસ સારી રીતે અર્થ સમજીને તેનો પાઠ કરે તેની રતિ – તેનો પ્રેમ – તેની ભગવદ્ ભક્તિ–દૃઢ એટલે સ્થિર થાય છે એમ અર્થ છે. ૧૧.

વિવૃત્તિકાર દ્વારા ઉપસંહાર

શ્રીમાન્ કલ્યાણરાયના તનુજ (એટલે કે પુત્ર) – ગોપેશ્વર નામના વિવૃત્તિકારે (એટલે ભાષ્ય અથવા ટીકા લખનારે) શ્રી ભક્તિ વર્ધિની ઉપર વિવૃત્તિ – કૃતિનો અર્થ બરાબર સમજાવવાના હેતુથી લખેલ છે. મારા પિતૃ ચરણે રચેલી વિવૃત્તિ અતિ હૃદ્યા (એટલે હૃદયને ઘણો આનંદ આપનારી છે તો પણ એ બહુ દયાળુ પિતાની વિવૃત્તિ ઉપરાંત આ બાલકે વિવૃત્તિ રચી છે જે ભવિષ્યમાં નિજ પાઠમાં રહેલા ગુણને લીધે હંમેશાં પ્રીતિકારક બનશે. આ વિવૃત્તિને શ્રીમદ્ વલ્લભાચાર્યજીના ચરણના દાસો – ભક્તજનો – આને હંમેશાં વાંચતા રહીને સન્તો વારંવાર સન્તોષને પામો.

આ પ્રમાણે શ્રીમદ્ ગોકુલાધીશના ચરણકમલમાં અતીશય પ્રેમને લીધે, ભગવાનની લીલારૂપી મહાન રસના સાગર સમાન, શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ રચેલ ભક્તિ વર્ધિની ગ્રંથ ઉપર, ગોપેશ્વર નામધારી વિવૃત્તિકારે વિવૃત્તિ લખી છે. અવધી વગરની કૃપાના નિધાન એવા શ્રી વિઠ્ઠલ પ્રભુ ચરણકમલની રજમાત્રને પોતાનું સર્વસ્વ માનનાર શ્રી કલ્યાણરાયના તનુજ ગોપેશ્વર વિરચિત વિવૃત્તિ અહીં સમાપ્ત થઇ.

શ્રી વિઠ્ઠલના ચરણકમલના દાસ એવા ગોપેશ્વરે રચેલી આ વિવૃત્તિ ભગવદ્ ભક્તોના સંતોષ તથા સુખને માટે હજો અને દ્વેષીઓના રોષને માટે હજો. શ્રી વિઠ્ઠલની કૃપા વડે મેં આ નાનીશી વિવૃત્તિ રચી છે. આર્ય એવા શ્રી વલ્લભાચાર્યજી સદા મારા ઉપર પ્રસન્ન રહો !

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧ ગો. વા. મણીબેન કેસરીયા રાજકોટના જયશ્રીકૃષ્ણ હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલના જયશ્રીકૃષ્ણ.

૨ ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ દ્વાણી હ. હસુબેન એસ પરીખ મુંબઇના જય શ્રી કૃષ્ણ.

૩ મહાકારુણિક જગતગુરુ શ્રીમદ્વલ્લભાચાર્યજી પંચ શતાબ્દી મહોત્સવ સમિતિ–રાજકોટના સૌજન્યથી.

॥ શ્રીવલ્લભ ॥

ભક્તિ પોષણ

વિવેચક : પ. ભ. શ્રી મથુરાદાસ જીવરાજભાઇ મહેતા

આત્મ સમર્પણ ભક્તિ (૨)

દેહ પ્રાણ ઇન્દ્રિય, અંતઃકરણ, ધર્મ, દારા, ગૃહ, ધન;
પુત્ર, આપ્ત, આત્માસહ, સર્વે સમર્પ્યું જગજીવન.
જગ જીવનને સર્વાત્મ ભાવે, સેવા કરે સહજ સ્વભાવે;
તેજ ગમે પ્રભુ જનયમ સુખી થાય, આત્મ નિવેદન એ કહેવાય.
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ (૩૩)

વિવેચન : આત્મ નિવેદન ભક્તિ મર્યાદામાં બલી રાજાએ કરી, શ્રી વલ્લભકુળનાં માણેકચંદભાઇ અગ્રવાલે સર્વ રીતે સર્વાત્મભાવે ગોપીજનોએ સર્વ શ્રેષ્ઠ કરી.

આત્મનિવેદન : ભગવાનને પોતાની દેહ અને દેહ સાથેનાં તમામ ધર્મો પરિકરો સમર્પણ કરવા તેને જ આત્મ નિવેદન કહેવાય છે. પછી હું અને મારું, પોતાનામાં રહે નહીં. જે કાંઇ છે તે પ્રભુ આપનું જ છે. આત્મ નિવેદન કર્યા પછી હું શું માનું કે આ મારું છે.

પુષ્ટિમાં બ્રહ્મ સંબંધ (આત્મ નિવેદન) મંત્રમાં કહયું છે કે હજારો વર્ષોથી વિખુટો પડેલો એવો હું આપના અંશરૂપી એક જીવ છું. આપની પ્રાપ્તિ કરવા માટે જે રીતે તાપ કલેશ થવો જોઇએ તે થયો નથી. તે માટે હું આ મારો દેહ, પ્રાણ, ઇન્દ્રિયો, અંતઃકરણ અને તેમના બધા ધર્મો સહિત આપને શરણે આવ્યો છું. પ્રભુ હું આપનો દાસ છું. આ નિવેદન મંત્રનો સાર ભાવ મારી સર્વાત્મભાવે સેવા થાય, પ્રભુમાં સહજ પ્રિતી થાય, એટલે કે વળતર લેવાની ઇચ્છા ન થાય ત્યારે આત્મનિવેદન કર્યું કહેવાય. તેમાં વિશ્વાસથી જ કર્તવ્ય કરવાનું હોય છે. પ્રભુને જોયા નથી, તેમજ ઓળખ્યા નથી તે શું કરી શકશે ? ત્યાં દૃષ્ટાંત–

જેમ માતા પોતાના બાળકની પ્રત્યે સહજ પ્રેમ રાખી દિવસને રાત તેના સુખ માટે સર્વકાંઇ કરે છે. મોટો થયાં પછી તે શું કરશે ? તેની કાંઇ ખબર નથી તેમ અત્યારે તે સર્વ કાંઈ આપતો નથી. પરંતુ માતા તો સહજ સ્નેહભાવથી બાળકનું સર્વ રીતે સુખ વિચારે છે. આવો સહજભાવ પ્રભુમાં રાખવો. સેવા કરતા, સ્મરણ કરતા, કે ચિંતન કરતાં પ્રભુ કયારે રીઝશે, તે કોઇ જાણતુ નથી. પ્રભુ શું ? આપશે ? રીઝશે કે નહીં ? આમાંનો કોઇ પણ ભાવનો વિચાર ન કરતા કેવળ સ્નેહ રાખીને સેવા કરે તેને સહજભાવ કહે છે. આવા સહજભાવથી પ્રિતીપૂર્વક સેવા કરે તે જ સાચું આત્મનિવેદન.

આત્મ નિવેદિત ભક્તિ વિષે બ્રહદારણ્ય કોપનિષદયાં સર્વેષાં ભુતાનાં રાજા તદ્યથા રથનાભૌમ રથનૌ મૌચારા સર્વ સમર્પિતાઃ એવ મેવા સ્મિન્નાત્મનિ સર્વાણી ભુતાની સર્વદેવાઃ ॥

ભાવાર્થ : રથમાં જેમ આરા હોય તેમ અત્રે રથ અને નાભિનું દૃષ્ટાંત આપ્યુ છે. આત્મા સર્વાવિપતિ છે તેમાં સર્વભુત સર્વદેવ, સર્વલોક અને સર્વ પ્રાણો. એ સર્વ આત્માને અર્પણ કરવાનું કહેલું છે. બ્રહ્મસંબંધ મંત્રમાં તે આત્મસહ સમર્પણ છે. સમર્પણમાં બલીરાજાનું સણર્પણ સાચુ તે બદલ પરમાનંદદાસજી–

રાગ સારંગ– બલીરાજાકો સમર્પન સાચો,

બહુત કીયે ગુરુ શુક્ર દેવતા મન દઢ આપ નહી કાચો ।૧।
યજ્ઞ કરત હે જાકે કારન સો પ્રભુ આપ હી જાચ્યો ।
પરમાનંદ પ્રભુ પ્રસન્ન ભયે હરિ જો જનકો જાનત હે સાંચ્યો ।૨।

આત્મનિવેદન ભકિતનું આ કીર્તનમાં યથાર્થ ગાન પરમાનંદદાસજીએ કર્યું છે. બલીરાજા યજ્ઞ કરતા હતા. યજ્ઞના ફળમાં પણ તે વિષ્ણુ ભકિત જ ચાહતા. પરંતુ દેવતાઓ મુંઝાણા, કયાંક ઇન્દ્રનું સિંહાસન કાયમ છીનવાઈ ન જાય તે ભયથી ભગવાન પાસે જઇ સ્તુતિ કરી. ત્યારે દેવતાઓની વિનંતીને માન આપી આપે વામનરૂપ ધારણ કરીને બલીરાજા પાસે ત્રણ પગલાં પૃથ્વીની યાચના કરી. આ વખતે ગુરુ શુક્રાચાર્ય સમંજી ગયા કે આ તો સ્વયં વિષ્ણુ પધાર્યા છે ને રાજાને લુંટી લેશે. પોતાના શિષ્ય બલીરાજાને નિવેદન ન દેવાની સલાહ આપી પરંતુ ગુરુની આજ્ઞા ભલે ઉલ્લંઘન થાય હું તો દાન આપીશ જ. જેને માટે હું આ કાર્ય કરી રહયો છું તે સ્વયં વિષ્ણુ અગર મારે દ્વારે આવ્યા તો હવે પછી મારે મેળવવાપણું કાંઇ રહેતુ નથી. સંકલ્પ કરતા જ વાસનજીએ સ્વરૂપ વધારી દીધું. બે પગલામાં બધું માપી લીધું ત્યારે વામનજી કહે– બતાવ ! આ ત્રીજુ પગલું કયાં રાખું ? ત્યારે બલીરાજાએ આત્મ સમર્પણ કર્યું કે પ્રભુ હજુ તો હુ આપને દેવાવાળો ને તમે લેવાવાળા છો ! એટલે મારામાં હું પદ છે અને આ મારો દેહ, તેના ધર્મો, ધર્મપત્ની બધા મારા છે. તે હવે હું અને મારૂ આપને સમર્પણ કરૂં છુ. હું આપનો દાસ છું મારી ઇચ્છા દાસત્વ ભાવથી સર્વ સમર્પણ કરીને રહેવાની છે. પ્રભુએ તેમનું આત્મનિવેદન સ્વીકાર્યું. પ્રભુ જાણી ગયા કે આ ભકત મારો સાચો છે. પરમાનંદદાસજી કહે છે– પ્રભુ જેને સાચો માને છે તેનું સમર્પણ પણ સાચે જ સ્વીકારે છે–

શ્રી વલ્લભકુળમાં માણેકચંદજી થયા, તેનું કીર્તન–

રાગ દેવગંધાર— વેદ વચન પ્રતિ પાર્યો ચહુ યુગ.... ટેક૦
ધર્મગ્લાનિ હોય જબ હી જબ તક તુમ વપુ ધાર્યો ।૧।
સત્યુગ શ્વેત વરાહ રૂપ ધર હરિ હિરણ્યાક્ષરીપ માર્યો ।
ત્રેતા રામ રૂપ દશરથ કે રાવણ કુળ સંહાર્યો ।૨।
કલીયુગ શ્રી વલ્લભ ગૃહે પ્રગટે માયાવાદ નિવાર્યો ।
માણેકચંદ પ્રભુ શ્રી વિઠ્ઠલ પુરૂષોત્તમ રૂપ નિહાર્યો ।૩।

માણેકચંદજીને શ્રી ગુંસાંઇજીનાં દર્શન થતાં જ સાક્ષાત પુર્ણ પુરૂષોતમ સ્વરૂપનાં દર્શન થયા હતા. આ પદમાં તેમણે ગાયુ છે. કે મેં તો પુરૂષોત્તમરૂપ આપનામાં નીહાળ્યું છે ત્યારે જ મેં આપને આત્મનિવેદન કર્યું છે. મને હવે કોઇ સંદેહ રહયો જ નથી, પ્રભુ તમે તો જ્યારે જ્યારે ધર્મની હાનિ થાય છે ત્યારે ત્યારે જુદા જુદા નામે પ્રગટ થાઓ છો. જ્યારે સત્યયુગ આવ્યો ત્યારે શ્વેત વરાહરૂપ આપે ધારણ કર્યું હતું. અને હિરણ્યકશિપુને મારી પૃથ્વી લાવ્યા હતા, ત્રેતાયુગમાં દશરથને ઘેરે રામ રૂપે જન્મ લઇને રાવણકુલનો સંહાર કર્યો હતો. આ કલીયુગમાં શ્રી વલ્લભગૃહે પ્રગટ થઇને માયાવાદનું નિવારણ કર્યું. એવા હે વિઠ્ઠલ! હું આપને ઓળખી ગયો છું. તેથી જ સર્વ સમર્પણ કરી કેવળ શરણમાં જ રહું છું.

જેણે પ્રભુને આત્મસમર્પણ કર્યું તે સર્વ નિશ્ચિંત છે. પ્રભુ સર્વ સમર્થ છે. તેના શરણમાં રહેલાની ચિંતા સ્વયં કરે છે તેથી જ ભકત નિશ્ચિંત રહે છે. સર્વેશ્વર પ્રભુ સર્વના મનની જાણવાવાળા પોતાના ભકતની વાત જાણે તેમાં શી નવાઇ ?

શ્રી ભા. ૯ સ્કંધ, દુર્વાસા પ્રતિ પ્રભુવાકય–

જે ભકત સ્ત્રી, પુત્ર, ગૃહ, સ્નેહી વર્ગ, પ્રાણ, દ્રવ્ય, બધામાંથી સ્નેહ કાઢીને કેવળ મારામાં રાખી મને જ સર્વ સમર્પણ કરી નિશ્ચિંત બને છે. તેને હું છોડવાની કેમ ઇચ્છા કરું ?

જેણે પ્રભુને આત્મ નિવેદન કર્યું તેને પ્રભુનું શરણ પ્રાપ્ત થયું પછી તેના આ લોક અને પરલોક સંબંધી પ્રભુ જ બધાં કાર્યો કરે છે.

એક પણ ભકિત એવી નથી કે જે ગોપીજનોના ભાવનામાં ન આવે, સર્વશ્રેષ્ઠ ગોપીજનો થયા. ત્યારે જ.... ગોપી પ્રેમકી ધ્વજા–
જિન ગોપાલ કીયો અપને વશ ઉરધર બામભૂજા ।

તે મુજબ સર્વ સમર્પિત ભાવના ગોપીજનોની પ્રસિદ્ધ છે તેમને હું અને મારૂં કદી બાધા કરી શકયું જ નહીં. તેની સમર્પણની ભાવનાથી પ્રભુ તેને આધિન બનીને રહ્યા. તેથી ગોપીજનોને ધ્વજારૂપ કહેવાય છે. જેમ મંદિરનું શિખર ઉંચુ હોય તેના ઉપર ધ્વજા ફરકે તે તેનાથી ઉંચી હોય તેમ ગોપી પ્રેમકી ધ્વજારૂપ છે.

માણેકચંદજી પણ શ્રી ગુંસાઇજીનું સર્વ સામર્થ્યરૂપ જોઈ અને સ્ત્રી પુરૂષ બંને શરણે આવ્યા. પોતાની પાસે જે કાંઇ હતુ તે સર્વ સમર્પણ કરી નિશ્ચિંત બન્યા.

એક તો જીભાનથી બોલવું અને બીજુ તે મુજબ કરવું તે બંનેમાં જમીન આસમાનનો ફરક છે. જે ભકતો તેવા બન્યા તેઓનું યશોગાન ગાવાથી પણ કઇકનો ઉદ્ધાર થઇ જાય. આવી છે અનન્ય નિવેદન ભકિત....

માટે જ દયારામ કહે છે, સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.... ॥૩૩॥

શ્રી યમુનાજીના પદ

રચયિતા : મહાકવિ શ્રી વલ્લભદાસ શર્મા, દેવરી.

ભાવાર્થ–લેખક **'માધુરી'** રાજકોટ

પદ–૩૫

સુનિયત કૃપા અમોઘ તિહારી;
શ્રી યમુનાજૂ અખિલ સિદ્ધ પ્રદ વેદ વિદિત ગુણ ભારી. ૧

સહજ અષ્ટ એશ્વર્ય અલૌકિક શ્રી વલ્લભ પ્રભુ ભાખ્યો;
અતિ કરુણા સ્વભાવ કોમલ વર કહા ગોઇ બલિ રાખ્યૌ. ૨

શ્રી મુકુંદ પ્રિયા જન મન કી જાનતિ હો તુમ પીર;
હરિ શ્રમ હરનિ મહા મહિમા સુનિ પ્રણુત પુકારત તીર. ૩

કોઉ આથિત વિમુખ તેરે તે કબહૂં ન ભયે નિરાસ;
મુક્તિ ગ્યાન લીલા સામિગ્રી આદિ તિહારે દાસ. ૪

ચતુર ચિકુર મણિ પ્રાણનાથ બસ કેલિ રતન ગુણ ભાવ;
અનહોની હોની કરિવે મેં કૌતુક કૃપા પ્રભાવ. ૫

અચલ સુહાગ પુષ્ટિ પથ પાલનિ કીરતિ અદ્ભુત તેરી;
દયા દૃષ્ટિ અવલોકનિ બલિ બલિ બલિ બાત બનતિ જન કેરી. ૬

બાર બાર બંદોં શ્રી પદ રજ ત્રણ રદ હિયે મનાઊં;
દીનદાસ **'વલ્લભ'** શરણાગત સફલ મનોરથ પાઊં. ૭

ભાવાર્થ :– આ પદમાં કવિ શ્રી આપના ઐશ્વર્યનું ગાન કરી મનોરથ પૂરવા વિનંતી કરે છે.

શ્રી યમુનાજી મેં આપની અમોઘ કૃપાનું વર્ણન સાંભળ્યું છે. અખિલ સિદ્ધિ અનંત સિદ્ધિઓનું વેદ આપનું ગુણગાન કરે છે. આઠ સિદ્ધિનું શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ યમુનાષ્ટકમાં ગાન કર્યું છે તેમાં પ્રથમ પંક્તિ **"નમામિ યમુના મહં, સકલ સિદ્ધિ હેતું મુદા"** કહેલ છે. સકલ સિદ્ધિ આપની પાસે છે. આવા ઐશ્વર્યને ધરાવનાર આપ જ છો. તમે જગત જનની રૂપે બધા જીવોને પોતાનાં પયપાન રૂપી જળનું પાન કરાવી તેનું પોષણ કરો છો, અતિ કરુણામય સ્વભાવથી વિખ્યાત છો. એવાં હે ચતુર્થ પટરાણી જનનાં મનની ગતિને જાણનારા છો. કયો જીવ કેટલો દુ:ખી છે તેની પીડને જાણો છો. પ્રભુનાં પણ શ્રમને નિવારણ કરવાવાળા હોય અપાર મહિમાને જાણી આપનાં કિનારા ઉપર આવી ભક્ત અને અભકત પણ આપનાં યશોનું ગાન કરી પ્રણામ કરે છે.

તેમજ ગમે તેવો પતિત હશે તો પણ આપની પાસે આવી તે કદી નિરાશાને પ્રાપ્ત નહીં જ થાય કેમ કે મુકિત, જ્ઞાન અને લીલા સામથી એ તો આપનું સહજ ઐશ્વર્ય છે તે દાસને પ્રાપ્ત કરાવો છો.

મહાન ચતુર શિરોમણી પ્રાણનાથને તે આપનાં વશમાં થઇ રહે છે કેમ કે આપનાં ગુણોનો પ્રભાવ જ એવો છે, જે કદાપિ ન હોય તેવું આપ કરી બતાવો છો.

મતલબ કે જેનો ઉદ્ધાર થવા સંભવ જ નથી, એવા જીવોને પણ અભય પ્રાપ્ત કરાવો છો. તેવું કૌતુક રૂપ આપનું છે. પુષ્ટિ પંથે ચાલવાવાળા આપની કૃપાથી અચલ સુહાગને પ્રાપ્તિ કરે છે. આવા આપનાં ઐશ્વર્ય હોવાથી અચલ કીર્તિ આપની ફેલાયેલી છે. આપની શરણે આવવાવાળા ઉપર દયા દૃષ્ટિ કરી તેનાં મન મનોરથ પૂર્ણ કરો છો. હું બલિહારી જાઉં; શ્રી ઠાકુરજીની ચરણારવિંદની રજ પ્રાપ્ત કરી મોઢામાં તૃણ લઇને આપને મનાવું છું કે આ દીનદાસ વલ્લભ આપની શરણાગતિ પ્રાપ્ત કરી મારા મનમાં બધા મનોરથ પુર્ણ કરું. ૩૫.

॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

વ્રજલીલાનાં પદો

રચયિતા :– **શ્રી પ્રવીણચંદ્ર એમ. દેસાઇ (ચરણદાસ) બી.ઇ (સીવીલ) બીરપુર**

૨૦. પયોહારી લીલા પયગામ

રાગ – કાન્હરો–બિહાગ

નંદકી નવલખ ગૈયા ચરાઇ;
ટેર કદમસે છોટે બઠેન, પુરી પયગામ સોહાઇ. ૧

રસ પયપાન, કરાવત ગોપી, બનાવત શ્રી પયોહારી;
રૂપ ચતુર્ભુજ, દરશન દેઇ, મિટાવત પ્યાસ બિહારી. ૨

ઘર ઘર ગૈયા, લાવો રે મૈયા, પય સરોવર રચવાઈ,
નંદ ગામ રચી, કુંડ છછિયારી, દધિ માખનકો ખાઇ. ૩

અરોગાવતી, દૂધ સખીરી, ગૈયા ખિરક જબ લૌટી;
‘ચરનદાસ’ ગૈયા બડભાગી, ભઇ સેવા અનુરાગી. ૪

પયગામ – આ સ્થળે શ્રી ઠાકોરજીને ગોપીઓએ પયપાન કરાવી દુધ આરોગાવી શ્રી પયોહારી બનાવ્યા છે. પ્રભુએ પ્રસન્ન થઇ તેમને ચતુર્ભુજ સ્વરૂપે દર્શન આપ્યાં છે. આ સ્થળે અસંખ્ય ગાયોનું પાલન થતું હતું અને દુધનું સરોવર – પય સરોવર છલકાતું હતું. તેથી આ સ્થળનું નામ પયગામ – દુધનું ગામ પડયું છે.

શ્રી ઠાકોરજીએ નંદબાવાની નવ લાખ ગાયો અને વાછરડાંઓ ચરાવી વિધવિધ લીલા કરી છે. નંદગામમાં છછિયારી કુંડ છાશનો કુંડ આવેલો છે. પયગામમાં – પય સરોવર અને દહેગામમાં દધિકુંડ આવેલો છે. આમ પ્રભુએ ટેર કદમથી છોટે બઠેન, મોટી બઠેન, અને પયગામ સુધી ગાયોના ધણને ચરાવી લીલા કરી છે. આ સ્થળે પ્રભુએ પયપાન કરી પોતાના ક્ષુધા – છિપાવી છે

માનવ-ધર્મ

(મનુષ્ય કે દશ ધર્મ)

સંપાદક :- **શ્રી હનુમાનપ્રસાદ પોદાર**

ભાષાંતર :- **ડો. ચુનીલાલ રવજી, બાલધા, આંખના સર્જન, રાજકોટ.**

–ગતાંકથી ચાલુ

૪. અસ્તેય (ચોરી ન કરવી)

ઘણા દુઃખની વાત છે કે જો આપણે ત્યાં એક નોકર શાકભાજી ખરીદી લાવવામાં બે પૈસાની ચોરી કરી લે છે તો તેને આપણે પોલીસને હવાલે કરવા ઇચ્છીએ છીએ, પરંતુ આપણે પોતે દિવસભર એક પછી બીજી ચોરી સતત કરતા રહીએ છીએ, જેનો કોઇ હિસાબ નથી.

બજારમાં બેસીને લાંબી ચોડી વાતો કરવી અને નામ માટે વિપુલ ધનરાશિમાંથી થોડુંક ધન દાન કરી દેવું એ જ ધર્મનું લક્ષણ નથી. જ્યાં સુધી આ ચોરીની આદતો નથી છુટતી ત્યાં સુધી આપણે પરમાત્માથી ઘણા દુર છીએ. ચોરીથી લાખોની સંપતિનો સંગ્રહ કરીને તેમાંથી થોડોક ભાગ ધર્મ ખાતે જતો કરી લેવાથી કે કોઇને આપી દેવાથી પાપથી છુટકારો નથી મળી શકતો. એક મારવાડી કવિએ કહ્યું છે–

“એરણની ચોરી કરે, કરે સોઇનું દાન;
ચોબારે ચડીને જોવા લાગ્યો, ક્યારે આવે વિમાન”

ઘણા લોખંડથી બનેલ એરણની ચોરી કરી બદલામાં જરાક લોખંડની એક સોઇનું દાન કરીને જો ઉપર ચડીને પોતાને માટે સ્વર્ગના વિમાનની પ્રતિક્ષા કરે છે. તે જેવો હાસ્યાસ્પદ છે તેવો જ એ છે જે દિવસભર ચોરી કરીને બદલામાં થોડુંક ધન દઇને પાપમાંથી મુક્ત થવાની આશા રાખે છે.

વેપારી સમાજે પોતાની છાતી પર હાથ રાખીને પોતાની ચોરીઓ જુએ, અને તેને છોડવાનો પ્રયત્ન કરે.

વેપારી સમાજની માફક બીજા સમાજમાં પણ ખુબ ચોરીઓ થાય છે. પોલીસ વિભાગ જે ચોરોથી સમાજની રક્ષા કરવા માટે બનેલ છે. રીશ્વત માટે પ્રસિદ્ધ છે. પોલીસ વિભાગના એક તક પામેલ સજ્જને મને કહ્યું હતું કે જ્યારે કોઇ નવો માણસ આ વિભાગમાં ભરતી થાય છે ત્યારે તે પહેલેથી જ આ વાત વિચારી લે છે કે મારું વીસ રૂપિયા વેતન છે તો દશ રૂપિયા ઉપરના હશે, ત્રીસ રૂપિયા રોજના પડશે. આ 'ઉપરના' નામનો અર્થ ધૂંસકે ચોરી જ છે. રેલ્વે કર્મચારીઓ સાથે મળીને મોટા મોટા વેપારી અને સભ્યતાવાળા લોકો ભાડુ ચુકવવામાં ચોરી કરે છે અને તેને ચતુરાઇ સમજે છે. મોટા મોટા મીલમાલિકો સવાઇ-દોઢી કાંજી આપીને કપડાંનું વજન વધારે છે. મોટા મોટા વકીલ-બેરીસ્ટર પોતાના અસીલોને કોર્ટથી બચવા માટે જુદી જુદી સલાહ આપ્યા કરે છે, એ ચોરીનું જ રૂપાંતર છે. અનેક ધર્મોપદેશકો અને સમાજ સુધારકો શાસ્ત્રના સાચા અર્થને છુપાવી મત પ્રચાર કે સ્વાર્થસિદ્ધિ માટે ઉલટો અર્થ કરતા જોવામાં આવે છે. ડોકટર-વૈદ્યોની સભ્યતા પડદામાં થતી ચોરીઓનો ઘણાને અનુભવ છે. કલા અને સાહિત્ય સંસારમાં પણ ધોળે દહાડે ચોરીઓ થાય છે. સારાંશ એ કે આજકાલ લગભગ બધામાં આ પાપ ફેલાઇ ગયું છે, આ કોઇ અતિશયોકિત નથી. અત્યારે કદાચ આવી જ સ્થિતિ બની રહી છે. એવા ઘણા થોડા અસલ ભાગ્યશાળી માણસો છે. જેઓ આવા કર્મોને પાપ સમજી તેનાથી સર્વથા બચેલા છે.

ઘણા લોકો તો આને પાપ જ માનતા નથી. કેટલાક લોકો પાપ તો માને છે પરંતુ કુસંગમાં પડીને લોભથી કે પરિસ્થિતિથી બંધાયેલા હોવાથી આવા કર્મ કરી બેસે છે. તેમને પશ્ચાતાપ તો થાય છે, પરંતુ તેઓ પોતાની કમજોરીથી બચી નથી શકતા.

સમાજની આવી ખરાબ પરિસ્થિતિ માટે આપણે બધા જવાબદાર છીએ. સમાજમાં ખોટા ખરચા, લેણ-દેણની પ્રથા અને વિલાસતા ઘણા વધી ગયા છે. પોતાની ઇજ્જત બચાવવા માટે એકની દેખાદેખી બીજાને પણ અવસર પર તેટલો જ ખર્ચ કરવો પડે છે. પાસે પૈસા હોય નહીં. એવી અવસ્થામાં જો કયાંયથી મળી જાય તે તો ઠીક, નહીંતર કોઇને કોઇ પ્રકારે ચોરી કરવી પડે છે. દેવું થઇ જાય છે. તો તેને ચુકવવા માટે પણ આ ઉપાય સુઝે છે. સમાજના દોષોથી બધું મોંઘુ થઇ ગયું. ૨૦-૩૦ રૂા. માસિક પગારદાર માણસ શહેરમાં રહીને મોટા કુટુંબનું પાલન ન કરી શકે. તેને પણ ચોરી કરવી પડે છે. ચોક્કસ આવા કર્મોનું સમર્થન તો કોઇ પણ અવસ્થામાં ન કરી શકાય.

ચોરી કરવા કરતા ભૂખે મરી જવું સારું છે, પરંતુ આ વાત કહેવામાં જેટલી સહજ છે, પરિસ્થિતિ આવતા પાલન કરવામાં એટલી જ કઠિન છે. સમાજના ધનવાન, આનનીય અને અગ્રણી લોકોએ આવા લોકોને આ પાપથી મુક્ત કરવા માટે આગળ આવીને ખોટા ખર્ચ

બંધ કરે, વિલાસનો ત્યાગ કરે, લોકો સામે એવો આંદર્શ રાખે કે જેથી ઓછો ખર્ચ કરવામાં કોઇને લજ્જા કે સંકોચ ન થાય.

મોટા મોટા ધર્માચાર્ય, ઉપદેશક, નેતા, દેશભક્ત, ધનવાન, ધંધાદારી, મુનીમ, સેવક, સરકારી, રેલ્વે કર્મચારી વિ. બધાએ આવી ચોરીઓથી બચીને સર્વ સાધારણને એ બતાવી દેવું જોઇએ કે ચતુર:ઇને નામે પરત્વ અપહરણની જે કંઈ પ્રયત્ન થાય છે તે બધા પાપ છે. જ્યારે લોકો આ ચતુરાઇને પ.પ સમજવા લાગશે ત્યારે પોતે તેનાથી દુર જશે. કોઇના પણ હકની કોઇ રીતે પણ હરણ કરવાની ઇચ્છા, પ્રયત્ન કે કાર્ય ન થવું જોઇએ. આનું નમ અસ્તેય છે.

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય ઈચ્છારામ ભટ્ટના

આંતર ઉદ્દગારો

૪૭. ભક્તોના પ્રકાર

કુમારિકા શ્રી જમનાજલ ક્રીડા કરે છે, કાત્યાયની વ્રત કરે છે તે શા માટે? તેનું કારણ એ કે પ્રભુ અમને વરે, સંબંધ પ્રભુનો છે, ને જલ ક્રીડા કરે છે, ને જલ છાંટે છે, તેઓ મનમાં એમ જાણે છે, કે હું પ્રભુને જલ છાંટું છું. એમ ન હોય તો સોળ હજાર નહાવા પેઠાં છે, ને કોઇ દેખાતું નથી. દેખાતાં નથી. એનું કારણ એ છે કે પ્રભુમાં આસકત થયાં છે. આશા એ છે કે પ્રભુ અમને કયારે વરે? કયારે અમારો અંગીકાર કરે? મહા ટાઢમાં વ્રત કર્યું, ત્યારે પ્રભુએ આશા પુરી કરી. વેણુનાદ કરીને તેડયાં.

વ્રજમાં બે પ્રકારના ભકતો છે (૧) અન્ય પુર્વા (૨) અનન્ય પુર્વા. અનન્ય પુર્વા તે તે કુમારિકા. તે તો કુવારાં છે, તેમના ધણી તો એક પ્રભુ છે. અન્ય પુર્વા તે પરણેલાં છે, તેમને છોકરાં છે, તેઓ માતાઓ છે, અન્ય પુર્વાનું એક તરફ ઝુંડ આવીને ઊભું છે. વેણુનાદ તેમને માટે પ્રભુએ કર્યો છે, એટલે તેમને શું પુછે?

પણ અન્યપુર્વા ભકતોને પ્રભુ કહે છે, કે આ મધરાતે તમારા ધણી છોકરાં માતાપિતા વગેરે તજીને કેમ આવ્યા છો? ઘેર જાઓ. એ સર્વેની સેવા કરો.

આમ કહેવા છતાં ન ગયાં, ત્યારે તેઓ પણ રહ્યાં. અનન્ય પુર્વાને તો કોઇ છે નહિ. બીજા જીવ તો વેણુનાદને શું જાણે? તેમ આજના ભગવદ્દીઓ એક પહેલાં પ્રકારના પ્રભુ પ્રત્યે અનન્યતા, બીજા પ્રકારના પ્રભુને ને સંસારને જાણે છે. ત્રીજા પ્રકારના એક સંસાર જાણે છે ને પ્રભુનું નામ માત્ર જાણે છે.

કંઠાભરણમ્

ઊર્ધ્વબાહુર્વિરૌમ્યેવ ન ચ કશ્ચિચ્છૃણોતિ મે ।
ધર્માદર્થશ્ચ કામશ્ચ સ કિમર્થં ન સેવ્યતે ॥

(વ્યાસ ભગવાન કહે છે કે) બે હાથ ઊંચા કરીને, પોકારી પોકારીને હું કહી રહ્યો છું કે 'હે લોકો ! ધર્મથી જ અર્થ અને કામ પ્રાપ્ત થાય છે, તો શા માટે તમે એ ધર્મનું સેવન કરતા નથી ? પણ અરે, મને કોઇ સાંભળતું નથી.

ન જાતુ કામાન્ન ભયાન્ન લોભાદ્ધર્મં ત્યજેજ્જીવિતસ્યાપિ હેતોઃ ।
ધર્મો નિત્યઃ સુખદુઃખે ત્વનિત્યે જીવો નિત્યો હેતુરસ્ય ત્વનિત્યઃ ॥

ખરેખર કામ, ભય કે લોભના કારણે અથવા જિંદગીના કારણે પણ ધર્મનો કદી ત્યાગ ન કરવો, કેમકે ધર્મ નિત્ય છે અને સુખદુઃખ તો અનિત્ય-ક્ષણિક છે અને જીવતા હેતુ કારણ અજ્ઞાન કે આસક્તિ તો અનિત્ય છે.

વિપદો નૈવ વિષદઃ સંપદો નૈવ સંપદઃ ।
વિપદ્ વિસ્મરણં વિષ્ણોઃ સંપન્નારાયણ સ્મૃતિઃ ॥

વિપત્તિ એ સાચી વિપત્તિ નથી અને ધન-દોલત સાચી સંપત્તિ નથી. વિષ્ણુનું વિસ્મરણ જ વિપત્તિ છે અને નારાયણનું સ્મરણ જ સંપત્તિ છે.

ધર્મં ચરત માઽધર્મં સત્યં વદ નાનૃતમ્ ।
દીર્ઘં પશ્યત મા હ્રસ્વમ્ પરં પશ્યત માઽપરમ્ ॥

ધર્મનું આચરણ કરો, અધર્મનું નહીં, સત્ય બોલો, અસત્ય નહીં. દીર્ઘદૃષ્ટિ રાખો, સંકુચિત નહીં, ઉપર (ભગવાન તરફ) જુઓ, નીચે (દુનિયાની તરફ) નહીં.

ધારણાદ્ધર્મમિત્યાહુઃ ધર્મો ધારયતે પ્રજાઃ ।
યસ્યાદ્ ધારણસંયુક્તઃ સ ધર્મ ઇતિ નિશ્ચયઃ ॥

જે સર્વનું ધારણ-પોષણ કરે તે ધર્મ કહેવાય છે, ધર્મ પ્રજાઓને ધારણ કરે છે, એ કારણે જે ધારણયુકત હોય તે ધર્મ, એવો નિશ્ચય કરાયો છે.

સર્વેષાં યઃ સુહૃન્નિત્યં સર્વેષાં ચ હિતે રતઃ ।
કર્મણા મનસા વાચા સ ધર્મ વેદ જાજલે ॥

હે જાજલિ ! જે મનુષ્ય સર્વનો મિત્ર હોય અને મન, વચન, કર્મથી સર્વદા સર્વનું હિત કરવામાં તત્પર રહેતો હોય તે ધર્મને જાણે છે.

['કંઠાભરણમ્' કેસેટ પુસ્તિકામાંથી શ્રી પરીખ પરિવારના સૌજન્યથી]

॥ શ્રી હરિઃ ॥

કાવ્ય–કુંજ

શ્રીજી બાવાનો વૈભવ

['મારા શ્રીનાથજીની સોનાની ઘંટી' .... એ ઢાળ]

મારા શ્રીનાથજીનો સોનાનો મુગટ, વાંકી વેણી શિરે સોહે છે સુંદર;
ભાલે તીલક તો શ્રીજીને સોહાય .... આંખી કરતાં મારું ચિત્ત ન ધરાય. (૧)
મારા શ્રીનાથજીનાં નમણાં છે નયનો, નાસિકા મોતી ને કાને છે કુંડળો;
રસીક અધર પર હળવું છે હાસ્ય .... આંખી કરતાં મારું ચિત્ત ન ધરાય. (૨)
મારા શ્રીનાથજીને હડપચીએ હીરલો, બાંહે બાજુબંધને હેમ આભૂષણો;
ગુંજામાળા ને વનમાળા સોહાય .... આંખી કરતાં મારું ચિત્ત ન ધરાય. (૩)
મારા શ્રીનાથજીએ ગિરિવર ધાર્યો, જમણો તે હસ્ત હરિ કટિબદ્ધ રાખ્યો;
કરમાં કમળ પુષ્પ વેણુ સોહાય .... આંખી કરતાં મારું ચિત્ત ન ધરાય. (૪)
મારા શ્રીનાથજીના વિવિધ છે વાઘા, પંચરંગી પટકા ને ઝરીયન છે જામા;
સોળે શણગાર આ શ્રીજીથી સોહાય .... આંખી કરતાં મારું ચિત્ત ન ધરાય. (૫)
મારા શ્રીનાથજીનાં સોનાનાં નેપુર, સોનેરી મોજડીએ મોતીના અંકુર;
ચરણકમળ નીરખીને સર્વે સુખ થાય .... આંખી કરતાં મારું ચિત્ત ન ધરાય. (૬)
મારા શ્રીનાથજી તો વ્રજમાં પ્રગટિયા, અજબકુંવરી કાજે મેવાડે વસિયા;
અષ્ટ સખાજી શ્રીજી મંદિર સોહાય .... આંખી કરતાં મારું ચિત્ત ન ધરાય. (૭)
મારા શ્રીનાથજીનું ભવ્ય છે મંદિર, વૈષ્ણવની ભીડ તોય ઉમટે છે અંદર;
જાણે જમુનાજીની લહેરો લહેરાય .... આંખી કરતાં મારું ચિત્ત ન ધરાય. (૮)
મારા શ્રીનાથજીને નિત્ય નવા ઉત્સવ, આઠે દર્શન મહીં આનંદને ઓચ્છવ;
વૈષ્ણવ મનોરથ પૂર્ણ સહુ થાય .... આંખી કરતાં મારું ચિત્ત ન ધરાય. (૯)
મારા શ્રીનાથજી તો રૂપનાં સરોવર, રાસેશ્વર રાસલીલા ખેલે મનોહર;
લાજી 'કુસુમાયુધ' લાગે છે પાય .... આંખી કરતાં મારું ચિત્ત ન ધરાય. (૧૦)
મારા શ્રીનાથજી તો દેવોને દુર્લભ, શ્રી વલ્લભ કૃપાથી થયા વૈષ્ણવોને સુલભ;
કળીયુગમાં વ્રજભૂષણ પ્રગટયા સદાય .... આંખી કરતાં મારું ચિત્ત ન ધરાય. (૧૧)

રચયિતા :– **જયંતલ જી. ગાંધી 'કુસુમાયુધ', જુનાગઢ.**

ક્ષમા યાચના

ગત જાન્યુ. ૯૭ના અંકમાં શરતચુકથી ઉત્સવ યાદી મહા (ફેબ્રુ.) માસની છપાયેલ **જેથી આ અંકમાં ફરી ઉત્સવ યાદી પ્રસિદ્ધ કરી નથી. તે બદલ ક્ષમા માગીએ છીએ. –સંપાદક**

અનન્યાશ્રય

ગો. શ્રી વ્રજનાથલાલજી મહારાજ ચાંપાસેની

અનન્યાશ્રય સિદ્ધાંત વેદ વિહિત છે. એટલે કે બીજાનો આશ્રય ન કરવો તે એટલે પરબ્રહ્મ શ્રીકૃષ્ણથી ઇતરનો આશ્રય ન કરવો તે અનન્યાશ્રય.

શ્રીકૃષ્ણની જે વિભૂતિઓ છે તેમનો પણ આશ્રય ન કરવો. અરે ! શ્રી મહાપ્રભુજી એમ જણાવે છે કે 'પ્રાર્થનાઃ કાર્યમાત્રેપિ'. હારીત સ્મૃતિમાં પણ કહેલું છે કે 'નાન્ય દેવં નમસ્કૂર્યાત્' ઇત્યાદિ. શ્રીમદ્ વલ્લભાચાર્યજી પણ આનું જ ઉદ્ઘાટન કરે છે, તે ઉપરના શ્લોક ઉપરથી જણાશે. વળી ગીતામાંનો 'સર્વધર્માન્પરિત્યજય માકેકં શરણં વ્રજ' એ પણ અનન્યાશ્રયનો ઉદ્બોધ છે. વળી અનન્યાશ્ચિન્તયન્તો માં યે જનાઃ પર્યુપાસતે વગેરે પણ તે જ સૂચવે છે. અરે, ઋગ્વેદ પણ આની ટકોર કરે છે. ઋગ્વેદના છઠ્ઠા મંડલમાં 'ન તેન આદિશે' એવું 'પુઝન્' નામના દેવ માટે કહે છે, તે સ્થળે સાયણાચાર્ય ટીકા કરતાં કહે છે કે 'ન તેન અન્યો દેવ આરાધિતવ્યઃ” આ ઉપરથી સમજાશે કે કોઇનો પણ આશ્રય ન કરવો. ફકત એકનો જ આશ્રય કરવો.

તે ખરું, પણ કોનો આશ્રય કરવો ? એક તે કોણ ? આને માટે હમણાં ટુંકામાં જવાબ આપીશું. તેનું યથાર્થ પ્રતિપાદન આગળ ઉપર કરવામાં આવશે. ટુંકામાં આશ્રય શ્રી કૃષ્ણ પરબ્રહ્મ જેનાથી 'યેન સર્વ મિદં તતમ્' આ સર્વ ઉત્પન્ન થયું છે તેમનો જ આશ્રય કરવો.

આ અનન્યાશ્રય સિદ્ધ થવા માટે સત્સંગ અવશ્ય જોઇએ. સારા માણસોનો સંગ કરવો એમ આચાર્યશ્રી આજ્ઞા કરે છે સ્વામાર્ગનું સ્વરૂપ પણ જાણવું મુશ્કેલ હોય છે. તેથી ઘણી વખતે સત્સંગની લાલસાએ દુઃસંગના સાંણસામાં સપડાઇ જઇએ છીએ. આવું ન થાય તે માટે શ્રી મહાપ્રભુજી 'ભકિત વર્ધિની' માં આજ્ઞા કરે છે કે 'અતઃ સ્થૈર્યં હરિસ્થાને તદીયૈઃ સહ તત્પરૈઃ' વળી શ્રી હરિરાયજી આજ્ઞા કરે છે કે સત્સંગ દુર્લભ છે. આપણે દુઃસંગ કોને ધારવો તે પણ ગ્રંથોથી સમજી લેવું.

ગૃહસ્થિત જે સંબંધીઓ છે તેમનાથી પણ વંચિત થવાય છે તેથી આપણા સંબંધીઓનો પણ દુઃસંગ જાણવો તેનું ખરૂં સ્વરૂપ તો જે શ્રીમદ્ વલ્લભાચાર્યજીનાં વાકયથી ઇતર વાકય બોલે તે દુસંગી જાણાવો.

હવે સત્સંગ કોને જરૂરનો છે, તેનો વિચાર કરીએ ઘણા એમ માને છે કે બ્રહ્મસંબંધ કર્યાથી સર્વ દોષો નિવૃત્ત થાય છે ત્યાર પછી સત્સંગની જરૂર છે જ નહિ. પણ તે તેમની ભુલ છે

'નિવેદન તું સ્મર્તવ્ય' અહીં તાદશ જનનો સંગ કરવાનો કહયો જ છે. વળી ઘણા એમ માને છે કે આપણે તો તે દશાથી પણ પર છીએ, માટે આપણને દુઃસંગ બધા કરતો નથી.

નીચેનો દાખલો સત્સંગ કોને જરૂરનો છે અથવા દરેકને જરૂરનો છે સારી રીતે બતાવે છે.

કોઇ છોડ હોય છે તેને હંમેશા જળસિંચન જોઇએ છે જો તેને હંમેશા જલ ન રેડીએ તો કરમાઇ જાય. જે મોટા ઝાડ તે ઘણાં જુનાં થઇ ગયાં છે તેમને હમેશા જળ સિંચવાની જરૂર નહિ વરસમાં એકાદ વખત વરસાદ દ્વારા સિંચન થાય એટલે નભે.

અહિં સિદ્ધાંતમાં જે માર્ગ પ્રવેશ કરનારાઓ છે તેમને હંમેશાં સત્સંગ જોઇએ ને જે મહાનુભાવીઓ છે તેમને કાલાંતરે જોઇએ, પણ તેમને ય સત્સંગરૂપી છત્રીનો ઓથ રાખી સર્વથા ચાલવું, તો જ કૃતાર્થ થવાય.

શ્રી હરિરાયજી તો એટલે સુધી આજ્ઞા કરે છે કે સત્સંગમાંય કંઇ ઉણપ હોય છે. પણ પ્રભુના નામ વિના કંઇ ઉચ્ચાર પણ કરવો નહી, નહી તો બહિર્મુખતાનો દોષ પ્રાપ્ત થયે કાલાંતરે દુઃસંગના સાણસામાં જકડાઇ જવાય છે. વળી દુઃસંગમાં સપડાવામાં આહાર કારણભુત હોય છે. આહાર શુધ્ધ હોય તો જ વિચાર શુધ્ધ આવે. મુળો ખાધો હોય તો મુળાના જ ઓડકાર આવે, તેવી રીતે અશુધ્ધ આહાર ખાધો હોય, કોઇના ખોટે રસ્તે મેળવેલ પૈસામાંથી જમણ જમ્યા હોઇએ તો આપણી બુદ્ધિ તેવી જ થાય છે. આવું થવા ન પામે તે માટે શ્રી મહાપ્રભુજીએ અસમર્પિત વસ્તુનો ત્યાગ અથવા જે વસ્તુ પ્રથમ પ્રભુના કામમાં ન યોજી હોય તે આપણા પોતાના કામમાં લેવી નહી, વળી ગીતાજી પણ એજ ઉપદેશ કરે છે કે જે પોતાના માટે રાંધે છે તે નરાધમ છે ને નરકનો અધિકારી છે. આવા ભાવાર્થનું ત્રીજા અધ્યાયમાં જણાવ્યુ છે. આપણે જે વસ્તુ લાવીએ તે વસ્તુ પ્રથમ સમર્પિત કરીને લેવી.

અસમર્પિત વસ્તુનો ત્યાગ એ નિયમ લીધો પણ શંકા થાય કે ભાઇ માંદા પડયા તો તેને માટે જે દવા તેનું સમર્પણ કેમ થાય ? ના પણ રોગાદિ ઉપદ્રવ જો કે થાય પણ સેવામાં હાનિ ન કરે એટલે વાંધો નહિ, તથાપિ તેવાઓએ દવામાં પ્રસાદી જલ મિલાવી દવા

શ્રી વ. સુ. ના સને ૯૬-૯૭ નાં ગ્રાહકો માટે

સને ૯૬-૯૭ના "શ્રી વલ્લભ સુધા" ના ગ્રાહકો માટે જે ભેટ પુસ્તક "૨૫૨ ભગવદ્દીપ રત્નાવલી"નું છપાઇ કામ ચાલુ છે. માર્ચ માસમાં તે પુસ્તક ગ્રાહકોને મોકલવામાં આવશે જેની ગ્રાહકો નોંધ લ્યે.

વિશેષમાં ૯૬-૯૭ના ગ્રાહકો ન બનેલ હોય તેઓની ફેબ્રુઆરી આખર સુધીમાં વાર્ષિક લવાજમ રૂા. ૩૫ અગર આજીવન લવાજમ રૂા. ૪૦૧/- ભરી ગ્રાહક બનશે તો તેને ભેટ પુસ્તકનો લાભ પ્રાપ્ત થશે ૯૬-૯૭ નાં મર્યાદિત ગ્રાહકો નોંધવાનાં હોય આપ તુરત જ ગ્રાહક બની લાભ પ્રાપ્ત કરશો તેવી અપેક્ષા.

પીવી. ત્યારે આપણા જોડા સમર્પિત કેવી રીતે કરવા ? શું આપણે તે જોડાને મંદિરમાં લઇ જઇ શય્યાગૃહ આગળ પધરાવવા ? ના તેમ તો ન જ બને. તેને સમર્પણ આ રીતે થાય છે. નવા જોડા લઇને (પહેરીને) મંદિરે દર્શન કરવા જવું એટલે તે સમર્પિત થયા. આવી રીતિઓ કર્ણોપકર્ણ સાંભળવામાં આવી છે, માટે આવી પ્રાચીન રીતિને અનુસરવું એ સ્વમત છે.

ઉપરની ઝીણવટથી વાંચક વર્ગને સમજાયું હશે કે આ માર્ગમાં અસર્પિતનો સર્વથા ત્યાગ છે. વળી પ્રભુને સમર્પણ કરવાની વસ્તુમાં આપણાપણું રાખવાની નથી. તેમાં જો આપણાપણું રહે રહે તો અર્ધભુકત લેખાય. એવી આજ્ઞા શ્રીમદાચાર્યચરણ કરે છે.

આપણા શ્રી ઠાકોરજીને માટે જે વસ્તુ ધરવાની હોય તે લાવીએ, સિદ્ધ કરી તેને ધરાવીએ ત્યાં સુધી ભાવનો વિકાર થવો જોઇએ નહિ. શ્રી મટ્ટજી મહારાજ જેમણે છપ્પન ભોગ કર્યો હતો. તે જ્યારે ડાકોરમાં બિરાજતા હતા તે વખતે ચુન દળાઇને આવ્યો. તે ચુનમાં ભીતરીયા વગેરે કહયું કે, 'દાદાજી આજે સામથી સારી થવાની છે' એ વસ્તુ બોલતાં જ આપશ્રીએ તે બધો ચુન ગાયોને પધરાવવાનો કહયો ને બીજો મંગાવ્યો.

વાચક વર્ગ બરાબર સમજી શકશે કે માર્ગ વૈદિક છે પણ આટલી બધી ઝીણવટ કોઈ વૈદિક માર્ગમાં નથી. આ માર્ગમાં જ આવી બધી ઝીણી વસ્તુઓને પણ ધ્યાનમાં લેવાય છે.

હવે બ્રહ્મસંબંધ ઉપર મેં જણાવ્યું હતું કે તેથી બધા દોષની નિવૃતિ થાય છે. આને આત્મસમર્પણ કહે છે. આ વસ્તુનાં ઉદ્દભવ શાથી તે સર્વની સમીક્ષા કર્યા બાદ તે વસ્તુ પણ શાસ્ત્ર સિદ્ધ છે તેનો નિર્દેશ કરીશું

શ્રી મહાપ્રભુજીને ચિંતા થઇ કે દૈવી જીવોનો ઉધ્ધાર કરવો છે ને શ્રી નાથજીના ચરણકમલમાં સોંપવા છે, પણ બધાય જીવો દોષપૂર્ણ છે. આવા જીવોનો હું અંગીકાર કરું તેનો સ્વીકાર શ્રીનાથજી દ્વારા થાય ખરો ? આ ચિંતાની નિવૃતિ માટે શ્રીકૃષ્ણ પરમાત્માએ સ્વતઃ પ્રકટ થઇ શ્રાવણ સુદી અગીયારસની મધ્યરાત્રિએ 'બ્રહ્મસંબંધ મંત્રનું' દાન કર્યું અને આજ્ઞા કરી કે તમે જે જીવોને શરણે લેશો તે જીવોનો હું અંગીકાર કરીશ જ.

આ ગદ્યમંત્ર તે શું છે ? તેનો શો સાર છે ? તે જાણવાને સ્વાભાવિક હૃદય તલસે. આ ગદ્ય મંત્રમાંનો સાર કહયા પહેલાં ઉપરનો પ્રસંગ પુર્ણ કરું. તે વખતે શ્રી મહાપ્રભુજીએ શ્રીકૃષ્ણ પરમાત્માને સુતરનું પવિત્રુ જે વેદની રીતિએ પ્રભુને અર્પવાનું હતુ ને જે તૈયાર કરી રાખેલું હતુ તે પ્રભુની ગ્રીવામાં પધરાવ્યું ને ત્યાર પછી 'મધુરાષ્ટક' નામક ગ્રંથથી શ્રી પ્રભુનું સ્વરૂપ વર્ણન કર્યું, તે દિવસથી ચાલી આવેલી પ્રણાલિકા અદ્યાપિ પર્યંત ચાલુ જ છે.

ગદ્યમંત્ર જે ચોરાશી અક્ષરનો છે તેનો સાર નીચે આપ્યો છે, તે ઉપરથી ગદ્યમંત્ર શું સુચવે છે ? ને તેવી જ ટકોર અન્ય સ્થળે કરી છે કે કેમ ? એ સર્વ હવે પછી સ્પષ્ટ કરવામાં આવશે.

ગદ્યમંત્રનો સાર

હજારો વર્ષ વીતી ગયા, ઘણો વખત વીતી ગયો, શ્રીકૃષ્ણ પરબ્રહ્મનો વિયોગ થયો છે તેને લીધે ખરૂં જોતા વિરહ (અપ્રાપ્તિને લીધે) કલેશ થવો જોઇએ તે ન થયો, ને આનંદનો તિરોભાવ થયો છે એવો હું જીવ ભગવાન શ્રી યશોદોત્સગલાલિત શ્રીકૃષ્ણ શ્રીમદ્ ગોપીજનોના આહ્લાદક પ્રભુને દેહ, ઇન્દ્રિય, પ્રાણ, અંતકરણ તથા તે ચારેયના ધર્મો જેવા કે હાથથી ખાવું, પગથી ચાલુ, આંખથી જોવું વગેરે તથા સ્ત્રી, ઘર, પુત્ર કુટુંબ, કબીલો, ધન આ લોક અને પરલોક મારા આત્મા સહિત સમર્પણ કરૂં છું હું તારો દાસ છું, હે કૃષ્ણ હું તમારો છું,

આમ બધુંય સમર્પણ શ્રીકૃષ્ણને જ લખેલું છે અને જ્યારે શ્રીમહાચાર્ય વંશજ અત્ર ભૂતલ ઉપર બીરાજતા કોઇપણ બાલક બ્રમ્હસંબંધ દીક્ષા આપે છે ત્યારે પોતાનું સેવ્ય સ્વરૂપ પધરાવેલું હોય છે ને દીક્ષા લેનાર વૈષ્ણવ હાથમાં તુંલસીપત્ર પધરાવે છે ને ગદ્યમંત્ર બોલાય રહયા બાદ તે તુલસી શ્રી સેવ્ય સ્વરૂપના ચરણકમલમાં અર્પાય છે.

બ્રહ્મસંબંધ પછી શું કરવું તેની ટુંક સમીક્ષા કરેલી છે તથાપિ આ સ્થળે બેવાર કહ્યાનો દોષ ન ગણતાં તે દૃઢ થાય તે માટે ફરીથી કહેવામાં આવે છે.

બ્રહ્મસંબંધ દીક્ષા લીધી એટલે તેના જે બધા દોષો હતા તે નિવૃત થઇ ગયા અને સેવા કરવાને અધિકૃત થયો. ત્યાર પછી તે વ્યકિતએ પુનઃ દોષ ઉદ્દભવે નહિ તે માટે એ ગદ્ય મંત્રનું સ્મરણ ચાલુ જ રાખવુ. તનુજા અને વિત્તજા સેવા કરી માનસીમાં પ્રવેશ કરી કૃતાર્થ થવુ એજ અંતિમ ધ્યેય રાખવું.

આ બ્રહ્મસંબંધ મંત્રમાં "ભગવાન શ્રીકૃષ્ણને" સમપું છું એવો ભાવ છે. તે સર્વ ખરી રીતે તો ઉપર જણાવ્યા મુજબ શ્રી મહાચાર્યવંશજોશ્રીને સમર્પણ કરાવે છે. આની ગેર સમજને લીધે તથા સમર્પણનો બરોબર અર્થ કર્યા વિના નાવ ભ્રાંતિમાં ચકડોળે ચઢે છે ને ટેકરાથી અથડાઇને ભાંગી જાય છે. મહારાજા લાઇબલ કેસનો ઉદ્દભવ પણ ઉપરની ગેરસમજને લીધે થયો હતો. જો કે સિદ્ધાંતની દૃષ્ટિએ પરિહાર થયો જ છે.

હવે સમર્પણ કરેલી વસ્તુનો ઉપયોગ આપણાથી કેમ થાય ? આ વાત સત્ય છે. તેનો વિનિયોગ ભગવત્કાર્યથી ઇતર વસ્તુમાં ન જ કરવો. આનો અર્થ તો એજ થયો કે સન્યાસ

પૃષ્ઠ પ્રકાશન સહાય રૂા. ૧૦૧

"બુદ્ધિ પ્રેરક કૃષ્ણસ્ય પાદ પદ્મ પ્રસિદતુ ।
ધ્યાના સમર્થ જીવાનામાસ્માકં સર્વદા સ્વત:
(શ્રીમદ્ વલ્લભાચાર્ય ચરણા:)

શ્રી કનૈયાલાલ ખંડેલવાલ મનોહર થાના રાજસ્થાનના સવિનય ભગવદ્ સ્મરણ.

લઈ લંગોટી વાળી શું બહાર નીકળવું ? ના તેમ નથી જો તેમ ન હોય તો ગૃહસ્થાશ્રમને છોકરાં પરણાવવા વગેરેનો વ્યવાર કરવો જ ઘટે ને તેથી ધન ખચવું જ પડે, પણ ધન તો પ્રભુને જ સમર્પેલું છે એટલે શું કરીએ ?

મહાશય, તમે તમારી પાસે જે ધન હોય છે ધનને ભલે છોકરો પરણાવવામાં ખર્ચો, પણ તમારો ભાવ શો હોવો જોઇએ ? મારે ઘેર સેવા છે તે સેવામાં તે છોકરાની વહુ આવશે તે પણ તરત સહાય થશે. આવી માન્યતાથી તમે ધનનો વ્યય સારી રીતે ભગવદ અર્થે જ કરો છો. તેમ લેખાય વળી સ્ત્રીને સમપર્ણ શ્રી કૃષ્ણને કરવી તે શું ? ના તેમ નથી, પોતાની જે સ્ત્રી હોય તેને સેવાના કાર્યમાં યોજવી. સામગ્રી આદિ સિદ્ધ કરવા માટે કહેવું, જળ વગેરે ભરી લાવવા માટે સુચવવું. આ બધો વિનિયોગ સેવામાં સ્ત્રીનો છે, હવે આવું આત્મ સમર્પણ કોઇપણ શસ્ત્રાદિ સિદ્ધ હોય તો જ આ માર્ગથી ઇતર વ્યકિતઓ માનો, માટે તેના પ્રમાણ આપું છું.

બૃહદ્દારણ્યક ઉપનિષદમાં લખે છે કેઃ–

સેવા અયમાત્મા સર્વેષાં ભૂતાનામધિપતિઃ

સર્વે સમર્પિતા એવમેવાસ્મિન્નાત્મનિ

શ્રીમદ્ ભગવદ્ગીતાકાર આજ્ઞા કરે છેઃ

યત્કરોષિ યદશ્નાસિ તત્કુરુષ્વ મદર્પણમ્ વળી કાયેન વાચા મનસૈન્દ્રિતૈર્વા આદિ.

આ બધું શું સુચવે છે ? આમાં પણ સર્વ સમર્પણ સમાયેલું છે. આ માર્ગમાં વિષયને અનુસરનારાઓ તો માર્ગના કટ્ટા શત્રુ છે, કારણ કે શ્રી મહાચાર્યચરણના ઉપદેશથી અન્ય રસ્તે જાય છે. શ્રીમદ વલ્લભાચાર્યજી આજ્ઞા કરે છે કેઃ

'વિષયા ક્રાંત દેહાનાં નાવેશઃ સર્વથા હરેઃ' વિષયી જીવનો શ્રીમદ કૃષ્ણમાં પ્રવેશ હોતો જ નથી. વળી એક સ્થળે એમ આજ્ઞા કરે છે.

સ્વધર્માચરણં શકત્યા, વિધર્માચ્ચ નિવર્તનમ્ ॥
ઇંદ્રિયાશ્વવિનિગ્રાહઃ સર્વથાન ત્યજેત્ત્રયમ્ ॥

અનુકરણીય

આ જીવન ગ્રા. નં. ૩૪૮ શ્રી શા. મધુસુદન નટવરલાલ જેતપુર પાવી દ્વારા લવાજમના દર વધતા રૂા. ૧૦૦/– એકસો સંસ્થા ઉપર વિશેષ લવાજમ મોકલી અનુકરણીય પગલું ભરેલ છે.

વળી શ્રીમદ ભાગવતમાં શ્રીમદ ગોપીજનો પ્રભુ પ્રાપ્તિ કયારે કરી શકયા ? જ્યારે દુનિયાના બધા વિષય છોડીને પ્રભુની સમીપમાં ગયા ત્યારે જ.

શ્રીમદ્ ગોપીજનો શ્રી કૃષ્ણને વિનવિ છે કે :-

"સંત્યજય સર્વં વિષયાંસ્તવ પાદમૂલે પ્રાપ્તાઃ"

આ માર્ગમાં એકલા કામનો ત્યાગ નથી, પણ બધા વિષયો જે લૌકિક ને સાંસારિક છે તેનો ત્યાગ છે. આ ઉપરથી સમજી શકાશે કે આ માર્ગ વિષયથી ઇતર છે.

ઉપર મુજબ તમે સંન્યાસ લેવાની ના કહો છો અને ગૃહસ્થાશ્રમમાં જ રહીને જળ કમળવત્ સાક્ષી થઇને રહેવાનું કહો છો તો સંન્યાસ ગ્રહણ કેમ ન કરવો ?

આ કાળમાં સન્યાસનો અર્થ છે તે અર્થ શ્રી મહાપ્રભુજી કરતા નથી. હાલમાં ભગવાં વસ્ત્ર પહેરીને પાંખડરૂપ ઉભું કરેલું છે કારણ કે તે રીત અનુસરાતી નથી. સંન્યાસનો ખરો અર્થ ઇંદ્રિયોનો સમ્યક પ્રકારે નિરોધ કરી પ્રભુને માર્ગે યોજવી. તેમાં કષાય વસ્ત્ર હોય તો જ થઇ શકે ને નહિ તો ન થાય એવું નથી. પશ્ચાતાપનો વિચાર થાય છે. જે જળ કમળવત્ સાક્ષી પૂરી આ જગતમાં રહે તે જબરો સન્યાસી. સંન્યાસી હોય તોય વિષયાક્રાંત હોય એટલે તે ગૃહસ્થાશ્રમી જેવો જ પાખંડી, કારણ કે સંન્યાસ નિર્ણય ગ્રંથમાં આપશ્રી આજ્ઞા કરે છે કેઃ-

'વિષયાક્રાંત દેહાનાં નાવેશઃ સર્વથા હરેઃ' વળી સાધારણ મનુષ્યને દેહ, ઇંદ્રિય, મન, સ્રીને પુત્ર આ આ પાંચમાં સ્નેહ હોય છે તે વિભકત સ્નેહને બધાયમાંથી કાઢો નાખી તેટલો જ સ્નેહ પ્રભુમાં લગાડવો તેનું નામ જ ખરો સંન્યાસ છે.

[શુદ્ધા દ્વૈત અને ભકિત માર્તંડ વર્ષ ૩ અંક ૧ અને ૪ સંવત ૧૯૮૪ ચૈત્ર અને અષાઢમાંથી સાભાર]

આજીવન ગ્રાહકોની યાદી

૫૬૧ શ્રી ધીરજલાલ ખીમજીભાઇ પટોળિયા	સુરત
૫૬૨ શ્રી સતીશકુમાર ઇન્દુલાલ ગણાત્રા	જામનગર
૫૬૩ ,, હેમતલાલ ભુપતલાલ ઠાકર	જેતલસર જંકસન
૫૬૪ ,, સોની ગોરધનદાસ રણછોડદાસ	રાજકોટ
૫૬૫ ,, જે. જે. પટેલ	,,
૫૬૬ ,, પ્રવિણભાઇ એમ. શાહ	અમદાવાદ
૫૬૭ ,, રોશની ડીપાર્ટમેન્ટ	રાજકોટ
૫૬૮ ,, ગોપાલદાસ પોપટલાલ બગડાઇ	,,
૫૬૯ ,, માધવલાલ અંબાલાલ શાહ	અમદાવાદ
૫૭૦ શ્રીમતિ ઇલાબેન નરેન્દ્ર દોશી	મુંબઇ
૫૭૧ શ્રી ચોકસી જગદીશચંદ્ર કેશવલાલ	અમદાવાદ

૫૭૨	શ્રીમતી રાધાબાઇ મોહનીબાઈ જેસલમેર વાલે	ગોકુલ
૫૭૩	શ્રીમતી લીલાવંતી મેઘજી વેદ	કાંદીવલી
૫૭૪	શ્રી શંભુભાઇ આર. લાખાણી	અમદાવાદ
૫૭૫	,, રાજુભાઇ પરમાનંદ આડેસરા	રાજકોટ
૫૭૬	,. જયસુખભાઇ આર. કંસારા	અમદવાદ
૫૭૭	શ્રીમતી હેમકુંવરબેન મગનભાઇ પટેલ	રાજકોટ
૫૭૮	શ્રી અનંત પુરુષોત્તમભાઇ દત્તાણી	સુરત
૫૭૯	,, જયંતિલાલ પ્રેમચંદભાઇ સાંગાણી	અમદાવાદ
૫૮૦	,, કીરીટભાઇ શાંતિલાલ પરીખ	અમદાવાદ

॥ શ્રી હરિઃ ॥

શિખામણ–સૂત્ર

લેખક : **શ્રી ગણપતરામ શાસ્ત્રીજી –ધરબોલા**

સૂત્ર નં.–૫ સર્વેશ્વર કોણ ? શ્રીકૃષ્ણ

શ્રીકૃષ્ણ સર્વમાં વ્યાપી રહ્યા છે. સર્વ ઉપર તેની સત્તા છે. સર્વનો કાળ છે. સર્વને પરમાનંદ દેનાર છે. મુખ્ય પ્રિયા શ્રી રાધાજી છે. મુખ્ય પ્રધાન શ્રી શેષજી (બલદેવજી) છે. આ અવતાર દશામાં ૩ સાથે સદા રહે છે. આ ત્રિપુટી ક્ષણવાર પણ અલગ પડતી નથી. બલદેવજી રખેવાળ છે. રાધાજી પ્રેમરસનું પાત્ર છે. શ્રીકૃષ્ણ 'રસો વૈ સઃ' રસરૂપ છે. પાત્ર

મુલ સ્વરૂપ ગોલોક ધામમાં બિરાજે છે. એમનો વેશ ગોપવેશ છે. તે ગોલોક ૧૨ બાર કરોડ ગાઉનો છે. તેના ૧૨ ભાગ છે. એક એક ભાગમાં શ્રીકૃષ્ણનું સ્વરૂપ જુદા જુદા સ્વરૂપથી બિરાજે છે. મધ્યભાગમાં શ્રી ગોવર્ધનેશ નિકુજનાયક બિરાજે છે. તેમની પાસે મુખ્ય પ્રિયાજી શ્રી રાધાજી બિરાજે છે. કોટાન કોટી ગોપીજનના યુથ તેમની સેવાપરાયણ છે.

પુષ્ટિમાર્ગની સેવાક્રમ, સારસ્વત કલ્પમાં વ્રજમાં અવતાર થયો તે ગોલોકની લીલા ૧૨ સ્વરૂપની બાર કુંજમાં બિરાજતા હતા, તે જ દ્વાદશ સ્વરૂપોની થાય છે. એ જ મુલપુરુષ છે, તે ભગવાને ક્રીડા માટે વિશેષ વિચાર કરતા પોતાના રૂપથી પોતે ફેલાયા– પ્રદ્યુમન, અનિરૂદ્ધ, સંકર્ષણ અને વાસુદેવ. આ ચાર વ્યુહ મુર્તિરૂપ થયા, પછી ૬ (છ) નારાયણરૂપ થયા. શ્રી અગ્નિનારાયણ, શ્રી સૂર્યનારાયણ, શ્રી સત્યનારાયણ, શ્રી શેષનારાયણ, શ્રી લક્ષ્મીનારાયણ, શ્રી નરનારાયણ (બદ્રી). આટલા સ્વરૂપો પ્રકટ કરતા પોતે શંખ, ચક્ર, ગદા અને પદ્મ કેમ ધર્યા ! કદાચ અકસ્માત કામ પડે તો ભકતોની રક્ષા કરવા. ગજેન્દ્ર ઉપર દુઃખ આવતાં એવા દોડયા કે ગરુડજીને પણ ન બોલાવ્યા. પ્રહલાદજી ઉપર દુઃખ પડતાં સ્તંભમાંથી પ્રગટ થઇ ગયા. અવતાર દશામાં દ્રૌપદીજી ઉપર સંકટ આવતા દ્વારકા છોડી ચુપચાપ ૯૯૯ ચીર પુરી દ્રૌપદીજી લાજ રાખી. કુંતાજીની પ્રાર્થનાથી દ્વારકા જવાનું છોડી દીધું. (ક્રમશઃ)

પુસ્તક પરિચય

૧. કૃષ્ણ એ જ ગતિ

સંપાદક શ્રી યોગેશભાઈ શાસ્ત્રી, અમદાવાદ.
પ્રકાશક આં, રા. વૈષ્ણવ પરિષદ, ગુજરાત પ્રદેશ
શ્રી કૃષ્ણદાસ ચીમનલાલ પરિષ ભવન
શામળ બહેરની પોળ, માંડવી રોડ, વડોદરા,

ડેમી ૮ પેઈઝી પૃષ્ઠ ૧૧૮–૧૪–૧૩૨ ઓફસેટ પ્રિન્ટીંગ, પીન બાઈન્ડીંગ, આર્ટ પેપર ટાઈટલ ઉપર ગોવર્ધન લીલાનું બહુરંગી ચિત્રજી. ન્યોછાવર રૂા. ૩૦/– ત્રીસ,

આં. રા. પુ. વૈષ્ણવ પરિષદના ઉપક્રમે "કૃષ્ણાશ્રય" પર પ્રવચન સપ્તાહ પરિષદના સંગઠન મંત્રી **પ્રોફે. ચીમનભાઈ** શેઠના જયેષ્ઠ સુપુત્ર ગો. વા. ચિ. જતીનકુમારના નિમિતે યોજાયેલ જેમાં લેખક શ્રીએ **પ્રવચનો** આપેલ. જે ખુબજ રોચક અને પ્રભાવક હતા. સુંદર ઉદાહરણો. વિષયની વિવિધ રીતે છણાવટ **કરી સાદી** અને સરળ ભાષામાં સમજાવવાનો પ્રયાસ કરેલો આ પ્રવચનોને પુસ્તક રૂપે રજુ કરવામાં **આવેલ** છે.

શ્રીકૃષ્ણાશ્રયની સરળ અને સાદી ભાષામાં સમજ ઉપરાંત પુષ્ટિ માર્ગના પ્રાણ શ્રીમદ વલ્લભાચાર્યજી શ્રી યમુનાજી શ્રીનાથજી તથા શ્રી કૃષ્ણના ચિત્રજી તેમજ પરિષદની ગતિવિધિ વિશે ટુંકમાં માહિતી આ પુસ્તકમા આ લેખાઈ છે.

દરેક પુષ્ટિ પ્રેમીજને વાંચવા અને વસાવવા યોગ્ય પુસ્તક.

૨. પુષ્ટિ રસ દર્શન

સંકલન : ભારતીબેન પટેલ, નડીયાદ.
 પ્રા. ગોપાલભાઈ એસ, શાહ, આણંદ.
પ્રકાશક ઉપર કમ ૧ મુજબ

૮ પેઈજી ડેમીસાઈઝ પૃષ્ઠ ૨૪૪, ઓફસેટ પ્રિન્ટીંગ, પીન બાઈન્ડીંગ, લેમીનેશન આર્ટ પેપર ટાઈટલ શ્રી મહાપ્રભુજી, શ્રીનાથજી, શ્રી યમુનાજીના બહુરંગી ચિત્રજીવાળુ ન્યો. રૂા. ૩૦

આ પુસ્તકમાં મંગલાચરણ, શ્રીજી બાવાના કિર્તન, શણગાર દર્શન, માનસી પુજા દર્શન, વ્રંજ પરિક્રમા ધોળ, શ્રી ગોવર્ધન નાથજીનું પ્રાકટય પદા શ્રી યમુનાજીની આરતી, કંઠસરીનો મહિમા, સાંઝીજીનું ધોળ, ગોવિંદ, દામોદર સ્તુતિ, શ્રી કૃષ્ણ. શ્રી મહાપ્રભુજી શ્રી ગુસાંઈજી, શ્રી ગોકુલનાથજીના પ્રાકટયની વધાઈ, તુલસી વિવાહ, વામન જયંતિ, નૃસિંહ ચૌદશ રામનવમી, ગંગા દશમી, રથયાત્રા. નાગદમન, અધિક માસ અને એકાદશીના દિવસે ગાવાના રાસ, કિર્તન, ભકિત ગીતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

અનેક ઉત્સવોના ભજન, ભકિત ગીતો એક જ પુસ્તકમાંથી મળી રહે તે રીતનો પ્રયાસ છે. પુષ્ટિ ભકિત ગીતોના ચાહકો માટે સુંદર પુસ્તક.

૩. વૈષ્ણવતા વિભુને વહાલી

લેખક પ્રા, રમેશભાઈ વિ. ખરીખ; મહેસાણા.
પ્રકાશક શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
'વ્રજરજ' ૩૧; શિવ સોસાયટી નં. ૨
બી. કે, સિનેમાની બાજુમાં, મહેસાણા ૩૮૪૦૦૨

૮ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૨૪૦+૮–૨૪૮ ઓફસેટ પ્રિન્ટીંગ સેકશન સિલાઇ, કાર્ડ બોર્ડ લેમીનેશન વાળા ટાઇટલ ઉપર શ્રી સર્વોત્તમ સ્તોત્ર સચિત્ર શ્રી વલ્લભાચાર્યજી વૈષ્ણવોને ઉપદેશ આપી રહ્યા છે તેનું બહુરંગી ચિત્રજીવાળુ ટાઈટલ ન્યો. રૂા. ૩૦/૦

પુષ્ટિ સાહિત્યના સિદ્ધ હસ્ત લેખક દ્વારા વલ્લભીય સૃષ્ટિને એક વધારે અમુલ્ય પુસ્તકની ભેટ.

મુંબઈમાં 'મણકા વ્યાખ્યાન માળામાં રજુ થયેલી વાતો વધુ વિસ્તાર પુર્વક આ પુસ્તકમાં કહેવાઈ છે. પુસ્તક ૬ ખંડમાં વહેંચાયેલુ છે.

વૈષ્ણવતાની સાચી સમજ, તેના આદર્શો, કસોટી, વૈષ્ણવી વેશ, વૈષ્ણવી ઘર અને ગ્રહસ્થાશ્રમ વૈષ્ણવી જીવન વ્યવહાર વિગેરે પહેલાં ખડમાં સુંદર રીતે સમજાવ્યું છે.

બીજા ખંડમાં ૮૪–૨૫૨ ભગવદીયોના ઉત્કૃષ્ટ ઉદાહરણો દ્વારા વૈષ્ણવતાની વિશેષ સમજ રજુ કરી છે.

ત્રીજા ખંડમાં અર્વાચીન ભગવદીયોની સત્ય ઘટનાઓ દ્વારા વૈષ્ણવતા આજે પણ જળવાઇ શકે છે અને જળવાઇ રહી છે તે રજુ કરેલ છે.

ચોથા ખંડમાં અવૈષ્ણવી વર્તન દ્વારા આપણી તૃટિઓ પ્રત્વે અંગુલી નિદેશ કરેલ છે.

પાંચમાં ખંડમાં – પુષ્ટિપથથી ભટકેલા વૈષ્ણવોની મનફાવે તેવી વૈષ્ણવતાની ભાવના તરફ ધ્યાન દોરેલ છે.

છઠા અને છેલ્લા ખંડમાં વૈષ્ણવતાની સુવાસ ફેલાવતા સત્ય પ્રસંગોને પાત્રો નિરૂપણ કરેલ છે.

આજના સમયને અનુરૂપ એક અદભુત, અમુલ્ય પુસ્તક દરેક વૈષ્ણવે–પરિવારે અવારનવાર વાંચવા અને વિચારવા યોગ્ય પુસ્તક.

દરેક પાદશાળામાં, ભગવત વાર્તામાં નિયમીત રીતે વાંચવા યોગ્ય પુસ્તક શુભ પ્રસંગે ભેટ આપવા લાયક પુસ્તક.

૪ શિક્ષાપત્રનું આચમન (૩)

લેખક – પ્રકાશક ઉપર ક્રમ ૩ મુજબ.

૮ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૨૦૦+૧૬=૨૧૬, ઓફસેટ પ્રિન્ટીંગ, કાર્ડ બે.ર્ડ ટાઈટલ શ્રી હરિરાયજીના બહુરગી ચિત્રજીવાળું, પીન બાઈન્ડીંગ, ન્યો. રૂા. ૩૦/–

"શિક્ષાપત્ર" પુષ્ટિ સિદ્ધાંતો મહાસાગરના અમુલ્ય રત્નો છે, કોઇને પણ પુષ્ટિ સિદ્ધાંતોની પાયાની સગજ મેળવવી હોય તો તેમના હાથમાં ''શિક્ષાપત્ર' નિઃસંકોચ મુકી દેવાય. એવો કોઇ પુષ્ટિ સિદ્ધાંત નથી જે શિક્ષાપત્રમાં ન બતાવાયો હોય.

આ શિક્ષાપત્રો પૈકી ૨૧થી૩૦ આ પુસ્તકથાં સમાવાયા છે. પુષ્ટિ સાહિત્યના સિધ્ધ હસ્ત લેખક દ્વારા તેમનું ખુબજ સુંદર એને સરળ રીતે નિરૂપણ થયેલ છે.

દરેક શિક્ષાપત્રના મુળ શ્લોક ગુજરાતીમાં આપી અને ત્યારબાદ સુંદર વિવેચન દ્વારા સરળ રોતે લોકભોગ્ય રીતે રજુ કરેલ છે.

પુષ્ટિ સાહિત્યનુ અણમોલ રતન આ પુસ્તક છે. વાંચવા, વસાદવવા, ભગવત મંડલીમાં નિત્યક્રમમાં સમાવવાં લાયક પુસ્તક શુભ પ્રસંગે ભેટ આપવા યોગ્ય તો ખરૂંજ તેની બીજી આવૃતિ તેની લોકપ્રિયતાનું પ્રમાણ છે.

કૃપાનિધાન શ્રી વિઠલેશ પ્રભુચરણ શ્રી ગુસાંઇજી

પ્રકાશક : આંતર રાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ પુષ્ટિ પ્રચાર વિભાગ રાજકોટ શાખા
સંકલન – લેખન નંદકિશોર એ. ખંધેડીયા ન્યોછાવર રૂા. ૨૦
પ્રાપ્તિસ્થાન C/o સંજય ગેસ સર્વીસ, રજની બિલ્ડીંગ શેરી ભુપેન્દ્ર રોડ રાજકોટ–૩૬૦૦૦૧
૮ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૧૦૬ – ટાઈટલ શ્રી વિઠલેશ પ્રભુચરણનાં ચિત્રજી

ઉકત પુસ્તક નાના બાળકોને કેન્દ્રમાં રાખી તેમના માટે જ વાર્તા સ્વરૂપે વાર્તા પ્રસંગને અનુરૂપ ચિત્રજી સાથે બાળકોને રસ–રૂચિ વધારે તેવું સંકલન કરવામાં આવેલ છે. 'પરિષદનું ધ્યેય સંપ્રદાયનો પ્રચાર–પ્રસાર કરવાનું હોઈ આ પ્રકારનું પ્રકટદાન આજના સમયમાં જરૂરી છે. કારણ કે બાળકોમાંજ સંપ્રદાય પ્રત્યે શરૂઆતથી જ જો ટ્રમિ–રસ વધારીશું તેમની નિષ્ઠા ઉતરોતર વધતી રહેવાની અને યુવાન વયે તો તેમનામાં અનન્યતા આવશે જેમ એક છોડને શરૂઆતથી યોગ્ય પ્રમાણમાં પાણી ખાતર આપવાથી ભવિષ્ય સુંદર વૃક્ષ બનતું હોય છે. સંપ્રદાયના પરિવારોએ પુસ્તક બાળકોને જરૂર વસાવવા જેવું છે.

આ પ્રકારના પુસ્તકો પ્રકાશિત કરતા રહીને પરિષદ પોતાનું ધ્યેય પ્રાપ્ત કરશે પ્રકાશનને બીરદાવીએ છીએ.

સમાચાર

શ્રી રમેશભાઇ પરીખ 'વૈષ્ણવ પરિવાર' નું તંત્રીપદ પુનઃ સંભાળે છે :–

એપ્રિલ–૯૭ થી શરૂ થતાં નવા વર્ષ માટેના લવાજમ રૂા. ૫૦/– શ્રી હરસાનીજી પ. ચે. ટ્રસ્ટ સ્વીકારીને પાવતી આપે છે. લવાજમ સ્વીકારવાની છેલ્લી તા. ૨૮–૨–૯૭ છે. 'વૈષ્ણવ પરિવાર'નુ ૧૯૯૭–૯૮ના વર્ષનું લવાજમ માનદ પ્રતિનિધિઓને આપી, શ્રી હરસાનીજી ટ્રસ્ટની પાવતી મેળવી લેવી. મની–ઓર્ડરથી રકમ મોકલનાર વૈષ્ણવોએ નીચેના સરનામે લવાજમ મોકલવું.

તંત્રીશ્રી 'વૈષ્ણવ પરિવાર' શ્રી હરસાનીજી પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ, 'વ્રજ રજ'–૩૧,
શિવ સોસાયટી નં.–૨, બી. કે. સીનેમાની બાજુમાં, મહેસાણા–૩૮૪૦૦૨

એપ્રિલ–૯૭ના નવા વર્ષથી 'બાલપુષ્ટિ' માસિકનું ગુજરાતી અને અંગ્રેજીમાં પુનઃપ્રકાશ પણ શ્રી હરસાનીજી પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા શ્રી રમેશભાઇના તંત્રીપદે શરૂ થશે. તેનુ વાર્ષિક લવાજમ રૂા. ૪૦/– છે. તેની શ્રી હરસાનીજી ટ્રસ્ટની પાવતીઓ આપે છે. ઉપરના સરનામે મનીઓર્ડરથી મોકલી શકાય છે.

આદીવાસી બંધુઓને માળા, ચિત્રજી અને અષ્ટાક્ષર મંત્ર અપાયા
વૈષ્ણવ પરિષદનો નવીન અભિગમ

વાજપેય સોમયજ્ઞના અવસરે આં. પુ. વૈષ્ણવ પરિષદના પ્રચાર અધિવેશનમાં ઝાલોદના વિસ્તારના લગભગ પાંચસો આદીવાસીઓને પુ. પાદ ગો. શ્રી ૧૦૮ શ્રી ગોકુલ ઉત્સવજી મહારાજશ્રીના વરદ હસ્તે માળા, ચિત્ર, અને અષ્ટાક્ષર મંત્ર આપવાનો એક વિશિષ્ટ પ્રકરનો નવીન અભિગમવાળો એક સુંદર ભવ્ય કાર્યક્રમ સંપન્ન થયો. અષ્ટાક્ષર મંત્રનું મહત્વ સમજાવીને તેઓશ્રીએ સૌને 'શ્રીકૃષ્ણઃ શરણમ મમ' મંત્રનું ત્રણવાર ઉચ્ચારણ કરાવ્યુ. પ્રભુ સ્વામી છે' આપણે દાસ છીએ, ૮ વાર સવારે, ૮વાર સાંજે અને ૮વાર રાતના ત્રણ વાર અષ્ટાક્ષર મંત્રનું રટણ કરવું અને ઘરની બહાર 'જય શ્રીકૃષ્ણ' કહીને જવું જોઈએ એવી તેઓશ્રીએ સમજ આપી અને વૈષ્ણવ પરિષદને આશીર્વાદ આપ્યા હતા.

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ (યુ. કે.)

પરિષદનું ધ્યેય મુખ્યત્વે પુષ્ટિ સંપ્રદાયનો પ્રચાર અને પ્રસાર કરવાનો છે અને તેને અનુલક્ષીને પરિષદ આયોજન કરતી હોય છે. ઉપરોકત કેન્દ્રની શાખા પ્રસંગોપાત આયોજન કરે છે પુષ્ટિ પ્રવર્તક શ્રી વલ્લભાચાર્યજીનો પ્રાગટ્ય ઉત્સવ વધાઈ-કીર્તન તથા અન્ય પુષ્ટિ સપ્રદાયને અનુરૂપ અને કાર્યક્રમો કરે છે. તથા છેલ્લા ત્રણ વર્ષથી 'નવવિલાસ'નું સુંદર આયોજન કરી રહી છે. જેથી સંપ્રદાયનો પ્રચાર અને પ્રસાર વધતો રહે છે અને ખાસ કરીને વૈષ્ણવોમાં આ પ્રકારના આયોજનથી શ્રી ઠાકોરજી તેમજ શ્રી મહાપ્રભુ વલ્લભાચાર્ય પ્રતિ સ્નેહ સ્નિગ્ધ બને છે.

જે પ્રદેશમાં વિમુખતા અન્યાશ્રમ બહિર્મુખતાનો ભય હોય ત્યાં આ પ્રકારના ઉત્સવ-કાર્યક્રમથી વૈષ્ણવમાં સંપ્રદાય પ્રત્યે સ્નેહ વધે છે. તેમની ભક્તિ દૃઢ બને છે તેમજ એક માત્ર શ્રીકૃષ્ણ પ્રત્યે અનુરાગ તેમજ અનન્યતા વધતી રહેવાની. આં. રા. પુ. વૈ પ. (યુ.કે.)ની પ્રવૃતિઓને બીરદાવીએ છીએ અને ધન્યવાદ...!

આપનું નવા વર્ષનું લવાજમ સત્વરે ભરી વિશેષ લાભ પ્રાપ્ત કરો.

"શ્રી વલ્લભસુધા માસિક" ૯૬-૯૭ વર્ષ માર્ચ માસમાં પુર્ણ થાય છે.

સને ૯૭-૯૮ નું વાર્ષિક લવાજમ રૂા. ૩૫ આ જીવન લવાજમ રૂા. ૪૦૧ ૧૫ માર્ચ ૯૭ પહેલા સંસ્થાની ઓફીસે અગર સેવાભાવી કાર્યકરો પાસે લવાજમ ભરી ગ્રાહક બની શકાય છે કારણ કે એપ્રીલ ૯૭થી લવાજમના દર વાર્ષિક રૂા. ૪૦ તથા આજીવન રૂા. ૫૦૧/- કરવા નિર્ણય લીધેલ છે તો આપ સત્વરે આપજ લવાજમ જમાં કરાવશો જ પરંતુ આપણા સ્નેહી સબંધીઓને ગ્રાહક બનાવી તેઓ પણ સાંપ્રદાયીક જ્ઞાન પ્રાપ્ત કરવાની સામે પોતાનું જીવન ધન્ય બનાવી શકે તે માટે સાંપ્રદાયીક સેવા કરવાની નૈતિક ફરજ બજાવશો તેવી અપેક્ષા.

સને ૯૭-૯૮નાં ગ્રાહકો માટે "એક વિશિષ્ટ ભેટ પુસ્તક" આપવાનો નિર્ણય લીધેલ છે. જે પુસ્તક પ્રાપ્ત કરી જીવન ધન્ય બનાવવા એ સૌ માટે ગૌરવની વાત બની રહેશે.

ચેક ડ્રાફટ "શ્રી વલ્લભ વિજ્ઞાન" નામે મોકલવા અગર મનીઓર્ડરથી રકમ મોકલી શકાય છે.

૨૨. **મોટા ભાદરા**
પોંકીયા વલ્લભભાઈ રાઘવભાઈ

૨૩. **રાધનપુર**
શ્રી દામોદરભાઈ કંસારા
કંસારા બજાર, ટાવર રોડ

૨૪. **રાજપીપળા**
પ્રા. એમ. આર. પાલેજા
'લકુલીશ' માલીવાડ

૨૫. **લીંબડી**
શ્રી ચીમનલાલ પ્રાગજીભાઈ

૨૬. **વડોદરા**
શ્રી વામનભાઈ બી. પટેલ
ચોખંડી, વ્યારા પોળ

૨૭. **વાંકાનેર**
શ્રી સુભાષચંદ્ર ભીખાલાલ કંસારા

૨૮. **સુરત** શ્રી ગોરધનભાઈ રાણપરીયા
એ ૭ તાપી બાગ શોપીંગ સેન્ટર
વિભાગ–૩, ૨ જે માળે, ઓફીસ નં, ૩

૨૯. **વાપી** શ્રીમતિ ભામીનીબેન કિશોરભાઈ લાયજાવાળા
૧૦૫, અનુકુલ ચેમ્બર્સ
એન. એચ. નં. ૮ પ્લોટ નં. ૮/૧૨

૩૦. **હળવદ** શ્રી મનસુખલાલ કરસનદાસ કંસારા
C/o શ્રી હસમુખ મેટલ કોર્પોરેશન

૩૧. **વાંકાનેર**
કાકુભાઈ ગોરધનદાસ દોશી
C/o ભારત એજન્સી
પુલ દરવાજાની દુકાન.
મોટી શાક પીઠને નાકે.

રાજકોટમાં નીચેના સ્થળે શ્રી વલ્લભ સુધાનું લવાજમ ભરી શકાય છે

૧ શ્રી વલ્લભ સુધા કાર્યાલય
કંસારા મહાજનવાડી બિલ્ડીંગ, લોહાણાપરા:

૨ શ્રી મનસુખલાલ માવજીભાઈ સોની
શ્રી બાલકૃષ્ણજીની હવેલી

૩ શ્રી જશવંતભાઈ ત્રિભોવનદાસ જુઠાણી
શ્રી ત્રિકમરાયજીની હવેલી. જાગનાથ પ્લોટ

૪ શ્રી હસમુખભાઈ ખખ્ખર
C/o. સંજય ગેસ સર્વીસ, રજની બીલ્ડીંગ
વાળી શેરી ભુપેન્દ્ર રોડ

૫ મુખીયાજી મથુરાદાસ જીવરાજભાઈ
શારદા સદન, ૨૫ ન્યુ જાગનાથ

૬ શ્રી વસંતભાઇ એન, વોરા
C/o વોરા એન્ડ કું. દુર્લભ ચેમ્બર,
ઢેબરભાઈ રોડ

૭ શ્રી ગોરધનભાઇ વેલજીભાઈ શનિશ્ચરા
'લલિત કુંજ' ૪, કૈલાસવાડી, જંકશન પ્લોટ

૮ શ્રીમતી હર્ષાબેન એચ. ઠક્કર
'આનંદ' જલારામ–૬, ગણેશ વાડી સામે

૯ શ્રી છગનભાઇ રામોલીયા
C/o. શ્રી કૃષ્ણ એન્જીનીયરીંગ વર્કસ
મહાત્મા ઇન્ટરનેશનલ સામે, ભકિતનગર ગોડાઉન

૧૦ શ્રી મનસુખભાઈ સખીયા
C/o પટેલ હાર્ડવેર માર્ટ, રેયા રોડ,

૧૧ શ્રી કનુભાઇ જે. દેવાણી
'શ્રીનાથજી કૃપા' ૫, ગાયત્રીનગર

૧૨ શ્રી જે, પી, પારેખ
શ્રી સવજીભાઈની શેરી, સોની બજાર

૧૩ શ્રી અરવિંદલાલ ભાઈલાલ સોની
સવજીભાઈની શેરી. સોની બજાર

૧૪. શ્રી દેવજીભાઈ પડીયા
C/o રાજકમલ એજન્સી
પ્રહલાદ રોડ, કરણપરા ચોક પાસે.

SHREE VALLABH SUDHA Monthly Magazine. Publishedon third. date of Every Month, Regd.No.G/RJ.212-L.P.W.P43

શ્રી નાથજીનો સથવારો

શ્રી નાથજીનો સાથ અમારે સાથ અમારે
બીક પછી કોની અમારે
નામ જપુ સાંજ સવારે સાંજ સવારે
બીક પછી કોની અમારે ૧
દુનિયા દોરંગી શ્રીજી, જેમ તેમ બોલે
વૈષ્ણવ મસ્તાન બન્યા ગુણ તારા ગાવા
પ્રેમ તણો પ્યાલો પીધો રે પ્યાલો પીધો રે બીક૦ ૨
તનડુ મસ્તાન બની ગુણ તારા ગાય છે
રૂદીયામાં રોમ રોમ શ્રીજી શ્રીજી થાય છે
નાવડીને હાંકો કિનારે હાંકો કિનારે બીક૦ ૩
અંતરમાં એક તારા નામનું રટણ છે
જીવનમાં શ્વાસે શ્વાસે શ્રીજીના ભણકાર છે
ચાલો તો શ્રીજી દ્વારે શ્રીજી દ્વારે બીક૦ ૪
દર્શન વિના નાથ મનડુ મુંઝાય છે
નસે નસ શ્રીજી તમોએ શ્રીજી તમોએ
છત્ર ધર્યું શ્રીજી તમોએ શ્રીજી તમોએ બીક૦ ૫
વલ્લભના સ્વામી શ્રીજી રસિક શિરોમણી
તું છે તારણહાર મારા જીવનનો.
મહા પ્રભુજીનો સાથ અમારે સાથ અમારે
બીક પછી કોની અમારે. બીક૦ ૬

'પુષ્ટ રસ દર્શન' માંથી સાભાર

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક પ્રકાશક : રવજીભાઈ પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ,-૧ માર્ગ-૩, યુનિવર્સીટી રોડ, રાજકોટ-૫

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૬૨૧૩૮

શ્રી વલ્લભસુધા

વચન સુધા

''વળી એક દિવસે કહયું જે આજીવ પોતાને કર્તા માને છે તેથી બંધન પામે છે માટે તેનું નામ અવિધા કહીએ માટે જ્યારે શ્રી હરિને કર્તા માને ત્યારે બંધન થાય નહીં અને ભગવદ્ ઇચ્છાએ જે પ્રાપ્ત થાય તેમાં નિર્વાહ કરવો તથા ભગવદ ભજન કરવું ત્યારે ત્યાં પુછયું જે ભકિત તે શું ? ત્યારે ત્યાં કહે છે કે શ્રી ઠાકોરજી ઉપર પ્રિતી ઉપજે તથા સ્નેહ ઉપજે અને આ જગત ઉપર વૈરાગ્ય ઉપજે તેનું નામ ભકિત અને સર્વે વાતમાં ભગવદ ઇચ્છા માને જો ગમે તેટલું કષ્ટ આવી પડે તો પણ શ્રી ઠાકોરજીની સેવામાંથી મન ચલાયમાન થાય નહીં પાશેર નવટાંક જે મળે તેમાં નિર્વાહ કરે અને પ્રભુની સેવા છોડે નહીં વળી બીજા કોઇની પાસે સેવા કરાવે નહી તે સેવાનું સ્વરૂપ.

નિ. લી. ગો. શ્રી ગોપીકાલંકારજી (શ્રીમટુજી) મહારાજશ્રીના વચનામૃત વ. ૧૨

✻ આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો ✻

વર્ષ ૧૫ : અંક-૧૨ ◆ **માર્ચ, ૧૯૯૭**

શ્રી વલ્લભાબ્દ ૫૧૯

વાર્ષિક લવાજમ રૂા. ૩૫/- ✻ **આજીવન રૂા. ૪૦૧**

''શ્રી વલ્લભસુધા''

કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ-૩૬૦૦૦૧

નમ્ર નિવેદન

ભાગ્યવાન વૈષ્ણવ વૃંદ, સાદર ભગવદ્ સ્મરણ !

નિ. લી. પુ. પા. ગો. શ્રી પ્રથમેશજી (શ્રી રણછોડાચાર્યજી) મહારાજનાં આશીર્વાદ અને પ્રેરણાથી આં. રા. પુ. વૈષ્ણવ પરિષદ સંચાલિત **શ્રી વલ્લભ** વિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશિત માસિક 'શ્રી વલ્લભ સુધા' પુજ્ય આચાર્યશ્રીઓના આશીર્વાદ તથા વાચકવૃંદના સહયોગથી ૧૫ વર્ષ પુર્ણ કરી ૧૬માં વર્ષમાં પ્રવેશતા સંચાલકગણ આનંદ અનુભવે છે.

આજના દંભયુકત વાતાવરણમાં મંદિરોમાં જઇ પ્રભુ દર્શન કરી લીધા તેમજ યોગ્ય અયોગ્ય નો વિચાર કર્યા વગર બધાની નજરે ચડે તેમ દાન-ધર્માદો કર્યો એટલે આપણુ ધર્મ કાર્ય પુર્ણ થયુ એમ માનનારા આપણે સૌ સાચા અર્થમાં ધર્માચરણ તરફ વળીશું તો જ જીવનમાં પરમ આનંદની અનુભુતિ પ્રાપ્ત કરી શકીશું.

જીવનમાં ડગલે ને પગલે આપણે દુઃસંગથી ઘેરાયેલા છીએ. આપણે બહાર નીકળીએ ત્યારે બહારના જીવાણુઓ દુષિત હવામાન અને રજકણો દ્વારા આપણું બાહ્ય તન તથા વસ્ત્રો ગંદકીથી ભરાઇ જવાના કારણે નિત્ય સ્નાન દ્વારા તેમજ વસ્ત્રોની સફાઇ દ્વારા આપણે શુદ્ધિ લાવી આરોગ્ય જાળવીએ છીએ. તે રીતે આંતરિક મનની શુદ્ધિ અતિ જરૂરી છે.

દૈનમ્ દિન કાર્યોમાં બાહ્ય વ્યકિતઓના સંસર્ગ દ્વારા તેમજ આનંદ પ્રાપ્ત કરવાના હેતુથી અનેક પ્રકારનો ખર્ચ કરીને ટીવી-સીનેમા કે અન્ય ન વાંચવા લાયક મેગેઝીનો કે છાપા દ્વારા જાણયે અજાણયે આંતર મનને દુઃસંગ લાગવાને કારણે આપણે સાચો આનંદ પ્રાપ્ત કરી શકતા નથી પરંતુ આંતરિક રીતે ક્ષણિક આનંદનો ભાસ મેળવ્યા બાદ દુઃખની લાગણી અનુભવીએ છીએ.

તે સંજોગોમાંથી બહાર નીકળવા માટે આચાર્ય ચરણોએ નિત્ય તાદશીજનોનો સત્સંગ કરવા આપેલ છે નિત્ય તાદશી જનોનો મેલાપ દુર્લભ હોય તે સંજોગોમાં આચાર્ય ચરણો રચિત ગ્રંથો તથા ભગવદીયજનોનાં લેખોનું વાંચન આજના યુગમાં અતિ સુલભ બનેલ છે ત્યારે આપણા પોતાના વિકાસ માટે તેમજ પરમ આનંદની અનુભુતિ પ્રાપ્ત કરવા આપણા સાંપ્રદાયિક ગ્રંથો તથા માસિક ઘરમાં વસાવી નિત્ય વાંચન દ્વારા સત્સંગ પ્રાપ્ત કરી મનન કરીએ તો સત્સંગ સુલભ બની જાય.

સાથમાં આપણી સાથે નિત્ય સંસર્ગમાં આવતા કુટુંબીજનો તેમજ અન્યોને પ્રેરણા આપી આ પ્રકારના સત્સંગ તરફ વાળીશું એટલે કે સાંપ્રદાયિક ગ્રંથો અને માસિકોના વાંચન મનન તરફ વાળીશું તો જરૂરથી આપણે દુઃસંગથી બચી શકીશુ, જેને કારણે આંતર મન પણ શુદ્ધ થશે અને આપણે ધર્માચરણ તરફ વળી શકીશું.

આવો આપણે સૌ સાથે મળી 'શ્રી વલ્લભ સુધા' માસિકના વિશેષ ગ્રાહકો બનાવી આપણું કર્તવ્ય બજાવીએ. સાથે વિશેષ લાભ પ્રાપ્ત કરાવીએ કારણ કે વર્ષ આખરમાં આપણા સૌના પ્રેરણા પિયુષ જગત વંદ્ય, આચાર્યચરણ 'શ્રીમદ વલ્લભાચાર્યજી'નાં જીવનચરિત્રનો ગ્રંથ વૈષ્ણવ ભગવદીયોનાં આર્થિક સહયોગથી પ્રકાશન કરી 'શ્રી વલ્લભસુધા' માસિકના ગ્રાહકોને ભેટ સ્વરૂપે આપવાનો નિર્ણય લીધેલ છે.

નિવેદક : **ડાયાભાઈ ડેલાવાળા**
પ્રમુખ
શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ-રાજકોટ

શ્રી વલ્લભ સુધા દર માસની ૨જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન એપ્રીલ થી માર્ચ.

- * શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશત થયેલ અંકો મોકલાય છે.
- * ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવે મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
- * શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચના.ઓ મોકલવા વિનંતિ.
- * લેખ આદિ કાગળની એક બાજું સ્પષ્ટ અક્ષરે લખેલા હોવાં જરૂરી છે.
- * શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
- * શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- * ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે

પત્ર વ્યવહાર સંપર્ક :

શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા. રાજકોટ

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૭
વર્ષ : ૧૫ અંક : ૧૨ * માર્ચ ૧૯૯૭

મનને શિક્ષા

અરે મન વૃથા ક્યોં શોચ કરે ।
શ્રી વલ્લભ સેં પતિજુ પાય કે; ક્યોં ન ધીર ધરે ।૧।
જીનકે દર્શન માત્ર કીયે તેં પાપકી રાશી જરે ।
સકલ પદારથ દ્વારે ઠાડે ગિરિધર પક્ષ કરેં ।૨।
કોંન કોનસી સાખી બતાવહુ સકલ લોક ઉચ્ચરે ।
'રસિકદાસ' જનજાની આપનો કછુંએક ચિત્તધરે ।૩।

* ભાવાર્થ *

અરે મન ! તું ફોકટ ચિંતા શા માટે કરે છે. શ્રીમદ્ વલ્લભાચાર્યજી શ્રીમહાપ્રભુજી જેવા સમર્થ પતી પામીને હવે ધીરજ કેમ નથી રાખતો અરે શ્રીમહાપ્રભુજીના દર્શન માત્ર કર્યાથી પાપોના ઢગલાં પણ બળીને ભસ્મ થઇ જાય છે. અને બધી સિદ્ધિઓ તો દરવાજે આવીને ઉભે છે. અરે આતો ઠીક સાક્ષાત્ શ્રીજી શ્રીગિરિવરધારી પણ તારો પક્ષ કરે છે તે શ્રી મહાપ્રભુજીની કૃપાથી હો.

અરે તને વિશ્વાસ નથી આવતો તને કેટલી સાક્ષીઓ અપાવું આખું જગત શ્રી વલ્લભપ્રભુના પ્રભાવનો જશ ગાય છે. શ્રી રસિકદાસ (શ્રી મટુજી મહારાજ) આજ્ઞા કરે છે કે શ્રી મહાપ્રભુજી પોતાનો જન જાણીને જ પોતાના ચિત્તમાં સર્વે શરણાગત જીવોની સુધી ચિત્તમાં ધરે છે.

શરણ-સ્નેહ-માર્ગ

નિ. લી. ગોસ્વામી શ્રી વ્રજરત્નલાલજી મહારાજ (સુરત)

તા. ૨૦-૯-૨૯ના રોજ ચીખલીમાં આપેલા જાહેર વ્યાખ્યાનનો સાર :-

મને અત્રે આવવાથી ઘણો હર્ષ થયો છે અને ખાસ કરીને દરેક વૈષ્ણવનો આટલો પ્રેમ જોઈ મારા હર્ષનો પાર નથી અને તે વ્યક્ત કરવાને મારી પાસે શબ્દ પણ નથી. પણ આવાં સંસ્કારી બાળકોમાં જો વિદ્યા હોય તો તેઓ અસાધારણ વૈષ્ણવ બને. સંસ્કાર હોવા છતાં માર્ગ તરફ અણગમો હોય તો તે વિદ્યા અને તેની યોજનાના અભાવે જ છે.

દૃષ્ટાંતમાં આપણને ક્ષુધા લાગી હોય તો અમુક પદાર્થના સ્મરણમાત્રથી જ ક્ષુધા શાંતિ થતાં નથી, પણ તે પદાર્થ ખાવાથી થાય છે. હાલની પરિસ્થિતિ ઘણી બારીક છે. સમુદ્રના તોફાનમાં સપડાયેલી સ્ટીમરની માફક હાલની પરિસ્થિતિને ટકવી રાખવી એ ઘણું મુશ્કેલ છે. અધર્મથી તો સર્વથા ઉન્નતિ થતી જ નથી. આવા સમયમાં પરમાત્માના શરણ સિવાય એક પણ ધર્મ આપણો ઉદ્ધાર કરે તેમ છે જ નહિ. શરણધર્મ જ આપણને આ તોફાની વાતાવરણમાંથી બચાવે તેમ છે.

ધર્મની વ્યાખ્યા કાચના વાસણના જેવી ન હોવી જોઇએ. પણ લોખંડી હોવી જોઇએ, કારણ કાચના વાસણને દરેક ઘડીએ તુટી જવાનો ભય રહે છે. તો જે ધર્મ પોતે જ તુટી જાય એવો હોય એટલે કે આમ બોલવાથી ધર્મ નષ્ટ થયો, આમ અડકવાથી ધર્મ ગયો, આમ બોલવાથી ધર્મ ભ્રષ્ટ થવાયું એમ હોય તો તે ધર્મ આપણને શું બચાવે. ધર્મ લોખંડી હોવો જોઇએ કે જે પોતે બચે અને બીજાને બચાવે. આવો લોખંડી ધર્મ એક શરણધર્મ જ છે. તેને માટે વ્યકિત દેશ કાળ અને સ્થિતિની પણ જરૂર નથી. 'ન મે ભક્તઃ પ્રણશ્યતિ' એ ગીતા વાકયાનુસાર શરણધર્મ સ્વીકારેલ વ્યકિતનો નાશ કોઇ દિવસ થયો નથી અને પરમાત્મા એમાં કોઇ પ્રકારની યોગ્યતા પૂછતા જ નથી.

ત્યારે શરણમાર્ગ એટલે શું ? મારૂં રક્ષણ કરનાર પરમાત્મા શ્રી કૃષ્ણચંદ્ર છે એવી ભાવના મનમાં ઉત્પન્ન થાય તેનું નામ જ શરણ. પણ આ બધાનું કારણ મન છે, અને જીવને ઐશ્વર્યયુક્ત બનાવવો એનું નામ શરણનો મહિમા છે. ઇન્દ્રિયોના સંઘાતમાં બંધાવાથી જીવાત્મા સ્વતંત્ર કાર્ય કરી શકતો નથી અને તેથી બધું ત્યાગી જીવ પરમાત્માને શરણે બરાબર જાય તો પરમાત્મા તેને સર્વસ્વ આપી દે છે.

આ વિષે એક સુંદર દૃષ્ટાંત બાળકનું છે. જયાં સુધી બાળક નાનું હોય છે અને માબાપના પર જ બધો આધાર રાખે છે, ત્યાં સુધી માબાપ તેનું દરેક પળે સંપુર્ણ રક્ષણ કરે છે, પણ જેમ બાળકમાં આત્મવિશ્વાસ આવતો જાય છે અને મોટું થાય છે તેમ માબાપ પણ એમ સમજે છે કે તે અમારા વિના ચલાવે તેમ છે અને તેથી પોતે સંભાળ લેવામાં શિથિલતા બતાવે છે.

શ્રી ગીતાજીમાં પોતે ભગવાન્ સ્વમુખે કહે છે કે હે અર્જુન મારામાં અનન્યતાવાળાનું યોગક્ષેમ હું જ વહન કરું છું. જ્યારે પોતે શ્રીકૃષ્ણચંદ્રે ઇન્દ્રના યાગનો ભંગ કર્યો અને તેથી ઇન્દ્રે ક્રોધે ભરાઇને વ્રજ પર મુસળધાર વરસાદ વરસાવ્યો ત્યારે પોતાને શરણે આવેલા વ્રજજનોનો બચાવ કર્યો અને જરા પણ આંચ આવવા દીધી નહિ.

આ દૃષ્ટાંતમાંથી આપણને એ સાર મળે છે કે પરમાત્મા પોતે દુઃખ સહન કરી લે છે પણ ભક્તનું રક્ષણ કરે છે, પણ જ્યાં સુધી એકતાન થાય નહિ ત્યાં સુધી પ્રભુ સહાય થાય નહિ. તેથી જ ઉપર જણાવ્યા પ્રમાણે પ્રથમ મનની એકચિત્તની જરૂર છે. જે રૂપ થવું હોય તે તન્મય થવાની જરૂર છે. જેમ વસ્ત્ર સીવતાં સોયની પાછળ દોરો જાય છે, તેમ મનની પાછળ જીવ જાય છે શરણમાર્ગમાં શરત એક જ કે પરમાત્મામાં મન લાગે તો ઉદ્ધાર નક્કી જ સમજવો, પછી ભલે મન દ્વેષથી, સ્નેહથી કે ભયથી લાગે. પરમાત્મા પણ એ જ કહે છે કે તું મારા વિષે મનને લગાડ, નહિ કે આંખ, કાન, કારણ મન એ રાજા છે મનોનિગ્રહ ઘણો મુશ્કેલ છે અને મનના નિગ્રહ માટે ખાસ કરીને બે વસ્તુની જરૂર. એક તો અભ્યાસ અને બીજું અનન્યાસકિત. આ બન્ને વિના બધું નકામું છે, કારણ જેમ કાચા માટીના ઘડામાં પાણી રહેતું નથી, તેમ મનની સ્થિરતા વિના વ્રત, તપ. દાન વગેરે ટકતાં નથી અને શ્રવણ, કીર્તન, મનન કરવાથી શ્રી હરિપરાયણ થવાય છે.

શ્રી મહાચાર્યચરણ પણ એ જ શિખવે છે. કે લોકો એમ કહે છે કે વૈભવો ભોગવવા એ માર્ગનો સિદ્ધાન્ત છે એ કહેવું ખોટું છે અને ગ્રન્થ ન જોવાનું એ પરીણામ છે. શ્રી મહાચાર્ય ચરણ શરણમાં આસકિત થવા માટે ત્રણ ચીજની માગણી કરે છે.

પ્રથમ તો પોતાની શકિત પ્રમાણે ધર્માચરણ, બીજું પોતાના ધર્મથી વિરુદ્ધ હોય તેમાંથી પાછા ખસવું તે અને ત્રીજું ઇન્દ્રિયોરૂપી ઘોડાઓને બરાબર કાબુમાં રાખવા અને તેમનો નિગ્રહ કરવો.

વિષયોનો વિલાસ એનું નામ છે જન્મ–મરણ અને પરમાત્માની સેવા એ જ ધર્મ, કર્તવ્ય, સેવા વગેરે જે કહો તે. ખરી સેવા એ જ કહેવાય કે જે એક ચિત્તથી કરવામાં આવે અને શ્રી હરિચરણમાં આસકિત થાય. એકતાન થાય ત્યારે વૈષયિક વૃત્તિ ઉત્પન્ન થતી જ નથી 'શ્રીકૃષ્ણ એવ ગતિર્મમ.'

ભારતવર્ષમાં જ્યારે ધર્મના મૂળ શિથિલ થઇ ગયાં હતાં, જ્યારે વેદો કે જેમાં મહાનુભાવીઓએ પુર્ણ શાંતિ અનુભવી હતી તેમાં શિથિલત્વ થયું હતું ત્યારે શ્રી મહાચાર્યચરણનું પ્રાકટ્ય થયું હતું. શ્રી મહાચાર્યજીએ વેદોનો અભ્યાસ કર્યો હતો એટલું નહિ પણ દેશકાલનો બરાબર અભ્યાસ કરીને જ જીવને કોઇ જાતનો પ્રતિબંધ ન નડે અને અસંભાવનાઓ દૂર થાય એવો માર્ગ પ્રાદુર્ભાવ કર્યો.

કર્મમાર્ગમાં જો કર્મનું એક પણ અંગ શિથિલ થાય તો તેનું યોગ્ય ફળ પ્રાપ્ત થતું નથી. નવધામાંની એક પણ કરવાને આજે આપણી લાયકાત નથી આમ વસ્તુ સ્થિતિ હોવાથી કર્મમાં અને જ્ઞાનમાં જરા ઉણપ લાગી. ભકિત બાબત પણ આચાર્યશ્રીએ ‘કલૌ ભકતયાદિ માર્ગો હિ’ એવો પોતાનો મત જાહેર કર્યો અને તેથી જ એકમાર્ગની સ્થાપના કરી જેનું નામ સ્નેહ માર્ગ. ભગવાન વિધિ કે મંત્રથી વશ નથી થતા, પણ તેની ચાવી એક સ્નેહ જ છે. આચાર્યશ્રીએ ભકિતની વ્યાખ્યા પણ એ જ અર્થમાં બાંધી છે.

પ્રભુનું આપેલું પ્રભુને ધરીયે તેથી પ્રભુ ખુશ શું થાય ? સાક્ષાત્ જે વાણીના પતિ છે એમને કઇ સ્તુતિથી ખુશ કરાય ? સાક્ષાત્ લક્ષ્મીપતિને શું આપી શકાય ? એટલે આમ આપણામાં એક પણ જાતની લાયકાત તો નથી જ, જેની ખાસ જરૂર છે તે સ્નેહ છે. જેમ લવણ વિનાની રસોઇ નકામી છે, તેમ સ્નેહ વગરની સેવા નકામી છે. સ્નેહને વશ ભગવાન છે. સ્નેહથી ખીલેલા બગીચામાં ખસવાનું મન પ્રભુને થતું જ નથી. એક વખત આપણા હૃદયમાં રહેલી પ્રેમજાળમાં ફસાયા પછી શ્રી હરી છૂટી શકતા જ નથી. જેમ મીસરીનો એક ટૂકડો હોય તેને માટે કીડી કે મંકોડાને બોલાવવા પડતા નથી, પણ બધા આપોઆપ જ આવીને ખડા થાય છે, તેમ સ્નેહથી આકર્ષાઇ પ્રભુ આપોઆપ ભકતના હૃદયમાં વાસ કરે છે.

લોહચુંબક જેમ લોહને આપોઆપ ખેંચે છે, તેમજ અવાવરુ ઘરમાં અથવા ઉકરડો હોય ત્યાં કોઇને વાસ કરવો ગમતો નથી તો આપણા હૃદયમાં ઉકરડાના થર જામેલા હોય તો પ્રભુ વાસ ન જ કરે. કામ, ક્રોધ વગેરે પ્રથમ આપણને મિત્ર જેવા લાગે છે, પણ પાછળથી તે દુશ્મનની ગરજ સારે છે. જેમ ચુનો લગાવેલા કાચમાં શુદ્ધ પ્રતિબિંબ પડતું નથી, તેમ કામ, ક્રોધનાં પડળ ચઢેલા હૃદયમાં પ્રભુનાં દર્શન થતાં નથી.

શ્રી ભગવાન પોતે જ કહે છે કે હે નારદ, મારા ભકતો જ્યાં ગાન કરે છે, ત્યાં જ હું વાસ કરું છું. ખરો સ્નેહી જ પરમાત્માનો અધિકારી છે. તેને માટે શ્રી ભાગવતમાં એક સુંદર દ્ષ્ટાંત છે.

એક વખત શ્રી કૃષ્ણચંદ્ર વનમાં ગાયો ચારતા હતા તેમને ભૂખ લાગી ત્યારે સમીપમાં યજ્ઞ કરતા બ્રાહ્મણોની પાસે ખોરાકની યાચના કરવા પોતાના સખાઓને મોકલ્યા પણ કર્મઠ બ્રાહ્મણો સમજ્યા નહિ કે આ સાક્ષાત્ ઇશ્વર છે અને અન્ન ન આપ્યું. જ્યારે એમની સ્ત્રીઓએ શ્રીકૃષ્ણચંદ્રને અન્ન આપ્યું. સ્નેહનું કામ આવું છે. આપણા માર્ગની પદ્ધતિ પણ આવી જ છે.

પ્રાતઃકાળથી શયન પર્યંત પ્રભુમાં જ મન લગાડવું, લૌકિક કાર્ય પણ કરતા જ રહીએ. આવી જાતની પ્રક્રિયા આચાર્યશ્રીએ ગોઠવી છે. સ્નેહથી કરાએલી સેવા જ સર્વસ્વ છે. અર્જુન પ્રત્યે પણ એ જ વાત શ્રી મુખે શ્રી કૃષ્ણચંદ્ર કહે છે. વેદરૂપી જળ નીચે રાખી સ્નેહરૂપી પુલમાંથી તેના પર બાળકથી માંડી વૃદ્ધ સુધી દરેક સહેલાઇથી જઇ શકે છે. જ્યારે સ્નેહ વગર

વેદરૂપી જળને તરી જવું ઘણું મુશ્કેલ છે. મર્યાદામાં સ્નેહ હોય તો સંસાર તરે, તો શુદ્ધ પુષ્ટિ જીવ તરે તેમાં તો નવાઇ શું ? આ સ્નેહમાર્ગ તે જ ભકિતમાર્ગ કે પુષ્ટિમાર્ગ.

સુદુરાચારી પણ જો અનન્યતાથી મને ભજે છે તો મને પામે છે. પૈસાદાર પણ સેવા કરી શકે છે તેમજ ગરીબ પણ પત્ર, પુષ્પ, ફલ, જળથી સેવા કરી શકે છે. ફકત આવશ્યકતા સ્નેહની છે. માર્ગ રબરનો જોઇએ કે જેટલો પુરીએ તેટલો પુરાય, તેમજ વળી સમુદ્રમાં જેમ નદીઓ સમાય છે તેમ સ્નેહમાર્ગમાં સઘળું સમાઇ જાય છે. જો ખરો સ્નેહ હોય તો જેમ શ્રી વ્રજજનનો ઉદ્ધાર કર્યો તેમ આપણો પણ કરે.

આવા માર્ગમાં આપણે આવ્યા છીએ. વાંધો એક જ છે કે સૂર મળતા નથી. મન એક નથી, ગાન બેસુરૂં છે, સૂર મળે અને મળે તાર, તો આપણો બેડો પાર.

આટલું બોલી આપશ્રીએ શ્રી મહાચાર્ય ચરણકમળમાં અર્પી પોતાનું વ્યાખ્યાન સમાપ્ત કર્યું.

[શુદ્ધાદ્વૈત અને ભકિતમાર્તંડના સં. ૧૯૮૫–૮૬ આશ્વિન–કાર્તિક માસ વર્ષ ૪ અંક ૭–૮ માંથી સાભાર.]

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧ ગો. વા. મણીબેન કેસરીયા રાજકોટના જયશ્રીકૃષ્ણ હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલના જયશ્રીકૃષ્ણ.

૨ ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ પરીખ મુંબઇના જય શ્રી કૃષ્ણ.

૩ મહાકારુણિક જગતગુરુ શ્રીમદ્‌વલ્લભાચાર્યજી પંચ શતાબ્દી મહોત્સવ સમિતિ–રાજકોટના સૌજન્યથી.

॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

॥ શ્રી મદાચાર્ય ચદણકમલેભ્યો નમઃ ॥

જલભેદ

ગ્રન્થ પરિચય

લેખક **ગોસ્વામી શ્રી શ્યામ મનોહરજી મહારાજ**

ભષાંતર **પ્રો. પ્રતાપરાય કાં. શાહ, એમ. એ. કોવિદ, મુંબઈ**

"જલભેદ" તથા "પંચપદ્યાનિ" ગ્રન્થ કયારે, તથા કોને માટે લખવામાં આવ્યા હતા તેનું વિવરણ કયાંય મળતું નથી.

"જલભેદ"માં ભગવત્કથાના વક્તાના ઉત્તમ, મધ્યમ તથા કનિષ્ટ સ્વરૂપ નકકી કરવામાં આવ્યાં છે. જો કે શ્રીમદ્ ભાગવતના પ્રથમ સ્કન્ધનો પણ વર્ણ્ય-વિષય આ જ છે તો પણ સર્વાશમાં બન્ને ગ્રન્થો પ્રથમ સ્કન્ધનું અનુસરણ કરે છે એમ ન કહી શકાય.

શ્રીમદ ભાગવતના પ્રથમ સ્કંધમાં સ્વયં ભાગવતના વકતા તથા શ્રોતાના ઉત્તમ-મધ્યમ કનિષ્ટ અધિકારોનું નિરૂપણ કરવામાં આવેલું છે. જયારે આ "જલભેદ" તથા "પંચપ્દ્યાનિ" ગ્રંથોમાં, ભાગવતમાં જણાવેલ ધર્મ, શરણાગતિ તથા નિર્ગુણા ભકિતના અંગભુત અને ભગવાનના સ્વરૂપ, ગુણ તથા લીલાઓના શ્રવણ-સ્મરણ તથા કીર્તન માટે અપેક્ષિત, વકતાઓ તથા શ્રોતાઓના ઉત્તમ-મધ્યમ-કનિષ્ઠ અધિકારનું વિવેચન કરવામાં આવેલું છે. અહીં ભાગવત પુરાણના પ્રવચન અથવા શ્રવણનો પ્રશ્ન નથી પરંતુ શ્રીમદ ભાગવતના કથન અનુસાર ભગવાનના સ્વરૂપ, ગુણ તથા લીલાઓના શ્રવણ-સ્મરણ-કીર્તનના એક વ્યાપક સંદર્ભમાં જ શ્રી મહાપ્રભુજીએ 'જલભેદ' તથા "પંચપદ્યાનિ' ગ્રન્થોનો ઉપદેશ આપ્યો છે આજ કારણને લીધે શ્રીમદ ભાગવતજીને માટે શ્રી મહાપ્રભુજી આજ્ઞા કરે છે.

યદ્વૌપનિષદ જ્ઞાન શ્રી ભાગવતમેવ વા ।
વર્ણિના એવ તદ્ધિ સ્યાત્સ્ત્રીશુદ્રાણાં તતોન્યથા ॥

(ભાગ નિ. ૩/૧૭૮)

અર્થ ઉપનિષદના તથા શ્રીમદભાગવતજીના જ્ઞાનનો અધિકાર ઉપનયન સંસ્કાર પામેલા દ્વિજોનો જ હોય છે ઉપનયન સંસ્કારને ન પામેલી સ્ત્રી અથવા તો શુદ્રોનો નહીં.

આજકાલ ચાલી નીકળેલી, ફાળો ભેગો કરવા માટે જ થતી ભાગવત સપ્તાહની હાસ્યાસ્પદ રીતિથી વિપરીત (તદ્દન ભિન્ન) ભાગવતજીના પ્રવચન તથા શ્રવણના કેટલાક ગંભીર નિયમોનો સ્વીકાર શ્રીમહાપ્રભુજી કરે છે. અને તેથી જ આજ્ઞા કરે છે કે "શ્રીમદ ભાગવતજીનો પ્રસંગ ફાવે તે રીતે અને ગમે તે સ્થળે યોજવો ન જોઇએ પરંતુ શુદ્ધ તથા તીર્થમાં નિરત (પ્રેમ ધરાવનાર) તથા મહાન લોકો જો (એવા કથા પ્રસંગ માટે) વિનંતી કરે તો જ શ્રીમદ

March (99)

ભાગવજીનો કથા પ્રસંગ યોજવો અને આ પ્રકારના શ્રોતાઓ સમક્ષ પણ એકાએક કથા પ્રસંગ ન (યોજવો) આ જ રીતે (પ્રણાલિકા) હંમેશની છે. (ભાગ નિ. ૧/૨૨/૨૫)

અર્થ જેમ મનમાં આવે તેમ, જ્યાં મનમાં આવી જાય તે સ્થળે, શ્રીમદ ભાગવતજીના પ્રસંગની શરૂઆત કરી દેવી ન જોઇએ અને યોગ્યજનોની સમક્ષ પણ એકદમ (એકાએક કે તરત) નહીં જ પહેલાં તો શ્રોતાજનોની હાર્દિક ઉત્કંઠા તથા જિજ્ઞાસુતાનું સારી રીતે જ્ઞાન (કે ખાત્રી–જાણ) મેળવ્યા પછી જ એવા પ્રસંગની યોજના કરવી જોઇએ. આદિ (જુના પહેલાંના સમયના) પ્રવચન કારોની આ જ રીતિ (પ્રણાલિકા) હતી અને આજે પણ તથા સર્વકાલે આ જ રીતિ આપણે નિભાવવી જોઇએ.

શ્રી પુરુષોત્તમજી કહે છે કે આનાથી વિપરીત (ઉલટી) રીતિ જ્યારે અનધિકારી લોકો યશ મેળવવાની લાલસાથી અથવા તો ધન મેળવવાની લાલસાથી યાતો સ્પર્ધા (હરિફાઇ)ને વશ થઇને, પોતાની જાતને શ્રીમદ ભાગવતજીના પ્રવનને માટે યોગ્ય અધિકારી માની બેસે છે અને જ્યાં ત્યાં અને સર્વ સ્થળે પ્રવચન કરવા લાગી જાય છે, ત્યારે શ્રી ભાગવતજીના પ્રવચન, પાઠન યા પઠનનો અધિકારી પણ તેઓ રહેતા નથી.

"યે પુનરેતાની વાકયાનાશ્રિત્ય સ્વસ્યાપિ પાઠાધિકાર માપાધ્યન્તિ તેષાં માત્સર્યાદિદોષ ગ્રાસેન શ્રી ભાગવત ધર્મેષ્વપ્યનધિ કારઃકિં પુનઃ પાઠે નતુ શ્રાવણીયં વા વિધ્ય ભાવાત્" (ભાષ્ય પ્રકા. ૧/૩/૩૮)

અહીં "જલદે" તથા "પંચપદ્યા"નિ ગ્રંથોમાં પરંતુ જે વકતા અથવા શ્રોતાનેઆદર્શ માનવામાં આવ્યો છે. તેના ઉપનયન ગણવામાં નથી આવ્યું કારણ કે આ વકતાના વેદાદિ શાસ્ત્રોના પ્રવચન કર્તા હોવાનું પણ અવશ્યક નથી વેદાદિ શાસ્રોથી અવિરુદ્ધ ભગવત્સ્વરૂપ ગુંણ લીલાના નિર્વ્યાજ અહર્નિશ ચિંતનમાં સપ્રેમ તત્પર રહેવું એ જ અહી પર્યાપ્ત [પુરતું] છે.

ક્રમશઃ

૯૬-૯૭નું ભેટ પુસ્તક "૨૫૨ ભગવદીય રત્નાવલી" તૈયાર છે રાજકોટ અને સૌરાષ્ટ્રના મુખ્ય શહેરોમાં સેવાભાવી કાર્યકરો દ્વારા અને અન્યત્ર ટપાલથી વારાફરતી રવાના થશે. જે સભ્યોને માર્ચની આખર સુધીમાં ન મળે તેમણે પોતાનો ગામ અને પુરૂ શરનામુ લખી કાર્યાલયને પત્રથી જાણ કરવી.

॥ શ્રીવલ્લભ ॥

ભકિત પોષણ

વિવેચક : **પ. ભ. શ્રી મથુરાદાસ જીવરાજભાઇ મહેતા**

સર્વવસ્તુ છે શ્રીકૃષ્ણની, જેની છે તેને શેં ન સમર્પે ?
આત્મ સહિત અર્પણ કરી, હરિદાસ પાની શાને ડરપે ?
ડરપે છે કાળથી રહે છે ઉચ્ચાટે, તેં પરનું માન્યું પોતાનું તે માટે;
જેથી બંધાયો તે વસ્તુ દે મુકી, તારી ના માનીશ એ રાઢ મુકી;
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.... (૩૪)

વિવેચન : આગલા ચંદ્રાવલામાં આત્મ નિવેદન માટે લખ્યું. હવે આમાં સારરૂપ વાકયો કહયા છે કે સર્વનું કારણ પોતે જેને પોતાનું માન્યું તે જ દુઃખરૂપ થાય છે.

જે વસ્તુ તારી નથી, અગાઉ નો'તી, આગળ રહેવાની નથી, જેની છે તેને સમર્પણ કરી દે. આત્મ સહિત સર્વ સમર્પણ કરી ભગવાનનો દાસ થઇને રહે. શા માટે કાળનો ડર રાખે છે ? કાળના પણ કાળ તેનું જ શરણ સ્વીકારી લે તેને કાળનો ડર લાગે છે તેની જ ચિંતા તું કર્યા કરે છે. તારી ચિંતાનું કારણ કેવળ તારૂં અજ્ઞાન જ છે. જે વસ્તુ જ તારી નથી તેનો મોહ જો મુકાઇ જાય તો કામ થઈ જાય.

અહં મમેતિ બંધો નાહં મમેતિ મુકતતા ।

આ વાકય મુજબ જેને હું મારૂં માને છે તે જ બંધનકર્તા છે. હું અને મારૂં એ બન્ને વસ્તુ જ સર્વ પ્રકારનું બંધનરૂપ બને છે. જે બંધન કરાવે તે જ વસ્તુ શ્રીકૃષ્ણને અર્પણ કરી દે પછી જો કે કઇ વસ્તુ તને બંધન કરે છે. આ ભાવથી મુકત થવાય છે.

(૧) જે કાંઇ થાય છે તે ભગવાનની ઇચ્છા મુજબ થાય છે. સર્વના કર્તા ભગવાન હોઇ કર્તાપણાનું અભિમાન છોડવું.

(૨) આ વસ્તુ મારી નથી, આવું મન સમજી જાય તો મમતા દુર થાય.
(૩) જેનું છે તેને પાછુ સોંપવું તે કોઇ ઉપકાર નથી, કર્તવ્ય જ છે.
(૪) જે વસ્તુ તારી નથી તેને છોડવાનું મન નથી થાતુ તે ભુલ છે.
(૫) જેનું છે તેને જ સુપરત કરવાથી જ મોહ દુર થશે.

હું અને મારૂ તેનું ફળ સંસાર જ રહેશે. તે જો છુટે તો જ ભગવત પ્રાપ્તિ થાય. તે સમર્પણ મોઢેથી બોલવાથી થતું નથી આચરણમાં ઉતારવું જોઇએ.

મન માયામાંને સમર્પણ કેવું ? તે ઉપર એક દ્રષ્ટાંત—

અક ડોસીમા હતા. તેણે સર્વ સમર્પણની કથા સાંભળી ત્યારે તેણે પણ વિચાર કર્યો કે મારે સર્વ સમર્પણ કરવું છે. તેના ઘરમાં એક કોઠલો હતો. તે કોઠલામાં ખાસ ખાસ ચીજ

વસ્તુ જે નગદી નાણું, જે કાંઈ હતુ તે ભરી દીધું. પછી ગુરુને બોલાવ્યા કે મારે ઘર સહિત સર્વ સમર્પણ કરવું છે જે જે બધુંય તમારૂં પરંતુ 'કોઠલો બહાર' તેને ગણવો નહીં. આવું સમર્પણ તે કાંઇ સમર્પણ કહેવાય ? તે તારૂં કોઠલામાં ભરી રાખ્યું ને ખાલી ઝુપડુ લઇ ગુરુ શું કરશે ?

જીવને વહાલું હું અને મ્હારું. એ મુકીને સમર્પણ થાય જ કેવી રીતે ? પ્રભુની સામે નકલી સમર્પણ ચાલતુ નથી. આ તો આત્મસમર્પણ છે. આ દેહમાં જ્યાં સુધી જીવાત્મા રહે છે ત્યાં સુધી જ તેની કિંમત છે. દેહ–આત્માનો સંબંધ કોઇ કાળે સ્થિર રહ્યો જ નથી. આત્મા તો અજર–અમર છે દેહ નાશવંત છે. માણસ જેમ જુના વસ્ત્રોને તજીને નવા વસ્ત્રો પહેરી લે છે પછી તેને જુના વસ્ત્રોનો મોહ હોતો નથી, તેમ જીવાત્મા જુના દેહને છોડી નવા દેહમાં પ્રવેશ કરે છે. આમ આદિકાળથી ચાલ્યુ આવે છે. જેને છોડયુ તેનો રતિભાર મોહ તેને હોતો જ નથી. પરંતુ દેહ અને આત્માનો સંયોગ હોય તે પરત્વનું છે ત્યાં સુધીમાં જે કાંઇ કરવું હોય તે કરી લેવાય.

પંચતત્વ ઔર પ્રાન મિલ ભલો બનો સંયોગ
ચાહે હરિ ગુણ ગાય લે ચાહે કરલે ભોગ

ઉપર મુજબ જીવાત્મા અને દેહ બંનેનો યોગ છે ત્યાં સુધીમાં જ હવે શું કરવું ? શું નહિ ? આ વિચાર કરી લે. શા માટે ડરે છે ? આત્મસમર્પણ કરી લે. આંખ મીચાણી કે પલવારમાં તારો બધો અધિકાર છીનવાઇ જશે. જે શરીરની ઘરના નાના મોટા બધા મળીને સેવા કરતા હતા અતિ સ્નેહ બતાવતા હતા તેઓ તુર્તજ કહે છે કે, 'જટ કાઢો બાર, પછી મોડું થાશે. ક્યાં ગયો દેહનો મોહ ! શું ગયું ? આમાંથી તે મોહ છોડયો ? કેનાથી મોહ હતો ? આ બધા પ્રશ્નોનો વિચાર કરવાથી મોહ ઓછો થશે.

એક માણસ ઝાડને બથ ભરીને ઉભા રહ્યો કે ભાઇ કોઇ તો મને છોડાવો. આ ઝાડ મને મુકતુ નથી. વાસ્તવમાં ઝાડ તો ઉભું જ છે, તેં જ બાથ ભરી છે તે તું જ મુકી દે, તેમાં બીજાની જરૂર જ નથી.

એક માણસ વિદેશ કમાવા ગયો. ઘણુ ઘણુ ધન કમાઇને દેશ પાછો ફર્યો. તેને પોતાની પત્ની અને પુત્ર પ્રત્યે બહુ જ મોહ હતો. તેના માટે ઘણી ઘણી ચીજો લાવ્યો હતો. રાતવાસો ધર્ધશાળામાં રહયો. સવાર પડતાં જ પોતાને ઘેર પહોંચીશ, હું મારી પત્ની અને પુત્રને ખુબ રાજી કરીશ. આ ભાઇ વીશ વરસે ઘરે આવતો હતો ત્યાં સુધીમાં દીકરો મોટો થઇ પરણાવી દીધેલ હતો. પિતાનું આગમન જાણી પુત્રે તેની પત્ની સાથે સામે આવેલ તે એક જ ધર્મશાળામાં રાતવાસો રહેલ હતા.

રાતના એક બાઇ પોતાની સાથે આવેલ પોતાના પતિની તબિયત એકાએક ખરાબ થતાં આજુબાજુના રૂમોમાં તપાસ કરવા ગઇ અને આ ભાઈ જેઓ શેઠ થઇ ગયા હતા ત્યાં ગઇ કે, શેઠ તમે પરદેશથી આવો છો મારો ધણી બિમાર છે, કંઇક દવા હોય તો આપો.

પરંતુ શેઠ તો પોતાની પત્ની પુત્રના વિચારોમાં ખોવાયેલ હોવાથી ધુધકારી નાખીને કહ્યું– આગળ જાવ. થાવાકાળ સવાર થતાં જ તેનાં પતિની દેહ છુટી ગઇ. ત્યારે તે બાઈ કલ્પાંત કરીને રોતાં રોતાં કહે કે હવે હું ઘરે જઇ મારી સાસુને શું જવાબ દઇશ. સાસરાને લેવા આવી હતી તો ધણી મુકીને જઇશ. પોતાના સસરાનું નામ લઇને રોવા માંડી. આવું આક્રંદ ભર્યું રૂદન સાંભળી આસપાસના બધા ભેગા થઇ ગયા. આ શેઠ પણ ત્યાં જોવા ગયા ત્યારે ઓળખાણ પડી કે આ બાઇ રાત્રે દવા લેવા આવી હતી, મેં જ ધુધકારી પાછી કાઢી હતી. અરેરે ! આ મરણ પામ્યો તે મારો જ દીકરો છે. શેઠ પછડાટ ખાઇને ભોંય પર પડયા.

સાર : જ્યારે તેને ખબર પડી કે આ મારો પુત્ર. ત્યારે જ તેને દુઃખ થયુ ત્યાં સુધી નહીં. માટે મારૂ માન્યું તેનું જ સુખદુઃખ થાય.

બીજુ દ્રષ્ટાંત— મારૂં માને ત્યારે જ દુઃખ થાય....

બે વણિક ભાઇઓ સાથે રહેતા, ઘરમાં દુબળગારો આવ્યો ત્યારે નાનો ભાઇ પરદેશ ગયો. ભોજાઇને ભલામન કરી કે તમે આને સાચવજો ભોળીભાળી છે. આમ પત્નીની ભલામણ કરી પોતે ગયો.

ત્યાં ગયા પછી ધીરે ધીરે કમાઇને ઘરે પૈસા મોકલતો જાય. મોટો ભાઇ પણ મરણ પામ્યો. હવે દેરાણી–જેઠાણી બે જ ઘરમાં રહ્યા. જેઠાણીએ દેરાણીને માર મારી કાઢી મુકી. કે તારા લગ્ન થયા તો મારો દેર પરદેશ ગયો. મારો ધણી પણ આ લોક છોડી ગયો. તું સારા પગલાંની નથી. આમ કહીને કાઢી મુકી. આ બાઇ રખડતી ભિખારી બની ગઇ દરીયાને કાંઠે ગઇ, ત્યાં એક ધર્મશાળા હતી. પરદેશથી આવતા બધા ત્યાં જ ઉતરતા ને પછી સૌ સૌને ગામ જતા. આ બાઇએ વિચાર કર્યો કે કયારેક તો મારો ધણી આવશે ! આવ્યા ગયા મુસાફરોનો સામાન ઉપાડી પેટ ગુજારો કરતી હતી. એકવાર તેને તાવ આવ્યો આઠ દિવસ પડી રહી. કોઇએ તેને પાણીનું પુછ્યુ નહીં. નવમે દિવસે ઉભી થઇ. ધર્મશાળામાં આવેલા મુસાફરો પાસે ગઇ કે ભાઇ હું આઠ દિવસથી પડી છું, મને કોક કાંઇક ખાવા આપો. તુરત જ એક શેઠ આવી સામાન ઉતારતા રાતનો સમય ત્યારે (ઇલેકટ્રીક નોતી) આ શેઠ પોતાની પત્નીના વિચારમાં હતા કે સવાર થતાં જ ઘર તરફ જઇશ. હું કેટલી વસ્તુ તેને આપીશ. આ ધુનમાં આ બાઇ ભિખારણની વાત તેણે સાંભળી નહી. થવાકાળ તે રાતમાં જ બાઇ એટલા ઉપર મૃત્યુને ભેટી. વહેલી સવારે ધર્મશાળામાં હીલચાલ થઇ કે બિચારી કેટલા વરસથી તેના ધણીની રાહ જોતી ધર્મશાળામાં મજુરી કરતી બિચારી મરી ગઇ. સૌ જોવા મળ્યા. આ શેઠ પણ જોવા ગયા તો તે પોતાની જ પત્ની હતી. આમ ઓળખતાં જ પછડાટ ખાધી. અરેરે ! જેને માટે હું આ બધુ લાવ્યો, જેના સ્વપ્ના જોતો, તે જ રાગે મારી પાસે ભીખ માગવા આવી, મેં તુચ્છકારી, ધિક્કાર છે મને.

આ દ્રષ્ટાંત પણ એજ વસ્તુ બતાવે છે. પોતાની પત્ની હતી પરંતુ ઓળખાણ પડી ત્યારે તેનું દુઃખ તેને થયું, ત્યાં સુધી નહીં. આમ પોતાનું માને ત્યારે જ મોહ થાય. નથી કાંઈ મારું.... માટે જ કહે છે— સેવો શ્રીકૃષ્ણ કૃપાળ. ॥૩૪॥

શ્રી યમુનાજીના પદ

રચયિતા : મહાકવિ શ્રી વલ્લભદાસ શર્મા, દેવરી.

ભાવાર્થ–લેખક **'માધુરી'** રાજકોટ

પદ–૩૬

શ્રી મુખ વચન કી સુધિ હેરિં;
નિત્ય સત્ય અખંડ અવિચલ કહોં બલિ બલિ ટેરિ. ૧

સદા દૃઢ સંકલ્પ તેરી લીક માનત વેદ;
પરમ કરુણા કનક વલ્લી હરતિ જનમન ખેદ. ૨

તુમહિ જો વિપરીતિ ઇચ્છા કરહુ ગિરિધર ઘરનિ;
તો કહો ક્યોં દાસ નિબહેં અહો તનયા તરનિ. ૩

વચન મનક્રમ આશ સો જિય જો દિયો વરદાન;
સાખિ સો સબતેં બડી તહાં કાનિ માનત કાન્હ. ૪

નાહ તેરે પૂર્ણ તરકે અંસ કિરિણ આવેશ;
વચન તિનિકે અચલ સંતત કહત શારદ શેષ. ૫

અહો કરુણા પુંજ રવિજા રાધિકા પ્રિય સખી;
અતિ અચમ્ભો સંત ઉર તુઅલીક કોંને નખી. ૬

તેરે કહાવત ભકત ગાવત કૃપા બલતે પલૈ;
તોહિ ટેરત પરમ આતુર તોહૂ કાહૂ છલૈ. ૭

ટારિ પ્રભુતા સઘ છિન છિન કરી દોરિ સહાય;
કૃપા કરિફિરિ કોહ જન પર કહો બલિ સમુઝાય. ૮

તિહારી મયાવલ ગુણ તિહારે કરૈ કછુ ગાન;
તાહિસોં બડભાગિ મો સોં કહત સંત સુજાન. ૯

બિના કારણ દાન મોકોં દિયો તુમ કરિ નેહ;
સુમિરિ અપનો બિરદ હેરો જયતિ કરુણા ગેહ. ૧૦

મિલતિ જૂઠનિ છાર જાકે સદા પાતરિ મોહિ;
દાસ **'વલ્લભ'** શરણ હાહા સુધા ભરિ બલિ જોહિ. ૧૧

ભાવાર્થ :– આ પદમાં કવિ શ્રી પોતાની વિરહાત્મક ભાવ દીનતાનું દર્શન કરાવે છે.

હે મા ! પ્રભુને આપે પ્રસન્ન કરી લીધા છે, તેથી આપ જે કહો તે પ્રભુને પ્રિય લાગે છે, કેમ કે આપનામાં રહેલા ગુણો નિત્ય સત્ય સંકલ્પ અખંડ અવિચલ આવા ગુણોનું

હું ગાન કેવી રીતે કરું ? ઘણું ચાહું છું પરંતુ મારી બુદ્ધિ ચાલતી નથી. જેથી વારંવાર પોકારી પોકારીને કૃપાની યાચના કરું છું કે –

હે ગિરધર ઘરની, હે કનકવેલી સમાન સૌભાગ્યની સીમા ભકતોનાં ખેદને હરવાવાળી તમે જ જો વિપરીત ઇચ્છા કરશો તો આ દાસનું શું થશે ? તમે જે જીવોને વરદાન દીધું છે. તે વચનને પ્રભુ પૂર્ણ કરે છે. જેમ કે પ્રભુની અંશ કળારૂપી અનેક દેવોનાં દીધેલા પ્રભુ પુર્ણ કરે જ છે. આવું શેષજી તથા સરસ્વતીજી વર્ણન કરે છે અને વારંવાર યશોગાન કરે છે.

હે કરુણાની સાગર, હે સૂર્ય પુત્રી, હે શ્રી રાધિકાજીની પ્રિય સખી, મને તો એક જ અચંબો થાય કે કહેવાતા સંતો તમારા ભકતો તમારી કૃપાથી પળાયેલા તમોને આતુરતાથી યાદ કરનારા એવાના હૃદયમાં કેમ અવિશ્વાસ જોવામાં આવે છે ? મતલબ કે કલીરૂપી ખલધર્મે તેને પણ કેમ પોતાના ઘેરામાં લઇ લીધા તમે તો તમારી પ્રભુતા વિચારીને દોડીને તેની સહાય કરી છે. આવી અતુલિત કૃપાવાળા જીવો પણ કેમ પ્રવાહમાં તણાય જાય છે ?

આવી રીતની વિપરીત દશા જોઇ મને અચંબો થાય છે. તેમને સમજાવો. હું તો અજ્ઞાની મૂઢ જીવ આપની કૃપાને ચાહતો જે કાંઇ બને તે ગુણગાન કરું છું. તે પણ આપની કૃપાનું જ બળ છે. અને તેનાથી ચતુર સંતો મને ભકત સમજે છે. વાસ્તવિકમાં મારામાં ભકતના ગુણો નથી અને તે ગુણોની પ્રાપ્તિ મને થાઓ.

માટે જ કહું છું કે હે કરુણાનિધાન આપનો જય થાઓ. આપ આપનું બિરદ વિચારો. આપની અમૃતભરી દષ્ટિ મારા ઉપર કરો. (આ સ્થળે કવિ પ્રગટ દર્શનની લાલસા કરે છે) કે જેથી મારી સમગ્ર અવિદ્યાનો નાશ થાય. (મતલબ કે શુદ્ધ પુષ્ટિ ભકિત મને પ્રાપ્ત યાય). આવા રીતે તાપ કલેશ દૈન્યભાવનું આ પદ છે.

આપનું ૯૭–૯૮ વર્ષનું લવાજમ ભરી વિશેષ લાભ પ્રાપ્ત કરો

૯૭–૯૮ નાં વાર્ષિક ગ્રાહક અગર આ જીવન ગ્રાહકના લવાજમ સંસ્થાના કાર્યાલય ઉપર ૨૦–૩–૯૭ સુધીમાં જમાં યશે તેને વાર્ષિક લવાજમ રૂા. ૩૫/– તથા આજીવન લવાજમ રૂા. ૪૦૧/– ભરી ગ્રાહક બની શકશે.

ત્યારબાદ ગ્રાહક થનારને વાર્ષિક લવાજમ રૂા. ૪૦ તથા આજીવન લવાજમનાં રૂ. ૫૦૧ ભરવાનાં રહેશે.

ઉપરાંત વર્ષ આખર આપણા સૌના પ્રેરણા પીયુષ જગત વંદય આચાર્ય ચરણ “શ્રીમદ વલ્લભાચાર્યજી” નાં જીવન ચરિત્રનો ગ્રંથ વૈષ્ણવ ભગવદીયોના આર્થિક સહયોગથી ભેટ સ્વરૂપે આપવાનો નિર્ણય લીધેલ છે.

આપતું લવાજમ તો મોકલશો સાથે આપના સ્નેહી સંબંધીનું લવાજમ મોકલાવી તેઓને પણ લાભ પ્રાપ્ત કરવો.

॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

વ્રજલીલા પદ

રચયિતા :– **શ્રી પ્રવીણચંદ્ર એમ. દેસાઇ (ચરણદાસ) બી.ઇ (સીવીલ) બીરપુર**

૨૦. શેષશાઇ – વ્રજદર્શન, રાગ – બિહાગ

કુંજ મેં પોઢત શ્રી વ્રજરાય,
કભી નંદાલય, કભી નિકુંજન, કભી ગોપી ગૃહ ધાય. ૧

શ્રી પ્યારીજીને કિયો મનોરથ, નિકુંજ રમણ કે કાજ;
આગે પઠાવત, લલિતા સખીરી શ્યામ બુલાવન આજ. ૨

બનતે આવત, મિલિ શ્યામસે, શ્રી કે વચન સુનાય;
બોલત લલિત, આવત મૈં પીછે, બેગી સે દૌયો બધાય. ૩

નારાયન કી, યહ વ્રજલીલા, શેષશાઇ અધિકાય;
'ચરનદાસ' ગોપીજન વલ્લભ, પરમાનંદ રસપાય. ૪

ભાવાર્થ :– શેષશાઇ – શ્રી ગોલોક ધામમાં નારાયણ સ્વરૂપે આપ શેષની શેયા કરી નિશદિન પોઢે છે. જ્યારે પુર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ સ્વરૂપે વ્રજમાં અનેક લીલાઓ કરવા આપ ક્યારેક નંદાલયમાં પોઢે છે. ક્યારેક શ્રી સ્વામિનીજીની અને અન્ય સખીઓની નિકુંજમાં પોઢે છે. અને ક્યારેક ગોપીના ઘેર જઇ લીલા કરે છે. એટલે આપે વ્રજમાં શેષશાઇ લીલાથી અધિક લીલા કરી છે તેથી આપ ગોપીજન વલ્લભનું બિરુદ પામ્યા છે.

૨૨. શ્રી શેષશાઇ – વ્રજદર્શન, રાગ–બિહાગ

કુંજ મેં પોઢત હે ઘનશ્યામ,
ચંદ્રાવલી રસ લિયો નિકુંજન, લે આઇ સખીરી શ્યામ. ૧

શેષશાઇ, ક્ષીર સાગર મેં પોઢી વસે આવાસ;
ચરણકમલ કી, સેવા માંગી, લક્ષ્મી કરત હૈ વાસ. ૨

રટત અસત, બ્રહ્મા મધ્યે, વેદ ન પાવત પાર;
સો ધન ધર્યો, રૂપ અનુપમ, લીલા કરે રસ ધાર. ૩

લીલા નવલ, નિત નૌતમ, ગોપી ઘર ઘર જાત;
'ચરનદાસ' હેત રતિ સુખ, શ્યામમયી બન જાત. ૪

આ માસના ઉત્સવ

ફાગણ સુદ ૨ તા. ૧૦–૩–૯૭ સોમવાર ગો. શ્રી વલ્લભલાલજી મહારાજ (કામવન) તથા ગો. શ્રી વિઠ્ઠલનાથજી મહારાજ (ગોકુલ)નો જન્મદિન.

ફાગણ સુદ ૩ તા. ૧૧–૩–૯૭ મંગળવાર ગો. ચિ. શ્રી અનિરુદ્ધલાલજી બાવાશ્રી (કામવન)નો જન્મદિન.

ફાગણ સુદ ૪ તા. ૧૨–૩–૯૭ બુધવાર ગો. શ્રી ગોકુલનાથજી મહારાજ (કામવન)નો જન્મદિન.

ફાગણ સુદ ૬ તા. ૧૪–૩–૯૭ શુક્રવાર, શ્રી લલિત ત્રિભંગીરાયજીનો પાટોત્સવ (વેરાવળ).

ફાગણ સુદ ૭ તા. ૧૫–૩–૯૭ શનિવાર, શ્રી મથુરેશજીનો પાટોત્સવ (કોટા), ગો. શ્રી રાકેશકુમારજી મહારાજ (શ્રી નાથદ્વારા) તથા શ્રીકૃષ્ણકુમારજી (કોટા–કડી)નો જન્મદિવસ. ગો. તિલકાય આચાર્યવર્ય પુ. પા. ૧૦૮ શ્રી દાઉજી (રાજીવજી) મહારાજશ્રી (નાથદ્વારા) ગાદીએ બિરાજ્યા તેનો ઉત્સવ.

ફાગણ સુદ ૮ તા. ૧૬–૩–૯૭ રવિવાર હોળાષ્ટકનો પ્રારંભ, ગો. શ્રી વ્રજવલ્લભજી બાવાશ્રી (મુંબઇ)નો જન્મદિન.

ફાગણ સુદ ૯ તા. ૧૭–૩–૯૭ સોમવાર બગીચા નોમ, શ્રી ટિકૈતના શૃંગારનો પ્રારંભ.

ફાગણ સુદ ૧૧ તા. ૧૯–૩–૯૭ બુધવાર આમલકી (કુંજ) એકાદશી વ્રત, ગો. ચિ. શ્રી કુંજેશકુમારજી (કોટા–કડી)નો જન્મદિન.

ફાગણ સુદ ૧૩ તા. ૨૧–૩–૯૭ શુક્રવાર, બગીચા તેરસ, ગો. શ્રી મુરલીમનોહરજી મહારાજશ્રી (મુંબઇ)નો જન્મદિન.

ફાગણ સુદ ૧૪ તા. ૨૨–૩–૯૭ શનિવાર, ગો. શ્રી મધુસુદનલાલજી મહારાજશ્રી (સુરત–વડોદરા)નો જન્મદિન.

ફાગણ સુદ ૧૪ તા. ૨૩–૩–૯૭ રવિવાર, હોલીકા ઉત્સવ, હોલી પ્રદીપન સોમવારે સૂર્યોદય પહેલાં.

ફાગણ સુદ ૧૫ તા. ૨૪–૩–૯૭ સોમવાર, ધૂળેટી–ધૂલીવંદન, ડોલોત્સવ, ગો. શ્રી મંદારકુમારજી (મુંબઇ)નો જન્મદિન, હોલીકાષ્ટક સમાપ્ત.

ફાગણ વદ ૧ તા. ૨૫–૩–૯૭ મંગળવાર, દ્વિતીયા પાટોત્સવ.

ફાગણ વદ ૫ તા. ૨૯-૩-૯૭ શનિવાર રંગપંચમી, શ્રી રણછોડજી (ડાકોર)નો ષોડશોપચાર.

ફાગણ વદ ૧૦ તા. ૩-૪-૯૭ ગુરુવાર, ગો. શ્રી દેવકીનંદનજી મહારાજશ્રી (ગોકુલ) તથા ગો. શ્રી નુપુરકુમારજી મહારાજ શ્રી (બોરીવલી)નો જન્મદિન અને એકાદશીનો ક્ષય હોવાથી ગો. શ્રી ભરતકુમારજી (પુના-મદ્રાસ)નો જન્મદિન.

ફાગણ વદ ૧૨ તા. ૪-૪-૯૭ શુક્રવાર, પાપમોચની એકાદશી વ્રત.

ફાગણ વદ ૧૩ તા. ૫-૪-૯૭ શનિવાર, ગો. શ્રી રઘુનાથજી મહારાજ શ્રી (કામવન) તથા ગો. ચિ. શ્રી ગોકુલનાથજી બાવાશ્રી (જુનાગઢ)નો જન્મદિન.

ફાગણ વદ ૧૪ તા. ૬-૪-૯૭ રવિવાર, ગો. શ્રી વ્રજરત્નલાલજી મહારાજશ્રી (ચાંપાસેની-નડીયાદ)નો જન્મદિન.

માનવ-ધર્મ

વૈષ્ણવતા કા ઘર દુર હે, મનુષ્ય ધર્મ ભી હોય;
આપે જો સાંચો ચલે, તો સમ ભલો ન કોય.
મનુષ્ય ભલો કહાય કે, ફિર વૈષ્ણવતા આય;
વિરલા વિરહી રસિક જન, તે કોટિન મેં પાય.
—શ્રી વ્યાસદાસજી

(મનુષ્ય કે દશ ધર્મ)

સંપાદક :- **શ્રી હનુમાનપ્રસાદ પોદાર**

ભાષાંતર :- **ડો. ચુનીલાલ રવજી, બાલધા, આંખના સર્જન, રાજકોટ.**

-ગતાંકથી ચાલુ

૫. શૌચ

માનવ ધર્મનું પાંચમું લક્ષણ છે શૌચ. પવિત્રતાને શૌચ કહેવાય છે. પવિત્રતા સાધારણ રીતે બે પ્રકારની હોય છે. બહારની અને અંદરની. બંને આવશ્યક છે.

બહારી શૌચથી શરીરની પવિત્રતા જળવાઇ રહે છે. બીજાના રોગ તથા પાપના પરમાણુ અચાનક આપણી અંદર પ્રવેશ ન કરી શકે. તેમજ આંતરિક શૌચથી મન પવિત્ર થઇને પરમાત્માનો સાક્ષાત્કાર કરવાની યોગ્યતા પ્રાપ્ત કરી લે છે. મનુષ્ય જીવનનું લક્ષ્ય છે, 'ભગવાન પ્રાપ્તિ' આ ઉદ્દેશને સામે રાખીને ભારતના ત્રિકાળદર્શી ઋષિમુનિઓએ ધર્મશાસ્ત્રોની એવી રચના કરી હતી કે જેનાથી મનુષ્યની દરેક ક્રિયા નદીના સાગર તરફના પ્રવાહની જેમ સ્વાભાવિક જ ભગવદાભિમુખ થાય.

આજે આપણે ન તો કદાચ શાસ્ત્રોને માનીએ છીએ અને ન તો આપણને શાસ્ત્ર વચનોમાં શ્રદ્ધા છે. કેટલાક તો સ્પષ્ટરૂપે શાસ્ત્રોનો વિરોધ કરે છે અને શાસ્ત્રોપર અનગળ આક્ષેપ કરે છે. કેટલાક લોકો જે પોતાને શાસ્ત્રના અનુયાયી ગણાવે છે, તેઓ પણ ઘણી વખત મન માન્યો અર્થ ઘડીને શાસ્ત્રોને પોતાના મતને અનુકુળ જ બતાવવા ઇચ્છે છે. તેથી જ આજ વિસંવાદીતા થઈ રહી છે. તેથી જ ભારત સુખ, સમૃદ્ધિ, સ્વતંત્રતા અને નિરોગીતાથી વંચિત થઇને પરાશ્રિત અને દુઃખી થઈ રહ્યું છે અને તેથી જ આજ આ બ્રહ્મનિષ્ઠ ત્યાગી મહાત્માઓની પ્રિય ગૃહભૂમિ-બ્રહ્માનંદ રસપૂર્ણ વિકસિત ફુલોનો આ પ્રાચીન સુંદર બાગ મુરઝાયેલ અને સુકાયેલ જેવો દેખાય છે.

શરીરની શુદ્ધિ

શરીરની શુદ્ધિ પણ બે પ્રકારની હોય છે. એક બહારી અને બીજી આંતરિક. અસ્પૃશ્ય પદાર્થોનો સ્પર્શ ન કરવો. જલ, માટી અને ગોબર આદિથી શરીરને સ્વચ્છ રાખવું બહારી શુદ્ધિ છે અને ઉચિત પવિત્ર પદાર્થો ખાઇને શરીરના રસ-રકત વિગેરે સાત ધાતુઓને શુદ્ધ રાખવી અંદરની પવિત્રતા છે.

આજકાલ આ બાબતની લગભગ અવગણના કરવામાં આવે છે. શરીરની શુધ્ધિને મોટા ભાગના લોકો અન્યાય, અવ્યવહાર, વ્યર્થ અને દંભ સમજે છે. અસ્પૃશ્યતા વિષે ન્યાય સંગત શાસ્ત્રોકત વાતો તો સાંભળવા જ નથી ઇચ્છતા. કોઇ પણ સમયે કોઇ પણપદાર્થનો સ્પર્શ કરવામાં તથા પરસ્પર પરમાણુઓની આપલે કરવામાં કોઇ નુકશાન સમજતા નથી. ગર્ભકાળમાં માતાએ જોએલ, સાંભળેલ તથા સ્પર્શ કરેલ પદાર્થોના પરમાણુ ગર્ભની અંદર બાળક પર પોતાની અસર કરે છે. આ વાત લગભગ બધા સ્વીકારે છે. પરંતુ કોઇ રૂકાવટ વગર એક બીજાનો સ્પર્ષ અને ખાનપાનમાં કોઇ પણ વર્ગભેદ ન રાખવામાં તેમને કોઇ દોષ દેખાતો નથી. કેટલાક લોકો તે એવું કરવામાં ઉલટાનું ગૌરવ સમજે છે, સમયની બલિહારી છે.

ગોબર અને માટીને વિગેરેથી શરીર ધોવું, લુછવું તો ધીરે ધીરે અસભ્યતા અને જંગલીપણું માનવામાં આવે છે. પશુઓની ચરબીથી બનેલ સાબુ લગાવવામાં તથા સુગંધિત દ્રવ્યોના નામે શરીર પર વિદેશી દારૂ લગાવવામાં કોઇ નુકશાન માનવામાં નથી આવતું. પરંતુ માટીના નામથી જ બાબુઓના નાક-ભવાં સંકોચાવા લાગે છે. કારણ સ્પષ્ટ છે. લોકોને ઉપરથી સુંદર રાખવાનો જેટલો ખ્યાલ છે તેટલો વાસ્તવિક પવિત્રતાનો નહીં. તેથી સાબુ વિગેરે ખરાબ પરમાણુ જે શરીરની અંદર જાય છે તેની કોઇ પરવા કરવામાં આવતી નથી.

—ક્રમશઃ

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય ઇચ્છારામ ભટ્ટના

આંતર ઉદ્ગારો

૪૮. કર્મભોગ્યા ને ભગવદ્ભોગ્યાની સામગ્રી

આ જીવના કર્મભોગ કયા અને ભગવદ્ભોગ કયા ? કર્મભોગની સામગ્રી શી ? છોકરાં, સ્ત્રી, દ્રવ્ય, ઘર વગેરે જે કાંઇ હોય તે ભગવાનના ઉપયોગમાં ન આવે તો કર્મભોગ.

ભગવદ્ ભોગની સામગ્રી હોય તો ભગવાનના જ ઉપયોગમાં આવે તે રીતે કર્મભોગની સામગ્રી તે ભગવાનના ઉપયોગમાં ના આવે તે જાણવી.

॥ શ્રી હરિઃ ॥

કાવ્ય—કુંજ

રસિયા

કહો કૈસે મૈ તુજકો લડાઉ રસિયા
લડાઉ રસિયા મનાવું રસિયા કહો.... ૧
સૂરદાસ જૈસા મૈં સાગર નહીં
કહો કૈસે મૈં સુર લગાઉ રસિયા કહો.... ૨
પરમાનંદ દાસ જૈસા પરમ નહીં
કહો કૈસે મૈં પ્રેમ સે રીઝાઉ રસિયા કહો.... ૩
કુંભનદાસ જૈસા મેરા કુંભ નહીં
કહો કૈસે મૈં રંગ રેલાઉ રસિયા કહો.... ૪
કૃષ્ણદાસ જૈસા મેરા અધિકાર નહીં,
કહો કૈસે મૈં અધિકાર પાઉં રસિયા કહો.... ૫
ગોવિંદદાસ જૈસા મેરા ગુણ નહીં,
કહો કૈસે મૈં ગુણલાં ગાઉ રસિયા કહો.... ૬
ચત્રભુજદાસ જૈસા મૈં ચતુર નહીં,
કહો કૈસે મૈં ચિત્ત લગાઉં રસિયા કહો.... ૭
નંદદાસ જૈસા મેરા આનંદ નહીં,
કહો કૈસે મૈં કીર્તન રચાઉં રસિયા કહો.... ૮
છિતસ્વામી જૈસી મેરી ભક્તિ નહીં,
કહો કૈસે મૈં ભક્તિ બઢાઉ રસિયા કહો.... ૯
અષ્ટસખા જૈસા મેરા ભાવ નહીં,
કહો કૈસે મૈં ફલસિદ્ધિ પાઉં રસિયા કહો.... ૧૦

—લલિતાબેન પરમાર

વૈષ્ણવી જીવન

પ્રેષક : રાખી, ચંપાણ્ય

આજના વ્યસ્ત જીવનમાં કોઇ નથી કહી શકતો કે સેવાપરાયણ પરમ ભગવદીય વૈશ્નવ નથી ?

ગુજરાતમાં મહેસાણાના એક વૈશ્નવ હરગોવિંદદાસ ઠક્કર સેવા પરાયણ નિખાલસ સ્વભાવના ભોળા ભગવદીય વૈશ્નવ હતા. મહેસાણા શ્રી દ્વારકાધિશના મંદિરમાં તેમણે તથા તેમના ધર્મપત્નિ નરબદાબેને ખુબ પ્રેમથી સેવા કરી હતી. તેમણે પોતાનું જીવન ગો. બાળકો તથા વૈક્ષવની સેવામાં સમર્પિત કર્યું હતું. ગો. શ્રી રણછોડલાલજી મહારાજ અમદાવાદના તેઓ સેવક હતા. તેમની ગુરૂ પ્રત્યે ખુબ ભાવના હતી.

તેમને એક પુત્ર તથા પુત્રી છે. જમાઇ તથા ઘરના બધા જ સેવા પરાયણ છે. તેમના માતાએ ગોકુલ વાસ કર્યો હતો, વારસામાં તેઓને માતાના સંસ્કાર મળ્યા હતા.

તેમણે સૌ. ચંપકલત્તા બેટીજીની તન–મન–ધનથી સેવા કરી હતી. એમ તો એમના અનેક પ્રસંગ છે. જેમાં એમની નિઃસ્વાર્થ સેવા ભાવના દર્શાય છે. પણ અહીં તો એમના થોડા જ પ્રસંગો આપ્યા છે.

સૌ. ચંપકલતા બેટીજીને ત્યાં તેમણે ઘણા વરસ તથા છેવટ સુધી સેવા કરી. તેમનું આખુ જીવન પ્રવાસમાં તથા વૈશ્નવોના સતસંગમાં વ્યતિત થયુ હતું.

તેમને ઘણા કીર્તન અને ધોળ મોઢે હતા. વૈશ્નવની મંડલીમાં આખી રાત કીર્તન અને નૃત્ય કરતા જેથી આનંદનું વાતાવરણ સર્જાઇ જતું

સેવાની તત્પરતા સૌ. ચમ્પકતા બેટીજી એ આજ્ઞા કરી કે વેરાવળથી 'કેસર કેરી' એક બે છોડ લઇ આવશો તો હરગો.વિંદાસભાઇ કેસર કેરીના ૧૦૦ કલમો ટ્રકમાં ભરીને લઇ આવ્યા. સાથે કેરી વાવવા માટે એક પટેલ વૈશ્નવને પણ લેતા આવ્યા.

આપશ્રી તેમની અદભુત સેવા જોઇને પ્રસન્ન થઇ ગયા. આ હરગોવિંદભાઇ પ્રભુ ચરણોમાં બે વરસ વહેલાં પહોંચી ગયા. બાળક જેવા ભોળા ભગવદભકતની આપણને ઘણાં ઘણી ખામી પડી છે. તેમના જેવા વૈશ્નવના સત્સંગ તથા દર્શન દુર્લભ છે.

(૨૨માં પાનેની ચાલુ)

આ અયોજનોમાં રાજકોટ લક્ષ્મીવાડી હવેલી સ્થિત કામવન રાજકોટવાળા વૈષ્ણવાચાર્ય શ્રી વ્રજેશકુમાર બાવા શ્રી દ્વારા વકતૃત્વ સ્પર્ધાના હરિફ વિજેતાઓને ઈનામ વિતરણ કરાયા હતા.

જયારે છાકના મનોરથ અને ગોસ્વામી બાલકોના વચનામૃતના આયોજનોમાં કડીવાળા પુ. પા. ગો. શ્રી કુષ્ણકુમારજી અમદાવાદવાળા પુ. પા. ગો. શ્રી દ્વારકેશલાલજી રાજનગરના શ્રી વૃજનાથજી બાબરાના શ્રી ત્રિલોકીભુષણ રાજકોટના શ્રી દામોદરલાલજી પોરબંદરના શ્રી રસીકરાયજી તેમજ મુંબઈના શ્રી નિરજકુમાર મહારાજ પધારેલ અને વિશાળ સંખ્યામાં આવેલા વૈષ્ણવોને વચનામૃત અને મનો.રથ દર્શનનો લાભ આપ્યો હતો.

સાંસ્કૃતિક આયોજનો શ્રી ભુપેન્દ્રભાઈ ધાબલીયા, ધાર્મિક આયોજનની વ્યવસ્થા શ્રી જગદીશભાઈ સોમૈયા દ્વારા અને કાર્યક્રમોનુ સંચાલન શ્રી ડાયાભાઇ ડેલાવાળા. શ્રી હસુભાઈ ખખ્ખરે સંભાળેલ.

પુસ્તક પરિચય

૧. ષોડશ ગ્રંથ રસપાન –

સંપાદક – ગો. શ્રી કનૈયાલાલજી શ્રી વલ્લભલાલજી મહારાજશ્રી, મુંબઈ
પ્રકાશક – મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્ય શ્રી લાલબાવા ગૃહપીઠ
૩૪૨/બી ભુલેશ્વર, મુંબઈ–૪૦૦૦૦૨

આઠ પેઈઝ કાઉન સાઈઝ પૃષ્ઠ ૫૬ ઓફસેટ પ્રિન્ટીંગ પીન બાઈન્ડીંગ. મલ્ટી કલરના શ્રી મહાપ્રભુજી તથા શ્રી લાલબાવા ગૃહપીઠ ગાદીપતિન- ચિત્રજીવાળુ પ્લાસ્ટીક ટાઈટલ,

આ નાની પુસ્તિકામાં મંગલાચરણ. સર્વોતમ સ્તોત્ર તથા ષોડશ ગ્રંથો પૈકીના શ્રી યમુનાષ્ટક. શ્રી કૃષ્ણાશ્રય, ચતુઃશ્લોકી, નવરત્ન, સિધ્ધાન્ત રહસ્ય તથા સેવાફલનો સમાવેશ કરાયો છે. મુળ શ્લોકો ગુજરાતી તેમજ અંગ્રેજી લીપીમાં રજુ કરવામાં આવ્યા છે.

વિદેશોમાં તેમજ અહીં અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરતી વૈષ્ણવી નવી પેઢીને આ સ્તોત્રોના શુદ્ધ ઉચ્ચારણમાં આ પુસ્તક જરૂર સહાયરુપ બનશે.

૨. વૈષ્ણવતા :

લેખક – પ્રા. રમેશભાઈ વિ. પરીખ
પ્રકાસક – શ્રી વલ્લભ વિદ્યાપીઠ
શ્રી બેઠક મંદિર. કેવડા બાગ. મદન ઝાંપા રોડ
વડોદરા – ૩૯૦ ૦૦૧

આઠ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૩૬, ઓફશેટ પ્રિન્ટીંગ, પીન બાઈન્ડીંગ

"શુદ્ધાદ્વૈત વિનીત" અભ્યાસ માટેનુ ૧૧મુ પુષ્પ છે. આ નાની પુસ્તિકામાં પુષ્ટિ સાહિત્યના પ્રખર લેખક દ્વારા વૈષ્ણવતાનો સાચો અર્થ સરળ રીતે લોકભોગ્ય શૈલીમાં રજુ કરાયો છે. દરેક વૈષ્ણવે વાંચવા વસાવવાલાયક પુસ્તિકા નામમંત્ર કે બ્રમ્હ સંબંધ લેનારને અચુક રીતે સમજવા યોગ્ય પુસ્તિકા.

૩ આશ્રય

રચયિતા – વીણાબેન શેઠ, અમદાવાદ
પ્રકાશક – તન્મય શેઠ ૬, અમરનાથ એપાર્ટમેન્ટ, મેમનગર, અમદાવાદ. ૩૮૦૦૫૨
ફોન ૭૪૨૪૧૯૬

આઠ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૩૮+૧૦=૪૮ ઓફસેટ પ્રિન્ટીંગ. પીન બાઈન્ડીંગ. ન્યો. રૂા. ૮

આ નાની પુસ્તિકામાં લેખિકાએ લોકપ્રિય ગીતો અને કવિતાના ઢાળ પર સુંદર ૩૧ પદ્ય રચનાઓ રજુ કરી છે. એ રીતે આશ્રય પ્રગટ કરીને વ્રજરાજની પદ્ય ભકિત કરી છે. પદ્ય પુષ્ટિ સાહિત્યના રસિકો તથા ગાયક વૃંદને ઉપયોગી પુસ્તિકા.

૮૪ વૈષ્ણવોની સચિત્ર વાર્તાઓ

પૂ. ગો. શ્રી હરિરાયજી મહાપ્રભુજી પ્રણિત
(ત્રણ જન્મની લીલા–ભાવના સહિત)
પ્રેરક – સંપાદક –
પૂ. પા. ગો. શ્રી દ્રુમિલ કુમારજી મહોદયશ્રી
સુરત–વડોદરા

ન્યોછાવર
રૂા. ૩૦૧+રૂા. ૨૦ પોષ્ટેજ
પ્રાપ્તિસ્થાન :
મહેન્દ્રભાઈ મોહનલાલ શાહ
૪, વિવેક એપાર્ટમેન્ટ
નવરંગપુરા ટેલીફોન એકસચેંજ
પાછળ, એલીસબ્રીજ. અમદાવાદ ૩૮૦૦૦૬

આપણા વૈષ્ણવ ઘરોમાં સત્સંગ મંડળમાં શ્રી ૮૪ વૈશ્નવની વાર્તાઓનુ પઠન-પાઠ -ચિંતન-મનન થતું હોય છે. પરંતુ પુ પા. ગો. શ્રી દ્રુમીલકુમાર વાશ્રીએ વાર્તાઓને અનુરુપ જે ચિત્રજી પુસ્તકમાં પધરાવ્યા છે. તેથી આપણે પણ વાર્તા સાથે ચિત્રજીના દર્શન કરતા તે મહાંભાગ્યવાન વૈષ્ણવ અને શ્રી ઠાકોરજી સાથે આપણે તદરુપ થઈ જઈએ સારા કાગળમાં આ ૪૮૦ પાનાનો દળદાર ગંથમાં હૃદયંત્રમ ચિત્રજી બિરાજે છે. પાકા બાઈન્ડીંગના આ ગ્રંથના મુખપૃષ્ઠ ઉપર શ્રી મહાપ્રભુજીનુ સુંદર ચિત્રજી બિરાજે છે.

પુ. પા. ગો. શ્રી ગોકુલનાથજી ચતુર્થ લાલજી વૈષ્ણવ સમક્ષ ભગવદીયોની વાર્વા કહેતા તેવી જ રીતે આજે પુ. પા. ગો. શ્રી દ્રમિલકુમાર બાવાશ્રીએ આવો સુંદર ગ્રંથ પ્રગટ કરીને આપણને વાર્તા સંભળાવી રહયા છે.

વૈષ્ણવોને તેમજ સત્સંગ મંડળોએ જરુર ગ્રંથ વસાવવો જોઈએ

આજ બિરજમેં હોરી રસીયા

સંપાદક શ્રી રમેશચંદ્ર નાથાલાલ શાહ, કાંદીવલી
પ્રકાશક શ્રી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સમાજ
મર્સી વિલા અશોક નગર રોડ,
કાંદીવલી (પુર્વ) મુંબઇ ૪૦૦૧૦૧

આઠ પેઈજી ડેમી સાઇઝ પૃષ્ઠ ૩૨ ઓફસેટ પ્રિન્ટીંગ પીન બાઈન્ડીંગ ન્યોછાવર રૂા ૧૦ પોસ્ટેજ પેકીંગ રૂા. ૨/–

હોરીના રસીયા ઉત્તર પ્રદેશના પારંપારિક લોકગીતો છે, શાસ્રીય રાત્ર બધ્ધ કિર્તનો કરતાં લોક પરપરાનુસાર આ ગીવો ગાવા સરલ છે. આમાં છલોછલ શૃંગાર રસ છે. આ અલૌકિક શૃંગાર છે.

રસીયામાં રસ ધરાવનાર વૈષ્ણવોને ઉપયોગી પુસ્તિકા.

કેસેટ પરિચય

ભકત કવિ શ્રી દયારામભાઈ કૃત

ભકિત પોષણ

નિર્દેશન પુ. પા. ગો. શ્રી વિજયકૃમારજી (શ્રી દામોદર લાલજી) મહારાજશ્રી સ્વરગાન રાગચયન પુ, પા. ગો. અ. સૌ. રશ્મિ (કૌમુદિની) વહુજી ઓડીઓ કેસેટ ભાગ ૧–૨ ભેટ પુસ્તિકા સાથે

પ્રાપ્તિ સ્થાન: પુ. પા. ગો. શ્રી વિજયકુમારજી મહારાજશ્રી
૧૦૫, પદ્યમકુંવર એપાર્ટમેન્ટ
હાઈ લેન્ડ કોર્નર પાસે.
ચાર કોપ વિલેજ, કાંદીવલી (વેસ્ટ) મુંબઈ ૪૦૦૦૬૭ ફેન ૮૦૬૨૫૪૯

કેસેટ પરિચય

"સીતકાલ સુહાવનો"
પ્રસ્તુત કર્તા પ્રાપ્ત સ્થાન
આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈ. પરિષદ
વૈદ્ય ભવન બીજા માળે ૨ અનંત વાડી
મુંબઈ ૪૦૦૦૦૨ ફોન ૨૮૮૩૭૬૪

કિર્તનકાર શ્રી જમનાપ્રસાદ શર્મા
ઉદ્‌ઘોષક શ્રીમતિ કલ્પનાંબેન શાહ
ન્યોછાર ૪ કેસેટનો સેટ રૂા. ૨૨૫ સોની/ટી ડીકે
રૂ. ૧૫૦ ટી સીરીજ પુસ્તિકા સહિત

આંતરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ દ્વારા સંચાલિત શ્રી વલ્લભ કીર્તન મંડળ દ્વારા શ્રી પ્રભુને અતી પ્રીય ક્રિર્તન છે તેને અનુલક્ષીને ષડઋતુઓની કીર્તનોની કેસેટ માલાનું આયોજન કરેલ છે તેમાં કેસેટ માલાનું પ્રથમ મોતી "શ્યામ ઘટા ધીર આયી" પ્રગટ કર્યા બાદ માલાનું દ્વિતિય મોતી "શીતકાલ સુહાવનો" પ્રગટ કર્યા બાદ મ.વાતું દ્વિતિય મોતી "શીતકાલ સુહાદનો "શ્રી પ્રભુની સેવામાં સમર્પિત કરેલ છે ના કેસેટમાં શીતકાલ ઋતુના મંગલાથી શયન સુધીના ચુંટેલા પદો કીર્તનકાર શ્રી જમનાપ્રસાદ શર્માજીએ સંપ્રદાયની પ્રણાલિકા મુજબ રાગમાં ગાઈને જે આપણે શ્રવણ કરતા જે તે લીલાના આનંદનો અનુભવ છે વિશેષમાં શ્રીમતિ કલ્પનાબેન શાહ કીર્તન પદનો ભાવ અર્થ અગાઉ સમજાવતા આપણને કીર્તત સમજવામાં સરળતા રહે છે આ કેસેટોમાં વૃચર્યા ખંડિતા હિલગ વિ. શીતકાલના પદો મંગલથી શયન સુધીના આવરી લેવામાં આવેલ છે. સંકલન સુંદર રીતે કરવામાં આવેલ હોવાથી કેસેટ માલાનું દ્વિતિય મોતી અદ્વિતિય બની રહેશે,

સમાચાર

શ્રી વલ્લભ વકતૃત્વ સ્પર્ધા તેમજ શ્રી વલ્લભ નિબંધ સ્પર્ધા

આંતરરાષ્ટ્રીય પુષિટમાર્ગીય વૈષણવ પરિષદ) ગુજરાત પ્રદેશ, શ્રી લી. પૂ. ગો. શ્રી કૃષણાવતી વહુજી મહારાજ મેમોરીયલ ચેરીટેબલ ટ્રોફી વડોદરા શ્રી વલ્લભ વિશ્વધર્મ ટ્રસ્ટ, અમદવાદ અને આંતરરાષ્ટ્રીય પુષિટમાર્ગીય વૈષ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશ પુ. પા, ગો. શ્રી ઈન્દીરાબેટીજી સુવર્ણ જયંતિ મહોત્સવ સાર્વજનિક ટ્રસ્ટ વડોદરા વ્દારા શ્રી વલ્લભ વકતુત્વ સ્પર્ધા અને શ્રા વલ્લભ નિબંધ સ્પર્ધાનુ આયોજન કરેલ છે.

આ બન્ને સ્પર્ધા દ્વારા વૈષ્ણવોમાં માર્ગીય સિદ્ધાંન્તનું તલસ્પર્શી જ્ઞાન તેમજ સમજ વિસ્તરતી રહેશે. સમજ અને જ્ઞાન પુષિટ સંપ્રદાય પ્રત્યે અભિરુચી વધશે તેમજ સિદ્ધાંતની અભિવ્યકતી થતી રહેશે અને આથી સંપ્રદાય પ્રત્યે તેમજ શ્રી પ્રભુ પ્રત્યે અનન્યતા વધતી રહેશે,

આ સ્પર્ધા ગુજરાત વ્યાપી છે તેમજ આ આયોજનની વિશેષતા એ છે કે વૈષણવની વયને અનુલક્ષીને વિષય રાખવામાં આવેલ છે.

દરેક ગામ અને શહેરની સ્થાનિક સંસ્થાઓ તેમના સંપ્રદાયના વિદ્વાનો/મુર્ધન્ય ભગવદીયે તથા પુ. પા. ગો. બાવાશ્રી/મહારાજશ્રી દ્વારા આ સ્પર્ધાઓ યોજવાનુ આયોજન કરશે તો ઉપરોકત સંસ્થાઓએ યોજેલ સ્પર્ધાનો હેતુ/સંકલ્પ પાર પડશે.

ઉપરોકત સ્પર્ધાઓ અંગેની વિશેષ માહિતી માટે સંપર્ક સાધવાનુ સરનામુ નીચે મુજબ છે.

સી. પી. તલાટી
આં. રા. પુ. વૈષ્ણવ પરિષદ
લક્ષ્મી ભુવન સ્ટેટ બેન્ક સામે
હાલોલ (જી. પંચમહાલ) ૩૮૯૯૫૦

આં. રા, પુ. વૈષ્ણવ પરિષદ (મહિલા શાખા)
મણીનગર–ઈસનપુર અમદાવાદ–૮

પુ, પા. ગો. શ્રી કાલિન્દી બેટીજીના સાંનિધ્યમાં ઉપરોકત સંસ્થાનો બહેનોએ તા. ૧૦–૧–૯૭ના રોજ સ્નેહમિલનનો કાર્યકમ યોજેલ શ્રી શિરીષભાઈનો સંગીત કાર્યકમ રાખવામાં આવેલ હતો. પુ. પા. ગો. શ્રી કાલિન્દી બેટીજીએ સંપ્રદાય અંગેનુ માર્ગદર્શન આપેલ અને ઉપસ્થિત બહેનોએ આનંદ અને આશીર્વાદ પ્રાપ્ત કર્યા.

રાજકોટમાં ઉજવાયેલ શુભલગ્ન પ્રસ્તાવ

રાજકોટ તા. ૨૦–૨–૯૭ના કોટાવાળા નિ. લી. ગો. શ્રી પુરૂષોતમલાલજી મહારાજશ્રીના તૃતિયાલાલજી નિ. લી. ગો. શ્રી ત્રીવિક્રમાચાર્યજી મહારાજના બેટીજી અને પુ. પા. ગો. શ્રી ૧૦૮ શ્રી ત્રિલોકીભૂષણજી મહારાજશ્રીના બહેન પુ. શ્રી તૃપ્તિરાજા–બેટીજીનો શુભ લગ્ન પ્રસ્તાવ ખુબ ઉલ્લાસમય વાતાવરણમાં યોજાયો.

તા. ૧૯ના રાત્રે નિશ્ચિત તાંબુલ વૃધ્ધિની સભા થયેલ. આ પ્રસંગે આં. પુ. વૈ. પરિષદ પ્રેરીત રાજકોટ પુષ્ટિમાર્ગીય પાઠશાળાના બાલક–બાલીકાઓ દ્વારા ભાવસભર નૃત્ય નાટિકા વગેરે કાર્યક્રમો યોજાએલ.

લગ્ન પ્રસ્તાવ પર ખુબ મોટી સંખ્યામાં રાજકોટ તથા ભારતના વિવિધ ગામ–શહેરોમાંથી આવેલ વૈષ્ણવ ભગવદિઓ ઉપસ્થિત રહેલ મંડાણની સુંદર વ્યવસ્થાની સેવામાં સૌરાષ્ટ્રના અનેક ગામોના પટેલ વૈષ્ણવોની સરાહનિય સેવા હતી.

આ અલૌકિક પ્રસંગે પુ. પા. ગો. શ્રી ગોપાલલાલજી તથા પુ. ગો. શ્રી વિજયકુમારજી (કોટા) પુ પા, ગો. શ્રી રાજેશકુમારજી પુ. પા. ગો, શ્રી કુંજરાયજી, પુ. પા. ગો. શ્રી વિજયકુમારજી. પુ. પા. ગો. શ્રી વલ્લભરાયજી (કડી કોટા) પુ. પા. ગો. શ્રી ત્રિલોકીભુષણજી તથા પૂ ગો. શ્રી રાજીવ લોચનજી બાવા શ્રી કલકતાના 1પુ, પા. ગો. શ્રી વ્રજેન્દ્રકુમારજી મહારાજ (રાજનગર) પૂ, પા. ગો, શ્રી પ્રાણવલ્લભજી (મથુરા) પૂ. પા ગો. શ્રી રસિકરાયજી મહારાજ, (પોરબંદર મથુરા) પૂ, પા. ગો. શ્રી કનૈયાલાલજી મહારાજ (પોરબંદર–મુંબઈ) પૂ. પા. ગો. શ્રી શ્યામસુંદરજી મહારાજ (પોરબંદર–જામનગર) પુ. પા. ગો. શ્રી જીવનેશજી મહારાજ (મુંબઈ–બીલખા) પૂ. પા. શ્રી પુરૂષોતમલાલજી બાવાશ્રી તથા પુ. શ્રી ઘનશ્યામલાલજી પા.ગો. શ્રી (મુંબઈ–રાજકોટ) પુ. પા. ગો. શ્રી નૃત્યગોપાલજી (મુંબઈ) પુ. પા ગો. શ્રી મુરલીમનોરજી (મુંબઈ) પુ. હરિરાયજી (જમનગર) પુ.પા.ગો. શ્રી બાલકૃષ્ણલાલજી (જેતપુર) પુ.પા,ગો. શ્રી રસિકરાથજી (જુનાગઢ–ચાંપાસેની) પુ. પા. ગો. શ્રી રાજુબાવાશ્રી (અમરેલી–કાંદીવાલી) પુ.પા.ગો. શ્રી દામોદરલાલજી પુ.પા ગો. શ્રી ગોવિંદરાયજી તથા મહારાજશ્રી તથા પુ ગો. શ્રી રણછોડલાલજી તથા પુ. ગો. શ્રી ગોકુલનાથજી બાવાશ્રી (માંડવી–રાજકોટ) પુ. પા. ગો. શ્રી ગોપીકાલંકારજી તથા પૂ. ગો. શ્રી ગિરિધરલાલજી તથા પુ. ગો. શ્રી રુચિર બાવાશ્રી રાજકોટ) પુ. પા. ગો. શ્રી રઘુનાથલાલજી મહારાજ (પારલા પુ. પા. ગો. શ્રી કૃષ્ણકુમારજી (કાંદીવલી) પુ. પા. ગો. શ્રી વ્રજેશકુમારજી (કામવત રાજકોટ) તથા છોટા બડા ગો. બાલકો શ્રીવહુજી બેટીજી પધારેલ. તથા સજાતિય ભટ વર્ગ વિશાળ પ્રમાણમાં ઉપસ્થિત રહેલ રાજકોટ કલકત્તા અને બાબરાના વૈષ્ણવ સમાજે સર્વે વ્યવસ્થાની સેવા સંભાળેલ.

રાજકોટમાં વલ્લભલાલજી મહારાજનો પ્રાકટ્ય મહોત્સવ સાંસ્કૃતિક તેમજ ધાર્મિક મનોરથો દ્વારા ઉજવાયો. તા. ૩૧–૧–૯૭ થી તા. ૨–૨–૯૭

- જુદા જુદા વૈષ્ણવાચાર્યોની ઉપસ્થિતિ.
- ગ્રામ્ય વિસ્તારના વૈષ્ણવાની વિશાળ હાજરી.
- કાલાવડ રોડ ધાર્મિક આયોજનોથી ભરચક.

મુંબઈના શ્રી લાલબાવા મંદિરવાળા નિ. લી. ગો. શ્રી વલ્લભલાલજી મહારાજનો ૮૪મો પ્રાકટ્ય મહોત્સવ કાલાવડ રોડ નુતનનગર કોમ્યુનીટી હોલમાં પોરબંદર – મથુરા મુંબઈના પુ. પા. ગો. ગોસ્વામી શ્રી કનૈયાલાલજી મહારાજના અધ્યક્ષસ્થાને પુ/ પા. ગોસ્વામીશ્રી રત્નપ્રભા વહુજી મહારાજની સાનિધ્યમાં અનેકવિધ સાંસ્કૃતિક આયોજનો જેવા કે, સેવા, શૃંગાર પ્રદર્શન–પુષ્ટિમાર્ગીય રાસ–રાજકોટની પાઠશાળાના બાળકો દ્વારા નૃત્યનાટિકા વકતૃત્વસ્પર્ધા અને ધાર્મિક મનોરથોમાં પલના નંદપત્સવ છાકનો મનોરથ–હવેલી સંગીત કિર્તન–સંમેલન અને ઢાઢીલીલા જેવા આયોજનોથી સંપન્ન થયો.

(વધુ માટે જુઓ પાનું ૧૮મું)

"શ્રી વલ્લભ સુધા"ના સેવાભાવી પ્રતિનિધિ કાર્યકર

૧. **અનીડા** (વાછરા)
મીશ્રી નાનજીભાઈ ખીમજીભાઈ

૨. **અમરેલી** શ્રી હીરજીભાઇ રણછોડભાઈ નસીત
કેડીયા રોડ, પાટા ઉતરતા રોકડની વાડીમાં

૩. **અમદાવાદ** શ્રી અશ્વિનભાઈ નવનીતલાલ દેસાઇ
૩૪, સરદાર પટેલનગર, એલિસ બ્રીજ

૪. **અંકલેશ્વર** શ્રી ગોપાલ એન. શાહ
સી/૫ જી આઈ એલ કોલોની
જી આઈ ડી. વાલીયા રોડ,

૬. **ગોમટા** શ્રી વલ્લભદાસ હરિભાઇ
"વ્યાપિ વૈકુંઠ"

૫. **કલ્યાણ** શ્રી કૃષ્ણદાસ મથુરાદાસ અઢીયા
હવેલી બિલ્ડીંગ, પારનાકા

૭. **ઉપલેટા** શ્રી અમૃતલાલભાઈ પટેલ
C/o શ્રી હરિ સ્ટોર્સ, રાજ માર્ગ

૮. **ગોંડલ** શ્રી ભાષ્કરભાઈ ચત્રભુજભાઈ સોની
રાયજાદા શેરી, મોટી બજાર

૯. **કલકત્તા** શ્રી નિતિનભાઈ મહેતા
C/o કાનજી સવજી પારેખ
મહેતા બિલ્ડીંગ, ૧લે માળે

૧૦. **જામનગર** શ્રી માર્કંડભાઈ વૈ. ધોળકીયા
નાગર ચકલો

૧૧. **જુનાગઢ**
૧. શ્રી અમૃતલાલ સુંદરજી હિંડોચા
C/o શ્રી રૂગનાથ વસરામભાઈ
શ્રીનાથજી ચેમ્બર્સ, દાણાપીઠ

૨. શ્રી પોપટલાલ જમનાદાસ
બી/૨ રવિકિરણ એપાર્ટમેન્ટ

૩. શ્રી અરજણભાઈ જેસાભાઈ વૈષ્ણવ
"કિરણ" ૪ જલારામ સોસાયટી
લોઢીયા વાડી સામે

૧૨. **ડામ્બીવલી** શ્રી વિઠ્ઠલભાઈ એસ. લાખાણી
૮/શીવલીલા, તિલક નગર
ગોપાલનગર રોડ–૧

૧૩. **જેતપુર**
૧. શ્રી મનસુખલાલ માધવજીભાઈ બોસમીયા
મતવા શેરી

૨. શ્રી વિઠ્ઠલભાઈ પટેલ
ખેડુત હાર્ડવેર માર્ટ, કણકીયા પ્લોટ

૧૪. **ધોરાજી** શ્રી જાદવભાઈ જીવરાજભાઈ વઘાસીયા
શુકલ શેરી, વઘાસીયા ચોરા

૧૫. **ધ્રાંગધ્રા** શ્રી ગોકળદાસ જગજીવનદાસ
શકિત મંદિર સામે

૧૬. **પોરબંદર**
શ્રી જયંતિલાલ મુળજીભાઈ
લીબર્ટી રોડ

૧૭ **પાંચપીપળા**
શ્રી ગોકળભાઈ જાદવભાઈ પોલરા

૧૮. **બોરીવલી** (વેસ્ટ)
૧. શ્રી ચુનીલાલ કરસનદાસ શાહ
'વ્યોમેશ' ૧લે માળે ફલેટ નં ૪૭ 'સી' વીંગ
લક્ષ્મીનારાયણ હોલ મંડપેશ્વર રોડ.
૨. શ્રી ધરમશીભાઈ પટેલ
C/o ભુમિ ઇલેકટ્રીક કું
૭/A વર્ધમાન એપાર્ટમેન્ટ સોડાવાળા લાઈન
૩. શ્રી શશિકાંતભાઇ પરીખ
મંત્રી, મહારાષ્ટ્ર રાજ્ય સમિતિ
૩, બી બ્લુસ્કાય. પમો કાર્ટર રોડ

૧૯. **ઘાટકોપર** (પૂર્વ)
શ્રી છોટાલાલ જીવરાજ મહેતા
લાભ સદન, અર્ચના નિવાસ
રાજાવાડી, એમ. જી રોડ.

૨૦. **મુંબઇ**
આં. રા. પુ. વૈ પરિષદ
જી–૨, સીતારામ બિલ્ડીંગ, પલ્ટન રોડ.
પોલીસ સ્ટેશન સામે.

૨૧ **મોરબી**
શ્રી ભગવાનદાસ વેલજીભાઈ શનિશ્વરા
૪, ખત્રીવાડ

૨૨. **મોટા ભાદરા**
પોંકીયા વલ્લભભાઈ રાઘવભાઈ

૨૩. **રાધનપુર**
શ્રી દામોદરભાઈ કંસારા
કંસારા બજાર, ટાવર રોડ

૨૪. **રાજપીપળા**
પ્રા. એમ. આર. પાલેજા
'લકુલીશ' માલીવાડ

૨૫ **લીંબડી**
શ્રી ચીમનલાલ પ્રાગજીભાઈ

૨૬. **વડોદરા**
શ્રી વામનભાઈ બી પટેલ
ચોખંડી, વ્યારા પોળ

૨૭. **વાંકાનેર**
શ્રી સુભાષચંદ્ર ભીખાલાલ કંસારા

૨૮. **સુરત** શ્રી ગોરધનભાઈ રાણપરીયા
એ ૭ તાપી બાગ શોપીંગ સેન્ટર
વિભાગ-૩, ૨ જે માળે, ઓફીસ નં, ૩

૨૯. **વાપી** શ્રીમતિ ભામીનીબેન કિશોરભાઈ લાયજાવાળા
૧૦૫, અનુકુલ ચેમ્ભર્સ
એન. એચ. નં. ૮ પ્લોટ નં. ૮/૧૨

૩૦. **હળવદ** શ્રી મનસુખલાલ કરસનદાસ કંસારા
C/o શ્રી હસમુખ મેટલ કોર્પોરેશન

૩૧. **વાંકાનેર**
કાકુભાઈ ગોરધનદાસ દોશી
C/o ભારત એજન્સી
પુલ દરવાજાની દુકાન
મોટી શાક પીઠને નાકે.

રાજકોટમાં નીચેના સ્થળે શ્રી વલ્લભ સુધાનું લવાજમ ભરી શકાય છે

૧ શ્રી વલ્લભ સુધા કાર્યાલય
કંસારા મહાજનવાડી બિલ્ડીંગ, લોહાણાપરા:

૨ શ્રી મનસુખલાલ માવજીભાઈ સોની
શ્રી બાલકૃષ્ણજીની હવેલી

૩ શ્રી જશવંતભાઈ ત્રિભોવનદાસ જુઠાણી
શ્રી ત્રિકમરાયજીની હવેલી. જાગનાથ પ્લોટ

૪ શ્રી હસમુખભાઈ ખખ્ખર
C/o. સંજય ગેસ સર્વીસ, રજની બીલ્ડીંગ
વાળી શેરી ભુપેન્દ્ર રોડ

૫ મુખીયાજી મથુરાદાસ જીવરાજભાઈ
શારદા સદન, ૨૫ ન્યુ જાગનાથ

૬ શ્રી વસંતભાઈ એન, વોરા
C/o વોરા એન્ડ કું. દુર્લભ ચેમ્બર,
ઢેબરભાઈ રોડ

૭ શ્રી ગોરધનભાઈ વેલજીભાઈ શનિશ્ચરા
'લલિત કુંજ' ૪, કેલાસવાડી, જંકશન પ્લોટ

૮ શ્રીમતી હર્ષાબેન એચ. ઠક્કર
'આનંદ' જલારામ-૬, ગણેશ વાડી સામે

૯ શ્રી છગનભાઈ રામોલીયા
Co. શ્રી કૃષ્ણ એન્જીનીયરીંગ વર્કસ
મહાત્મા ઈન્ટરનેશનલ સામે, ભકિતનગર ગોડાઉન

૧૦ શ્રી મનસુખભાઈ સખીયા
C/o પટેલ હાર્ડવેર માર્ટ, રેયા રોડ,

૧૧ શ્રી કનુભાઈ જે. દેવાણી
'શ્રીનાથજી કૃપા' ૫, ગાયત્રીનગર

૧૨ શ્રી જે, પી, પારેખ
શ્રી સવજીભાઈની શેરી, સોની બજાર

૧૩ શ્રી અવંતીલાલ ભાઈલાલ સોની
સવજીભાઈની શેરી. સોની બજાર

૧૪. શ્રી દેવજીભાઈ પડીયા
C/o રાજકમલ એજન્સી
પ્રહલાદ રોડ, કરણપરા ચોક પાસે.

વૈષ્ણવ સંપ્રદાયના બુધ્ધિજીવીઓનુ સંગઠન પુષ્ટિ પ્રજ્ઞા પરિવાવની રચના

વડોદરા

પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયના બુધ્ધિજીવીઓનું આગવું સંગઠન ઉભુ કરવા અનેક બેઠકો કર્યા પછી તેને મુર્તિમંત સ્વરુપ આપવા માટે બેઠક મંદિર વડોદરા સ્થિત ૧૦૮ પુ. પા. શ્રી વાગીશ બાવાશ્રી (કાંકરોલી) ની પ્રેરણા અને આશિર્વાદવી પુષ્ટિ પ્રજ્ઞા પરિવારની રચના કરવામાં આવી છે.

વૈષ્ણવ બૌધ્ધિકોના અલગ અલગ વર્ગને એક સંસ્થાના નેજા હેઠળ આવરી લઈને ધર્મ ઉપયોગી અને સમાજ ઉપયોગી કાર્યોમાં બુધ્ધિજીવી વર્ગ સામેલ થાય તેવા ઉમદા ઉદેશ્ય સાથે આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી છે.

આ કાર્યમાં તબીબો, ઉદ્યોગપતીઓ, એન્જીનીયરો, ઓર્કીટેકટ ચાર્ટડ એકાઉન્ટન્ટો, વકીલો. પ્રોફેસરો કેવા અલગ અહગ પ્રોફેશનલ ગૃપની મીટીંગ કરીને આ લોકોની ધર્મ પ્રત્યેની આસ્થા અને એક અપેક્ષા તથા ધાર્મીક સંગઠનની આવા લોકો પાસેની અપેક્ષા એ બન્નેનુ સમન્વય કરી સંમેલન ગોઠવવાનું નકકી કરવામાં આવ્યુ છે. આ પ્રકિયાના ભાગરુપે સહુ પ્રથમ વડોદરા શહેરના પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ તબીબોનુ સંમેલન તા. ૯- માર્ચના રોજ રાખવામાં આવ્યુ છે. જેમાં વડોદરાના અનેક તબીબો આ કાર્ય વધાવીને ધર્મ માટે કટીબધ્ધ બની ગયા છે.

વૈષ્ણવ સંપ્રદાયના અનેક બુધ્ધિજીવીઓએ આ કાર્યની પ્રશંશા કરતા અનેક અભિનંદનો પૂ. વાગીશબાવાશ્રીને પાઠવેલ છે.

ધી રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ,૧૯૫૭ અન્વયે

'શ્રી વલ્લભ સુધા' પત્ર અંગેની માહીતી

(૧)	પ્રકાશન સ્થળ	રાજકોટ
(૨)	પ્રકાશનની સામયિકતા	માસિક
(૩)	મુદ્રકનું નામ	રવજી પરસોતમ પટેલ
	રાષ્ટ્રીયતા	ભારતીય
	સરનામું	'અમૃત' જલારામ–૧, માર્ગ–૩ રાજકોટ
(૪)	પ્રકાશકનું નામ	ઉપર મુજબ
	રાષ્ટ્રીયતા	ઉપર મુજબ
	સરનામું	ઉપર મુજબ
(૫)	સંપાદકનું નામ	ઉપર મુજબ
	રાષ્ટ્રીયતા	ઉપર મુજબ
	સરનામું	ઉપર મુજબ
(૬)	જે વ્યકિત આ અખબારના માલિક હોય અને કુલ થાપણનો એક ટકાથી વધારે રોકનારનું સરનામું	આંતર રાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ જી–૨ સીતારામ બિલ્ડીંગ પલ્ટન રોડ, મુંબઈ–૪૦૦૦૦૧

હું રવજી પરસોતમ પટેલ આથી જાહેર કરું છું કે ઉપર પ્રમાણે માહિતી મારી વધુમાં વધુ જાણ માન્યતા મુજબ સાચી છે.

રવજી પરસોતમ પટેલ
મુદ્રક પ્રકાશક અને સંપાદક

SHREE VALLABH SUDHA Monthly Magazine. Published on third,
date of Every Month, **Regd.No.G/RJ.212-L.P.W.P43**

હોળી

[રાગ આવે છે આવે છે કાન હોળી રમવા આવે છે]

ખેલે છે ખેલે છે મારો કનૈયો હોળી ખેલે છે
આવી છે આવી છે આજ ફાગણની હોળી આવી છે.
આજે તો વસંતની ફોરમ ફાલી છે
સખીઓના મન હરખાયે છે મારો ૦ ૧
મોર મુગટને કાનોમાં કુંડળ
હાથોમાં રંગી પીચકારી છે મારો ૦ ૨
પીળા પીતાંબરને જરકસી જામા
રાધાની ચુંદડી રંગે છે મારો ૦ ૩
ગોકુળ ગામમાં ઘર ઘરેથી
રંગે રમવા બોલાવે છે મારો ૦ ૪
કેસુડાના રંગની ભરી પીચકારી
વાટે મળે તેને રંગે છે મારો ૦ ૫
ગોકુળ ગામથી ઘેરૈયા નીસર્યા
બરસાના ગામને ગજાવે છે મારો ૦ ૬
રાધાની સાથે સૌ બરસાના નીસર્યું
જોવા જેવો રંગ જમાવે છે મારો ૦ ૭
અબીલ ગુલાલને કેસુડા ભર્યા છે
કાના રાધા સંગે રમે છે મારો ૦ ૮
વનરાવનની કુંજ ગલીમાં
હૈયા હીલોળે ચઢાવે છે મારો ૦ ૯
સખી મંડળની વિનંતી સુણીને
વ્રજમાં વાસો આપે છે મારો ૦ ૧૦

'પુષ્ટિ રસ દર્શન' માંથી સાભાર

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક પ્રકાશક. : રવજીભાઈ પ. પટેલ, 'અમૃત'[redacted] પ્લોટ,-૧ માર્ગ-૩, યુનિવર્સીટી રોડ, રાજકોટ-૧

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૬૨૧૩૮